ગુ. ૩૫૭૦

# શ્રીપાળ રાજાનો રાસ

(સચિત્ર)

卐

પ્રકાશક:
કવિ ભોગીલાલ રતનચંદ વોરા
(ધરમપુર સ્ટેટ રાજકવિ.)

॥ ॐ श्री सिद्धचक्राय नमः ॥

॥ श्री न्यायांभोनिधि श्रीमद्विजयानंदसूरीश्वरपादपद्मेभ्यो नमः

શ્રી નવપદ મહાત્મ્ય ગર્ભિત

# श्रीपाल राजानो रास.

## [અર્થ સહિત]

( જેમાં શ્રીસિધ્ધચક્ર આરાધન વિધિ, સ્નાત્રો, પુજાઓ, )
ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ, યંત્ર, નવપદમંડળ
અને અનેક સુંદર વિવિધ રંગીન ચિત્રો
આપવામાં આવેલ છે. )

—: પ્રાપ્તિસ્થાન :—

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુકસેલર્સ પબ્લીશર્સ
કીકાસ્ટ્રીટ. મુંબઈ-૨.

મુલ્ય રૂા. ૬-૦-૦

# નમ્ર નિવેદન

મહારાજા શ્રીપાળના રાસના પ્રકાશનની બહુ લાંબા સમયની ઈચ્છા, આજે પરિપૂર્ણ થતાં અને તે પાઠકોના હાથમાં સાદર સોંપતા, હૃદયને ખરેખર આનંદ થાય છે. એ દહાડાઓની વાત છે કે જ્યારે શ્રી નવપદજી આરાધક મંડળ તરફથી મારે આયંબિલ તપને ઉજવવા સારૂ અનેક સ્થળે જવું પડેલું અને ત્યાં સિદ્ધચક્રપ્રભાવદર્શક મહારાજા શ્રીપાળના સુંદર ને મનોરમ રાસનું પ્રવચન કરવામાં આવેલું.

આ વેળા પ્રારંભથી જ રાસની સુંદરતા અને ચારિત્રની મહત્તાએ મને આકર્ષ્યો હતો, અને આયંબિલ તપની ઓળી પરની મારી શ્રદ્ધાને વિશેષ ને વિશેષ પુષ્ટ કરી હતી. ઉમાસ્વાતી મહારાજાએ ભાખેલા એ સૂત્ર મુજબ "સાંભળનારનું કલ્યાણ થાઓ કે ન થાઓ, પણ વકતાનું કલ્યાણ થાય છે જ." મને એનાથી અત્યંત લાભ થયો, અને એ લાભ નિમિત્તે શ્રી શ્રીપાળ મહારાજાનું ચરિત્ર આયંબિલ તપની સંપૂર્ણ ક્રિયા, પૂજા વગેરે સાથે છાપવાનો નિર્ણય કર્યો. એ નિર્ણય શ્રી સિદ્ધચક્રજી મહારાજાને પ્રતાપે આજે પૂર્ણ થયો છે.

એ વાત અત્રે જણાવી દેવી જરૂરી છે, કે પ્રથમ મારો વિચાર આ રાસને નવીન ઢબ, નવીન ગોઠવણ અને નવીન ભાવના સાથે બહાર પાડવાનો હતો; પણ પરમોપકારી, પરમવિદ્વાન ગુરુદેવ શ્રી વિનયવિજયજી મહારાજની ચમત્કૃતિ ભરેલી ભાષામાં તૈયાર થયેલા રાસની વિદ્યમાનતામાં મારું આ કાર્ય કદાચ દુ:સાહસજ ગણાય, અથવા સૂર્યની સામે દીપક જેવું ભાસે; આ ભયથી ઉપા૦શ્રી વિનયવિજયજી મહારાજ કૃત રાસ ઉપર ગૂજરાતી ટીકામાં શુદ્ધ ભાષાનો સમાવેશ કરી, તમામ ક્રિયા સાથે આ પુસ્તક તૈયાર કર્યું, જે પ્રિયપાઠકો સમક્ષ રજૂ થયેલ છે.

દરેક કાર્યો શુભ આશિર્વાદ અને સ્નેહાળ સહકાર પર જ નિર્ભર હોય છે. મારા આ કાર્યમાં પણ તેમ જ છે. પૂજ્ય ગુરુદેવ, તીર્થોદ્ધારક ૧૦૦૮ શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ તથા યોગનિષ્ઠ જગતગુરુ શ્રી વિજયશાન્તિ-સૂરીશ્વરજી, આ બન્ને જૈનશાસન સમ્રાટોના શુભ આશિર્વાદ મને મળ્યા છે, અને હું તો એ આશિર્વાદનું જ આ પરિણામ માનું છું. આ ઉપરાંત

શાસનસેવાના રસિયા દાનવીર ગૃહસ્થો અને મિત્રોનો સહકાર મેળવવા હું ભાગ્યશાળી થયો છું. તેમાં પણ મારા પરમ મિત્ર શ્રી ધીરજલાલ ટોકરશી શાહે આપેલી પૂરેપૂરી હિંમત હું કદી વિસરી શકું તેમ નથી.

આ બધાના આશિર્વાદ અને સહકારના પરિણામે આ ગ્રંથ તૈયાર થયો છે. આશા છે ધર્મપ્રિય જનતા એનો પૂરેપૂરો લાભ ઉઠાવશે.

. નિવેદક

ધરમપુર સ્ટેટના રાજકવિ

**ભોગીલાલના જયજિનેંદ.**

# આભાર.


શ્રી શ્રીપાળમહારાજાનું ચરિત્ર છપાવવા સારૂ મને ઉત્સાહ આપનાર ચારિત્ર ચૂડામણી, તીર્થોદ્ધારક, ગુરુદેવ ૧૦૦૮ શ્રી વિજયનીતિસૂરીશ્વરજી અને યોગનિષ્ઠ જગતગુરુ શ્રી વિજયશાન્તિસૂરીશ્વરજી આ બંને ગુરુદેવોના શુભ આશીર્વાદથી કાર્યનો આરંભ કર્યા પછી, મારા મિત્ર વર્ગમાંથી પ્રથમ ઉત્સાહ આપનાર દયાલંકાર શ્રીમાન શેઠ રતીલાલ વાડીલાલ પુનમચંદ શેરબ્રોકર તથા દયાવારિધી દાનવીર શેઠ માણેકલાલ ચુનીલાલ તથા શેઠ રતીલાલ જુમખરામ પારેખ તથા શેઠ ફકીરચંદ કેસરીચંદ ભાણાભાઈ તથા શેઠ ચુનીલાલ ખુશાલદાસ સુતરીયા; આ સર્વે ગૃહસ્થોએ મારા કાર્યમાં લાગણીભર્યો સહકાર આપ્યો અને મારા કાર્યને વેગવંતુ બનાવ્યું; જેથી હું તેઓશ્રીનો આભાર માનું છું. વળી મારા કાર્યને સંપૂર્ણ ફતેહમંદ પાર પાડવા સારૂ ધી જૈનજ્યોતિ કાર્યાલય લી.ના મેનેજીંગ ડાયરેકટર શ્રીયુત ધીરજલાલ ટોકરસી શાહે જે શ્રમ ઉઠાવ્યો છે; તેને માટે પણ તેઓશ્રીનો આભારી છું. વળી રા. રા. માસ્તર ઉમેદચંદ રાયચંદે મારા કાર્યમાં જે લાગણી બતાવી છે તેમનો પણ આભાર માનું છું. આ સિવાય જે જે મિત્રોએ મારા કાર્યમાં સહકાર આપ્યો છે તે દરેકનો આ સ્થળે આભાર માની વિરમું છું. શાસનદેવ સર્વેને સુખી રાખો એજ ભાવના.

લી. આપનો, ધરમપુર સ્ટેટ રાજકવિ

ભોગીલાલ રતનચંદના જયજિનેન્દ

# श्री सिद्धचक्र वा नवपद जी

मंडल



જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

बालब्रह्मचारी

प्रातःस्मरणीय–जगत्पूज्य–विशुद्ध चारित्रचुडामणि–प्राचीन–तीर्थोद्धारक
तपोगच्छालङ्कार पूज्यपाद–विद्वद्वर्य शांतमूर्ति.

जन्म सं. १९३० पोष शुक्ल ११.  दीक्षा सं. १९४९ अषाढ शुक्ल ११.




गणिपद सं. १९६१ मार्गशीर्ष शुक्ल ५.  पन्यासपद सं. १९६२ कारतक वद ११.

## श्रीमान् आचार्य महाराज श्री विजयनीतिसूरीश्वरजी ॥

सूरिपद, सं. १९७६ मार्गशीर्ष शुक्ल ५

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

# આચાર્યસમ્રાટ, જગદ્ગુરુ મહાનમાં મહાન યોગીરાજ દિવ્યમૂર્તિ
# ૧૦૦૮ ગુરુદેવ શ્રી વિજયશાંતિસૂરીશ્વરજી મહારાજ
## ( માઉન્ટ આબુ )



પૂજ્ય ગુરુદેવના ચરણકમળનો હું સદા પૂજારી છું. તેઓશ્રીની અપૂર્વ શાંતિનો હું ઉપાસક છું. એઓશ્રીની અપૂર્વ જીવદયાની સેવાથી હું મુગ્ધ બન્યો છું અને જગતને મુગ્ધ કર્યું છે. વળી જૈન શાસનની શોભા વધારી અનેક જીવોને કલ્યાણના રસ્તે ચડાવ્યા છે. વળી, સેંકડો રાજા મહારાજાઓને દયાનો પાઠ દર્શાવી દયાવાન બનાવ્યા છે. જે ગુરુદેવના સહવાસમાં હું ઘણા વરસથી આવ્યો છું. અને તેઓશ્રીના શુભ આર્શિવાદથી હું સદા સુખી છું તેથી મારા પૂ. ગુરુદેવ પ્રત્યે સદા પૂજ્યભાવ હોવાથી શ્રી શ્રીપાળ ચરિત્રમાં પૂજ્ય ગુરુદેવનો ફોટો મુકી એક સેવક તરીકેની મારી ફરજ અદા કરું છું. અને એઓશ્રીની કૃપા ચાહું છું.

લી. આપના ચરણ કમળનો પૂજારી,

**કવિ ભોગીલાલ**

ની ૧૦૦૮ વાર વંદણા.

જ્યોતિ મુદ્રણાલય—અમદાવાદ.

ॐ

श्री महावीराय नमः

न्यायांभोनिधिजैनाचार्यश्रीमद्विजयानंदसूरीश्वरपादपद्मेभ्यो नमः ।

સર્વ સિદ્ધિદાયક શ્રી નવપદમાહાત્મ્ય ગર્ભિત--

# श्री श्रीपाल राजानो रास.

## (મૂળપદ્યસહિત સરલ શુદ્ધ ગૂજરાતી ભાષાન્તર.)

### [1] નમસ્કારાત્મક-મંગલાચરણ.

( દોહરા છંદ )

કલ્પવેલિ કવિયણ તણી, સરસતિ કરિ સુપસાય,
સિદ્ધચક્ર ગુણ ગાવતાં, પૂરે મનોરથ માય. ૧
અલિય વિઘન સવિ ઉપશમે, જપતાં જિન ચોવીશ,
નમતાં નિજગુરુ-પયકમળ, જગમાં વધે જગીશ. ૨

**અર્થઃ**-અશરણશરણ, ભવભયહરણ, તરણતારણ શ્રી જિનેશ્વર દેવના મુખકમળમાં વસનારી વાણી-સરસ્વતી માતા કે જે કલ્પવેલની પેઠે કવિજનોના મનોરથ પૂર્ણ કરનારી છે; તેને કવિ પ્રથમ પ્રણામ કરે છે. કેમકે જગતની અંદર જે કંઈ જ્ઞાન-વિદ્યા-કળા વિદ્યમાન છે, તે બધી પ્રભુની વાણીથી જ પ્રગટ થયેલ છે અને તેના જ વડે સૃષ્ટિનો [2]ધાર્મિક તેમજ [3]વ્યવહારિક જ્ઞાનનો અથવા તો આલોક અને પરલોક કે સ્વર્ગ [4]અપવર્ગાદિ [5]સ્તુત્ય સુખોની પ્રાપ્તિનો વ્યવહાર ચાલ્યા કરે છે, તે વાણી દેવી કે જે પ્રાણી માત્રના સર્વ જ્ઞાનની જનેતા છે, તેને સમર્થ [6]પ્રાજ્ઞશિરોતમ

૧ જેમાં નમસ્કાર સંબંધી જ હેતુ સહ વાર્તા હોય તે. ૨ ધર્મ બાબતનો ૩ લોકવ્યવહારમાં કામ આવનારી વિદ્યા કળાઓ સંબંધી જ્ઞાનનો. ૪ મોક્ષ ૫ વખાણવા લાયક ૬ મહાન પંડિતરાજ.

શ્રીમાન્ ઉપાધ્યાયજી વિનયવિજયજી એ માટે જ પ્રથમ પ્રણામ કરતાં કહે છે કે હે સરસ્વતી માતા! આપ કવિજનોના મનોરથ પૂર્ણ કરવામાં કલ્પવેલ જ છો, માટે સારી કૃપા કરી આ સિદ્ધચક્રજીના ગુણાનુવાદ ગાવા આરંભેલા ગ્રન્થ સંબંધી મારા મનોરથ પૂર્ણ કરો! હવે બીજા દોહરામાં હેતુ સહિત દેવ અને ગુરુને પ્રણામ કરે છે કે, જે ચોવીશ જિનેશ્વર છે તેમનો જો ત્રિકરણ શુદ્ધિથી અને નિયમયુક્ત ગુરુગમ સહિત જાપ જપવામાં આવે તો બેશક જપનારનાં નઠારાં ને મિથ્યા પાપરૂપ વિઘ્ન માત્ર શાંત થઇ નાશ પામી જાય છે. માટે જ એઓ ભગવંતશ્રીના નામ સ્મરણ રૂપ જાપ જપી ગ્રન્થ સમાપ્તિ દરમ્યાન આવી નડનારાં વિઘ્નો, નાશ થવા નમન કરું છું. તેમજ વળી મને જ્ઞાનદાન દઈ પ્રસિદ્ધિમાં લાવનાર મારા ગુરુરાજના બન્ને ચરણકમળને નમન કરું છું, કેમકે ગુરુના પાદમાં નમવાથી જગતમાં યશ અને શોભા વધે છે. માટે ગુરુપદવંદન કરી મારી ધારેલી ધારણા સફળ થવા ગ્રંથારંભ કરું છું. ૧–૨*

( શ્રી શ્રીપાળ રાજાની કથાને શી રીતે જન્મ મળ્યો? તે કહે છે. )

ગુરુગૌતમ રાજગૃહી, આવ્યા પ્રભુ આદેશ,
શ્રીમુખ શ્રેણિક પ્રમુખને, ઇણિ પરેં દે ઉપદેશ. ૩
ઉપગારી અરિહંત પ્રભુ, સિદ્ધ ભજો ભગવંત.
આચારિજ ઉવઝાય તિમ, સાધુ સકળ ગુણવંત. ૪
દરિસણ દુર્લભજ્ઞાનગુણ, ચારિત્ર તપ સુવિચાર,
સિદ્ધચક્ર એ સેવતાં, પામી જેં ભવપાર. ૫
ઇહભવ પરભવ એહથી, સુખ સંપદ સુવિશાળ,
રોગ સોગ રારવ ટળે, જિમ નરપતિ શ્રીપાળ. ૬

* આ ગ્રંથના મંગલાચરણમાં 'કલ્પવેલિ કવિ' આ શબ્દનો ગ્રંથકર્તાએ પ્રયોગ કરેલો છે, પરંતુ કાવ્યશાસ્ત્ર સંબંધી માનવંતા પુસ્તકોની અંદર એ શબ્દની અંદર પ્રથમ આવેલા ''રગણ' અને પછી આવેલા 'નગણ' માટે એવું કહેવામાં આવેલું છે કે રગણ શત્રુગણ છે અને પછી નગણ મિત્ર ગણ છે, માટે કવિતાની શરૂઆતમાં 'રગણ' પછી 'નગણ'નો ઉપયોગ કરવામાં આવે તો મંગલાચરણમાં કરેલી માંગણીનું શૂન્ય ફળ મળે છે. તેમજ શરૂઆતમાં 'રગણ' લાવવામાં આવે તો કવિતા બનાવનાર દુ:ખી થાય છે અને તેનું અધવચ. મરણ નિપજે છે; કેમકે રગણનું ફળ મરણ છે, તેમ તેનો પિતા પણ મરણ છે (?) રહેવાનો લોક યમને રહેવાની સંયમની નગરીમાં છે. તેનો દેવ અગ્નિ છે. અને મનુષ્યની કવિતામાં કોઇ પણ કવિ શરૂઆતમાં તેનો ઉપયોગ કરે જ નહીં, તે છતાં પણ સમર્થ સાક્ષર ઉપાધ્યાયજીએ એ નિયમ તરફ કેમ દુર્લક્ષ દાખવ્યું હશે! તે જ્ઞાની જાણે અને એનો ખરો ખ્યાલ બાંધવનું કામ સુજ્ઞ વાચક વર્ગને સોંપું છું.

પૂછે શ્રેણિકરાય પ્રભુ, તે કુણ પુન્ય પવિત્ર,
ઇંદ્રભૂતિ તવ ઉપદિશે, શ્રી શ્રીપાળચરિત્ર. ૭

**અર્થ:**—ચરમ-છેલ્લા-ચોવીશમા તીર્થંકર શ્રી વીરાધિવીર મહાવીર પ્રભુજીનો આદેશ-હુકમ થતાં પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી કે જે જૈન માત્રના ગુરુ છે એટલે કે એમણે એ આપણને શિખવ્યું છે કે-તપ કરવાથી ને સુગુરુશ્રીના સમાગમથી તમામ પાપ-શંકાઓ દૂર થાય છે, તથા શુદ્ધ નિયમથી તપ કરતાં કેવી લબ્ધિઓ ઉત્પન્ન થાય છે ! ગુરુરાજ પ્રત્યે નિર્મળ પ્રેમ રાખવાથી શિષ્યની કેવી ઉન્નતિ ને સદ્‌ગતિ થાય છે ! અને મોહની પ્રબળતા વડે કેવળજ્ઞાન પ્રાપ્તિમાં ને સિદ્ધિપ્રાપ્તિમાં કેવી અડચણો આવે છે ! વગેરે વગેરે બાબતોનું ઉત્તમોત્તમ શિક્ષણ આપેલું છે; માટે જ તેઓ આપણ સર્વના ગુરુ છે અને એજ માટે ગ્રંથકર્ત્તાએ પણ ગુરુનું વિશેષણ ખાસ આપેલું છે, તેઓ ગુરુ મગધદેશના પાટનગર રાજગૃહી કે જે હાલ પણ હયાત છે તે સ્થળે પધાર્યા. અને ગુરુના પધારવાની જાણ થતાં શ્રેણિકરાજા વગેરે ભાવિકજનો ગુરુની સમીપ જઈ પંચાભિગમ સાચવી વંદન કરી યોગ્ય સ્થળે બેઠા. એ જોઇ એ ભાવિક ભાવિકજનોને પોતે આ પ્રમાણે ઉપદેશ દેવા લાગ્યા:—"શ્રી અરિહંત પ્રભુ કે જે મહાન્ [1]પરિસહો સહન કરતા ભૂમંડળમાં વિચરી બાળજીવોને બોધિબીજ પ્રાપ્ત કરાવી [2]ઉચ્ચ ગતિ સાથે ભેટાડે છે તે ઉપકારી અર્હંતજીનું, તથા સિદ્ધ ભગવંતનું, તેમજ છત્રીશ ગુણવંત આચાર્ય મહારાજ, પચીશ ગુણવંત ઉપાધ્યાયજી મહારાજ અને સત્યાવીશ ગુણવંત તમામ મુનિ મહારાજ; તેઓનું હે ભવ્યજીવો ! તમો નિરંતર ભજન કરો ! કેમકે [3]યોગ્ય નિયમથી તેઓનું ભજન-સેવન કરવા વડે કલ્યાણ જ થાય છે. વળી સર્વથી મુશ્કેલમાં મુશ્કેલીથી મળનારું સમક્તિદર્શન કે જે ભવિની ગણત્રીમાં ગણાવવાનું મુખ્ય સાધન છે તે દર્શન, તથા જ્ઞાનના ગુણ, તેમજ સારા વિચારો સહિત આદરેલ ચારિત્ર અને તપ કે જે મોક્ષલક્ષ્મીનું સ્વામીપણું બક્ષનાર છે, તે ચારિત્ર ને તપને અંગીકાર કરો ! કેમકે એ ઉપર કહેલાં નવપદમય શ્રીસિદ્ધચક્ર કમળના આકારે છે, તેઓની ઉપાસના-સ્મરણ-સેવા-સ્તુતિ કરવાથી આ ભવ રૂપી ભયંકર સમુદ્રથી પાર જવાય છે. અને દલીલ સહિત દાખલા તરીકે, જેમ એ નવપદ સેવવાથી શ્રીપાળ મહારાજાને આ ભવની અંદર

૧ આકરાં કષ્ટો. ૨ દેવગતિ અથવા મોક્ષ. ૩ ભજન કરવા લાયક મનુષ્ય હોય તેજ કહેલાં નિયમો પ્રમાણે મન, તન પવિત્ર રાખી યોગમાં બતાવેલી ક્રિયા વગેરેમાં કાયમ રહી ભજન કરે તો.

તથા પરભવની અંદર સારા મોટાં સુખો અને સંપત્તિદોલત વગેરે મળ્યાં તથા દેહમાં થનારા રોગો, મનમાં નડનારા શોકો અને દુઃખ દેનારા દુકાળ વગેરે ભય, તેમજ દુઃખમય નરક ટળ્યાં, તેમ નવપદારાધનવડે તમોને પણ સર્વ દુઃખો ટળી જઈ ઉત્તમ સુખસંપદાઓ મળશે." આ પ્રમાણે ગૌતમસ્વામીજીનું કહેવું થતાંજ હર્ષ અને આશ્ચર્ય સહિત શ્રેણિક-રાજાએ પૂછયું-"હે પ્રભુ! એ પુન્યવંત અને પવિત્ર શ્રીપાળ મહારાજ કોણ હતા? કયાં થયા અને કેવી રીતે તેમણે નવપદજીની આરાધના વડે મનઃ-કામના સિદ્ધ કરી? તે અથેતિ સુધી ફરમાવો." આ પ્રમાણે આતુરતાવંત પ્રશ્ન સાંભળી પરોપકાર નિમિત્ત ઇંદ્રભૂતિ-ગૌતમસ્વામીજીએ નીચે પ્રમાણે શ્રીપાળ મહારાજાનું જીવન-ચરિત્ર કહેવું શરૂ કર્યું:— (૩-૭)

---

(ઢાળ પહેલી—દેશી લલનાની.)

દેશ મનોહર માળવો, અતિ ઉન્નત અધિકાર લલના,
દેશ અવર માનુ ચહુદિશે, પરવરિયા પરિવાર લલના.
દેશ મનોહર માળવો. ૧
તસશિરમુગટ મનોહરૂ, નિરૂપમ નયરી ઉજેણુ લલના,
લખમી લીલા જેહની, પાર કળીજે કોણ! લલના.
દેશ મનોહર માળવો. ૨
સરગપુરી સરગે ગઇ, આણી જસ આશંક લલના,
અલકાપુરી અલગી રહી, જલધિ ઝંપાવે લંક લલના.
દેશ મનોહર માળવો. ૩

અર્થઃ-મનને હરણ કરનાર એટલે કે જે પોતાની સંપત્તિથી બીજા દેશોને શરમ પેદા કરાવે છે એવો માળવ દેશ છે, કેમકે જે દેશ, સોના, ચાંદી, રત્ન, અને એવાં જ અનેક ખનીજ પદાર્થોની ખાણરૂપ, તથા ફલ ફૂલ રસ કસની પેદાસવાળો, અને પહાડો-વિવિધ ગહનવનો, નદી-સરોવર પવિત્ર તીર્થ, ચમત્કારિક ઔષધિઓવડે શોભાયમાન છે, તેથી તે દેશ મનોહર છે. તેમજ લૌકિક કહેવતમાં પણ 'ભૂખ્યા તરસ્યાનો [1]માળવો

---

૧ વર્ષનાં ફળ સંબંધી ભડલી વાકય નામના નાનકડા પણ માનવંતા પુસ્તકમાં ભડળીએ પોતાના પતિ ડંકને દુકાળનો યોગ જણાતાં વારંવાર એજ ભલામણ કરેલી છે કે 'જા પિઉ તું હવે માળવે, જો જીવણરી આશ.' એટલે કે જો સુખે ગુજરાન કરી દુકાળ વીતાવી જીવવું હોય તો માળવામાં જતો રહે. માટે માળવો સર્વોત્તમ છે, એવી એ

## દયા અલંકાર દાનવીર શેઠ રતીલાલ વાડીલાલ પુનમચંદ શેરબ્રોકર.

(રાધનપુરનિવાસી.)

[ હાલ મુંબાઇ. ]




જેઓશ્રીએ જૈનકોમની ઘણી જ કીંમતી સેવા બજાવી છે, તેમજ ઘણી જ સંસ્થાઓના સંચાલક છે; તેમજ જીવદયાના કાર્ય માટે તેઓશ્રીને 'દયાઅલંકાર'નો ઇલ્કાબ મળ્યો છે. તેમજ રાધનપુરના નવાબ સાહેબ તરફથી પણ તેઓશ્રીને ઘણું જ માન મળ્યું છે. વળી તેઓશ્રીની ગુપ્ત સેવા ઘણી જ પ્રસંશાલાયક છે. વળી સાહિત્યમાં પણ ઘણો જ કિંમતી ફાળો આપતા આવ્યા છે; તેઓએ સેવાભાવી આત્માને શોભે તેવી રીતે જનતાની સેવા બજાવી છે તેથી એ સેવાથી આકર્ષાઇને એઓશ્રીનો ફોટો મૂકી હું મારી ફરજ અદા કરૂં છું અને પરમાત્મા તેઓશ્રીને અને તેઓશ્રીના કુટુંબને સદા દીર્ઘાયુષ્ય રાખો અને આનંદ ભોગવો, એજ પ્રભુ પાસે પ્રાર્થના.

લિ. આપનો,

**ભોગીલાલ કવિ.**

જ્યોતિ મુદ્રણાલય—અમદાવાદ.

## દાનવીર
## દયાવારિધી શ્રીમાન શેઠ માણેકલાલ ચુનીલાલ
### અમદાવાદનિવાસી (હાલ-મુંબાઇ)



જેઓ શ્રીએ ભાગ્યદેવીની અપૂર્વ કૃપા વડે પોતાની યુવાન વયમાં હજારો રૂપીઆ શુભ કાર્યોમાં દાનમાં આપી શુભ કર્મ સંપાદન કર્યું છે. વળી, જીવદયામાં તેમજ જીર્ણોદ્ધારમાં તથા એજ્યુકેશન બોર્ડમાં ઘણીજ સારી રકમો દાન આપી પોતે પોતાની કમાણીનું સાર્થક કર્યું છે. વળી તેઓશ્રી તથા તેઓશ્રીનાં ધર્મપત્ની બંને જીવદયા મંડળીમાં પેટ્રન થયા છે. આ સિવાય તેઓશ્રીએ ગુપ્ત મદદો ઘણી જ સારામાં સારી રીતે આપી ઘણા જ દુઃખી ભાઇબેનોની પોતે સેવા બજાવી છે. આ સિવાય સાહિત્યની દ્વારા પણ મદદ આપી પોતે સાહિત્યની પણ સારામાં સારી લાગણી ધરાવી છે. તેથી તેઓશ્રીના સદ્દગુણો ઉપર આકર્ષાઈ એક સન્મિત્ર તરીકે શ્રી શ્રીપાળ ચરિત્રમાં તેઓશ્રીનો ફોટો મુકી હું મારી ફરજ અદા કરું છું, અને પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરું છું કે આવા દાનવીર પુરુષોને સદા દીર્ઘાયુષ અર્પો તથા તેઓશ્રીના કુટુંબને સદા સુખી રાખો એજ ભાવના.

લી. આપનો
**કવિ ભોગીલાલ**

જ્યોતિ મુદ્રણાલય-અમદાવાદ.

માબાપ છે'–એ મહાન્ બિરુદના મળવાથી એટલે કે ત્યાં સદાય સુકાળજ હોય છે એથી, અને હિંદુસ્તાનના મધ્ય પ્રદેશમાં આવેલ હોવાથી જાણે એ માળવદેશ હિંદુસ્તાનમાંના બીજા દેશોનો મૂળપુરૂષ હોય અને તે તેના પરિવારરૂપ હોયની તેવો ખ્યાલ કરાવી રહેલ છે. આમ હોવાથી કવીશ્વરે મનોહર અને અધિકારમાં પણ ઘણાજ ઉંચા દરજ્જાનો છે એવું વિશેષણ વિશેષપણે આપેલું છે. એ માળવદેશની અંદર માથા ઉપર શોભનારા મુગટની પેઠે [૨]પાટનગર ઉજેણી નગરી કે જેની સરખામણી બતાવવામાં કોઇ પણ શહેરની ઉપમા ન આપી શકાય એવી ( આ વાર્ત્તાના સમયમાં ઉજેણી નગરી જાહોજલાલીથી પૂર્ણ ) હતી, તેમજ એ શહેરની અંદર વસનારી તમામ પ્રજા એટલી બધી ધનપાત્ર અને વૈભવવાળી હતી કે જેનો પાર કળવામાં પણ કોઈ રીતે આવી શકે તેવો ન હતો, એટલું જ નહિ; પણ ( કવિ કહે છે કે–હું તો એમ માનું છું કે ) સ્વર્ગપુરી એ ઉજેણની અપાર શોભાને નિહાળી પોતે એના અગાડી [૩]હલકી જણાતાં શરમાઈને આકાશમાં જતી રહી છે, તથા કુબેરની [૪]અલકાપુરી પણ ઉજેણની ઋદ્ધિસિદ્ધિ જોતાં પોતાની ઋદ્ધિસિદ્ધિને તુચ્છ માની એકાંત પ્રદેશે–છેટે જઈને રહી છે અને રાવણની સોનાની[૫] લંકા પણ ઉજેણમાં દરેક ઘરોના બારણાના ચણિયારામાં સોનું તો શું પણ હીરા માણેકને કચરાતાં જોતાં પોતાને ધિક્કાર માની સંતાપથી તપેલી બિચારી પોતાના આત્માને ઠંડો કરવા માટે દરિયામાં જઈ પડી રહી છે, મતલબ એજ કે એ સમયમાં ઉજેણી ઘણીજ શોભાના શિખર ઉપર બિરાજતી હતી. ( ૧–૩ )

**પ્રજાપાળ પ્રતપે તિહાં, ભૂપતિ સવિ સરદાર લલના,**
**રાણી સૌભાગ્યસુંદરી, રૂપસુંદરી ભરતાર લલના, દેશ. ૪**
**સહેજે સોહગસુંદરી, મન માને મિથ્યાત લલના,**
**રૂપસુંદરી ચિતમાં રમે, સૂધી સમકિત વાત લલના.**
**દેશ મનોહર માળવો. ૫**
**સુરપરેં સુખ સંસારનાં, ભોગવતાં ભૂપાળ લલના,**

વાક્ય પણ પ્રતીતિ દે છે. ૨ જે શહેરમાં રાજગાદી હોય તે શહેરને પાટનગર કહે છે. ૩ હલકું ત્રાજવું હમેશાં ઊંચુ જ જાય છે એ નિયમ પ્રમાણે હલકી થઇ જવાથી ઊંચે જતી રહી. ૪ અલકાપુરી લજ્જાઇ જતાં મ્હોં છુપાવવાને માટે કોઇ ન જોઇ શકે તેવે ઠેકાણે જતી રહી અને ૫ લંકા બળતરાની મારી દરિયામાં પડી. અલંકારથી આ અતિશયોક્તિ ફક્ત ઉજેણની અતિશય વડાઇ બતાવવા માટે જ કહેલ છે.અલંકાર વિનાની કવિતા અડવી–શૃંગાર વગરની લાગે છે, માટે અલંકારની જરૂર છે.

પુત્રી એકેકી પામિએ, રાણી દોય રસાળ લલના.
દેશ મનોહર માળવો. ૬

એક અનુપમ સુરલતા, વાધે વધતે રૂપ લલના,
બીજી બીજ તણી પરેં, ઇંદુકળા અભિરૂપ લલના.
દેશ મનોહર માળવો. ૭

સોહગદેવી સુતાતણું, નામ ઠવે નરનાહ લલના,
સુરસુંદરી સોહામણી, આણી અધિક ઉચ્છાહ લલના.
દેશ મનોહર માળવો. ૮

રૂપસુંદરી રાણી તણી, પુત્રી પાવન અંગ લલના,
નામ તાસ નરપતિ ઠવે, મયણાસુંદરી મન રંગ લલના.
દેશ મનોહર માળવો. ૯

**અર્થ**:–તે ઉજેણી નગરીના રાજતખ્ત ઉપર અખંડ પ્રૌઢ પ્રતાપશાળી રાજરાજેશ્વર પ્રજાપાળ નામનો મહારાજા શોભાયુક્ત બિરાજમાન્ હતો અને તે નામ પ્રમાણે પ્રજાને પાળવાના ઉત્તમ ગુણો ધરાવતો હતો. તેમજ તે સમયમાંના બીજા બધા રાજાઓ તેના ખંડિયા રાજાઓ હોવાથી તે છત્રધારીઓનો પણ છત્રપતિ સાર્વભૌમરાજા હતો. એ રાજેંદ્રને બે રાણીઓ હતી, તે પૈકી પટ્ટરાણીનું નામ સૌભાગ્યસુંદરી અને બીજી રાણીનું નામ રૂપસુંદરી હતું. તે બે રાણીઓમાંથી સૌભાગ્યસુંદરી સ્વભાવથી જ મનની અંદર મિથ્યાત્વને માન આપતી હતી, એટલે કે મિથ્યાત્વધર્મી હતી અને રૂપસુંદરીના ચિત્તમાં સીધી અને સારી રીતે સમકિતની જ વાત રમી રહેલી હતી. એ બન્ને રાણીઓ સાથે દોગંદુક દેવની પેઠે ઉત્તમ વિલાસ સહિત સાંસારિક સુખો અનુભવતાં પ્રજાપાળના સમાગમ સુખથી બન્ને રાણીઓએ એકેકી મનોહર કુંવરીને જન્મ આપ્યો. તે બન્ને રાજબાળાઓમાંની એક કુંવરી કોઇપણ ઉપમા આપી તેની સરખામણી ન બતાવી શકાય એવી કલ્પવેલ સરખી વધતા જતા રૂપ સહિત વધતી જતી હતી, અને બીજી કુંવરી સુદિ બીજના ચંદ્રમાની કળા સરખી વધતી જતી હતી. મતલબ એજ કે તે રાજકુમારિકાઓ દિન પ્રતિદિન લાલન, પાલન, પ્રીણન, પોષણ થવાથી મોટી થતી હતી. તેમાં સૌભાગ્યદેવીની કુંવરીનું નામ જ્યોતિષીઓના મતને માન આપવા અધિક ઉત્સાહ લાવીને રાજાએ સુરસુંદરી અને રૂપસુંદરીની પાવન અંગવાળી કુંવરીનું નામ મયણાસુંદરી રાખ્યું હતું.( ૪–૯ )

વેદ વિચક્ષણ વિપ્રને, સોંપે સોહગદેવી લલના,
સકળ કળા ગુણ શીખવા, સુરસુંદરીને હેવી લલના
દેશ મનોહર માળવો. ૧૦
મયણાને માતા ઠવે, જિનમત પંડિત પાસ લલના,
સાર વિચાર સિદ્ધાંતના, આદરવા અભ્યાસ લલના.
દેશ મનોહર માળવો. ૧૧

**અર્થ**:–અનુક્રમે જ્યારે તે રાજકન્યાઓ વિદ્યાભ્યાસ કરવાને લાયક ઉંમરની થઇ ત્યારે સૌભાગ્યસુંદરીએ તરત પોતાની કુંવરી સુરસુંદરીને સ્ત્રી યોગ્ય તમામ શ્રેષ્ઠ કળાઓ તથા સારા ગુણો શીખવી પ્રવીણ કરવાને માટે શિવભૂતિ નામનો વિદ્વાન બ્રાહ્મણ કે જે ઋક્–યજુ–સામ–અને અથર્વણ એ ચારે વેદો તથા તેને લગતાં શાસ્ત્રોમાં સારી નિપુણતા ધરાવતો હતો; તેને ત્યાં વિદ્યાભ્યાસ કરાવવાનો બંદોબસ્ત કર્યો. અને રૂપસુંદરીએ પોતાની મયણાસુંદરીને, જૈન પંડિત સુબુદ્ધિ નામનો કે જે જૈન ફિલસૂફીનો સારો જ્ઞાતા હતો, તેને ત્યાં જૈન સિદ્ધાંતના સાર રૂપ સારા વિચારોનો અભ્યાસ આદરવા માટે બંદોબસ્ત કર્યો.

( ૧૦–૧૧ )

ચતુરકળા ચોસઠ ભણી, તે બેઉ બુદ્ધિનિધાન લલના,
શબ્દશાસ્ત્ર સવિ આવડયાં, નામ નિઘંટુ નિદાન લલના.
દેશ મનોહર માળવો. ૧૨
કવિત કળા ગુણ કેળવે, વાજિંત્ર ગીત સંગીત લલના,
જ્યોતિષ વૈદ્યક વિધિ જાણે, રાગ રંગ રસરીત લલના.
દેશ મનોહર માળવો. ૧૩
સોળ કળા પૂરણ શશિ, કરવા કળા અભ્યાસ લલના,
જગતિ ભમે જસ મુખદેખી, [1]ચોસઠકળા વિલાસ લલના,
દેશ મનોહર માળવો. ૧૪

૧ નાચવાની, સમયસૂચકતાની, ચિત્ર કહાડવાની, વાજિંત્રો વગાડવાની, મંત્ર તંત્ર જાણવાની, વરસાદ આવવા સંબંધી જ્ઞાનની, ફળ ચુંટવાની, સંસ્કારી ભાષા બોલી જાણવાની, ક્રિયા કેળવી જાણવાની, જ્ઞાનની, વિજ્ઞાનની, કપટપટુતાની, પાણી થંભાવવાની, ઘરના આચારની, ગાનની, તાળના માપની, આકૃતિ છુપાવવાની, બગીચામાં ઝાડ ઉછેરવા–રોપવાની, કવિતા કરવાની, વાંકુ બોલવાની, પુરુષનાં લક્ષણ ચેન ઓળખવાની, હાથીનાં લક્ષણ જાણવાની, ઘોડાઓની પરીક્ષા કરવાની, ઘર—વસ્ત્ર—દેહ સુગંધિત કરવાની ઉત્પાતબુદ્ધિ—તર્ક દોડાવવાની, શુકન જોવા જાણવાની, ધર્મનો આચાર જાણવાની,

**અર્થ**:—તે બન્ને રાજબાળાઓએ પૂર્વપુણ્યના બળવડે વિદ્યાભ્યાસની અંદર સારી ચીવટ રાખવાથી ટૂંક વખતમાંજ ચતુરાઇ ભરેલી ચતુર સ્ત્રીની ચોસઠે કળાઓ શીખી લીધી, અને તે એક બુદ્ધિના ખજાના સરખી થઇ. તેમજ વ્યાકરણશાસ્ત્ર–કૌમુદી સિદ્ધાંતચંદ્રિકા, કાવ્યો વગેરે, તથા નામમાળા એટલે કે દેશદેશની ભાષાઓમાં જુદાં જુદાં બોલતાં નામ અને તેઓના ગુણદોષ સંબંધી કોષ–એ વગેરે બધાંએ પૂરેપૂરાં મ્હોડે યાદ થયાં. તેમજ કવિતા કરવાનાં સાહિત્ય સમ્બન્ધી કળાઓના જાણવાથી સારી કવિતા બનાવનારીઓ થઇ, વાજિંત્ર એટલે ચામડેથી મઢવામાં આવતાં નગારાં નરઘાં–ઢોલક વગેરે, તારથી તૈયાર થયેલાં સતાર–સારંગી–તાઉસ–સુંદરી વગેરે, ફૂંકથી વાગનારાં વાંસળી, શરણાઇ–મોરલી વગેરે અને અર્ધતાલ-વાળાં–કાંસીજોડા–ઝાંઝ–મંજીરા–જળતરંગ વગેરે સ્વરહીન વાજાં: મતલબમાં જગતની સપાટીમાં વાગનારાં તમામ સાડા ત્રણ જાતિનાં વાજિંત્રો વગાડવાં મેળવવાની કળા, તાલસ્વર સાથેની ગાયન કળા, છ રાગ, ત્રીસ રાગણીનાં રૂપ; છાયા–આરોહ અવરોહ સહિત તાન પલટા, તેના સમય વગેરે અને નવે રસની રીતિ વગેરેમાં કુશળ થઈ–એટલું જ નહીં, પણ તે બન્ને પ્રવીણ રાજકુમારિકાઓનું મુખ જોવા અને ચોસઠ કળાઓનો વિલાસ શિખવાને માટે સોળ કળાવાળો પુનમનો ચંદ્રમા પણ જંબુદ્વીપની જગતીમાં હંમેશાં ભમવા લાગ્યો, કેમકે પોતે ફક્ત સોળ કળાવાળો જ હતો અને તે બન્ને રાજકન્યાઓ તો ચોસઠ કળાવાળી હતી, એથી ચોસઠે કળા શીખવા પ્રતિજ્ઞા કરી ને સદરહુ કુંવરીઓના મ્હોંનાં દર્શન કરવા તથા કળાઓનો અભ્યાસ કરવા ફેરો મારવા લાગ્યો, પરંતુ તેને ક્ષયરોગ લાગુ પડતાં તેના મનની હોંશ મનમાંની મનમાં જ રહી અને પ્રતિજ્ઞા પૂરી ન થતાં હજુ ભમ્યાજ કરે છે, કારણ કે મોટા પુરુષો જે પ્રતિજ્ઞા

---

આંખનાં અંજનો જાણવા–આંજવાની, ચૂર્ણ બનાવવાની, સામાને પ્રસન્ન કરવાની, ધાતુ-વૃદ્ધિ કરવાની, અલંકારિક ભાષા વાપરી જાણવાની, હાથ ચાલાકીની, સુંદર ચાલ ચાલવાની, સુગંધી તેલો બનાવવાની, ચાકરની કદર જાણવાની, પ્રશ્ન કરવાની, સામાના વચનનું નિરાકરણ કરવાની, વીણા વગાડવાની, ચર્ચાવાદ લડાઇ કરવાની, કટાક્ષના ઉપયોગની, લોકાચારની, સોગઠાં–શેતરંજ રમવાની, રત્ન–મણિ વગેરે પારખવાની લિપિના ભેદ જાણવાની, વૈદકની, કામચેષ્ટાની, રસોઇની, માથું ગુંથવાની, ચોખા ખાંડવાની, તંબોળ બનાવવાની, કથા કહેવાની, ફૂલ ગુંથવાની, શ્રૃંગાર સજવાની, બધા દેશોની ભાષા જાણવાની, વ્યાપાર કરવાની, ભોજન જમવાની, અજાણ્યાનું નામ જાણવાની, દાગીના પહેરવાની, સમશ્યા–પાદપૂર્તિ વગેરે જાણવાની, અને વ્યાકરણ સંબંધી જ્ઞાનની; એ સ્ત્રીની ચોસઠ કળાઓ છે.

## રા. રા. શ્રીયુત છોટાલાલ હરકીશનદાસ શાહ.

**એલફીસ્ટન ( સીનેમાવાળા )**

[ હાલ મુંબાઇ. ]



જેઓશ્રી એક મારા ખાસ મિત્ર છે. ઘણી જ લાગવગ ધરાવનારા અને બીઝનેસમાં ઘણા જ બુદ્ધિશાળી તરીકે પોતે પોતાની કારકીર્દી બતાવી છે. તેમજ વિલાયત, અમેરિકા વગેરે ઘણા જ પરદેશોની મુસાફરી કરી ઘણો જ અનુભવ મેળવ્યો છે અને જેઓશ્રી એક મારા સ્નેહી તરીકે હોવાથી તેઓશ્રીનો ફોટો મુકી હું મારી ફરજ અદા કરૂં છું. પ્રભુ તેઓશ્રીને સદા દીર્ઘાયુષ્ય રાખો.

લિ. આપનો,


**ભોગીલાલ કવિ.**

જ્યોતિ મુદ્રણાલય–અમદાવાદ.

# (વોરા) ભોગીલાલ રતનચંદ પાટણવાલા.

## ધરમપુર સ્ટેટ-રાજકવિ.

[ હાલ અમદાવાદ ]



જેઓએ મુંબઈની જીવદયા મંડળીની ઓનરરી સેવા આઠ વર્ષ સુધી બજાવી. રાજા-મહારાજાઓના તેમજ પબ્લીકના મનને ઘણો જ આનંદ આપી હજારો મુંગાં જીવોનો બચાવ કરી, પોતે પ્રજાનો પ્રેમ સંપાદન કરી સેંકડો ચંદ્રકો મેળવ્યા છે. તેમજ ધાર્મિક પ્રવચનમાં પોતે ઘણા જ દેશોમાં ફરી લોકોનાં મનરંજન કરી પ્રજાનો ચાહ મેળવ્યો છે અને સાહિત્યમાં પણ પોતે પોતાની યથાશક્તિ પ્રમાણે ફાળો અર્પી રહ્યા છે.

આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજીના શુભ ઉપદેશથી શ્રી શ્રીપાળ મહારાજાનું ચરિત્ર પણ પોતે સાહસ કરી જનતા આગળ રજૂ કર્યું છે. તેમજ પોતે પોતાના સુંદર કાવ્યોના ત્રણ ભાગ પણ જનતાના ચરણે ધર્યા છે. એવા એક જનસમાજના સેવક તરીકે કાર્ય બજાવ્યું છે.

જ્યોતિ મુદ્રણાલય–અમદાવાદ.

કરે છે તે પૂરી થાય તોજ તે બાબતનો ટેક અલગ કરે છે, મતલબ એ કે એવી એ બન્ને રાજબાળાઓ શ્રેષ્ઠ કળાસંપન્ન હતી. (૧૧-૧૪)

**મયણાસુંદરી મતિ અતિ ભલી, જાણે જિન સિદ્ધાંત લલના,**
**સ્યાદ્વાદ તસ મન વસ્યો, અવર અસત્ય એકાંત લલના.**
**દેશ મનોહર માળવો. ૧૫**

**નય જાણે નવતત્ત્વના, પુદ્ગલ ગુણ પર્યાય લલના;**
**કર્મગ્રંથ કંઠે કર્યા, સમકિત શુદ્ધ સુહાય લલના.**
**સૂત્ર અર્થ સંઘયણના, પ્રવચનસારોદ્ધાર લલના.**
**ક્ષેત્રવિચાર ખરા ધરે, એમ અનેક વિચાર લલના,**
**દેશ મનોહર માળવો. ૧૭**

**રાસ રચ્યો શ્રી પાળનો, તેહની પહેલી ઢાળ લલના,**
**વિનય કહે શ્રોતા ઘરેં, હોજો મંગળમાળ લલના,**
**દેશ મનોહર માળવો. ૧૮**

**અર્થ**:—જો કે ઉપર કહ્યા પ્રમાણે બન્ને રાજબાળાઓ વ્યવહારિક કેળવણીમાં સમાન હતી, તોપણ ધાર્મિક કેળવણીમાં તે બન્ને વચ્ચે જબરો તફાવત હતો, એટલે કે મયણાસુંદરીની બુદ્ધિ ધર્મતત્ત્વની બારીકી જાણવા-માનવામાં ઘણીજ સારી હતી, કેમકે તે જિનેશ્વર દેવનાં પ્રરૂપેલા સિદ્ધાંતો જાણુતી હતી, અને તેથી તેણીના મનમાં નિશ્ચય, વ્યવહાર, ઉત્સર્ગ, અને અપવાદ–એ રૂપ સ્યાદ્વાદ શૈલી વાસ કરી રહી હતી, અને બીજા [1]એકાંતવાદીઓના માર્ગ તથા કથનને અસત્ય–જુઠાં માનતી હતી, તેમજ નવે તત્ત્વ કે જે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ કહેલા છે, તેઓના નિશ્ચય અને વ્યવહાર નય સહિત ભેદ જાણનારી હતી, તથા પુદ્ગળ દ્રવ્યના ગુણ, પર્યાય વગેરે અને કર્મ-ગ્રંથ કે જેઓમાં કર્મસંબંધી પ્રકૃતિ વગેરેના બારીક વિચારો છે તે, તથા મળ પાઠ સહિત સંઘયણીના અર્થ, પ્રવચનસારોદ્ધાર અને ક્ષેત્ર સંબંધી વિચારોથી પરિપૂર્ણ ક્ષેત્રસમાસ પ્રકરણ વગેરે વગેરે અનેક વિચારના ગ્રંથો સારી પેઠે વાંચી વિચારી મનન કરી મુખપાઠ કરી લીધા હતા, તેથી તેણી શુદ્ધ સમકિતવડે શોભાવંત થઈ હતી, અર્થાત તેણીને શુદ્ધ સમ્યકત્વ દર્શનનીજ વાત પસંદ હતી, અને સુરસુંદરી તેણીની ફીલોસોફીથી તદ્દન

---

૧ નિશ્ચય અગર વ્યવહાર વગેરેમાંથી એકજ બાબતને પકડી રાખી મત ખીંચ-નારા અન્ય દર્શનિયોના પંથ.

વિરૂદ્ધ વિચાર ધરાવતી હોવાને લીધે તે બન્નેની અંતરંગ વૃત્તિમાં બહુજ અંતર હતો. આ શ્રીપાળરાજાના રાસની પહેલી ઢાળ છે. કવિ વિનયવિજયજી ઉપાધ્યાય કહે છે કે-હું અંતઃકરણપૂર્વક ચાહું છું કે આ રાસ સાંભળનારાઓને ઘેર મંગળીકમાળા થજો.

---

( દોહરા છંદ )

એકદિન અવનિપતિ ઇસ્યો, આણ્યો મન ઉલ્લાસ,
પુત્રીનું જોઉં પારખું, વિદ્યા વિનયવિલાસ. ૧
સભામાંહે શણગારિ કરી, બોલાવી બેહુ બાળ,
આવી અધ્યાપક સહિત, મોહન ગુણમણિમાળ. ૨
અર્થ અગોચર શાસ્ત્રના, પૂછે ભૂપતિ જેહ,
બુદ્ધિબળે બેહુ બાળિકા, આપે ઉત્તર તેહ. ૩
અધ્યાપક આણંદિયા, સજન સવે સુખ થાય,
ચતુર લોક ચિત ચમકિયાં, ફળ્યા મનોરથ માય. ૪
વિનય વલ્લભનિજ બાળની, શાસ્ત્ર સુકોમળ ભાખ,
સરસ જિસી સહકારની, સાકર સરસી સાખ. ૫

**અર્થઃ**—એક દિવસ પ્રજાપાળ રાજેંદ્રને ઉલ્લાસ ઉત્પન્ન થતાં મન સાથે એવો વિચાર મુકરર કર્યો કે-“ સુરસુંદરી અને મયણાસુંદરી કે જે વિદ્યા અને વિનયવિલાસથી નિપુણ થયેલ છે, તેઓની પરીક્ષા લઉં. પરીક્ષા વગર ઝળકી નિકળનારી ઝવ્હેરાતની પ્રતીતિ કેમ થઇ શકે ?” એમ વિચારી એ વિચારને અમલમાં મૂકવા એક દિવસ નિશ્ચય કર્યો, અને નિમેલે દિવસે કુમારિકાઓને લાયક શૃંગાર સજાવી રાજસભામાં બોલાવવા હુકમ કર્યો. એટલે ગુણરૂપ મણિની મનમોહક માળા સરખી વિનયશીળ કુંવરીઓ પણ પોતપોતાના વિદ્યાગુરૂ સહિત ત્યાં હાજર થઈ. રાજેંદ્રે પરીક્ષા લેવી શરૂ કરી ને જે શાસ્ત્રના અર્થોની, સાધારણ ભણેલાને ખબર ન પડી શકે તેવા અર્થભર્યા જે જે પ્રશ્નો પૂછયા, એટલે તુરતજ તે બન્ને કુંવરીઓએ પોતાના બુદ્ધિબળ વડે તે તે ઉત્તરો આપ્યા. એ ઉત્તરો સાંભળીને વિદ્યા ભણાવનારા અધ્યાપકોને તથા રાજાને આનંદ થયો, કેમકે તેઓની મહેનત સફળ થઇ જણાઇ, તથા સભામાં બેઠેલા ચતુર લોકોનાં ચિત્ત ચકિત થઈ ગયાં. તેઓએ જાણ્યું કે “વાહ ! શું ન્હાની વયમાં વિદ્યાસંપાદન કરી છે ! ધન્ય છે એમના બુદ્ધિબળને ! !” એથી તાજુબ

પામ્યા. અને કુંવરીઓની માતાઓના પણ મનોરથ ફળ્યા, એથી એઓ પ્રસન્ન ચિત્તવંત થઈ. સહુને વિશેષ આનંદ થવાનાં સ્વાભાવિક કારણો એજ હતાં કે એક તો ન્હાની ઉમર, બીજું રાજ્યમહાલયમાં મહાન્ સુખમાં ઉછરેલી બાળીકાઓ, ત્રીજું મહારૂપવંત, ચોથું વસ્ત્રાલંકારની જોઇએ તેવી ગોઠવણ, અને પાંચમું વિનય સહિત વિદ્વતાભર્યા ઉત્તરો મળવા. આવાં કારણોને લીધે તેઓ પ્રત્યે બધાઓને વ્હાલ ઉપજે એમાં નવાઈ શી? અને પ્રજાપાળને પણ એ વિનય સહિત વ્હાલી લાગનારી પોતાની કુમારિકાઓને શાસ્ત્ર-વિદ્યા વડે સુકોમળ લાગનારી વાણી હોવાથી, જેમ સુંદર રસ સહિત પાકેલી આંબાની શાખ અને તેમાં વળી સાકર મેળવતાં બહુ મીઠી લાગે, તેમ વિશેષ મીઠી લાગતી હતી. (૧-૫)

---

(ઢાળ બીજી રાગ ઘોરણી-પુણ્યપ્રશંસીયે-એ દેશી.)

**પ્રશ્નોત્તર પૂછે પિતારે, આણી અધિક પ્રમોદ,**
**મન લાગે અતિ મીઠડાં રે, બાળક વચન વિનોદરે,**
**વત્સ વિચારજો, દેઈ ઉત્તર એહરે શંસય વારજો. ૧**

**કુણ લક્ષણ જીવિતતણુંરે? કુણ મનમથ ઘરનારિ!**
**કુસુમ કુણ ઉત્તમ કહ્યુંરે? પરણી શું કરે કુમારિરે,**
**વત્સ વિચારજો. ૨**

**એકે વયણે એહનોરે, ઉત્તર એણીપરે થાય;**
**સુરસુંદરી કહે તાતજીરે, સુણજો 'સાસરેજાય' રે,**
**નૃપ અવધારજો, અરથ સુણી અમ એહરે,**
**મહત્વ વધારજો. ૩**

**અર્થ**:—ફરીને મળેલા આનંદમાં વધારો કરવાને માટે અધિક હર્ષ લાવીને પ્રજાપાળ રાજા પ્રશ્ન પૂછવા લાગ્યો, કેમકે વિનય વિદ્યાથી પૂર્ણ બાળિકાના વચનોનો વિનોદ બહુજ મીઠો-પ્યારો લાગતો હતો, જેથી કહેવા લાગ્યો કે-"હે વત્સ! તમો તમારા દિલમાં વિચારજો અને અમે જે પ્રશ્નો પુછીએ છિયે તેના ઉત્તરો આપીને અમારા મનના શંસય દૂર કરજો," આ પ્રમાણે કહી પ્રથમ સુર સુંદરીને પુછયું કે-"જીવવાની નિશાની શી? કામદેવની સ્ત્રી કઇ! પુલોમાં ઉત્તમ પુલ કયું? અને કુંવારી પરણ્યા પછી શું કરે?" આ ચારે પ્રશ્નો સાંભળીને સુરસુંદરીએ હૃદય સાથે વિચારીને તરત કહ્યું કે-"હે તાતજી! આપે પૂછેલાં જુદાં જુદાં ચારે પ્રશ્નોનો ઉત્તર આ પ્રમાણે ફકત એકજ વચનમાં થાય છે તે સાંભળો.

'સાસરે જાય' એટલે કે, જીવ છે કે નહીં તેની નિશાની સાસ-શ્વાસ. જ છે? કામદેવની સ્ત્રી રે-રતિજ છે! ફૂલ જાય-જાઈનું જ ઉત્તમ છે! અને કુંવારી હોય તે પરણીને સાસરે જાય છે! હે રાજેંદ્રજી! આ અર્થ સાંભળીને અમારૂં માન વધારવાની વીનતી સ્વીકારજો.

મયણાને મહીપતિ કહેરે, અર્થ કહો અમ એક.
જો તુમશાસ્ત્ર સંભાળતાંરે, વાધ્યો હૃદય વિવેકરે, વત્સ. ૪

આદિ અક્ષર વિણ જેહછે રે, જગજીવાડણહાર,
તેહજ મધ્યાક્ષર વિના રે, જગસંહારણહારરે. વત્સ. ૫

અંત્યાક્ષર વિણ આપણું રે, લાગે સહુને મીઠ,
મયણા કહે સુણજો પિતારે, તે મેં નયણે દીઠરે. નૃપ. ૬

અર્થઃ—આ પ્રમાણે સુરસુંદરીથી ઉત્તર મળતાં હર્ષ પ્રાપ્ત થયો પછી મયણાસુંદરી પ્રત્યે પ્રજાપાળ રાજાએ (પોતે મિથ્યાત્વી હોવાથી અને મિથ્યાત્વી સમકિતીની વચમાં પરંપરાથી વૈર ચાલ્યું આવેલ હોવાથી મયણાસુંદરીને જરા કડકાઈમાં) પૂછ્યું કે—"જો તમને તમારા શાસ્ત્રો તપાસતાં મનની અંદર વિવેક વધ્યો હોય તો અમને એક શબ્દમાં જ આ પ્રશ્નનો ખુલાસો કહી બતાવો કે—એ ત્રણ અક્ષર છે, તે પૈકીનો જો પહેલો કહાડી નાખીયે તો બાકી રહેલ બે અક્ષરના શબ્દનો જગને જીવડાવનારો થાય છે, તથા તે ત્રણમાંથી જો વચલો અક્ષર બાદ કરિયે તો બાકીમાં રહેલા બે અક્ષરથી બનતા શબ્દનો જગનો સંહાર કરનાર અર્થ થાય છે, અને જો તે ત્રણમાંથી છેલ્લો અક્ષર બાદ કરીએ તો તેથી બનતો શબ્દ આપણ સર્વને વ્હાલો લાગે છે. ત્યારે તે ત્રણ અક્ષરનો ઉપરના અર્થવાળો કયો શબ્દ છે? તે કહો." પ્રશ્ન સાંભળતાંજ મયણાસુંદરીએ કહી દીધું કે—"હે પિતાજી! સાંભળો—એ ત્રણ અક્ષરના પ્રશ્નવાળી ચીજ તો મેં નજરો નજર નજરની અંદરજ દેખેલી છે તે એ કે—'કાજળ' એ કાજળ શબ્દમાંથી જો પહેલો અક્ષર 'કા' કહાડી નાખીએ તો પાછળ રહેલા બે અક્ષરોથી 'જળ' એવું વંચાય છે, તે જળ તમામ જગતના જીવોને જીવાડનારૂં છે, તથા તેમાંથી વચલો અક્ષર જો 'જ' કહાડી નાખીએ તો બાકી રહેલો શબ્દ 'કાળ' વંચાય છે, તે જગતનું રોળ વાળનાર છે, અને જો છેલ્લો અક્ષર 'ળ' કહાડી નાખીએ તો બાકી રહેલા અક્ષરોથી 'કાજ-કાર્ય' વંચાય છે, તે કાર્ય આપણનેબધાઓને વ્હાલું લાગે છે. એ કાજળ તો મેં આંખોમાં આંજ્યું જ જોયેલ છે. (૩-૬)

સુગુણ શમસ્યા પૂરજોરે, ભૂપતિ કહે ધરી નેહ,
અર્થ ઉપાઇ અભિનવોરે, પુણ્યે પામીજે એહરે; વત્સ. ૭

સુરસુંદરી કહે ચાતુરી રે, ધન યૌવન વર દેહ,
મનવલ્લભ મેલાવડોરે, પુણ્યે પામીજે એહરે. નૃપ. ૮

મયણા કહે મતિ ન્યાયનીરે, શીળશું નિર્મળ દેહ,
સંગતિ ગુરૂ ગુણવંતનીરે, પુણ્યે પામીજે એહરે. નૃપ. ૯

અર્થઃ—રાજાને ગમ્મત મળતાં તેણે ફરીને સ્નેહ સહિત એક નવોજ અર્થ ગોઠવી કહાડી બન્ને કુંવરીઓને પૂછયું કે–"[1]હે સદ્‌ગુણી વત્સો ! તમો બન્ને મારી એક શમસ્યા પૂર્ણ કરજો કે–અમુક વસ્તુ પુણ્યવડેજ પ્રાપ્ત કરી શકિયે છિએ !" તે સાંભળી પહેલી સુરસુંદરીએ કહ્યું કે–"ચતુરાઈ, ધન, યૌવન, સુંદર શરીર, અને [2]મનવલ્લભજનનો મેલાપ–એટલી વસ્તુઓ પુણ્યવડે જ પ્રાપ્ત થાય છે !" મયણાસુંદરીએ કહ્યું કે–"ન્યાયથી પૂર્ણ બુદ્ધિ, શીળ સહિત પવિત્ર શરીર, અને ગુણવંત ગુરૂની સંગતી એટલાં પદાર્થ પુણ્યવડેજ પ્રાપ્ત થાય છે !" ( ૭–૯ )

ઇણ અવસર ભૂપતિ ભણેરે, આણી મન અભિમાન,
હું તૂઠો તુમ ઉપરેંરે, દેઉં વંછિત દાનરે- વત્સ. ૧૦

હું નિરધનને ધન દેઉંરે, કરૂં રંકને રાય,
લોકસકળસુખભોગવેરે, પામી મુજ પસાયરે, વત્સ. ૧૧

સકળ પદારથ પામિયેંરે, મેં તૂઠે જગમાંહિ,
મેં રૂઠે જગ રોળિયેંરે, ઉભો ન રહે કોઈ છાંહિરે. વત્સ. ૧૩

અર્થઃ—આ પ્રમાણે પુત્રીઓનો વચનવિલાસ સાંભળી પ્રજાપાળ રાજા તે વખતે અભિમાનમાં ગર્ક થઇ કહેવા લાગ્યો કે–" હું તમો બન્ને ઉપર સંતુષ્ટમાન્ થયો છું માટે જે તમો ચાહો તે તમારી ઈચ્છા પૂર્ણ કરી આપું. હું કંગાલ–દરિદ્રીને ધન–દોલત આપી પૈસાદાર બનાવી દઉં, અને આ જે તમામ રૈયત સુખ ભોગવી રહી છે તે સઘળો પ્રતાપ મારી સારી કૃપાનોજ છે. જગતની અંદર જેની ઉપર હું પ્રસન્ન થાઉં તેને તમામ પદાર્થ પ્રાપ્ત થઇ શકે છે અને જેની ઉપર હું કોપું તેનો રોળ વાળી નાખું છું કે જેથી તેને છાંયડે પણ કોઈ ઉભું રહેવા ન પામે ! મતલબમાં

૧ હે સારા ગુણોવાહી પુત્રિયો !

૨ મનમાં વ્હાલા લાગે–ગમે એવા મનમાન્યા જનનો મેલાપ.

એજ કે એવો હું પ્રતાપવંત છું, તે તમારા ઉપર પ્રસન્ન થયો છું, માટે હવે જે જોઇએ તે માંગી લ્યો કે જેથી ભવની ભાવટ ભાંગી જાય. ”

( ૧૦-૧૨ )

સુંદરી કહે સાચું પિતારે, એહમાં કિશ્યો સંદેહ,
જગ જીવારણ હોયછેરે, એક મહીપતિ દૂજો મેહરે નૃપ. ૧૩
સાચું સાચું સહુકો કહેરે, સકળ સભા તેણિવાર,
એ સુરસુંદરી જેહવીયે, ચતુર ન કો સંસાર રે, નૃપ. ૧૪

અર્થ:—ઉપર પ્રમાણે અભિમાન ભરેલું રાજાનું બોલવું સાંભળી સુરસુંદરી કે જે બાપકર્મ વડેજ સુખ મળવું માનનારી હતી તેણીએ કહ્યું કે-“ પિતાજી! જે આપનું કહેવું થાય છે તે બધું સત્યજ છે એમાં કશો શક નથી. જગતની અંદર જીવમાત્રને જીવાડનારા એજ છે, એટલે કે એક રાજા અને બીજો વરસાદ છે!!” આવું તેણીનું બોલવું સાંભળી તત્ત્વશુદ્ધિની તંગીવાળા અને હાજી હા કરી ખુશામદ કરનારા સભાજનો ચાલતી ગાડીપર ચઢી બેસી રાજાની કૃપા મેળવવા બોલી ઉઠયા કે-‘ સત્ય છે! સત્ય છે! એ વાત તદ્દન સત્ય છે!!! અહા! આ શ્રીમતી સુરસુંદરી સમાન આ સંસારની અંદર કોઇ બીજી ચતુર કુંવરી નથી. ધન્ય છે એને.”

( ૧૩-૧૪ )

રાજા પણ મન રંજિયોરે, કહે સુંદરી વર માંગ
વાંછિત વર તુજ મેળવીરે, દેઉં સકળ સૌભાગરે. વત્સ. ૧૫
તિહાં કુરૂજંગલ દેશથીરે, આવ્યો અવનિપાળ.
સભા માંહે શોભે ઘણોરે, યૌવન રૂપ રસાળરે. નૃપ. ૧૬
શંખપુરી નયરી ધણીરે, અરિદમન તસ નામ,
તે દેખી સુરસુંદરીરે, અંગે ઉપન્યો કામરે. વત્સ. ૧૭
પૃથ્વીપતિ તસ ઊપરેરે, પરખી તાસ સનેહ,
તિલક કરી અરિદમનનેરે, આપી અંગજા તેહરે. વત્સ. ૧૮
રાસ રચ્યો શ્રીપાળનોરે, તેહની બીજી ઢાળ,
વિનય કહે શ્રોતા ઘરેરે, હોજો મંગળ માળરે. વત્સ. ૧૯

અર્થ:-ઊપર પ્રમાણે ખોટી બડાઈનાં બણગાં ફુંકનારાઓના બોલો સાંભળી રાજા પણ ગર્વમાં ફૂલાઇ જઇ રાજી થઈ ગયો અને કહેવા લાગ્યો કે-“હે સુરસુંદરી! વર માંગ, હું તને વાંછિત-ઇચ્છેલો વર મેળવી

દઈ સઘળાં સૌભાગ્ય બક્ષુ." આ વાત થતી હતી તેવામાં એક કુરૂજંગગ દેશથી શંખપુરીના રાજા દમિતારિનો કુંવર અરિદમન, પ્રજાપાળ રાજાનો ખંડિયો રાજા હોવાથી તેમની તહેનાતમાં સેવા બજાવવાને માટે આવી પહોંચ્યો, અને રાજસભા વખતે રાજેશ્વરને નમન કરી તેણે પોતાની યોગ્યતાભરી નિમેલી બેઠક લીધી. એ અરિદમનરાજા યુવાન અને સુંદર રૂપશાળી હોવાથી સભાની અંદર બહુજ શોભાવંત જણાતો હતો. તેને જોતાંજ મિથ્યાત્વવાસિની સુરસુંદરીના શરીરમાં જગત્તને પાયમાલ કરનારો કામદેવ જાગૃત થયો, એથી તેની ફરજ વારંવાર તેણીની દષ્ટિ મર્યાદા મૂકીને જતી જણાવા લાગી, એ ઉપરથી પ્રજાપાળ રાજાએ ચેષ્ટાથી જાણી લીધું કે સુરસુંદરીની વૃત્તિ 'સ્નેહ સહિત દંપતિ ધર્મમાં જોડાવા અરિદમન સાથે તલપી રહી છે, માટે તેમજ કરવું કેમકે મરજી વિરૂદ્ધ સંબંધ જોડવાથી નઠારાં પરિણામ હાથ લાગે છે, માટે ઇચ્છાવર વરાવવો એજ અતિ ઉત્તમ છે.' એવો નિશ્ચય કરી તુરતજ કંકુનું તિલક કરી તે અરિદમન સાથે તેજ વખતે સુરસુંદરીને વરાવી દીધી, એમ કરવાનું કારણ એજ હતું કે-હું જેની ઉપર પ્રસન્ન થઉં છું તેનું તરતજ દુઃખ દારિદ્રય દૂર કરી મનોવાંછિત સુખ આપી શકું છું, એ બોલની તત્કાળ પ્રતીતિ કરાવવા આમ સિદ્ધ કરી બતાવ્યું. કવિ કહે છે કે-મેં આ શ્રીપાળ મહારાજાના રાસની રચના કરી તેમાંથી આ બીજી ઢાળ પૂર્ણ થઈ. હું અંતઃકરણથી ઇચ્છું કે રાસ સાંભળનારાંઓને ઘેર મંગળમાળા થજો. (૧૬-૧૯)

---

(દોહરા છંદ.)

મયણા મસ્તક ધૂણતી, [૧]જવ દીઠી [૨]નરરાય,
પૂછે પુત્રી વાત એ, તુમ મન કેમ ન [૩]સુહાય? ૧
સકળ સભાથી સોગુણી, ચતુરાઇ ચિત માંહિ,
દીસે છે તે દાખવો, આણી અંગ ઉત્સાહિ. ૨
[૪]ઉચિત ઇહાં નહિ બોલવું, મયણા કહે મહારાય,
મોહે મન માણસ તણા, [૫]વિરૂઆ વિષય કષાય. ૨
[૬]નિર્વિવેક નરપતિ જિહાં, [૭]અંશ નહી ઉપયોગ,
સભા લોક સહુ હાજિયા, સરિખો મળ્યો સંયોગ. ૪

---

૧ જયારે. ૨ રાજા. ૩ પસંદ ન પડવું-ન ગમવું ૪ વ્યાજબી-ઘટારત. ૫ નઠારાં-ખરાબ ફળ દેનારા. ૬ વિવેક વગરનો જ્યાં રાજા હોય. ૭ જરા પણ વિચાર ન હોય.

**અર્થ:**—આ પ્રમાણે પ્રજાપાળ રાજાએ કુલણુજીનું કૃત્ય કરી લઈ, જ્યારે મયણાસુંદરીની તરફ નિગાહ-નજર કરી, ત્યારે તેણીને તો માથું ધૂણાવતી જોઈ, એથી તેણી પ્રત્યે પુછયું કે–"હે પુત્રી તારા માથા ધૂણવાથી (તારા ચ્હેરા ઊપરના દેખાવ ઊપરથી) પ્રતીત થાય છે કે તને આ આ મારૂં કરેલું કામ પસંદ પડયું નથી, તો હું પુછું છું કે–આ વાત તારા મનને શા કારણને લીધે ન ગમી! શું આ આખી સભા કરતાં તારામાં સો ગુણી ચતુરાઈ છે? જો એવી ચતુરાઈ દેખાય છે, તો ઉત્સાહ સહિત કરી બતાવો." આ પ્રમાણે પિતાનું બોલવું સાંભળી આપનાજ ૯ કર્મ–પ્રારબ્ધને લીધે સુખી થવું માનવાવાળી મયણાસુંદરી બોલી કે "મહારાજ! સંસારની અંદર ઘણાં ખરાં માણસોના મન ૧૦ નઠારા વિષય અને કયષાયોથી ૧૧ લટ્ટ થઇ ગયેલાં હોય છે, તો તે વિષયમાં કંઇ કહી બતાવવું એ વાજબી નથી, છતાં પણ આપ જ્યારે સો ગણી ચતુરાઈ તારામાં છે, એમ અહંકાર ભરપૂર વચન ફરમાવો છો ત્યારે કંઇ કહેવાની ફરજ પડે છે માટે તે સંબંધમાં થતી બેઅદબી માફ કરશો. નીતિશાસ્ત્રવેત્તાઓ કહે છે કે–'જે જગોએ રાજા ૧૨ સદ્વિચાર અને શાસ્ત્ર સંબંધીના ઉપયોગથી તદ્દન રહિત હોય, તથા સભાજનો જે જે રાજાએ કહ્યું તે તે માટે હાજી હા 'આપ જે ફરમાવો તેજ સત્ય છે' એમ કહેનારા હોય તેવા રાજા અને સભાજનોનો સરખો સંયોગ મળ્યો હોય તે જગે એ ન્યાયની વાત બોલાવી ૧ વાજબી નથી, તોપણ એટલાજ માટે માથું ધૂણાવી નાપસંદગી જાહેર કરૂં છું કે:–

(ઢાળ ત્રીજી–રાગ કેદારો–કપૂર હોએ અતિ ઊજળુંરે–એ દેશી)

**મનમંદિર દીપક જિસ્યોરે, દીપે જાસ વિવેક,**
**તાસ ન કહિય પરાભવેરે, અંગ અજ્ઞાન અનેક—**
**પિતાજી મ કરો જૂઠ ગુમાન, એ ઋધ્ધિ અથિર નીદાન,**
**પિતાજી મ કરો જૂઠ ગુમાન,**
**જેહવો જલધિ ઉધાન, પિતાજી મ કરો જૂઠ ગુમાન. ૧**

**સુખ દુઃખ સહુએ અનુભવે રે, કેવલ કર્મ પસાય,**
**અધિકું ન ઓછું તેહમાંરે, કીધું કોણે ન જાય.**
**પિતાજી મ કરો જૂઠ ગુમાન**

૮ ખાતરી–ખાત્રી, ૯ દૈવ–ભાગ્ય–નસીબ. ૧૦ ખરાબ. ૧૧ લીન-લુબ્ધ. ૧૨ અયોગ્યાયોગ્યના કે ધર્મ નીતિવગેરેના સારા જ્ઞાન વગરનો રાજા હોય.

અર્થ:-ઉપર કહેલા નીતિવાક્યથી અભિમાની પ્રજાપાળનું મયણાસુંદરીની વ્યંગધ્વની વડે જાતિ અપમાન થયું જણાયું એથી, તથા તેણીએ વિશેષમાં એ કહ્યું કે-“ જે મનુષ્યના મનરૂપી મંદિરની અંદર ઝળહળતા દીવાની પેઠે વિવેક રૂપી સાચો દીવો દીપતો હોય તે મનુષ્યના અંગમાં ભલેને અનેક અજ્ઞાનો તેને નડવાં આવે, તો પણ તે કદી પણ તેને નડીખલેલ પહોંચાડી શકતાં નથી.” પિતાજી! આ બોધવચનમાં કહેલા સાચા દીવાની આપના મનમંદિરમાં અછત હોવાથી આવાં અજ્ઞાન નડવા પામે છે. તેથી ‘[1]જેને તેને હુંજ સુખી દુઃખી કરી શકું છું,’ એવું અજ્ઞાનયુક્ત વચન બોલો છો, પણ તે અયોગ્ય છે, માટે આપ ખોટું અભિમાન ન કરો, કેમકે આ બધી ઋદ્ધિ ખચિત દરિયામાં થતી ભરતી ઓટના જેવી જ જરાવારમાં છોળમછોળ અને જરાવારમાં ધૂડ ઉડે એવી અસ્થિર છે, ને નથી, તો તેવી અસ્થિર ઋદ્ધિનો ગર્વ કરી જે કંઇ સુખી દુઃખી કરવાનો ફાંકો રાખો છો તે મિથ્યા છે. અર્થાત્ એવી ઋદ્ધિ પોતાની પાસે હંમેશ કાયમ રહેશે એજ કયાં નક્કી છે? અને નક્કી નથી તો સુખી દુઃખી કરવાનું પણ ક્યાં કાયમ રહ્યું? સુખ અને દુઃખ સર્વ પ્રાણી પોતપોતાના કર્મનાજ પ્રતાપથી અનુભવે-ભોગવે છે. અને જ્યારે કોઇનું કર્યું ઓછું વધતું થતું નથી તો આપ શી રીતે વધારે ઓછું કરી શકો તેમ છો! માટે એ વાતનો ખોટો ગર્વ ન કરો.” (૧-૨)

રાજા કોપે કળકળ્યોરે, સાંભળતાં તે વાત.
વહાલી પણ વૈરણ થઇરે, કીધો વચનવિઘાતરે બેટી!

ભલીરે ભણી તું આજ, તેં લોપી મુજ લાજ રે બેટી!
વિણસાડયું નિજ કાજ રે બેટી! તું મૂરખ શિરતાજરે
બેટી! ભલી રે ભણી તું આજ, ૩

પોષીને પોઢી કરીરે, ભોજન કૂર કપૂર,
રયણહિંડોળે હિંચતીરે, ભોગ ભલા ભરપૂર રે બેટી!ભલી. ૪

પાટ પાટંબર પહેરણે રે પરિજન સેવે પાય,
જગમાં સહુ જી જી કરે રે, એ સવિ મુજજ પસાયરે બેટી!
ભલી રે ભણી તું આજ. ૫

---

૧ આ કથન આપણને એજ બોધ આપે છે કે પોતાના પૂર્વ કર્મ સિવાય બીજું કોઇ સુખી કરવા સમર્થ છેજ નહિ, માટે હું અમુકને સુખી કરીશ એવું બોલવું તે જૂઠું ગુમાન છે.

**અર્થ** :—આ પ્રમાણે મયણાસુંદરીની અગ્નિમાં ઘી હોમાયા સરખી વાત સાંભળતાંજ પ્રજાપાળ રાજાને ક્રોધ પેદા થતાં અગ્નિથી જેમ તેલ કળકળે તેમ ક્રોધાગ્નિથી કળકળતો રાતો પીળો થઈ કહેવા લાગ્યો કે—"રે દીકરી! તું મને ઘણી વહાલી હતી. પરંતુ તેં મારા વચનનો ભંગ કર્યો એથી વૈરિણી જેવી થઇ ગઈ, માટે કહું છું કે, બેટી! તું આજે તો ભલી ભણી–સારું બોલી[1] (!) મતલબમાં એજ કે–હજુ આટલું બધું ભણ્યા છતાં તને સભામાં અને તે વળી પિતાની સન્મુખ કેમ બોલવું, અથવા આવું બોલાય કે નહીં, તેનું પણ તને ભાન નથી! તેં મારી મર્યાદા પણ રાખી નહીં, જો કે એમ કર્યું તેમાં મારું તો કંઈ બગડયું નથી, પણ તેં તારો સ્વાર્થ હાથે કરીને જ બગાડયો છે. એથી સ્વસ્વાર્થ બગાડનાર હોવાથી ખરેખર તું મૂર્ખશિરતાજ જેવી મહા મૂર્ખ છે. તને જે પાળી પોષીને મોટી કરી છે, ભાતભાતનાં ચોખા વગેરેનાં બરાસ મિશ્રિત ભોજન જમાડવામાં આવ્યાં છે, રત્નથી જડેલા હિંચોળામાં હીંચી છે, અને સારા તેમજ પૂરેપૂરી રીતે ભોગો અનુભવ્યા છે, તથા ઊંચી જાતનાં હીરચીર પહેરવા મળ્યાં છે, નોકર ચાકરોએ તારી પગચંપી આદિ સેવા ચાકરી કરી છે, અને જગતમાં જ્યાં ત્યાં લોકોએ જી જી કહીને અત્યાર લગી બોલાવી છે, એ બધું મારા પ્રતાપ અને કૃપાને જ લીધે થયેલ છે એમ સમજી લે."

તત્ત્વ વિચારો તાતજીરે, મત આણો મન રોષ,
કર્મેં તુમ કુળ અવતરીરે, મેં કિહાં જોયા જોષ.
પિતાજી મ કરો જુઠ ગુમાન. ૬

મલહાવો મોટે મનેરે, નવ નવ કરો નિવેદ,
તે સવિ કર્મ પસાઉલેરે. એ અવધારો ભેદ,
પિતાજી મ કરો જુઠ ગુમાન. ૭

**અર્થ** :—કોપયુક્ત વચન સાંભળી મયણાસુંદરી બોલી કે—"પિતાજી! જે મેં કહ્યું તેનું તત્ત્વ–સારાંશ વિચારો અને મનમાં ગુસ્સો ન લાવો. મેં કંઈ આપના કુળમાં પેદા થવાને માટે જોશ જોવડાવ્યા કે જોયા ન હતા! પરંતુ મારી પૂર્વનાં કરેલાં સારાં કર્મોની પ્રકૃતિઓ ઉદય થયાથીજ આપને ત્યાં અવતરી છું, અને જે આપ મને મોટા મનથી મલ્હાવો–રમાડો ખેલાડો ને આનંદ કરાવો છો, તથા નવાં નવાં ખાનપાન કરાવો છો, તે

[1] આ કથન ગર્વીલાઓના મનનો ધર્મ જાહેર કરી રહેલ છે,

સઘળો પણ મારા કર્મનોજ પ્રતાપ છે, એ તત્ત્વને ખાસ ધ્યાનમાં લ્યો. અને ખોટો ગર્વ ન કરો.[૧]" (૬-૭)

જો હઠવાદ તુઝને ઘણોરે, કર્મ ઉપર એકાંત,
તો તુઝને પરણશુરે, કર્મે આણ્યો કંતરે બેટી ! ભલી. ૮
મન હણ્યું જો એણીયેંરે, માહરૂં સભા સમક્ષ
ફળ દેખાડું એહનેંરે, સકળ પ્રજા પ્રત્યક્ષરે બેટી ! ભલી. ૯

**અર્થ:**—"ઠીક છે ! જો તને એકાંતપક્ષથી કર્મ ઉપરજ હઠવાદ છે, તો હવે તને મારી શોધથી મેળવેલા નહીં, પણ કર્મના શોધથી મેળવેલા પતિની સાથે પરણાવીશ." રાજાની આજ્ઞાનો ભંગ થાય એ વગર શસ્ત્રથી મ્હોત નિપજ્યા સરખું દુઃખ થાય છે, એથી પ્રજાપાળને તેવું દુઃખ થતાં તેણે મન સાથે નિશ્ચય કર્યો કે–'એણીએ મારૂં સભાની રૂબરૂ માનભંગ કરેલ છે, પણ હું એનું ફળ એણીને કુલ આલમની રૂબરૂ પ્રત્યક્ષપણે દેખાડીશ !' (૮-૯)

સખિયેં એ શું શીખવ્યુંરે, અધ્યાપક અજ્ઞાન,
સજ્જન લોક લાજે સહુરે, દેખી એ અપમાનરે બેટી !
ભલીરે ભણી તું આજ. ૧૦

નગરલોક નિંદે સહુરે, ભણ્યું એહનું ધૂળ,
જુઓ વાતની વાતમાંરે, પિતા કર્યા પ્રતિકૂળરે બેટી !
ભલીરે ભણી તું આજ. ૧૧

મિથ્યાત્વી કહે જૈનનીરે, વાત સકળ વિપરીત,
જગત નીતિ જાણે નહીંરે, અવળાને અવિનીત રે બેટી !
ભલી રે ભણી તું આજ. ૧૨

અવસર પામી રાયનોરે, રોષ સમાવણ કાજ,
કહે પ્રધાન પધારિયેં, રયવાડી મહારાજ રે બેટી !
ભલીરે ભણી તું આજ. ૧૩

રાસ ભલો શ્રીપાળનોરે, તેહની ત્રીજી ઢાળ,
વિનય કહે મદ પરિહરોરે, જેહથી બહુ જંજાળ રે બેટી !
ભલીરે ભણી તું આજ. ૧૪

---

૧ નિશ્ચયવાદીઓ ગમે તેમ થાય તો પણ પોતાના નિશ્ચયથી તેઓ કદી ડગતાં નથી, તેનો ખ્યાલ આ કથન કરાવી રહેલ છે.

**અર્થ:**—આ પ્રમાણે રાજાનું અપમાન થવાથી રાજાનાં સગાં સંબંધી સજ્જન વગેરે બધાં શરમાઇને કહેવા લાગ્યાં કે–"અરે! એણીની સાહેલી સખિયોએ પણ આવું શું શિક્ષણ આપ્યું હશે? તેમ એણીને ભણાવનારો અધ્યાપક પણ જ્ઞાન વગરનોજ જણાય છે, કેમકે એણીએ નીતિ રીતિ સંબંધી કશી કેળવણી આપી નથી. તેમજ શહેરનાં વતનીઓ પણ આ બનાવને જોઈ કહેવા લાગ્યાં કે–૧ "એણીનું ભણ્યું બધું ધૂળ છે, કેમકે જેને સમય પ્રમાણે બોલતાં ન શીખવ્યું તેનું બધું શીખેલું ભણતર ધૂળમાં મળે છે, કારણ પહેલું બોલતાં સારૂં આવડે તો માન મેળવી શકે છે, અને માન મેળવ્યા પછીજ ગુણની કદર બુઝાય છે, માટેજ કહેલું છે કે "માણસકી બાતમેં એક બાત કરામાત હે?' જુઓ! એ બહુ ભણેલી છે, પણ બોલતાં ન આવડવાથી વાતની વાતમાં પિતાને દુશ્મન કર્યો?" આ પ્રમાણે કહી નિંદવા લાગ્યાં. અને મિથ્યાત્વીઓ તો એમજ કહેવા લાગ્યા કે–'જૈનની વાતોજ વિપરીત-અવળી છે. જૈનો લોકની નીતિ કે રીતિ જાણતાજ નથી. એઓ અવળચંડા અને અકડાઈ ભર્યાજ હોય છે. જો એમ ન હોત આ કુંવરી બધાને ગાંડા ગણી પોતે અક્કલનો ઇસ્કોતરો થવા યત્ન કરતજ નહીં." આ પ્રમાણે જે જેના મનમાં પોત પોતાની અક્કલ મુજબ આવ્યું તે તેવું બોલવા લાગ્યાં, અને મામલો રસાકસીમાં આવતાં ખરાબ થઈ ગયો જણાયો, કે તુરત રાજેંદ્રનો ગુસ્સો શાંત કરી દેવા સમયના જાણ પ્રધાને આવી અરજ કરીકે–"ગોબ્રાહ્મણ પ્રતિપાળ! ૨રાજપાટિકા ફરવા–સુંદર હવાના સેવનથી મળતા લાભની સ્હેલગાહ કરવાનો વખત થયો છે. માટે મહારાજ! પધારવા કૃપા કરો!" આ શ્રીપાળના સુંદર રાસની ત્રીજી ઢાળ પૂર્ણ થતાં વિનયવિજયજી કહે કે છે હે શ્રોતાજનો? આ દર્શનીક દાખલો ધ્યાનમાં લઈ જેનાવડે સંસારમાં બહુ જંજાળ નડે છે તે અહંકારનો તમે ત્યાગ કરો. (૧૦–૧૪)

---

(દોહરા–છંદ.)

**રાજા રયવાડી ચઢયો, સબળ સૈન્ય પરિવાર,**
**મદમાતા મયગળ ઘણા, સહસ ગમેં અસવાર. ૧**

---

૧ આ કથન એજ બોધ આપે છે કે–જે પ્રધાન સમયને વરતી તે મુજબ કામ લેનારો હોય તેજ ઉત્તમ પ્રતિનો ગણાય છે.

૨ દુનિયાં દોરંગી ને બેઢંગી હોય છે; તેમજ એકે વાત તેને અનુકુળ પડતીજ નથી. એમ આ કથન દર્શાવી રહેલ છે.

સુભટ સિપાઈ સામટા, જિસ્યા પંચાયણ સિંહ,
આયુધ આડંબર સહિત, અટલ અભંગ અબીહ. ૨
વાઘ, કેસરિયા કિયા, રઢિઆળા રજપૂત,
મુંછાળા મછરાયલા, યોધ જિસ્યા જમદૂત. ૩
પાખરિયા પંખી પરેં, ઉડે અંબર જામ;
પંચવરણ નેજા નવળ, ગયણ ચોક ચિત્રામ ૪
સરણાઇ વાજે સરસ, ઘૂરે ઘોર નિસાણ;
પુર બાહિર નૃપ આવિયા, ભાલા જળહળ ભાણ. ૫

**અર્થઃ**—બળવાળા ઘણા લશ્કર સહિત પ્રજાપાળ રાજેંદ્ર રાજપાટિકા ફરવાને માટે ચડયો, તે વખતે મદથી તોફાની બનેલા ઘણા હાથિયોની હલગાર, હજારો ઘોડેસ્વારો અને થોકબંધ લડવૈયા તથા સિપાઇયો સાથે હતા, એટલુંજ નહીં. પણ તે હાથીસ્વારો, ઘોડેસ્વારો, સુભટો અને સિપાઈયો પંચાનન-સિંહના જેવા ગુસ્સા—જુસ્સાદાર હતા, તેમજ શસ્ત્ર—અસ્ત્રોના ઠાઠ સહિત, અને પાછી પાની ન કરનારા, કોઈના ભગાવ્યા ન ભાગી જનારા, તથા કોઇના ડરાવ્યા ન ડરનારા હતા. આ સિવાય હઠીલા રજપૂતો કે જેઓ મોટી વાંકડી મુછોવાળા, ઈર્ષાવંત, અને જીવ લેનારા યમદૂત જેવા યુદ્ધ કરી શત્રુપક્ષનો રોળ વાળનારા હતા, તેઓએ કેસરી વાઘા અર્થાત રણક્ષેત્ર—લડાઈના મેદાનમાં ઘુમી વિજય મેળવવા કેસરીયાં કર્યાં છે એવા વીરરત્નો હતા, તેમજ સરંજામથી સજેલા પાખરેલા ઘોડાઓ કે જેઓ છલંગ મારી આકાશમાં જ્યારે પંખીની પેઠે ઉછળતા હતા, ત્યારે તેઓ તેના ઉપર પચરંગી વાવટાઓ હાથમાં લઈ બેઠેલા સ્વારો સહિત એવા જણાતા હતા, કે જાણે આકાશરૂપી ચોકમાં ચિત્રામણ કહાડયાં હોયની? તેવો ભાસ થતો. તે લશ્કરને મોખરે સુંદર રસ સહિત સુરાવટથી શરણાઇઓ વાગી રહી હતી, અને ગંભીર શબ્દ સાથે નગારાં વાગી આકાશને શબ્દમય કરી રહ્યાં હતાં. આવા ઠાઠ સહિત લશ્કર સાથે જ્યારે રાજા શહેર બહાર ફરવા નીકળી ચૂકયા, ત્યારે સ્વારોના હાથમાંની બરછીઓના ચળકતા ભાલાઓની ઉપર સૂર્યનાં કિરણો પડવાથી જાણે બીજા સૂર્યજ ન હોય? તેવો ખ્યાલ તે ઉત્પન્ન કરાવા લાગ્યા. (૧—૫)

---

( ઢાળ ચોથી—રામચંદ્રકે બાગમેં ચંપો મોરી રહ્યો રી—એ દેશી. )

મારગ સનમુખ તામ, ઉડે ખેહ ઘણીરી,
પૂછે ભૂપતિ દૃષ્ટિ—દેઈ મંત્રી ભણીરી. ૧

કુણ આવે છે એહ, એવડાં લોક ઘણાંરી,
કહે મંત્રી રહો દૂર, દરિસણ એહ તણાંરી. ૨
એ કુષ્ટિ સયસાત, થાઇ એક મણારી.
થાપી રાજા એક, જાચે રાયરાણારી. ૩
મારગ મૂકી જામ, નરપતિ દૂર ટળેરી,
ગલિતાંગુળી તસ દૂત, આવી તામ મળેરી. ૪
ઉત્તમ મારગ કાંઈ, જાયે દૂર તજીરી ?
ઉજ્જેણીના રાય, હાંરે કીર્તિ સજીરી. ૫
નિર્મુખ આશા ભંગ, જાચક જાસ રહ્યારી,
ભારભૂત જગમાંહિ, નિર્ગુણ તેહ કહ્યારી. ૬

**અર્થ**:—રાજા લશ્કર સહિત જ્યારે અગાડી ચાલી નિકળ્યો ત્યારે સન્મુખ રસ્તામાં બહુજ ધૂળ ઉડતી નજરે પડી, એટલે પ્રધાન તરફ જોઇ પૂછવા લાગ્યો કે–"આટલી બધી ગિરદ કેમ ઉડતી જણાય છે? અને આટલાં બધાં કોણ લોકો આવે છે?" પ્રધાને કહ્યું–"જે એ લોકો આવે છે તેઓના દર્શનથી પણ[1] આપ દૂર રહો; કેમકે તે સાતસો કોઢીઆઓ છે, અને એક સંપ કરી એક રાજાને સ્થાપન કરી રાજા રાણાઓને જોઈતી ચીજ યાચતા ફરે છે." આવું પ્રધાનનું કહેવું સાંભળી જ્યારે રાજા રસ્તો છોડી બીજે રસ્તે ચાલ્યો ત્યારે ગળી ગયેલી આંગળીઓવાળો એક કોઢીઓ દૂત આવી પહોંચી રાજાને કહેવા લાગ્યો–"હે ઉજેણીના મહારાજ! [2]આ ઉત્તમ રસ્તો છોડીને આપ અવડ રસ્તે કેમ પધારો છો? અને લાંબા વખતથી જાળવી રાખેલી કીર્તિને આજે આ માર્ગ આદરી કેમ હારી જાઓ છો? જેની અગાડી આવી યાચક નિર્મુખ આશાભંગ થઇ રહે છે, તે મનુષ્ય જગતમાં ભારરૂપ સરખા નિર્ગુણીજ જણાય છે, મતલબમાં એજ કે અમે યાચના કરવા આવ્યા છીએ, ત્યારે આપ અમારી આશા ભંગ કરવા સરખો માર્ગ આદરી અપયશને વરવા કેમ તૈયાર થાઓ છો?" (૧–૬)

૧ આ કથન એજ બોધ આપે છે કે જે કાર્યથી પોતાના અન્નદાતાનું ભલુ થતું હોય કે ખૂરું થતું હોય તે કાર્યની તુરતજ સૂચના આપનાર નોકર હોય તેજ નિમકહલાલ હિતૈષી કહેવાય.

૨ આ કથન એજ બોધ આપે છે કે–રાજાએજ સન્માર્ગ છોડીને ઉન્માર્ગે જવું એ અયોગ્યજ છે, તથા જે યાચના કરવા આવે તેમની માગણીનો અનાદર કરવાથી તે આશાભંગ થાય છે, માટે કોઇને આશાભંગ કરવો નહીં, આશાભંગ કરનારનો જન્મ પૃથ્વીને ભારે મારનારજ ગણાય છે.

શી જાચો છો વસ્તુ, વિગતે તેહ ભણોરી.
રાય કહે અમ આજ, કીરતિ કાંઇ હણોરી ૭

દૂત કહે અમ રાય, સઘળી ઋદ્ધિ મળીરી,
રાજવટ્ટ પરગટ્ટ, કીધિ અમે ભળીરી. ૮

પણ સુકુલિણી એક, કન્યા કોઇ દિયેરી,
તો તસ રાણી હોય, અમ એહ હર્ષ હિયેરી. ૯

**અર્થ**:—એ સાંભળી રાજાએ કહ્યું-"પણ તમો શી વસ્તુની ઇચ્છા રાખો છો? તે વિગતવાર કહી બતાવો, અને આજે અમારી કીર્તિનો ભંગ ન કરો. સમય હાથ લાગ્યો જાણી દૂત બોલ્યો -"અમારા રાજાને, અમો એકઠા મળીને સઘળી રાજ્ય ઋદ્ધિ તથા રાજ્યની કારકીર્દિ વગેરે મેળવી આપવાથી પ્રાપ્ત થઈ છે; પણ એક સારા કુળની કન્યા મળી નથી, જો તે કોઈ આપે-તો તે અમારા રાજાની રાણી થાય. બસ એજ અમારા હૈયામાં હવે હર્ષ મળવાની ખામી છે, તે માટે આપ પાસે આવવું થયું છે."

મન ચિંતે તવ રાય, મયણાને દેઉ પરીરી,
જગમાં રાખું કીર્તિ, અવિચળ એહ ખરીરી. ૧૦

ફળ પામે પ્રત્યક્ષ, મયણા કર્મ તણાંરી,
સાલે હિયડામાંહિ, વયણાં તેહ ઘણાંરી ૧૧

વળે રૂંખ ઘન વૂઠ દીધાં રે જેહ દવેરી,
કુવયણ દીધા જેહ, ન વળે તેહ ભવેરી. ૧૨

રોષતણે વશ રાય, શુદ્ધિબુદ્ધિ સર્વ ગઇરી,
કહે દૂત તુઝ રાય, અમ ઘર આણ જઇરી. ૧૩

દેઉં રાજકુમારી, રૂપેં રંભ જિસીરી,
દૂત તણે મન વાત, વિસ્મય એહ વસીરી. ૧૪

કિશ્યું વિમાસે મૂઢ! મેં જે વાત કહીરી,
ન ફરે જગતમાં તેહ, અવિચળ સાચી સહીરી. ૧૫

શ્રી શ્રીપાળનો રાસ, ચોથી ઢાળ કહીરી,
વિનય કહે નિરવાણ, ક્રોધેં સિદ્ધિ નહીંરી. ૧૬

**અર્થ**:—દૂતવચન સાંભળીને પ્રજાપાળ મન સાથે વિચાર કરવા

લાગ્યો કે-"એ કોઢીઆ વરને મયણાને દઈ દઉં ?[1] અને એમ કરવાથી જગતમાં 'હું કરૂં તેજ થાય છે' એ મારી અવિચળ કીર્તિ રાખું, તેનુજ મયણાને પણ 'કર્મ કરે તેજ થાય છે.' એ મમતાનું પ્રત્યક્ષ ફળ આપી દઉં. મને મારા માનભંગ રૂપ તે મયણાનાં આકરાં વચન બહુજ મારા હૃદયની અંદર ખટકયા કરે છે. જે ઝાડ દવ લાગવાથી દાઝી ગયેલ હોય છે, તે વરસાદની વૃષ્ટિ થવાના સબબને લીધે પાછું પાંગરી નવપલ્લવ થાય છે, પણ નઠારાં વચનોરૂપિ અગ્નિવડે જે મન દાઝી ગયેલ હોય છે, તે મન તે ભવમાં ફરી નવપલ્લવ-પ્રેમાળ વૃત્તિવંત થતુંજ નથી !" આવા કારણને લીધે રાજાને ક્રોધ ચડવાથી તેની શુદ્ધિ બુદ્ધિ-એ બધું જતું રહેતાં આવું ગેરવાજબી કામ કરવા તેને સૂઝ્યું, જેથી તે દૂતને કહેવા લાગ્યો-" હે દૂત ! તું જઇને તારા રાજાને મારે ત્યાં તેડી લાવ, હું તેને રૂપમાં રંભા જેવી રાજકન્યા વરાવી દઉં." આ અસંભવ વાત સાંભળી દૂતને વિસ્મય-આશ્ચર્ય સાથ સંદેહ પેદા થયો કે-" શું આ સાચું કહે છે ?[2] કિંવા મશ્કરી કરે છે ! પોતાની અંબા જેવી કન્યા જાણી બોઝી કોઢીયાને કોણ આપે ?!" વગેરે વગેરે વિચારમાં ગર્ક થયો. એ જોઈ રાજા બોલ્યો-"રે મૂર્ખ ! શું વિચારના પડયો છે !! જે મેં વાત કહી છે તે જગતમાં કહિ ફરનાર નથી, માટે પૂરેપૂરી સાચી માની તારા રાજાને તેડી લાવ કે મનોરથ પૂર્ણ કરી દઉં !!!" શ્રીપાળના રાસની અંદર આ ચોથી ઢાળ કહી વિનયવિજયજી કહે છે કે હે શ્રોતાગણ ! જરૂર ક્રોધ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થતીજ નથી. (૧૦-૧૬)

( દોહરો-છંદ. )

કોપ કઠિન ભૂપતિ હવે, આપ્યો નિજ આવાસ,
સિંહાસણે બેઠો અધિક, મન અભિમાન વિલાસ. ૧
મયણાને તેડી કહે, કર્મતણો પખ છોડ,
મુજ પસાય મન આણ જિમ, પૂરૂં વાંછિત કોડ ૨
મયણા કહે દૂરે તજો, એ સવિ મિથ્યાવાદ,
સુખ દુઃખ જે જગ પામિયે, તે સવિ કર્મ પ્રસાદ. ૩

---

૧ આ કથન એજ બોધ આપે છે કે-દુષ્ટજનો પોતાની ધારણા પાર પાડવા સ્હામાનું અકલ્યાણ કરવા માટે પણ જરા પાછા પડતા નથી.

૨ જે વાત માનવામાં ન આવે તેવી હોય તે વાત સાંભળી જરા વિચાર કરવાની જરૂર છે. નહીં કે એકદમ તેવી વાતને માની લઈ ફુલાઇ બોલી ઉઠવું-એવો આ કથન બોધ આપે છે.

બાળકને વતળાવતાં, હઠે ચઢાવે રાય.
વાદ કરંતાં બાળશું, લઘુતા પામે ન્યાય. ૪
કોઇ કહે એ બાળિકા, જુઓ હઠીલી થાય,
અવસર ઉચિત ન ઓળખે, રીષ ચઢાવે રાય. ૫

**અર્થઃ**—આ પ્રમાણે રાજાનું બોલવું થતાં દૂત પોતાના રાજાને લઇ આવવા સામો ગયો, અને કોપથી કઠણ થયેલા હૃદયવાળો રાજા રાજપાટિકા ફરવાનું માંડી વાળી તરત પોતાના મહેલ ભણી પાછો વળ્યો, તથા મનમાં બહુજ અભિમાનના તોર સહિત સિંહાસન ઉપર બેસી તરત મયણાસુંદરીને બોલાવી કહેવા લાગ્યો—"હજુ પણ તું 'કર્મ કરે તેજ થાય છે' એ પક્ષ છોડી દે અને 'મારી કૃપા વડે જે કરું તેજ થાય છે' એ વાતને કબૂલ કર, તો તારા મનવાંછિત લાડકોડ પૂર્ણ કરું, નહીં તો હાલ બેહાલ થઈ જશે!" એ સાંભળી અચળ સિદ્ધાંતવાળી મયણાસુંદરી બોલી કે—૧ "પિતાશ્રી! એ બધો જૂઠો—નકામો વાદ બાજુ પર ફેંકી દો. જગતમાં જે સુખ દુઃખ પ્રાપ્ત કરીએ છીએ તે બધો કર્મનો જ પ્રતાપ છે!" આવો મામલો મચેલો જોઇ સભાજન પૈકી કેટલાએક કહેવા લાગ્યા કે—"બાળકને વારે વારે છેડવાથી હઠે ચડે છે. તેમજ બાળકની સાથે તકરાર કરવાથી ન્યાય પણ હલકાઈ પામે છે, કિંવા બાળકની સાથે આળ—છેડ વા તકરાર કરવાથી મોટા માણસની પણ હલકાઇ ગણાય છે, એમ નીતિ—ન્યાય શાસ્ત્રના જાણકારે કહેલું છે; માટે રાજાની પણ ગાંડાઇ છે." અને કોઇ કહેવા લાગ્યો કે—"બિચારો રાજા પણ શું કરે? જેમ જેમ એણીને સમજાવે છે, તેમ તેમ જુઓ તો ખરા! એ હઠીલી બાળા રાજાને વધારે રીસ ચડે તેવું અવસર ઓળખ્યા વગર ગેરવાજબી બોલે છે!!" (૧-૫)

---

( ઢાળ પાંચમી—ઇડર આંબા આંબલીરે—એ દેશી. )

રાણો ઉંબર તિણે સમેરે, આવ્યો નયરી માંહિ,
સહિત કરણ સૂપડ જિસ્યોરે, છત્ર કરે શિર છાંહિ.
ચતુરનર, કર્મતણી ગતિ જોય.
કર્મે સુખ દુઃખ હોય, ચતુરનર કર્મે ન છૂટે કોય,
ચતુરનર, કર્મતણી ગતિ જોય. ૧

૧ ભય અને કષ્ટનાં નગારાં વાગતાં સંભળાય તો પણ તેથી કરીને જે મનુષ્યો ટેક મુકતા નથી; તેજ ધૈર્યવંત ગણાય છે. એવું આ કથન બતાવી રહેલ છે.

શ્વેતાંગુળી ચામર ધરે રે, અવિગત નાસ ખવાસ;
ઘોરનાદ ઘોઘર સ્વરે રે, અરજ કરે અરદાસ. ચ. ક. ૨
વેસર અસવારી કરીરે, રોગી સવિ પરિવાર,
બળે આવલીયે પરિવર્યોરે, જિશ્યો દગ્ધ સહકાર. ચ. ક. ૩
કેઈ ટુંટા કેઈ પાંગળારે, કેઇ ખોડા કેઇ ખીણ,
કેઈ ખસિયા કેઇ ખાસિયારે, કેઇ દદ્દુર કેઈ દીણ. ચ. ક. ૪
એક મુખે માખી બણબણે રે. એક મુખ પડતી લાળ,
એક તણે ચાંદાં ચગેરે, એક શિર નાઠા વાળ. ચ. ક. ૫

અર્થ :–તેડવા ગયેલો દૂત પોતાના ઉંબર રાણાને તેડી લાવ્યો અને ઉજેણીની અંદર શુભ મુહૂર્ત્તે પોતાના રાજાને સૈન્ય–પરિવાર સહિત પ્રવેશ કરાવી આનંદ પામ્યો. એ શહેરમાં દાખલ થયેલી સ્વારીના દેખાવ પૈકી રાજાનું શરીર ઉંબરના થડ ઉપરનાં ચીરાયલાં છોડિયાં જેવું ફાટી ગયેલું હતું, તથા તેના ઉપર છત્ર ધરનાર સડીને સૂપડા સરખા થઈ ગયેલા કાનવાળો હતો, તેમજ તેના ઉપર ચામર વીંઝનાર ધોળા કોઢથી ધોળી થયેલી આંગળીઓવાળો હતો, અને ખવાઈ ગયેલા નાકને લીધે બીહામણા શબ્દવાળા ઘોઘર સ્વરનો છડીદાર તેની નેકી પોકારી રહ્યો હતો. એવા ઠાઠ સહિત ઉંબર રાણો હતો તથા તે ખચ્ચર ઉપર સ્વારી કરેલા સાતસો કોઢિયાઓના પરિવાર સહિત, જેમ મૂળે તો કાળા અને વળી દાઝી ગયેલા હોય એવા આવળિયાઓના ઝુંડમાં દાઝી ગયેલો આંબો જણાય, તેમ તે રોગગ્રસ્ત મંડળમાં રોગી ઉંબર રાણો જણાતો હતો. તેમજ તે રાજાના પરિવાર પૈકી કેટલાક ટૂંટાં, ઠુંઠાં, ખોડા, ક્ષીણ, ખસિયલ, ખાંસીવાળા, દાદરવાળા અને અંગ ઉપાંગ હીન થવાથી કંગાલ જેવા બનેલા હતા. એકના મુખ ઊપર માખીઓ બણબણી રહેલી છે, તો એકના મુખમાંથી લાળ જ ટપકી રહેલી છે, તો એકના શરીર ઉપર ચાંદાં ચગચગી રહેલાં છે, તો એકના માથા ઉપરથી વાળ જ જતા રહેલા છે, આવો પરિવાર હતો. (૧–૫)

ચહુટા માંહે ચાલતારે, સોર કરે સય સાત,
લોક લાખ જોવા મળ્યાંરે, એહ કિશ્યો ઉતપાત. ચ. ક. ૬
ઢોર ધસે કુતર ભસે રે, ધિક ધિક કહે મુખ વાચ,
જન પૂછે તમે કોણ છો રે, ભૂત કે પ્રેત પિશાચ ? ચ. ક. ૭
કહે રોગી, તુમ રાયની રે, પુત્રી રૂપનિધાન,
તે અમ રાણો પરણશે રે, એહ જાયે તસ જાન. ચ. ક. ૮

નગર લોક સાથે થયાં રે, કૌતુક જોવા કાજ.
ઉંબર રાણો આવિયોરે, જહાં બેઠા મહારાજ. ચ. ક. ૯

અર્થ :—એવા છતાં પોતાના રાજાને રાજકન્યા મળવાના ઉમંગમાં મલકાયેલા તે સાતસેં જણ ચૌટામાં ચાલતાં શોરબકોર કરી રહ્યા હતા. એ સાંભળી લાખો લોક આ નવા તમાસાને જોવા એકઠાં થઈ ગયાં અને વિસ્મય થઈ વિચારવા લાગ્યાં કે—"અરે! આ તે શો ઉત્પાત!!" જેઓને જોઈ ઢોરો ભડકીને ભાગે છે, અને કૂતરાં ભસે છે, અને જોનારાં લોકો ધિક્કાર ઉપર ધિક્કાર દઈ તેઓને પૂછે છે કે—"અરે! તમે કોણ છો? ભૂત છો? પ્રેત છો? પિશાચ છો?" આના ઉત્તરમાં રોગીએ જવાબ આપ્યો કે—"અમો ભૂત, પ્રેત કે પિશાચ નથી; પરંતુ તમારા રાજાની જે રૂપના ખજાના સરખી કુંવરી છે, તેણીને અમારો રાણો પરણવાનો છે, માટે આ તેની જાન જાય છે." તેઓનું આવું બોલવું થતાં લોકોને બહુજ અચંબો લાગ્યો, એથી એ કૌતક જોવાને વાસ્તે શહેરના લોકો પણ તેઓની સાથે ચાલ્યાં. અને આવી રીતે ચાલતાં તે ઉંબર રાણો જ્યાં પ્રજાપાળ મહારાજ રાજસભા ભરી બેઠેલ છે ને જ્યાં પિતા-પુત્રી વચ્ચે બાપકર્મ તથા આપકર્મનો જુસ્સાબંધ વિવાદ ચાલી રહ્યો છે ત્યાં તે અવસર પ્રાપ્ત થતાં આવી પહોંચ્યા. (૬-૯)

મયણાને ભૂપતિ કહેરે, એ આવ્યો તુમ નાહ,
સુખ સંપૂરણ અનુભવોરે, કર્મે કર્યો વિવાહ. ચ. ક. ૧૦
મયણા મુખ નહિ પાલટેરે, અંશ ન આણે ખેદ,
જ્ઞાનીનું દીઠું હુવેરે, તિહાં નહીં કિશ્યો વિભેદ. ચ. ક. ૧૧
જેહ પિતાએ પાંચનીરે, સાખે દીધો કંત,
દેવપરેં આરાધવોરે, ઉત્તમ મન એ ખંત. ચ. ક. ૧૨
કરી પ્રણામ નિજ તાતનું રે, વયણ વિમળ મુખરંગ.
આવીને ઊભી રહીરે, ઉંબરને વામાંગ. ચ. ક. ૧૩

અર્થ:—જ્યારે ઉંબર રાણો આવી પહોંચ્યો ત્યારે પ્રજાપાળ રાજા મયણાસુંદરીને કહેવા લાગ્યો કે—"આ તમારો નાથ આવ્યો! હવે એની સાથે સંપૂર્ણ સુખનો અનુભવ લ્યો, કેમકે તમારા કર્મેજ આ વિવાહ કર્યો છે—મતલબ એજ કે—મેં તમારો વિવાહ કર્યો હોત તો આવો વર ન હોત, પણ કામદેવ સરખો હોત; પરંતુ તમારે તો કર્મના પ્રતાપથી સુખ દુઃખ મળે તેમ છે માટે કર્મના પ્રતાપ વડે થયેલા સંબંધનું સુખ માણો (?)" જો કે આ પ્રમાણે હાડ વિંધનારાં મર્મવચન વ્યંગમાં કહી સંભળાવ્યાં

અને રોગમય શરીરવાળો વર બક્ષ્યો, છતાં પણ મયણાસુંદરીના મ્હોં ઉપરનો રંગ જરા સરખો પણ બદલાયો નહીં. તેમ મનમાં જરા પણ ખેદ આવવા પામ્યો નહિ, કેમકે એ નિશ્ચયથી જાણતીજ હતી કે–"જે જ્ઞાની મહારાજનું દીઠેલું હશે તેજ થવાનું છે, તેમાં મીન મેખ ફેર થનાર જ નથી." તેમજ નિશ્ચય હતો કે–"પિતાએ પંચની ૧સાક્ષીએ જે પતિનો હાથ સોંપ્યો તે ચાહે તેવી સ્થિતિવાળો હોય, તોપણ તે પતિનીજ દેવની પેઠે આરાધના કરવી એજ ઉત્તમ કુળની સ્ત્રીઓનો સાચો ટેક છે." એમ વિચારી પોતાના પિતાનું વચન કબૂલ–માન્ય કરી, તરત પૂર્ણચંદ્ર સરખા નિર્મળ મુખયુક્ત ઇષ્ટદેવ સ્મરણ રૂપ મંગળ લગ્નને સાધી ઉંબર રાણાની ડાબી બાજુએ આવી ઊભી રહી અને પોતાની મેળેજ તે રાણાની સાથે પાણીગ્રહણ કર્યું. ધન્ય છે એવી સતી સુંદરીઓને!

**તવ ઉંબર એણિપરે ભણેરે, અનુચિત એ ભૂપાળ;**
**ન ઘટે કંઠે કાગને રે, મુક્તાફળની માળ. ચ. ક. ૧૪**
**રાય કહે કન્યાતણે રે, કર્મે એ બળ કીધ,**
**ઘણું કહ્યું મેં એહને રે, દોષ ન કા મેં લીધ. ચ. ક. ૧૫**
**રોગી રળીઆયત થયારે, દેખી કન્યા પાસ,**
**પરમેસરે પૂરણ કરી રે, આજ અમારી આશ. ચ. ક. ૧૬**
**સુગુણ રાસ શ્રીપાળનોરે, તેહની પાંચમી ઢાળ,**
**વિનય કહે શ્રોતા ઘરેંરે, હોજો મંગળમાલ. ચ. ક. ૧૭**

**અર્થ:**—જ્યારે મયણાસુંદરીએ ઉપર પ્રમાણે કર્યું ત્યારે ઉંબર રાણાએ રાજાને કહ્યું કે–"હે રાજન્! આ પ્રમાણે સંબંધ જોડવો એ ગેરવાજબી છે. આથી તમામ સગાં સંબંધીઓનાં દિલ કચવાય છે–એટલુંજ નહીં, પણ ખુદ મારું દિલ ૨ પણ કચવાય છે, કેમકે કાગડાને કંઠે મોતીમાળા ધારણ કરવા સરખું આ અયુક્ત કામ થાય છે. પોતાની કન્યાનો આ પ્રમાણે મનખો ન બગાડો." રાજાએ કહ્યું,: "તમો કહો છો તે હું સમજું છું, પણ આ કન્યાના કર્મેજ આ બળ કર્યું છે. મેં તો એણીને મારા ઉપર અપવાદ આવે એ માટે ઘણુંએ કહ્યું, પણ એણીએ એક કથન પણ ન માનતાં હઠ

૧ આ કથન એજ બોધ આપે છે કે પોતાના પિતાએ સતી સ્ત્રીઓને જે પતિને અર્પણ કરી હોય તેનેજ દેવ સમાન ગણવો,

૨ ઉત્તમ પુરૂષોને પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો હોય, તથાપિ અયુકત બનાવ જણાય તો પોતાના સ્વાર્થની દરકાર ન રાખતાં સામાના ભલા માટે વિચાર જાહેર કરે છે; એમ આ કથન બતાવે છે.

લીધી, તેથી આમ થયું. હવે એમાં હું શું કરું, કેમકે એણીએ સર્વ સુખ દુઃખનો આધાર કર્મ-રાજાનાજ હાથમાં સોંપેલો છે, એથી એ જે કરે તે ખરું" આ પ્રમાણે વાત બનતાં જો કે પરણનારને રાજી થવું જોઇએ, તેને બદલે તે ઉદાસ થયો, પરંતુ તેના પરિવાર રૂપ સાતસો રોગી તો કન્યાને પોતાના રાણા પાસે ઉભેલી જોઈ અનહદ ખુશી થઈ ગયા અને બોલ્યા કે-'આજે અમારી આશા પરમેશ્વરે સર્વ રીતે પૂર્ણ કરી?" આ શ્રીપાળના સદ્‌ગુણવંત રાસની પાંચમી ઢાળ પૂરી થઈ. વિનયવિજય કહે છે કે-આ રાસ સાંભળનારાંઓને ઘેર મંગળમાળા થજો. (૧૪-૧૭)

---

(દોહરા-છંદ)

કોઇ કહે ધિક રાયનો, એવડો રોષ અગાધ,
કોઇ કહે કન્યાતણો, એ સઘળો અપરાધ. ૧

ઊતારે આવ્યા સહુ, સુણતાં ઇમ જન વાત,
અનુચિત દેખી આથમ્યો-રવિ પ્રગટિ તવ રાત. ૨

યથા શક્તિ ઊત્સવ કરી, પરણાવી તે નાર,
મયણાને ઉંબર મળી, બેઠા ભુવન મઝાર. ૩

અર્થઃ—ઉપર પ્રમાણે ગેરવાજબી બનાવ બનેલો જોઈ જોનારાઓમાંથી કેટલાંએક કહેતાં હતાં કે-"રાજાને ધિક્કાર છે કે જે પોતાના બાળક ઉપર આટલો બધો હદપાર ગુસ્સો અજમાવે છે!!" અને કેટલાંએક કહેતા હતાં કે-"આ બધો વાંક-ગુન્હો એ કન્યાનોજ છે. બાપનો નથી." આ પ્રમાણે લોકોના મ્હોંની વાત સાંભળતાં એ દંપતી પોતાને જે ઊતારો આપ્યો તે ઊતારાની અંદર જઇ પહોંચી, ત્યાં પરિવાર સહિત નિવાસ કર્યો. આ ગેર-વાજબી બનાવ થયેલો જોઈ (કવિ કહે છે કે) સૂર્ય પણ અસ્ત થઈ ગયો અને રાત પડી. એટલે પોતાની ગુંજાશ પ્રમાણે સામગ્રી મેળવી ઉત્સવ કરી કોઢિયાઓએ તે વરકન્યાનું વિધિ સહ લગ્ન-હસ્ત મેલાપ વગેરે કરાવ્યું. તે પછી મયણા અને ઉંબરરાણો એ બન્ને જણ તે મકાનની અંદર એકાંત નિવાસમાં બેસી નીચે પ્રમાણે વાર્તાલાપ કરવા લાગ્યાંઃ—

---

(ઢાળ છઠ્ઠી-કોયલો પર્વત ધુંધલોને લો-એ દેશી)

ઉંબર મનમાં ચિંતવે રે લો, ધિક ધિક મુજ અવતારરે,
છબીલી ?

મુજ સંગતથી વિણસશે રે લો, એહવી અદ્‌ભુત નાર રે,
રંગીલી ? ૧
સુંદરી હજિય વિમાસજો રે લો, ઊંડો કરી આલોચ રે,
છબીલી ?
કાજ વિચારી કીજિયે રે લો, જિમ ન પડે ફરી શોચર.
રંગીલી ? સુંદરી હજિય વિમાસજો રે લો. ૨
મુજ સંગે તુજ વિણસશે રે લો. સોવન સરખી દેહ રે. છ.
તું રૂપે રંભા જિસી રે લો, કોઢીશું શ્યો નેહ રે રં. સું, ૩
લાજ ઇહાં મન નાણિયે રે લો, લાજે વિણસે કાજ રે. છ.
નિજ માતા ચરણે જઇરે લો, સુંદર વર કર રાજરે રં. સું. ૪

અર્થ:—પ્રથમ તો ઉંબરરાણો મન સાથે વિચાર કરવા લાગ્યો કે–"[૧]મારા અવતારને પણ ધિક્કાર છે! હા, આ છબીલી સુંદરી અદ્‌ભુત રૂપવંત છે. તેણીનું રૂપ મારી સંગતથી બગડી જશે, માટે એણીને બે બોધવચન કહું તો ખરો." એમ વિચારી સુંદરી પ્રત્યે કહેવા લાગ્યો–"હે સુંદર સ્ત્રી! હજી કંઇ બગડી ગયું નથી, માટે ઊંડો વિચાર કરીને સુખનો રસ્તો તપાસી જો. કામ વિચારીને કરવામાં આવે તો તેમાં ફરી પસ્તાવો કરવાનો વખત આવતો નથી. માટે વિચાર કરવાની જરૂરજ છે. જો, મારી સોબતથી તારી કંચન જેવી કાયા પણ બગડી જશે. માટે તું રૂપમાં અપ્સરા સરખી છે, તેણીને આ કોઢીઆથી સ્નેહ કરવો એ વાજબી નથી, એ વાસ્તે હું ખુદ તારા હિતની ખાતર કહું છું કે તું તારી માની પાસે જા, અને સુંદર વરની માગણી કરી પરણીને સુખે રાજ્યલક્ષ્મીનો અનુભવ લે. આવી વખતે લાજ રાખવાથી કામ બગડી જાય છે માટે મનમાં લાજ ન લાવતાં મેં કહ્યું તેમ કર." (૧–૪)

મયણા તસ વયણાં સુણી રે લો. હિયડે દુઃખ ન માયરે
વાલેસર.
ઢળક ઢળક આંસુ ઢળે રે લો, વિનવે પ્રણમી પાય રે
વાલેસર.
વચન વિચારી ઉચ્ચરોરે લો, તુમે છો ચતુર સુજાણ રે.
વાલેસર, વ, ૫

---

૧ આ કથન એજ બતાવે છે કે ગમે તેવા સમયમાં પણ ધીરજવાનો ન્યાયપંથથી કદી ભ્રષ્ટ થતાજ નથી.

એહ વચન કેમ બોલિયેંરે લો, એણે વચને જીવ જાય રે.
વાલેસર.
જીવજીવન તુમે વાલહારે લો, અવર ન નામ ખમાયરે
વાલેસર. વ. ૬.
પશ્ચિમ રવિ નવિ ઉગમેરે લો, જલધિ ન લોપે સીમરે,
વાલેસર,
સતી અવર ઇચ્છે નહીંરે લો, જાં જીવે તાં સીમરે,
વાલેસર. વ. ૭

અર્થઃ—ઉપર પ્રમાણે ઉંબર રાણાનાં વચન સાંભળતાંજ મયણાસુંદરીના હૃદયમાં દુઃખ ન સમાયું, એથી હૃદય પીગળી ઉભરાઇ આંસુરૂપે ટપક ટપક વહેવા લાગ્યું, અને તેણીએ વિનય સહિત પોતાના પતિના ચરણમાં પગે લાગી વિનવ્યું કે–"હે વહાલેશ્વર![1] હવે ધણી ધણીઆણીનો સંબંધ છે; માટે આપ વચન વિચારીને બોલો. આવાં વચનોથી તો કુલીન કાંતાઓનો જીવ નિકળી જાય છે. આપ તો ચતુર–સુજાણ છો એટલે વધારે શું કહું; પણ ફરીથી આવાં જીવ લેનારાં વચનો ન બોલશો. હવે તો આપ મારા જીવના પણ જીવન છો–એટલે કે હવે જો આપનો વિયોગ થાય તો હું જીવીજ શકું નહીં. તો પછી હવે બીજો વર વરવાનું કહો છો, તે વાત શી રીતે સહન કરી શકું ? હે વહાલેશ્વર ! જરા ખ્યાલ કરો કે–કોઇ વખતે પણ સૂર્ય પૂર્વ દિશાને છોડી પશ્ચિમમાં ઊગનારજ નથી ! કેમકે જે અસ્ત થવાની દિશા છે તેને ઉદયરૂપ કેમ માની લે ! તેમ સમુદ્ર પોતાની માઝા–મર્યાદા કોઇ વખતે પણ મૂકતો નથી અને મૂકનાર પણ નથી; કેમકે એ ગંભીર થઇને જો પોતાની મર્યાદા છોડી દે તો પછી અચળ મર્યાદાની ઉપમા તેને કોણ આપે ! અને સતી સ્ત્રી તે પણ પંચની સાક્ષીએ હાથ ઝાલેલા પતિના શિવાય બીજો અતિસુંદર નર હોય; તો પણ જીવ જતાં લગી મનમાં તેવાની કદિ પણ ઈચ્છા ન કરે; કેમકે જો સતી સ્ત્રી બીજાને ઇચ્છે તો પછી સતીની મહાન્ પદવીનું માન મેળવવા ભાગ્યશાળી કેમ થઈ શકે ?!" (વાહ, ધન્ય છે! શાબાસ છે ! મારી વહાલી આર્ય ભૂમિની આર્યમહિલા ! તને શતકોટી ધન્યવાદ છે !!! તારા સરખી પરમપાવની દેવીઓએજ આ આર્યભૂમિ–માતૃભૂમિનું નૂર જાળવી રાખ્યું છે. પરમાત્મા ! આ આર્ય ભૂમિ ઉપર આવીજ સતી સુંદરીઓનાં દર્શન કરાવ કે જેથી માતૃભૂમિ સહિત અમો ભૂરી ભાગ્યભાજન થઇએ !) (૪–૭)

[1] સતીઓનો શું ધર્મ છે તે આ કથન સ્પષ્ટ બતાવી રહેલ છે.

ઉદયાચળ ઉપર ચઢયો રે લો, માનુ રવિ પરભાત રે, વા.
મયણા મુખ જોવા ભણીરે લો, શીળ અચળ અવદાતરે
વાલેસર, વ. ૮

ચક્રવાક દુઃખ ચૂરતોરે લો, કરતો કમળ વિકાસરે, વા.
જગલોચન જગ ઊગિયોરે લો, પસર્યો પુહવી પ્રકાશરે
વાલેસર, વ. ૯

**અર્થઃ**—કવિ કહે છે કે–આવી અચળ અને ઉજ્જવળ શીળવાળી મયણાસુંદરી છે એવી સૂર્યને પ્રતીતિ મળતાં તે જાણે તેણીનું મ્હોં જોવા માટે જ ઉદયાચળ (પર્વત) ઉપર પ્રભાત વખતે ચડયો ન હોય એવું મને તો ભાસે છે, કેમકે એવી સતીઓને સૂર્ય તો શું, પણ તમાત દેવેંદ્રો જોવા ચાહે છે. એટલુંજ નહીં, પણ તેણીની સેવામાં હાજર રહેવા આતુર રહે છે." પ્રભાત થયું, ચકવા ચકવીનાં વિયોગ દુઃખ દૂર કરતો અને સૂર્ય–વિકાસી કમળ વનને વિકસ્વર કરતો જગતજીવોની આંખ્યો સરખો સૂર્ય ઉગ્યો એથી પૃથ્વિ ઉપર અજવાળું ફેલાયું. (૮–૯)

આવો દેવ જુહારીએરે લો, ઋષભદેવ પ્રાસાદરે, વા.
આદીશ્વર મુખ દેખતાંરે લો, નાસે દુઃખ વિષવાદરે
વાલેસર. વ. ૧૦

મયણા વયણે આવિયોરે લો, ઉંબર જિનપ્રસાદરે,
જિનેસર,
તિહુઅણનાયક તું વડોરે લો, તુમ સમ અવર ન કોયરે
જિનેસર, તિ. ૧૧

મયણાએ જિન પૂજિયારે લો, કેસર ચંદન કપૂરરે, જિ.
લાખીણો કંઠે ઠવ્યો રે લો, ટોડર પરિમળ પૂરરે. જિ, તિ ૧૨

ચૈત્યવંદન કરી ભાવનારે લો, ભાવે કરી કાઉસ્સગ્ગરે, જિ.
જયજય જગચિંતામણિ રે લો, દાયક શિવપુર મગ્ગ રે,
જિનેસર. તિ. ૧૩

ઇહભવ પરભવ તુજ વિનારે લો, અવર ન કો આધારરે, જિ
દુઃખ દોહગ દૂરે કરો રે લો, અમ સેવક સાધારરે
જિનેસર. તિ ૧૪



રાજા પ્રજાપાળ તથા રાણી રૂપસુંદરી પોતાની રાજસભામાં પોતાની પુત્રીઓ મયણાસુંદરી તથા સુરસુંદરીની અધ્યાપકની હાજરીમાં પરીક્ષા કરે છે.

[ પૃ૦ ૧૦ ]

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

કુસુમમાલ નિજ કંઠથી રે લો, હાથ તણું ફળ દીધ રે; જિ.
પ્રભુપસાય સહુ દેખતાંરે લો, ઉંબરેં એ બેઉ લીધરે.
જિનેસર તિ. ૧૫

મયણા કાઉસ્સગ્ગ પારિયો રે લો, હિયડે હર્ષ ન માય રે; જિ.
એ સહી શાસન દેવતા રે લો, કીધો અમ્હ સુપસાયરે,
જિનેસર. તિ ૧૬

સુગુણ રાસ શ્રીપાળનો રે લો, તિહાં એ છઠ્ઠી ઢાળ રે, જિ.
વિનય કહે શ્રોતા ઘરે રે લો, હોજો મંગળ માળ રે.
જિનેસર, તિ. ૧૭

**અર્થ**:—સૂર્ય ઉદય થયા પછી મયણાસુંદરીએ પતિ ઉંબર રાણાને કહ્યું:– "નાથ! ચાલો, શ્રી ઋષભદેવજીના મંદિરમાં જઈ દેવાધિદેવનાં દર્શન કરી આવીએ. આદીશ્વર પ્રભુનું મુખ જોતાં જ[1] દુઃખ અને કંકાશ નાશ પામે છે." આ પ્રમાણે વિવાહિતા સતીનું કથન સાંભળી "સારા કામ માટે ઢીલ ન કરવી" એ વચનને માન આપી સ્રીના કથનથી ઉંબરરાણો તેણીની સાથે સાથે ધુળેવપતિ આદીશ્વર પ્રભુના મંદિરે ગયો, અને શ્રી આદીશ્વરનું મુખ જોતાં જ મનમાં હર્ષ પેદા થયો. મયણાએ મંદિરમાં વિધિ સહિત પ્રવેશ કરી હર્ષવચન ઉચ્ચાર્યાં કે–"હે ત્રણે ભુવનના ધણી! આ જગતની અંદર તુંજ મોટો દેવ છે; કેમકે તારા રૂપ, ગુણ, અતિશય આદિ દેવને છાજતી શોભામાં તારી બરાબરી કરી શકે એવો બીજો કોઈ છેજ નહીં." ઈત્યાદિ કહી પછી ન્હાઈ, પવિત્ર વસ્ત્ર પહેરી, કેસર, સુખડ ને બરાસ વગેરે ઉત્તમ સુગંધી પદાર્થો વડે આદિ પ્રભુનું બન્ને જણે પૂજન કર્યું. (જો કે ઉંબરરાણાને વંદન પૂજન વિધિ આવડતી ન હતી; તો પણ તે મયણાસુંદરી જેમ કરતી હતી તેમ બધી વિધિ કર્યા કરતો હતો.) પૂજન કર્યા પછી લાખીણો સુગંધી ફૂલોનો હાર પ્રભુના ગળામાં પહેરાવ્યો, અને તે પછી ચૈત્યવંદન કરી ભાવના ભાવી ભાવ સહિત કાઉસ્સગ્ગ કરી એવું ચિંતવ્યું કે–"જય થાઓ! જય થાઓ! હે જગતજીવોનાં મનોરથ પૂર્ણ કરવામાં ચિંતામણિરત્ન સમાન અને મોક્ષ નગરનો માર્ગ દેવાવાળા પ્રભુ! આ ભવ અને પરભવની અંદર તારા વગર આશરો–

૧ આ કથન એજ સૂચવે છે કે કોઈપણ કામે જતાં શબ્દ મંગળમય નીકળે કે કાને પડે તો અવશ્ય તે કામ ફતેહ થયાની આગાહીજ સૂચવે છે.

આધાર દેનાર બીજો કોઇ નથી; માટે અમ સેવકનાં દુઃખ અને દુર્ભાગ્ય દૂર કરો." આવું ચિંતવી કાયોત્સર્ગ કર્યો. એટલામાં તો અચિંત્ય મહીમાવંત આદીશ્વર પ્રભુના સેવકોની યોગ્ય અરજને ધ્યાનમાં લઈ[1] તરત પ્રભુશ્રીના કંઠમાંનો પુષ્પહાર અને હાથમાંનું બીજોરૂં એ બે વસ્તુ પરમેશ્વરના પ્રતાપથી બીજાં બધાં ભાવિક લોકોનાં દેખતાંજ ઉંબરરાણાના હાથ આગળ આવી પડી, એટલે તરત તેણે તે બન્ને ચીજોને વધાવી હાથમાં લઈ લીધી. (કાઉસ્સગ્ગ પાર્યા વગર એ કાર્ય ન થાય-ચીજો ન લેવાય એમ ઉંબરરાણાના જાણવામાં ન હોવાથી, તેમજ દેવે તુષ્ટમાન થઇ આ ચીજો આપી છે; માટે તરત વધાવી લેવી એમ જાણવામાં હોવાથી તે ચીજો લઇ લીધી. એ ચીજો વડે શાસનદેવે એવું સૂચવ્યું કે-" હે ઉંબર રાણા! આ સુગંધી સુંદર પુષ્પહાર કે જે જગત્ પૂજ્યોના કંઠમાં રહેનારો છે તેવો જ તું શ્રેષ્ઠ પુરુષોના ગળાના હાર સરખો વહાલો અને દશે દિશાએ સારી વાસના-કીર્તિના ફેલાવાવાળો થઇશ, અને આ મંગળ દેનારા બીજોરાના ફળ સરખો મંગળકારી નિવડીશ ") આ પ્રમાણે આનંદ મંગળ સૂચક બનાવ બન્યા પછી મયણાસુંદરીએ કાઉસ્સગ્ગ પાર્યો. પણ તેણીના હૈયામાં હર્ષ સમાતો ન હતો-હર્ષ ઉભરાઈ જતો હતો. તે મનમાં નિશ્ચય પૂર્વક ચિંતવવા લાગી કે-" જરૂર શાસનદેવેજ અમને આ કૃપારૂપ નિવાસજ બક્ષી છે." આ પ્રમાણે આ સારા ગુણો ભરેલા શ્રીપાળના રાસમાં આ છઠ્ઠી ઢાળ પૂર્ણ થઇ. વિનયવિજયજી કહે છે કે-આ રાસ સાંભળનારાઓને ઘેર મંગળિકમાળા થજો. (૧૧-૧૭)

---

(દોહરા છંદ)

પાસે પોષહશાળામાં, બેઠા ગુરુ ગુણવંત;
કહે મયણા દિયે દેશના, આવો સુણિયેં કંત. ૧

નરનારી બેઉ જણાં, આવ્યા ગુરૂને પાય;
વિધિપૂર્વક વંદન કરી, બેઠાં બેસણ ઠાય. ૨

ધર્મલાભ દેઇ ધુરેં, આણી ધર્મસનેહ;
યોગ્યજીવ જાણી હવે, ધર્મ કહે ગુરૂ તેહ. ૩

---

૧ સાચી ભક્તિવડે શાસનદેવ સંતુષ્ટમાન થાય છે, નહીં કે લોકરંજન માટે કરેલી ભક્તિથી દેવો પ્રસન્ન થાય છે; એ વાતની પ્રતીતિ આ સંબંધ આપી રહેલ છે.

અર્થઃ—તે પછી મયણાસુંદરીએ સ્વામીનાથને કહ્યું કે—"હે સ્વામી! અહીં પાડેશમાંજ પૌષધશાળા છે. તેમાં ગુણવંત ગુરૂ બેઠેલા છે, તે ધર્મ દેશના દે છે; માટે ચાલો ત્યા જઈ દેશના સાંભળીએ." આ પ્રમાણે કહેવાથી સ્રીના કથનમાં કંઇક ચમત્કાર જણાયાને લીધે તરત તેણીના કથનનેઃ[1] માન આપ્યું અને તે બન્ને જણ ઉપાશ્રયની અંદર ગયા, તથા ગુરૂના ચરણોમાં વિધિ સહિત વંદના કરી બેસવા લાયક જગાએ બેઠાં. વંદન કરતાંજ ગુરૂએ ધર્મસ્નેહ લાવી ધર્મલાભરૂપ આશિર્વાદ દીધો અને તે પછી તે જીવોને ધર્મોપદેશનેર[2] લાયક જાણી આ પ્રમાણે તે ધર્મોપદેશ કરવા લાગ્યાઃ—

ભમતાં એહ સંસારમાં, દુલહો નરભવ લાધોરે,
છાંડી નિંદ પ્રમાદની, આપ સવારથ સાધો રે,
ચેતન ચેતો રે ચેતના, આણી ચિત્ત મઝાર રે; ચેતન. ૧

સામગ્રી સવિ ધર્મની, આળે જે નર ખોઈરે,
માખીની પરે હાથ તે, ઘસતાં આપ વિગોઇરે. ચે. ૨

જાન લઈ બહુ જુગતિ શું, જેમ કોઈ પરણવા જાયરે,
લગનવેળા ગઈ ઉંઘમાં, પછી ઘણું પસ્તાયરે. ચે. ૩

અર્થ:—"હે ભાવિક જનો! આ ચોરાશી લાખ જીવાયોનીવાળા માયામય પારાવાર સંસારમાં ભટકતાં ભટકતાં મુશ્કેલીથી આ મનુષ્ય જન્મ હાથ લાગેલો છે, તેમાં પ્રમાદની જનેતા—ઉંઘને દૂર કરી ધર્મ આરાધી પોતાનો અર્થ સાધો; કેમકે માનવભવ વગર—તિર્યંચ વગેરે બીજા ભવોની અંદર ધર્મસાધનની સામગ્રી મળવી તમોને બહુજ મુશ્કેલ પડશે; માટે ઉત્તમ પ્રારબ્ધ યોગે હાથ લાગેલા મનુષ્યજન્મને ન ખોઈ નાખો. અને આ જે કહું છું એ વાત ચિત્તની અંદર લાવી, હે ચેતન! ચેતનાને જાગ્રત કરી ચેતો. મતલબ એજ કે આ અમૂલ્ય માનવભવમાં આઠ મદ, ચાર કષાય,

૧ સ્રી એ પુરૂષનું અર્ધું અંગ છે, તેમજ ગૃહરાજ્યની કાર્યભારિણી છે માટે પુરૂષે તેના હિતકારી કથનને જરૂર માન આપવુંજ ઘટે છે—એમ આ કથન પ્રતીતિ દે છે.

૨ જે સાંભળનાર, ધર્મદેશના સાંભળવામાં સારી રૂચિ ધરાવતો હોય, તથા પૂર્ણ શ્રદ્ધાળુ હોય તેવા ગ્રાહક ગ્રાહકને, લાયક ખરીદનાર જાણી ધર્મદુકાન ખોલી તેના લાભનો માલ આપવો એ ધર્મોપદેશકની મુખ્ય ફરજ છે:—એ આ કથન બતાવી રહેલ છે.

વિષય વિકાર તથા દ્વેષ, વિષ અને દુર્ગતિ રૂપ પ્રમાદને અને અનર્થનું મૂળ, કલ્યાણનાશક તેમજ સંસારને વધારનારી નિદ્રા; તે બધાંને છાંડી દઈ ધર્મ કરણી કરો કે જેથી મળેલો જન્મ સફળ થાય. મનુષ્યને જોઈતી ધર્મ સામગ્રી મળી છે, છતાં જે આળસુ બની નકામી ખોઇ દે છે, તે મનુષ્ય જેમ મધમાખને મળેલું મધ હાથથી જતું રહેતાં હાથ ઘસતીજ રહે છે, તેમ તેને પસ્તાવો કરવો પડે છે. એટલે કે હાથ લાગેલી વસ્તુ ગયા પછી હાથ ઘસવા એ પોતાના મનની નબળાઈ અથવા બેવકૂફાઇ જાહેરમાં લાવવા માટેનું વગોવણુંજ છે. જેમ કોઇ માણસ ભારે ઠાઠમાઠને દમામ સાથે જાન ચડાવીને પરણવાને માટે જાય; પણ લગ્ન-પરણવાની વેળા-મુહૂર્ત તો ઉંઘમાંજ જતું રહે, અને જાગ્યા પછી મુહુર્ત જતું રહ્યા બદલનો પસ્તાવો કરે તે શું કામ આવે ? તેમ જે મનુષ્યભવ પામીને મળેલી ધર્મસાધનની સામગ્રી આળસમાં ખોઈ દે છે, તે પછી મરવાની વખતે ભાનમાં આવતાં પસ્તાય છે; પણ વખત હાથથી ગયા પછીનો પસ્તાવો બિલકુલ નકામોજ ગણાય છે." (૧-૩)

એણિ પરે દેઇ દેશના, કરે ભવિક ઉપકાર રે.
ગુરૂ મયણાને ઓળખી, બોલાવે તેણિ વાર રે. ચે, ૪

રે કુંવરી ! તું રાયની, સાથે સબળ પરિવારરે.
અમ ઉપાસરે આવતી, પૂછણ અર્થ વિચારરે ચે. ૫

આજ કિશ્યું ઇમ એકલી, એ કુણ પુરૂષ રતન્નરે !
ધુરથી વાત સવિ કહિ, મયણા સ્થિર કરી મન્નરે ચે. ૬

મનમાહે નથી આવતું, અવરકિશું દુઃખ પૂજ્યરે,
પણ જિનશાસન હેલના, સાલે લોક અબુઝરે. ચે. ૭

ગુરૂ કહે દુઃખ ન આણજો, ઓછું અંશ ન ભાવેરે,
ચિંતામણિ તુજ કર ચડયો, ધર્મ તણે પરભાવેરે. ચે. ૮

વડવખતી વર એહ છે, હોશે રાયાં રાયરે,
શાસન સોહ વધારશે, જગ નમશે જસ પાયરે. ચે. ૯

**અર્થ**:—આ પ્રમાણે ગુરૂએ દેશના દઇ ભવિકજનોનો ઉપકાર કર્યો. તે પછી ગુરૂએ મયણાસુંદરી તરફ ધ્યાન દઈને જોતાં તેણીને ઓળખી એટલે તરત બોલાવી કે—" હે રાજકુમારી ! તું ઘણા પરિવાર ને ઠાઠસહિત અર્થ સંબંધી વિચાર પૂછવાને માટે ઉપાશ્રયમાં આવતી હતી; છતાં આજે આમ એકલી

કેમ છો! અને આ સાથે[1] નવરત્ન કોણ છે!" (જો કે ઉંબર રાણાનું શરીર રોગથી જકડાયેલું હતું, પણ તેનું ભાગ્ય અને સામુદ્રિક લક્ષણો કંઇ રોગથી જકડાઇ ગયાં ન હતાં! એથી તે ચિન્હોને જોઇ ગુરૂએ નરરત્નનું વિશેષણ બક્ષ્યું,[2] એ તેનું ભવિષ્ય ભાખ્યું છે.) ગુરૂનું આ પ્રમાણે બોલવું થતાં મયણાસુંદરીએ મનને કાબૂમાં રાખી અથથી તે ઈતિ સુધીની વાત કહી બતાવી. તથા વિશેષમાં તેણીએ કહ્યું કે "હે પૂજ્યજી! આ બધું થયું તે સંબંધી તો મને મારા મનમાં કશું ઓછું આવતું નથી, પરંતુ એ ઓછું આવે છે કે –અબૂઝ લોકો જૈનશાસનની નિંદા–મશ્કરી કરે છે, તે મને હૃદયમાં બહુજ ખટકે છે." ગુરૂએ કહ્યું–"હાલ થોડો વખત એવા લોકો ભલેને નિંદા કરે; તો પણ લગારે મનમાં દુઃખ કે ઓછું લાવીશ નહીં; કેમકે ધર્મના પ્રભાવથી તારા હાથમાં આ ખાસ નરરત્ન ચિંતામણિ આવેલ છે એમજ માની લે! આ નરરત્ન ઘણોજ ભાગ્યવંત છે–એટલુંજ નહીં પણ રાજાઓનો પણ રાજા થશે, તથા જૈનશાસનની શોભા વધારશે, અને આખું નગર એના પગે પડશે, માટે જરાએ દુઃખ તથા ઓછું લાવીશ નહીં." (૫–૯)

મયણા ગુરૂને વિનવે, દેઇ આગમ ઉપયોગરે,
કરી ઉપાય નિવારિયે, તુમ શ્રાવક તનુરોગરે. ચે. ૧૦
સૂરિ કહે એ સાધુનો, ઉત્તમ નહિ આચારરે,
યંત્ર જડી મણિ મંત્ર જે, ઔષધ ને ઉપચારરે ચે. ૧૧
પણ એ સુપુરૂપ એહથી, થાશે ધર્મ ઉદ્યોતરે,
તેણે એક યંત્ર પ્રકાશશું, જસ જગ જાગતી જ્યોતરે. ચે. ૧૨
શ્રીમુનિચંદ્ર ગુરૂ તિહાં, આગમગ્રંથ વિલોઇરે,
માખણની પરેં ઉદ્ધર્યો. સિદ્ધચક્રયંત્ર જોઇરે. ચે. ૧૩
અરિહંતાદિક નવ પદે. ૐ હ્રીંપદ સંયુત્તરે,
અવર મંત્રાક્ષર અભિનવા, લહિયેં ગુરૂગમ તત્તરે. ચે. ૧૪

---

૧ તકને આગળ વાળ છે; પણ પાછળ ટાલ છે, જેથી જો સામે આવેલી તકને હાથ કરી લઇએ તો હાથમાં રહે છે; પણ જો જતી રહેવા દઇ પાછળથી પકડવા જઇએ તો પાછળ ટાલને લીધે હાથથી જતી રહે છે. માટે આવેલી તકને "હમણાં કરીશું, હજી ઘણોએ વખત છે.' એમ કરી ગુમાવી દે છે તે ખચીત પસ્તાય છે. 'આજ તારે સ્વાધીન છે; પણ કાલ તારે સ્વાધીન નથી.' એ વાતની આ સંબંધ ખાસ ચાનકદાર ચેતવણી આપી રહેલ છે.

૨ મનુષ્યની આકૃતિ તથા લક્ષણ જોઇ સામુદ્રિકના જાણનાર પુરૂષો તુરત તેના ભાગ્ય સંબંધી ભવિષ્ય ભાખી શકે છે, એમ ઉપરની બીના સાબીતી આપે છે.

સિદ્ધાદિક પદ ચિહું દિશે, મધ્યે અરિહંત દેવરે,
દરિસણ નાણ ચરિત્ત તે, તપ ચિહું વિદિશે સેવરે. ચે.૧૫
અષ્ટકમળદળ ઇણિ પરે, યંત્ર સકળ શિરતાજરે,
નિર્મળ તન મન સેવતા, સારે વાંછિત કાજરે. ચે. ૧૬
આશો શુદિમાંહે માંડિયે, સાતથી તપ એહરે,
નવ આંબિલ કરી નિર્મળાં, આરાધો ગુણગેહરે. ચે. ૧૭
વિધિપૂર્વક કરિ ધોતિયાં, જિન પૂજો ત્રણ કાલરે,
પૂજા અષ્ટ પ્રકારની, કીજે થઇ ઉજમાળરે. ચે. ૧૮
નિર્મળ ભૂમિ સંથારિયે, ધરિયે શીલ જગીશરે,
જપિયે પદ એકેકની, નોકારવાળી વીશરે. ચે. ૧૯
આઠે થોઇયે વાંદિયેરે, દેવ સદા ત્રણ વારરે,
પડિક્કમણાં દોય કીજિયે, ગુરૂ વૈયાવચ્ચ સારરે. ચે. ૨૦
કાયા વશ કરી રાખીયે, વચન વિચારી બોલરે.
ધ્યાન ધર્મનું ધારિયે, મનસા કીજે અડોલરે, ચે. ૨૧
પંચામૃત કરી એકઠાં, પરિગળ કીજે પખાળરે,
નવમે દિન સિદ્ધચક્રની, કીજે ભકત વિશાળરે. ચે. ૨૨
શુદિ સાતમથી ઇણિ પરે, ચૈત્રી પૂનમ સીમરે,
ઓળી એહ આરાધિયે, નવ આંબિલની નીમરે. ચે. ૨૩
એમ એકાદશી આંબિલે, ઓળી નવ નિરમાયરે,
સાઢાચાર સંવત્સરે, એ તપ પુરણ થાયરે. ચે. ૨૪
ઉજમણું પણ કીજિયે, શકિતતણે અનુસારરે,
ઇહિ ભવ પરભવ સુખ ઘણાં, પામીજે ભવપારરે. ચે. ૨૫
આરાધના ફળ એહનાં, ઇહ ભવે આણ અખંડરે,
રોગદોહગ દુખ ઉપશમે, જિમ ઘન પવન પ્રચંડરે. ચે.૨૬
નમણે જળે સિદ્ધચક્રને, કુષ્ટ અઢારે જાયરે,
વાય ચોરાશી ઊપશમે, રૂઝે ગુંબડ ઘાયરે. ચે. ૨૭
ભીમ ભગંદર ભય ટળે, જાય જળોદર દૂરરે.
વ્યાધિ વિવિધ વિષવેદના, જવર થાયે ચકચુરરે. ચે. ૨૮

ખાસ ખયન ખસ ચક્ષુના, રોગ મિટે સન્નિપાતરે,
ચોર ચરડ ડર ડાકિણી, કોઈ ન કરે ઉપઘાતરે ચે. ૨૯
હીક હરસ ને હેડકી, નારાં ને નાસૂરરે,
પાઠાં પીડા પેટની ટળે, દુખ દંતના સૂલરે, ચે. ૩૦
નિર્ધનિયાં ધન સંપજે, અપુત્ર પુત્રિયા હોયરે,
વિણુકેવળી સિદ્ધયંત્રના, ગુણ ન શકે કહિ કોયરે. ચે. ૩૧
રાસ રચ્યો શ્રીપાળનો, તિહાંએ સાતમી ઢાળરે,
વિનય કહે શ્રોતા ઘરે, હોજો મંગળ માળરે. ચે. ૩૨

**અર્થઃ**—એ સાંભળી મયણાસુંદરીએ ગુરૂને વિનવ્યું કે—"ગુરૂરાજ! આગમ વિષે ઉપયોગ દઈ કોઈ સિદ્ધ ઉપાય કરી આપ કૃપા સહિત આ આપના શ્રાવકના શરીરનો રોગ દૂર કરો." મુનિ ચંદ્રસૂરિએ કહ્યું કે—"બાઈ! એમ યંત્ર, મંત્ર, મણિ, જડબૂટિ ઔષધ કે બીજા ઉપાય કરવા એ ઉત્તમ જૈનસાધુનો વખાણવા લાયક આચાર ન કહેવાય; તોપણ આ પુરૂષને સુખ થવાથી જૈનધર્મનો ઘણો ઉદ્યોત થશે, એ મહા લાભ જાણીને એક યંત્ર જેનો જગતમાં જાગતી જ્યોતિભર્યો યશ છે, તે યંત્ર દેખાડીશ." એવું કહી તે પછી જૈનસિદ્ધાંતરૂપ દહીંને મથી-વલોવી માખણની પેઠે તારવી લીધેલ સિદ્ધચક્રજીનો યંત્ર જોઈ કહાડયો અને તે યંત્રની અંદર અરિહંત વગેરે ઐં હ્રીં એ બીજાક્ષરોથી સહિત નવે પદ હતાં, તથા બીજાં પણ બીજ મંત્રો એની અંદર ગુપ્તપણે છે કે જેનો તત્ત્વ ૧ ગુરૂગમથી જાણવામાં આવે છે. અહીં તો ફક્ત જરૂર જેટલુંજ કહીએ છીએ. આ આઠ પાંખડીઓવાળા કમળરૂપ યંત્રમાં પૂર્વ દિશાથી માંડી ચાર દિશામાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ચાર પદો છે. તથા વચમાં અરિહંત

૧ જેવી રીતે સારંગીમાં ઉપરના તાર બજાવતાં તેની નીચેના તારો તે તે સુરનો અવાજ આપે છે—એટલે કે તેઓમાં ધ્રુજરી પેદા થાય છે, તેવીજ રીતે મંત્રાક્ષરોના બીજમંત્રો જે જે સિદ્ધિઓ સાથે સંબંધ ધરાવતા હોય તે તેના ઉચ્ચારથી તે તે સિદ્ધિઓને ધ્રુજરી મારફત જાગ્રતી મળે છે અને તેથી તે મનકામનાને સિદ્ધ કરવા સાનુકૂળ બને છે. મતલબ કે દરેક મંત્રાક્ષરો પૂર્વાચાર્યોએ તેવી સિદ્ધિઓની સાથે ધ્રુજરીથી જાગ્રતી પેદા કરવાની ગોઠવણુનાજ ગોઠવેલ છે કે જેનો અર્થ સમજમાં ન આવે એવો હોય; તો પણ મુદ્દો કાર્યસિદ્ધિ સાથેજ બધાયેલ છે, પણ એ વાત બિલકુલ હાલમાં જાણતાં ન હોવાથી તેઓમાં રહેલી સિદ્ધિથી સાધકો બેનસીબ રહે છે; માટે ગુરૂગમની શિક્ષા મેળવવાની ખાસ જરૂર છે.

અને અગ્નિકોણથી માંડી ચાર વિદિશિઓમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ એ પદો છે. આવી રીતિના આ તમામ યંત્રોના મુકુટ સરખા સિદ્ધચક્ર યંત્રનું જે નિર્મળ શરીર ને નિર્મળ મનથી સેવન કરે તેનાં તમામ ધારેલાં કામ ફતેહ કરે છે. આ યંત્ર આરાધવા માટેનો વિધિ આ પ્રમાણે છે કે-'આસો સુદિ સાતમથી આ નવપદની ઓળીનો તપ આરંભી પૂનમ સુધી નવ દિવસ સુધી નિર્મળ નવ આયંબિલ કરી ગુણના ઘરરૂપ નવપદનું આરાધન કરવું. શાસ્ત્રમાં જેમ કહેલ છે તેમ પવિત્ર ધોતિયાં વગેરે ધારણ કરી સવાર, બપોર અને સાંજ એમ ત્રણે કાળ વખતે જિનેશ્વરનું વિધિ સહિત કાર્યનો મર્મ સમજી પૂજન કરવું, વિધિ સહિત દીવો, ધૂપ, પાણી, ચંદન, ફૂલ, ફળ, અક્ષત-ચોખા, નૈવેદ્ય એ આઠ જાતની ચીજોથી ઉત્સાહ સહિત પૂજા કરવી. એ નવ દિવસલગી જીવડાંઓની વધારા વગરની[1] જમીન ઉપર (નિર્જીવ જમીનપર) પથારી કરીને સુવું તથા પવિત્રતા સહિત યશવંત બ્રહ્મચર્ય પાળવું, એક એક પદની વીશ નોકારવાળીઓ ફેરવવી. દરેક કાળે આઠે થુઇથી દેવવંદન કરવું; બન્ને ટંકના પ્રતિક્રમણ કરવાં, ઉત્તમ પ્રકારે ગુરૂનો વૈયાવચ્ચ સાચવવો. કાયાને વશ-કબજે કરીને રાખવી, વિચારીને વચન બોલવું, ડામાડોળ રહિત મન રાખવું, આર્ત્ત, રૌદ્રધ્યાન છોડી ફકત ધર્મધ્યાનજ ધરવું, દહીં, દૂધ, ઘી, સાકર અને પાણી એ પાંચે અમૃત એકઠાં કરી તે પંચામૃતવડે બહુ ઉત્તમ વિધિથી પ્રભુજીની પ્રતિમાનો અથવા સિદ્ધચક્રજીના પંચધાતુના યંત્રપટનો પખાળ કરવો, અને નવમે દિવસે સિદ્ધચક્રની મોટી ભક્તિ કરવી. એ રીતે જ ચૈત્ર સુદિ સાતમથી ચૈત્રી પૂનમ સુધી પણ વિધિ કરવો. આ ઓળીના તપનું નવ આંબિલ સહિત આરાધન કરવું. એમ નવે નવે એકાશી આંબિલનો કપટ રહિત તપ કરવો. એટલે સાડાચાર વર્ષે નવ ઓળીઓ પૂર્ણ થતાં, આ તપ પૂર્ણ થાય છે. પૂર્ણ થયા પછી પોતાના ગજા પ્રમાણે ઊજમણું પણ કરવું. (તપ ઉપર ઉદ્યાપન અવશ્ય જોઇએ.) એથી આ ભવ અને પરભવ પુષ્કળ સુખ અનુભવી અંતે મોક્ષસિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. આ તપારાધાનવડે આ ભવની અંદર કોઇ ખંડન ન કરી શકે એવી અખંડ આજ્ઞા પ્રાપ્ત થાય છે; તેમજ રોગ; દુર્ભાગ્ય દુઃખ એઓનો, જેમ જબરા પવનની ઝપટથી વર્ષાદની ઘટા વિખરાઈ જાય છે, તેમ નાશ થાય છે, આ સિદ્ધચક્રજીના ન્હવણ જળનો શરીરે સ્પર્શ કરવાથી અઢારે જાતના કોઢ, ચોરાશી વાત ગડ, ગુમડાં તથા ઘા એ બધાં મટી જાય છે. બિહામણા ભગંદર, જળોદર, તરેહ તરેહના ઝેરના વ્યાધિઓની વેદના અને

[1] મંત્ર શું કરવાથી સિદ્ધ થાય છે તે વાતની મૂળ બાબતો આ સંબંધ જાહેર કરી રહેલ છે.

તાવની પીડા એ બધાં દૂર થાય છે. તેમ જ ઉધરસ, ક્ષય, ખસ, આંખ્યોના રોગ, સન્નિપાત, હીક, ગુદામાંના મસા, હેડકી, નારાં, નાસૂર, પીઠાં, પેટપીડા અને દાંતના દર્દ, એ બધા રોગો નાશ થઈ જાય છે, અને ચોર, ભૂત, ડાકિણીનો ભય પણ કશું નુકશાન કરી શકે નહીં તથા નિર્ધનીઆંઓને ધન અને વાંઝિયાંઓને પુત્ર પ્રાપ્ત થાય છે. આ સિવાય ગુણ ઘણા છે, પણ તે અપાર હોવાથી ફક્ત કેવળજ્ઞાની વિના આ સિદ્ધચક્રયંત્રના ગુણ બીજો કોઈ કહી શકે તેમ જ નથી એટલામાં બધું સમજી લ્યો. આ શ્રીપાળના રાસની રચનામાં સાતમી ઢાળ પૂરી થઈ. વિનયવિજયજી દર ઢાળે ઇચ્છે છે કે–આ રાસ સાંભળનારાઓને ત્યાં મંગળામાળા થજો(૧૦–૩૨)

---

(દોહરા–છંદ)

**શ્રીમુનિચંદ્ર મુનીશ્વરે સિદ્ધયંત્ર કરી દીધ,**
**ઇહ ભવ પરભવ એહથી, ફળશે વાંછિત સિદ્ધ. ૧**

**શ્રીગુરૂ શ્રાવકને કહે, એ બેઉ સુગુણનિધાનઃ**
**કોઇક અવસર પામિયે, સેવો થઈ સાવધાન. ૨**

**સાહમ્મીના સગપણ સમું, અવર ન સગપણ કોય.**
**ભક્તિ કરે સાહમ્મી તણી, સમકિત નિર્મળ હોય. ૩**

**પધરાવે આદર કરી, સાહમી નિજ આવાસ,**
**ભક્તિ કરે નવ નવ પરે, આણી મન ઉલ્લાસ. ૪**

**તિહાં સઘળો વિધિ સાંચવે, પામી ગુરૂઉપદેશ,**
**સિદ્ધચચક્ર પૂજા કરે, આંબિલ તપ સુવિશેષ. ૫**

**અર્થઃ**—આ પ્રમાણે યંત્રરાજનો વિધિ અને મહાત્મ્ય કહી સિદ્ધચક્રજીનો યંત્ર તૈયાર કરી મયણાસુંદરીના પતિ ઉંબરરાણાના હાથમાં આપી મુનિચંદ્રસૂરીએ આશિર્વચનમાં કહ્યું કે "તમો બન્નેની આ યંત્રરાજના આરાધનથી આ ભવમાં અને પરભવમાં ચિંતવેલી તમામ કાર્યસિદ્ધિ સફળ થશે!" પછી તે ગુરૂએ એક ધનાઢય અને ગુરૂભક્ત ધર્મજ્ઞ શ્રાવકને કહ્યું કે–"આ સ્ત્રી પુરુષ બન્ને સારા ગુણોના ભંડાર સરખાં છે, એમ એઓનાં ઉત્તમ લક્ષણોથી જાણું છું, જેથી એઓ થોડા જ વખતમાં જિનશાસનમાં પ્રભાવિક થશે; માટે આવાં મનુષ્યો પુણ્ય યોગે જ કોઇક અવસરે હાથ

લાગે છે, એમ જાણી એઓની સાવધાનપણે સેવા કરો; કેમકે [1] સાધર્મીના સગપણ કરતાં બીજું એકે સગપણ વધારે વખાણવા લાયક નથી, અને સાધર્મિકની ભક્તિ કરવાથી પોતાનું સમકિત નિર્મળ થાય છે." આ પ્રમાણે ગુરૂનું કહેવું થતાં ગુરૂવચનવિશ્વાસી શ્રાવક તેઓ બન્નેને આદર સહિત પોતાને ઘેર લઇ ગયો અને મનમાં હુલ્લાસ લાવી તમામ રીતની ભક્તિ કરવા લાગ્યો. તેઓ ધણીધણીઆણી શ્રી સિદ્ધચક્રજીનું પૂજન તથા સારી રીતે આંબિલનો તપ કરતાં હતાં, અને તે સંબંધીનો તમામ વિધિ ગુરૂના હુકમને અનુસરી પુણ્યવંત શ્રાવક સાચવતો હતો. (૧-૫)

---

( ઢાળ આઠમી-દેશી ચોપાઇ છંદની. )

**આશો શુદિ સાતમ સુવિચાર,**
**ઓળી માંડી સ્ત્રી ભરતાર.**
**અષ્ટ પ્રકારી પૂજા કરી.**
**આંબિલ કીધાં મન સંવરી. ૧**

**પહેલે આંબિલ મન અનુકૂળ,**
**રોગતણું તિહાં દાધું મૂળ,**
**અંતરદાહ સયળ ઉપશમ્યો,**
**યંત્રનમણ મહિમા મન રમ્યો. ૨**

**બીજે આંબિલ બહિર ત્વચા,**
**નિર્મળ થઈ જપતાં જિન રૂચા,**
**એમ દિન દિન પ્રતિ વાધ્યો વાન,**
**દેહ થયો સોવન્ન સમાન. ૩**

**નવમે આંબિલ થયો નિરોગ,**
**પામી યંત્રનમણ સંયોગ,**
**સિદ્ધચકનો મહિમા જુઓ,**
**સકળ લોક મન અચરિજ હુઓ, ૪**

---

૧ એક ધર્મ પાળનારાઓ-સ્હામીભાઇના જેવું એક પણ સાચું અને વિશેષ સગપણ નથી; માટે તેની સત્ય મનથી ભક્તિ કરતાં સમકિત નિર્મળ થાય છે. એમજ ધર્મ ઉદ્યોત થવા માંટે ગુરુએ શ્રાવકને ભલામણ વચન કહેવાં, અને શ્રાવકે ગુરૂવચનને અવશ્ય વધાવી લેવાં એ ત્રણે બાબતો આ સંબંધ બતાવી રહેલ છે.

મયણા કહે અવધારો રાય,
એ સવિ સહ ગુરૂ તણો પસાય,
માત પિતા બંધવ સુત હોય,
પણ ગુરૂસમ હિતુઓ નહિ કોય ? ૫

કષ્ઠ નિવારે ગુરૂ ઇહ લોક,
દુર્ગતિથી વારે પરલોક,
સુમતિ હોય સદ્‌ગુરૂ સેવતાં,
ગુરૂ દીવો ને ગુરૂ દેવતા. ૬

ધન ગુરૂ જ્ઞાની ધન એ ધર્મ,
પ્રત્યક્ષ દીઠા જેહનો મર્મ,
જૈનધર્મ પરશંસે સહૂ,
બોધબીજ પામ્યા તિહાં બહુ, ૭

સાતસેં રોગિના રોગ,
નાઠાં યંત્ર નમણ–સંયોગ.
તેઓ સાતસેં સુખિયા થયા,
હર્ષ્યા નિજ નિજ થાનક ગયા. ૮

**અર્થ**:—આ પ્રમાણે કરતાં જ્યારે આસો સુદિ સાતમ આવી પહોંચી ત્યારે સારા વિચાર સહિત તે શ્રીભરતારે આંબિલની ઓળી આદરી, અને અષ્ટપ્રકારી પૂજા કરી, મનને સંવરભાવમાં કાયમ કરી આંબિલ કરવાં શરૂ કર્યાં. પહેલે આંબિલે મનની અનુકૂળતા મુજબ ઉંબરરાણાના કોઢ રોગનું મૂળ બળી ભસ્મ થઇ ગયું. એથી શરીર અંદરની બળતરા મટી ગઇ આમ થવાથી શ્રીસિદ્ધચક્રજીના યંત્રન્હવણનો મહીમા મનમાં રમવા લાગ્યો; કેમકે પ્રતીતિ થઇ આવી, બીજે આંબિલે રૂચિ સહિત વધતા ભાવ વડે શ્રીસિદ્ધચક્ર ભગવાનનો જાપ જપતાં [૧] ઉપરની ચામડી પણ સુંદર થઈ આવી, અને એક પછી એક દિવસ જતાં ન્હવણ પ્રતાપથી શરીર સોના-સરખું નિર્મળ વર્ણવાળું તેજસ્વી બન્યું, અને નવમે દિવસે તો યંત્રન્હ-

૧ શરીરમાં ચામડીઓ સાત છે. એટલે કે અવભાસિની ૧, લોહિતા ૨, શ્વેતા ૩, તામ્રા ૪, વેદિની ૫, રોહિણી ૬, અને સ્થૂળા, ૭ એ સાત છે. તે પૈકી પહેલીમાં સિંધ્મ, ત્રીજીમાં ચર્મદળ, ચોથીમાં કિલાસ અને શ્વિત્ર, પાંચમીમાં અઢારે જાતના કોઢ પેદા થવાની જગા છે; માટે અંદરની ચામડીઓ સાફ થતાં થતાં બહારની ચામડી પણ નિર્મળ થઇ; માટે એમ કહેવામાં આવ્યું છે.

વણના સંયોગથી રૂંવાડામાં પણ રોગનો અંશ રહ્યો નહીં, એથી નિરોગી થયો. એ જોઈને તમામ જોનારાં લોકોને બહુ જ આશ્ચર્ય લાગ્યું અને કહેવા લાગ્યાં કે "વાહ! શ્રીસિદ્ધચક્રજીનો મહિમા તો જુઓ! ફક્ત નવ દિવસમાં જ ભયંકર રોગ નાશ થઇ ગયો?!" પતિને સુંદરતા પ્રાપ્ત થઇ જોઈ પતિભક્તિપરાયણા મયણાસુંદરી બોલી કે–"હે રાજાજી! આ બધો સદ્-ગુરૂનો જ પ્રતાપ છે. જગતની અંદર મા, બાપ, ભાઈ, બેટા વગેરે હિતના કરનારા છે; પણ [2]ગુરૂના સરખાં વગર સ્વાર્થે હિતના કરનારા કોઈ પણ છે જ નહીં. ગુરૂ આ જન્મમાં કષ્ટ, અને પર જન્મમાં દુર્ગતિમાં પડવું એને બંધ પાડી દે છે. ભલી બુદ્ધિ વડે ગુરુની સેવા કરવાથી ઉત્તમ પ્રકારની બુદ્ધિ પ્રાપ્ત થાય છે, ગુરૂ દરેક ચીજની જાણ પાડવામાં દીવા સરખા અને ઈષ્ટસિદ્ધિ સફળ કરવામાં દેવ સરખા છે. એવા જ્ઞાનીગુરૂને અને તારક ધર્મને ધન્ય છે કે જેનું પ્રત્યક્ષપણે રહસ્ય જોવામાં આવ્યું, તે તપાસો." ઈત્યાદિક પરસ્પર વાતો થઈ. આ પ્રમાણે બનાવ બનેલો જોઇ મિથ્યાદૃષ્ટિ-વાળાં લોકો પણ જૈનધર્મની ઘણી જ પ્રશંસા કરવા લાગ્યાં અને બહુએ જણાં સમકિત પામ્યાં. તેમ જ સાતસો કોઢિયાઓનો કોઢ પણ ન્હવણ જળના સ્પર્શથી જતો રહ્યો અને તેઓ સુખિયા થતાં સર્વે ઉંબરરાણાની રજા માગી હર્ષ સહિત પોતપોતાને ઠેકાણે ગયા. (૧–૮)

એક દિન જિનવરપ્રણમી પાય,
પાછા વળતા દીઠી માય;
હર્ષ ધરીને ચરણે નમે,
મયણા પણ આવી તિણ સમે. ૯

સાસૂ જાણી પાએ પડે.
વિનય કરતાં ગિરૂઆઇ ચઢે,
સાસૂ વહૂને દે આશીષ.
અચરિજ દેખી ધૂણે શીષ. ૧૦

કહે કુંવર માતાજી સુણો.
એ પસાય સહુ તુમ વહુ તણો,
ગયો રોગ ને વાધ્યો રંગ,

૨ ગુરૂ વિના કોઇ પણ જ્ઞાનની પ્રાપ્તિ થતી જ નથી, તેમ જ ગુરૂ એ જ વિના કારણે ઉપકાર કરનારા છે. માટે જેમ બને તેમ સાચા મનથી ગુરૂપદની જ સેવના કરો કે જેથી સમસ્ત કલ્યાણ પ્રાપ્ત થાય, એવો આ સંબંધ બોધ દઇ રહેલ છે.

વળી લહ્યો જિનધર્મ પ્રસંગ. ૧૧
સુગુણ વહૂ નિર્મળ નિજ નંદ,
દેખી માય અધિક આણંદ,
પૂનમ પરેં વહૂ તેં જશ લીધ,
સકળ કળા પૂરણ પિઉ કીધ. ૧૨
સુણો પુત્ર કોશંબી સુણ્યો,
વૈદ્ય એક વૈદ્યક બહુ ભણ્યો,
તેહ ભણી તિહાં જાઉં જામ,
જ્ઞાની ગુરૂ મુજ મળિયા તામ, ૧૩
મેં પૂછ્યું ગુરૂચરણે નમી,
કર્મ કદર્થન મેં બહુ ખમી,
પુત્ર એક છે મુજ વાહલો,
તે પણ કર્મેં રોગે ગ્રહ્યો. ૧૪
તેહ તણો કિમ જાશે રોગ,
કે નહિ જાએ પાપ સંયોગ ?
દયા કરી મુજ દાખો તેહ,
હું છું તુમ ચરણોની ખેહ. ૧૫
તવ બોલ્યા જ્ઞાની ગુણવંત,
મ કર ખેદ સાંભળ વિરતંત,
તે તુજ પુત્ર કુષ્ઠિયેં ગહ્યો,
ઉંબરરાણો કરી જશ લહ્યો. ૧૬
માળવપતિ પુત્રિયેં વર્યો,
તસ વિવાહ કુષ્ટિયેં કર્યો,
ધરણી વયણે તપ આદર્યું,
સિદ્ધચક્ર આરાધન કર્યું, ૧૭
તેથી તુજ સુત થયો નિરોગ,
પ્રગટ્યો પુણ્યતણો સંયોગ,
વળી એહથી વધશે લાજ,
જીતી ઘણાં ભોગવશે રાજ. ૧૮

ગુરૂ વચને હું આવી આજ,
તુમ દીઠે મુજ સરિયાં કાજ,
ત્રણે જણ હવે રહે સુખવાસ.
લીલ કરે સાહમી આવાસ. ૧૯

સિદ્ધચકનો ઉત્તમ રાસ,
ભણતાં સુણતાં પૂગે આશ,
ઢાળ આઠમી ઇણિ પરે સુણી,
વિનય કહે ચિત્ત ધરજો ગુણી. ૨૦

**અર્થ**:—આવી રીતે આનંદસહ દિવસો ગુજારતાં હતાં અને ધર્મકરણીમાં તલ્લીન રહેતાં હતાં. દરમ્યાન એક દિવસ દંપતી શ્રીજિનેશ્વરદેવનાં દર્શન–ચરણવંદન કરીને પાછાં વળ્યાં, તેવામાં ઉંબરરાણે પોતાની માતુશ્રીને દીઠી, એથી હર્ષ લાવીને તેણે માતાજીના ચરણમાં પ્રણામ કર્યાં. એટલામાં મયણાસુંદરી પણ ત્યાં આવી પહોંચી અને [૧]પતિને પગે લાગેલા જોઈ પોતાનાં સાસુજી જાણીને પગે પડી; કેમકે વડીલનો વિનય કરવાથી મોટાઇ પ્રાપ્ત થાય છે, જ્યારે મયણાસુંદરી પગે પડી ત્યારે સાસુએ વહૂને આશિષ આપી અને એકદમ નિરોગતા મળેલી જોતાં નવાઈ દેખી માથું ધૂણાવવા લાગી. એ જોઈ કુંવરે કહ્યું "હે માતુશ્રીજી ! સાંભળો, મારો રોગ ગયો, શરીરનો રંગ વધ્યો, અને વળી જૈનધર્મનો પ્રસંગ પ્રાપ્ત થયો એ સઘળો પ્રતાપ આ આપની વહૂનો જ છે." આ પ્રમાણે કુંવરીનું બોલવું સાંભળી તથા સદ્‌ગુણી વહૂ અને નિર્મળ શરીરવાળા પોતાના પુત્રને જોઈ માતાને ઘણો જ આનંદ થયો, અને વહૂ પ્રત્યે સાસુ કહેવા લાગી-'હે સુકુલિનિ વધૂ ! બીજનો ચંદ્રમા જેમ દિન દિન ચડતી કળાનો થતાં પૂનમને દિવસ સોળ કળાવાળો સંપૂર્ણ થાય, તેમ તેમ તેં પણ તે પુનમની પેઠે તારા પતિને પૂર્ણ કળાવાન્ કરીને યશ પ્રાપ્ત કર્યો છે." તે પછી માતાએ વિતક વાત કહેવા માંડી: "હે પુત્ર મેં કૌશંબીનગરીની અંદર, વિશેષ વૈદ્યક શાસ્ત્રનો ભણેલો એક કુશળ વૈદ્ય છે એવું સાંભળ્યું તેથી તેની ભેટ લેવા હું ત્યાં જતી હતી, તે દરમ્યાન માર્ગમાં મને એક જ્ઞાની ગુરૂ મળ્યા. એટલે મેં તે ગુરૂના ચરણમાં નમન કરી પૂછ્યું–'હે ગુરૂરાજ ! મેં કર્મની પીડા બહુ સહન કરી છે. પ્રભુ ! મારે એકનો એક વ્હાલો પુત્ર છે, છતાં તે પણ નઠારા કર્મના સંયોગવડે કોઢના રોગથી પકડાઇ ગયો છે–તો તેનો

૧ પુત્રે માતાનો તથા વહૂએ સાસુનો કેવો વિનય-મુલાજો સાચવવો તે કુળવાનની રીતિનું આ વચન ભાવ દર્શાવે છે.

તે રોગ નાશ થશે કે કોઈ પાપના સંયોગને લીધે નહીં (નાશ) થશે ? તે દયા કરીને પ્રકાશ કરો. હું આપણા ચરણકમળની રજ છું. "જ્યારે મેં આવી દયાજનક સ્થિતિ દર્શાવી ત્યારે દયાસમુદ્ર ગુણવંત જ્ઞાનીગુરૂએ દયા કરી કહ્યું: 'બાઈ ! તું દિલગીર ન થતાં તારા પુત્રસંબંધીની હકીકત સાંભળ. તે તારા રોગી પુત્રને કોઢીઆઓએ અંગીકાર કર્યો અને તેનું ઉંબરરાણો નામ સ્થાપન કરી તેમણે યશ મેળવ્યો છે. તેને માળવાના રાજાની પુત્રીએ વર્યો છે, અને તે બન્નેનો વિવાહમહોત્સવ કોઢિયાઓએ કર્યો છે. તેમ જ સ્ત્રીના વચનથી ઓળીનો તપ આદરી શ્રીસિદ્ધચક્રજીનું આરાધન કર્યું છે, તેથી તારો પુત્ર રોગરહિત થયો છે; કેમકે એણે પૂર્વ જન્મની અંદર જે પુણ્ય ઉપાર્જન કર્યું હતું તેનો સંયોગ પ્રગટ થયો છે. વળી એ શ્રીસિદ્ધ-ચક્રારાધનવડે એની બહુ જ લાજ–શોભા વધશે અને ઘણા રાજાઓને જીતી રાજ્ય ભોગવશે. માટે હવે દિલગીર થવા જેવું કશું નથી.' આ પ્રમાણે જ્ઞાની મહારાજે કહ્યું તેથી તે વચનોને વધાવી લઇ હું અહીં આજે આવી અને તમને જોવાથી મારાં બધાં કામ સફળ થયાં છે." આવી રીતે વાતો કરી પછી તે ત્રણે જણ સાધર્મિભાઈની હવેલીએ ગયાં અને તે નિવાસ સ્થળમાં લીલા કરતાં સુખ સહિત દિવસો ગુજારવા લાગ્યાં. વિનયવિજયજી કહે છે કે—આ સિદ્ધચક્રજીના ઉત્તમ રાસની અંદર ધ્યાન રાખી જે શ્રોતાઓ સાંભળે તેઓની ભણતાં સાંભળતાં મનની આશાઓ પરિપૂર્ણ થાય છે; માટે હે ગુણિજનો ! આ પ્રમાણે કહેલી આઠમી ઢાળ કે જે શ્રીસિદ્ધચક્રજીના પ્રત્યક્ષ માહાત્મ્યમય છે તે ચિત્તની અંદર ધારી રાખજો.

( ૯—૨૦ )

( દોહરા–છંદ )

એક દિન જિન પૂજા કરી, મધુર સ્વરેં એક ચિત્ત;
ચૈત્યવંદન કુંવર કરે, સાસૂ વહુ સુણંત. ૧

મયણાની માતા ઘણું, દુહવાણી નૃપ સાથ;
જવ મયણા મત્સર ધરી, દીધી ઉંબર હાથ. ૨

પુણ્યપાળ નામે નૃપતિ, નિજ બાંધવ આવાસ;
રીસાઇ આવી રહી, મૂકે મુખ નિસાસ. ૩

જિન વાણી હિયડે ધરી, વીસારી દુઃખ દંદ;
આવી દેવ જુહારવા, તિણ દિન તિહાં આણંદ. ૪

માએં મયણા ઓળખી, અનુસારે નિજ બાળ;
આગળ નર દીઠો અવર, યૌવન રૂપરસાળ. ૫

કુળખંપણ એ કુંવરી, કાં દીધી કિરતાર;
જેણે કુષ્ટીવર પરહરી, અવર કિયો ભરતાર. ૬
વજ્ર પડો મુજ કૂખને, ધિક ધિક મુજ અવતાર;
રૂપસુંદરી ઇણિ પરે ઘણું, રૂદન કરે તેણીવાર. ૭
રોતી દીઠી દુખ ભરે, મયણાએ નિજ માય;
તવ આવી ઊતાવળી, લાગી જનની પાય. ૮
હર્ષતણે સ્થાનક તુમે, કાં દુખ આણો માય?
દુખ દોહગ દૂરે ગયાં, શ્રી જિનધર્મ પસાય. ૯
નિસીહી કરીને આવિયાં, જિણહરમાંહે જેણ;
કરતાં કથા સંસારની, આશાતન હોયે તેણ. ૧૦
હવણાં રહિએં છે જિહાં, આવો તિહાં આવાસ;
વાત સયળ સુણજો તિહાં, હોશે હિયે ઉલ્લાસ. ૧૧
તિહાં આવી બેઠાં મળી, ચારે ચતુર સુજાણ;
જે દિન સ્વજન મિલાવડો, ધન તે દિન સુવિહાણ. ૧૨
મયણાના મુખથી સુણી, સઘળો તે અવદાત;
રૂપસુંદરી સુપ્રસન્ન થઇ, હિયડે હર્ષ ન માત. ૧૩

**અર્થઃ**—એક દિવસ એ ત્રણે જણે જિનેશ્વર દેવની પૂજા કરી મધુર-મીઠા અવાજ સહિત અને એક ચિત્તથી અગાડી કુંવર અને પાછળ માત તથા વહુ એમ મર્યાદાના ક્રમસહ બેસી ચૈત્યવંદન કરવું શરૂ કર્યું, તેમાં બન્ને જણ સાંભળતાં હતાં અને કુંવર ચૈત્યવંદનનો પાઠ કહેતો હતો. તે વખતે એ બનાવ બન્યો કે-જ્યારે પ્રજાપાળ રાજાએ અભિમાનમાં ગર્ક થઇ મયણાસુંદરીને ઉંબર રાણાને હાથ સોંપી દીધી હતી ત્યારે મયણાસુંદરીની માતા રૂપસુંદરીનું મન બહુ જ દુભાયું, એથી રીસાઈ ચાલી એજ શહેરની અંદર પુણ્યપાળ નામનો રાજા કે જે તેણીનો ભાઈ થતો હતો તેને ત્યાં આવીને રહી હતી અને પુત્રીને કોઢીઆ સાથે વરાવી મનખો બગાડયો, એ બાબતનું દુઃખ હૈયે ચડી આવતાં વારંવાર નિસાસા નાખતી હતી; પરંતુ તેણીએ જ્યારે જિનેશ્વરદેવની વાણી તરફ શ્રદ્ધા અને નિશ્ચય પૂર્વક ધ્યાન આપ્યું, તો તેણીને 'આ અસાર સંસારની સગાઈ સંબંધે દુઃખમાં લીન થઇ ધર્મધ્યાન મૂકી દેવું એ તદ્દન ઘેલછા છે' એવું ભાસ્યું, અને એ વાત હૈયામાં કાયમ કરી દુઃખ ભાવનાને વિસારી દઇ તે દિવસે તે જિનમંદિરમાં

આનંદ સહિત પ્રભુનાં દર્શન કરવા આવી. મંદિરની અંદર બેઠેલી મયણાસુંદરીને તેણીએ અણુસારેથી ઓળખી, ( દુઃખ મટી સુખ થાય અને તે પણ પોતાના બોલ ઊપર રહેવા સાથે સુખ પ્રાપ્ત થયેલું હોય, અથવા મનમાનતા પતિનો સંગ થયો હોય તો ગમે તેવી ડાહી, વિદ્વાન કે કુળવંતી સ્ત્રી હોય; તોપણ તેમ થવાથી અપાર આનંદમાં ગર્ક થઇ જાય છે અને તેણીના શરીરમાં નવીન લોહીનો જુસ્સો રમી રહેતાં શરીરના રૂપરંગમાં પણ સારો ફેરફાર થઈ જાય છે. મયણાસુંદરીના મનનું ધાર્યું થવાથી પણ તે જ રીતિ અમલમાં આવી હોવાથી રૂપ, રંગને બાંધામાં નવો જ ફેરફાર થયો હતો; તોપણ તેણીની માતાએ તેણીને અણુસારેથી તરત ઓળખી લીધી. માટે જ કવિએ અણુસારે ઓળખી એમ લખ્યું છે. ટૂંક વખતના અરસામાં રૂપસુંદરી પોતાના પેટની કુંવરીને જ ઓળખવામાં ભૂલ ખાઇ જાય તેવી બગડેલા મગજવાળી ન હતી, પણ ઊપર પ્રમાણે થવાથી ભૂલાવો ખાઈ જાય તેવું હતું; છતાં અણુસારેથી ઓળખી લીધી એવી ચાલાક હતી. જો કે માતાએ પુત્રી મયણાસુંદરીને તો ઓળખી) પણ કોઢીઆ ધણી વગર બીજા સુવાન અને રૂપવંત નરને આગળ બેઠેલો દીઠો. એ જોતાં જ ઉદાસીન થઈ રૂપસુંદરી [1]શોચવા લાગી કે–"એ મારી કુંખમાં લોટેલી છતાં કુળને ખાંપણુ લગાડે એવી દીકરી કેમ નીવડી ? હે કીરતાર ! તેં પણ એવી કુળખાંપણ કુંવરીને મારા પેટે કેમ પેદા કરી ? પંચની સાખે વરાવેલા કોઢીઆ વરને છોડી દઈ બીજો ધણી કર્યો; માટે મારા અવતારને ધિક્કાર છે, ધિક્કાર છે ! ! અને એવી ઓલાદ પેદા થવાનો વખત આવે તો મારી કુખ ઊપર વજ્ર પડી મારો જ નાશ થાઓ કે જેથી આવી ઓલાદ થવા જ ન પામે ! ! !" ઈત્યાદિ દુઃખ ભર્યા વિચારમાં ડૂબેલી રૂપસુંદરી જે વખતે બહુ જ રોતી હતી, તે વખતે મયણાસુંદરીએ પોતાની માને દીઠી. એથી ચૈત્યવંદનાદિ સુકૃત્ય પૂર્ણ થતાં ઊતાવળી ઊતાવળી માતુશ્રીની પાસે આવી મર્યાદાયુક્ત પગે લાગીને કહ્યું–" હે માતુશ્રી ! આ હર્ષના સ્થાનકની અંદર આપ દુઃખ શા સારુ લાવો છો ? દુઃખ અને દુર્ભાગ્ય તો શ્રીજિનધર્મ પ્રતાપવડે દૂર જતાં રહ્યાં છે. આ પ્રભુમંદિરની અંદર નિસિહી કહીને આપે અને અમોએ કરાર કર્યો છે કે હવેથી મંદિર બહાર નીકળતાં લગી સંસારના સઘળા પાપ વ્યાપાર નિસિહી એટલે નિષેધ્યા–દૂર કર્યા છે, માટે બધી બનેલી વાત અહીયાં કહેવાથી

૧ પુત્રીની ચાલ ચલગત વિષે શક આવતાં ઇજ્જતદાર–પ્રતિષ્ઠિત ગૃહસ્થ કલંક આવેલું માને છે; એટલું જ નહી પણ તે કલંકથી મુક્ત થવા જીવની પણ દરકાર રાખતા નથી, એ ચાનકદાર વચનનું આ વાક્ય જ્ઞાન કરાવે છે.

એટલે કોઈ પણ સાંસારિક કથાના કહેવાથી ચોરાશી આશાતના પૈકી એક મોટી આશાતના લાગે. એ માટે જ્યાં હાલમાં અમો રહીએ છીએ, ત્યાં દર્શન કરી આવ્યા બાદ અમારી સાથે પધારો અને બધી વાત સાંભળો કે જેથી આપના હૃદયમાં આનંદના જ ઉભરા આવશે.” આ પ્રમાણે પુત્રીનું બોલવું થતાં શોક દૂર કરી રૂપસુંદરી જિનદર્શન સ્તવનમાં નિમગ્ન બની, અને તે પછી તેઓની સાથે સાથે સાધર્મી ભાઈના મકાનમાં જઈ પહોંચી તથા ત્યાં વર વહૂ અને બન્ને વેવાણો એમ ચારે ચતુરસુજાણ જન આનંદયુક્ત બેઠાં. અહા ! જે દિવસ પોતાના વહાલા માણસનો મિલાપ થાય તે દિવસ અને તે વખતને ધન્ય છે; કેમકે દુઃખ-સુખની વાતો કરવાનો વખત મળવાથી હૃદયને બહુ જ શાંતિ મળે છે ને સંતાપ ટળે છે. (આ કવિ કથન છે.) પછી રૂપસુંદરીએ પુત્રી મયણાસુંદરીના મોઢેથી બધી વાત સાંભળી અને આશ્ચર્યકારી બનાવ બનેલો જાણતાં જ તેણીના આત્માને બહુ જ પ્રસન્નતા પ્રાપ્ત થઈ તે એટલા સુધી કે હૈયામાં હર્ષ ન સમાતાં હર્ષનાં આંસુ રૂપથી આંખોને રસ્તે થઇને તે ઉભરાઈ જતા જણાયા ! આવા બનાવથી કયા સમજુ જનને હર્ષ પેદા ન થાય? (૧-૧૩)

---

(ઢાળ નવમી—અર્ધમંડિત ગોરી નાગિલારે—એ દેશી.)

વર વહુ બેહુ સાસૂ મલી રે, કરે વેવાહણ વાતરે,
કમળાં રૂપાંને કહેરે, ધન તુમ કુળ વિખ્યાતરે—
જુઓ અગમગતિ પુણ્યનીરે. પુણ્યે વંછિત થાયરે,
સવિદુખ દુર પળાયરે, જુઓ અગમગતિ પુણ્યનીરે. ૧

વહૂએ અમ કુળ ઉદ્ધર્યુંરે, કીધો અમ ઉપગારરે,
અમને જિન ધર્મ બૂઝવ્યોરે, ઊતાર્યો દુખ પારરે. જુ ૨

સૂઈ જિમ દોરા પ્રતેરે, આણે કસીદો ઠામરે,
તિમ વહુએ મુજ પુત્રનીરે, ઘણી વધારી મામરે. જુ ૩

રૂપાં કહે ભાગ્યે લહ્યારે, અમે જમાઈ એહરે,
રયણચિંતામણિ સારિખોરે, સુંદર તનું સસનેહરે. જુ ૪

સુણવા અમ ઇચ્છાઘણીરે, એહનાં કુળ ઘર વંશરે,
પ્રેમેં તેહ પ્રકાશિયેરે. જિમ હિંસે અમ હંસરે. જુ ૫

**અર્થ**:—વર, વહૂ અને એ બેઉ જણની બન્ને સાસુ; એ ચાર જણ એકાંતમાં બેઠાં હતાં, એ વખતે વાત ચાલતાં બન્ને વેવાણો પૈકી ઉંબરરાણાની માતા રૂપાને કહેવા લાગી કે "તમારા પ્રસિદ્ધિ પામેલા કુળને ધન્ય છે! "કવિ કહે છે કે-સુઘડ શ્રોતાજનો! તમે તપાસી જુઓ કે પુણ્યની ગતિ કેવી અગમ–કોઈને ગમ ન પડી શકે એવી છે? પુણ્યવડે કરીને મનમાં ધારેલા તમામ કામો ફતેહ થાય છે, અને દૈહિક, દૈવિક તથા ભૌતિક એ બધાંએ દુઃખ દૂર જતાં રહે છે. આ વહૂએ અમારા કુળને ડુબતો બચાવી લીધો છે, અમારા ઉપર ઉપકાર કર્યો છે, અમને ચિંતામણિરત્ન સરખાં જૈનધર્મના સંસ્કારી કર્યાં છે, અને અમને દુઃખદરિયામાંથી પેલે પાર ઉતારી આભારી કર્યાં છે. તથા જેમ સોયદોરાને કાણુમાં લઇ ફૂલ બૂટા વગેરે ભરવાનાં કામમાં શોભાવંત બનાવી દે છે, તેમ વહૂએ મારા પુત્રને મર્યાદામાં લાવી ઘણી જ લાજ આબરુ વધારી મનુષ્યની ઓળમાં રાખેલ છે; માટે ખચિત તમો ધન્યવાદને જ પાત્ર છો!!" ઇત્યાદિ મનોજ્ઞ વચન સાંભળી રૂપાંએ કહ્યું કે–"અમો પણ અમારા પૂર્વ પુણ્યબળના યોગથી જ ચિંતામણિરત્ન સરખા સુંદર, શરીરવંત અને સ્નેહાળ હૃદયવંત આ જમાઇરાજને પામેલ છીએ; માટે એમના કુળ, વંશ, ઘર વગેરે બાબતની કથા સાંભળવા અમને બહુ જ ચાહના છે, એ વાસ્તે તમો હુલ્લાસ સહિત કહી સંભળાવો કે જેથી અમારો આત્મા અતિપ્રસન્ન થાય." (૧–૫)

કહે કમળાં રૂપાં સુણોરે અંગ અનુપમ દેશરે,
તિહાં ચંપાનયરી ભલીરે, જિહાં નહિ પાપ પ્રવેશરે. જુ ૬

તેહ નયરનો રાજિયોરે, રાજગુણે અભિરામરે,
સિંહથકી રથ જોડતાંરે, પ્રગટ હોંસે તસ નામરે. જુ ૭

રાણી તસ કમળપ્રભારે, અંધ ધરે ગુણ સેણરે,
કોંકણદેશ નરિંદનીરે, જે સુણિયે લઘુ બેહેનરે. જુ ૮

રાજા મન ચિંતા ઘણીરે, પુત્ર નહી અમ કોયરે,
રાણી પણ આરતિ કરેરે, નિશદિન ઝૂરે દોયરે. જુ ૯

દેવ દેહરડાં માનતારે, ઇચ્છાતાં પૂછતાં એકરે,
રાણી સુત જનમ્યો યથારે, વિદ્યા જણે વિવેકરે. જુ ૧૦

નગરલોક સવિ હરખિયાંરે, ઘર ઘર તોરણ ત્રાટરે,
આવે ઘણાં વધામણાં રે, શણગાર્યાં ઘર હાટરે. જુ ૧૧

રાજા મન ઉલ્લટ ઘણેરે, દાન દિયે લખ કોડીરે,
વૈરી પણ સંતોષિયારે, બંદિખાના છોડીરે. જુ ૧૨

ધવળ મંગળ દિયે સુંદરીરે, વાજે ઢોલ નિસાણરે,
નાટક હોવે નવનવાંરે, મહોત્સવ અધિક મંડાણરે. જુ ૧૩

ન્યાતિ સાજન સહુ નોતર્યાંરે, ભોજન ષટરસ પાકરે,
પાર નહીં પકવાનનોરે, શાળિ સુરહાં ઘૃત શાકરે. જુ ૧૪

ભૂષણ અંબર પહેરામણીરે, શ્રીફળ કુસુમ તંબોળરે,
કેસર તિલક વળી છાંટણાંરે, ચંદનચૂઆ રંગરોળરે. જુ ૧૫

રાજરમણી અમ પાળશેરે, પુણ્યે લહ્યો એ બાળ રે,
સજન ભૂઆ મળી તેહનુરે, નામ ઠવે શ્રીપાળરે. જુ. ૧૬

રાસ રૂડો શ્રીપાળનોરે, તેહની નવમી ઢાળ રે,
વિનય કહે શ્રોતા ઘરેરે, હોજો મંગળ માળરે. જુ ૧૭

**અર્થ:**—વેવાણની આ પ્રમાણે આતુરતા જાણી કમળાં રૂપાંને કહેવા લાગી કે–"સાંભળો, જેની બસબરીના માટે ઉપમા ન આપી શકાય એવા અંગદેશની અંદર સુંદર ચંપાનગરી છે, કે જેમાં પાપ પણ પેસવા પામતું નથી, એવી પુણ્યધામ નગરીમાં રાજાના તમામ[1] ગુણોએ કરીને મનોહર સિંહરથ રાજા રાજ્ય કરતો હતો. તેને કમળપ્રભા નામની રાણી કે જે પોતાના શરીરમાં સ્ત્રીને શોભા આપનારા[2] ગુણોની શ્રેણી–સમૂહને ધારણ કરનારી હતી,–મતલબમાં તે ગુણવંત હતી, અને તે કોકણ દેશ–ઠાણાના રાજાની નાની બહેન થતી હતી; પણ પુત્ર વગરની લાંબી જીંદગી પસાર

૧ મૂર્ખ અને દુષ્ટ લોકોને યોગ્ય શિક્ષા આપવી, વિદ્વાન, હુન્નરી દક્ષ જનોને જોઇતી મદદ આપી તેમનું પ્રતિપાલન કરવું, સાચા સંતોની સેવા બજાવવી, પ્રજાનું પુત્રની પેઠે સરંક્ષણ કરવું, નિર્મળ ન્યાયથી અન્યને ધડો લેવા લાયક યશને દિશાના અંત લગી પહોંચાડવો અને શત્રુઓને દમવા વગેરે રાજાનો ઉત્તમ ગુણ–પ્રબંધ ગણાય છે.

૨ પતિની પવિત્ર તન મનથી સેવા કરવી, વિનય વચનવડે સર્વને સંતોષ આપવો, વડિલોની મર્યાદા સાચવવી, દાસ દાસી પશુ વગેરેની સાર સંભાળ લેવી, શીળશૃંગારથી સદૈવ શરીરને શોભાવવું, અનીતિ, અનાચાર, અસત્યને દેશવટો દેવો, આવ્યા ગયાનો આદર સત્કાર કરવો, ઉપજ ખર્ચ વગેરેનો હિસાબ રાખી યોગ્ય ખર્ચનો બંદોબસ્ત રાખવો, સર્વની સાથે ઘટિત સલુકાઇ રાખવી, અને ગૃહરાજ્યનું સુંદર રીતે કારભારુ કરી સુયશ મેળવવો એ સ્ત્રીઓના ઉત્તમ ગુણો ગણાય છે.

થયા છતાં પણ રાજ્યગાદી સંભાળનાર કુંવર થયો નહીં, તેથી રાજાના મનમાં ઘણી ફિકર થઇ આવી, અને રાણી પણ એ જ બાબતની ફિકર કરતી હતી. આમ હોવાથી રાજા રાણી રાત ને દહાડો ઝૂર્યા કરતાં હતાં. પુત્રપ્રાપ્તિ માટે લોકરૂઢી અને આશાના કાયદા પ્રમાણે દેવ દેહરાની માનતાઓ કરતાં–ઇચ્છતાં પૂછતાં કાકતાલીય ન્યાયની પેઠે રાણી સગર્ભા થઇ. અને ગર્ભમર્યાદા પૂર્ણ થયે જેમ વિદ્યા વિવેકને જન્મ આપે, તેમ તે રાણીએ એક પુત્રને જન્મ આપ્યો. આથી કુલ રૈયત રાજી થઇ અને તે સંબંધીની ખુશાલી જાહેર કરવા પ્રજાજનોએ ઘર ઘર ત્રાટ તોરણ બાંધ્યાં, વધામણાં લઇને રાજ્યદ્વારમાં ગયાં, રાજાએ પણ ઘડપણમાં દીકરો થવાના લીધે મનમાં ઘણો જ ઉલ્લાસ આવતાં ક્રોડોગમે દાન આપી અર્થીયાચકજનોને સંતોષ આપ્યો. દુશ્મનોને પણ વૈરની માફી આપી સંતોષ આપ્યો, અને કેદીઓને કેદથી છોડી મૂકી સંતોષ આપ્યો. સુંદર સુવાસણ સુંદરીઓ ધવળ મંગળ ગીતો ગાવા લાગી, ઢોલ નોબત વાગવા લાગ્યાં. નવાં નવાં નાટકો થવા લાગ્યાં, અને અધિક મંડાણ સહિત મોટા મહોત્સવનો સમારંભ થયો. જ્ઞાતિ સજ્જન વગેરે બધાંઓને નોતર્યાં, ખટરસ ભોજનપાક તૈયાર કર્યા, પાર વગરનાં પકવાન્ન, લાપસી, સારાં દાળ–ભાત તથા ઘૃત–શાક એ બધાં બનાવ્યાં અને તેઓને જમાડયાં. તે પછી અમૂલ્ય વસ્ત્રો દાગીનાઓની પહેરામણી કરી પછી નાળિયેર, હાર–ફૂલગોટા, પાનબીડાં વ્હેંચ્યાં. કેસર કંકુનાં તિલક કર્યાં અને ચંદન–ચૂઆ–ગુલાબજળ વગેરે છાંટી રંગરોળ કરી સર્વને ખુશી ખુશી કર્યાં. તે પછી કુંવરના પિતાએ કહ્યું–"આ કુંવર અમે પૂણ્યવડે પામ્યા છીએ તથા આ અમારી રાજ્યલક્ષ્મીનું પ્રતિપાલન કરશે; માટે તેને લગતું નામ રાખો." એથી સજ્જન અને ફઇએ મળીને 'શ્રીપાળકુંવર' એવું નામ રાખ્યું. આ સુંદર શ્રીપાળના રાસમાં નવમી ઢાળ કહી. કવિ વિનયવિજયજી કહે છે કે, આ રાસના સાંભળનારાઓને ત્યાં લીલાલહેર થજો. (૯–૧૭)

---

(દોહરા છંદ.)

પાંચ વરસનો જવ હુઓ, તે કુંવર શ્રીપાળ,
તામ શૂળ રોગેં કરી, પિતા પહોતો કાળ. ૧
શિર કૂટે પીટે હિયો, રૂવે સકળ પરિવાર,
સ્વામી તેં માયા તજી, કુણ કરશે અમ સાર. ૨
ગયા વિદેશેં બાહુડે, વહાલાં કોઇકવાર,

ઇણુ વાટેં વેળાવિયા, ન મળે બીજી વાર. ૩
હેજેં હસિ બોલાવતા, જે ક્ષણુમાં કેઇવાર,
નજર ન મંડે તે સજન, ફૂટે ન હિયા ગમાર. ૪
નેહ ન આણ્યો માહરો, પુત્ર ન થાપ્યો પાટ,
એવડી ઉતાવળ કરી, શું ચાલ્યો ઇણુ વાટ ! ૫
રોતી હિયડે ફાટતે, કમળા કરે વિલાપ,
મતિસાગર મંત્રી તિસેં, ઇમ સમજાવે આપ. ૬
કવે હિયડું કાઠું કરી, સકળ સંબાહો કાજ,
પુત્ર તુમારો નાનડો, રોતાં ન રહે રાજ. ૭
કમળા કહે મંત્રી પ્રતેં, હવેં તુમે આધાર,
રાજ્ય દઇ શ્રીપાળને, સફળ કરો અધિકાર. ૮

**અર્થઃ**—પુત્ર શ્રીપાળ લાલન પાલન સાથે જ્યારે પાંચ વર્ષનો થયો ત્યારે તેનો પિતા અસાધ્ય સન્નિપાત શૂળ રોગના લીધે મરણુ પામ્યો. એથી તમામ સગાં વહાલાં અને સંબંધી વગેરે લોકો રોવા પીટવા-માથું કૂટવા લાગ્યાં, અને કહેવા લાગ્યાં કે-" હે સ્વામી ! તમે માયા તજી દીધી તો હવે અમારી સાર સંભાળ કોણુ કરશે ? જે પરદેશ ગયા હોય તે તો ફરીને પાછા આવે છે; પણુ જે આ લાંબી વાટે વોળાવ્યા તે ફરી બીજી વાર પાછા આવીને મળતા જ નથી." આ પ્રમાણે બધાં બોલી વિલાપ કરતાં હતાં, અને કમળા તો અત્યંત વિલાપ કરતી પોતાના હૃદયને ઠપકો દેતી હતી કે-" હે ગમાર હૈડા ! જે પોતાના નાથ ક્ષણે ક્ષણે સ્નેહ સહિત હસીને ઘણી વખત બોલાવતા હતા અને અત્યારે તે જ નાથ એટલો વિલાપ સાંભળતાં છતાં પણુ સામી નજર પણુ માંડતા નથી; તો પણુ તું બેશરમ ! ફાટીને કકડા થઇ જતું નથી, એથી તને પણુ ધિક્કાર છે ! હે નાથ ! મારી સાથેનો સ્નેહ પણુ હૈડે ન ધર્યો એતો ઘોજ્યું; પોતાના અપાર પ્યારા પુત્રને રાજ્ય-ગાદી સોંપ્યા વગર જ અધવચ રઝળતો મેલી ચાલ્યા જવા માટે આટલી બધી ઉતાવળ કરી એ લાંબી વાટે શા માટે સિધાવી ગયા ! ! " વગેરે વગેરે છાતીફાટ રૂદન કરતી કમળા વિલાપ કર્યા કરતી હતી. એ વખતે મતિસાગર પ્રધાન ત્યાં આવીને રાણીને સમજાવવા લાગ્યો કે-" રાજમાતા ! હવે હૈયું કઠણુ કરીને તમામ રાજ્યકાજની લગામ હાથમાં લ્યો; કેમકે કુંવરજી હજી સગીર વયના-નાના છે; માટે આમ રોયાં,

કર્યેથી રાજ્યની સલામતી નહીં જળવાઈ શકાય." મંત્રીનાં યોગ્ય વચન સાંભળી કમળપ્રભાએ કહ્યું "વિચક્ષણ પ્રધાનજી! હવે તમો પોતે જ અમને આધાર આપનાર છો, માટે શ્રીપાળને રાજ્યતિલક કરી એની આણુ-દુવાઈને અમલમાં લાવવાનો અધિકાર સફળ કરો." (૧-૮)

---

( ઢાળ દશમી–રાગ રામગિરી વા મારૂ. જગતગુરૂ હીરજીરે. એ દેશી.)

મૃતકારજ કરી રાયનાંરે, સકલ નિવારી શોક,
મતિસાગર મંત્રીશ્વરેરે, થિર કીધાં સવિ લોક,
દેખો ગતિ દૈવનીરે—
દૈવ કરે તે હોય, કુણે ચાલે નહીંરે. ૧

રાજ ઠવી શ્રીપાળનેરે, વરતાવી તસ આણ,
રાજ કાજ સવિ ચાલવેરે, મંત્રી બહુ બુદ્ધિખાણ દે. ૨

ઇણ અવસર શ્રીપાળનોરે, પીતરીઓ મતિમૂઢ,
પરિકર સઘળો પાલટીરે, ગઝ કરે ઇમ ગૂઢ. દેખો. ૩

મતિસાગરને મારવારે, વળી હણવા શ્રીપાળ,
રાજ લેવા ચંપાતણૂંરે, દુષ્ટ થયો ઉજમાળ. દેખો. ૪

કિમહિક મંત્રીસર લહીરે. તે વૈરીની વાત,
રાણીને આવી કહેરે, નાસો લઈ અધરાત, દેખો. ૫

જો જાશો તો જીવશોરે, સુત જીવાડણ કાજ,
કુંવર જો કુશલો હશેરે, તો વળી કરશો રાજ. દેખો. ૬

અર્થ:—ઉપર પ્રમાણે વાર્ત્તા થયા પછી રાજાનો છેલ્લો સંસ્કાર-મૃતકારજ વગેરે કરી સઘળો શોક દૂર કરીને મતિસાગર મંત્રીશ્વરે રૈયતને હૈયાધારણ આપી સ્થિર કરી, કવિ શ્રોતાજનોને, અને વેવાણ વેવાણને કહે છે કે–'કર્મની કેવી વસમી ગતિ છે તે જુઓ? જે કર્મ કરે છે તે જ થાય છે; પણ તેમાં કોઈનું ડહાપણ ચાલતું જ નથી–અગર તેના ઉપર કોઈનું જોર પણ ચાલતું નથી" રાજ્યગાદી ઉપર શ્રીપાળરાજાને બેસાડી પોતાના રાજ્યમાં બધે તેની આણનો ઢંઢેરો ફેરવ્યો, અને તે પછી તે બહુ બુદ્ધિનિધાન પ્રધાન કુલ રાજ્યકારોબાર ચલાવવા યત્નવાન્ થયો. એ અરસાની

દરમ્યાન શ્રીપાળ રાજાનો મૂઢ મતિવાળો પિત્રાઈ કાકો અજીતસેન હતો. તેની પોતાની કાળીદાનત થતાં શ્રીપાળ રાજાના લશ્કર-સામંત વગેરે તમામને લાંચ આપી, ખટપટ વડે શંકાઓ, ભય, વગેરે પેદા કરી ફૂટ કરાવી, કોઈ ન જાણી શકે તેવી છુપી મસલત ચલાવીને બદલાવી નાંખ્યું, તથા એ પણ નિશ્ચય કરી દીધો હતો કે મતિસાગર પ્રધાનને અને શ્રીપાળ-રાજાને ઠાર કરી ચંપાનગરીનું રાજ્ય લઈ લેવું. એ બાબત માટે દુષ્ટ પિત્રાઈ કાકો તૈયાર થઈ ગયો: પરંતુ તેઓનાં આયુષ્ય બળવાન્ હોવાથી છુપા જાસૂસો મારફત યુક્તિઓથી તે શત્રુના દાવ સંબંધી વાતની ખબર મતિસાગરને મળી; એટલે તાબડતોબ પ્રધાને રાજમાતાને આવી જાહેર કર્યું કે-"રાજમાતા ! અજીતસેનના બુરા કાવતરાથી આપણું લશ્કર તમામ બદલી બેઠું છે, અને આપને અને બાળરાજાને તથા મને ઠાર કરી રાજ્ય પડાવી લેવાનું નક્કી થઇ ગયું છે; માટે આપ બાળરાજાને લઇ મધરાતે દિલ ચાહે ત્યાં જીવ લઈ નાસો. જો જતાં રહેશો તો જીવતાં રહેશો, તથા બાળરાજાને જીવાડવા માટે એમ નાસવાની જરૂર જ છે. જો બાળરાજા કુશળ રહેશે તો વળી ચંપાનગરીનું રાજ્યતખ્ત હાથ કરવાનો વખત આવશે; માટે આપ કોઇ ન જાણે તેવી રીતે બાળરાજા સહિત પલાયન કરી જાઓ એટલે પછી મારા જીવને બચાવવાની જ પંચાત રહી તે હું કરી લઇશ (૧-૬)

રાણી નાઠી એકલીરે, પુત્ર ચડાવી કેડ,
ઉવટે ઉજાતી પડીરે, વિષમી જિહાં છે વેડ. દેખો. ૭

જાસ જડોજડ ઝાંખરાંરે, ખાખર ખોહ,
ફણિધર મણિધર જ્યાં ફરેરે, અજગર ઊંદર ગોહ. દેખો. ૮

ઊજડ અબલા રડવડેરે, રયણી ઘોર અંધાર,
ચરણે ખૂંચે કાંકરારે, ઝરે લોહીની ધાર. દેખો. ૯

વરૂ વાઘ ને વરઘડાંરે, સોર કરે શિયાળ,
ચોર ચરડને ચીતરારે, દિયે ઉછળતી ફાળ. દેખો. ૧૦

ઘૂ ઘૂ ઘૂ ઘૂઅડ કરેરે, વાનર પાડે હીક,
ખળહળ પરવતથી પડેરે, નદી નિઝરણાં નીક. દેખો. ૧૧

બળિયું બેઉનું આઉખુંરે, સત્ય શિયળ સંઘાત,
વખત બળી કુંવર વડોરે, તિણે ન કરે કોઇ ઘાત. દેખો. ૧૨

**રયણહિંડોળે હિંચતીરે, સૂતી સોવનખાટ,**
**તસ શિર ઇંધણવેળા પડીરે, પડો દૈવ શિરદાટ. દેખો. ૧૩**

**અર્થઃ**—આ પ્રમાણેનો ભયંકર મામલો મચેલો જાણી પ્રધાનની નિમકહલાલી માટે ધન્યવાદ આપી સમયને માન આપવા રાજમાતા મધરાતની વખતે બાળરાજાને કેડમાં બેસાડી ૧ એકલી જ નાસી છૂટી, અને કોઈને જલદીથી પત્તો ન લાગે એટલા માટે ભયંકર જંગલી રસ્તો હાથ ધર્યો. તે ઊજડ જંગલમાં સરખટ, ડાભ, કાસ વગેરેનાં ભોથાં અને કંટાળ ઝાડોના ઝાંખરાં બહુ જ હતાં, તથા ખાખરાઓનું જંગલ અથવા પડેલાં પાંદડાંઓનો ખાખચડો, પહાડની ટેકરીઓ, ડુંગરની ખોભણો, વગેરેની પણ જ્યાં બહુ છત હતી. ફણિવાળા તેમ જ મણિવાળા સર્પો ફર્યા કરતા હતા, અજગર, જંગલી ઊંદર, પાટલા–ચંદન ઘો, વગેરે ઝેરી જીવોની પણ જ્યાં પુષ્કળ હરફર હતી, એવા ઊજડ માર્ગે ભયંકર અંધારી રાતમાં અડવાણે પગે બિચારી રાજમહેલમાં રહેનારી છતાં પણ વિપત્તિને તાબે પડેલી અબળા રડવડયા કરતી હતી; એથી કોમળ પગોમાં કાંટા કાંકરાઓના ભોંકાવાથી લોહીની ધારાઓ ચાલ્યા કરતી હતી; પણ તે વખતે તેણીની કોને દયા આવે તેમ હતું ! એ માર્ગમાં તો વરૂ, વાઘ, વઘચડાં, ચીત્તા, વગેરે ભયંકર શબ્દ કરતાં તરાપો મારી રહેલાં હતાં, શીયાળવાં શોરબકોર કરી રહ્યાં હતાં, ચોર, ધાડપાડુ, ભૂતો, વગેરે પણ ભટકયા કરતા હતા, ઘૂડ ઘૂ ઘૂ ઘૂ શબ્દથી ભય આપી રહ્યાં હતાં, વાંદર હુકાહુક કરતાં હતાં, અને પર્વત ઉપરથી પડતાં પાણીનાં ઝરણાં, નીકોનો ખળભળાટ શબ્દ થઈ રહ્યો હતો. જો કે આવી ભયાનક જગ્યા હતી; છતાં બન્ને જણનું આયુષ્ય ૨બળિયું હતું, તથા તેમની સંગાથે સત્ય અને શીળ એ બે ગુપ્ત પણ જાગતી જ્યોતિરૂપે મહાન બળવાન વોળાવા હતા, અને બુલંદબખ્ત–મોટો ભાગ્યશાળી કુંવર હતો, એથી તે પ્રાણઘાતક પ્રાણી વગેરે કોઇ દુખિયારી રાજમાતા અને બાળરાજાને અડચણ કરી શકતાં ન હતાં. હા ! જે રાણી રત્નજડિત હિંડોળાખાટમાં હીંચતી હતી, અને સોનાના પલંગ ઉપર

---

૧ મહાન સુખિયા હોય તેના ઉપર પણ વિષમ વખત આવવા સંભવ જ છે; કેમકે જેમ દિવસ પછી રાત અને રાત પછી દિવસ હોય છે, તેમ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે જ છે, માટે એવા ક્ષણિક સુખનો ગર્વ ન કરવો એ આ સંબંધ બોધ આપી રહેલ છે.

૨. જેનું આયુષ્ય બળવાન હોય, તથા જેની સાથે સત્યધર્મ વગેરે સાચો રખેવાળ હોય તેવા મનુષ્યના શિરપર ગમે તેટલાં ભયંકર સંકટ આવી પડે, તો પણ તે બધાં ધૂળ ફાકે છે, એવો આ સંબંધ બોધ આપી રહેલ છે.

સૂઇ રહેતી હતી તે રાણીને માથે જ આવી એક રંક માણસના સરખી વેળા આવી પડી; માટે કવિ કહે છે કે એ કર્મને માથે ધૂળનો દાટ વાળો ! (૭-૧૩)

રડવડતાં રયણી ગઈરે, ચઢી પંથ શિર શુદ્ધ;
તવ બાળક ભૂખ્યો થયોરે, માંગે સાકર દૂધ. દેખો. ૧૪
તવ રોતી રાણી કહેરે, દૂધ રહ્યાં વત્સ દૂર;
જો લહિયે હવે કૂકશારે, તો લહ્યાં કૂર કપૂર. દેખો. ૧૫
હવે જાતાં માર્ગે મળીરે, એક કુષ્ટીની ફોજ,
રોગી મળિયા સાતશેંરે, હીંડે કરતાં મોજ. દેખો. ૧૬
કુષ્ટિયેં પૂછયા પછીરેં, સયલ સુણાવી વાત,
વળતું કુષ્ટિ ઇમ કહેરે, આરતિ મ કરો માત. દેખો. ૧૭
આવી અમ શરણે હવેરે, મન રાખો આરામ,
એ કોઈ અમ જીવતાંરે, કોઇ ન લે તુમ નામ, દેખો. ૧૮
વેસર આપી બેસવારે, ઢાંકી સઘળું અંગ,
બાળક રાખી સોડમાંરે, બેઠી થઇ ખડંગ. દેખો. ૧૯

**અર્થ**:—આ પ્રમાણે આથડતાં ભટકતાં રાત પૂરી થઇ, અને પ્રભાત થતાં ધોરી રસ્તો હાથ લાગ્યો. એટલામાં શ્રીપાલકુંવરે ભૂખ્યા થવાથી દૂધ સાકરની માગણી કરી. આ શબ્દો સાંભળતાવેંત જ રાજમાતા કહો કે બિચારી દુખિયારી વખાનિ મારી રજપૂતાણી કહો, પણ તેનું હૈયું ભરાઇ આવ્યું, અને આંખોમાંથી ચોધારાં ચાલતાં ઊનાં આસુડાં સાથે કહેવા લાગી કે–"વહાલા દીકરા ! દૂધ સાકરને; અને આપણને તો હજારો ગાઉનાં છેટાં પડી ગયાં છે, માટે તેની આશા છોડી દો. હવે તો જો કદિ આંબલીના કચૂકા અથવા કુસકી કણુકી મળી આવે તો તેને બરાસ સહિત ઉત્તમ ભાતનાં ભોજન મળ્યાં છે એમ માની લેવાનું છે; કેમકે અત્યારે આપણે નિરાધાર છીએ ? પ્રભુ વિના બીજું કોઇ આપણું બેલી નથી." વગેરે વગેરે બોલી રોઇ હૃદય ખાલી કર્યું, પણ તે વગડામાં તે દુઃખિયારી બાઇનાં દુઃખ દેખી કોણ આશરો આપે તેમ હતું ? એથી બિચારીએ એમને એમ આગળ ચાલવા માંડયું અને ચાલતાં ચાલતાં થોડે છેટે કોઢિયાઓની ફોજ મળી તથા તેઓ સાતસોએ જણ એક સરખા હોવાથી મોજ મહાલતા ચાલ્યા જતા હતા; કેમકે તેમને હવે મરણ સિવાય કોઈની બીક રહી જ ન હતી. એથી મસ્ત ચિત્તવાળા બની મોજમજાહ

માણુતા હતા. એ લોકોએ દેખાવ ઉપરથી મહાન ખાનદાન ઘરની બાઈ હોવા છતાં ભય અને દુઃખથી દબાયલી છે એવું માની તેણીને એ સંબંધી પૂછયું, એટલે તેણીએ જે સત્ય હતું તે બધું કહીને તેઓનો આશરો માગ્યો, એ સાંભળી તે કોઢિયાઓએ દયા લાવી કહ્યું કે–"માજી ! જો તમારી એવી જ ઇચ્છા હોય તો બેલાશક અમારી સાથે રહો અને તે બધી ચિંતા છોડી દો. હવે મનને આરામ–આનંદમાં રાખી અમારી સાથે રહેતાં એકે પણ ચમરબંધી–અફલાતૂન હશે, છતાં અમારા જીવતાં લગી તો તમારું નામ દઈ શકશે નહિ. અમો બધા રાજવંશી–ક્ષત્રીપુત્ર છીએ માટે અમારો ધર્મ છે કે શરણે આવી રહે તેના માટે રક્ષણ માટે અમારા પ્રાણની પથારી થાય તો પણ તેને ઊની આંચ આવવા દઇએ નહીં તેમ તમો પણ રાજવંશી છો માટે અમે ને તમે સરખાં જ છીએ, જેથી સઘળી ચિંતા તજી સાથે ચાલો" વગેરે વગેરે કહી તેણીને એક ખચ્ચર ઉપર બેસારી, દીકરાને ખોળામાં રખાવી, ચાદરથી સઘળું અંગ ઢાંકી દેવરાવી પુરુષની પેઠે ખડંગ–અક્કડ હોશિયારી સાથે બેસારી ચાલવું શરૂ કર્યું, એટલે દુઃખીઆરી રાજમાતાને જરા ચેન પડયું.

એહવે આવ્યા શોધતારે, વૈરિના અસવાર,
કોઈ સ્ત્રી દીઠી ઇહાંરે, પૂછે વારોવાર. દેખો. ૨૦

કોઇ ઇહાં આવ્યું નથી રે, જૂઠ મઝંખો આળ,
વચન ન માનો અમ તણુંરે, નયણે જુઓ નિહાળ. દે, ૨૧

જો જોશો તો લાગશેરે, અંગે રોગ અસાધ,
નાઠા બીહિતા બાપડારે, વિલગે રખ વિરાધ. દેખો. ૨૨

કુષ્ટિ સંગતથી થયોરે, સુતને ઊંબર રોગ,
માડી મન ચિંતા ઘણીરે, કઠીન કરમના ભોગ. દેખો. ૨૩

પુત્ર ભળાવી તેહનેરે, માતા ચાલી વિદેશ.
વૈદ્ય ઓષડ જોવા ભણીરે, સહેતી ઘણા કલેશ, દેખો. ૨૪

જ્ઞાનીને વચનેં કરીરે, સયળ ફળી મુજ આશ,
તેહજ હું કમળ પ્રભારે, આ બેઠી તુમ પાસ. દેખો. ૨૫

રાસ રૂડો શ્રીપાળનોરે, તેહની દશમી ઢાળ,
વિનય કહે પુણ્યેં કરીરે, દુઃખ થાયે વિસરાળ દેખો. ૨૬

અર્થઃ–એ પ્રમાણે પંથ કાપવો શરૂ હતો, એટલામાં તો શત્રુ અજીતસેનના સ્વારો તેણીની જ શોધ કરતા કરતા ત્યાંજ આવી ચડયા, અને તે કોઢિયાઓને વારે વારે પૂછવા લાગ્યા કે–"અહીયાં કોઈ એક બૈરીને જતાં જોઇ છે? હેં, જોઇ છે! બોલો તો ખરા; જોઈ છે?" આમ આતુર વૃત્તિથી તેઓને પૂછતા જોઇ કોઢિયાઓએ જવાબ વાળ્યો કે–"અહીંયાં તો કોઇ આવ્યું ગયું દીઠું નથી. નાહક જુઠું કલંક ચડાવવા જેવું પૂછી પૂછી મગજમારી શા સારૂ કરી રહ્યા છો? જો તમને અમારા બોલવા ઉપર ભરોસો ન આવતો હોય તો અમારા ટોળામાં ફરી ફરીને તપાસી લ્યો; પણ તપાસતાં પહેલાં એટલું ખાસ યાદ રાખજો કે અમો સાતસોએ ઉડતા ચેપી કોઢરોગથી પકડાયલા છિયે, માટે અમારા ટોળામાં અમારા જેવું જ કોઢિયું થવું હોય તો જ દાખલ થજો. અમારો ન મટનારો–અસાધ્ય રોગ છે, પછી તો તમારી મરજી! અમારે શું લેવા દેવા છે! અમારે તો પહેલા વાકેફગાર કરવાની જરૂર છે." આ પ્રમાણે તેઓની વાત સાંભળી કે તુરત ડરી જીવ લેઈ તે બાપડા પેદુડિયા સવારો નાસવા જ લાગ્યા અને વારે વારે ચમકવા લાગ્યા કે–"રખેને આપણને એ રોગનો ચેપી પવન લાગી જતાં રોગ વળગી ન પડે:" આમ થવાથી વૈરી રાજાની બલામાંથી તો દુઃખગ્રસ્ત રાજમાતા મુક્ત થઈ; પરંતુ કર્મરાજાની બલામાં તો તે બિચારી ફસાઇ જ પડી. કોઢિયાઓની સોબતથી બાળરાજાને તુરત ઉંબર નામનો કોઢ લાગુ થઈ પડયો. એ જોઇ અનાથ માડીના મનમાં દુઃખનો પાર રહ્યો નહિ. વારે વારે નિઃશ્વાસ નાખી મનમાં બબડયા કરતી હતી કે–"મારા પણ કઠન કરમના ભોગ છે." વગેરે વગેરે મહાચિંતાને સ્વાધીન થવાથી કરમ ઉપર ટપલીઓ મારી દુઃખથી વધારે દબાઇ થઈ; છતાં પણ તેણીએ કેટલાંક વર્ષ તે જ સ્થિતિમાં દિવસો ગુજાર્યા. પરંતુ આખર તેણી એ વિચાર ઉપર આવી કે–"ઉપાય મેળવી રોગ મટાડવા યત્ન તો કરવો જ જોઈએ! કંઇ ચિંતા કરવાથી કે રોવાથી રોગ ને દુઃખ મટતાં જ નથી." એવા નિશ્ચય ઉપર આવી બાળરાજાને દેવા લાયક ભલામણ દઈ, તે વિશ્વાસુ કુષ્ટિમંડળને સુપરત કરી પોતે પરદેશમાં રખડી રઝળી કોઇ વૈદ્યો પાસેથી ઔષધ, ટુચકા વગેરે હાથ કરી લેવા નીકળી પડી. તેણીએ પણ જ્યાં જ્યાં ભાળ મળી ત્યાં ત્યાં ભટકી ભટકી ઘણા ઘણા કલેશો સહન કર્યા; પણ કર્મજન્ય વ્યાધિનો ઈલાજ હાથ લાગી શકયો જ નહિ. છેવટ કોશંબીનગરીના એક નામચીન વૈદ્યરાજની ભેટ લેવા તેણીએ જવાનું નિરધાર્યું, પણ વચમાં એક જ્ઞાની ગુરૂને પૂછતાં આનંદના સમાચાર મળ્યા, જેથી તુરત અહીં આવી અને જે દુઃખિયારી બાળરાજાની

રાજમાતા કમળપ્રભા હતી તે જ હું પોતે, તમારી પાસે બેઠેલી છું." આ સુંદર શ્રીપાળના રાસની અંદરના પ્રથમ વિભાગ ખંડમાં આ દશમી ઢાળ પૂર્ણ થઇ. વિનયવિજયજી કહે છે કે–"પુણ્યના બળવડે કરીને તમામ દુઃખ નાશ થઈ જાય છે, માટે શ્રોતાજનો ! જેમ બને તેમ નવ પ્રકારથી પુણ્ય ઉપાર્જન કરો, કે જેથી તમારાં પણ કંઈ દુઃખ હશે તે નાશ થશે.

(૨૦–૨૬)

( દોહરો–છંદ. )

રૂપસુંદરી શ્રવણે સુણી, વિમળ જમાઇ વંશ;<br>
હરખે હિયડે ગહ ગહી, ઇણી પરે કરે પ્રશંસ. ૧

વખતવંત મયણા સમી, નારી ન કો સંસાર;<br>
જેણે બેઉ કુળ ઉદ્ધર્યાં, સતિ શિરોમણિ સાર. ૨

વર પણ પુણ્યે પામિયો, નરપતિ નિર્મળ વંશ;<br>
પુત્ર સિંહરથ રાયનો, ક્ષત્રિયકુળ અવતંસ ૩

રૂપસુંદરી રંગે જઇ, વાત સુણાવી સોય,<br>
નિજ બંધવ પુણ્ય પાળને, તે પણ હર્ષિત હોય, ૪

ચતુરંગી સેના સજી, સાથ સબળ પરિવાર,<br>
તેજી તુરિય નચાવતા, અવલવેષ અસવાર ૫

રતન જડિત ઝળકે ઘણાં, ધર્યાં સરિયાં પાન,<br>
ઢોલ નગારાં ગડગડે, નેજા ફુરે નિશાન. ૬

ભાણેજી વર જિહાં વસે, ત્યાં આવ્યા તત્કાળ,<br>
નિજ મંદિર પધરાવવા, પુણ્યવંત પુણ્યપાળ. ૭

**અર્થઃ**—આ પ્રમાણે કમળપ્રભા રાજમાતાના મુખથી કહેલી હકીકત સાંભળીને, તથા જમાઇનો પવિત્ર–ઉત્તમ વંશ જાણીને રૂપસુંદરીના હૃદયમાં હર્ષ ઉભરાંઇ આવ્યો, એથી આ પ્રમાણે ઉત્તમ પ્રશંસાનાં વચનો કહેવા લાગી કે"આ જમાનામાં આ મયણાસુંદરી સરખી બીજી કોઈ મહાભાગ્યવંત સ્ત્રી નથી. એમ કહું તો પણ ગેરવાજબી નહીં ગણાશે; કેમકે એણીએ પીઅર અને સાસરાના કુળનો પુનરુદ્ધાર કર્યો છે; માટે સતી સ્ત્રીઓના માથાના ચળકતા મણિ સેરખી શ્રેષ્ઠ છે. તેમ જ પુણ્યની પ્રબળતા વડે જ પતિ પણ રાજકુળ પૈકીના નિર્મળ વંશમાં ક્ષત્રિયકુળના મુકુટ

સરખા સિંહરથ રાજાના કુંવરજીને પામી છે. ધન્ય છે એણીના પુણ્યને ! અને ધન્ય છે એણીની ધર્મ દઢતાને !" ઈત્યાદિ પ્રશંસાવાકય કહી ત્યાંથી ઊઠી ઊભી થઇ, યોગ્ય શબ્દોમાં પોતાને પીઅર જવાનું સૂચવી રૂપસુંદરી રંગ સહિત રવાના થઇ, અને પીઅરમાં જઇ પોતાના ભાઇ પુણ્યપાળને તેણીએ તે બધી વાત કહી સંભળાવી. એથી તે પણ બહુ રાજી થયો. તથા તે પુણ્યવંત ભાણેજી-જમાઇને પોતાની હવેલીમાં પધરાવવા માટે હાથી ઘોડા રથ ને પેદલનું લશ્કર તૈયાર કરી ઘણા પરિવાર સહિત તેજી, કુશળ ઘોડાઓને નચાવતા સુંદર પોષાકવાળા સવારો અને રત્ન જડેલી ઘણી સૂર્યમુખીઓ, ગડગડતાં ઢોલ નગારાઓના નાદ તથા ફરકતાં પચરંગી તેજી નિશાન સહિત ભારે દમામથી ચાલતો ચાલતો જ્યાં ભાણેજ-જમાઈ રહેલો હતો ત્યાં તુરત પુણ્યપાળ આવી પહોંચ્યો. (૧-૭)

(ઢાળ અગિયારમી-રાય કહે રાણી પ્રત્યે સુણ કામિનીરે-એ દેશી)

**આવો જમાઇ પ્રાહુણા જયવંતાજી;**
**અમ ઘર કરો પવિત્ર, ગુણવંતાજી.**
**સહુને અચરિજ ઉપજે, જ. સુણતાં તુમ ચરિત્ર. ગુ. ૧**

**માઊલ સસરો પૂરવે, જ. ભોગ ભલા ધરી નેહ. ગુણ. ૨**

**ગજ બેસારી ઉત્સવે, જ. પધારવા નિજ ગેહ; ગુણ.**
**એક દિન બેઠા માળિયે, જય. નયણા ને શ્રીપાળ; ગુ.**
**વાજે છંદે નવનવે, જય. માદળ ભુંગળ તાળ. ગુ. ૩**

**રાય રાણી રંગે જુવે, જય. થેઇ થેઇ નાચે પાત્ર; ગુ.**
**ભરહ ભેદ ભાવે ભલા. જય. વાળે પરિ પરિ ગાત્ર. ગુ. ૪**

અર્થઃ-સાધર્મીકને ત્યાં જઇ રાજરીત પ્રમાણે શ્રીપાળકુંવરને મળી પુણ્યપાળ મામોજી કહેવા લાગ્યો કે-"હે જયવંત અને ગુણવંત પરોણા જમાઇરાજ ! મારી સાથે પધારી મારા મકાનને પાવન કરો. હે જસવંતા જમાઇજી ! આપનું ચરિત્ર સાંભળતાં જ બીજાં સઘળાંઓને આશ્ચર્ય પેદા થાય તેમ છે, તો મને સર્વ કરતાં વિશેષ આનંદાશ્ચર્ય ઉત્પન્ન થાય એ સંભવિત જ છે; માટે હવે આપ મારે ત્યાં જ નિવાસ રાખવો સ્વીકારી તુરત પધારો." આ પ્રમાણે પ્રેમપૂર્ણ વચનો સાંભળીને તે હકીકત

પોતાના સાધર્મી બંધુને જણાવી ત્યાં જવા માટેનો વિચાર પૂછયો,[૧] અને તેની જ્યારે ખુશાલી સહિત ઈચ્છા જણાઈ એટલે શ્રીપાળકુંવરે પુણ્યપાળ રાજાની માનપૂર્વક માગણી સ્વીકારી. મામાજીએ ભાણુજી-વરને હાથીના હોદ્દામાં બેસારી મોટા ઉત્સવ સહિત પોતાની હવેલીમાં (શ્રીપાળકુંવરને) પધરાવ્યા, અને તે હંમેશાં પોતાની લાયકી મુજબ તેઓને દરેક જોઇતા પદાર્થો સમયસર વગર કહ્યે જ સ્નેહ સાથે (ઉત્તમ પ્રકારના ભોગ) પૂર્ણ કરવા લાગ્યો. એક દિવસ શ્રીપાળકુંવર અને મયણાસુંદરી હવેલીના ઝરૂખામાં બેઠાં બેઠાં પોતાના અગાડી જુદા જુદા રૂપના તોડા મ્હોરા ને સુસ્વર સહિત વાગતાં મૃદંગ, ભુંગળ, તાળ વગેરે વાજીંત્રો, તથા બત્રીસે પ્રકારના નાટકના સરસ ભેદભાવને જાણનારી પ્રવીણ નાયકાઓ કે જે જુદી જુદી ખુબીથી પોતાનાં તાલીમ લીધેલાં અંગોપાંગ વાળી થૈ થૈ નાચ કરતી હતી તે રાજા રાણી રંગ સાથે જોતાં હતાં. (૧-૪)

ઇણ અવસર રયવાડીથી, જય. પાછો વળિયો રાય, ગુણ.
નૃત્ય સુણી ઉભો રહ્યો, જય. પ્રજાપાળ તિણ ઠામ. ગુણ. ૫
સુખ ભોગવતાં સ્વર્ગનાં. જય. દીઠાં સ્ત્રી ભરતાર, ગુણ.
નયણે લાગ્યો નિરખવા, જય. ચિત ચમકયો તિણવાર. ગુ. ૬
તતક્ષણ મયણા ઓળખી, જય. મન ઉપન્યો સંતાપ, ગુ.
અવર કોઇ વર પેખિયો, જય. હૈ હૈ પ્રગટયું પાપ. ગુ. ૭
ધિક ધિક ક્રોધતણે વશે, જય. મેં અવિચાર્યું કીધ, ગુ.
મયણા સરખી સુંદરી, જય. કોઢીને કર દીધ. ગુ. ૮
એ પણ હુઇ કુળખંપણી, જય. મુજ કુલ ભરિયો છાર; ગુ.
પરણ્યો પ્રીતમ પરહરી, જય. અવર કિયો ભરતાર, ગુ. ૯

અર્થ:-આ આનંદી સમયના દરમ્યાન, રાજપાટિકા ફરવા ગયેલો પ્રજાપાળ રાજા પાછો વળતાં ત્યાં આવી ચડયો તથા રાગ રંગની ધમાલ મચી રહી હતી તે સાંભળવા--જોવા મન લલચાતાં સવારી થંભાવી ઊભો રહ્યો, અને પોતાની ઝરૂખા તરફ નજર જતાં તેણે સ્વર્ગના દેવોની પેઠે

૧ આ વચન એ જ વ્યવહારકુશળતા બતાવી રહેલ છે કે-જેણે આપણી નિરાધાર ને વિષમ વખતમાં પરમાર્થ કે શિફારસ સંબંધથી ઘણી ખાતર બરદાસ કરી હોય છતાં તેના કરતાં અન્ય સ્થળે વધારે ખાતર બરદાસ થવાનો વખત પ્રાપ્ત થાય; તોપણ તે પ્રથમના ઉપકારીની મંજુરી કે સલાહ મેળવ્યા વગર અન્ય સ્થળે જવું જ નહીં, નહીં તો વિવેકમાં ખામી ગણાશે.

સુખ અનુભવતાં સ્ત્રી ભરતાર ને બેઠેલાં જોયાં. જ્યારે તેઓની તરફ નજર જોડીને ધ્યાન દીધું ત્યારે તે પોતાના ચિત્તમાં ચોંકી ઊઠયો; કેમકે તે ધણી ધણીઆણીના જોડલામાંની સ્ત્રી મયણાસુંદરી જ છે એમ તુરત તેને ઓળખાણ પડી. એથી તેના મનમાં સંતાપ પેદા થયો; કારણ એણીની જોડમાં પતિનું માન મેળવનારો પોતે વરાવેલા સિવાયનો પુરુષ દીઠો. એ જોતાં જ તે શોકસમુદ્રમાં ગરક થઇ શોચવા લાગ્યો કે–"હાય! હાય! આખર પાપ ખુલ્લું પડયું!! અને મેં પણ ગુસ્સાને તાબે થઈ વગર વિચાર્યું પગલું ભર્યું કે, જે મયણા સરખી સુંદરીને કોઢિયાને હાથ સોંપી હતી![1] અરે! મેં તો વગર વિચાર્યું કર્યું; પણ તેણીએ પણ સમજની ખાં ગણાયા છતાં કુળને ખાંપણ–લાંછન લગાડે એવું નીચ પગલું ભરી મારા કુળને રાખમાં રગદોળવા પરણ્યા પતિને પડતો મેલી બીજો ધણી લીધો!!!" (૫–૯)

ઇણિપરેં ઊભો ઝુરતો, જય. જવ દીઠો તે રાય; ગુણ.
પુણ્યપાળ અવસર લહી, જય. આવી પ્રણમે પાય. ગુણ. ૧૦
રાજ પધારો મુજ ઘરે, જય. જુઓ જમાઇ રૂપ; ગુણ.
સિદ્ધચક્ર સેવા ફળી, જય. તે કહ્યું સકળ સ્વરૂપ, ગુણ. ૧૧
રાયેં આવી ઓળખ્યો, જય. મુખ ઇંગિત આકાર; ગુણ.
મન ચિંતે મહિમાનિલો, જય. જૈનધર્મ જગસાર. ગુણ. ૧૨
મયણા તેં સાચી કહી, જય. સભામાંહે સવિ વાત, ગુણ.
મેં અજ્ઞાન પણે કહ્યું, જય. તે સઘળું મિથ્યાત. ગુણ. ૧૩
મેં તુજ દુખ દેવા ભણી, જય. કીધો એહ ઉપાય, ગુણ.
દુઃખ ટળીને સુખ થયું, જય. તે તુજ પુણ્ય પસાય. ગુણ. ૧૪

અર્થઃ–પ્રજાપાળ બનેવીને ઝુરતો જોવામાં આવતાં જ પુણ્યપાળે પોતાના પક્ષની ચડતી છાપ બેસારવાનો સમય સાનુકૂળ જોઈ પ્રજાપાળના ચરણમાંન મન કરી વિનવ્યું—"મહારાજ? મારી હવેલીમાં પધારી રજમાઈનું

---

૧ ક્રોધના આવેશથી સમજુ જનથી પણ વગર વિચાર્યું પગલું ભરાય છે એ વાત નકકી જ છે, એમ આ કથન પોકાર પાડી બોધ આપ્યા કરે છે.

૨ વ્યવહાર કુશળ મનુષ્યે પોતાનો બોલ ઉપર આવ્યાનો વખત હાથ લાગતાં આપણી તરફ બતાવેલા કોપ–ઈર્ષ્યા વાળાને તુરત સોગઠી પર સોગઠીનો દાવ લાગે તેની પેઠે ટોચો મારી દેખાડવો કે જેથી કરેલી ટીચકારી વિષે તેને ભાન થાય કે–મારી તે વખતે ભૂલ થઈ હતી. અગર હું પાછો પડયો છું એટલે શુકન સાંખવાનો જ વખત છે. એમ આ વાકય બતાવી આપે છે.

રૂપ તો જુઓ, તેમ જ ગુરૂકૃપાના ફળરૂપ શ્રી સિદ્ધચક્રજી નામના એક મહાન ચમત્કારી યંત્રના આરાધનની સેવા ફળી છે, તે પણ વૃત્તાંતથી વાકેફ થાઓ; કેમકે તે જાણવા જેવો છે.” એમ કહી તેણે ટૂંકાણમાં તે સંબંધી કુલ હકીકત કહી સંભળાવી. એથી પ્રજાપાળ ચકિત થઇ ગયો અને તરત હવેલીમાં જઇને જોયું તો નિશાનીઓ તથા ચહેરા ઉપરથી તેણે એ જ ઉંબરરાણો છે એવી પ્રતીતિ મેળવી. એટલે અત્યંત ચમત્કાર પામી મનમાં ચિંતવવા લાગ્યો–“અહા આ દુનિયાની અંદર મહિમાવંત જૈનધર્મ જ સાર વસ્તુ છે!!” એમ નિશ્ચય કરી પછી પુત્રી પ્રત્યે માન સહિત નમ્રપણે કહેવા લાગ્યો–“ સત્યવકતા મયણાસુંદરી ! સભાની અંદર પરીક્ષા વખતે જે તેં વાત કહી હતી તે બધી વાત સાચી થઇ, અને મેં અભિમાનના તોરમાં તણાઇ જે કંઈ કહ્યું હતું તે બધું અજ્ઞાનપૂર્ણ હોવાથી જૂઠું જ નીવડયું છે. જો કે મેં તો તને દુઃખ દેવાને માટે જ એ ઉપાય કર્યો હતો, તે છતાં પણ દુઃખ ટળી સુખ પ્રાપ્ત થયું છે, તે બધો તારા પુણ્યનો જ પ્રતાપ છે એમાં કશો શક નથી!” આ પ્રમાણે તેણે દિલગીરી દર્શાવી[1]. (૧૦–૧૪)

**મયણા કહે સુણો તાતજી, જય. ઇહાં નહીં તુમ વાંક, ગુણ**
**જીવ સયળ વશ કર્મને જ. કુણ રાજા કુણ રાંક. ગુ. ૧૫**
**માન તજી મયણાતણી, જ. રાયેં મનાવી માય, ગુ.**
**સજન સવિ થયાં એક મનાં, જ. ઉલ્લટ અંગ ન માય. ગુ. ૧૬**

અર્થઃ—પિતાના યોગ્ય વચન સાંભળી મયણાસુંદરીએ કહ્યું–“પિતાજી ! એ વિષે આપને દિલગીરી દર્શાવવાની કશી જરૂર નથી; કેમકે આ દુનિયાની અંદર ભલે રાજા હો કે રાંક હો, પણ તે બધા જીવો કર્મના જ તાબેદાર છે, તો તે જીવો પૈકી કોઈ જીવથી પરાઇ તાબેદારીના લીધે કંઇ ભૂલ થાય તો તેમાં નવાઈ જેવું કશું નથી; માટે કર્મવશથી જે થયું તેમાં આપનો શો દોષ છે?” ઇત્યાદિ નિરાભિમાની વચનો કહ્યાં. તે પછી પ્રજાપાળ રાજાએ પોતાનું માન મૂકીને મયણાસુંદરીની માતા રૂપસુંદરીને મનાવી લીધી એટલું જ નહીં, પણ આમ થતાં તમામ સગાં સંબંધી અને સ્નેહીજનો એક મનવાળાં–કુસંપ રહિત થયાં અને એથી એ સમયનો હર્ષ

૧ આ પ્રબંધ એ જ જણાવે છે કે–પોતાની થયેલ ભૂલ પોતાને જ મ્હોંએ માન મૂકી કબુલ કરવી એ નીચ કે દુર્ગુણીજનોથી થઇ શકતું નથી; પણ ઉંચ કે સદ્‌ગુણી જનોથી જ થઈ શકે છે. અને એ જ નવાઇ જેવી ભવભીરૂની વર્તણુંક છે.

હૃદયમાં પણ સમાતો ન હતો; કેમકે અભિમાની રાજાએ માન મૂકી સત્ય વાર્તાને માન આપી પોતાની થયેલ ભૂલ માટે દિલગીરી દર્શાવી એ ઘણું જ વખાણવા લાયક કૃત્ય હતું; તેમ આપકર્મી અને બાપકર્મીની તકરારનો નીવેડો જણાતાં કિંવા નવપદજીના મહાત્મ્યની સાબીતી મળતાં સર્વને આનંદ થયો હતો અને થાય તેમાં પણ નવાઇ જેવું ન હતું. (૧૫-૧૬)

નયર સવિ શણગારિયું જય. ચહુટાં ચોક વિશાળ, ગુ.
ઘરઘર ગુડીયો ઊછળે, જય. તોરણ ઝાકઝમાળ. ગુ. ૧૭
ઘેરે જમાઇ મહોત્સવે, જય. તેડી આવ્યો રાય; ગુ.
સંપૂરણ સુખ ભોગવે, જય. સિદ્ધચક્ર સુપસાય. ગુ. ૧૮
નયર માંહે પરગટ થઇ, જય. મુખ મુખ એહિજ વાત; ગુ.
જિનશાસન ઊન્નતિ થઇ, જ. મયણાયે રાખી ખ્યાત. ગુ. ૧૯
રાસ રૂડો શ્રીપાળનો, જય. તેહની અગ્યારમી ઢાળ; ગુ.
વિનય કહે સિદ્ધચક્રની, જય. સેવા ફળે તતકાળ. ગુ. ૨૦

અર્થઃ—એ આનંદ પ્રસંગને યાદીમાં રાખવા કે જાહેરમાં લાવવા રાજાએ શહેર શણગારવાનો હુકમ કર્યો (અને પ્રજાજનોને આનંદાશ્ચર્ય થયો). એથી આખું શહેર શણગારવામાં આવ્યું. ઘેર ઘેર ઝગમગતાં તોરણો બંધાયાં અને ચાર રસ્તાઓ તથા ચોક વગેરે વિશાળ જગામાં કંઇ કંઇ મનોહર દેખાવોની રચના કરવામાં આવી; અને દર મકાન આગળ ગુડિયો ઊછળવા લાગી. આ પ્રમાણે રચના થયા પછી બહુ જ ભારે ઠાઠ-દમામ સહિત રાજા પ્રજાપાળ પોતાના જમાઇને રાજમહેલમાં તેડી લાવ્યા અને તે પછી તે દંપતી શ્રી સિદ્ધચક્રજીના પ્રતાપવડે સંપૂર્ણ પ્રકારે સુખો અનુભવવા લાગ્યાં. આમ થવાથી દરેક માણસોના મોઢેથી એ જ વાત નીકળતી હતી અને એ વાતનો ચોમેર ફેલાવો થતાં જૈનશાસનની ઘણી જ ઉન્નતિ-ચડતી થઇ, તથા સુખ દુઃખ કર્મ વડે જ પ્રાપ્ત થાય છે એ વાત મયણાસુંદરીએ હઠપૂર્વક કહી હતી તે વાત સાબીત થતાં કર્મની પ્રખ્યાતિ કાયમ કરી. આ શ્રીપાલજીના સુંદર રાસની રચનામાં અગિયારમી ઢાળ પૂર્ણ થઇ. વિનયવિજયજી કહે છે કે હે-શ્રોતાજનો! આ પ્રમાણે સિદ્ધચક્રજીની સેવા તુરત જ ફળે છે માટે તમો સર્વ તેમની સેવા કરવા તરફ લક્ષ રાખો. (૧૭-૨૦)

(ચોપાઇ–છંદ)

**ખંડ ખંડ મીઠો જિમ ખંટ, શ્રી શ્રીપાળ ચરિત્ર અખંડ;**
**કીર્તિવિજય વાચકથી લહ્યો, પ્રથમ ખંડ ઇમ વિનયેં કહ્યો.**

અર્થઃ–જેમ શેરડીના સાંઠામાં કાતળી કાતળી દીઠ વિશેષ વિશેષ મીઠાશ હોય છે, તેમ આ અખંડ શ્રી શ્રીપાળચરિત્રની અંદરના દરેક ખંડમાં વિશેષ વિશેષ મીઠાશ છે. અખંડ એ માટે કહેવામાં આવે છે કે શેરડીના સાંઠામાં અંતે ફીકાશ હોય છે; તેમ આ રાસમાં અંતે ફીકાશ નથી; પણ ઉલટી વિશેષ મીઠાશ છે; માટે તે શેરડીના ખંડથી અથવા તો તેનાથી બનતી ખાંડથી પણ આ રાસની મીઠાશ અખંડ છે. એવા ખંડવાળા આ રાસનો પહેલો ખંડ, શ્રી કીર્તિવિજયજી ઉપાધ્યાયજી દ્વારા પ્રાપ્ત થએલા જ્ઞાનવડે અગર એઓનાથી મળેલી માહિતીવડે શ્રીવિનયવિજયજી ઉપાધ્યાયજી કહે છે કે મેં (આ ખંડ) સંપૂર્ણ કર્યો. (૧)

ઇતિ શ્રીમાન્ મહોપાધ્યાય શ્રીકીર્તિવિજયજી ગણીના શિષ્ય ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી ગણી રચિત પ્રાકૃત પ્રબંધરૂપ શ્રી શ્રીપાળજીના રાસની અંદર શ્રીસિદ્ધચક્રજીના મહીમાના અધિકાર વિષે શ્રીપાળકુંવર ને મયણાસુંદરીના પરણવાની હકીકત, તથા શ્રીસિદ્ધચક્રજીના આરાધનવડે મળેલી નીરોગીતા, કમળપ્રભાનો મિલાપ અને તેણીએ પોતાની હકીકત જાહેર કરવા, વગેરે વગેરે વર્ણન સહિત પ્રથમ ખંડનું પુરોહિત પૂર્ણચંદ્ર અચળેશ્વર કૃત ગૂજરાતી ભાષાંતર સંપૂર્ણ.

**પ્રથમ ખંડઃ સમાપ્ત.**

# ખંડ બીજો.

## વસ્તુનિર્દેશાત્મક—મંગલાચરણ.

( દોહરા-છંદ. )

સિદ્ધચક્ર આરાધતાં, પૂરે વાંછિત કોડ;
સિદ્ધચક્ર મુજ મન વસ્યું, વિનય કહે કર જોડ. ૧
શારદ સાર દયા કરી, દીજે વચન વિલાસ;
ઉત્તર કથા શ્રીપાળની, કહેવા મન ઉલ્લાસ. ૨

અર્થઃ—કવિ વિનયવિજયજી હાથ જોડીને ભક્તિ પુરઃસર કહે છે કે-જે શ્રીસિદ્ધચક્રયંત્રના આરાધનવડે આરાધન કરનારાં પવિત્ર મનુષ્યોના મનના કોડ અને ધારણાઓની સિદ્ધિ પૂર્ણ થાય છે, અથવા તો ક્રોડો વાંછિત પૂર્ણ થાય છે, તે શ્રીસિદ્ધચક્રયંત્ર મારા મનમંદિરની અંદર કાયમપણે નિવાસ કરી રહેલું છે. (આ પ્રમાણે આ ગ્રંથના પ્રધાન ઈષ્ટદેવ પ્રત્યેની આસ્થા અને સેવાનું ફળ સિદ્ધ કરી વિદ્યા દેનારી શ્રી શારદાદેવી પાસે કવિ માગણી કરે છે કે)–હે શારદાદેવી! આપ શ્રીમતી મારા ઉપર શ્રેષ્ઠ અને શ્રેય કરનારી–દયા કરીને મને મારાં વચનોની અંદર રસિકજનનાં મન રંજન કરે તેવી સુંદર રસિક વિલાસવાળી–કાવ્યરચનાશકિત આપો; કેમકે એ શક્તિ બક્ષવામાં ઉદાર દિલનાં દયાળુ દેવી આપ જ શક્તિ ધરાવો છો! માટે તે શક્તિ બક્ષો કે જેથી આ બીજા ખંડની અંદર શ્રી શ્રીપાળ મહારાજની જે વાર્તા કહેવા મારૂં મન ઉલ્લાસવંત થયું છે તે વાર્તાને રસમય બનાવું. (૧-૨)

એક દિન રમવા નીકળ્યો, ચહુટે કુંવર શ્રીપાલ,
સબળ સૈન્યશું પરવર્યો, યૌવન રૂપ રસાળ. ૩
મુખ સોહે પૂરણ શશી, અર્ધચંદ્ર સમ ભાળ;
લોચન અમિય કચોલડાં, અધર અરૂણ પરવાળ. ૪
દંત જિસ્યા દાડિમ કળી, કંઠ મનોહર કંબુ,
પુર કપાટ પરિ હૃદય તટ, ભુજ ભોગળ જિમ લંબુ. ૫

કેડલંક કેહરી સમો, સોવનવન્ન શરીર;
ફૂલ ખરે મુખ બોલતાં, ધ્વનિ જળધર ગંભીર. ૬
ચોક ચોક ચહુટે મિળ્યાં, રૂપેં મોહ્યાં લોક;
મહેલ ગોખ મેડી ચડે, નરનારીના થોક. ૭

**અર્થ**:—એક દિવસ મોટા સૈન્ય સહિત યુવાન અને રસિક રૂપવંત શ્રીપાળકુંવર ઉજ્જયનીના બજાર–ચૌટામાંથી પસાર થતો વનશ્રીની લીલામાં રમવા જવાની ઇચ્છાએ નીકળ્યો. શ્રીપાળકુંવર યુવાન અને રૂપવાન હતો—એટલું જ નહિ, પણ તેના અંગમાં ભાગ્યશાળી–ભુજાબળી વગેરેના પ્રકટ લક્ષણો દૃષ્ટિગોચર થતાં હતાં. એટલે કે જેનું પૂનમના પૂર્ણ ચંદ્રમાના સરખું (અમૃતમય–તેજસ્વી શાંતિપૂર્ણ) મુખ હતું, તથા આઠમના ચંદ્રમા જેવા દેખાવનું કપાળ, અમૃતનાં ભરેલાં કચોળાં જેવી (આનંદદાયી) આંખો, લાલ પરવાળા જેવા (રાતા) હોઠ, દાડમની કળી જેવા (સરખા) દાંત, શંખના સરખું મનોહર રેખાદાર ગળું (ગર્દન), શહેરના દરવાજાના કમાડની પેઠે (વિશાળ) હૃદયપ્રદેશ, કમાડના આડી દેવાની ભુંગળ જેવા લાંબા હાથ, સિંહની કમરના લાંક જેવી (પાતળી) કેડ, અને સોનાના સરખું (પવિત્ર નિર્મળ દોષ રહિત) શરીર છે, અને મોઢામાંથી વચન બોલતાં જાણે ફૂલ ખરતાં ન હોય! તેવાં (વીણી લેઇએ તેવાં) મનગમતાં વચનો તેમજ મેઘની ગર્જના સરખો ગંભીર ધ્વનિ–સ્વર હતો તેવા શ્રીપાળકુંવરની સવારી જતી જોઇ કુંવરના સુરૂપથી મોહ પામીને શહેરમાં ચૉક ચૉક, અને ચૌટાની અંદર પુષ્કળ જથ્થાબંધ સ્ત્રીપુરુષોનાં ટોળાં મળ્યાં, તથા કોઇ મહેલની અગાસી ઉપર, કોઇ ગોખ–ઝરૂખામાં અને કોઇ મેડી માળિયે ચડી કુંવરનું રૂપ નિહાળવા લાગ્યાં.

[1]મુગ્ધા પૂછે માયને, મા એ કુણ અભિરામ;
ઇંદ, ચંદ કે ચક્કવી, શ્યામ, રામ કે કામ. ૮
માય કહે મ્હોટે સ્વરેં, અવર મ ઝંખો આળ;
જાય જમાઇ રાયનો, રમવા કુંવર શ્રીપાળ. ૯
વચન સુણી શ્રીપાળને, ચિત્તમાં લાગી ચોટ;
ધિક સુસરા નામેં કરી, મુજ ઓળખાવે લોક. ૧૦

૧ જેના અંગમાં યૌવન પ્રાપ્ત થવા લાગ્યું હોય તો પણ તેને તે વાતની ખબર ન હોય અગર તો જેને કોઇ વાતની જોઇએ તેટલી ખબર ન હોય તે મુગ્ધા નાયકા કહેવાય છે.

**ઉત્તમ આપગુણે સુણ્યા, મજ્ઝિમ બાપ ગુણેણ;**
**અધમ સુણ્યા માઉલ ગુણે, અધમાધમ સસુરેણ. ૧૧**

**અર્થ**:—એ વખતે એક ભોળી છોડીએ પોતાની માને પૂછયું કે-"મા! આ મનોહર છે તે ઈંદ્ર છે, ચંદ્ર છે, ચક્રવર્તિ છે, કૃષ્ણ છે, રામ છે કે કામદેવ છે તે મને સમજાવ." દીકરીનું આવું બોલવું સાંભળી માએ મોટે અવાજે કહ્યું કે-"વહાલી બેટી! બીજા આળ-પંપાળરૂપ વિચાર ન બોલ! એ તો આપણા રાજાનો જે જમાઈ શ્રીપાળકુંવર છે તે હવા ખાવા જાય છે. તે સ્ત્રીનાં વચન સાંભળી શ્રીપાળકુંવરના ચિત્તમાં બાણુના ભોંકવા સરખું તે વચન ખટકવા લાગ્યું અને તેથી કુંવર પોતાના જીવનને ધિક્કાર માનવા લાગ્યો, કેમકે લોકો મને સસરાના નામથી ઓળખાવે છે. નીતિશાસ્ત્રમાં કહેલું છે કે- [1]જે મનુષ્યો પોતાના જ નામથી જગતમાં ઓળખાય, તે મનુષ્યો સર્વથી ઉત્તમ પંક્તિનાં ગણાય છે. જેઓ બાપના નામથી ઓળખાય (ફલાણાનો છોકરો) તે મનુષ્યો મધ્યમ પંક્તિનાં ગણાય છે, જેઓ મામાના-મોસાળીઆને લીધે ઓળખાય (ફલા-ણાનો ભાણીઓ!) તે મનુષ્યો અધમ પંક્તિનાં ગણાય છે, અને જેઓ સસ-રાના નામથી ઓળખાય (ફલાણાનો જમાઇ) તે મનુષ્યો અધમમાં અધમ પંક્તિનાં ગણાય છે, તો અધમમાં અધમ પંક્તિમાં ગણાતા મનુષ્યોની પેઠે હું સસરાના નામથી ઓળખાઉં છું, તેથી ધિક્કારને જ પાત્ર છુ. ૮-૧૧

**(ઢાળ પહેલી-રાગ જેતશ્રી-ચતુર સનેહી મોહનાં--એ દેશી.)**

**ક્રીડા કરી ઘર આવીઓ, ચપળ ચિત્ત શ્રીપાળોરે,**
**ઉચ્ચક મન દેખી કરી, બોલાવે પુણ્ય પાળોરે. ક્રીડા. ૧**
**રાજ કોણે આજ રીસવ્યા, કોણે લોપી તુમ આણરે**
**દીસો છો કાંઇ દૂમણા, તુમ ચરણે અમ પ્રાણરે. ક્રીડા. ૨**
**ચિત્ત ચાહો તો આપણું, લીજે ચંપા રાજરે;**
**છડે પ્રયાણે ચાલિયે, સબળ સૈન્ય લઈ સાજરે. ક્રીડા ૩**

**અર્થ**:—ઉપર પ્રમાણે મન ઉદ્વિગ્ન થવાથી શ્રીપાળકુંવર ચપળચિત્ત સહિત વનશ્રીની લીલા નિહાળી તુરત પાછો પોતાની હવેલીએ આવી પહોંચ્યો. કુંવરનું ચિત્ત ઉદાસ જોઇ પ્રજાપાળ કહેવા લાગ્યો-"હે રાજન્!

૧ આ સંબંધ એ જ બતાવે છે કે-ઉત્તમ કામો કરી દરેક મનુષ્યે પોતાના નામથી જ પ્રસિદ્ધિમાં આવવું.

આજે આપને કોઈએ રીસ લાવવા જેવું કંઈ કારણ આપ્યું છે, અથવા તો કોઈએ આપની આજ્ઞા (હુકમ)નો ભંગ કરેલ છે, કે જેથી આપ દુઃખભરી લાગણીવાળા દેખાઓ છો? પરંતુ આપ એમ દિલગીર ન થાઓ, કેમકે આપના ચરણમાં અમારા પ્રાણ છે અને જ્યારે આમ દિલગીર થાઓ ત્યારે અમો ચરણાધીન રહેલા પ્રાણવાળા દિલગીર થઈએ એમાં નવાઈ જેવું પણ છે શું? માટે જે હોય તે ખરેખરૂં ફરમાવો. કદાચિત આપના ચિત્તમાં ચાહતા હો કે પોતાની ચંપાનગરીનું રાજ્ય હરીફે પચાવ્યું છે તે પાછું સ્વાધીન કરીએ, તો સબળ સૈન્ય (લશ્કર) અને પૂરતા સાજ (સાધનો) સહિત નગારે ડંકા દઈ પ્રયાણ કરીએ."

**કુંવર કહે સુસરાતણે, બળેં ન લીજેં રાજરે;**
**આપ પરાક્રમજિહાં નહીં, તે આવે કુણ કાજરે. ક્રીડા. ૪**
**તેહ ભણી અમે ચાલશું, જોશું દેશ વિદેશરે;**
**ભુજબળેં લખમી લહી, કરશું સકળ વિશેષરે, ક્રીડા. ૫**

**અર્થ**:—સસરાજીનું કહેવું સાંભળી કુંવરે કહ્યું—"સસરાના બળવડે રાજ્ય લેવું હું પસંદ કરતો નથી, કેમકે જ્યાં પોતાનામાં પરાક્રમ નહિ ત્યાં પારકું પરાક્રમ શું કામ આવે? માટે [૧]પોતાનું પરાક્રમ જાહેરમાં લાવવા અહીંથી રવાના થઈશું અને દેશવિદેશ જોઈ ભૂજાઓના બળથી લક્ષ્મી પ્રાપ્ત કરી પોતાની રાજ્યલક્ષ્મી હાથ કરવા આદિ સર્વ ધારેલી ધારણા સફળ કરીશું." (૪–૫)

**માય સુણી આવી કહે, હું આવીશ તુજ સાથરે,**
**ઘડીઅ ન ધીરૂં એકલો, તુંહિજ એક મુજ આથરે, ક્રીડા. ૬**
**કુંવર કહે પરદેશમાં, પગબંધન ન ખટાયરે;**
**તિણેં કારણ તુમે ઈહાં રહો, દ્યો આશિષ પસાયરે. ક્રીડા. ૭**
**માય કહે કુશલા રહો, ઉત્તમ કામ કરજોરે;**
**ભુજબળેં વૈરી વશ કરી, દરિસણ વહેલું દેજોરે. ક્રીડા. ૮**
**સંકટ કષ્ટ આવી પડે, કરજો નવપદ ધ્યાનરે,**
**રયણી રહેજો જાગતા, સર્વ સમય સાવધાનરે. ક્રીડા. ૯**

૧ આ સંબંધ એટલો બોધ આપે છે કે—પોતાની શક્તિ વડે જ તમામ કામ કરવાં, કે બીજાની શક્તિ પર ભરોસો રાખી કામ આદરી પછી બેવકૂફ બનવું. 'આપસમાન બળ નહિ,' એ કહેવત ખાસ અમૂલ્ય સમજવી.

અધિષ્ઠાયક સિદ્ધચક્રનાં, જેહ કહ્યાં છે ગ્રંથેરે;
તે સવિ દેવી દેવતા, યતન કરો તુમ પંથેરે. ક્રીડા. ૧૦

એમ શિખામણ દેઈ ઘણી, માતા તિલક વધાવેરે;
શબ્દ શકુન હોય ભલા, વિજય મુહુરત પણ આવેરે. ક્રીડા. ૧૧

રાસ રચ્યો શ્રીપાળનો, તેહને બીજે ખંડેરે;
પ્રથમ ઢાળ વિનયે કહી, ધર્મ ઉદય થિતિ મંડેરે. ક્રીડા. ૧૨

**અર્થ**:—કુંવરનો વિચાર માતા કમળપ્રભાના જાણમાં આવતાં તુરત તે કુંવર પાસે આવી કહેવા લાગી—"હે પુત્ર! હું પણ તારી સાથે જ આવીશ. હું હવે ઘડીભર પણ તને એકલો જવા દેવાની નથી, કેમકે મારે તું જ એક મુડી–પુંજી છે." એ સાંભળી કુંવરે કહ્યું—"માજી! [1]પરદેશની અંદર સ્ત્રી વર્ગનું પગબંધન હોય તે ખંટાયજ નહિ. મતલબ કે સ્ત્રીને માટે મકાન, ખાન, પાન વગેરેનો સઘળો બંદોબસ્ત કરવો પડે, અને એવી લપને લીધે મન મેલી કામ ન થાય. તેથી કોઈ ધારણા ફતેહને ન ભેટી શકે; એ હેતુને લીધે આપ અહીંયાં સુખે રહો અને કૃપા કરી શુભાશિષ આપો એટલે આનંદ." માતા પુત્રના સહેતુ ભર્યા કથન સાંભળી બોલી—"પુત્ર! કુશળતાપૂર્વક રહેજો અને ભૂજાના બળવડે શત્રુઓને વશ કરી વહેલા દર્શન દેજો, તથા સંકટ કષ્ટ પડે તો નવપદનું ધ્યાન કરજો. રાત્રિની અંદર હમેશાં જાગૃત રહેજો અને દરેક વખતે દરેક કામમાં પણ સાવધાન–હોશિયાર રહેજો. તેમજ સિદ્ધચક્રજીનો અધિષ્ઠાયક (વિમળેશ્વર યક્ષ, ચક્રેશ્વરી દેવી વગેરે) દેવો કે જે ગ્રંથોની અંદર વર્ણવેલ છે; તે તમામ દેવી દેવતા તમોને તમારા પંથને વિષે (મુસાફરીમાં) તમારૂં જતન કરો એજ સદોદિત ખરા અંતઃકરણની મારી આશીષ છે." આવી રીતની શીખામણ અને આશીષ દઈને માતાએ કુંવરના કપાળમાં કુંકુમનું તિલક કરી અક્ષત વગેરેથી વધાવા આપ્યા. તે વેળાએ પ્રયાણને માટે શબ્દ અને શકુન મનમાનતાં–સારાં થયાં અને વિજયકારી વિજય મુહૂર્ત્ત પણ રજુ થયું; અર્થાત્ બધી રીતે પ્રયાણ માટેનો સુંદર યોગ મળ્યો. કવિ વિનયવિજયજી કહે છે કે આ શ્રીપાળકુંવરનો સુંદર રાસ રચ્યો તેના બીજા ખંડની પહેલી ઢાળ પૂર્ણ થઈ, તેમાં મેં એજ બતાવ્યું કે જ્યારે જે વાતનો ઉદય થવો લખેલ હોય ત્યારે જ તે થાય. એટલે–સ્થિતિનો પરિપાક થાય કે સ્થિ-

[1] આ સંબંધ એ જ બોધ આપે છે કે પરદેશમાં સુખે ધન પેદા કરવા જવું હોય તો સ્રીવર્ગ રાખવો જ નહિ, નહિ તો બડી મુશ્કેલીઓ નડે છે.

તિના પરિપાક ઉદયથી જીવ ધર્મમાં પ્રવર્ત્તે-જોડાય છે. મુગ્ધાને મળેલો ઉત્તર સાંભળવાથી કુંવરનું વિદેશગમન થતાં મનમાનતી સંપદાનું દ્વાર ખુલવું, એ સ્થિતિ પરિપાકના ઉદયની જ બલિહારી છે. (૯-૧૨)

---

( દોહરા-છંદ )

હવે મયણા ઇમિ વીનવે, તુમશું અવિહડ નેહ;<br>
અળગી ક્ષણ એક નવિ રહું જિહાં છાયા તિહાં દેહ. ૧<br>
અગ્નિ સહેતાં સોહિલો, વિરહ દોહિલો હોય;<br>
કંત વિછોહિ કામિની, જલણ જલંતી જોય. ૨<br>
કહે કંવર સુંદરિ સુણો, તું સાસૂ પય સેવ,<br>
કાજ કરી ઊતાવળો, હું આવું છું હેવ. ૩<br>
મન પાખે મયણા કહે, પિયુ તુમ વચન પ્રમાણ;<br>
છે પંજર શૂનું પડયું, તુમ સાથે મુજ પ્રાણ. ૪

અર્થ:—હવે મયણાસુંદરીએ પતિદેવ અગાડી કહેવું શરૂ કર્યું કે-"હે નાથજી ! આપની સાથે અવિચળ સ્નેહ છે, માટે એક ક્ષણભર પણ હું જુદી નહિ રહું. આ આપના શરીરની છાયારૂપ સ્ત્રી તો જ્યાં આપ ત્યાં જ સાથે હોવી જોઇએ. પ્રાણજીવનજી ! સ્ત્રીઓને અગ્નિની જ્વાળા સહન કરવી સહેલ છે, પરંતુ પતિદેવનો વિરહ-વિયોગ સહન કરવો પડે એ અત્યંત દુઃખરૂપ-મુશ્કેલ છે, કેમકે પતિથી જુદી પડેલી કામિની સળગતિ હોળી જેવી બળતી જ રહે છે-( માટે સાથે જ રાખવાથી તે સુખી રહે છે. ) ૧

કુંવરે વિવાહિતાની વાત સાંભળી કહ્યું, " હે સુંદરી ! સાંભળ, હાલમાં ( હું ફરીને આવું ત્યાં લગી ) તું તારી સાસુજીનાં ચરણકમલની સેવા કર્યા કર. ( કેમકે તું પાસે હોવાથી એમને ધીરજ-ધારણા મળે.) હું મારું મન-ચિંતિત કાર્ય સિદ્ધ કરી ( એક વર્ષ-દિવસમાંજ) ઉતાવળ સહિત અહીં આવી પહોંચીશ. ( માટે બેફિકર રહે. ) ૨

---

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે સ્ત્રીએ પતિની આજ્ઞા જ પાળવી અને પતિ-વિયોગ થતાં વિયોગિની સતી સ્ત્રીની પેઠે આચાર પાળવો. નહીં કે પોતાનું ધાર્યું જ કરવા પતિની આજ્ઞા ન માનવી અને પતિ પરદેશ જાય ત્યારે મોજમજામાં મશગુલ રહી ઉભય કુળને દોષિત કરવું.

૨ કાવ્ય શાસ્ત્રનો નિયમ છે કે-કોઇ પણ ગાયન બનાવવામાં આખા ગાયનનો સાર બતાવનાર આસ્થાઇ રચવાની અંદર કવિનિ મગજ શક્તિનો વિશેષ ઉપયોગ કરવો પડે છે અને તે આસ્થાઇ-એટલે ગાયનમાં પ્રથમના એક અથવા બે પદ અથવા આંકણીનાં પદ

એકલાં રહેવાનું મન ન છતાં પણ [1]પતિની આજ્ઞા પાળ્યા વિના છૂટકો જ ન હોવાથી મયણાસુંદરી બોલી કે, પિયુજી! આપનું વચન મારે કબૂલ છે. (આપની મરજીને આધીન રહેનાર હોવાથી આનાકાની કરવા હક્કદાર જ નથી, માટે છેવટની અરજ એ છે કે) મારો જીવ આપના ચરણકમળમાં જ લુબ્ધ રહેનાર હોવાને લીધે આ શરીર તો પંખી વિનાના સૂના પાંજરાની પેઠે ખાલી ખોખા જેવું જ પડયું રહેનાર છે. હવે જેમ યોગ્ય જણાય તેમ કરવા આપ મુખત્યાર છો. ૩ એટલું બોલી પુનઃ વિનવવા લાગી કેઃ— (૧-૪)

(ઢાળ બીજી—રાગ મલ્હાર—કોશ્યા ઉભી આંગણે—એ દેશી.)

[2]વાલમ વહેલારે આવજો, કરજો માહરી સારરે;
રખે રે વિસારી મૂકતા, લહી નવી નવી નારરે. વા. ૧
આજથી કરીશ એકાસણું, કર્યો સચિત્ત પરિહારરે;
કેવળ ભૂમિ સંથારશું; તજ્યાં સ્નાન શણગારરે. વા. ૨
તે દિન વળિ કદી આવશે! જિહાં દેખીશ પિયુ પાયરે;
વિરહની વેદના વારશું, સિદ્ધચક્ર સુપસાયરે. વાલમ. ૩

---

કે જે વારંવાર ગાથા પૂરી થવાથી બોલાય છે, તે એવી ખુબીનાં રચવા જોઇએ કે પૂર્ણ થયેલી ગાથા સાથે જ તે પદનો સંબંધ લાગુ રહેવો જોઇએ. ઉદાહરણ તરીકે—' એવીરે રંભા જાણી જાવા કેમ દઇએ.' આ પદને ગાયનનો સાર બતાવનાર આસ્થાઇ કહે છે, તથા તે જ પદ દરેક કડી પૂરી થતાં આવે; તો પણ—' નિપજ્યું રત્નજ આમ નીભાડે, ન્હોતી ખબર લગાર; નહિ તો દેશળ દિન કેમ કાઢત, મામા રાંખેંગારરે. એવીરે રંભા જાણી જાવા કેમ દઇયે.' આ જેમ ચાર પદની કડી પાછળનું પદ તે ચાર કડીની વાત સાથેજ સંબંધ ધરાવનાર રહ્યું, તેમ ગાયન પૂરું થતાં લગી રહેવું જોઇએ, છતાં અતિ આશ્ચર્યની વાત છે કે જૈનના હીરા જેવા વિનયવિજયજીએ આસ્થાઇની મર્યાદા તરફ કેમ દુર્લક્ષ દાખવ્યું હશે? તે સમજવું દુર્લભ થઇ પડયું છે. કાંતો તે વખતમાં તે નિયમ સાધારણ માની લીધેલ હોય, (જેમકે હાલમાં સુધરેલા કવિઓ વર્ણસગાઇ, પ્રાસ અનુપ્રાસ મેળવવાની મુર્ખાઇરૂપ રીત માની લઇ તે રીત સંસ્કૃતમાં નથી એમ બતાવી પોતાની વાતને સત્યતા આપે છે;) પણ ખ્યાલ કરવાનો છે કે વ્હાલમ વ્હેલેરા આવજો એ પદ દરેક ગાથાની કેડે આવેલું છે, છતાં, (દેશપુરનગરના નવનવાં જોતાં કૌતુક રંગેરે; એકલો સિંહ પરેં મ્હાલતો, ચઢયો એક ગિરિશૃંગેરે. વ્હાલમ વ્હેલેરા આવજો.) તપાસી જુઓ કે—આ ગાથા સાથે આકણીનું પદ કશો પણ સંબંધ ધરાવે છે? બિલકુલ નહિ, તો પછી તે પદ વારંવાર માથાકુટ રૂપ આવવાની જરૂર શી? કવિઓ એક અક્ષર પણ નકામો મુકતા જ નથી. આકણીનું પદ ચાલતી વાતને શોભાવનાર—તાજી કરનાર તરીકેજ હોવું જોઇએ એમ મારું તો માનવું છે. તત્વ કેવળીગમ્ય. ભા. ક.

**અર્થઃ**—વાલમજી! આપ મનોરથ સિદ્ધિ મેળવી પાછા અહીં વહેલા પધારજો અને મારી સંભાળ લેજો. તેમ જ મને વિસારી ન દેતાં યાદ રાખજો, કેમકે આપ ભાગ્યવંત રાજન્ નવીન નવીન રાજકન્યાઓને વરશો જેથી તેઓની સમૃદ્ધિ તથા પ્યાર-ગુણ આદિ વિશેષ જણાતાં કદાચ મને વિસારી ન દો, માટે જ પુનઃ પુનઃ અરજ છે કે-વાલમ વહેલારે આવજો. પ્રાણજીવનજી! વહેલા પધારવાની જરૂર એ છે કે, આપના અહીંથી પધારવાને લીધે આજથી હું આપશ્રીના ફરી અહીં પધારવા લગીની મુદત સુધી એકાસણું (એક ટંકજ નિયમિત આહાર) કરીશ, તથા જે જે સચિત્ત (જેમાં જીવ સંજ્ઞા છે તેવી તમામ) વસ્તુઓ છે તે સર્વનો પણ આજથી ત્યાગ કરીશ. (ફક્ત અચિત્ત વસ્તુ જ વાપરીશ) તેમ જ ભોંય ઉપર જ બિછાનું કરી (ફકત ત્રણ પડ જ પાથરી) સૂવાનો નિયમ જાળવીશ, અને પીઠી ચોળીને-તેલ મર્દન કરીને-વિકારી ભાવને પેદા કરનાર સ્નાન, તથા શૃંગાર-ઘરેણાં-કાજળ, પાનબીડું; વગેરે તજી જ દીધાં માનીશ. (ફકત સૌભાગ્યવતીનાં ચિન્હરૂપ ભૂષણ આભૂષણરૂપ શૃંગાર અને દેવપૂજા કરવા માટે કરવામાં આવતું સદ્ભાવ વાસિત સ્નાન કરવું, એ જ ઉપયોગમાં લઈશ. હે મસ્તકમુકુટમણિ! તે દિવસ ફરીને ક્યારે આવશે કે જે દિવસે હું આપ સ્વામીનાથના ચરણ-કમળનાં દર્શન કરીશ? અને ક્યારે શ્રી ઇષ્ટદેવ સિદ્ધચક્રજીના પ્રતાપથી વિયોગની અસહ્ય વેદના દૂર કરીશ? મતલબ એ જ કે આપશ્રીના દર્શન માટે અત્યાતુર રહીશ, માટે જ ફરી ફરીને વિનવું છું કે-વાલમ વહેલારે આવજો. (૧-૩)

**સજ્જન બોલાવી ઇણિપરે, લેઇ ઢાલ કૃપાણરે;**
**ચંદ્રનાડી સ્વર પેસતાં, કુંવરે કીધ પ્રયાણરે. વાલમ. ૪**

**અર્થઃ**—આ પ્રમાણે પોતાના હેતુજનોને બોલાવી, તેઓની પ્રસન્નતા મેળવી, ઢાલ તરવાર ધારણ કરી, ચંદ્રનાડીમાં સ્વરનો પ્રવેશ થયેથી શ્રીપાળ-કુંવરે તાકીદે કાર્યસિદ્ધિને હાથ કરવા પ્રયાણ કર્યું. (કહ્યું છે કેઃ-દેવાદિના પૂજનનું કામ શરૂ કરવા વખતે, ધન પેદા કરવાનો ઉદ્યમ આદરવા વખતે, કોટ કિલ્લા બાંધવા વખતે, ઘર ખેતર ખરીદવા વખતે, કોઈ વસ્તુ વેચી ફરી લેવા-સાટાંપાટાં કરવા વખતે, મસલત કે સંધિના સંદેશા વખતે, નોકરી તથા ખેતી કરવા વખતે, વિદ્યાનો આરંભ કરવા વખતે, પાટનો અભિષેક થવા વખતે, પ્રશ્ન પૂછવાની તક વખતે, અને દરેક સ્થિર કામ કરવાની ઇચ્છા વખતે; વગેરે વગેરે કામો વિશેષ કરીને જે વખતે નાકની ડાબી કોણના નસ્કોરામાં પવન વહેતો હોય

તે વખતે જ કરવાં કે જેથી અવશ્ય સિદ્ધિ જ મળે છે. એથી તત્કાળ કાર્યસિદ્ધિ સ્વાધીન કરવા તે ચંદ્રસ્વર વખતે જ મંગળ પ્રયાણ કર્યું.) (૧–૪)

**દેશ પુર નગરના નવનવાં, જોતો કૌતુક રંગેરે;**
**એકલો સિંહ પરે મ્હાલતો. ચઢયો એકગિરિશૃંગેરે. વા. ૫**
**સરસ શીતળ વનગહનમાં. જિહાં ચંપક છાંહરે;**
**જાપ જપતો નર પેખિયો, કરી ઊરધ્વ બાંહરે. વાલમ. ૬**
**જાપ પૂરો કરી પુરૂષ તે, બોલ્યો કરિય પ્રણામરે;**
**સુપુરૂષ તૂં ભલે આવિયો, સર્યું માહરૂં કામરે. વાલમ. ૭**

**અર્થઃ**—ઉજ્જયીનીથી રવાના થઇ કુંવર શ્રીપાળ નવા નવા દેશ, નવાં નવાં પુર, નગરનાં નવીન નવીન કૌતુક; (ખેલ તમાસા રમત ગમત નવાઈ જેવી બાબતો) જોતો જોતો રંગ–આનંદ સહિત [૧]સિંહની પેઠે નિડર બની એકલો જ પંથ પસાર કરતો કરતો એક ડુંગરના શિખર ઉપર જઈ પહોંચ્યો. અને ત્યાં જોતાં જોતાં સુંદર ટાઢી ગહનવનની ઘટાના ચંપાના ઝાડ નીચે એક ઊંચા હાથ રાખી જાપ જપતો સાધક પુરુષ તેની નજરે પડયો, એથી તે ત્યાં ઉભો રહ્યો, એટલે સાધક પુરુષ પોતાનો જાપ પૂર્ણ થવાથી કુંવરને નમન કરી કહેવા લાગ્યો કે, "હે સત્પુરુષ! આપ ભલે પધાર્યા, આપના પગલાંના પ્રતાપવડે મારું કામ હવે સિદ્ધ થયું જ સમજું છું." (૫–૭)

**કુંવર કહે મુજ સારીખુ, કહો જે તુમ્હ કાજરે;**
**ઘણે આગેં ઉપકારને દીધાં, દેહ ધન રાજરે. વાલમ. ૮**
**તે કહે ગુરૂકૃપા કરી ઘણી, વિધા એક મુજ દીધરે;**
**ઘણો ઉધમ કર્યો સાધવા, પણ કાજ ન સિદ્ધરે. વાલમ. ૯**
**ઉત્તર સાધક નર વિના, મને રહે નહિં ઠામરે;**
**તિણે તુમ એ કરૂં વીનતી, અવધારિયે સ્વામરે. વાલમ. ૧૦**

અર્થઃ—કુંવરે કહ્યું, "મારા લાયક જે કંઈ તમારે કામ હોય તે ખુશીથી મને કહો–ભળાવો, કેમકે અગાડીના સમયમાં પારકાનો ઉપકાર કરવા માટે ઘણાએ સત્પુરુષોએ [૨]ધન, રાજ્ય અને અંતમાં પોતાનું શરીર

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે પરદેશમાં જરા પણ ડર ન રાખતાં હિમ્મત સાથે પંથ પસાર કરવો, હિમ્મત એજ સાચું હથિયાર છે.

૨ પારકાનું ભલું કરવા જ માનવનો જન્મ મળેલો છે, માટે પોતાના તન, મન, ધનનો વ્યય કરતાં પણ પરનું ભલું કરવું, એજ આ સંબંધ બોધ આપી રહેલ છે.

શુદ્ધાં પણ કુરબાન કરેલ છે." તે સાંભળી સાધનાર પુરુષે કહ્યું કે–" મારા ગુરુએ મારા પર ઘણી જ મહેરબાની કરી મને એક વિદ્યા બક્ષી છે, તેને સિદ્ધ કરવા માટે બતાવ્યા પ્રમાણે બહુ બહુ ઉપાય કર્યા, છતાં પણ કાર્યસિદ્ધિ હાથ લાગી નહીં, કારણ કે ઉત્તરસાધક (વિદ્યા સાધનારની પાસે દેખરેખ રાખનાર ખબરદાર સુલક્ષણા) પુરુષ વગર મન નિર્ભય કે નિશ્ચળ રહેતું નથી. તે માટે આપને એ વીનંતિ કરું છું કે હે સ્વામી! આપ તે સ્વીકારવા કૃપા કરો. (૮–૧૦)

કુંવર કહે સાધ વિદ્યા સુખેં, મન કરી થિર થોભરે,
ઉત્તર સાધક મુજ થકાં, કરે કોણ તુજ ખોભરે. વા. ૧૧
કુંવરના સહાયથી તતખિણેં, વિદ્યા થઇ તસ સિદ્ધરે;
ઉત્તમ પુરૂષ જે આદરે, તિહાં હોયે નવનિદ્ધરે, વા. ૧૨
કુંવરને તેણે વિદ્યાધરે, દીધી ઔષધિ દોયરે,
એક જળ તરણી અવરથી, લાગે શસ્ત્ર નહિં કોયરે. વા. ૧૩

અર્થઃ–કુંવરે કહ્યું કે, "તમે તમારું મન પૂર્ણપણે સ્થિર રાખી સુખ પૂર્વક વિદ્યા સાધો. હું ઉત્તરસાધક છતાં તમને હરકત કરનાર જ કોણ છે?" આમ કહેવાથી તરત જ તે સાધકે કુંવરની મદદથી વિદ્યા સાધવા માંડી કે નિર્વિઘ્ને તેને સિદ્ધ થઈ.[1] (નિયમ જ છે કે ઉત્તમ પુરુષો જે કામ આદરે તે કામમાં નવે નિધિ પ્રકટ થાય છે) તે પછી તે વિદ્યાધરે પ્રસન્ન થઇ બે મહા મહિમાવંત દિવ્ય ઔષધીઓ આપી, તે પૈકી એક જળતરણી એટલે કે ચાહે તેટલા ઊંડા પાણીમાં પડે તોપણ તેના વડે ન ડુબતાં તરી પાર ઊતરે અને બીજી શસ્ત્રસંતાપહરણી એટલે કે જેના પ્રતાપથી કોઈપણ જાતનું અસ્રશસ્ત્ર વાગે જ નહીં. ૧૧–૧૩

કુંવર વિદ્યાધર દોય જણા ચાલ્યા પર્વત માંહિરે.
ધાતુરવાદી રસસધતા, દીઠા તિહાં તરૂ છાંહિરે. વા. ૧૪
તેહ વિદ્યાધરને કહે, તુમેં વિધિ કહ્યો જેહરે,
તિણેં વિધિં ખપ અમે બહુ કર્યો, ન પામે સિદ્ધિ એહરે.
વાલમ વહેલારે આવજો. વા. ૧૫
કુંવર કહે મુજ દેખતાં, વળી એહ કરો વિધિરે,
કુંવરની નજર મહીમાથકી, થઇ તતક્ષણ સિદ્ધિરે, વા. ૧૬

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે મહાન પુરુષનાં પગલાંનો જ પ્રતાપ અચિંત્ય હોય છે, માટે તેવા પુરુષોની છાયામાં જીવનનો આનંદ મેળવવા વિશ્રામ લેવો.

**ધાતુરવાદી કહે નીપનું, કનક તુંમ અનુભાવરે,**
**એહમાંથી પ્રભુ લીજિયેં તુમ તણો જે મન ભાવરે. વા. ૧૭**
**કુંવર કહે મુજ ખપ નહીં, કુણ ઊચલે ભારરે,**
**અલ્પ તિણે અંચળે બાંધિયું, કરી ઘણી મનોહારરે. વા. ૧૮**

અર્થઃ—તે પછી કુંવર અને વિદ્યાધર એ બેઉ જણા રવાના થઇ અગાડી પર્વતની અંદર ચાલ્યા અને જ્યાં કીમિયાગરો બેઠા બેઠા સોનાસિદ્ધિ સિદ્ધ કરતા હતા ત્યાં જઇ પહોંચતાં તેઓને ઝાડના છાંયડે બેઠેલા જોઇ ઉભા રહ્યા. વિદ્યાધરને જોઇ કીમિયાગરો બોલ્યા–"આપે જે વિધિ કહ્યો હતો તે વિધિ પ્રમાણે સોનું બનાવવા ઘણો ઉદ્યમ કર્યો, પણ અમને ફતેહ મળી નહીં." કુંવરે કહ્યું, "જે વિધિ કર્યો, તે જ વિધિ ફરી એકવાર મારા દેખતાં કરો." આમ કહેવાથી તે કીમિયાગરોએ તે વિધિ અમલમાં આણ્યો કે તરત જ કુંવરની નજરના મહિમા વડે સોનું થઈ આવતાં અર્થસિદ્ધિ પ્રાપ્ત કરી,[૧] એ જોઇને કીમિયાગરો કહેવા લાગ્યા–"આપના પ્રતાપથી સોનાસિદ્ધિ સિદ્ધ થતાં આ સોનું તૈયાર થયું, માટે હે પ્રભો! આમાંથી આપના મનમાં જેટલાની જરૂર જણાય તેટલું સોનું લો." કુંવરે કહ્યું મને એની જરૂર નથી કોણ એ ભાર ઉંચકે." આવું કહ્યું છતાં પણ તે કીમિયાગરોએ પરાણે ઘણી માથાકુટ કરી થોડું સોનું રૂમાલને છેડે બાંધ્યું. (૧૪-૧૮)

**અનુક્રમે કુંવર આવિયો, ભરૂઅચ્ચ નયર મઝારરે,**
**હેમ ખરચી સજાઈ કરી, ભલાં વસ્ત્ર હથિયારરે. વા. ૧૯**
**સો નેં મઢિય તે ઔષધિ, બાંધિ દોય નિજ બાંહિરે.**
**બહુ વિધ કૌતુક દેખતો, ફરે ભરૂઅચ્ચ માંહિરે. વા. ૨૦**
**ખંડ બીજે એહ રાસનો, બીજી એ તસ ઢાળરે,**
**વિનય કહે ધર્મથી સુખ હુએ, જેમ રાય શ્રીપાળરે વા. ૨૧**

અર્થઃ—તે પછી કુંવર ત્યાંથી રવાના થઇ મજલ કરતો ને બહુ બહુ સ્થળો જોતો અનુક્રમે ભરૂચ જઇ પહોંચ્યો, અને રૂમાલને છેડે બાંધેલું સોનું વેચી કુંવરે પોતાને શોભતાં કપડાં, શસ્ત્ર, અસ્ત્ર વગેરે જોઇતાં સાધન ખરીદ્યાં, તથા માદળિયું કરાવી બન્ને મહીમાવંત ઔષધીઓને તેની અંદર મઢી લેવરાવી તે પોતાને હાથે બાંધી લીધું. તે પછી તેણે ઘણી

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે–પુરુષાર્થી પુરુષોની નજર જ પ્રભાવશાળી હોય છે જેથી તેવાઓની કને નજર થાય તે જ માર્ગ આદરવો.

જાતોની રમત ગમત જોતાં ભરૂચ શહેરની અંદર ફરવાનો નિયમ શરૂ રાખ્યો. વિનયવિજયજી કહે છે કે: આ રાસના બીજા ખંડની આ બીજી ઢાળ પૂરી થઇ, તેમાં એજ મતલબ છે કે જેમ શ્રીપાળકુંવરને ધર્મવડે સુખ મળ્યું તેમ દરેક મનુષ્યને ધર્મવડે સુખ જ પ્રાપ્ત થાય છે. (૧૯–૨૧)

---

(તે પછી શું બીના બની તે બતાવે છે)

(દોહરા—છંદ)

કોસંબી નયરી વસે, ધવળશેઠ ધનવંત,
લોક અનર્ગળ ધન ભણી, નામ કુબેર કહંત. ૧
[1]શકટ ઊંટ ગાઢાં ભરી, કરિયાણાં બહુ જોડિ,
તે ભરૂઅચ્ચેં આવિયો, લાભ લહે લખ કોડિ. ૨
વસ્તુ સકળ વેચી તિણે, અવર વસ્તુ બહુ લીધ,
જળવટ પ્રવહણ પૂરવા, સકળ સજાઈ કીધ. ૩
એક જુંગ વાહણ કિયું, કુઆથંભ જિહાં સહુ,
કુંવાથંભ સોળે સહિત, અવર જુંગ અડસહુ. ૪
વડ સફરી વાહણ ઘણાં, બેડા વેગડ દ્રોણ,
શિલ્લ ખૂરપ આવર્ત્ત ઇમિ, ભેદ ગણે તસ કોણ. ૫
ઇણીપરે પ્રવહણ પાંચશેં, પૂર્યાં વસ્તુ વિશેષ;
બંદર માંહે આણિયાં, પામી નૃપ આદેશ. ૬
માલિમ પટ પુસ્તક જુએ, સૂખાણી સૂખાણ;
ધ્રૂ અધિકારી ધ્રૂતણી, દોરી ભરે નિસાન. ૭

---

૧ 'શકટ ઊંટ ગાડાં ભરી' એમ કહેવામાં પુનરુક્તિ દોષ લાગે છે. પુનરુક્તિ દોષ આશ્ચર્ય, ખેદ, હર્ષ; વગેરેમાં અથવા તો વિશેષ ભાવ પ્રકાશવામાં, કે એજ શબ્દનો અર્થ આકાર ફરી જતો હોય; તેમાં ગણાતો નથી, તો વિનયવિજયજી જેવા સમર્થ પંડિત સ્વાર્થ વિના આવી ભૂલ કરે જ નહીં. ગાડાં ભરી નહીં પણ ગાઢાં ભરી એવો શુદ્ધ પ્રાચીન પ્રતમાં પાઠ છે, છતાં પણ ગાડરીયા પરિવારના પ્રવાહની પેઠે આવી મોટી ભૂલ તરફ કોઇ લક્ષ દેતું જ નથી કે, એક જ પદમાં શકટ એટલે ગાડું અને ફરી ગાડાં એમ બે વખત કહેવાથી શું વિશેષ પ્રકાશ પાડે છે. નિયમ એવો છે કે એક જ ગાયનમાં (તે પૂરું થતાં લગી) જે શબ્દ આવી ગયો, તે શબ્દ ખાસ કારણ વગર લાવવો જ ન જોઇએ. એજ પર્યાયનો શબ્દ જોઇએ તો કયાં શબ્દસમુહનો પાર છે? જોઇએ તેટલા એકપર્યાયવાચી શબ્દો છે માટે તેવા મૂકવા જાઇયે,

કરે કરાણી સાચવણ, નાખૂદા લે ન્યાઉ;
વાયૂ પરખે પંજરી, નેજામાં નિજ દાઉ. ૮
ખરી મસાગતિ ખારૂઆ, સજ્જ કરે સઢ દોર;
હલક હલેસાં હાલવે, બહુ બેઠા બિહું કોર. ૯
પંચવર્ણ ધ્વજ વાવટા, શિર કરે ચામર છત્ર;
વાહણ સવિ શણગારિયાં, માંહે વિવિધ વાજિંત્ર. ૧૦
સાતભૂઈ વાહણ તણી, નિવિડ નાળિની પાંતિ;
વયરીના વાહણ તણી, કરે ખોખરી ખાંતિ. ૧૧
સુભટ સનૂરા સહસ દશ, વડા વડા ઝૂંઝાર
બેઠા ચિહુ દિશિ મોરચે, હાથ વિવિધ હથિયાર. ૧૨
ઇંધણ જળ સંબળ ગ્રહી, બહુ વ્યાપારી લોક;
સોહે બેઠા ગોખડે, નૂર દિયે ધન રોક. ૧૩
હવે નાંગર ઊપાડવા, વડા જુંગની જામ;
નાળ ધડૂકી નાળ સવિ, હુઇ ધડોધડ તામ. ૧૪
સવિ વાહણના નાંગરી, કરે ખરાખર જોર.
પણ નાંગર હાલે નહીં, સબળ મચ્યો તવ સોર. ૧૫
ધવળશેઠ ઝાંખો થયો, ચિંતા ચિત્ત ન માય;
શીકોતર પૂછણ ગયો, હવે કિમ કરવું માય ? ૧૬
શીકોતર કહે શેઠ સુણ, વાહણ થંભ્યાં દેવિ;
છોડે બત્રિલક્ષણા-પુરૂષતણું બળિ લેવિ. ૧૭

અર્થઃ—કોસંબી નામની નગરીનો એક ધવળશેઠ નામનો ધનવંત શાહુકાર છે, કે જેની પાસે અનર્ગળ-નગણી શકાય તેટલું ધન હોવાથી લોકો તેને કુબેર ભંડારી કહે છે. તે શેઠ બહુ બહુ જાતનાં કરિયાણાની ગુણો ગાડાં તથા ઊંટો ઉપર મજબુત ગોઠવીને ભરૂચ બંદરે આવી પહોંચ્યો, અને તે બધી ચીજો વેચી તથા બીજી બહુએ નવી ખરીદીને લાખો કરોડોનો નફો મેળવવા લાગ્યો. તે પછી દરીઆઇ માર્ગે મુસાફરી કરી બેસુમાર નફો લેવાની ઉમેદને લીધે તેણે તે પંથ સંબંધી સર્વ તૈયારી કરી, એટલે કે પોતાના ઘરનાં પાંચસો વહાણ તૈયાર કરાવ્યાં. તેમાં પણ એક જુંગ જાતનું મોટું વહાણ એવું તૈયાર કરાવ્યું કે તેની અંદર સાઠ (૬૦) તો કુવાથંભ હતા મજ બીજાં પણ સોળ સોળ કુવાથંભવાળાં જુંગ

શ્રીપાળરાજાનો રાસ.



એક દિવસ શ્રીપાળકુંવર અને મયણાસુંદરી શ્રી જિનેશ્વર ભગવાનને પ્રણામ કરી પાછા વળતાં શ્રીપાળે પોતાના માતુશ્રીને દેખ્યાં, તે વખતે હર્ષપૂર્વક માતાના ચરણમાં નમસ્કાર કર્યા.

( પૃ. ૪૬ )

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

જાતીના અડસઠ (૬૮) વહાણુ તૈયાર કરાવ્યાં, વળી એક સો (૧૦૦) મોટી સફર કરનારાં સફરી વહાણુ કરાવ્યાં, તથા વેગડ જાતનાં પણ એક સો આઠ (૧૦૮) કરાવ્યાં, તેમજ દ્રોણુમુખ જાતનાં ચોરાશી (૮૪) શિલ્પ જાતિનાં ચોપન, (૫૪) ખૂર્પ જાતનાં પાંત્રીશ (૩૫) અને ખરાબા કે વમળમાં પણ બેધડક સફર કરે તેવાં આર્વત જાતનાં પચાસ (૫૦) વહાણુ; એવાં અનેક જાતનાં જહાજ કરાવ્યાં, કે તેના ભેદ કોણુ ગણી શકે! મતલબ કે તેનું ખરેખરું વર્ણન પણ ન થઈ શકે તેવાં પાંચસો વહાણુ કરાવ્યાં અને તે પાંચસોએ વહાણુ અનેક કરિયાણુાંની વસ્તુઓથી ભર્યા, તથા રાજાનો હુકમ મળતાં ભરૂચ બંદરની ગોદીમાં તે વહાણોને દાખલ કરવામાં આવ્યાં. તે વહાણોની અંદર માલિમ જાતના અધિકારીઓ પાંજરીમાં બેઠા બેઠા પટ અને પુસ્તક જોયા કરે છે, સુકાન સંભાળનારાઓ સુકાન સંભાળ્યા કરે છે, ધ્રુવતારો જોનારાઓ તારાવડે દિશાની ચોકસી કર્યા કરે છે, નિશાની પુરુષો દોરી ભરીને ધરતી--માટી--પહાડનાં ખડકો--ખરાબા વગેરેની તપાસ કરી પાણીનું ઊંડાણુ, છિછરાપણું તપાસ્યા કરે છે, કરાણિયો માલની સાચવણુ કર્યા કરે છે, તથા નાખુદા લોકો સઢ વગેરે અનેક કામના ન્યાય હાથ કરે છે, પાંજરિયો અનુકૂળ પ્રતિકૂળ પવનને જોયા કરે છે, પ્હેરાયતો પોતાને લાયક કામ કરે છે, ખરેખરી મહેનતના કરનારા ખારવાઓ સઢ ડોર કર્યા કરે છે. અને બહુએ હલકારાઓ હલેસા મારવા બન્ને બાજુએ ચડી બેઠા છે. તે વહાણોના કુવાથંભો ને સઢોની ટોચે પંચરંગી ધજાઓ વાવટાઓ ફરકી રહ્યા છે, તે જાણે વહાણુનાં શિર ચામર છત્રથી શોભાવંત થયાં હોયની! તેવા દેખાવ આપી રહ્યા છે. આવી રીતે બધાં વહાણો શણુગારેલાં છે, તથા તે વહાણોની અંદર તરેહ તરેહનાં મનહર વાજીંત્રો વાગી રહ્યા છે. તેમજ તે સાત સાત માળનાં વહાણોમાં દરેક માળની અંદર બરોબર તોપોની લાઇન ગોઠવેલી છે કે જે ચાંચીયા કે ચોરિયાં વહાણુવાળાઓના મનની હોંશ ખોખરી કરી નાખે તેવી છે. તે વહાણોની અંદર ચહેરેમોરે પાણીદાર દશ હજાર મહાન લડવૈયાઓ પણ ચોમેર મોરચાઓ બાંધી તરેહ તરેહનાં હથિયારો હાથમાં ઝાલીને બેઠેલા શોભી રહેલા છે. તે વહાણોની અંદર મુસાફરી કરનારા વ્યાપારીઓ, બળતણુ પાણી અને ખોરાક વગેરે હાથ કરીને ગોખલામાં બેઠા શોભે છે, અને તે બધાંએ નૂર (ભાડા) ના પૈસા રોકડા ચૂકવી આપે છે. તે પછી વહાણુ હંકારવાનો વખત થતાં જ્યારે મોટા જુંગ વહાણોમાંની તોપ છૂટી ત્યારે બધાંએ વહાણુના નાંગરીઓ નાંગર ઉપાડવાને માટે ખરેખરું જોર કરીને મથ્યા, પરંતુ નાંગર જરાએ હાલવા ચાલવા ન લાગ્યાં, એથી ત્યાં ભારે શોરબકોર મચ્યો,

કેમકે નાંગર ઉપડયા વિના વહાણનું હંકારવું જ મોકૂફ થઈ પડયું. તેના લીધે ફિકર થઇ આવતાં હો હા મચી ગઇ. એ જોઇને ધવળશેઠ ફિકરમંદ થઈ રહ્યો, ચિત્તમાં ચિંતા પણ સમાવા ન લાગી અને અતિશય મુંઝવણ થતાં તરત શીકોતરમાને વહાણ થંભવાનું કારણ પૂછવા ગયો કે-" હે મા! હવે શો ઉપાય લેવો ? શીકોતરમાએ જવાબ આપ્યો કે-" હે શેઠ! વહાણ તો દેવતાએ થોભાવ્યાં છે, માટે જો બત્રીશલક્ષણા પુરુષનું તેને બલિદાન આપવામાં આવે તો તારાં વહાણો બંધનથી મુક્ત થશે." આવું સાંભળીને શેઠ તે સંબંધી વિચાર કરીને બત્રીશલક્ષણા નરને હાથ કરવા રાજાની પાસે જવાના નિશ્ચય પર આવ્યો. (૧-૧૭)

---

(ઢાળ ત્રીજી-શ્રેણિક મન અચરિજ થયો-એ દેશી.)

ધવળ શેઠ લઇ ભેટણું, આવ્યો નરપતિ પાયરે,
કહે એક નર મુજને દિયો, જેમ બળિ બાકુળ થાયરે. ધ. ૧
રાય કહે નર તે દિયો, સગો નહિ જસ કોઇરે,
બળી કરજો ગ્રહી તેહને, જે પરદેશી હોયરે. ધવળ. ૨
સેવક ચિહું દિશ શેઠના, ફરે નયરમાં જોતાંરે,
કુંવર દેખી શેઠને, વાત કહે સમહોતારે. ધવળ. ૩
દીઠો બત્રીસ લક્ષણો, પુરૂષ એક પરદેશીરે,
કહો તો ઝાલી આણીએં, શુદ્ધિ ન કો તસ લેશીરે. ધ. ૪
ધવળ કહે આણો ઇહાં, મ કરો ઘડિય વિલંબરે,
બળ દેઇને ચાલિયેં, વહાર નહિ તસ બૂંબ રે. ધવળ. ૫

**અર્થઃ**—ભેટ ધરવા યોગ્ય અમૂલ્ય વસ્તુઓ થાળમાં ભરી દબદબા સહિત ધવળશેઠ ભરૂચ બંદરના મહારાજાની પાસે ગયો અને ભેટણું ચરણમાં મૂકી સવિનય પ્રણામ વગેરેની મર્યાદા સાચવી પછી વિનંતી કરવા લાગ્યો કેઃ-" નામવર! દુષ્ટ દેવના નડતરથી મારાં વહાણ થંભી રહ્યાં છે, તે માટે એક બત્રીશલક્ષણા પુરુષનો ખપ છે કે જે મળતાં તે દેવને બળી બાકળા અપાય." રાજાએ કહ્યું-" ધનપતિ! [1]જે પુરુષનું અહીં કોઈ (મારા રાજ્યમાં) સગું ન હોય, અને જે પરદેશી હોય, તે પુરુષ તમને આપવામાં

---

૧ આ સંબંધ એવો બોધ આપે છે કે-રાજાએ પોતાની પ્રજા તરફ કેવી ને કેટલી પ્રેમલાગણી રાખવી જોઇએ? પ્રજાનું દિલ દુભાય તેવી કશી પણ હીલચાલ ન કરવી જોઇએ. એથી જ તેવા રાજા પ્રજાપ્રિય થાય છે.

આવે છે, માટે જો તેવો પુરુષ હાથ લાગે તો જોર જુલમથી પકડી તમારું કામ ફતેહ કરવું." આ પ્રમાણે હુકમ મળતાં ધવળશેઠના હજારો લડવૈયા શહેરની અંદર ચારે કોર તેવા પુરુષની શોધમાં ફરવા માંડયા અને વડભાગી વીર શ્રીપાળકુંવરને જોઇ, તથા તપાસ કરતાં પરદેશી અને કોઇ તેનું મજકુર રાજ્યમાં સગું ન હોવું જાણી, હર્ષ પામી, શેઠની પાસે પહોંચી, વાત કહેવા લાગ્યા "શેઠજી! એક પરદેશી પુરુષ બત્રીશલક્ષણવંત છે, માટે આપ ફરમાવો તો તેને પકડી લાવિયે. કોઈ તેની ખર કે ખબર લે તેમ નથી." ગરજુ ધવળશેઠ બોલ્યો, "ઘડીનોએ વિલંબ કર્યા વગર તેને અહીંયા લાવો કે બળિદાન આપી ઝટ ચાલતા થઈએ, તેની અહીં વહાર કે બૂમ કોઇ સાંભળે તેમ નથી." (આવો હુકમ મળતાંજઃ-) (૧-૫)

**સુભટ સહસ દશ સામટા, આવે કુંવરની પાસેરે;**
**અભિમાની ઉદ્ધત પણે, કડુઆં કથન પ્રકાશેરે. ધ. ૬**
**ઊઠ આવ્યું તુજ આઉખું, ધવળ ધિંગ તુજ રૂઠોરે;**
**બળિ કરશે તુજને હણી, મ કર માન મન ઝુઠોરો. ધ. ૭**
**બળિ નવિ થાએ સિંહનું, મુરખ હૈયે વિમાસોરે;**
**ધવળ પશુનું બળિ થશે. વચને કાંઇ વિરાંસોરે. ધ. ૮**
**વચન સુણી તસ વાંકડાં, શેઠને સુભટ સુણાવેરે;**
**શેઠ વીનવી રાયને, બહોળું કટક અણાવેરે. ધવળ. ૯**

**અર્થ**:—સામટા દશ હજાર લડવૈયાઓ શ્રીપાળકુંવરની પાસે જઇ પહોંચ્યા અને અભિમાની તથા ઉદ્ધતપણે કડવાં વચન કહેવા લાગ્યા કે, "ઊઠ, તારું આઉખું આવી રહ્યું છે, કેમકે અમારો ધણી ધવળધિંગ તારા પર ખફા થયેલ છે, એથી તને મારી તારા માંસાદિનું દેવને બળિદાન આપશે, માટે હવે નકામું માન ગુમાન ન કર." ગુમાની વચનો સાંભળી કુંવર બોલ્યો, "મુર્ખાઓ! જરા હૈયામાં વિચાર કરી જુઓ કે કયાંય સિંહનું તે બળિદાન થયું જાણ્યું સાંભળ્યું છે? બળિદાન તો ધવળપશુનું જ થશે, છતાં નાહક વચન બોલી પસ્તાવો થવો શા માટે વહોરી લો છો." [1]આવા વાંકાં વચન સાંભળી આખરવાણિયાના નોકર હોવાથી શેઠની તરફ તેઓ ચાલી નીકળ્યા, અને તેના વચનો શેઠને જઇ સંભળાવ્યાં. મતલબ એ કે, "એ પુરુષ કંઇ અમને પણ ગાંઠે તેવો નથી, મહાન શ્રીર-

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે જેના વચનમાં ધૈર્ય શૌર્યતાની ઝગઝગાટી જણાય તેનાથી ગમે તેવો સમર્થ નર પણ જરા ભયને વશ થાય છે, માટે સબળ શત્રુને જોઇ રાંકની પેઠે રડતી શિકલ બનાવવી નહિ.

શિરોમણિ જણાય છે, માટે વધારે લડવયાઓની જરૂર છે," વગેરે હેતુ જાણી લઈ ધવળશેઠે રાજાને વિનંતિ કરી બહોળું મદદગાર લશ્કર મેળવી પોતાના લડવૈયાઓ સાથે સામેલ કરી આપ્યું. (એટલે તે બધા કુંવરની સામે જઇ ચડયા. (૬–૯)

એકલડો હોય સૈન્યસું, જવ અતુલી બળ જૂઝેરે;
ચહૂટા વચ્ચે ધૂંખળમચ્યો, કાયર હિયડાં ધ્રૂજેરે. ધ. ૧૦
કુંત તીર તરવારના, જે જે ઘાલે ઘાયરે;
કુંવર અંગે લાગે નહિ, ઔષધિને મહિમાયરે. ધ. ૧૧
કુંવર તાકી જેહને, મારે લાઠી લોઢેરે;
લહબહતા લાંબા થઇ, તે પુહવીએ પોઢેરે. ધવળ. ૧૨
ભેંસા પરે રણખેતમાં ચિહું દિશિ ધિંગડ ધાયરે;
જૂડયા જોધ વેલા જિસ્યા, શિંગે વિળગા જાયરે. ધ. ૧૩
મસ્ત ફૂટયાં કેઇનાં, પડયા કેઇના દાંતરે;
કેઇ મુખે લોહી વમેં, પડી સુભટની પાંતરે. ધવળ. ૧૪
કેઇ પેઠા હાટમાં, કેઇ પોળમાં પેઠારે;
કેઇ દાંતે તરણાં દઇ, ગળિયાં થઇને બેઠારે. ધવળ. ૧૫
કેઈ કહે કાયર અમે, કેઇ કહે અમે રાંકરે;
કેઈ કહે મારો રખે, નથી અમારો વાંકરે. ધવળ. ૧૬
કેઇ કહે પેટારથી, અશરણ અમેં અનાથરે;
મુખેં દિયે દશ આંગુળી, દે વળી આડા હાથરે. ધવળ. ૧૭

અર્થઃ—જ્યારે તે લડવૈયાઓએ કુંવરને ઘેરી લીધો ત્યારે તે અતુલ બળશાળી શ્રીપાળકુંવર સામો મોરચો માંડી એકલો છતાં, ધવળ અને રાજા તરફથી આવેલાં બેઉ લશ્કરોની સાથે લડવા લાગ્યો, એથી ચૌટાની વચ્ચે દંગલ મચી રહ્યું એ જોઈ શૂરવીરોને તો આનંદ થયો, પણ બિચારા બકાલાં કરનારા વ્યાપારીઓ કે જે કાયર હતા તેઓના તો હૈડાં પીંપળના પાંદડાંની પેઠે થરથર કંપવા લાગ્યાં, કેમકે શસ્ત્ર અસ્ત્રોની ઝડી-લાગી રહી હતી. બેઉ લશ્કરના લડવૈયાઓ ભાલા, બરછી, તીર, તલવાર; વગેરેનાં જે જે ઘા કુંવરના શરીર ઉપર ચલાવતા હતા તે તે ઘા જરા પણ લાગતા ન હતા, કારણ કે શસ્ત્ર ન લાગે તેવી મહિમાવંત ઔષધિનો

મહિમા હતો એથી બધા ઘા ખાલી જ જતા હતા. એ જોઇ લડવૈઆઓ આ ચમત્કાર સાથ નિરાશાને ભેટતા હતા, કેમકે જેને ઘા જ ન લાગે તેને શી રીતે જીતવો? તેમ વળી વધારે અફસોસકારી બનાવ એ બનતો હતો કે સામા પક્ષના ઘા તમામ ખાલી જતા હતા અને કુંવર જેમને તાકીને લાકડી કે લોઢાની સાંગનો ઘા કરતો તેઓ તુરત લથડતાં લળી જતાં લાંબા થઈ ધરણી પર ઢળી પડતા હતા, અને જેમ જોરાવર પાડેપાડા ક્ષેત્રમાં લડવા મચી આમતેમ હડીઓ કહાડતાં, તેઓનાં શિંગડાંઓમાં બિચારા વેલાઓ ભરાઇ બુરા હવાલવાળા થાય છે, તેમ જોરાવર યોદ્ધાઓ રણક્ષેત્રમાં ભાટકતાં બિચારા સામાન્ય લડવૈયાઓનો વેલાઓની પેઠે કચ-રઘાણ નીકળી બુરા હાલ થતા હતા, અને એથી કેઈનાં માથાં ફુટયાં. કેઇના દાંત પડી ગયા અને કેઇ મોઢથી લોહી વમવા માંડયા, જેથી જમીન ઉપર લડવૈયાઓની લાઇનબંધ પોઠ પડી. આમ થતાં કેઈ લડવૈયાઓ નાસીને જીવ બચાવા દુકાનોમાં પેસી ગયા, કેઇ પોળોમાં પેઠા, કેઈ દાંતમાં તરણાં પકડી (અમે ગરીબડી ગાય જેવા હોવાથી બચવા લાયક છીએ, એમ બતાવી) ગળિયા થઇને બેસી ગયા, કેઇ અમે *કાયર છીએ, અમે રાંક છીએ, અમારો વાંક નથી,* અમને મારતા નહિ, અમે તો પેટની વેઠ માટે આવેલા છીએ, અમે અશરણ અનાથ છીએ; વગેરે વગેરે કહેવા લાગ્યા અને મોઢા અગાડી દશે આંગળીયો તથા આડા હાથ દઇ કંગાલતા બતાવવા લાગ્યા. (૧૦–૧૭)

**ધવળશેઠ તે દેખતાં, આવી લાગ્યો પાયરે;**
**દેવ સરૂપી કો તુમે, કરો અમને સુપસાયરે. ધ. ૧૮**

**મહિમાનિધિ મહોટા તુમે, તુમ બળશકિત અગાધરે;**
**અવિનય કીધ અજાણતે, તે ખમજો અપરાધરે. ધ. ૧૯**

**અવધારો અમ વિનતી, કરો એક ઉપગારરે,**
**થંભ્યાં વહાણ તારવો, ઊતારો દુ:ખ પારરે. ધવળ. ૨૦**

**અર્થ**:–આ પ્રમાણે બનાવ જોઈ ધવળશેઠ સમજી ગયો કે, "આ કંઇ આપણે તાબે થાય તેવો નથી, માટે નમીને રાજી કરી કામ લઇએ તો ફતેહ મળે," એમ ધારી તુરત ઊઠી ઊભો થઇ શ્રીપાળકુંવરને પગે પડયો અને કહેવા લાગ્યો કે, "આપ કોઈ દેવસ્વરૂપ છો માટે અમારા ઉપર કૃપા કરો. મહારાજ! આપ તો મોટા મહિમાના સાગર છો, આપના બળની માયાનો પાર આવે તેમ નથી. એથી હે સ્વામી! અજા-

ણુપણાથી જે અવિનય કર્યો છે તે [1]અપરાધની ક્ષમા કરો તેમજ મારી વિનંતિ કૃપાની રાહે સ્વીકારી, પરોપકાર કરવારૂપ થંભેલાં વહાણો તારો અને દુઃખથી પાર ઉતારો.” (૧૮–૨૦)

કુંવર કહે એ કામનું, શું દેશો મુજ ભાડુંરે;
શેઠ કહે લખ સોનૈયા, ખુતું કાઢો ગાડુંરે. ધવળ. ૨૧
સિદ્ધચક્ર ચિત્તમાં ધરી, નવપદ જાપ ન ચૂકેરે;
વડવહાણ ઊપર ચઢી, સિંહનાદ તે મૂકેરે. ધવળ. ૨૨
જે દેવી દુશ્મન હતી, દુષ્ટ ગઇ તે દુરરે;
વહાણ તર્યાં કારજ સર્યાં, વાજે મંગળ તૂરરે; ધ. ૨૩
બીજે ખંડે ઢાળ એ, ત્રીજી ચિત્તમાં ધરજોરે;
વિનય કહે વાહણ પરે, ભવિયણ ભવજળ તરજોરે. ધ. ૨૪

**અર્થઃ**—એ સાંભળી કુંવરે કહ્યું, “મને એ કામ કર્યા બદલનું શું લવાજમ (મહેનતાણું) આપશો?” શેઠે કહ્યું, “હું લાખ સોનામહોર ભેટ કરીશ, માટે મારાં–ગારાની ઘાંચમાં કળેલું ગાડું જેમ ધોરી બહાર કાઢી દે તેમ–થંભેલા વહાણોને ચલાવી આપ રસ્તે પાડી આપો.” આ પ્રમાણેનો કરાર થયા પછી કુંવર શ્રીપાળે ચિત્તમાં શ્રી સિદ્ધચક્રજીનું ધ્યાન ધરી–નવપદજીનો જાપ શરૂ રાખી–મોટા આગેવાન વહાણની ઉપર ચડી સિંહના સરખો પ્રબળ મનોબળ ભર્યો હાકોટો કર્યો કે તુરત સબળ મનોબળ અને ઇષ્ટબળ વડે ભય પામી જે દુષ્ટ દેવીએ વહાણને થંભાવ્યાં હતાં તે દૂર જતી રહી. એથી વહાણ તર્યાં અને કામ સિદ્ધ થતાં ફતેહનાં મંગળ તૂર વાગવા લાગ્યાં. કવિ વિનયવિજયજી કહે છે કે–આ બીજા ખંડની ત્રીજી ઢાળ ચિત્તમાં ધરી એજ સાર ગ્રહણ કરજો કે–જેમ નવપદ પ્રભાવથી વહાણ તર્યાં, તેમ હે ભવિજનો! તમે પણ આ ભવસમુદ્રમાંથી નવપદ પ્રભાવ વડે પાર ઊતરજો. (૨૧–૨૪)

(દોહરા છંદ.)

તે દેખી ચિંતે ધવળ, ચડયો ચિંતામણિ હાથ;
વડો વખત જો મુજ હુવે, તો એ આવે સાથ. ૧

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે, જેવો સમય હોય તેવી રચના રચી કામ ફતેહ કરવું.

એક લાખ દીનાર તસ, દેઇ લાગ્યો પાય;
કર જોડીને વીનવે, વાત સુણો એક ભાય. ૨

વરષ પ્રત્યે એકેકને, સહસ દેઉં દીનાર;
સેવા સારે સહસ દશ, જોધ ભલા ઝૂઝાર. ૩

તુમને મુહ માંગ્યું દિઉં, આવો અમારી સાથ;
એ અવધારો વીનતી, અમને કરો સનાથ. ૪

**અર્થ**:—કુંવર શ્રીપાળનું પુરુષાર્થ જોઇને સાનંદાશ્ચર્યયુક્ત ધવળશેઠ ચિંતવવા લાગ્યો કે, "[૧]ખચીત આ પુરુષ ચિંતામણિરત્ન સમાન ચિંતવેલી અર્થસિદ્ધિ સિદ્ધ કરે તેવો જ છે, અને જો મારા મોટા ભાગ્યબળનો પ્રતાપ હોય તો સાથે આવે." એમ ચિંતવી તથા એક લાખ સોનામહોરો કુંવરને આપી પગે લાગી હાથ જોડી વીનવવા લાગ્યો કે, "હે ભાઇ ! એક મારી વાત સાંભળો. હું એક એક સુભટને દર વર્ષે એકેક હજાર સોનામહોરો આપું છું અને એવા દશ હજાર સુભટ સેવકરૂપે મારી સેવા બજાવ્યા કરે છે, તથા તે બધા ભલા અને બળવંત યોદ્ધા છે, છતાં આપ જો મારી સાથે પધારતા હો તો મોઢથી માગો તે આપું, માટે આ વિનંતીને કબૂલ રાખી મુજ અનાથને સનાથ કરો." (૧-૪)

કુંવર કહે એકલો લેઉં સર્વનું મોલ;
એ સર્વેનું એકલો, કારજ કરૂં અડોલ. ૫

તે ધનનું લેખું કરી, શેઠ કહે કરજોડ;
અમે વણિક-જન એકને,-કિમ દેવાએ કોડ ? ! ૬

કુંવર કહે સેવક થઇ, દામ ન ઝાલું હાથ;
પણ દેશાંતર દેખવા, હું આવું તુમ સાથ. ૭

ભાડું લેઇ વાહણમાં, દ્યો મુજ બેસણ ઠામ,
માસ પ્રતે દીનાર શત, ભાડું પરઠયું તામ. ૮

**અર્થ**:—એ સાંભળી કુંવરે કહ્યું, "હું એકલો જ દશે હજારને જે આપો છો તે લવાજમ લઇશ અને એ બધા જે કામ કરે તે કામ અડગપણે હું એકલો જ કરીશ, કહો શું વિચાર છે ?" એ સાંભળી તે દશ હજા-

૧ આ વિચાર એજ બોધ આપે છે કે દુનિયામાં દરેક જગોએ ચમત્કારને જ નમસ્કાર છે, માટે દરેક મનુષ્યે દુનિયામાં ભલી રીતે ભાવ પૂછાય તેવાં વિદ્યા હુન્નર હાથ કરી ચમત્કાર સહિત નમસ્કારનું માન મેળવવું.

રને અપાતાં પગારનું લેખું ગણી શેઠ હાથ જોડી બોલ્યો કે, "અમો વાણિઆઓથી એક જ જણને એક કરોડ સોનામહોરો કેમ આપી શકાય ?" તે સાંભળી કુંવરે કહ્યું, "શેઠજી ! હું સેવક બની દામ હાથ ઝાલું તે ચાહતો નથી, પરંતુ હું દેશાંતર જોવાને માટે તમારી સાથે આવીશ, માટે માસિક ભાડું ઠરાવી-ચૂકવી લઇ-વહાણમાં બેસવાની મને જગા આપો." આવું બોલવું થતાં શેઠે મહીનાની સો સોનામહોરો નૂરની ઠરાવી અને કુંવરને બેસવાની જગા કાયમ કરાવી. (૫-૮)

---

(ઢાળ ચોથી-રાગ મલ્હાર-જીહો જાણ્યું અવધિ પ્રયુંજીને-એ દેશી)

જીહો કુંવર બેઠો ગોખડે, જીહો મ્હોટા વહાણ માંહિ;
જીહો ચિહુદિશિ જલધિ તરંગનાં,
જીહો જોવે કૌતુક ત્યાંહિ, સુગુણનર, પેખો પુણ્ય પ્રભાવ.
જીહો પુણ્યે મનવાંછિત મળે, જીહો દૂર ટળે દુઃખ દાવ,
સુગુણનર, પુણ્ય પ્રભાવ. ૧
જીહો સઢ હંકાર્યા સામટા, જીહો પૂર્યા ઘણ પવણેણ,
જી. વડવેગેં વાહણ વહે, જી. જોયણ જાયે ખણેય સુ. ૨
જી. જળહસ્તિ પર્વત જિસ્યા, જી. જળમાં કરે હલ્લોલ;
જી. માંહોમાંહે ઝૂઝતા, જી. ઊછાળે કલ્લોલ. સુગુણ. પે. ૩
જી. મગરમત્સ્ય મોટા ફિરે, જી. સુસુમાર કેઇ કોડિ;
જી. નક્ર ચક્ર દીસે ઘણા જી. કરતા દોડાદોડિ સુગુણ. પે. ૪
જી. ઇમ જાતાં કહે પંજરી, જી. આજ પવનઅનુકૂળ;
જી. જળ ઇંધણ જો જોઇયે, જી. આવ્યું બબ્બરકૂળ. સુ. ૫

**અર્થઃ**—કુંવર ગોખલામાં બેસી મોટા વહાણની અંદર ચારે દિશાએ ઊછળતા સમુદ્રજળના કલ્લોલ (ભરતી, ઓટ અને મોજાં) વગેરેનાં કૌતુક જોવા લાગ્યો. (કવિ કહે છે કે-હે સુગુણ વાચક પુરુષો ! પુણ્યનો પ્રભાવ જુઓ કે જેને પુણ્ય સહાયી હોય તેને સઘળાં મનોરથ સિદ્ધિને જ ભેટે છે, અને તે પ્રાણીના દુઃખ સંબંધી દાવ તમામ દૂર થઈ જાય છે, એવું પુણ્યનું મહાત્મ્ય છે.) તે પછી એકી વખતે બધા વહાણોના સઢ ચઢાવી હંકારવામાં આવ્યા, જેથી તે વિશેષ વાયરેથી ભરાતાં પુષ્કળ વેગ સહિત એવાં તો ચાલવા લાગ્યાં કે ક્ષણ વારમાં એક યોજન (ચાર ગાઉ) નો પંથ પસાર કરતાં હતાં. તેવાં વહાણ ચાલતાં તે જળમાર્ગમાં જળહસ્તી

(પાણીમાં રહેનારા હાથીઓ) કે જેઓ કદમાં પહાડ જેવા મોટા જણાતા હતા, તેઓ પાણીમાં દોડાદોડ કરી એક બીજાથી મસ્તી કરતા હતા ને પાણીના તરંગ ઉછાળતા હતા, તથા મોટા મગરમત્સ્યો ફરી રહ્યા હતા, તેમજ કરોડો સુસુમાર જાતના મત્સ્યો પણ નજરે પડી રહ્યા હતા, તેમજ નક્ર ચક્રાદિ જળચર જીવો દોડાદોડ કરી આનંદ કરી રહ્યા હતા. તેઓની તરેહ તરેહની રમત ગમત જોતાં પંથ પસાર કરાતો હતો. દરમિયાન વાયુનો પારખનાર પંજરી કહેવા લાગ્યો કે, "આજે પવન અનુકુળ–મધુરો મધુરો વાય છે, માટે જો પીવાનું મીઠું પાણી, બળતણ વગેરે જોઈતું હોય તો તે લેવાને તૈયાર રહો, કેમકે બબ્બરકોટ બંદર નજીક આવી પહોંચ્યું છે." (૧–૫)

જી. તસ બંદરમાંહિ ઊતરી, જી. જળ ઇંધણ લીએ લોક;
જી. ધવળશેઠ કાંઠે રહ્યા, જી. સાથે સુભટના થોક. સુ. ૬
જી. કોળાહળ તે સાંભળી, જી. આવ્યા. અતિ સપરાણ;
જીહો દાણી બબ્બરરાયના, જીહો માંગે બંદર દાણ. સુ. ૭
જીહો શેઠ સુભટને ગારવે, જીહો દાણ ન દિયે અબૂઝ;
જી. તવ તિહાં લાગ્યું તેહને, જીહો માંહોમાંહે ઝૂઝ.સુ. ૮
જીહો શેઠતણે સુભટે હણ્યા, જીહો દાણી નાઠારે જાય;
જી. સૈન્ય સબળતવ સજકરી, જી. આવ્યો બબ્બરરાય. સુ.૯
જી. રાજતેજ ન શકયા સહી, જીહો દીધી સુભટેંરે પૂંઠ;
જી. માર પડી તવ નાસતાં, જી. બાણુ ભરી ભરી મૂંઠ. સુ.૧૦
જી. બાંધ્યો ઝાલી જીવતો જી. રૂંખ સરીખો શેઠ.
જી. બાંહ બેહુ ઊંચી કરી, જી. મસ્તક કીધું હેઠ. સુ. ૧૧

અર્થ:—ઉતારૂઓએ બંદર આવતાં નીચે ઊતરી મીઠું પાણી, લાકડાં વગેરે જે જે ચીજોનો ખપ હતો તે તે લઇ લીધી, તથા ધવળશેઠ પણ આનંદની ખાતર કાંઠે બિછાયત કરી ઘણા સુભટો સહિત બેઠો બેઠો ઉતારૂઓની મજા જોતો હતો. આ પ્રમાણે લોકોના બોલવા ચાલવાનો શોરબકોર સાંભળતાં બહુ જ ઉતાવળ સાથે બબ્બરરાયના દાણી બંદરનું દાણ લેવા આવી પહોંચ્યા, અને શેઠ પાસે બંદર ઉપર વહાણુ લાંગરવા બાબતનું સદાના રિવાજ મુજબ દાણ માગવા લાગ્યા, પરંતુ મૂર્ખ શેઠે પોતાના સુભટોના ગર્વને લીધે મિજાજ બતાવી તેઓને દાણ આપવાની ચોખ્ખી ના કહી,

એટલે તે દાણી અને શેઠના નોકરોની વચ્ચે રકઝક ચાલી ને છેવટે લડાઇ જામી. દાણીના માણસો થોડાં અને શેઠનાં ઘણાં હોવાને લીધે અંતે માર ખાઈ દાણી પોતાના મહારાજાની હજૂર જઇ પોકારવા લાગ્યા, એથી મહારાજા[1] મહા કોપવંત થઇ સબળ સૈન્ય સહિત તૈયારી કરી બંદર પર ધસ્યો આવ્યો, અને એ ખબર મળતાંજ રાજતેજ ન ખમી શકવાથી વાણિઆનું અન્ન ખાનારા સુભટો પૂંઠ બતાવી ભાગવા લાગ્યા, છતાં પણ નાસતાં નાસતાં રાજના લશ્કરીઓએ બાણોનો મારો ચલાવી તેઓને ખોખરા કર્યા. તે પછી અહંકારી શેઠને[2] જીવતો જ ઝાલી ઝાડ સાથે ઝાડની પેઠે થડ નીચું ને ડાળા ઊંચા એમ માથું નીચું ને હાથ પગ ઊંચા રખાવી, મુશ્કેટાટ બાંધી રખેવાળ મૂકી બબ્બરરાય પોતાના નગર ભણી પાછો વળ્યો. (૬-૧૧)

જી. રખેવાળા મૂકી તિહાં, જીહો વળિયો બબ્બરરાય;
જી. તવ બોલાવે શેઠને, જી. કુંવર કરિય પસાય. સુ. ૧૨
જી. સુભટ સવે તુમ કિંહાં ગયા, જી. બાંધ્યા બાંહ મરોડ;
જી. એવડું દુઃખ ન દેખતા, જી. જો દેતા મુજ કોડ. સુ.૧૩
જીહો શેઠ કહે તુમે કા દિયો, જીહો દાઝયા ઉપર લૂણ;
જી. પડયા પછી પાટૂ કિસી, જી. હણે મુકવાને કૂણ. સુ. ૧૪
જી. કહે કુંવર વૈરી ગ્રહ્યું, જીહો જો વાળું એ વિત્ત;
જી. તો મુજને દેશો કિશ્યું, જી. ભાખો થિર કરી ચિત્ત.સુ.૧૫
જી. શેઠ કહે સુણ સાહિબા, જી. એ મુજ કારજ સાધ;
જી. વહેંચી વાહણ પાંચશે, જી. લેજો આધો આધ. સુ. ૧૬
જી. બોલ બંધ સાખી તણો, જી. કુંવર પાડી તંત;
જી. ધનુષ તીર તરસક ગ્રહી, જીહો ચામ્યો તેજ અનંત. ૧૭

**અર્થઃ**—એ વાતની કુંવરને ખબર મળતાં જ જ્યાં ધવળશેઠ ઉંધે માથે મુશ્કેટાટ થયેલા છે ત્યાં આવ્યો અને દયા લાવીને પૂછવા લાગ્યો-"શેઠજી! દશ હજાર સુભટો કયાં જતા રહ્યા કે આમ મુશ્કેટાટ થવું પડયું ? જો મને

૧ આ વાકય એજ બોધ અને ચાનક આપે છે કે-પોતાના મનુષ્યનું કોઇ બીજાએ અપમાન કર્યું હોય તો તે પોતાનું જ અપમાન થયું માની, તે અપમાન કરનારની તરફ દાવ વાળવા તત્પર થવું.

૨ આ સંબંધ એજ બોધ આપે છે કે-પારકાના જોરનો ભરોસો રાખી મોટાથી દુશ્મનાઈ બાંધતા બુરા હાલ હવાલ થાય છે, માટે પોતાના જ પરાક્રમ ઉપર મુસ્તાક રહેવું.

એક કરોડ સોનામહોરો દીધી હોત તો આવું દુઃખ ન દેખત.” તે સાંભળી શેઠ બોલ્યો—“ દાઝયા ઉપર મીઠું કેમ ચાંપો છો. પડયા પછી પાટૂ શી મારવી ? અને મરી ગયેલાને શું મારવું ?” કુંવરે કહ્યું—“ જો તમારા દુશ્મન રાજાને પકડી તમારા જેવા હાલ કરૂં અને આ પાંચસોએ વહાણુમાંની ચીજ-દોલત જે રાજાને કબજે થઇ ગઈ છે, તે પણ પાછી તમારે તાબે કરાવું, તો તેના બદલામાં મને શું દેશો ? તે તમો તમારું ચિત્ત શાન્ત રાખીને બોલો.” શેઠે કહ્યું— “ સાહેબજી ! કહું છું તે સાંભળો. જો આપ એ કામ ફતેહ કરી આપો તો આ માલમતાથી ભરેલાં પાંચસો વહાણો છે તે અરધો અરધ વહેંચી લઇશું. એટલે કે અઢીસો આપનાં અને અઢીસો મારાં.” બધું ધન જતું જોઈ અરધું ધન વહેંચી લેનારા ડાહ્યા વાણિયાનું બોલવું સાંભળી કુંવરે એ કરારનો લેખ લખાવ્યો, સાક્ષીઓની રૂબરૂ શેઠનો કરાર વંચાવી ચોખ કરી, પછી હાથમાં ધનુષ અને તીરનો ભાથો ધારણ કરી પાર વિનાના તેજ સહિત ત્યાંથી કદમને આગળ ધપાવ્યા. (૧૨-૧૭)

**જીહોજઇ બબ્બર બોલાવિયો, જીહો વળ પાછો વડ વીર,**
**જી. શસ્ત્ર સેન ભુજબળ તણો, જી. નાદ ઊતારૂં નીર. સુ.૧૮**
**જી. તુજ સરિખો જે પ્રાહુણો, જી. પહોતો અમ ઘર આય;**
**જી. સૂખડલી મુજહાથની, જી. ચાખ્યા વિણ કિમજાય. સુ. ૧૯**

**અર્થ**—આગળ પહોંચી પુરમાં પ્રવેશ કરતાં બબ્બરરાય મહાકાળને કુંવર માર્મિક વચનોથી પોકારવા લાગ્યો કે- “ હે વડવીર, પાછો વળ, કે જેથી તારાં શસ્ત્રો, લશ્કર અને ભૂજાઓના બળના અહંકારનું પાણી ઉતારી નાખું. વળી તારા જેવા મારે ત્યાં મહેમાન આવ્યા છતાં મારા હાથની સુખડી ચાખ્યા વિના જાય છે, એજ મને બહુ ખટકે છે; માટે જ પાછો (વળી મારી સ્હામે) આવ, ને મારા હાથની સુખડીનો સ્વાદ ચાખીને જા.(૧૮-૧૯)

**જીહો મહાકાળ જૂએ ફરી. જીહો દીઠો એક જુવાન;**
**જીહો ઝાઝાની પરેઝૂઝતો, જીહો લક્ષણ રૂપ નિધાન. સુ. ૨૦**
**જી. તું સુંદર સોહામણો, જી. દીસે યૌવન વેશ;**
**જી. વિણ ખુટે મરવા ભણી, જી કાંઇ કઈ ઉદ્દેશ. સુ. ૨૧**
**જી. કહે કુંવર સંગ્રામમાં, જી. વચન કિશ્યો વ્યાપાર,**
**જી. જોધેંજોધ મળ્યા જિહાં, જી. તિહાં શસ્ત્રે વ્યવહાર. સુ.૨૨**
**જી. મહાકાળ કોપ્યો તિસેં, જી. હલકારે નિજ સેન;**
**જી. મૂકે શસ્ત્ર ઝડોઝડે, જી. રાતા રોષરસેન. સુ. ૨૩**

જી. વૂઠા તીખા તીરના, જી. ગોળાના કેઈ લાખ;
જી. પણ અંગે કુંવર તણે, જી. લાગે કહી સરાખ. સુ. ૨૪
જી. આકર્ષિં જે જે દિશેં, જી. કુંવર મુકે બાણ;
જી. સમકાળે દશ વીશનાં, જી. તિહાં છંડાવે પ્રાણ. સુ. ૨૫
જી. સૈન્ય સકળ મહાકાળનું, જી. ભાગી ગયું દહ વટ્ટ;
જી. નૃપ એકાકી કુંવરે, જી. બાંધ્યો બંધ નિઘટ્ટ. સુ. ૨૬
જી. બાંધીને નિજ સાથમાં, જી. પાસે આણ્યો જામ;
જી. બંધન છોડયાં શેઠના જી. રક્ષક નાઠા તામ. સુ. ૨૭

**અર્થ:**—આવાં માર્મિક વચન સાંભળી મહાકાળ રાજાએ પાછું ફરીને જોયું તો લક્ષણરૂપના નિધાન-ભંડારરૂપ એક જ યુવાન (જવાન) પુરુષની પેઠે ઝૂઝતો દીઠો. એટલે રાજાએ તેને કહ્યું કે-"તું સુંદર સોહામણો ને જુવાનિયો જણાય છે, છતાં આયુષ ખૂટયા વગર મરવાને શા સારૂ નાહક ઉદ્દેશ-હિલચાલ કરે છે? મતલબ કે હમણાં હું પાછો ફરી શસ્ત્રનો મારો ચલાવીશ કે તું મરણને શરણ થઈશ, માટે હાથે કરી મોતને બોલાવવાની હિલચાલ ન કર." તે સાંભળીને કુંવરે કહ્યું-"સંગ્રામ(લડાઈ)-માં તે વળી વચનોનો વ્યાપાર કેવો? જ્યાં જોધે જોધા મળ્યા ત્યાં તો શસ્ત્ર ચલાવવાનો જ વ્યવહાર ચાલુ કરવો લાયક છે. મતલબ એ કે લવારો કરવો બંધ કરી શસ્ત્રનો મારો ચાલુ કર, એટલે ખબર પડશે કે દયા લાવવા યોગ્ય કોણ છે?" આવું બોલવું સાંભળતા તો મહાકાલને મહાકાળ ચડયો એથી તેણે પોતાના લશ્કરને એકદમ શસ્ત્રનો મારો ચલાવવાનો હુકમ કર્યો, ને હુકમ થતાં જ કુંવરની ઉપર લડવૈયાઓ ગુસ્સાના જુસ્સાથી રાતાચોળ થઇને ઝડોઝડ શસ્ત્ર ચલાવવા માંડયાં, તેમ આકરા તીરનો અને લાખો તોપગોળાનો વરસાદ વર્ષાવા લાગ્યા, છતાં પણ ઇષ્ટદેવ અને ઔષધિના પ્રતાપવડે કુંવરના અંગરૂપ વજ્રમાં તેથી સુરાખનું નિશાન પણ ન થયું અને કુંવર શ્રીપાળ જેના જેના ભણી તાકી ખેંચીને બાણ ચલાવતો તે તે દિશાએ એકદમ દશ વીશના પ્રાણ તજાવી દેતો હતો. આમ થવાથી સેંકડોના પ્રાણ પરલોક પહોચતાં લશ્કરમાં ભારે ભંગાણ પડયું અને મહાકાળનું લશ્કર જીવ લઈ દશે દિશા ભણી નાસી ગયું. એથી મહાકાળ ફક્ત એકલો જ રહેતાં તેને પણ કુંવરે મુસ્કેટાટ બાંધી મજબૂત બંધ સાથે જ્યાં ધવળશેઠને બાંધેલો હતો ત્યાં લઈ આવી શેઠના બંધ છોડયાં, એટલે રખેવાળો તો જીવ લઇને નાસી ગયા. (૨૦-૨૭)

જીહો ખડગ લેઇ મહાકાળને, જી હો મારણ ધાયોરે શેઠ;
જી. કહે કુંવર બેસી રહો જી. બળ દીઠું તુમ ઠેઠ. સુ. ૨૮
જી. બંધન બબ્બર રાયનાં, જી. છોડાવે તેણી વાર.
જી. ભૂષણ વસ્ત્ર પહેરામણી, જી. કરે ઘણો સત્કાર. સુ. ૨૯
જી. સુભટ જિકે નાઠા હતા, જી. તે આવ્યા સહુ કોય;
જી. ભાંજે તસ આજીવિકા, જી. શેઠ કોપ કરી સોય. સુ. ૩૦
જી. હો કુંવરે તે સવિ રાખિયા, જી. હો દીધી તેહને વૃત્તિ;
જી. વાહણ અઢીસેં માહરાં, જી. સાચવજો એક ચિત્ત. સુ. ૩૧
જી. જે પણ બબ્બર રાયનો જી, નાઠો હતો પરિવાર;
જી. તેહને પણ તેડી કરી, જી. આદર દિયે અપાર. સુ. ૩૨
જી. ચોથી ઢાળ એણી પરેં, જી. બીજે ખંડે હોય;
જી. વિનય કહે ફળ પુણ્યનાં, જી. પુણ્ય કરો સહુ કોય. સુ. ૩૩

**અર્થ**:—એ જોઈ શેઠ ઝડપ સાથે ખુલ્લી તરવાર હાથમાં લઈ રાજાની સામે મારવા દોડયો એટલે કુંવરે વારીને કહ્યું–" હાં હાં શેઠજી ! બહુ થયું, છાનામાના બેસી જાઓ, તમારું બળ કેટલું છે, એ તો મેં ઠેઠથી જોયેલું જ છે. મતલબ એ કે અત્યારે શરણ થયેલા–બંધાયેલાની તરફ આવી વર્તણુક ચલાવવી યોગ્ય નથી, પણ આદર કરવો યોગ્ય છે. આવી બહાદુરી હતી તો પહેલાંજ બતાવવી હતી." એમ કહી બબ્બરરાયનાં બંધન છોડાવી [1] વસ્ત્રાભૂષણ પહેરામણી વગેરેથી ઘણો સત્કાર કરી મહાકાળ રાજાને શોચથી મુક્ત કર્યો. આ પ્રમાણે વિગ્રહનો અંત આવ્યાની બાતમી મળતાં ધવળશેઠના સુભટો જે નાસી ગયા હતા, તે બધા પાછા આવ્યા, પણ શેઠે ગુસ્સે થઈ તેમને નોકરી પરથી દૂર કર્યાં, એ જોઈ નિરાશ થયેલા સુભટોને કુંવરે પગારદાર કરી, રાખી લઈને કહ્યું કે–"મારાં અઢીસો વહાણ છે તે તમો એક ચિત્તથી સાચવજો." આવું કહી બબ્બરરાયના જે લડવૈયા વગેરે નાસી ગયા હતા તેઓને પણ પોતાના સુભટોની મારફત બોલાવી લઈ તેમનો અતિ આદરસત્કાર કર્યો. કવિ વિનયવિજયજી કહે છે કે–આ બીજા ખંડની અંદર આવી રીતની ચોથી ઢાળ પૂરી થઈ, તે દાખલા સાથે એ શિખામણ આપી રહેલ છે કે—હે ભવ્ય જીવો ! શ્રીપાળ કુંવરે ઉત્તરોત્તર સંપત્તિવાન

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે–બંધન પામેલા શત્રુને ન મારતાં તેનો યોગ્ય આદર સત્કાર કરી પોતાની ખાનદાની દર્શાવવી, નહીં કે હાથમાં આવ્યા પછી તેના પર કાળો કેર વર્તાવવો.

થતા સુખાનુભવ લીધો, તે બધાં ફળ પુણ્યનાં છે, માટે તમો સર્વ પણ પુણ્ય ઉપાર્જન કરો કે જેથી સદૈવ સુખી થાઓ. (૨૮–૩૩)

---

(દોહા–છંદ)

મહાકાળ શ્રીપાળનું, દેખી ભુજબળ તેજ,
ચિત ચમકયો ઇમ વીનવે, હિયડે આણી હેજ. ૧

મુજ મંદિર પાવન કરો, મહેર કરી મહારાજ,
પ્રગટયાં પૂરવ ભવ તણાં, પુણ્ય અમારાં આજ. ૨

તુમ સરિખા સુપુરિષ તણાં, અમ દરસન દુર્લભ;
જિમ મરૂધરના લોકને, સુરતરૂ કુસુમ સુરંભ. ૩

અર્થઃ–મહાકાળ રાજા શ્રીપાળકુંવરનું તેજ અને તેની ભૂજાઓનું બળ જોઇ ચિત્તની અંદર ચમત્કાર પામી હૈયામાં હેત લાવી, આ પ્રમાણે વીનવવા લાગ્યો, "મહારાજ! મહેરબાની કરીને મારો મહેલ પાવન કરો. (કે જેથી અમો પણ ભકિત કરી પાવન થઇએ.) અમને એમ સમજાય છે કે–આપનાં દર્શન થયાં છે, તે અમારાં પૂર્વનાં કરેલાં પુણ્યનો જ આજે ઉદય આવેલ છે. જેમ મારવાડના લોકોને [1]સુરતરુ રૂપ આંબાના ફૂલોની સુગંધ મળવી મહા મુશ્કેલ હોય છે, તેમ અમ જેવાને આપસરખા કલ્પવૃક્ષ રૂપ સતપુરુષોના દર્શનરૂપ સુગંધ મળવી મહા મુશ્કેલ હોય છે. ૧–૩

વોળાવા વિણ એકલો. ચાલી ન શકે દીન;
ધવળશેઠ તવ વીનવે, ઇણી પરે થઇ આધીન. ૪

પ્રભુ તુમને વંછે સહુ, દેખી પુણ્ય પડૂર;
પણ વિલંબ થાએ ઘણો, રતન દ્વીપ છે દૂર. ૫

અર્થઃ—આ પ્રમાણે મહાકાળ રાજાની વિનતી સાંભળી કુંવરે માન્ય રાખી. એ જોઈ સ્વાર્થી ધવળશેઠ કુંવરને આધીન બની વિનવવા લાગ્યો

---

૧ સુરતરુનો અર્થ કલ્પવૃક્ષ કહી મારવાડના લોકોને તેના પુષ્પની ખુશબો મળવી મુશ્કેલ છે, એવો અર્થ કરતા મોટો સવાલ ખડો થાય છે, કે શું મારવાડના લોકો સિવાય બીજા દેશના લોકોને કલ્પવૃક્ષના પુષ્પની સુગંધી મળવી સહેલી છે? કલ્પવૃક્ષ પૃથ્વી પર છે જ કયાં? તે તો દેવલોકમાં જ છે, છતાં એકલા મારવાડને ઉદ્દેશી કહેવું એ બ્યાજબી જ નથી. દૃષ્ટાંત સર્વ દેશી છે કે એક દેશી, તથા તેનો કેટલો પ્રદેશ ગ્રહણ કરવો યોગ્ય છે, અને કયો મતલબ શ્રોતાના મનમાં અસર કરે તેવો છે; એ વકતાએ ખાસ ધ્યાનમાં રાખી અર્થ કરવો જોઇએ. માટે ઉપરના અર્થને જ સુજ્ઞ વિદ્વાનો માન આપશે. ભા. ક.

"પ્રભુ ! જેમ વોળાવા વગર ગરીબ–કાયર મનુષ્ય માર્ગમાં એકલો ન ચાલી શકે, તેમ આપના સાથ વિના હું દીન પણ પંથ પસાર કરી શકતો નથી, માટે આપ શહેરમાં જવાનું મોકૂફ રાખો. આપને મહાન પુણ્યવાન દેખીને સર્વ જનો આપની વાંછના કરે છે, પણ આપણને ઘણી ઢીલ થાય છે અને રત્નદ્વીપ તો હજુ બહુ દૂર છે, માટે તુરત રવાના થવાની જ જરૂર છે." (૪–૫)

કુંવર કહે નરરાયનું દાખિણ કિમ છંડાય ?
તિણે નયરી જોવા ભણી કુંવર કીયો પસાય. ૬

હાટ સજ્યાં હીરાગળે, ઘર ઘર તોરણ માળ;
ચહુટે સુહુટે ચોકમાં, નાટક ગીત રસાળ. ૭

ફૂલ બિછાયાં ફૂટરા, પંથ કરી છંટકાવ;
ગજ તુરંગ શણગારિયા, સોવન રૂપે સાવ. ૮

અર્થઃ—શેઠના બોલવાનો મતલબ ધ્યાનમાં લઇ કુંવરે કહ્યું—"તમારૂં કહેવું યોગ્ય છે, પણ રાજેંદ્રની ૧ દાક્ષિણ્યતા કેમ છોડાય? તેનો જરા વિચાર કરી જુઓ. જવાની જરૂર જ છે." એમ બોલી નગરી જેવા જવાનો નિશ્ચય જાહેર કરી કુંવરે નરેંદ્ર તરફ કૃપાયુકત સ્નેહનજર જણાવી એથી મહાકાળ રાજાએ તાકીદનો હુકમ ફેરવી શહેર શણગારાવ્યું, એટલે કે હીરાગળ–રેશમી ને કસબી વસ્ત્રોની બિછાયત કરી તોરણોથી દુકાનો શણગારી, ઘરે ઘરે તોરણમાળ બંધાવી, ચૌટે ચૌટે ને ચોકોની અંદર રસ્તો સાફ કરાવી, સુગંધી જળ છંટાવી, તે ઉપર રૂપાળાં સુગંધી પુષ્પો પથરાવી; રસીલાં નાટકો ને ગીતો શરૂ કરાવ્યાં. હાથી ઘોડાઓને તદ્દન સોના ને રૂપાના સાજથી શણગારાવી સામૈયા માટે તૈયાર રખાવ્યા, અને તે પછી બબ્બરરાયે કુંવરને હાથીના હોદ્દામાં બેસાર્યા. ( ૬–૮ )

---

( ઢાળ પાંચમી–રાગ સિંધુડો ચિત્રોડા રાજારે–એ રાહ. )

વીનતી અવધારેરે, પુરમાંહે પધારેરે,
મહોત વધારે બબ્બર રાયનુંરે;
કુંવર વડભાગીરે દેખી સોભાગીરે,
જોવા રઢ લાગી પગ પગ લોક નેરે. ૧

---

૧ આ વાકય એજ બોધ આપે છે કે માનવંતા મનુષ્યની દાક્ષિણ્યતા જાળવવી જ જોઇએ–તેનું માન જાળવવું એજ ભૂષણ છે.

ઘર તેડી આવ્યારે, સાજન મન ભાવ્યારે,
સોવન મંડાવ્યા; આસણ બેસણાંરે;
મીઠાઇ મેવારે, પકવાન કલેવારે,
ભગતિ કરે સેવા, બબ્બર બહુ પરેંરે. ૨
ભોજન ઘૃત ગોળરે, ઊપર તંબોળરે,
કેસર રંગરોળ કરે વળિ છાંટણાંરે;
સવિ સાજન સાંખેરે, મુખેં મધુરૂં ભાખેરે.
અંતર નવિ રાખે કાંઇ પ્રેમમાંરે. ૩
[1]લેઈ કન્યાદાનરે; દેઈ બહુ માનરે.
પરણી અમ વાન વધારો વંશનોરે;

**અર્થઃ**—કુંવરે પણ રાજાની વિનંતી સ્વીકારી, પુરમાં પધારી, બબ્બરરાયનું મહત્વ વધાર્યું. કુંવરને મોટા ભાગ્યના ધણી ને સૌભાગ્ય–પ્રતાપવંત જોઇ પગલે પગલે (તેમને) નિહાળવા માટે લોકોને પણ, ઘણી જ ઉત્કંઠા વધી–રઢ લાગી. મતલબ કે–રાજા, પ્રજાના અત્યંત હર્ષ અને મહાન ઠાઠ સાથે સામૈયું કરી કુંવરને રાજભુવનમાં તેડી લાવ્યા, તે સર્વ સુજન, સ્વજન ને સજ્જનોને વાત પસંદ પડી, કેમકે કુંવર પોતેજ સર્વને પસંદ પડયા હતા તે પછી સોનાનાં સિંહાસનો મંડાવ્યાં હતાં, તે ઉપર કુંવરને બેસાડી આનંદ પ્રાપ્ત કર્યો. તે પછી મીઠાઈ, મેવા–પકવાન્ન વગેરેને કેળવી ભોજન સામગ્રી તૈયારી કરાવી અને બહુ બહુ રીતે બબ્બરરાયે કુંવરની સેવા ભકિત કરી. વળી ઘી ગોળનાં મંગળીક ભોજનો જમાડયાં, તંબોળ–પાનબીડાં આરોગાવ્યાં અને કેસરનાં રંગરોળ છાંટણાં પણ કરાવ્યાં. તે પછી બધા સજ્જનોની સાક્ષીએ–રૂબરૂ મીઠાં વચનો સાથે અને અંતર રહિત અતિ પ્રેમયુક્ત બબ્બરરાય બોલ્યો કે, "મારા હાથથી કન્યાદાન લઇ મને મહામાન દઈ પરણીને મારા વંશનું વાન વધારો એટલે આનંદ આનંદ." (૧–૪)

તવ કુંવર ભાખેરે, કુળ જાણ્યા પાંખેરે.
કિમ ચિતની સાખેં દીજે દીકરીરે. ૪

[1] આ પદ વાતના રૂપને–અર્થસંગતિને મળતું છે જેથી મેં કાયમ રાખ્યું છે. સારા કવિઓ, કવિતાનાં મુખ એટલે સ્વમુખ, સન્મુખ, પરમુખ ને પરાંમુખ એ ચાર મુખ હોય છે, તેમાં જે મુખેથી વાર્તા ઉપડી હોય તે મુખ પૂર્ણ થતાં લગી (વચમાં) બીજા મુખરૂપની વાર્તા આવે જ નહીં, તેમ જ અર્થસંગતિ–રૂપ ફરે જ નહીં એ વાત ખાસ લક્ષમાં રાખે છે. ભા. ક.

કહે નૃપ અવતંસરે, છાનો નહીં હંસરે,
જાણ્યો તુમ ઉત્તમ વંશ ગુણે કરીરે;
જાણે સહુ કોઈરે, જે નજરેં જોઈરે,
હીરો નવિ હોઇ વિણુ વેરાગરેંરે. ૫

મહોત્સવ મંડાવેરે, સાજન સહુ આવેરે,
ધવળ ગવરાવે મંગળ નરવરૂરે;
રૂપેં જિસી મેનારે, ગુણ પાર ન જેનારે,
મદનસેના પરણાવી ઇણી પરેંરે. ૬

મણિ માણેક કોડીરે, મુક્તાફળ જોડીરે,
નરપતિ કરજોડી દિયે દાયજોરે;
પરેં પરેં પહિરાવેરે, મણિ ભૂષણ ભાવેરે,
પાર ન આવે જસ ગુણ બોલતાંરે. ૭

નાટક નવ દીધાંરે, તિહાં પાત્ર પ્રસિદ્ધાંરે,
જાણે એ લીધાં મોલેં સરગથીરે;
બહુ દાસી દાસરે, સેવક સુવિલાસરે,
દીધાં ઉલ્લાસે સેવા કારણેરે. ૮

અર્થ:—ત્યારે કુંવરે કહ્યું, "[૧]મારું કુળ જાણ્યા વિના કેમ ચિત્તની સાખે દીકરી કેમ દેવાય?" તે સાંભળી રાજાએ કહ્યું, "સઘળા પંખીઓમાં મુકુટસમાન હંસ તે ક્યાંય છાનો રહે ખરો? કદિ નહીં! તેમ આપનો ઉત્તમ વંશ વગેરે સર્વ આપના [૧]ઉત્તમ ગુણોએ કરીને જાણી જ લીધેલ છે, કેમકે નજરે જુવે તે તો જાણી જ લે છે કે, હીરાની ખાણ વગર હીરો પેદા થતો જ નથી, એ સર્વના જાણવામાં જ છે. એથી અરજ સ્વીકારવી જ યોગ્ય છે." એમ કહી રાજાએ મહોત્સવ મંડાવ્યો એટલે સર્વ સજ્જનો આવ્યા, તથા ધવળમંગળ ગીત ગવરાવ્યાં અને મેનકા અપસરા જેવી સ્વરૂપવંત અપાર ગુણવંત મદનસેનાને કુંવર શ્રીપાળ સાથે પરણાવી. તેમજ ક્રોડગમે મણિ માણેક તથા મોતીઓ વગેરે કરમોચન વખતે કર જોડી મહાકાળ રાજાએ શ્રીપાળ કુંવરને દાયજામાં આપ્યાં. શિવાય, જેનું વર્ણન કરતાં પાર ન આવે એવા મણિરત્નમય દાગિનાઓ પૂર્ણ પ્યારથી ચાહીને પહે-

૧ આ વચન એજ બોધ આપે છે કે—જે વરનું કુળ, ગોત્ર, આચાર, સ્થિતિ, સ્વભાવ વગેરે ન જાણતાં હોઇએ તે વરને દીકરી દેવી નહીં.

રાવ્યા. અને નવ નાટકની ટોળીઓ કે જેનાં પ્રસિદ્ધ પાત્રો જાણે સ્વર્ગમાંથી વેચાઉ લીધી હોય તેવી આપી, તથા ઘણીક દાસદાસીઓ વગેરે સેવા કરનારા જનો સારા વિલાસ અને હુલ્લાસયુકત આપ્યાં. (૪-૮)

રસભર દિન કેતારે, તિહાં રહે સુખ વેતારે,
દાન યાચકને દેતા બહુ પ રે રે;
અમને વોળાવોરે, હવે વાર ન લાવોરે;
કહે કુંવર જાવો અમ દેશાંતરે રે. ૯
નૃપ મન દુખ આણેરે, કેમ રાખું પરાણેરે,
ઘર ઇમ જાણે ન વસે પ્રાહુણેરે;
પુત્રી જે જાઈરે, તે નટ પરાઈરે,
કરે સજાઇ હવે વોળાવવારે. ૧૦
એક જુંગ અશંભરે, જે દેખી અચંભરે,
ચોસઠ કુંવાથંભેરે, સુંદર સોહતુંરે;
કારીગરે ઘડિયારે, મણિ માણિક જડિયારે,
થંભ તે અડિયા જઇ ગયણાંગણેરે. ૧૧
સોવન ચિત્રામરે, ચિત્રિત અભિરામરે,
દેખિયે ઠામ ઠામ તિંહાં ગોખડારે;
ધજ મોટા ઝળકેરે, મણિ તોરણ ચળકેરે,
ચંચળ ઢળકે ચામર ચિહું દિશેરે, ૧૨
ભૂંઇ સાતમીએંરે, તિહાં ચઢી વિશમીએંરે,
બેસીને રમિયે સોવન સોગઠેરે,
વાહણ ગાજે રહ્યું સમુદ્રમાંરે. ૧૩
પૂરે તે રતનેરે, રાજા બહુ જનતાને,
સાસર વાસો મન મોટે કરેરે;
વોળાવી બેટીરે, હિયડા ભરિ ભેટીરે,
શીખગુણ પેટી દીધી બહુ પરેરે. ૧૪
સાજન સોહાવ્યાંરે, મિલણાં બહુ લાવ્યાંરે,
કાંઠે સવિ આવ્યાં આંસૂ પાડતાંરે;

વર વહૂ વોળાવ્યાંરે, માવિતર દુખ પાર્યાંરે;
તૂર વજડાવ્યાં હવે પ્રયાણનાંરે. ૧૫

**અર્થ**:—આ પ્રમાણે આનંદમહોત્સવ વીત્યા પછી પણ કેટલાક દિવસ રસરંગભર સુખચેનથી યાચકને વિવિધ પ્રકારે દાન દેતા ત્યાં રહ્યા, પછી કુંવરજીએ બબ્બરરાયને કહ્યું કે–" હવે અમને દેશાંતરે જવાની ઉતાવળ છે માટે તાકીદે વિદાય કરો." કુંવરનું આવું બોલવું થવાથી રાજાને મનમાં ઘણું દુ:ખ થયું. અને તેણે વિચાર કર્યો કે–" હું એમને પરાણે શી રીતે રાખી શકું ! કંઈ મેહમાનથી ઘર વસે ? તેમ વળી જે પુત્રી જન્મી છે, તે આખર–અવશ્ય પારકા ઘરનુંજ ભૂષણ છે, એટલે તેણીને પણ કયાં લગી રોકી શકાય ? માટે મોકલ્યા વિના સિદ્ધિજ નથી." એમ વિચારી તેઓને વોળાવવાની તુરતમાં તૈયારી કરવા તત્પર થયો. જેને જોતાંજ અચંબો થાય તેવું એક જુંગ જાતનું ચોસઠ કુવાથંભ વાળું સાત માળનું અદ્વિતીય સુંદર શોભાવંત વહાણ કે જેના થંભોને કારીગરોએ સુંદર ઘડેલા તથા મણિ માણેકોથી જડેલા અને તે આકાશને જઈ અડયા હોય એટલી ઉંચાઇમાં છે. તેમજ તે વહાણની અંદર સોનેરી શાહીથી ચિત્રેલાં મનોહર ચિત્રામણોવાળા ગોખ ઠેકાણે ઠેકાણે જોવામાં આવે છે, અને વહાણને માથે સુંદર ધ્વજાઓ–મોટા નેજા ઝળકી રહેલ છે. મણિયોનાં તોરણો પણ ચળકાટ મારી રહ્યાં છે, તથા ચંચળ ચામરો પણ ચોમેર ઢળકી રહ્યાં છે, તે વહાણની સાતમી ભૂમિમાં વિશ્રામ કરી સોનાનાં સોગઠાંની ચોપાટ રમીએ તો ઘણોજ આનંદ આવે એવું રમણિક છે. મતલબ એ કે તે વહાણ આવી ઘણી રમણીયતા વડે શોભાવંત છે, તેમજ તેમાં તરેહ તરેહનાં મનહર વાજીંત્રો વાગી રહ્યાં છે કે જેના શબ્દવડે તે વહાણ સમુદ્રની અંદર ગાજી રહ્યું છે, અને તેની અંદર રાજાએ ઘણાજ યત્નથી સુંદર કીંમતી રત્નો વગેરે ભરી મોટા–ઉદાર મનવડે સાસરવાસો કર્યો. આવા ઠાઠ સહિત પુત્રીને હૈયા સાથે ભેટીને તથા બહુ બહુ જાતની શિખામણરૂપ ગુણની પેટી આપીને વોળાવી. તે વેળાએ ત્યાં સજ્જન મંડળ પણ શોભા સહિત પોતપોતાની લાયકાત મુજબ શ્રીફળ, મીઠાઈ, સુવર્ણમુદ્રા વગેરે વિવિધ ચીજો લઇ હાજર રહ્યું હતું–તે પણ સમુદ્રની ગોદી સુધી હર્ષના આંસુ પાડતું આવ્યું અને વર વહૂને વોળાવ્યાં; એ વખતે માવિત્રને બહુ દુ:ખની લાગણી થઇ આવી; પરંતુ નિરૂપાયપણે શ્રીપાળ કુંવરે કૂચ થવાથી સંજ્ઞાના વાજાં વજડાવ્યાં. ( ૯–૧૫ )

નાગર ઉપડાવ્યાંરે, સઢ દોર ચલાવ્યારે,
વાહણ ચલાવ્યાં વેગે ખલાસિયેરે;

નિત નાટક થાવેરે, ગુણિજનગુણ ગાવેરે,
વર વહૂ સોહાવે બેહૂ ગોખડેરે; ૧૬

**અર્થ**:—પ્રયાણનાં વાજાંઓનો અવાજ સાંભળતાંજ ખલાસીઆઓએ નાંગર ઉપાડી લીધાં, શઢનાં દોરડાં પણ ચઢાવી લીધાં અને તાકીદે વહાણોને ચલાવ્યાં. તે પછી શ્રીપાળ રાજા અને મદનસેના રાણી એ વર વહૂ બન્ને ગોખડામાં શોભાયુક્ત જે જે વખતે બિરાજતાં તે તે વખતે નાટિક થતાં અને ગુણિજનો ગુણગાન કર્યા કરતા હતા-મતલબ એ કે તેઓ પરસ્પર પ્યાર સહિત હમેશાં આનંદમાં મશગુલ રહેવા લાગ્યાં. (૧૬)

મન ચિંતે શેઠરે, મેં કીધી વેઠરે,
સાયર ઠેઠ ફળ્યો જાઓ એહનેરે;
જે ખાલી હાથેંરે, આવ્યો મુજ સાથેંરે,
આજ તે આથેં સંપૂરણ થયોરે. ૧૭

જળ ઇંધણ માટેરે, આવ્યાં ઇણિ વાટેરે,
પરણ્યો રણ સાટે જુઓ સુંદરીયો;
લખમી મુજ આધી રે, ઇણે મુહિયાં લાધીરે,
દોલત વાધી દેખો પલકમાં રે. ૧૮

કિમ માગું ભાડુંરે, ખત પત્ર દેખાડુંરે.
દેશે કે આડું અવળું બોલશેરે;
કુંવર તે જાણીરે, મુખ મીઠી વાણીરે,
ભાડું તસ આણી આપે દશગણુંરે. ૧૯

પામ્યા અનુક્રમેંરે; નરભવ જિનધરમેં રે,
વાહણ રયણદીવે ખેમે સહુરે;
નાંગર જળ મેલ્યાંરે, સઢ ડોર સંકેલ્યાં રે,
હળવે હળવે લોક સહુ ત્યાં ઉતર્યાંરે. ૨૦

બીજે ઇમ ખંડેરે, જુઓ પુણ્ય અખંડેરે,
એકણ પિંડે ઉપાર્જન કરીરે;
કુંવર શ્રીપાળરે, લહ્યા ભોગ રસાળરે,
પાંચમી ઢાળ ઇસી વિનયેં કહીરે. ૨૧

**અર્થ** :—શ્રીપાળ કુંવરનો વૈભવ નિહાળી ધવળશેઠને ઇર્ષ્યા ઉત્પન્ન થતાં ચિંતવવા લાગ્યો કે–" મેં તો ફક્ત વૈતરૂંજ કર્યું છે, આ દરિઆઇ મુસાફરી તો ઠેઠથી એને જ ફળી છે. એ તો જરા જુઓ ! હાય ! [1]જે ખાલી હાથે મારી સાથે આવ્યો હતો તે ધણી અત્યારે બધી લક્ષ્મીએ કરીને પરિપૂર્ણ થયો છે ! ! ! મીઠું પાણી અને બળતણ લઇ લેવા માટે આ વાટે આવ્યા હતા ત્યાં લડાઇને સાટે આ સુંદર રાજકન્યા પરણ્યો ? વળી મારી અડધી લક્ષ્મી પણ સહેજ વાતમાંજ મળી ગઇ અને એક પળવારમાં જોતજોતે દોલત વધી પડી ! હવે હું મારૂં ઠરાવેલું ભાડું પણ એની પાસે શી રીતે માંગવા જઉં ? (એનો ઠાઠજ મારા પગ થરથરાવી નાંખે તેવો છે.) તેમ ઠરાવેલા ભાડા સંબંધી શું ખત પત્ર લખેલું છે કે તે બતાવી રકમ વસુલ લઈ શકું ? એથી એ ભાડું આપશે કે નહીં આપે ? કિંવા આડું અવળું કંઈ બોલશે ? (અને એમ કરે તો પણ એની પાસેથી ભાડું વસૂલ કરવા મારૂં શું ગજું છે ?)" (વગેરે વગેરે તર્ક વિતર્ક કરતો કુંવર પાસે જઈ માસિક ભાડું માગવાની હીલચાલ ચલાવવાના ચાળા કરવા લાગ્યો. એ જાણી ચાલકના સરદાર ) શ્રીપાળ કુંવરે તુરત મીઠી વાણી સહિત ચડેલા ભાડાથી દશગણા પૈસા આપ્યા. એથી શેઠ રાજી થતો પોતાના વહાણોની તરફ રસ્તો માપી ગયો.

આ પ્રમાણે પંથ પસાર કરતાં ક્રમે કરીને, જેમ જિનધર્મના પ્રતાપથી અનુક્રમે નરભવ પ્રાપ્ત કરાય તેમ વહાણોએ પણ ક્ષેમકુશળપૂર્વક રત્નદ્વીપ પ્રાપ્ત કર્યો. ત્યાં પહોંચ્યાં એટલે તુરત નાંગરીઓએ પાણીમાં નાંગર નાંગર્યાં અને સઢનાં દોરડાં સંકેલી લીધાં કે તુરત ધીરે ધીરેથી સર્વ ઉતારૂઓ રત્નદ્વીપના કિનારે ઉતર્યાં. કવિ વિનયવિજયજી કહે છે કે–આ બીજા ખંડની પાંચમી ઢાળ એવો બોધ આપે છે કે જૂવો, અખંડ પુન્યના પ્રતાપથી શ્રીપાળ કુંવરે એકજ પિંડથી પુષ્કળ સમૃદ્ધિ મેળવી સુંદર વિલાસ સ્વાધીન કર્યો; માટે તમો શ્રોતાગણો પણ તેવું જ અખંડ પુન્ય ઉપાર્જન કરો કે જેથી તેવોજ વૈભવ વિલાસ પ્રાપ્ત થાય. (૧૭–૨૧)

---

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે–અભાગીઆ અદેખા જનો પારકાની ચઢતી જોઈ તેની પડતી કેમ થાય, તેજ વિચાર બોલ્યા કરે છે; પરંતુ પોતે પોતાના નસીબ પર હાથ ફેરવી નથી શોચતા કે પોતાના કમનસીબને લીધે સર્વ વાતની ન્યૂનતા રહી અને સામાંના ભાગ્યની ચડતી થતી હોવાથી સર્વ બાબતની છત થઇ. એમાં ઇર્ષ્યા શા માટે લાવવી જોઇયે ! વધારે ઇર્ષા આવતી હોય તો સત્કૃત્યો કરી એનાથી પણ સવાઈ સાહેબી મેળવો સો સો રંગ લેવાય.

( દોહા–છંદ )

દાણ વળાવી વસ્તુનાં, ભરી અનેક વખાર;
વ્યાપારી વ્યાપારના, ઉદ્યમ કરે અપાર. ૧

લાલ કિનાયત જરકસિ, ચંદરવા ચોસાળ;
ઉંચા તંબુ તાણિયા, પચરંગ પટશાળ. ૨

સોવનપટ મંડપ તળે, રયણ હિંડોળા ખાટ;
તિહાં બેઠા કુંવર જુએ, રસભર નવરસ નાટ. ૩

ધવળશેઠ આવી કહે; વસ્તુ મૂલ્ય બહુ આજ;
તે વેચાવો કાં નહીં, ભર્યાં અઢીસો જહાજ. ૪

કુંવર પભણે શેઠને, ઘડો વસ્તુ દામ;
અવર વસ્તુ વિણજો વળી, કરો અમારૂં કામ. ૫

કામ ભળાવ્યું અમ ભલે, હરખ્યો દુષ્ટ કિરાડ;
આરત ધ્યાનેં જિમ પડયો, પામી દૂધ બિલાડ. ૬

અર્થઃ—બંદર ઉપર વહાણ અંદરની બધી વસ્તુઓ ઉતારી જકાતી માલનું હાંસલ ચુકવી તે માલની અનેક વખારો ભરી વ્યાપારીઓ વ્યાપાર ખેડવા સંબંધી અનેક યુકિત પ્રયુકિત સાથે વ્યાપાર ખિલવવાના ઉદ્યમ કરવા લાગ્યા. અને શ્રીપાળ કુંવરે તો સમુદ્રના કિનારા ઉપર તુરત પંચરંગી રેશમી કપડાના બનાવેલ ઉંચા તંબૂ તાણી બંધાવ્યા, તથા તેમાં જરકસી બૂટાદાર લાલ કિનખાપના ચોખંડા ચંદૂવા પણ બંધાવી દીધા. અને તે જરીઆની મંડપની અંદર રત્નજડિત હીંચોળાખાટ પણ બંધાવી તેમાં બિરાજી શ્રીપાળ કુંવર રસભરિત નવરસમય ભજવાતાં નાટકો જોવા લાગ્યા. એવામાં ધવળશેઠ આવીને કહેવા લાગ્યો—"અત્યારે વસ્તુનું મૂલ તેજ છે, માટે નાણાં સારાં હાથ લાગવાનો લાગ છે. છતાં સંગ્રહેલો માલ શા માટે વેચાવતા નથી ? અઢીસો વહાણ તો કરિયાણાથી ભરેલાં છે, તોપણ ધ્યાન નથી દેતા ?" કુંવરે કહ્યું, 'શેઠજી ! જે વસ્તુ ભરેલી છે તે વેચી દામ ઘડી લ્યો, અને ખરીદવા લાયક હોય તે સુખેથી મરજી મુજબ ખરીદો, કે જેથી સારો ફાયદો —નફો હાથ લાગે, માટે એટલું અમારૂં કામ આપજ કરો." આ પ્રમાણે શેઠને કુંવરે કામ ભળાવેલું જાણી, રાની ભીલ સરખા પાપી મનનો વાણિયો બોલ્યો "આપે મને ભલે કામ બતાવ્યું, હું તે ઘણી ખુશીથી બજાવીશ. આપનું કામ કરવું એ તો કપૂરનું વેતરૂં છે." વગેરે બોલી માલ વેચતાં

લેતાં પોતાનાં ખીસાં ભરાવા સંબંધી ભરઢોળની ખટપટ માટે, જેમ દૂધ જોઇને બીલાડો આર્ત્તધ્યાનમાં પડે, તેમ તે આર્ત્તધ્યાનમાં પડી ગયો, તો પણ મનમાં ઘણો જ રાજી થયો. કેમકે જે સારો માલ હશે તે મારો કહી વેચી સારો નફો હાથ કરીશ. અને રાસી માલ હશે તે એના નામનો ગણી વેચીશ એટલે ખોટ જનારને જશે, મને તો બધી રીતે લાભ જ છે. વાણિયા વગર એ લોકોને માલ વેચવા લેવાની કયાં ગમ હોય છે, એટલે પાસા પોબાર જ છે. વગેરે વગેરે વિચાર કરી અને પોતાની ધારણાને પાર પાડવા લાગ્યો. (૧–૬)

**ઈણ અવસર આવ્યો તિહાં, અવલ એક અસવાર,**
**સુગુણ સુરૂપ સુવેષ જસ, આપ સમો પરિવાર. ૭**
**કુંવરે તેડી આદરે, બેસાર્યો નિજ પાસ,**
**અદ્‌ભુત નાટક દેખતાં, તે પામ્યો ઉલ્લાસ. ૮**
**હવે નાટક પૂરે થયે, કુંવર પૂછે તાસ,**
**કુણ કારણ કુણ ઠામથી, પાઉ ધર્યા અમ પાસ. ૯**

અર્થઃ—એ અવસર દરમિયાન એક સુંદર વેષ, સારા ગુણ, સારા રૂપવાળો ઉત્તમ ઘોડેસવાર [1]પોતાના સરખા સુંદર પરિવાર સહિત કુંવરના તંબૂની અગાડી આવી પહોંચ્યો, અને તેનો દબદબો વગેરે જોઈતેને બુદ્ધિવંત કારભારી જાણી, કુંવરે સેવક મારફત અંદર બોલાવી, આદર સત્કાર સાથે પોતાની પાસે બેસાર્યો, એથી તે પણ અદ્‌ભુત નાટક રચના નિહાળીને આનંદ પામ્યો. તે પછી જ્યારે નાટક પૂર્ણ થયું ત્યારે કુંવરે તે સવારને પૂછયું "આપ કયાંથી ? કયા કારણને લીધે અમારી પાસે પધાર્યા છો ? તે કહેવામાં અડચણ ન હોય તો કહો." (૭–૯)

---

(ઢાળ છઠ્ઠી–ઝાંઝરિયાં મુનિવર ધન ધન તુમ–અવતાર એ દેશી.)

**[1]તેહ પુરૂષ હવે વીનવેજી, રતન એ પદ્મી સુરંગ,**
**રતનસાનુ પર્વત ઇહાંજી, વળયાકાર ઉત્તંગ,**
**પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત. પ્રભુ. ૧**

---

૧ આ વચન એજ બોધ આપે છે કે–હમેશાં પોતાની પાસે પોતાના સરખાં રૂપાળાં ગુણવાળાં ને સુંદર પોષાકવાળાં માણસો રાખવાં જોઇયે, કેમકે પોતાની પાસેનાં માણસોની જેવી આકૃતી, કૃતી ને વેષ હોય છે તેવી જ પોતાની કીંમત થાય છે, માટે જોનારનું મન ઊંચા વિચાર બાંધે તેવા સ્નેહી નોકર ચાકરો રાખવા જોઇએ.

૧ આ ઢાળમાં આંકણીનું પદ દરેક ગાથાની સાથે સંબંધ ધરાવનારૂં જ કાયમ રાખ્યું છે કે–'પ્રભુ ચિત ધરીને અવધારો મુજ વાત'. આનેજ ચારથાઇ–ગાવનનું મંડાણ અને સંબંધને તેજ કરનાર પદ કહે છે.

રતનસંચયા તિહાં વસેજી, નયરી પર્વત માંહ,
કનકકેતુ રાજા તિહાંજી, વિદ્યાધર નરનાહ પ્રભુચિ. ૨
રતન જિસી રળિયામણિજી, રતનમાળા તસ નાર,
સુરસુંદર સોહામણાજી, નંદન છે તસચાર પ્રભુ. ૩
તે ઉપર એક ઇચ્છતાંજી, પુત્રી હુઇ ગુણ ધામ,
રૂપકળા રતિ આંગળીજી મદનમંજુષા નામ. પ્રભુ. ૪
પર્વત શિર સોહામણોજી, તિહાં એક જિન પ્રાસાદ,
રાયપિતાયેં કરાવિયોજી. મેરૂસું મંડે વાદ. પ્રભુ. ૫
સોવનમય સોહામણાજી, તિહાં રિસહેસર દેવ,
કનકકેતુ રાજા તિહાંજી, અહનિશસારે સેવ. પ્રભુ. ૬
ભકતે ભલિ પૂજા કરેજી, રાજકુંવરી ત્રણ કાળ,
અગર ઉખવે ગુણ સ્તવેજી, ગાયે ગીત રસાળ. પ્રભુ. ૭

અર્થઃ—કુંવરના પ્રશ્ન સંબંધી ઉત્તરમાં તે સવારે કહેવું શરૂ કર્યું કે હે પ્રભુ ! હું જે વાત કહું તે આપ ચિત્ત દઈને સાંભળો. પ્રભુ ! આ મનોહર રત્ન નામનો દ્વીપ છે, એમાં રત્નસાનુ નામનો પર્વત કે જે ગોળાકાર અને ઉંચા શિખરો વાળો છે, તે ઊપર રત્નસંચયા નામની નગરી છે, ત્યાં કનકકેતુ નામનો વિદ્યાધર રાજા રાજ્ય કરે છે. તેને રત્ન સરખી રળિયામણી રત્નમાળા નામની રાણી છે, તેણીને દેવપુત્રોના સરખા ચાર પુત્ર છે, અને તે પુત્રોની ઉપર ઇચ્છતાં એક રૂપ, કળા અને ભાગ્યમાં આગેવાની ધરાવનારી—જોવા યોગ્ય ગુણના ઘરરૂપ મદનમંજૂષા નામની પુત્રી થયેલી (તે હાલ યુવાવસ્થાવંત) છે. તે પર્વત ઉપર કનકકેતુ રાજાના પિતાનું કરાવેલ જિનમંદિર છે કે જે ઊંચાઈમાં મેરુના શિખર સાથે વાદ કરે તેવું છે, તેમાં રત્નજડિત સોનાના સોહામણા શ્રી ઋષભદેવજી મૂળનાયક બિરાજે છે, તેમની કનકકેતુ રાજા રાત અને દિવસ સેવા બજાવ્યા કરતો હતો, તેમ જ રાજકુમારી પણ સવાર, બપોર ને સાંઝ એમ ત્રણે વખત ભલી ભક્તિ સહિત અગર ઊખેવી ગુણસ્તવી રસીલાં ગીતો ગાઇ અષ્ટ પ્રકારે પૂજા કરતી હતી. (૧–૭)

એક દિન આંગી રચીજી, કુંવરીએ અતિ ચંગ;
કનકપત્ર કરિ કોરણીજી, બિચ બિચ રતન સુરંગ. પ્રભુ. ૮
આવ્યો રાય જુહારવાજી, દેખી સુતા વિજ્ઞાન;
મન ચિંતે ધન મુજ ધુઆજી, ચઉસઠ કળા નિધાન પ્રભુ. ૯

એ સરીખો જો વર મિલેજી, તો મુજ મન સુખ થાય;
સાચી સોવન મુદ્રડીજી, કાચ તિહાં ન જડાય. પ્ર. ૧૦
એમ ઊભો શૂને મનેંજી, ચિંતાતુર નૃપ હોય;
ઇણ અવસરેં અચરિજ થયુંજી, તે સુણજો સહુકોય. પ્ર. ૧૧
ઓસરતી પાછે પગેંજી, જિનમુખ જોતી સાર;
આવી ગંભારા બાહિરેજી, જવ તે રાજકુમારિ પ્રભુ. ૧૨
તામ ગભારા તેહનાંજી, દેવાણાં દોય બાર;
હલાવ્યાં હાલે નહીજી, સલકે નહિઅ લગાર. પ્રભુ. ૧૩
રાજકુંવરી ઇમ ચિંતવેજી, મન આણી વિષવાદ;
મેં કીધી આશાતનાજી, કાઇક ધરી પ્રમાદ પ્રભુ. ચિ. ૧૪
ધિક મુજ જિન જોવાતણોજી, ઉપનો એહ અંતરાય;
દોષ સયળમુજ સાંસહોજી, સ્વાગી કરી સુપસાય. પ્ર. ૧૫
દાદા દરિસણ દીજીયેંજી, એ દુખ મેં ન ખમાય;
છોરૂ હોય કુછોરૂઆંજી, છેહ ન દાખે માય. પ્રભુ. ૧૬
રાય કહે વત્સ સાંભળોજી, દોષ નહીં તુજ એહ.
દોષ ઇહાંછે માહરોજી, આણી તુજપર નેહ. પ્રભુ. ૧૭
વરની ચિંતા ચિંતવીજી, જિણહર માંહી જેણ;
તે લાગી આશાતનાજી, બાર દેવાણાં તેહ. પ્રભુ. ૧૮
જિનવર તો રૂષે નહીંજી, વીતરાગ સુપ્રસિદ્ધ;
પણ કોઇક અધિષ્ટાયકેંજી, એ મુજ શિક્ષા દીધ. પ્રભુ. ૧૯
એ કમાડ વિણ ઉઘડેજી, જાઊં નહીં આવાસ;
સપરિવાર નૃપને તિહાંજી, ત્રણ હુવા ઉપવાસ. પ્રભુ. ૨૦

અર્થ:—એક દિવસ તે કુંવરીએ ઘણી જ સારી પ્રભુજીની આંગી રચી હતી અને તેમાં કનકનાં પાંદડાંની કોરણી કરી વચમાં વચમાં સુરંગદાર રત્નો ગોઠવ્યાં હતાં, એ દરમિયાન તેણીનો પિતા કનકકેતુ રાજા પ્રભુવંદન માટે ત્યાં આવી પહોંચ્યો અને પુત્રીએ રચેલી આંગીની ખુબી જોઈ તથા તેણીના મનમાં રહેલા જ્ઞાનની સબળતા વિચારી મનમાં ચિંતવવા લાગ્યો—"ધન્ય છે મારી પુત્રીને! ખચિત એ પુત્રી ચોસઠે કળાનો ભંડાર છે, પણ જેવી

એ ચતુર અને વિદ્વાન છે તેવો જ જો એણીને વર મળે તો મારા મનને સુખ પ્રાપ્ત થાય, કેમકે સો ટચના સોનાની વીંટીમાં તો હીરો જ જડાય, પણ કાચ જડાય જ નહીં માટે જ [1]યોગ્ય જોડીની જરૂર છે." ઇત્યાદિ પુત્રીના પતિ માટેની ચિંતા કરતો શૂન્ય મનવડે ઊભો હતો, તે અવસરમાં જે આશ્ચર્ય થયું તે સર્વ જનો શ્રવણ કરો. એટલે કે રાજકન્યા પાછે પગે પ્રભુને પ્રણામ કરતી પૂજાવિધાન પૂર્ણ કરી જિનરાજજીનું મુખારવિંદ નિહાળતી નિહાળતી જેવી મૂળ ગભારા બહાર આવી કે તે મૂળ ગભારાનાં બન્ને બારણાં (કમાડજોડી) બંધ થઈ ગયાં, અને હલાવતાં જરા પણ હાલે કે ચસકે પણ નહીં તેવાં સજ્જડ થઇ ગયાં જોઇ મનમાં ઘણી જ દીલગીર થઇ રાજકન્યાએ આ પ્રમાણે ચિંતવ્યું કે "મેં કંઈક પ્રમાદવશ થઈ આશાતના કરી હશે, એથી જ મને પ્રભુદર્શનનો અંતરાય થયો. ધિક્કાર છે મારા દોષિત મનને." ઇત્યાદિ કહી પ્રભુ પ્રત્યે વીનવવા લાગી, "હે સ્વામી ! મારાપર કૃપાદૃષ્ટિ કરી મારા સમસ્ત દોષો માફ કરો અને હે દાદા ! વહેલાં દર્શન દો. મારાથી આ દુઃખ સહન થઈ શકતું નથી. (મતલબ એ કે બીજાં બધાં દુઃખો સહન કરી શકું, પણ આ તુજ મુખદર્શનના અંતરાય રૂપી દુઃખ સહી શકતી નથી.) છોરુ તો કછોરુ થાય છે, પણ માવીતર કોઇ દિવસ કુમાવીતર થઇ તિરસ્કાર કરતાં જ નથી." ઈત્યાદિ દિલગીરી દર્શાવતી પુત્રીને નિહાળી રાજાએ કહ્યું-"હે વત્સ ! સાંભળ, એમાં તારો જરા પણ દોષ નથી, પરંતુ સર્વ દોષ મારો જ છે, કેમકે તારાપર સ્નેહભાવ લાવી તને ભવિષ્યમાં મળનારા યોગ્ય પતિ માટેની જિનમંદિરમાં ચિંતા કરી જેથી તે અશાતના લાગ્યાને લીધે આ મૂળ ગભારાનાં બન્ને દ્વાર બંધ થઇ ગયાં છે. જો કે જિનવરજી તો કોઇપર ગુસ્સો લાવતા જ નથી, કેમકે તે રાગ દ્વેષને વીતાવી-દૂર કરી વીતરાગ નામથી પ્રસિદ્ધ થયેલ છે, પરંતુ કોઇક એમના અધિષ્ઠાયક દેવે મારાથી થએલી અશાતના સંબંધે મને આ શિક્ષા આપેલી જણાય છે. તો હું પણ દૃઢ સંકલ્પ કરૂં છું કે-"જ્યાં લગી એ કમાડ ઊઘડે નહીં ત્યાં લગી પરિવાર સહિત અહીંયાંથી મહેલ તરફ પગ દઈશ જ નહીં." આ પ્રમાણે નિશ્ચય કરી તેણે પરિવારયુકત અન્ન પાણી વિના ત્રણ ઉપવાસ કર્યા. (૮-૨૦)

**ત્રીજે દિન નિશિ પાછલીજી, વાણી હુઈ આકાશ;**
**દોષ નથી ઇહાં કોઇનોજી, કાંઇ કરોરે વિષાદ. પ્રભુ ચિત. ૨૧**
**જેહની નજરે દેખતાંજી, ઉઘડશે એ બાર;**
**મદન મંજુષાતણો થશેજી, તેહજ નર ભરતાર. પ્રભુ. ૨૨**

[1] આ વાક્ય એજ બોધ આપે છે કે-પુત્રી જેવી રૂપગુણસંપન્ન હોય તેવો જ રૂપગુણસંપન્ન તેણીને વર પરણાવવો, નહીં કે તેણીની મરજી વિરુદ્ધ (રૂપગુણ વિરુદ્ધવાળો) વર પરણાવી આખી જિંદગી ધૂળમાં મેળવવી. મન મળવાથી જ સુખ મળે છે.

ઋષભદેવની કીંકરીજી, હું ચકકેસરી દેવી;
એક માસ માંહે હવેજી, આવું વરને લેવિ. પ્રભુ. ૨૩
સુણી તેહ હરખ્યાં સહુજી, રાયને અતિ આણંદ;
પ્રેમે કીધાં પારણાંજી, દૂર ગયાં દુઃખ દંદ. પ્રભુ ચિત. ૨૪
દિન ગણતાં તે માસમાંજી, ઓછો છે દિન એક;
તિણે જોવે સહુ વાટડીજી, કરે વિકલ્પ અનેક. પ્રભુ. ૨૫
પુત્ર શેઠ જિનદેવનોજી, હું શ્રાવક જિનદાસ;
પ્રવહણ આવ્યાં સાંભળીજી, આવ્યો ઇહાં ઉલ્લાસ. પ્ર. ૨૬
સુણી નાદ નાટક તણોજી, દેખણ આવ્યો જામ;
મનમોહન પ્રભુ તુમતણુંજી, દરિસણ દીઠું તામ. પ્રભુ. ૨૭
જાણું દેવિ ચકકેસરીજી, તુમે આણ્યા અમ પાસ;
જિણહર બાર ઉઘાડતાંજી, ફળશે સહુની આશ. પ્રભુ. ૨૮
પૂજ્ય પધારો દેહરેજી, જુહારો શ્રી જગદીશ;
ઊઘડશે તે બારણાંજી, જાણું વિસવાવીશ. પ્રભુ ચિ. ૨૯
બીજે ખંડે ઇણી પરેજી, સુણતાં છઠ્ઠી ઢાળ,
વિનય કહે શ્રોતા ઘરેજી, હોજો મંગળમાળ પ્રભુ. ચિ. ૩૦

અર્થ:–ત્રીજા દિવસની પાછલી રાતે આ પ્રમાણે આકાશથી દેવવાણી થઈ કે–"આમાં કોઇનો દોષ નથી, માટે શા સારુ દિલગીર થાઓ છો. જેની નજર પડવાથી બંધ થયેલાં ગભારાનાં બારણાં ઊઘડશે, તે નર રાજકન્યા મદનમંજુષાનો ભરતાર થશે. હું ઋષભદેવની દાસી ચક્રેશ્વરી દેવી એક મહિનાની અંદર તે વરને લઇને અહીં આવીશ." આવી આકાશવાણી સાંભળી તે બધાંએ રાજી થયાં. રાજાને પણ ધારેલી ધારણા સફળ થવાની મંગળવાણી સાંભળી ઘણો જ આનંદ થયો અને પ્રેમ સહિત પારણાં કર્યાં, તેથી સર્વેનાં દુઃખદ્વંદ દૂર ગયાં. તે બતાવેલી અવધિ પ્રમાણે મહીનામાં એક દિવસ જ ઓછો છે, તેને લીધે બધાંએ વાટ જોઇ રહ્યાં છે અને વિવિધ વિકલ્પ સંકલ્પ કર્યા કરે છે. હું જિનદેવ શ્રાવકનો પુત્ર જિનદાસ વહાણ આવ્યાં સાંભળી હુલ્લાસપૂર્વક અહીં આવ્યો અને નાટકનો નાદ સાંભળી જ્યારે જોવા આવ્યો ત્યારે આપ મનમોહન પ્રભુનું દર્શન થયું. હું મારી બુદ્ધિવડે અનુમાન કરૂં છું કે શ્રી ચક્રેશ્વરી દેવીએ જ અમારી પાસે આપશ્રીને મોકલ્યા છે, અને જિનમંદિરના દ્વાર ઉઘાડતાં સર્વની આશા સફળ થશે, માટે હે પૂજ્ય ! આપ શ્રી આદિદેવ પ્રભુના મંદિરે પધારો અને યુગાદીશ પ્રભુને

પ્રણામ કરો. હું [1]વિશેષવિશ્વા જાણું છું કે બારણા તરફ આપની નજર પડતાં જ તુરત ઊઘડશે, અને તે સાથે પુણ્યદ્વાર પણ ખુલ્લાં જ થશે." વિનયવિજયજી કવિ કહે છે કે-આ મંગળમાળની આશા બંધાવનારી બીજા ખંડની છઠ્ઠી ઢાળ આ પ્રમાણે કહી તે સાંભળતા શ્રોતાજનોને ઘેર મંગળમાળ થજો. (૨૧-૩૦)

---

(દોહા -છંદ)

તવ હરખે કુંવર ભણે, ધવળશેઠને તેડિ;
જઇયે દેવ જુહારવા, આવો કુમતિ ફેડી. ૧
શેઠ કહે જિનવર નમો, નવરા તમે નિચિંત;
વિણ ઉપરાજે જેહની, પહોંચે મનની ખંત. ૨
અમને જમવાનો નહીં, ઘડી એક પરવાર;
સીરામણ વાળુ જિમણ, કરિયે એકજ વાર. ૩
હવે કુંવર જાવા તિહાં, જવ થાએ અસવાર;
હરખ્યો હેષારવ કહે, તેજિ તામ તુખાર. ૪
સાથે લઇ જિનદાસને, અવલ અવર પરિવાર;
અનુક્રમે આવ્યા કુંવર, ઋષભદેવ દરબાર. ૫
એકેકો આવો જઇ, સહુ ગંભારા પાસ;
કુંવર પછી પધારશે, ઇમ બોલે જિનદાસ. ૬
જિમ નિર્ણય કરી જાણિયે, બાર ઉઘાડણ હાર;
ગંભારે આવ્યા જઇ, સહુકો કરે જુહાર. ૭
હવે કુંવર ધોતિયાં, મુખ બાંધી મુખકોશ;
જિણહર માંહે સંચરે, મન આણી સંતોષ. ૮

**અર્થ**:-જિનદાસની એ વિચારણા જાણી ત્યારે કુંવરે હર્ષસહિત ધવળશેઠને તેડાવી કહ્યું કે-"દુર્મતિ દૂર કરીને આવો તો દેવદર્શન કરવા જઇએ." તે સાંભળી શેઠ બોલ્યો-"તમે નવરા અને ચિંતા વગરના નિરાં-

---

[1] આ સંબંધ એજ બોધ આપે છે કે-મનુષ્યોનો દેખાવ, સ્વભાવ, આચરણ જોઇ 'તે આવી શક્તિવાળો હોવો જ જોઇએ' એવું અનુમાન કરવાની આદત મનુષ્યે અવશ્ય રાખવી જોઇએ.

તવંત હોવાને લીધે જિનવરને નમન કર્યા જ કરો, કેમકે પેદા કર્યા વગર એની મેળે આપોઆપ લક્ષ્મી ચાલી આવતાં મનની ખંત પાર પહોંચે છે. અમને તો જમવાની પણ ઘડી એકની ફુરસદ મળતી નથી, જેથી સવારનો નાસ્તો, બપોરનું જમવું, સાંઝનું વાળુ; એ બધું એક જ વખતમાં પતાવવા પામિયે છીએ." આવું શેઠનું બોલવું સાંભળી કુંવર ત્યાં જવાને માટે તેજ પાણીદાર જાતવંત ઘોડાપર જ્યારે સવાર થયો ત્યારે ૧શુભ શુકન આપવા હર્ષ સાથે ગાજીમર્દ હિંસારવ (હણહણાટ શબ્દ) કરવા લાગ્યો. એટલે જિનદાસને સાથે લઈ સુંદર પરિપારયુક્ત કુંવર જિનમંદિર ભણી રવાના થયો અને પંથ પસાર કરતો ક્રમે કરી ઋષભદેવજીના દરબારે જઈ પહોંચ્યો. તે પછી ત્યાં જિનદાસ શેઠે આ પ્રમાણે કહ્યું કે–" સર્વ સંઘ પૈકી એક એક જણ પ્રભુના ગભારા પાસે જઇને અહીં આવો, અને છેવટમાં શ્રીપાળ-કુંવરજી પધારશે. એમ કરવાથી કોનાથી બાર ઊઘડયાં એનો નિર્ણય થઈ શકશે. એવું સાંભળી સર્વે જણ એક પછી એક ગભારા પાસે જઈ જઇને પ્રભુને નમન કરી પાછાં આવ્યાં, પણ કોઇના જોવાથી દ્વાર ઊઘડયાં નહીં, એથી છેવટે શ્રીપાળકુંવર શુદ્ધ જળથી સ્નાન કરી, પવિત્ર ધોતિયું (ઉત્ત-રાસંગ) ધારણ કરી મુખ પર (આઠ પડવાળો) મુખકોશ બાંધી હર્ષયુક્ત સંતોષવૃત્તિ લાવી શ્રી જિનાલયમાં દાખલ થયો. (૧–૮)

---

(ઢાળ સાતમી–રાગ મલ્હાર–એ બે મુનિવર વિહરણ પાંગર્યાજી–એ દેશી)

કુંવર ગંભારો નજરે દેખતાંજી, બેહુ ઊઘડીઆં બારરે;
દેવ કુસુમ વરષે તિહાંજી, હુવો જયજયકારરે. કુંવર. ૧

રાયને ગઇ તુરત વધામણિજી, આજ સફળ સુવિહાણુરે;
દેવિદિયોવર ઇહાંઆવિયોજી, તેજે ઝળામળ ભાણુરે કું. ૨

સોવનભૂષણ લાખ વધામણિજી, દેઇ પંચાંગ પસાયરે;
સકળ સજન જન પરવર્યોજી, દેહરે આવે નરરાયરે કું. ૩

દીઠો કુંવર જિન પૂજતોજી, કેસર કુસુમ ઘન સારરે;
ચૈત્યવંદન ચિત્ત ઉલ્લસેજી, સ્તવન કહે ઇમ સારરે કું. ૪

---

૧ પ્રયાણ કરતી વખતે ઘોડો આંસુ ઢાળે, લાદ કરે, કે ઉદાસ બની રહે તે અમંગળ સૂચવનાર શુકન ગણાય છે. પણ થનથનાટ સાથે નાચી રહેલો હણહણાટ કરી હર્ષ બતાવતો હોય કે જમણા પગના ડાબલાથી પૃથ્વી ખણતો હોય તો તે શુકન શ્રેષ્ઠના ગણાય છે.

દીઠો નંદન નાભિનરિંદનોરે, દેવનો દેવ દયાળરે;
આજ મહોદય મેં લહ્યોજી, પાપ ગયાં પાયાળરે. કું. ૫

**અર્થ**:–જ્યારે કુંવરે ગભારો જોયો ત્યારે બન્ને બારણાં ઊઘડી ગયાં, એટલે આકાશથી દેવોએ સુગંધી ફૂલોનો વરસાદ વરસાવ્યો અને જયજયકાર થયો. આ પ્રમાણે આનંદમંગળ વર્તાવ્યો કે તુરત કનકકેતુ રાજાને વધામણી ગઈ કે–"આજનો દિવસ ઉગેલો સફળ થયો, કેમકે દેવીએ દીધેલ વરરાજા અહીંયાં આવી પહોંચેલ છે અને તેજમાં ઝાકઝમાળ સૂર્યના સરખો દેદિપ્યમાન છે." આ મુજબ વધામણી મળતાં વધામણી દેનારને સોનાના દાગીના, લાખ પસાય અને પંચાંગ પસાય આપી તુરત રાજા સ્વજન સજ્જનોથી પરવર્યો, જિનમંદિરે આવી પહોંચ્યો. જિનમંદિરમાં આવી જુએ છે તો કુંવરને જિનરાજજીની કેસર, ચંદન, પુષ્પ ને બરાસ વગેરે ઉત્તમ દ્રવ્યો સહિત પૂજા કરતો દીઠો. તે પછી ચૈત્યવંદન કરતાં હુલ્લાસ ચિત્તયુક્ત સુંદર સ્તવન કહ્યું અને તે પછી કુંવરે પ્રભુજીની સ્તુતિ કરવા માંડી કે–"આજે મેં મહોદય પુણ્યપ્રતાપથી નાભિરાજાના નંદન અને દેવનાદેવ દયાળ ઋષભદેવજીને જોયા, જેથી પાપ માત્ર પાતાળમાં સંતાઈ પેઠાં" (૧–૫)

દેવ પૂજીને કુંવર આવિયાજી, રંગમંડપમાંહિ જામરે;
રાય સજન જને પરવર્યાજી, બેઠો કરિય પ્રમાણરે. કું. ૬
જિનહર બાર ઉઘડતાંજી, અચરિજ કીધી તુમે વાતરે;
દેવસ્વરૂપીદીસો આપણાંજી, વંશપ્રકાશો કુળજાતરે. કું. ૭
ન કહે ઉત્તમ નામ તે આપણુંજી, નવિ કરે આપ વખાણરે;
ઉત્તર ન દીધો તેણે રાયનેજી, કુંવર સયળ ગુણ જાણરે કું. ૮
દેખો અચંભો ઇણે અવસરેંજી. હુઓ ગયણે ઉદ્યોતરે;
ઊંચે વદને જોવે તવ સહુજી, એ કુણ પ્રગટી જ્યોતરે. કું. ૯
વિદ્યાચારણ મુનિ આવિયાજી, દેવ ઘણા તસ સાથરે;
જઇ ગંભારે જિન વાંદિયાજી, થુણ્યા શ્રી જગનાથરે, કુ. ૧૦
દેવરચિત વર*આસનેજી. બેઠાં તિહાં મુનિરાયરે;
દિયે મધુરધ્વનિ દેશનાજી, ભવિકશ્રવણ સુખદાયરે. કું. ૧૧
નવપદ મહિમાતિહાં વરણવેજી, સેવો ભવિકસિદ્ધચક્રરે;
ઇહભવ પરભવલહિયે એહથીજી, લીલાલહેર અનેકરે. કું. ૧૨
દુખ દોહગ સવિ ઉપશમેજી, પગ પગ પામે ઋદ્ધિ રસાળરે;

એ નવપદ આરાધતાંજી, જિમ જગકુંવર શ્રીપાળરે. કું. ૧૩
પ્રેમે સયળ પૂછે પરષદાજી, તે કુણ કુંવર શ્રીપાળરે;
મુનિવર તવ ધુરથી કહેજી, તેહનું ચરિત્ર રસાળરે. કું. ૧૪
તે તુમ પુણ્યે ઇહાં આવિયોજી, ઉઘડયાં ચૈત્ય દુવારરે;
તેહ સુણીને નૃપ હરખિયોજી, હરખ્યો સવિપરિવારરે. કું. ૧૫
એમ કહીને મુનિવર ઉતપત્યાજી, ગયણ મારગ તે જાયરે;
ઉભા થઇ ઉંચે મુખેજી, વંદે સહુ તસ પાયરે. કું. ૧૬
ઢાળ સુણી ઇમ સાતમીજી, ખંડ બીજાની એહરે;
વિનય કહે સિદ્ધચક્રનીજી, ભકિત કરો ગુણગેહરે. કું. ૧૭

**અર્થ**:–જ્યારે કુંવર પ્રભુપૂજાનો વિધિ પૂર્ણ કરીને રંગમંડપમાં આવ્યો ત્યારે સજ્જનોના પરિવારથી પરવરેલા રાજાએ કુંવર સાથે ભેટ વ્યવહાર અમલમાં લીધો, અને પરસ્પર ભેટી યોગ્ય સ્થળ આસન લઇ સર્વ જનો આનંદિત થયા. તે પછી રાજાએ કહ્યું–" આપે જિનમંદિરનાં દ્વાર ઉઘાડતાં, આશ્ચર્ય જેવી વાત જાહેરમાં આવી છે, એથી આપ કોઈ દેવસ્વરૂપી દેખાઓ છો, (માટે કૃપા કરીને) આપના વંશ, કુળ, જ્ઞાતિ; પ્રકાશ કરો. (એટલે અત્યાનંદ થાય.)" આ પ્રમાણે રાજાએ જો કે પૂછયું તો પણ નીતિ છે કે ઉત્તમ પુરુષો પોતાનું નામ [1]પોતાના જ મુખથી ન કહે અને પોતાની પ્રશંસા (વખાણ) પણ પોતાના મુખથી ન કરે. આમ હોવાને લીધે સકળ ગુણના જાણનાર કુંવરે રાજાના પ્રશ્નનો (રાજાને) ઉત્તર જ ન આપ્યો. દરમિયાન એ અવસરમાં એક અચંબા લાયક બનાવ બન્યો, (તે સંબંધે કવિ કહે છે કે જરા તે જુઓ) એટલે કે આકાશમાં ખૂબ અજવાળું થઇ આવ્યું, એ જોઇ બધાંએ મનુષ્યો ઊંચા મોઢાં કરી જોવા લાગ્યાં કે–" આ તે વળી અજવાળું શાનું થયું! કઈ જાતની જ્યોતિ પ્રગટ થઈ?" એમ જોવા ને જાણવા માગતાં તો જેમની સાથે ઘણા દેવો છે એવા વિદ્યાચારણ મુનિવર આકાશપંથથી તે જગોએ પધારતા જણાયા, અને તેમણે ત્યાં પધારી

---

૧ શાસ્ત્રનું ફરમાન છે કે–પોતાનું નામ, પોતાની સ્ત્રીનું નામ અને પોતાના ઇષ્ટદેવનું નામ મોઢેથી ન કહી બતાવતાં જમીન ઉપર લખી બતાવવું. પોતાનું નામ ન કહી બતાવવામાં ઉત્તમ કુલીનતાની પ્રતીતિ મળે છે. પોતાની સ્ત્રીનું નામ ન કહેવામાં અર્દ્ધાગના તરફનો પ્યાર સાબીત થાય છે, અને ઇષ્ટદેવનું નામ ન કહેવામાં ઇષ્ટ પ્રત્યેનો પ્યાર વર્ત્તવા તથા નામ જાણવાથી મતલબી લોકો તેના સોગંદ આપતાં પડતાં કષ્ટની બલા દૂર થાય છે. ભા. ક.

પરમાત્માજીનાં દર્શન વંદના કરી શ્રી જગનાથની સ્તવના કરી. તે પછી દેવતાના બનાવેલા શ્રેષ્ઠ આસન ઉપર બીરાજમાન થઇ તે મુનિવરજી મધુર ધ્વનિવડે દેશના દેવા લાગ્યા અને તે સુખ દેનારી ધર્મદેશના ભવિક શ્રોતાજનો શ્રવણ કરવા લાગ્યા, તથા તે દેશના દમિયાન નવપદજીના મહીમાનું વર્ણન કરતાં કહેવા લાગ્યા કે–" હે ભવિજનો ! તમો સર્વ જનો શ્રી સિદ્ધચક્રજીની સેવના કરો કે જેથી આ ભવમાં અને પરભવમાં પાર વગરની લીલાલહેર પ્રાપ્ત થાય. (કેમકે જગતમાં જે કંઇ સુખ મળવાના સાધનો છે, તે ત્રણ તત્ત્વને જ અવલંબીને રહેલાં છે. એટલે કે દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ એ ત્રણ તત્ત્વ સારામાં સારાં સુખસાધન દેનારાં છે, તે ત્રણે તત્ત્વ શ્રી સિદ્ધચક્રજીમાં વિદ્યમાન છે, કેમકે શ્રી અરિહંતજી, સિદ્ધજી એ બે પદ દેવતત્ત્વરૂપ છે, તેમજ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ પદ ગુરુતત્ત્વ અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ એ ચાર પદ ધર્મતત્ત્વરૂપ છે. માટે મુખ્ય ત્રણ તત્ત્વના ગૌણ ભેદવડે નવ ભેદમય નવપદજીની અવશ્ય સેવના કરો કે) તમામ દુઃખ દુર્ભાગ્ય નાશ પામે અને ડગલે ડગલે આનંદકારી ઋદ્ધિ-સાહેબી, જેમ એ નવપદજીના સત્ય આરાધનવડે આ જગતની અંદર શ્રીપાળકુંવરને પ્રાપ્ત થઇ, તેમ સર્વ આરાધકોને પ્રાપ્ત થાય." આવું સાંભળી તમામ પરખદાના શ્રોતા ગણે પ્રેમ સહિત પૂછયું કે–" હે પ્રભુ ! તે શ્રીપાળ–કુંવરજી કોણ ? (અને કેવી રીતે નવપદજીનું આરાધન કરતાં દુઃખ દુર્ભાગ્ય નાશ થઇ પગલે પગલે ઋદ્ધિ પામ્યા ? તે પ્રકાશો.)" આવી ઇચ્છા થવાથી ઉપકારી મુનિવરજીએ શ્રીપાળકુંવરનું ઠેઠથી માંડીને રસીલું ચરિત્ર કહી સંભળાવી વિશેષમાં કહ્યું કે–" તે જ શ્રીપાળકુંવર તમારા પ્રબળ પુણ્યોદયથી અહીં આવેલ છે અને આ જિનમંદિરના બારણાં ઉઘાડેલાં છે." આવું સાંભળતાં જ રાજા તથા અન્ય સર્વ જનો હર્ષવંત થઇ અહોભાગ્ય માનવા લાગ્યાં. મુનિવરજી તો એટલું પ્રકાશી પુનઃ આકાશ માર્ગે પધાર્યા, એટલે સર્વ જનો ઊભા થઇ ઊંચું મોઢું કરી તેમના ચરણકમળ વાંદવા લાગ્યાં. વિનયવિજયજી કહે છે કે આ બીજા ખંડની સાતમી ઢાળ આપણને એ બોધ આપે છે કે–હે ભવિજનો ! તમો સર્વ ઉત્તમ ગુણોના ધરરૂપ શ્રી સિદ્ધચક્રની ભક્તિ કરો કે જેથી આરાધકની પ્રશંસા કરવા વિદ્યાચારણ મુનિવર જેવા પણ સ્વયં પધારે. (૬–૧૭)

---

(દોહા–છંદ)

**બેઠા જિનહર બારણે, મુખમંડપ સહુ કોય;**
**કુંવર નિરખી રાયનું, હૈડું હરષિત હોય. ૧**



માતા કમળપ્રભા શ્રીપાળ કુંવરને કેડ પર બેસાડી નાસી છૂટે છે.

[ પૃ૦ ૫૭ ]

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

ધન રિસહેસર કલ્પતરૂ, ધન ચકકેસરી દેવિ;
જાસ પસાયેં મુજ ફળ્યાં, મનવાંછિત તતખેવિ. ૨
તિલક વધાવિ કુંવરને, દેઈ શ્રીફળ પાન;
સુજન સાખેં પ્રેમે કરી, દીધું કન્યાદાન. ૩
શ્રીફળ ફોફળ સયણને, દેઇ ઘણાં તંબોળ;
તિલક કરીને છાંટણાં, કીધાં કેસર ઘોળ. ૪
નિજ ડેરે કુંવર ગયા, મંદિર પહોતા રાય,
બેહુ થામે વિવાહના, ઘણા મહોત્સવ થાય. ૫
વડી વડારણ દે વડી, પાપડ ઘણા વણાય,
કેળવિયેં પકવાન બહુ, મંગળ ધવળ ગવાય. ૬
વાઘા સીવે નવનવા દરજી બેઠા બાર,
જડિયા મહિ માણક જડે, ઘાટ ઘડે સોનાર. ૭
રાયેં મંડાવ્યો માંડવો, સોવન મણિમય થંભ,
થંભ થંભ મણિ પૂતળી, કરતી નાટારંભ. ૮
તોરણ ચિહુદિશિ બારણે, નીલ રયણમય પાન;
ઝૂમે મોતી ઝૂમખાં, જાણે સ્વર્ગવિમાન. ૯
પંચ વરણને ચંદ્રુવે, દીપે મોતિદામ;
માનૂં તારામંડળે, આવી કિયો વિસરામ. ૧૦
ચોરી ચિહુ પખેં ચીતરી, સોવન માણિક કુંભ;
ફૂલમાળ અતિ ફુટરી, મહકે સબળ સુરંભ. ૧૧

અર્થઃ—તે પછી જિનાલયના સુખમંડપની અંદર બધાએ બેઠા અને કુંવરનું મ્હોં જોઇ રાજાનુ હૈયું ( તેમજ પ્રેક્ષકોનું હૈયું ) હર્ષવંત થયું. એથી રાજાએ કહ્યું—"કલ્પવૃક્ષની પેઠે મનવાંછિત પૂરનાર શ્રીઋષભદેવજીને ધન્ય છે અને ચક્રેશ્વરી દેવીને પણ ધન્ય છે કે જેઓની કૃપાવડે મારાં મનવાંછિત તરત ફળ્યાં." વગેરે વગેરે હર્ષવચન પ્રદર્શિત કરી કુંવરને તિલક કરી, ચોખાઓથી વધાવી, શ્રીફળ પાન આપી, સારા જનોની સાક્ષીએ પ્રેમ સહિત કુંવારીની સગાઈ કાયમ કરી, કન્યાદાનનો સંકલ્પ દઢ કર્યો. તે પછી સુજનો-સજ્જનોને નાળિયર—સોપારી —પાનબીડાં આપી, તિલક કરી તથા કેસર ઘોળી તેનાં છાંટણાં કરી આનંદ પ્રાપ્ત કર્યો. ત્યાર બાદ કુંવર પોતાના તંબૂ તરફ પધાર્યો અને રાજા પોતાના મહેલ ભણી

પધાર્યો; તથા તે બેઉ જગે વિવિધ પ્રકારના વિવાહ સંબંધી મહોત્સવો થવા શરૂ થયા. એટલે કે માનવંતી વડારણો વડીઓ મેલે છે, પુષ્કળ પાપડ વણાય છે, અનેક જાતનાં પકવાન્ન કેળવીને કરે છે. ધવળમંગળ ગવાય છે. દરજીઓ બારણે બેઠા નવીન નવીન ખૂબીભર્યા વાઘાઓ સીવે છે. જડિયાઓ મણિ માણેકના જડતરનું કામ કરે છે અને સોનીઓ સોનાના વિવિધ ઘાટ ઘડે છે. આ બધી ધામધુમની મુખ્ય શોભારૂપ રાજાએ જે મંડપ રચાવ્યો છે; તે અતિ આનંદ આપે છે; કેમકે તે મંડપના દરેક થાંભલા સોનામય છતાં રત્નોથી જડી તૈયાર કરેલા છે, તેમજ તે દરેક થાંભલાની ઉપર નાટારંભ કરવાના દેખાવવાળી મણિરત્નની પૂતળીઓ ગોઠવેલી છે. તે જાણે સાક્ષાતરૂપે નાટકજ કરતી હોયની તેવો ભાસ આપી રહેલ છે, તથા ચારે દિશાઓના બારણાઓની ઉર્ધ્વ સાખે નીલરત્નોમય પાન સહિત અને સાચા મોતીનાં ઝુલતાં ઝુલણાં સાથે ઝુલતાં તોરણો બાંધ્યાં છે. તે જાણે હારોહાર સ્વર્ગવિમાન ગોઠવ્યાં હોયની તેવાં જણાય છે; વળી બાંધેલા પંચરંગી ચંદરવાઓની ચોમેર મોતીની માળાઓ ટાંગેલી છે. તે વિષે કવિ કહે છે કે હું માનું છું કે આકાશમાંના તારામંડળેજ ત્યાં આવી વિશ્રામ કર્યો હોયની તેવો દેખાવ થઇ રહેલો છે. ચૉરી પણ ચારે કોરેથી ચીતરેલી છે અને તેમાંના છોડ પણ સોના માણેકના કુંભ અને તે પર મજેની–રૂપાળી ફૂલની માળાઓ પણ શોભાવેલી છે. તે ભારે સુગંધને પસરાવી સર્વને મ્હેક આપી રહેલ છે. (૧–૧૧)

---

(ઢાળ આઠમી–રાગ ખંભાયતી–કરડો તિહાં કોટવાળ–એ દેશી.)

હવે શ્રીપાળ કુમાર, વિધિ પૂર્વક મજ્જન કરેજી,
પહેરે સવિ સણગાર, તિલક નિલાડે શોભા ધરેજી. ૧

શિર ખૂણાવાળો ખૂંપ, મણિ માણેક મોતી જડયોજી,
હસે હીરાને તેજ, જાણે હું નૃપશિર ચડયોજી. ૨

કાને કુંડળ દોય, હાર હૈયે સોહે નવલખાજી,
જડયા કંદોરે રતન, બાંહે બાજુબંધ બહેરખાંજી. ૩

સોવન વીંટી વેઢ, દશે આંગળીયે સોહિયેજી,
મુખ તંબોળ સુરંગ, નરનારી મન મોહિયેજી. ૪

કર ધરી શ્રીફળ પાન, વરઘોડે જવ સંચર્યાજી;
સાબેલાં શ્રીકાર, સહસગમે તવ પરવર્યાજી. ૫

વાજે ઢોલ નિશાન, શરણાઈ ભુંગળ ઘણીજી;
રથ બેઠી સય બદ્ધ, ગાયે મંગળ જાનણીજી. ૬

સાવ સોનેરી સાજ, હયવર હીસે નાચતાજી,
શિર સિંદુર સોહંત, દીસે મયગળ માચતાજી. ૭
ચહુટે ચહુટે લોક, જુવે મહોત્સવ નવનવેજી;
ઇમ મોટે મંડાણ, મોહન આવ્યા માંડવેજી. ૮

**અર્થ:**–હવે શ્રીપાળ કુંવરે સ્નાન કરવાના [1]વિધિ મુજબ સ્નાન કરી તે પછી સર્વ શણગાર પહેર્યા, તે એ કે– કપાળમાં શોભાવંત તિલક કર્યું. માથા ઊપર મણિ માણેક મોતીઓથી જડેલો ખૂણાવાળો ખૂંપ ધર્યો; તે જડેલા હીરાઓના તેજથી જાણે હાસ્ય કરતો હોયની તેવો ઝગઝગાટવંત જણાતો હતો; એટલે કે તે રત્નજડિત ખૂંપ રાજાઓના માથા ઉપર ચડી બેસવાથી એમ માનતો હતો કે હું સર્વ અલંકારથી શ્રેષ્ઠ છું, અને રાજાઓથી પણ મોટો છું કે તેમના માથે બિરાજું છું. આમ ગર્વ લાવી જાણે હસતો હોય એમ કવિ૦ ઉત્પ્રેક્ષા અલંકારથી તે મોડનું વિશેષ તેજ જાહેરમાં લાવેલું છે. કાનમાં કુંડળ જોડો, ને હૈયાપર નવલખા હાર શોભતા હતા. કેડમાં રત્ન જડેલો કંદોરો પહેર્યો હતો, બાંહે બાજુબંધ–બેરખા પણ ધારણ કર્યા હતા. હાથની દશે આંગળીઓએ સોનાની વીંટી વેઢ શોભતાં હતાં અને મ્હોંમાં સારાં રંગદાર પાન બીડાં ઉપયોગમાં લીધાં હતાં. કે જેને જોઇ સ્ત્રી પુરૂષોના મન મોહનવરને તાબે થતાં હતાં. મતલબ એ કે રૂપાળા કુંવરે રૂપાળો શૃંગાર ધારણ કરેલો હોવાથી તેને જોનારાં મનુષ્યો ચિત્રામણના પૂતળા સરખાં સ્તબ્ધ થઇ જતાં હતાં. તે પછી હાથમાં પાણીચું શ્રીફળ અને નાગરવેલનાં પાન ધારણ કરી જ્યારે વરઘોડામાં સંચર્યા; ત્યારે હજારો ગમે સુંદર સાબેલા વરરાજાની આગળ ચાલ્યા. ઢોલ, નગારાં, શરણાઇ અને ભુંગળો વગેરે વાજાં વાગી રહ્યાં હતાં. રથમાં બેઠેલી સેંકડો સ્ત્રીઓ જાનડીઓ મંગળ ગીત ગાઇ રહી હતી. તથા તમામ સોનેરી સરંજામથી ઉંચી

૧ વિધિપૂર્વક સ્નાન કરવા બાબતનો ખુલાસો એજ કે–પ્રથમ સુગંધી વસ્તુઓની મેલ હરનારી–સુરૂપ દેખાડનારી–પીઠી ચોળી, પછી ગઇ રાતનું ત્રાંબાના બેડામાં ભરી રાખેલું પાણી ત્રાંબાની કુંડીમાં ગળી લઇ, પ્રથમ નાભિ પર રેડવું શરૂ કરી, પગ સુધી શરીરને સ્વચ્છ કરવું–એટલે કે એક ટુવાલ કે ખાદીના રૂમાલથી આસ્તે આસ્તે પાણી રેડતાં સાથે શરીરની ઉપર તકલીફ ન થાય એવી રીતે મર્દન કર્યે જવું. અને તે પછી માથાથી નાભિ લગી પાણી રેડતાં ઉપર પ્રમાણે મર્દન કરવું. તથા ઓછામાં ઓછી વીશ મિનીટ ન્હાવામાં લગાડવી. મર્દન કરી ન્હાવાથી રોમકૂપો ખુલાં થાય છે ને તેથી પાણી અંદર પ્રવેશ કરતાં નવું જીવન પ્રાપ્ત થાય છે. પ્રથમ નાભિથી ન્હાવાની શરૂઆત શા માટે કરવી ? તાંબાના બેડામાં રાખેલા પાણીને ત્રાંબાકુંડીમાં ગળી લઇ શા સારૂ ન્હાવું ? અને ન્હાતાં વીશ મિનીટ શા માટે કરવી ? એ સવાલોનો ખુલાસો મેળવનારે "ધન્વંતરી" નામના વૈદ્યક માસિકના પુ--ક બીજાનો અંક ૧૦–૧૧ મો જોવો.

જાતના શણગારેલા ઘોડાઓ હણહણાટ શબ્દ કરતા નાચી રહ્યા હતા, અને સિંદૂરથી ચર્ચેલા હાથીઓ મસ્તપણે મ્હાલતા દૃષ્ટિગોચર થતા હતા. આવો વરઘોડાનો ઠાઠ હોવાથી ચહૂટાની અંદર મળેલી મનુષ્યમેદની નવા નવા મહોત્સવ પૂર્વક વરરાજાને જોઇ આનંદ પામતી હતી. આ પ્રમાણે મોટા મંડાણયુક્ત મોહનવર લગ્નમંડપને વિષે જઇ પહોંચ્યા. (૧–૮)

પોંખી આણ્યા માંહિ, સાસૂએ ઊલટ ઘણેજી
આણી ચોરીમાંહિ, હર્ષ ઘણો કન્યા તણેજી. ૯
કર મેળાવો કીધ, વેદ પાઠ બાંભણ ભણેજી,
સોહવ ગાયે ગીત, બિહુ પખે આપ આપણેજી, ૧૦
કરી અગ્નિની સાખ, મંડળ ચારે વરતિયાંજી;
ફેરા ફરતાં તામ, દાન નરીંદે બહુ દિયાંજી. ૧૧
કેળવિયો કંસાર, સરસ સુગંધો મહમહેજી;
કવળ ઠવે મુખમાંહ, માંહે મન ગહગહેજી. ૧૨
મદનમંજુષા નારિ, પ્રેમેં પરણી ઇણિપરેજી;
બિહુ નારીશું ભોગ, સુખ વિલસે સુસરા ઘરેજી. ૧૩

**અર્થઃ**—તે પછી સાસૂએ જમાઇને ઉલટ સાથે પોંખીને ચોરીની અંદર પધરાવ્યા. તેમજ પરણવામાં ઘણો હર્ષ ધરાવનારી કન્યાને પણ ચોરીમાં પધરાવી તે પછી [1]હસ્તમેલાપ કર્યો. તે વખતે બ્રાહ્મણો લગ્નપાઠ ભણતા હતા, અને બેઉ

---

૧ વર વહુને, હવે પછી જીવતાં લગી એક બીજા વચ્ચે દેવ, અગ્નિ, વેદપાઠી, સૂર્ય, અને પંચની સાક્ષીએ લગ્ન (એક બીજાનાં મન જોડવાનો) કરાર કરી પરસ્પર બેઉ શરીરની વિજળીનો વિનિમય કરી એક બીજાનો સંબંધ જોડયો, તથા છેડાછેડી બાંધી એક બીજાના લગ્નની જોડાયેલી સાબેત કરી બતાવી, અગ્નિ વગેરે તૃપ્ત કરી તેની શાખે જવ,તલ, હોમી મંગળ વર્ત્તી ધણી ધણીઆણીના હક્કો હસ્ત ક્યાં. ફેરા ફરી એક બીજાનાં પદ્ધતી પ્રીતિ–હક્ક જાહેર કરી બતાવ્યા અને કંસાર વતે પરસ્પર મીઠાં મ્હોં કર્યાં – હવેથી સદા આપણ બેઉ વચ્ચે કદી કડવાશ નહિ થતાં મીઠાં મ્હોંજ રહેશે. ઇત્યાદિ ઘણો ગંભીર અર્થ સૂચવનારી એ બધી ક્રિયાઓ છે, પણ અફસોસનું મુકામ છે કે હાલમાં વિવાહ વિધિયોના જાણનાર ગોર ન હોવાથી આ વિધિ શા કારણને લીધે કરવામાં આવે છે, તથા તેમાં શો મંગળ હેતુ સમાયલો છે, અને શું ફેરફાર કરવાથી દંપતીને જયમંગળ પ્રાપ્ત થાય છે વગેરે વગેરે પોતેજ સમજતા નથી. માત્ર બડબડાટ કરી જવો ને પૈસા લઇ રસ્તે પડવું એટલુંજ જાણે છે, ત્યાં પછી તેવો ગોર વરવહુને તે ક્રિયાના ને મંત્રોના શું માયના (અર્થ) સમજાવી શકે! અને એમ થયુ છે એથીજ દંપતિ વચમાં કલેશ તથા સંતાન વગેરેનું દુઃખ અને રોદણાં ભરી જીંદગી પૂર્ણ થતી થઇ છે. તેમજ આ ભારતને એવા ગોરોએજ આરત (ચિંતા) મય બનાવી ગારત (પાયમાલ) થવાની અણીએ પહોંચ્યો છે. આશા છે કે જૈનો આ બાબત જાણી અમલમાં લેવા સવેળા જાગ્રત થશેજ! ભા. ક.

પક્ષવાળી સવાસણ સ્ત્રીઓ પોતપોતાના તરફની વડાઈનાં ગીતો ગાતી હતી. તે પછી અગ્નિની સાક્ષીએ ચાર મંગળ વર્ત્યાં. અને જ્યારે ફેરા ફર્યા ત્યારે રાજાએ કરમોચન વખતે બહુ દાન ( અને દાયજો વગેરે ) આપ્યાં. તે પછી સુંદર, સરસ, સુગંધી વડે મઘમઘતા બનાવેલા કંસારના કોળીઆ મનમાં મહાન્ આનંદથી મલકાતાં વરવહૂએ એક બીજાના મ્હોંમાં આપ્યા. આ પ્રમાણે ( તે સમય ને તે દેશની રાજરીતિ પ્રમાણે) પ્રેમ સહિત, મદનમંજૂષાને કુંવર શ્રીપાળ પરણ્યા અને બન્ને સ્ત્રીઓથી સસરાના મકાનમાંજ સર્વ યોગ્ય પદાર્થો પૂર્વક સુખ વિલાસવા લાગ્યા. (૯–૧૩)

ઋષભદેવ પ્રસાદ, ઉચ્છવ પૂજા નિત કરેજી;
ગીત ગાન બહુ દાન, વિત્ત ગણું તિહાં વાવરેજી. ૧૪
ચૈત્ર માસે સુખવાસ, આંબિલ ઓળી આદરેજી,
સિદ્ધચક્રની સાર, લાખીણી પૂજા કરેજી. ૧૫
વરતાવી અમારા અઠ્ઠાઇ મહોત્સવ ઘણોજી;
સફળ કરે અવતાર, લાહો લિયે લખમાતણોજી ૧૬

અર્થઃ—તદનંતર કુંવરે નિરંતર શ્રીઋષભદેવજીના મંદિરની અંદર મોટા આનંદ સહિત ઉત્સવ અને પૂજા–ગીત ગાન કરી, દાન આપવામાં પુષ્કળ ધન વાવરવું શરૂ રાખ્યું. દરમિયાન ચૈત્ર માસ આવી પહોંચતાં સુખના આવાસરૂપ આંબિલની ઓળી આદરી કુંવરે શ્રીસિદ્ધચક્રજીની ઉત્તમ પ્રકારે લાખેણી પૂજા કરવા માંડી. અમરપડહો–એટલે કે આંબિલની અઠ્ઠાઈ પૂરી થતાં લગી કોઈ પણ પ્રાણીને મારવું નહીં એવો ઢંઢેરો પીટાવી ઘણો મોટો અઠ્ઠાઇ મહોત્સવ કર્યો. અને આ પ્રમાણે મળેલી લક્ષ્મીનો લ્હાવો લઈ અવતારને સફળ કરવા ઉત્તમ ખંત રાખી. ( ૧૪–૧૬ )

એક દિન જિનહરમાહિ, કુંવર રાય બેઠા મળીજી,
નૃત્ય કરાવે સાર, જિનવર આગળ મન રળીજી. ૧૭
ઇણે અવસર કોટવાળ, આવી અરજ કરે ઇસીજી
દાણ ચોરિયે ચોર, પકડયો તસ આજ્ઞા શીસીજી ? ૧૮
વળી ભાંગી તુમ આણ, બળ બહુળું ઇણે આદર્યુંજી
અમે દેખાડયા હાથ, તવ મહોઢું ઝાંખું કર્યુંજી ૧૯
રાજા બોલે તામ, દંડ ચોરીનો દીજીયેંજી,
જિણહરમાં એ વાત, કહે કુંવર કિમ કીજીયેજી. ૨૦

નજરે કરી હજુર, પહેલાં કીજે પારખુંજી,
પછે દેઇજે દંડ, સહુયે ન હોય સરિખુંજી ૨૧
આણ્યો જિસેં હજુર, ધવળશેઠ તવ જાણિયોજી,
કહે કુંવર મહારાજ, ચોર ભલો તુમેં આણિયોજી. ૨૨
એ મુજ પિતા સમાન, હું એ સાથે આવિયોજી,
કોટિધ્વજ સિરદાર, વાહણ ઇહાં ઘણાં લાવિયોજી. ૨૩
છોડાવી તસ બંધ, તેડી પાસે બેસાડિયોજી;
ગુનહ કરાવી માફ, રાયને પાય લગાડિયોજી. ૨૪
રાય કહે અપરાધ, એહનો પરમેસર સહ્યોજી;
અજરામર થયો એહ, જેહ તુમે બાંહે ગ્રહ્યોજી ૨૫

અર્થ:—એક દિવસ કનકકેતુ રાજા અને શ્રીપાળ કુંવર (એ બેઉ સસરા જમાઇ) જિનમંદિરના રંગમંડપમાં સાથે બેઠા હતા અને મનમાં મગ્ન થઇ પ્રભુ અગાડી ઉત્તમ નૃત્ય—નાચ કરાવતા હતા, એ અવસર દરમિયાન કોટવાળે આવીને અરજ કરી કે—"મહારાજ ! એક દાણચોરી કરનારા ચોરને પકડી લાવેલો છું. વળી તેણે આપની આણ આપી હતી તે પણ ભાંગી અને ઘણુંજ જોર બતાવ્યું એથી મેં તેને હાથ બતાવ્યા એટલે મ્હોં ઝાંખું કર્યું, તો તેને માટે શો હુકમ છે ?" તે સાંભળી રાજાએ કહ્યું—"ચોરને દંડ આપો" એ વાત સાંભળતાંજ કુંવરે કહ્યું—"આવી વાત જિન મંદિરમાં કેમ કરાય ? તેમજ જે ચોર હોય તેને નજર રૂબરૂ મંગાવી તે ચોર કે ગુન્હેગાર છે એ વાતની પરીક્ષા ને પ્રતીતિ મેળવી પછી ગુન્હાના પ્રમાણમાં જે દંડ દેવા લાયક હોય તે દંડ દેવો જોઇએ, કેમકે બધાં મનુષ્યો સરખાં હોતાં નથી."[૧] આ પ્રમાણે કુંવરનું બોલવું સાંભળી કોટવાળ મારફત ગુન્હેગાર ચોરને રૂબરૂ અણાવ્યો. અને તેને જોતાંજ ધવળશેઠ નજરે પડયો, એટલે તે કુંવર બોલ્યો—"મહારાજ ! ચોર તો આપ ભલો લાવ્યા ! આતો [૨] મારા પિતા તુલ્ય છે. હું એની સાથે જ અહીં આવ્યો છું. એ કોટિ-ધ્વજોનો પણ સરદાર છે અને આપના બંદરમાં ઘણાં વહાણો લઇને આવેલ છે. એવા મનુષ્યને ગુન્હેગાર ગણવો લાયક છે ?" ઇત્યાદિ કહી ધવળશેઠના બંધ છોડાવી પોતાની પાસે બેસાડયો અને તેનો ગુન્હો માફ કરાવી રાજાને પગે

૧ જાતે પૂરતી તપાસ કર્યા વગર ગુન્હેગાર ગણી લઇ કોઇને પણ શિક્ષા કરવી નહીં એજ આ વાકય બોધ આપી રહેલ છે.

૨ જેણે થોડો પણ પોતાને આશ્રય આપ્યો હોય કે જેની સોબતથી આપણને સારો ફાયદો થયો હોય તો તેને ઉપકારી માનવો જ યોગ્ય છે, નહીં કે તે ઉપકાર ભુલી જઇ અપકારી થવું જોઇયે, એજ આ વાકય બોધ આપે છે,

પડાવ્યો. રાજા બોલ્યો—"એનો અપરાધ તો પરમેશ્વરે સહન કર્યો છે—એ તો અજરામર થયો; કેમકે એનો હાથ [૧] આપે પકડાયો છે જેથી એ નિર્ભય ને નિર્દોષ જ છે."

(૧૭ ૨૫)

એક દિન આવી શેઠ, કુંવરને એમ વિનવેજી,
વેચી વાહણની વસ્તુ, પૂર્યાં કરિયાણે નવેજી. ૨૬
તુમેં અમને ઇણ ઠામ, કુશળ ખેમેંજિમ આણિયાજી;
તિમ પહોંચાડો દેશ, તો સુખ પામે પ્રાણિયાજી. ૨૭
કુંવરે જણાવ્યો ભાવ, નિજ દેશે જાવા તણોજી
તવ નૃપને ચિત્તમાંહિ, અસંતોષ ઉપન્યો ઘણોજી ૨૮
માગ્યાં ભૂષણ જેહ, તે ઉપર મમતા કિસીજી
પરદેશી શું પ્રીત, દુઃખદાયી હોયે ઇસીજી ૨૯
સાસુ સુસરો દોય, કરજોડી આદર ઘણેજી;
આંસુ પડતે ધાર, કુંવરને ઇણિપરેં ભણેજી ૩૦
મદનમંજુષા એહ, અમ ઉત્સંગે ઉછરીજી;
જન્મથકી સુખમાંહિ, આજ લગી લીલા કરીજી ૩૧
વહાલી જીવિત પ્રાણ, તુમ હાથે થાપણ ઠવીજી;
એહને મ દેશો છેહ, જો પણ પરણો નવનવાજી. ૩૨
પુત્રીને કહે વત્સ, ક્ષમા ઘણી મન આણજોજી
સદા લગી ભરતાર, દેવ કરીને જાણજોજી. ૩૩
સાસુ સસરા જેઠ, લજ્જા વિનય મ મુકજોજી
પરિહરજો પરમાદ, કુળ મરજાદા મ ચુકજોજી. ૩૪
કંત પહેલી જાગ, જાગતાં નવિ ઉંઘાએજી,
શોકય બહેન કરી જાણ, વચન ન તાસ ઉલ્લંઘિયેંજી. ૩૫
કંત સયળ પરિવાર, જમ્યા પછી ભોજન કરેજી,
દાસ દાસી જણ ઢોર, ખબર સહુની ચિત ધરેજી. ૩૬

---

૧ આ વચન એજ બોધ આપે છે કે—મહાન્ પુરુષોની જેના પર રહેમ નજ હોય છે તે નિર્ભયતાવંતજ થાય છે. માનવંતા મહાશયોએ હાથ પકડયો કે તે ગુન્હેગાર હોય તો પણ તેનો ગુન્હો પરમેશ્વર તરફથી જ માફ થઇ ચૂકયો જ મનાય છે; માટે મહાશયોની મહેરબાની મેળવવી.

જિનપૂજા ગુરૂભક્તિ, પતિવ્રતા વ્રત પાળજોજી;
શી કહીયેં તુમ શીખ, ઇમ અમ કુળ અજુવાળજોજી. ૩૭
રયણ ઋદ્ધિ પરિવાર, દેઈ નૃપેં વહાણ ભર્યાંજી;
મયણમંજૂષા ધૂઅ, વોળાવા સહુ નિસર્યાંજી, ૩૮
કાંઠે સયળ કુટુંબ, હૈડાં ભર ભેટી મળ્યાંજી,
તસ મુખ વારેવાર, જોતાં ને રોતાં પાછાં વળ્યાંજી. ૩૯
કુંવર વાહણમાંહિ, બેઠાં સાથે દોય વહૂજી;
કામ અને રતિ પ્રીતિ, મળિયાં એમ જાણે સહૂજી ૪૦
બીજે ખંડે એહ, ઢાળ થુણી ઇમ આઠમીજી,
વિનય કહે સિદ્ધચક્ર, ભક્તિ કરો સુરતરૂ સમીજી. ૪૧

અર્થ—એક દિવસ ધવળશેઠે આવીને કુંવરને આ પ્રમાણે વિનવ્યું કે—આપનાં અને મારાં વહાણોની અંદરની તમામ વસ્તુ વેચી દઈ તેમાં નવી કરિયાણાની વસ્તુઓ ભરી લીધી છે; માટે હવે જેમ આપ અમને કુશલખેમેં લાવ્યા છો, તેમ પાછા અમારા દેશમાં પહોંચાડો એટલે સર્વ પ્રાણી સુખ પામે." શેઠની આવી વિચારણા જાણી લઇ કુંવરે પોતાના સસરાના આગળ પોતાન ધારેલા દેશ તરફ પ્રયાણ કરવાનો ભાવ જણાવ્યો; એટલે રાજાના મનમાં ઘણોજ અસંતોષ પેદા થયો; છતાં પણ તેણે વિચાર્યું કે—"[1] માંગી આણેલાં ઘરેણાં ઉપર મમતા રાખવી તે શા કામની ? કેમકે પારકાં તે આખર પારકાંજ હોય છે. એજ પ્રમાણે પરદેશીની પ્રીતિ પણ દુઃખદાયીજ હોય છે." એમ નિરધારી સાસુ સસરાએ બે હાથ જોડી ઘણા આદર સહિત ચોધારાં આંસુ વરસાવતે કુંવર પ્રત્યે આ પ્રમાણે કહ્યું—"કુંવરરાજજી ! આ મદનમંજૂષા અમારા ખોળામાંજ લાડ સાથે ઉછરી છે અને જન્મથીજ સુખમાં રહી અત્યાર લગી ક્રીડા કરી છે, તથા અમને અમારા પ્રાણ સમાન વ્હાલી છે; તોપણ થાપણની પેઠે આપને હાથ સ્વાધીન કરી છે. મતલબ એજ કે લક્ષ્મી ઘણી વ્હાલી હોય છે તોપણ જરૂર વખતે થાપણ રૂપે બીજાને સ્વાધીન કરવી પડે છે. તેની પેઠે આ પુત્રીરૂપી રત્ન પણ આપને તાબે સોંપવી પડે છે; માટે કદાચ નવી નવી અનેક રાજકન્યાઓ પરણો, છતાં પણ એને છેહ દેશો નહીં. (અણમાનીતી કરશો નહીં.)' આ પ્રમાણે કુંવરને વિનવી પછી પોતાની પુત્રીને શિખામણ આપવા માંડયાં કે—"હે

૧ આ વચન એજ બોધ આપે છે કે—માગી આણેલી જણસો ને પરદેશી મહેમાન તરફ વિશેષ મમતા રાખવી એ વિશેષ સંતાપકારી છે. તથા પુત્રી એ પારકા ઘરનુંજ ભૂષણ હોય છે; માટે તે ક્યાં સુધી રાખી મૂકાય ?

વત્સ ! આકળો સ્વભાવ ન રાખતાં પુષ્કળ ક્ષમાવંત સ્વભાવ રાખજો. હંમેશાં જીવનપર્યંત ભરતારને દેવ કરીનેજ માની એમનું પૂજન સેવન–સ્તવન–સ્મરણાદિ કરજો. સાસુ—સસરા જેઠની લાજ કે વિનય કરવામાં જરા પણ ચુક આવવા દેશો નહીં. પ્રમાદને દૂર કરી દેજો. કુળમર્યાદા ચુકશો નહીં. કંતના પહેલાં જાગજો. પતિ જ્યાં લગી જાગતા હોય ત્યાં લગી ઉંઘી જશો નહીં. શોકયને સગી બ્હેન સરખી વ્હાલી ગણી તેણીનું વચન ન ઉલ્લંઘશો. પતિ તેમ તમામ પોતાના ઘરમાંનાં સંબંધી વગેરે પરિવારને જમાડી પછી ભોજન કરજો. જિનેશ્વરની પૂજા, અને ગુરૂની ભક્તિ કર્યા કરજો. અને સદા પતિવ્રતા વ્રત પાળજો. વિશેષ શું કહિયે, પણ અમારૂં કુળ ઉજ્જવળ કહેવાય એવી રહેણી કહેણી રાખજો એજ [1] શીખામણ છે." ઇત્યાદિ શિક્ષાવચન કહી રાજાએ પુત્રીને રત્નો, ઋદ્ધિ અને પરિવાર જેજે જરૂર જણાઈ તે તે ચીજો આપી વહાણોને ભરપૂર કર્યાં. તે પછી મદનમંજૂષા પુત્રીને વોળાવા માટે સ્વજન સજ્જનાદિ સર્વ બંદર લગી આવ્યાં અને સમસ્ત કુટુંબ સાથે પુત્રી, તથા પુત્રી સાથે સર્વ કુટુંબીજન હૈડાભર ભેટી (પરસ્પર એક બીજાનાં) મ્હોં જોતાં ને રોતાં પોતાના પંથે પળ્યાં. તે પછી કુંવર બન્ને વહૂઓ સાથે વહાણની અંદર બેઠો. તે જાણે કામદેવ સાથે રતિ ને પ્રીતિ (એ બેઉ સ્ત્રીઓ) બેસી આનંદ લેતી હોયની તેવો ખ્યાલ રજુ થયો હતો. વિનયવિજયજી કહે છે કે–આ બીજા ખંડની અંદર આઠમી ઢાળ કહી. તે એ બોધ આપે છે કે શ્રી સિદ્ધચક્રજીની ભક્તિ કલ્પવૃક્ષ સમાનજ ઇચ્છિત સિદ્ધિ આપનારી છે; માટે હમેશાં તેમની ભકિત કર્યાજ કરો; કેમકે તેમની ભક્તિના પ્રતાપથી જેમ શ્રીપાળ કુંવરની ચડતી રતિ થઈ; તેમ તમો આરાધકોની પણ તેવીજ રતિ થશે. (૨૫–૪૧)

---

(ચોપાઇ—છંદ.)

**ખંડ ખંડ મધુરો જિમ ખંડ, શ્રી શ્રીપાળ ચરિત્ર અખંડ**
**કીર્તિવિજયવાચકથી લહ્યો, બીજો ખંડ ઇમ વિનયે કહ્યો.**

ઇતિ શ્રીમન્મહોપાધ્યાય શ્રી કીર્તિવિજય ગણિ શિષ્યોપાધ્યાય શ્રી વિનયવિજય

---

[1] હાલના જમાનામાં કેળવણી વગરનાં માબાપ ને સગાં સંબંધી સાહેલીઓ આથી ઉલટીજ શીખામણ આપી દ્વેષ કલેશ વગેરે કષાયોની કુમળી વયની બાળકીના મનમાં સજ્જડ અસર ઠસાવે છે; તેના પરિણામમાં આખર ભુંગળ વિનાની ભવાઇ નજરે જોવાનો વખત આવે છે. અને એથીજ સ્વદેશની પડતી થતી જાય છે; માટે તે બાબત લક્ષમાં રાખી ઉપર કહેલી ઉત્તમ શીખામણો વડે સંતતીનાં હ્રદય ઉમદા તાલીમવાળાં બનાવવાં. ભા. ક.

ગણિ વિરચિતે શ્રી સિદ્ધચક્ર મહિમાધિકારે શ્રી શ્રીપાળ ચરિત્ર પ્રાકૃત પ્રબંધે વિદેશગમને કન્યા દ્વય પાણિગ્રહણેત્યાદિ વર્ણન નામા દ્વિતીયઃ ખંડઃ

**અર્થઃ**—શેલડીના સાંઠામાં ખંડ ખંડ (કાતળી કાતળી) માં જેમ મીઠો રસ હોય છે તેમ આ રાસના ખંડે ખંડમાં મીઠો રસ છે; તો પણ શેલડીના ખંડમાંના રસની મધુરતા ખંડ ખંડમાં સ્વાદ ફેર હોવાથી તે ખંડિત રસવંત છે. તેમજ તે રસની લહેજત થોડા વખતજ આનંદ આપે છે, અને કફ વગેરે વિકાર કાપે છે; પરંતુ આ શ્રીપાળચરિત્રના ખંડોમાં તો ખંડે ખંડે એક સરખોજ સ્વાદ આપનારો રસ કાયમ રહેલો છે, તેમ જ તે રસની લહેજત લાંબા સમય સુધી અખંડાનંદ આપે છે, અને અસાધ્ય ભવરોગના વિકારો કાપે છે. એથીજ શેલડીના ખંડ રસ કરતાં સર્વ પ્રકારે આ રાસના ખંડનો રસ ખંડ પાડયા છતાં પણ અખંડ રસરૂપ છે. જેમ [1]સાકરના સો ખંડ કર્યા છતાં પણ તેની અંદરની મિષ્ટતા જેમની તેમ કાયમ રહે છે, તેમ આ રાસના ખંડ ખંડ કર્યા છતાં પણ તેમાંની મીઠાસ જેવીને તેવીજ વિદ્યમાન છે. તેમજ જેમ શેરડીમાં મીઠાસ પૃથ્વી મારફત પ્રાપ્ત થાય છે, તેમ આવા ગ્રંથોના ગૂઢ ગહન રહસ્ય રૂપ રસ ગુરૂદ્વારાજ પ્રાપ્ત થાય છે. એજ નિયમ મુજબ મને પણ અખંડ રસ વાળા શ્રીપાળ ચરિત્રની ગુરૂગમતા મારા ગુરૂરાજ શ્રીમદ્ કીર્તિવિજયજી ઉપાધ્યાય મારફત પ્રાપ્ત થઇ જેથી વિનયવિજયજી કહે છે કે મેં પણ આ રાસનો બીજો ખંડ–વિભાગ કથન કર્યો.

ઇતિ શ્રી શ્રીપાળચરિત્રના રાસની અંદર શ્રીપાળ કુંવર વિદેશે જઇ સ્વપરાક્રમો કરીને બે કન્યાઓનું પાણિગ્રહણ કરવું એ સંબંધી પુરોહિત પૂર્ણચંદ્ર શર્મા કૃત ગુજરાતી ભાષાંતરરૂપે બીજો ખંડ પૂર્ણ થયો.

---

૧ કેટલાંક ભાષાંતર કર્તાઓએ ખાંડના ખંડ–કકડાની મિઠાસ જેવી રાસના ખંડની મિઠાસને કલ્પી છે; પરંતુ ખાંડના કકડા હોતાજ નથી. તે તો ભૂકારૂપેજ હોય છે. તેમ ખાંડ ને સાકરનો અર્થ કલ્પી કહાડીએ તો તે પણ ભાષા વિરૂદ્ધ છે. માટે જ અધ્યાહાર રૂપે ઉપરનોજ અર્થ સંબંધ જોતાં યોગ્ય લાગવાથી દાખલ કર્યો છે, તો તે માટે સુજ્ઞ વાચકો લક્ષ દઈ યોગ્ય અર્થ સ્વીકારવા કૃપા કરશે. ભા. ક.

## દ્વિતીય ખંડ સમાપ્ત

# ખંડ ત્રીજો

## વસ્તુનિર્દેશાત્મક–મંગળાચરણ.

### ( દોહા–છંદ )

સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં નાવે પાર,
વાંછિત પુરે દુઃખ હરે. વંદુ વારોવાર 1

અર્થઃ–શ્રીસિદ્ધચક્ર મહારાજજીના ઘણા ગુણો હોવાથી તેનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી; તો પણ ટુંકામાં એટલું જ કહીશ કે શ્રી સિદ્ધચક્રજી આરાધક જનોના સકળ વાંછિત પૂર્ણ કરે છે અને દુઃખસાગરને હરે છે; માટે સકળ સિદ્ધિદાયક નવપદમય સિદ્ધચક્રજીને વારંવાર પ્રણામ કરૂં છું. આ પ્રમાણે મંગળાચરણ કહી કવિ બીજા ખંડ સાથે આ ત્રીજા ખંડનો સંબંધ જોડી દેવા યુક્તિરૂપ કથન છે કેઃ— (1)

સભા કહે શ્રીપાળને, સમુદ્ર ઉતારો પાર,
અમને ઉત્કંઠા ઘણી–સુણવા મ કરો વાર. ૨

કહે કવિયણ આગળ કથા, મીઠી અમિય સમાન,
નિદ્રા વિકથા પરહરી, સુણજો દેઇ કાન. ૩

અર્થઃ–કવિને સભાજનો કહે છે કે–" શ્રીપાળ કુંવરને દરિયાની મુસાફરી પૂર્ણ કરાવી કાંઠા પાર ઉતારો; કેમકે વિઘ્નસંતોષી દ્વેષી ધવળશેઠ કુંવર શ્રીપાળને દરિયાની મુસાફરી દરમ્યાન પ્રાણ સંકટમાં નાખવાની વિચારણા ચલાવે છે એથી ન જાણી શકીએ કે તે દુષ્ટ શું કરશે ! એ ભયને લીધેજ કહેવામાં આવે છે કે કુંવર કાંઠે પહોંચી પાર ઉતરે ત્યાં લગીની કથા ( સંભળાવો–કેમકે એ કથા ) સાંભળવાની ઘણીજ ઉત્કંઠા છે જેથી કથન કરવામાં આપ જરા પણ વાર ન કરો." આ પ્રમાણે શ્રોતાગણની અત્યાતુરતા જાણી કવિ પણ હવે પછીની અમૃત જેવી મીઠી કથા કથન કરે છે અને તે સાથે કહે છે કે–" હે શ્રોતાજનો ! તમો [1]નિદ્રા

---

1 આ કથન એજ ચાનકકારી સૂચના કરે છે કે–ઉંઘ અને વાતોનાં ગપ્પાં બંધ કરી કાન દઈ ધ્યાનપૂર્વક ઉપદેશ કે વાત સાંભળવામાં આવે તોજ તે બોલનારની મહેનત અને સાંભળનારનો શ્રોતાપણું વખત સફળ થાય છે.

ઉંઘ અને વિકથા (વાતોના ગપ્પાં) તજી દઇને ધ્યાનપૂર્વક જે કહું છું તે સાંભળજો." (૨-૩)

ધવળશેઠ ઝૂરે ઘણું, દેખી કુંવરની ઋદ્ધ;
એકલડો આવ્યો હતો, હૈ હૈ દૈવ શું કીધ ! ૪
વાહણ અઢીસેં માહરાં, લીધાં શિરમાં દેઇ;
જોઉં ઘર કિમ જાયશે, ઋદ્ધિ એવડી લેઇ: ૫
એક જીવ છે એહને, નાખું જલધિ મઝાર,
પછી સયળ એ માહરૂં, રમણિ ઋદ્ધિ પરિવાર. ૬
દેખી ન શકે પારકી, ઋદ્ધિ હિયે જસ ખાર;
સાયર થાએ દૂબળો, ગાજંતે જળધાર. ૭
વરષાળે વનરાઇ જે. સહુ નવપલ્લવ થાય;
જાય જવાસાનું કિસ્યું, જે ઊભો સૂકાય. ૮
જે કિરતારે વડા કિયા, તે શું કેહી રીસ;
દાંત પડયા ગિરિ પાડતાં, કુંજર પાડે ચીસ. ૯

અર્થ:-શ્રીપાળ કુંવરની ઋદ્ધિ જોઇ જોઇને ધવળશેઠ બહુજ ઝૂરવા લાગ્યો હતો કે-"૧ હાય! હાય ! આ એકલો આવ્યો હતો, છતાં આ બધું હે દૈવ! તેં શું કરી દીધું ? મતલબ એ કે-કાંકરાનો મેરૂ બનાવી નાખ્યો ! મારાં અઢીસો વહાણ પણ સ્હેજમાં એણે મારા માથામાં દઇને લઈ લીધાં છે, પરંતુ હું જોઉ છું કે હવે આ બધી ઋદ્ધિ લઇને કેવો કુશળખેમે ઘેર જાય છે ! એ એક જીવ છે, તેને હું દરિયામાં નાંખી દઉં એટલે પછી એ સ્ત્રીઓ, એ ઋદ્ધિ અને એ પરિવાર વગેરે જે છે તે બધું મારૂંજ છે." વગેરે વગેરે દુષ્ટ અધ્યવસાયના વિચાર કરવામાં તદાકાર થઈ ગયો. (કવિ કહે છે કે દુષ્ટોની રીતિજ છે કે જે ખારવાળા-દ્વેષી હૃદયના દુષ્ટો હોય છે તે પરાઇ ઋદ્ધિ જોઇ જોઇને) જેમ વર્ષાદ ગાજવાથી દરિયો દુર્બળ થાય છે (હોય તેના કરતાં પાણી નીચું ઉતરી જાય છે)તેમ અદેખાઇને લીધે સૂકાતો દુર્બળ થતો જાય છે. વળી વર્ષાકાળમાં બધી વનસ્પતિ નવપલ્લવ થઈ શોભાવંત થાય છે, એટલે બધી વનસ્પતિઓની ઉન્નતિ થયેલી જોઈ દ્વેષી જવાસો ઊભો સૂકાઈ જાય છે; (કહો કે એમાં જવાસાના બાપની શી મૂડી જતી રહે છે ? કશી નહીં. માત્ર અદેખાઇના પ્રભાવથીજ એવા હાલ થાય છે ! સારાંશ એ કે

૧ આ સંબંધ એજ સૂચવે છે કે-અદેખાઇ કરનારા પારકાનું કદી ભલું ચાહતાજ નથી. તેમ જર જીવનનું નુકશાન ખમીને પણ પરને હરકત કરવા મચ્યા રહે છે.

અદેખાં માણસો કોઈનું ભલું થયું જોઈ રાજી થતાં જ નથી! સાચી વાત તો એજ સમજવાની છે કે) જેને ૧ કિરતારે—પ્રારબ્ધેજ મોટા કર્યા, તેની સાથે રીસ કરવી તે શું કામની? તેવાની સાથે રીસ કરવાથી જેમ ડુંગરને જોઇ હાથીને અદેખાઈ આવતાં તેણે પોતાના દંતુશળો વડે ખોદીને ફેંકી દેવાનો ઉદ્યમ આદર્યો તો તેથી ડુંગર ખોદાઇ ન્હાનો થયો નહીં—હતો તેનો તેજ રહ્યો અને પોતાનાં દંતૂશળ ઉલટાં તુટયા એની પીડાને લીધે ચીસો પાડવા લાગ્યો, (તેમ મોટાને હલકા કરવા ઉદ્યમ આદરવાથી કશો દહાડો વળતો નથી, પણ ઉલટો હાય વોય વહોરવાનો વખત રજુ રહે છે—મતલબ એજ કે જેનેં ભાગ્યદેવે મોટા—સંપત્તિવંત કર્યા છે તેને જોઈ રીસ ન કરતાં આનંદિત થવું જોઇએ છે; કેમકે અન્ય જીવો તરફ આપણે જો મૈત્રી ભાવનાથી વર્તિયે તો બેશક તેથી આપણીજ ઉન્નતિ થાય છે. સર્વનું ભલું ચાહવાથી આખર તેના પ્રત્યાઘાત વડે આપણુંજ ભલું થાય છે એ સિદ્ધ વાર્તા છે!) ૪–૮

---

(ઢાળ પહેલી—રાગ મલ્હાર— શીતળ તરૂવર છાંય કે—એ દેશી.)

**દેખી કામિની દોય, કે કામેં વ્યાપિયોરે કે કામે વ્યાપિયો,**
**વળી ઘણો ધનલોભ,કે વાધ્યો પાપીયોરે, કે વાધ્યો પાપિયો**
**લાગા હોય પિશાચ, કે પીડે અતિઘણુંરે. કે પીડે.**
**ધવળશેઠનું ચિત્ત, કે વશ નહિ આપણુંરે. કે વશ. ૧**
**ઉદક ન ભાવે અન્ન, કે નાવે નિદ્રડીરે, કે નાવે નિદ્રડીરે.**
**ઉલ્લસ વાલસ થાય કે જક નહી એક ઘડીરે. કે જક**
**મુખ મૂકે નિસાસ, કે દિન દિન દૂબળોરે. કે દિન દિન.**
**રાત દિવસ નવિ જાય કે મન બહુ આમળોરે કે મન. ૨**

અર્થ:—ધવળશેઠે ઉપર પ્રમાણે દુષ્ટ વિચાર એના લીધે કર્યો હતો કે કુંવરની બન્ને સુંદરીઓ તેના જોવામાં આવી હતી, જેથી તે દૂરાચારીના મનમાં દુષ્ટ કામદેવ વાસ કરી તેના ૨ અંગમાં વ્યાપી રહ્યો હતો, તેમ વળી કુંવરની પાસે

---

૧ આ કથન એજ સૂચવે છે કે—પોતાના ગજા ઉપરાંતની વાત કરવા જતાં બેશક હાનીજ હાથ લાગે છે. બરોબરીયાથી બાથ ભીડતાં વખતે ફાવી શકાય છે; પણ તેવી સ્થિતિ વિના આકરી બાકરી ભીડે તો તેની વિચારણાજ અંતે તેને પીડે છે.

૨ વ્યભિચારીના મનમાં સ્ત્રી, અને લોભીના મનમાં દામનીજ ઝંખના લાગી રહે છે અને એથી આખર પાયમાલીને વહોરે છે. એમ આ કથન પ્રતીતિ આપે છે,

બહુજ ધન દીઠું, જેથી તે લઇ લેવા માટે તેનો પાપી લોભ વધી પડયો હતો. આમ એ પિશાચના વળગાડથી તેને એ પિશાચો ઘણીજ પીડા આપતા હતા, અને તેના લીધે ધવળશેઠનું મન (પરવશ પડવાથી) પોતાને વશ હતુંજ નહીં. (જ્યારે મન કોઈ બીજા વળગાડને તાબે થાય છે ત્યારે જેવી ધવળશેઠની દશા થઈ તેવીજ થાય છે એટલે કે જેમ) ધવળશેઠને પારકાના પ્રવેશથી અન્ન પાણી પર તદ્દન અરૂચિ વધી પડી હતી, નિદ્રા પણ આવતી ન હતી, આકુળ વ્યાકુળ આળસવંત રહ્યાંજ કરતો હતો, ને જંપ એક ઘડીભર મળતો ન હતો. બસ એતો અજંપા સાથે મોઢેથી ઉન્હા નિશ્વાસો નાખતો હતો ને દિન પરદિન દૂબળો થયે જતો હતો. તેમજ મનમાં કંઇક ઉથલ પાથલના ગોટાલાઓ આવવાથી રાત દિવસ પણ મહા મુશ્કેલીથી જતાં હતા. (તેમ ચિંતાતુરની ગતિ પણ ધવળના જેવીજ થાય છે.) (૧-૨)

ચાર મળ્યા તસ મિત્રકે પૂછે, પ્રેમશુંરે. પૂછે,
કોણ થયો તુમ રોગ, કે ઝૂરો એમ શુંરે. કે ઝૂરો ?
કે ચિંતા ઉત્પન્ન, કે કોઇક આકરીરે. કે કોઈક,
ભાઇ થાઓ ધીર, કે મન કાઠું કરીરે. કે મન કાઠું. ૩
દુઃખ કહો અમ તાસ, ઉપાય વિચારિયેંરે, ઉપાય,
ચિંતાસાયર એહ, કે પાર ઉતારિયેંરે. કે પાર;
લજ્જા મૂકી શેઠ કહે મન ચિંતવ્યુંરે. કહે મન.
તવ ચારે કહે મિત્ર, કે ધિક એ શું લવ્યુંરે, કે ધિક. ૪
પરનારીને પાપ, ભવોભવ બૂડિયેરે, કે ભવોભવ,
કિમ સુરતરૂની ડાળ, કુહાડે ઝૂડીએરે, કુહાડે;
પરઉપગારી એહ, જિસ્યો જગ કેવડોરે, જિસ્યોજગ,
દીઠો પ્રત્યક્ષ જાસ, કે મહીમા એવડોરે, કે મહીમા. ૫
છોડાવ્યા દોય વાર, ઇણેં તુમેં જીવતારે, ઇણેં તુમે.
ઉગરિયાં ધન માલ, જો પાસેં એ હતારે, જો પાસે;
તાર્યાં થંભ્યાં વાહણ, ઇણેં આગળ રહીરે, ઇણેં આગળ,
એહવો પુરૂષ રતન્ન, કે જગ બીજે નહીંરે, કે જગ ૬
કરી એહશું દ્રોહ, જો વિરૂઓ તાકશોરે, જો વિરૂઓ.
તો અણ ખુટે કિહાં ઇક, અંતેં થાકશોરે. કે અંતે;
ભાગ્યેં લાધી ઋદ્ધિ, ઇણે જો એવડીરે. ઇણેંજો એવ,
પછી કાંઈ દુર્બુદ્ધિ, ગળે તુમ જેવડીરે. ગળે. તુમ જેવ. ૭

અર્થ:–ધવળશેઠની આવી દશા જોઈ તેને તેના ચાર મિત્રોએ મળી પ્રેમ સહિત પૂછયું–"૧ તમને શું રોગ થયો છે કે તમે આમ ઝુર્યા કરો છો? અથવા તો કંઇ આકરી–કઠીન ચિંતા પેદા થઈ છે? જો તેમ હોય તોપણ ભાઈ! મનને કઠીન કરી ધર્યતા ધારણ કરો; અને જે દુ:ખ હોય તે અમને કહો કે તેનો ઉપાય વિચારિયે, અને ચિંતારૂપી સમુદ્રમાંથી તમને પાર ઉતારીયે." આ પ્રમાણે મિત્રોના પૂછવાથી ધવળશેઠે લાજ મૂકીને મનમાં ચિંતવેલું કામ હતું તે કહ્યું. એ સાંભળીને ચારે મિત્રોએ કહ્યું–"ધિક્કાર છે તમે શું લવારો કર્યો! પરસ્રીના સંસર્ગ પાપથી એકજ ભવ નહીં, પણ ભવોભવ ભવસમુદ્રમાં ડૂબીએ છીએ. (જેથી તમોએ પરસ્રીગમનની ઈચ્છા કરી તે પણ મહા દુ:ખદાયી છે.) અને શ્રીપાળજીને મારવાનો ઇરાદો રાખ્યો છે તે પણ અત્યંત દુ:ખદાયી છે, કેમકે તે જગત જનોના મનોરથ પૂર્ણ કરવા કલ્પવૃક્ષની ડાળ સમાન છે, તો એવા કોણ મૂર્ખ હોય કે કલ્પવૃક્ષની ડાળને કુહાડેથી જુદી પાડે! એ કુંવર પરોપકારી કેવડાના ડોડાના સરખો છે અને જેનો પ્રત્યક્ષપણે મહીમા પણ જોયેલો છે કે એ વખત તો (એક વખત બબ્બરરાયના હાથથી અને બીજી વખત કનકકેતુના હાથથી) એણે તમને જીવતા છોડાવ્યા, અને એ પાસે હતા તો ધનમાલ પણ ઉગર્યા તેમજ (ભરૂચ બંદરની અંદર) થંભેલાં વહાણો પણ આગળ રહીને તાર્યાં હતાં. (છતાં એ બધા ઉપકારો ભૂલી જઇ અપકાર કરવા ધારો છો એ અનિષ્ટ થવાનીજ નિશાની છે.) એના જેવો બીજો પુરૂષરત્ન જગતમાં કોઇ નથી. એ વાસ્તે અમે કહીએ છીએ કે જો એનાથી દ્રોહ કરી એનું અનિષ્ટ–બુરૂં કરવા તાકશો, તો ખાત્રીથી માનજો કે વગર આયુ ખૂટયે કયાંક મોતને ભેટશો. એણે જો એટલી બધી ઋદ્ધિ મેળવી છે તો તે એના ભાગ્યબળથી જ મેળવી છે, એમ છતાં તમને આટલી બધી દુર્બુદ્ધિ કેમ ગળામાં ભરાઈ પડી છે? (૩–૭)

**ત્રણ મિત્ર હિત શીખ, તે એમ દેઇ ગયારે, તે એમ,**

૧ શેઠ ને તેના મિત્રોનો સંવાદ પ્રથમ એ સૂચવે છે કે–મનના દુ:ખની વાત સદ્‌મિત્ર અગાડી કહેવીજ જોઇએ કે જેથી તેનું નિવારણ થાય. બીજું એ સૂચવે છે કે–ઉપકારીના ઉપકાર ભૂલી જઇ તેના તરફ અપકાર કરવા એ તદ્દન ધિક્કારવા લાયક પંથ છે. એવી સાચી વાત કહી મિત્રને બોધ આપ્યો તેવીજ રીતે પોતાનો મિત્ર અવળે માર્ગે દોરાયો હોય તો તેને રાજી રાખવા તેના વિચારને માટે હાજી હા કહેવી નહીં; પણ મિત્રની ચડતી થાય તેવી વાત દાખલા દલીલની સાથે દઢાવી નશીહત આપવી એજ સાચા ને પવિત્ર મિત્રની ફરજ છે. ત્રીજું એ સૂચવે છે કે દુષ્ટને દુષ્ટ, ધર્મીને ધર્મી મળે તોજ આનંદ આપે છે. અથવા તો સામાનું–મન જે કામથી રાજી હોય તેવી વાત કરી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરી લેવો. ધનવાન ફરીફરીને કયાં હાથ આવનાર છે. તેમ ધનવાનોનું એવા રસ્તાથીજ પાણી થાય છે માટે મિજાજને મળતા થઇ વહાલા થવું જેથી પક્ષ વધે છે.

ચોથો કહે સુણ શેઠ, કે એ વૈરી થયારે, કે એ વૈરી;
ગણિયે પાપ ન પુણ્ય, કે લખમી જોડીયેરે. કે લક્ષ,
લક્ષ્મી હોય જો ગાંઠ, તો પાપ વિછોડિયેરે. કે પાપ. ૮

ઉપરાજી ઇણે ઋદ્ધિ, તે કાજે તાહરેરે, તે કાજે.
ધણી થાએ ભાગ્યવંત, કમાઇ કોઇ મરેરે કમાઇ;
કરશું ઇસ્યો ઉપાય. કે એ દોલત ઘણીરે, કે એ દોલ,
અને સુંદરી દોય. કે થાશે તુમતણીરે. કે થાશે. ૯

જિમ પામે વિશ્વાસ, મળો તિમ એહશુંરે, મળો,
મુખે મીઠી કરો વાત, કે જાણે નેહશુંરે, કે જાણે;
મીઠી લાગી વાત, તે શેઠને મન વસીરે, તે શેઠને,
આવ્યો ફીટણકાળ, કે મતિ તેહની ખસીરે, કે મતિ. ૧૦

દૂધજ દેખે ડાંગ, ન દેખે માંકડારે, ન દેખે,
મસ્તક લાગે ચોટ, થાએ તવ રાંકડોરે, થાએ તવ;
રોગી કરે કુપથ્ય, તે લાગે મીઠડુંરે, તે લાગે,
વેદન વ્યાપે જામ, તે થાએ અનીઠડુંરે. તે થાએ. ૧૧

અર્થ—આ પ્રમાણે ચાર મિત્ર પૈકી ત્રણ મિત્ર હિતની શીખામણ દઈને પોતપોતાને ઠેકાણે ગયા, પણ ચોથો મિત્ર ત્યાંજ બેસી રહી શેઠને કહેવા લાગ્યો—" સાંભળ શેઠ, જે ત્રણે ગયા તે તારા વૈરી થયા ( એમણે તમારૂં સારૂં તકાસ્યું નહીં જેથી ગયા તો ભલે ગયા, હું એકલોજ બસ છું. અને કહું છું કે—) પાપ કે પુન્ય કશું ન ગણકારતાં લક્ષ્મી મેળવવી. ( એજ સહુથી સરસ લાભકારી યુક્તિ છે. ) કેમકે જો લક્ષ્મી ગાંઠમાં (પાસે) હશે તો પુણ્યદાન કરીને પાપને દૂર કરી નાંખિયે. હું તો માનું છું કે—શ્રીપાળે જે કંઈ ઋદ્ધિ પેદા કરી છે તે બધી તમારેજ વાસ્તે પેદા કરી છે. દુનિયામાં જોઇએ છીએ તો પેદા કરી કરી કોઇ મરે છે ને કોઇ ભાગ્યવંત તે દોલતનો ધણી થાય છે. ( કીડી સંચે ને તેતર ખાય, પાપીનું ધન પર લઇ જાય, માખીઓ મધ એકઠું કરે છે તેનો ભોક્તા બીજોજ થાય છે. ખોદે ઉંદર ને ભોગવે ભુજંગ. ) માટે એજ ન્યાય ધ્યાનમાં લઇ એવો ઉપાય કરીશું કે જેથી એ પુષ્કળ દોલત અને બન્ને સુંદર

સુંદરીઓ તમારીજ થશે, પરંતુ જે [1]કામ કરવાથી શ્રીપાળને તમારો પૂર્ણ વિશ્વાસ પડે તેવી રીતે શ્રીપાળની સાથે હળો મળો, મોઢેથી મીઠી વાતો કરો જેથી એ જાણે કે મને સાચો સ્નેહ લાવીનેજ શેઠ વાત કરે છે." આ પ્રમાણે ચોથા પાપી મિત્રે યુક્તિ સાથે પોતાનો ભાવ જાહેર કર્યો, એ સાંભળી તે વિશ્વાસભરી વાત શેઠના મનમાં વસી ગઇ અને મીઠી લાગી, કેમકે શેઠનો અને તે પાપી મિત્રનો અંતકાળ નજીક આવી પહોંચ્યો હતો, જેના લીધે તેની (તે બેની) મતિ પણ ખસી ગઈ. રીતજ છે કે નજર અગાડી પડેલા દૂધને વાંદરો (કે બિલાડો?) જોઇ શકે છે, પણ બરડાનો ભાર ઉતારવા ઉગામી રાખેલી લાકડી જોઈ શકતો નથી; પરંતુ જ્યારે દૂધ પીવા જતાં માથામાં લાકડીની ચોટ લાગે ત્યારે રાંક જેવો થઇ જાય છે. તેમજ જે રોગી હોય છે તે પોતાનો રોગ વધે તેવી ચીજો ખાય અથવા તેવી હવા વિહારાદિની રીત ઉપયોગમાં લે ને તે કુપથ્ય દર્દ વધી પાડનાર છતાં મીઠું લાગે, પરંતુ જ્યારે તે કુપથ્યથી દર્દ વધી પડતાં વેદના વ્યાપે ત્યારે તે કુપથ્ય અનિષ્ટકારી (મોત દેનાર) થઈ પડે છે. (કવિના કથનની ધ્વનિ એ છે કે વાંદરા અને રોગીની પેઠે શેઠ ને એનો સાથી પણ ચોટ ખાવા મોતની માગણી કરવા તૈયાર થઈ રહ્યા છે.) (૯–૧૧)

**બેસે કુંવર પાસ, કે વિનય ઘણો કરેરે, કે વિનય,**
**તું પ્રભુ જીવ આધાર, કે મુખે ઇમ ઉચ્ચરેરે, કે મુખે;**
**પૂરવ પુણ્ય પસાય, કે તુમ સેવા મળીરે, કે તુમ,**
**પગ પગ તુમ્હ પસાય, કે અમ્હ આશા ફળીરે. કે અમ્હ. ૧૨**

**જોતાં તુમ મુખચંદ, કે સવિ સુખ લેખીયેરે, કે સવિ,**
**રખે તુમારી વાત, કે વિરૂઇ દેખીયેરે, કે વિરૂઇ;**
**કુંવર સઘળા વાત, તે સાચી સદ્દહેરે, તે સાચી,**
**દુર્જનની ગતિ ભાતિ, તે સજ્જન નવી લહેરે. તે સ. ૧૩**
**જે વાહણની કોર, કે માંચા બાંધિયારે, કે માંચા,**

[1] આ કથન એજ શીખવે છે કે–ઠગારા કપટી સ્વાર્થી લોકો ઉપરથી બહુજ મીઠાશવાળાં કથનો બોલે છે, ઘણીજ નમ્રતા તથા પ્યાર બતાવે છે પણ તે મીઠાશ નમ્રતા ને પ્યારથી જરા પણ ન લલચાતાં ખબરદાર રહેવું, નહીં તો તેઓ તેમ કરી ફંદામાં ફસાવી ધારણા પાર પાડી ખીસ્સાં ભરે છે. મીઠાંફાસીયાનો, વગર કારણે ને સંબંધ વગર નમ્રતા બતાવનારા દગાખોરનો અને બનાવટી પ્રેમ બતાવનારા દગાખોરનો કદિ પણ વિશ્વાસ કરવો નહીં, અને વિશ્વાસ કરવો તો ઇજ્જત, જીવનની આશા છોડીજ દેવી.

દોરતણે અવલંબે, તે ઉપર સાંધિયારે, તે ઉપર;
તિહાં બેસીને શેઠ, તે કુંઅરને કહેરે, તે કુંઅરને,
દેખી અચરિજ એહ, કે મુજ મન ગહગહેરે. કે મુજ. ૧૪

મગર એક મુખ આઠ, કે દીસે જૂજૂઆરે, કે દીસે,
એવાં રૂપ સરૂપ, ન હોશે ને હુઆરે, ન હોશે;
જોવા ઇચ્છો સાહેબ, કે તો આવો વહીરે, કે તો આવો,
પછી કાઢશો વાંક, જે કાંઇ કહ્યું નહીં રે. જે કાંઇ. ૧૫

કુંવર માંચે તામ, ચડયો ઊતાવળોરે, કે ચઢયો,
ઉતરિયા તવ શેઠ, ધરી મન આમળોરે, ધરી મન;
બિહુ મિત્રે બિહું પાસેં, દોર તે કાપિયારે, કે દોર,
કરતા એહવાં કર્મ ન બિહે પાપીયારે. ન બિહે. ૧૬

પડતાં સાયરમાંહિ, કે નવપદ મન ધરેરે, કે નવપદ,
સિદ્ધચક્ર પરતક્ષ, કે સવિ સંકટ હરેરે, કે સવિ;
મગરમત્સ્યની પૂંઠ, કે બેઠો સ્થિર થઇરે, કે બેઠો,
વાહણતણી પરે તેહ,કે પોહોતો તટ જઇરે. કે પોહો. ૧૭

ઔષધિને મહીમાયેં, કે જળભય નિસ્તરેરે, કે જળ,
સિદ્ધચક્ર પરભાવે, કે સુર સાનિધ્ય કરેરે, કે સુર;
ત્રીજે ખંડે ઢાળ, એ પહેલી મન ધરોરે, એ પહેલી,
વિનય કહે ભવિલોક,કે ભવસાયર તરોરે. કે ભવ. ૧૮

અર્થઃ—દુષ્ટ મિત્રની દુષ્ટ સલાહ મળવાથી ધવળ નામ છતાં કાળાં કર્મ કરનારો શેઠ કુંવરની પાસે જઇને બેસવા અને પુષ્કળ વિનય કરવા (નમ્રતા બતાવવા લાગ્યો.) તથા હૃદયમાં કાતીલ છતાં મોઢેથી મીઠું બોલવા લાગ્યો કે— "હે પ્રભુ! તું તો મારા પ્રાણનો આધાર છે, મને મારાં પૂર્વ પુણ્યના ઉદયથી તમારી સેવા હાથ લાગી છે અને ડગલે ડગલે તમારા પ્રતાપ ને કૃપાથી અમારી

---

૧ ખરાબ સોબતથી મનુષ્ય જરૂર ખરાબ અસરવાળું થાય છે, તથા પાપીજનો પાપ કરતાં જરાપણ ડરતા નથી. તેમજ ભલા જનો ભૂંડાની ભાવના જાણવા પામતા નથી; વગેરે આ સંબંધ બોધ આપી રહેલ છે,

આશાઓ ફળી છે.. જ્યારે તમારા મુખરૂપી ચંદ્રમા જોવામાં આવે છે ત્યારે અમે સર્વસુખ મળ્યા માનિયે છીએ, માટે પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ; કે તમારી કોઈ નબળી વાત અમને દેખવી ન પડશો." વગેરે વગેરે કપટભરી વાતો કરવા લાગ્યો, છતાં પણ નિર્દંભી કુંવર તો તે બધું બોલવું સાચું કરીનેજ માનતો હતો, કેમકે દુર્જનની ગતિ રીતિ સજ્જનના કળવામાં આવી શકતીજ નથી. 'જેના મનમાં કપટ હોય તે કપટ તણી ગતિ જાણે'

ઉપર પ્રમાણે બોલી શેઠે કુંવરને કૃત્રિમ પ્રેમથી લુબ્ધ કરી લીધો અને તે પછી વહાણની કીનેરી ઉપર એક માંચડો ( જલદિથી કપાઇ જાય તેવાં ) દોરડાંનાં આધાર વડે બાંધ્યો અને ત્યાં બેસીને એક વખત કુંવર પ્રત્યે શેઠ કહેવા લાગ્યો—"સાહેબ! એક અજબ આશ્ચર્ય છે કે મગરમત્સ્ય તો એક છે અને જુદાં જુદાં તેને આઠ મોઢાં છે. એવાં રૂપ સ્વરૂપવંત તો થયાં પણ નથી ને થશે પણ નહીં, છતાં આવું અપૂર્વ કૌતુક કદિ ન જોયેલું મારા જોવામાં આવ્યું છે, માટે જો જોવાની ઈચ્છા હોય તો જલદીથી અહીં આવો, કેમકે એ આશ્ચર્ય બતાવવા માટે મારૂં મન ઉત્સાહવાળું થયું છે. પછી વળી અમારોજ વાંક કહાડશો કે એવું હતું ત્યારે મને કેમ કહ્યું નહીં ? એ વાસ્તે ઉત્સાહપૂર્વક કહું છું." આ પ્રમાણે શેઠનું કહેવું સાંભળી ભોળા દિલનો કુંવર તો તુરત ઉઠી ઉભો થઈ તે માંચડા ઉપર ચડી જોવા લાગ્યો કે શેઠ ઝટપટ મનમાં કપટ ધારણ કરીને માંચડાપરથી ઉતરી ગયો અને ઘણીજ સ્ફુરતીથી બેઉ પાપી મિત્રોએ માંચડાની અગાડીની બેઉ બાજુનાં દોરડાં કાપી નાંખ્યાં (કવિ કહે છે કે-"જે પાપી જનો છે તે આવાં નઠારાં—ઘાતકી કામ કરતાં જરા પણ ડરતા નથી.")

ડોર કાપ્યાથી કુંવર દરિયામાં પડ્યો ને પડતાંજ નવપદજીનું ધ્યાન ધરવા લાગ્યો, કેમકે એ નવપદમય સિદ્ધચક્રજી પ્રત્યક્ષ પણે સઘળાં સંકટો દૂર કરે છે. એથી એમના નામસ્મરણ પ્રતાપે તુરતજ કુંવર એક મગરમત્સ્યની પીઠ ઉપર સ્થિરતાપણે સવાર થઇ બેઠો કે વહાણની પેઠેજ જળપંથ પસાર કરી દરિયાને કાંઠે જઇ પહોંચ્યો, તેમજ જળભયનિસ્તારણી ઔષધિના મહીમાવડે જળ અને સિદ્ધચક્રજીના પ્રભાવવડે દેવો સહાયકારી થતાં પાણીમાં ડુબવાનો ને સંકટનો ડર દૂર થઈ ગયો. વિનયવિજયજી કહે છે કે-હે શ્રોતાગણો! હે ભવિજનો! ત્રીજા ખંડની આ પહેલી ઢાળ મનમાં ધારણ કરી સિદ્ધચક્રજીની સહાયતા મેળવવા તત્પર થવારૂપ ઘડો લઇ તમો પણ ભવસાગરથી પાર ઉતરો." (૧૨–૧૮)

---

( દોહા—છંદ. )

**કોંકણ કાંઠે ઉતર્યો, પહોતો એક વનમાંહિ;**

થાકો નિદ્રા અનુસરે, ચંપક તરૂવર છાંહિ. ૧
સદા લગે જે જાગતો, ધર્મમિત્ર સમરત્થ;
કુંઅરની રક્ષા કરે, દૂર અનરત્થ. ૨
દાવાનળ જલધર હુવે, સર્પ હુવે ફુલમાળ;
પુણ્યવંત પ્રાણી લહે, પગ પગ ઋદ્ધિ રસાળ. ૩
કરે કષ્ટમાં પાડવા, દુર્જન કોડિ ઉપાય;
પુણ્યવંતને તે સવેં, સુખનાં કારણ થાય. ૪
થળ પ્રગટે જળનિધિ વિચેં, નયર રાનમાં થાય;
વિષ અમૃત થઇ પરિણમે, પૂરવ પુણ્ય પસાય. ૫

અર્થ:–કુંવર કોંકણ દેશના કાંઠે ઉતરી, એક નજીકના વનની અંદર જઇ પહોંચ્યો અને ચંપાના ઝાડ નીચે જઈ થાકને લીધે નિદ્રા લેવા લાગ્યો. એટલે જે હમેશાં જાગતો અને મહાન સમર્થ ધર્મમિત્ર છે તે ઉંઘી ગયેલા કુંવરનું સંરક્ષણ કરી અનર્થોને દૂર કરવા લાગ્યો. કવિ કહે છે કે–"જે પુણ્યવંત પ્રાણી છે તેને લાગેલી લાહ્ય પણ વરસાદ સરખી શીતળકારી થાય છે, સર્પ ફૂલની માળા સરખો આનંદરૂપ બની રહે છે, અને ડગલે ડગલે રસાળ ઋદ્ધિ મેળવી તે મહાસુખ માણે છે. તેવા પુણ્યવંતને કોઇ દુષ્ટજન કષ્ટમાં નાંખવા કોડો ઉપાય કરે, તથાપિ તે સઘળાં કષ્ટકારી કારણો તે નરને ઉલટાં સુખનાંજ કારણ થઈ હાજર રહે છે. પૂર્વ પુણ્યની કૃપાથી સમુદ્રની વચ્ચે પણ બેટ પ્રકટ થઈ આવે છે, રણ-ભાગોમાં કે રણ પણ શહેર રચનારૂપ દૃષ્ટિગોચર થાય છે, અને ઝેર તે પણ અમૃતરૂપ થઈને આનંદ આપે છે.[૧] (૧–૫)

———

(ઢાળ બીજી–રાગ મધુમાદન)

(જીરે મહારે વાણી અમિયરસાલ. સુણતાં મુજ શાતાવલી. જીરેજી એ દેશી.)

જીરે મહારે જાગ્યો કુંવર જામ,
તવ દેખે દોલત મળી, જીરેજી;
જીરે મહારે સુભટ ભલા સેંબદ્ધ,
કરે વિનતી મન રળી. જીરેજી. ૧

૧ ભાગ્યોદયની જાહોજલાલીમાં અવળા પાસા પણ સવળાજ પડે છે અને દુઃખનાં સાધન માત્ર સુખસંપાદકજ નીવડે છે, અને અભાગ્યના ઉદયથી એના કરતાં વિપરીતજ થાય છે, એમજ આ કથન સુચવે છે.

જીરે મ્હારે સ્વામી અરજ અમ એક,
અવધારો આદર કરી જીરેજી;
,, નયરી ઠાણા નામ, વસે જિસી અલકાપુરી. ૨
,, તિહાં રાજા વસુપાળ, રાજ્ય કરે નરરાજિયો; ,,
,, કોંકણદેશ નરીંદ, જસ મહિમા જગગાજિયો. ૩
,, એક દિન સભા મઝાર, નિમિત્તિયો એક આવિયો; ,,
,, પ્રશ્ન પૂછવા હેત, રાયતણે મન ભાવિયો. ૪
,, કહો જોસી અમ ધૂઅ, મદનમંજરી ગુણવતી; ,,
,, તેહ તણો ભરથાર, કોણ થાશે ભલો ભૂપતી. ૫
,, કિમ મળશે અમ તેહ, શે અહિનાણે જાણશું; ,,
,, કોણ દિવસ કોણ માસ, ઘર તેડીને આણશું. ૬
,, સકળ કહો એ વાત, જો તુમ વિદ્યા છે ખરી; ,,
,, શાસ્ત્રતણે પરમાણ, અમ ચિંતા ટાળો પરી. ૭

અર્થઃ—જ્યારે કુંવર ઉંઘ પૂરી કરીને જાગ્યો ત્યારે જોયું તો તેણે દોલત એકઠી મળેલી જોઈ, એટલે કે સેંકડો ગમે સારા સુભટો પોતાની ચોમેર સાવધાનપણેથી વિટાંઇ ઉભા છે અને તેઓ હર્ષ પૂર્વક નમ્રતા સાથ વિનંતી કરે છે કે—"હે સ્વામી! અમારી એક વિનંતી આપ માનવંતા આદર સહિત સ્વીકારો કે—કુબેરભંડારીની અલકાપુરી સરખી થાણા નામની નગરી (અહીં અઢારે વર્ણના વાસયુક્ત) વસે છે, ત્યાં વસુપાળ નામના નરેંદ્ર રાજ્ય કરે છે, અને એ કોંકણ દેશના નરેંદ્રનો મહીમા જગતમાં અષાઢી મેઘના જેવો ગાજી રહેલો છે. એક દિવસ તે રાજાની રાજસભામાં એક નિમિત્ત પ્રકાશનાર જોશી આવ્યો, ને તે જોશી ભવિષ્ય ભાખવામાં રાજાના મનની અંદર ઘણોજ પસંદ પડયો, એથી રાજાએ પ્રશ્ન પૂછયો, કે—"હે જોશીજી! તમો કહો કે અમારી ગુણવતી પુત્રી મદનમંજરી નામની છે તેણીનો કયો ભલો ભૂપતિ ભરથાર થશે? તથા તે કેવી રીતે કઇ નિશાની સાથે અમને હાથ લાગશે, અને કયા મહિનાના કયા દિવસે તેને ઘેર તેડીને લાવીશું? જો તમારી વિદ્યા સત્ય છે તો એ બધી વાતનો ખુલાસો કહો, અને શાસ્ત્રના પ્રમાણ સહિત અમારી ચિંતા દૂર કરી નાખો." (૧–૭)

જીરે મ્હારે જોશી કહે નિમિત્ત–
શાસ્ત્રતણે પૂરણબળે, જીરેજી;
,, પૂરવગત આમનાય, ધ્રુવતણી પરે નવિ ચળે. ,, ૮

જીરે શુદી દશમી વૈશાખ, અઢી પહોર દિન અતિક્રમે;,,
,, રયણાયર ઉપકંઠ, જઈ જોજ્યો તેણે સમે. ,, ૯
,, નવનંદન વનમાંહિ, શયન કીધ ચંપાતળ; ,,
,, જોજ્યો તસ અહિનાણુ, તરૂવરછાયા નવિ ચળે. ,, ૧૦
,, રાયેં ન માની વાત, એમ કહે એ શું કેવળી; ,,
,, અમને મોકલિયા આંહિ, આજ વાતતે સવિ મળી. ,, ૧૧
,, પ્રભુ થાઓ અસવાર, અશ્વરત્ન આગળ ધર્યો; ,,
,, કુંઅર ચાલ્યો તામ, બહુ અસવારેં પરવર્યો. ,, ૧૨

અર્થઃ–રાજાનું બોલવું સાંભળી જોશી બોલ્યો–" હું નિમિત્તશાસ્ત્રના પૂર્ણ બળ વડે અને પરંપરાથી મળેલી આમ્નાય–સાચી વિદ્યાની કુંચીવડે ધ્રુવના તારાની પેઠે ન ચળી શકે એવી ભવિષ્ય વાણી કહું છું તે લખાવી લેવરાવો. હે રાજન્! વૈશાખ શુદિ દશમીના દિવસે અઢી પહોર દિવસ વ્યતીત થયા પછી દરિયાના કાંઠા ઉપર જઇને જોજો. નવનંદન વનની અંદર ચંપાના ઝાડ તળે તે પુરુષ-રત્ન સૂતેલ હશે, અને (તેમાં પણ ચંપાના ઝાડ પણ ઘણાંએ હશે ને તેના નીચે સૂનારા પણ ઉન્હાળાને લીધે ઘણાંએ હશે; પરંતુ) જે ચંપાના ઝાડની છાયા દિવસ ઢળતો જાય છતાં પણ સૂનાર ઉપરથી ખશી ન જતાં અચળ રહેલી હોય એ નિશાની મળે, તે મહાશયને ઘેર તેડી લાવજો, અને તે આપની કુંવરીનો વર થશે" જોશીનું આવું ભવિષ્યકથન સાંભળી રાજાએ તે ન માન્યું. રાજાએ વિચાર્યું કેઃ– "જે કેવળજ્ઞાની હોય તે આવું સ્પષ્ટ ભવિષ્ય ભાખી શકવા સમર્થ હોય છે, પણ આ કેવળી ન છતાં સ્પષ્ટ ભવિષ્ય છાતી ઠોકીને ભાખે છે એ ગપ્પ રૂપજ હોવું જોઇએ. ઠીક એ વખત આવ્યે સાચ જૂઠનું પારખું થઈ રહેશે." એમ ધારી તેનો નિર્ણય કરવાની વિચારણા ધ્યાનમાં રાખી, અને જ્યારે વૈશાખ શુદિ દશમીનો દિવસ આવ્યો ત્યારે તે વિચારણાને અમલમાં લીધી, એટલે કે અમને અમારા મહારાજાએ તે બધી નિશાનીનો તપાસ કરવા મોકલ્યા, અને તપાસ કરતાં જોશીના કહેવા પ્રમાણેજ આજે બધી વાત મળી. એથી હે પ્રભુ! આપ અશ્વરત્ન ઉપર સવાર થઇ અમારી સાથે કૃપા કરી પધારો." એટલું બોલી ઊંચી કિંમતનો ગુણવંત ઘોડો માંડેલા સરંજામસહિત કુંવરજીની અગાડી ખડો કર્યો, કે કુંવર તુરત તે ઘોડાપર આનંદપૂર્વક સવાર થઇ બહુ સવારોના પરિવાર સહિત શહેર તરફ ચાલ્યો. (૮–૧૨)

જીરે મ્હારે આગળ જઈ અવસાર,
નૃપને દિયે વધામણી, જીરેજી;

જીરે સન્મુખ આવ્યો રાય, સાથે લેઈ દોલત ઘણી. ,, ૧૩
,, શણગાર્યાં ગજરાજ, અંબાડી અંબર અડીં, ,,
,, ઘંટા ઘૂઘરમાળ, પાખર મણી રયણે જડી. ,, ૧૪
,, સોવનજડિત પલાણ, તેજાળા તેજી ઘણા; ,,
,, જોતરીઆ કેકાણ, રથ જાણે દિનકરતણા. ,, ૧૫
,, વર બેહેડાં ધરી શીશ, સામી આવે બાળિકા; ,,
,, મોતી સોવન-ફુલ, વધાવે ગુણમાળિકા ,, ૧૬
,, રાજવાહન ચકડોળ, રયણ સુખાસન પાલખી; ,,
,, સાંબેલા સેંબદ્ધ, કેતુપતાકા નવલખી. ,, ૧૭
,, વાજે બહુ વાજિંત્ર, નાચે પાત્ર તે પગેપગે ,,
,, શણગાર્યા ઘર હાટ, પાટ સાવટૂ ઝગમગે. ,, ૧૮
,, એમ મહોટે મંડાણ, પેસારો મહોચ્છવ કરે; ,,
,, રાય સકળ ગુણ જાણ, કુંઅર પધરાવ્યા ઘરે. ,, ૧૯

અર્થ:–સવારો પકી એક સવારે દોડતા આગળ જઇ મહારાજાને વધામણિ આપી, એથી વસુપાળ રાજા સામૈયાનો ઠાઠ કરી સામે આવ્યો, તે સામૈયાની રચના આવી હતી કે:—

હાથીઓ ઉપર મણિરત્નની જડેલી પાખરો, તથા તેમના ગળામાં ઘંટા ઘૂઘરમાળાઓ નાખી અને સર્વ પ્રકારે શણગારી અમૂલ્ય અંબાડીઓ કસી, કે જેઓ આકાશ સાથે વાદ કરતી હતી. તેમજ સોનાનાં જડેલાં પલાણોથી તેજદાર ઘોડાઓ શણગાર્યા હતા, અને ઘોડારથો તૈયાર કરાવ્યા હતા, તે જોતાં જાણે સૂર્યનોજ રથ ન હોય ! તેવા રમણીય દેખાવ દઈ રહ્યા હતા. વળી પોતાના માથા ઉપર વર બેડાં–શ્રેષ્ઠ ગોત્રીડાના કળશ ધારણ કરી સુંદર રૂપવતી ગુણવતી બાળિકાઓ સામે આવી, અને મોતીડે તથા સોનાના ફૂલોથી કુંવરને વધાવવા લાગી હતી, તથા ત્રામજામ ડોળીઓ, સુખાસન અને પાલખીઓ પણ પુષ્કળ હતી, તેમજ સેંકડોની સંખ્યામાં સુંદર સાબેલાઓ શણગારેલા હતા. નવલખી એટલે કોઇ વખત નહીં જોવામાં આવેલ, અથવા નવ લાખની કિંમતવાળાં નિશાન અને ધ્વજાઓ પણ પુષ્કળ ફરકી રહ્યાં હતાં. તરેહ તરેહનાં વાજાં મનોહર શબ્દમય વાગી રહ્યાં હતાં. ડગલે ડગલે નાચનારી સ્ત્રીઓ ( ગુણિકાના તાયફાઓ ) નાચતી હતી. મકાનો ને દુકાનો પણ રેશમી કસબી વસ્ત્રોવડે શણગારેલાં ઝગમગ કરી રહેલ હતાં. આ પ્રમાણે પુરમાં પ્રવેશ કરાવ્યા સંબંધી મોટા મંડાણ

ઠાઠ સહિત મહોત્સવ કરી સકળ ગુણના જાણ વસુપાળ રાજાએ કુંવરને પુરમાં પધરાવ્યા. (૧૩–૧૯)

જીરે મ્હારે જોશી તેડાવ્યા જાણ,
લગન તેહિજ દિન આવીયું, જીરેજી;
,, દેઇ બહુળાં દાન, રાયેં લગન વધાવિયું. ,, ૨૦

,, તેહિજ રયણીમાંહિ. હૂઆ મયણ રેખાતણો; ,,
,, રાયેં કર્યો વિવાહ સાજન મન ઉલટ ઘણો. ,, ૨૧

,, ગજ રથ ઘણા ભંડાર, દીધાં કરમ્હેલામણે; ,,
,, જઇયેં મહીંમા દેખી, સિદ્ધચક્રને ભામણે. ,, ૨૨

,, પડિયા સાયરમાંહિ, એકજ દુઃખની યામિની; ,,
,, બીજી રાત્રે જોય, ઇણીપરે પરણ્યા કામિની. ,, ૨૩

,, નૃપ દીધા આવાસ, ત્યાં સુખભર લીલા કરે; ,,
,, મયણરેહાશું નેહ, દિન દિન આધકેરો ધરે. ,, ૨૪

,, નૃપ દિયે બહુ અધિકાર, કુંઅર ન વંછે તે હીયે; ,,
,, થયો થગીજર આપ, પાનતણાં બીડાં દિયે. ,, ૨૫

,, જે કોઇ અતિ ગુણવંત. માન દિયે નૃપ જેહને; ,,
,, તેહને બીડાં પાન. દેવરાવે કુંઅર કને. ,, ૨૬

,, ત્રીજે ખંડે એહ. બીજી ઢાળ સોહામણી; ,,
,, સિદ્ધચક્ર ગુણશ્રેણી, ભવિસુણજો વિનયેંભણી. ,, ૨૭

અર્થઃ—તે પછી તુરતજ જ્યોતિષશાસ્ત્રના જાણનાર જોશીજીને બોલાવ્યા તો શુદ્ધ લગ્ન પણ તે જ દિવસ આવ્યું, એથી જોશીજીને અને અન્ય યાચકો વગેરેને પુષ્કળ દાન દઈ તે લગ્નને રાજાએ વધાવી લીધું, અને રાજાએ તે જ રાત્રિની અંદર લગ્ન વેળાએ મદનરેખા કુંવરીનો વિવાહ મહોત્સવ કર્યો. એના લીધે સજ્જનોના મનમાં ઘણોજ હર્ષ થયો. તેમજ હસ્તિમિલાપ મુક્ત કરતી વખતે પણ હાથી, ઘોડા, રથ, ધનભંડાર; વગેરે બહુજ દાયજો આપ્યો. કવિ કહે છે કે—"હે ભવિજનો ! જુવો જે સિદ્ધચક્રજીના સ્મરણ પ્રતાપથી કુંવર દરિયાની અંદર પડયો તે જ એક રાત્રી દુઃખની થઇ પડી ને બીજી રાત્રિયે તો આવી રીતે રાજકુમારિકાને વર્યો. તે અગાધ મહિમાવંત નવપદમય સિદ્ધચક્રજીનો આવો મહિમા જોઇને તેમને આપણે ભામણે–બલિહારી જઇએ, કે જેથી આપણું પણ કલ્યાણ થાય અને

સકલ સંતાપ જાય." તે પછી રાજાએ વર વધૂને રહેવા માટે હવેલી આપી, તેમાં રહીને તેઓ સુખ ભર ક્રીડા કરવા લાગ્યાં, અને શ્રીપાળકુંવર મદનરેખાના ઉત્તમ ગુણો જોઇને તેણીના ઉપર દિન પ્રતિદિન અધિક સ્નેહ ધરવા લાગ્યો.

શ્રીપાળકુંવરની વિશેષ લાયકાત ધ્યાનમાં લઇ રાજા વસુપાળે તેમને બહુ માનભર્યાં હુકમ ચલાવવાના હોદ્દા આપવા માંડયા, તો પણ કુંવરે તે હોદ્દા યોગ્ય ન જાણી સ્વીકારવાની ઇચ્છા બતાવીજ નહીં, પરંતુ એક અધિકાર કુંવરે પસંદ[૧] કર્યો ને તે સ્વીકાર્યો. એટલે કે જે કોઇ વિશેષ ગુણવંત (ધનવંત) મનુષ્ય પોતાના દરબારમાં આવે અને તેને પોતે (મહારાજા) માન આપે તો તુરંત કુંવરના હાથથી પાનબીડું દેવરાવે. આ પદવી સુંદર હોવાથી કુંવરે પસંદગી સાથ સ્વીકારી લઇ થગીધર—માનવંત પદ પ્રાપ્ત કર્યું. મતલબ એ કે આ પ્રમાણે કુંવર માનવંતો થયો. વિનયવિજયજી કહે છે કે—મેં આ ત્રીજા ખંડમાં સોહામણી—પસંદ પડે એવી બીજી ઢાળ કહી, તે વાંચી એજ ધડો લેવાનો છે કે—સકળ મનવાંછિત પૂરક શ્રી સિદ્ધચક્રજીના ગુણોની શ્રેણિ (પંક્તિ) તમો શ્રવણ કરજો કે જેથી તમો પણ તેવા વિલાસને ભેટવા ભાગ્યશાળી બનો. નવપદગુણ શ્રવણ એજ સુખોની ખાણ છે, માટે તેનુંજ આરાધન, ભજન, શ્રવણ, વગેરે કરજો. (એજ મારા કથનનો હેતુ છે.) (૨૦–૨૭)

---

(દોહા—છંદ.)

વાહણમાંહિ જે હુઇ, હવે સુણો તે વાત;
ધવળ નામ કાળો હિયે, હરખ્યો સાતે ધાત. ૧

મન ચિંતે મુજ ભાગ્યથી, મ્હોટી થઇ સમાધિ;
પલકમાંહિ વિણ ઓષડે, વિરૂઇ ગઇ વિરધિ. ૨

એ ધનને દોય સુંદરી, એહ સહેલી સાથ;
પરમેસર મુજ પાધરો, દીધું હાથો હાથ. ૩

કૂડી માયા કેળવી, દોયે રીઝવું નાર;
હાથે લેઇ મન એહનાં, સફલ કરૂં સંસાર. ૪

---

૧ આ કથન એજ ચાનક આપણને આપે છે કે—આપણી લાયકાત ને પસંદગી મુજબ કોઇ હોદ્દો કે જગા મળે તો જ તેની પસંદગી બતાવવી, નહીં કે પગાર વધારે મળવાની લાલચમાં લોભાઇ હલકી જગ્યાને હાથ કરી ખુશી થવું. દ્રવ્યદાયી અમલદારી કરતાં માન અકરામમાં વધારો થતો હોય તે માનકારી જગા તરફ ધ્યાન આપવું દુરસ્ત છે.

દુખિયા થઇયેં તસ દુખેં, વયણ સુકોમળ રીતિ;
અનુક્રમેં વશ કીજિયેં, ન હોય પરાણે પ્રીતિ. ૫
ધૂરત ઈંમ ચિતમાં ધરી, કરે અનેક વિલાપ;
મુખેં રૂવે હઈડે હસે, પાપ વિગોવે આપ. ૬

અર્થ:—કવિ વિનયવિજયજી કહે છે કે—'પ્રિય પાઠકો ! કુંવર શ્રીપાળજીની બીના તો આ પ્રમાણે બની, પણ કુંવરને દરિયામાં નાખ્યા પછી વહાણની અંદર શું બીના બની, તે વાત હવે શ્રવણ કરો.' કુંવર દરિયામાં પડવાથી નામ ધવળ (ઉજળો) છતાં કાળા હૈયાવાળો ધવળ (બ્હેલ) સાતે ધાતુ સહિત રાજી થયો. એટલે કે રસ, લોહી, માંસ, મેદ, માંસપેસી, હાડ, શુક્ર (વીર્ય) એ સાતે ધાતુ સહિત સંયુક્ત[૧] હર્ષવંત થયો; અને મનમાં ચિંતવવા લાગ્યો કે—"મારા ચડિયાતા ભાગ્યથી મોટો આરામ થયો અને એક પળમાં વગર ઓષધે ન મટી શકે એવો વિષમ વ્યાધિ નાશ પામી ગયો. હવે એ ધન ને એ બન્ને સુંદરીઓ તથા એ સાહેલીનો સાથ તે સર્વે, મારો પરમેશ્વર પાંસરો હોવાથી મને તેણે હાથો હાથ આપ્યાં, માટે જુઠી માયા—કપટરચના કેળવીને એ બન્ને સ્ત્રીઓને રીઝવી તેઓના મન હાથ કરી લઇ સંસાર સફળ કરૂં; કેમકે દુ:ખીયા મનુષ્યનું દુ:ખ જોઇ દુ:ખી થઇએ અને મૃદુ—નમ્ર વચન બોલી અનુક્રમે (રફતે રફતે) વશ કરિએ તો ધારેલી ધારણા પાર પડે, કારણ કે પ્રીતિ મરજી મુજબ વર્તવાથી થાય છે—પરાણે (પ્રીતિ) થતીજ નથી, માટે હવે તેમ કરૂં તો ફતેહના ડંકા થાય." આવી રીતનો ધૂર્ત ધવળ શેઠ મનમાં નિશ્ચય કરી મોઢેથી રોતો, હઇયામાં હસતો અનેક તરેહના વિલાપ કરવા લાગ્યો અને કરેલાં પાપને લીધે પોતાના પાપી આત્માને વગોવવા લાગ્યો કે:— (૧–૬)

( ઢાળ ત્રીજી—રહો રહો રથ ફેરવો રે—એ દેશી. )

જીવ જીવન પ્રભુ કિયાં ગયારે, દિયો દરિસણ એકવારરે;
સુગુણ સાહેબ તુમ વિનારે, અમને કોણ આધારરે. જીવ. ૧
શિર કુટે પીટે હિયુંરે, મૂકે મોટી પોકરે;
હાલ કલ્લોલ થયો ઘણોરે, ભેળાં હુઆં ઘણાં લોકરે. જીવ. ૨

૧ પાપી પાપ કરી હર્ષ પામે છે તે હર્ષ કાયમ રહેતોજ નથી. એતો પાપ પ્રગટ થતાં મહાન શોક આપનારજ નીવડે છે. પાપી પાપને છુપાવવા વધારે ડહાપણ વાપરવા હિલચાલ કરે છે, પણ તેવી હિલચાલજ તે પાપ માટે શંકાને સ્થાન આપી પોતાને ફસાવી પાડે છે, અને દુ:ખીયા અગાડી દુ:ખીયા બની તેના દુ:ખમાં ભાગ લઇએ કે દિલાસો મળવા જેવો ઉપાય આદરિયે તો સ્વાર્થ સાધી શકાય છે; વગેરે આ સંબંધ બોધ આપી રહેલ છે,

કૌતુક જોવાને ચઢયારે, માંચે વાહણની કોરરે;
હૈ હૈ દેવ એ શું થયુંરે, ત્રૂટાં જૂનાં દોરરે. જીવ. ૩

જવ બેહુ મયણાતણેરે, કાને પડી તે વાતરે,
ધ્રસક પડયો તવ ધ્રાસકોરે, જાણે વજનો ઘાતરે. જીવ. ૪

થઇ અચેતન ધરણી ઢળીરે, કરતી કોડ વિખાસરે;
સહિ સહેલી સવિ મળીરે, નાકે જુવે નિસાસરે. જીવ. ૫

છાંટયાં ચંદન કમકમાંરે, કર્યા વિંઝણે વાયરે;
ચેત વળ્યું તવ આરડેરે, હૈયે દુઃખ ન માયરે. જીવ. ૬

કાંઈ પ્રાણ પાછાં વળ્યારે, જો રૂઠો કિરતારરે;
પીયરીયાં અળગાં રહ્યાંરે, મૂકી ગયો ભરતારરે. જીવ. ૭

માય બાપને પરિહરીરે, કીધો જેહનો સાથરે;
ફિટ હિયડા ફૂટે નહીં રે, વિછડયો તે પ્રાણનાથરે. જીવ. ૮

ધવળશેઠ તિહાં આવિયોરે, કુડા કરે વિલાપરે;
શું કીજે એ દૈવનેરે, દીજે કિશ્યા શરાપરે. જીવ. ૯

દુઃખ સહ્યાં માણસ કહ્યાંરે. ભૂખ સહ્યાં જિમ ઢોરરે;
ધીરજ આપ ન મૂકીયેંરે. કરિયેં હૃદય કઠોરરે. જીવ. ૧૦

મણિ માણેક મોતીપરેંરે. જેહના ગુણ અભિરામરે;
જિહાં જાશે તિહાં તેહનેરે. મુકુટ હાટશિર ઠામરે. જીવ. ૧૧

વ્યંગવચન એહવું સુણીરે, મન ચિંતે તે હોયરે;
એહ કરમ એણે કર્યુંરે, અવર ન વેરી કોયરે. જીવ. ૧૨

ધન રમણીની લાલચેંરે,કીધો સ્વામીદ્રોહરે;
મીઠા થઇ આવી મળેરે, ખાંડ ગળેફિયું લોહરે. જીવ. ૧૩

શીળ હવે કિમ રાખશુંરે, એ કરશે ઉપઘાતરે;
કરિયેં કંતતણી પરેંરે, સાયર ઝંપાપાતરે. જીવ. ૧૪

અર્થ—"હે જગજીવન પ્રભુ! તમો કયાં જતા રહ્યા? અમને એક વાર અમારી દયા લાવી દર્શન દો! હે સદ્ગુણી સાહેબ! આપ વગર અમને હવે કોનો આશરો છે?" આ પ્રમાણે બોલી મોટી પોકો મેલતો, માથું ને હૈયું કૂટતો વિલાપ કરવા લાગ્યો, એ સાંભળીને દિલગીરી ઉપજાવનારો શોર બકોર

થતાં ઘણું લોકો ભેળાં થઈ ગયાં અને શેઠને પૂછવા લાગ્યાં કે– "શા સારૂ આવો વિલાપ કરો છો ?" કપટી શેઠે એના જવાબમાં જણાવ્યું કે–ભાઇઓ ! મુરબ્બી કુંવરજી કૌતુક જોવાને વહાણુની કિનારીએ બાંધેલા માંચડા ઊપર ચડયા હતા. ઘણા દિવસનાં હો કે સડેલાં હો, પણ તે જીર્ણ થઇ રહેલાં માંચડાનાં દોરડાં ઓચિંતાં-એકદમ તૂટી જતાં પોતે દરિયામાં પડી ગયા. હાય ! હાય ! ઓ દૈવ આ તેં શો ગજબ ગુજાર્યો !!!" (આ પ્રમાણે લોકોએ વાત જાણતાં તેઓ ઘણાંજ નારાજ થયાં અને વિવિધ શંકાયુક્ત વાતો કરવા લાગ્યાં, અને જ્યારે તે વાત છેક કર્ણોપકર્ણ પહોંચતી કુંવરની બેઉ સતી સુંદરીઓ કાને જઇ પહોંચી, ત્યારે એ-કદમ ધ્રાસ્કો પડતાં, તેણીઓના હૃદયમાં જાણે ઓચિંતો વજ્રનો ઘા થયો ન હોય ? તેવો કારી ઘા થયો, તેથી તરત મૂર્છાવંત થઇ બેઉ જણીઓ ક્રોડાગમે વિખાસ-કલ્પાંત કરતી ભોંયપર ઢળી પડી. એ જોઈ તેણીઓની સખીઓ સાહેલીઓ ને દાસીઓ બહુજ ગાભરી બની ગઇ અને કાષ્ઠવત્ થયેલા ચેષ્ટારહિત શરીરને જોઇ મરણ પામ્યાની શંકા લાવી તેણીઓએ નાકે હાથ મૂકી શ્વાસ તપાસ્યો, એટલે શ્વાસ ચાલતો જણાતાં મહાસુગંધમય શીતળ બાવનાચંદન (ગુલાબજળાદિ શીતોપચારને લગતા ઉપાયો ઉપયોગમાં લઈ મૂર્છિત સતીઓના મોઢાં આંખ શ-રીર પર ) છાંટયા, અને ખસ વગેરેના પંખાઓથી શીતળ પવન નાખ્યો જેથી તેણીઓને ચેતન વળ્યું, પણ ચેતન થતાંજ બરાડા પાડતી એવી રોવા લાગી કે–હૈયામાં દુઃખ પણ સમાતું ન હોવાથી આંસુરૂપે ચોધારે વહી જતું જણાવા લાગ્યું. તે રો કકળ કરતી પુકારતી હતી કે " હે મારા પ્રાણો ! જો કિરતાર અમારા પર રૂઠયો હતો તો તમે શા માટે પાછા વળ્યા ? પિયરિયાં પણ દૂર રહ્યાં અને ભ-રતાર પણ મધ્ય દરિયે મૂકી ચાલતા થયા, તો શા સુખની ખાતર પાછા વળ્યા ? તમારી શોભા તો ત્યારે હતી કે જ્યારે તમારા નાથ ( પ્રાણનાથ ) પરલોકે સિધાવ્યા તે સાથેજ તમારે તેમની સાથે પરલોક સિધાવવું ઘટિત હતું, છતાં ઘટિત કાર્ય ન કરતાં અઘટિત કર્યું જેથી તમોને પણ ધિક્કાર છે ! હે હૃદય ! તેં જેના સાથને લીધે માતા પિતાનો સાથ પણ છોડી દીધો હતો તે પ્રાણનાથનો સાથ છૂટયા પછી પણ ફાટી ન જતાં કાયમ રહ્યું છે જેથી તને પણ ફિટકાર છે ! " આ પ્રમાણે વિલાપ કરી રહી છે, તે દરમિયાન ધવળશેઠ જૂઠા વિલાપ કરતો ત્યાં આવી પહોંચ્યો અને તે સ્ત્રીઓ પ્રત્યે કહેવા લાગ્યો–" અરે એ અદેખા દુષ્ટ દૈવને પણ શું કરિયે અને શું કહિયે ? તથા શાપ પણ કેવા દઇયે ? જેમ ભૂખ સહન કરવામાં ઢોર સહનશીલ છે, તેમ દુઃખ સહન કરવામાં મનુષ્યોજ સહનશીલ છે; માટે દુઃખ આવી પડતાં તેને સહન કરવાની જરૂર છે. દુઃખ વખતે તો પોતાનું ધૈર્ય ન મૂકી દેતાં હૃદયને કઠોર કરી દુઃખને સુખ માની લઇએ. તેમજ જે મનુષ્યના મનોહર ગુણો મોતી, મણિ ને માણેકની પેઠે કિંમતવાન છે, તે મનુષ્યને તો જ્યાં જશે

ત્યાં માથાના મુગટમાં, હારમાં અને માથાના અન્ય દાગીનાઓમાંજ જગ્યા મળશે. ( મતલબ એ કે તે મરી ગયા તો હૃદયને કઠોર કરી મનને શાંત કરો, કેમકે તમારો ધણી મરી ગયા છતાં પણ તમે તો ઉત્તમ ગુણવાળાં છો જેથી મારે ત્યાં પણ માનવંતાંજ થશો. હું તમોને માથાના મુકુટ અને હૈયાના હારની પેઠે વહાલ સાથે માન આપી નિરંતર જાળવીશ, માટે કશી ફિકર કરવાની જરૂરજ નથી. જેને કોઇ આધાર ન હોય કે જે નિર્ગુણી હોય તેને શોચ કરવાની જરૂર છે કે મારો હવે ક્યાં ધડો થશે ! ) " આ પ્રમાણે કાળા હૃદયવાળા નીવડનારા ધવળનું કંઈ પણ નામ પાડતાં ભૂલી ગઈ હતી. તેનાં વ્યંગવચન (કુટિલાઈભર્યાં બોલ) સાંભળી બન્ને સુઘડ સ્ત્રીઓ વચનોનો મતલબ સમજી ચિંતવવા લાગી કે–" કહો ન કહો પણ પ્રાણનાથનો ઘાત કરવાનું ઘાતકી કામ એણેજ કર્યું છે! બીજો કોઈ નાથનો કે આપણો વૈરી છેજ નહીં. આ દુષ્ટ વિશ્વાસઘાતીએ ધન અને સ્ત્રીઓની લાલચને લીધેજ સ્વામીદ્રોહ કર્યો છે, છતાં પણ મોઢે મીઠાસ રાખી આવીને મળે છે, પણ તેની મીઠાસ તરવાર પર ચઢાવેલી ચાસણીના સરખી જીવ લેનારી છે. જેમ તરવારની ધાર પર ચાસણી ચડાવી હોય અથવા તો લોઢાના ગલેફા ઉપર ચાસણી ચડાવી ગલેફું બનાવ્યું હોય; પણ તેની મીઠાશનો સ્વાદ લેવા જતાં જીભ ને દાંતના બુરા હાલ થાય છે, તેમ આના મીઠા બોલો તરફ વિશ્વાસની નજર રાખતાં બુરા હાલ થાય તેમજ છે, જેથી હવે આપણને આપણું અમૂલ્ય શીળરત્ન સાચવવું શી રીતે બની શકશે ? કેમકે જે લાલચને વળગી એણે ઉપગારીનો પણ અંત આણ્યો છે તે પાપી આપણા શીળનો પણ ઉપઘાત–ભંગ કરશે; માટે આપણે પણ જેમ કંતે દરિયામાં ઝંપાપાત કર્યો, તેમ દરિયામાં ઝંપાપાત કરિએ, જેથી પ્રાણ જતાં પણ કાયમ રહેશે."
( ૧–૧૪ )

સમકાળે બેહુ જણીરે, મન ધારી એ વાતરે;
ઇણ અવસર તિહાં ઊપનોરે, અતિ વિસમો ઉતપાતરે. જીવ. ૧૫

હાલકલ્લોલ સાયર થયોરે, વાયે ઊભડ વાયરે;
ઘોર ઘનાઘન ગાજિયારેં, વિજળી ચહુંદિશિ થાયરે. જીવ. ૧૬

કૂઆથંભા કડકડેરે, ઉડી જાય સઢદોરરે;
હાથે હાથ સૂઝે નહીંરે, થયું અંધારૂં ઘોરરે. જીવ. ૧૭

ડમડમ ડમરૂ ડમકતેરે, મુખ મૂકે હુંકારરે;
ખેત્રપાળ તિહાં આવિયારે, હાથે લેઇ તરવારરે. જીવ. ૧૮

વીર બાવન્ને પરિવર્યારે, હાથે વિવિધ હથિયારરે,
છડીદાર દોડે છડારે, ચાર ચતુર પડિહારરે. જીવ. ૧૯

બેઠી મૃગપતિ વાહનેરે, ચાર ચતુર પડિહારરે;
ચક્કેસરી પાઉધારિયારે, દેવ દેવી બહુ સાથરે. જીવ. ૨૦
હણ્યો કુબુદ્ધિ મિત્રનેરે, જેણે વાંકી મતિ દીધરે;
ખેત્રપાળે તવ તે ગ્રહીરે, ખંડ ખંડ તનુ કીધરે. જીવ. ૨૧
તે દેખી બીહતો ઘણુંરે, મયણા શરણે પઇઠ્ઠરે;
શેઠ પશુપરે ધ્રુજતોરે, દેવી ચક્કેસરી દીઠ્ઠરે. જીવ. ૨૨
જારે મૂકયો જીવતોરે, સતીશરણ સુપસાયરે;
અંતે જાઇશ જીવથીરે, જો મન ધરીશ અન્યાયરે. જીવ. ૨૩
મયણાને ચક્કેસરીરે, બોલાવે ધરી પ્રેમરે;
વત્સ ! કાંઇ ચિંતા કરોરે ! તુમ પિયુને છે ખેમરે. જીવ. ૨૪
માસ એકમાંહિ સહીરે, તમને મળશે તેહરે;
રાજરમણી ઋદ્ધિ ભોગવેરે, નરપતિ સુસરા ગેહરે. જીવ. ૨૫
એહુને કંઠે ઠવી રે, ફુલ અમૂલક માળરે;
કહે દેવી મહિમા સુણોરે, એહનો અતિહિ રસાળરે. જીવ. ૨૬
શીળ યતન એહથી થશેરે, દિનપ્રતે સરસ સુગંધરે;
જે કુમીટે જોયશેરે, તે નર થાશે અંધરે. જીવ. ૨૭
એમ કહી ચક્કેસરી રે, ઉતપતિયાં આકાશરે;
સયળ દેવશું પરિવર્યાંરે, પહોતા નિજ આવાસ રે. જીવ. ૨૮
તવ ઊતપાત સર્વે ટળ્યાંરે, વહાણ ચાલ્યાં જાયરે;
ચિંતા ભાંગી સર્વનીરે, વાયા વાય સુવાયરે. જીવ. ૨૯

અર્થઃ—આ પ્રમાણે વિચાર નિશ્ચય કરી એકી વખતે તે બેઉ જણીઓએ દરિયામાં પડતું મૂકવાની તૈયારી કરી, કે તે વખતે ધર્મનો જય અને પાપનો ક્ષય થવા ત્યાં એવો અતિ વસમો ઉત્પાત થયો, એટલે કે–તોફાની પવન વાવો શરૂ થતાં દરિયાનું પાણી ઉછળવા લાગ્યું, તોફાની મોજાં ઉપરા ઉપરી આવવાથી વહાણનું ચાલવું જોખમ ભરેલું થઇ પડયું, ભયંકર વર્ષાદની ગર્જના થઈ આવી, વીજળી ચોમેર ચમકવા લાગી અને હાથો હાથ પણ ન સૂઝે તેવું ઘોર અંધારૂં થઇ આવ્યું. આમ થવાથી વહાણના કુવાથંભો કડકડાટ શબ્દ કરવા લાગ્યા, તથા સઢ દોર ઉડી જવા લાગ્યાં. આવો ભયંકર સંયોગ છતાં વળી વિશેષ ભયકારી બનાવ એ બન્યો કે–ડમ ડમં ડમરૂ ડમકાવતો, હુંકાર શબ્દ બોલતો અને હાથમાં

નાગી તલવાર ચમકાવતો ક્ષેત્રપાળ આવી પહોંચ્યો, તથા બાવનવીરોના પરિવાર સહિત મણિભદ્ર, પૂર્ણભદ્ર, કપિલ ને પિંગળ એ ચારે ચતુર પ્રતિહારદેવ મુદ્‌ગર વગેરે તરેહ તરેહનાં હથિયાર તથા કુમુદ, અંજન, વામન ને પુષ્પદંત નામના દંડો હાથમાં ધારણ કરી છડીદારની પેઠે આગળ દોડતા હતા. તેઓની પાછળ સિંહ ઉપર સવારી સહિત હાથમાં જાજ્વલ્યમાન ચક્ર ભમાવતાં બહુ દેવ દેવીઓની સાથે પરવરેલાં ચક્રેશ્વરી દેવી પધાર્યાં. તે સાથેજ ક્ષેત્રપાળે કુબુદ્ધિ મિત્ર કે જેણે ધવળશેઠને કુમતિ આપવામાં પૂરી મદદ આપી હતી તેને પકડી પાડી તેના શરીરના ટુકડે ટુકડા કરી યમપુરે પહોંચાડી દીધો. મિત્રના બુરા હાલ થયેલા જોઈ ધવશેઠ બહુજ બ્હીનો જેથી પોતાનો બચાવ કરવા સતીને શરણે જઈને સંતાઈ પેઠો. તેને પશુની પેઠે થરથરતો દેવી શ્રી ચક્રેશ્વરીએ દીઠો, એટલે કહેવા લાગ્યાં કે–"દુષ્ટ પાપીષ્ટ ! જા, અત્યારે તો તને સતીશરણ પ્રતાપને લીધે જીવતો મૂકું છું, પરંતુ કહું છું તે યાદ રાખજે કે જો તું મનમાં અન્યાયને સ્થળ આપીશ તો આખર જીવથી જઇશ," એટલું બોલી દેવીએ સતી પ્રત્યે કહ્યું–"વત્સ ! શા માટે ચિંતા કરો છો ? નિશ્ચિંત રહો. તમારા પ્રિયતમ ક્ષેમકુશળ છે. તમારો નાથ કોંકણ દેશના પાયતખ્ત ઠાણાપુરની અંદર મહારાજા વસુપાળ સસરાના મહેલમાં રાજકન્યા સાથે રાજઋદ્ધિ ભોગવે છે, તે તમને આજથી પૂરે એક મહિને મળશે," એટલું કહી દેવીએ તે બેઉની કોટ ( કંઠ )માં અમૂલ્ય અને અનુપમ સુગંધવંત મનોહર ફૂલની માળા નાખી તેનો મહીમા કહ્યો કે–"પુત્રીઓ ! સાંભળો, આ માળાઓનો રસાળ મહીમા છે. એટલે કે–આ માળાઓથી શીળરત્નનું યત્ન થશે, દિવસે દિવસે તમને સરસ સુગંધી આપશે અને કોઈ તમારી સામે ખરાબ નજરથી જોશે તે તુરત અંધજ થઈ જશે," વગેરે કહીને દેવીશ્રી ચક્રેશ્વરીજી આકાશપંથે દેવોના પરિવાર સહિત પોતાના સ્થાનકે પધાર્યાં, એટલે તે સર્વે ઉત્પાત દૂર થઇ ગયો. [૧]વહાણો વગર અડચણે ચાલવા માંડ્યાં, અને અનુકૂળ પવન વાવા લાગ્યો જેથી સર્વેની ચિંતા ભાંગી ગઇ. ( ૧૫–૨૯ )

**મિત્ર ત્રણ કહે શેઠનેરે, દીઠી પરતક્ષ વાતરે;**
**ચોથો મિત્ર અધર્મથીરે, પામ્યો વેગે ઘાતરે. જીવ. ૩૦**
**તે માટે એ ચિત્તથીરે, કાઢી મૂકો સાલરે;**
**પર લખમી પર નારનેરે, હવે મ પડશો ખ્યાલરે. જી. ૩૧**

---

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે–સત્યની કે સત્યશીળની સહાયતા કરવા દેવો પણ હાજર થાય છે, તથા દુષ્ટ કાર્ય કરનારની બુરી વલે થાય છે, અને મહાન-આત્માના શરણથી ગુન્હેગાર પણ બચી જવા પામે છે; એ નિઃસંદેહ વાર્તા છે.

પણ દુર્બુદ્ધિ શેઠનું રે, ચિત્ત ન આવ્યું ઠામરે;
જઇવિ કપુરેં વાસિયેંરે, લસણ દુર્ગંધ ન જાયરે. જી. ૩૨

હૈડા કરને વધામણાંરે, અંશ ન દુઃખ ધરેશરે;
જો બચ્યો છું જીવતોરે, તો સવિ કાજ કરેશરે, જી. ૩૩

જો મુજ ભાગ્યે એવડુંરે, વિઘ્ન થયું વિસરાળરે;
તો મળશે એ સુંદરીરે, સમશે વિરહની ઝાળરે. જી. ૩૪

એમ ચિંતી દૂતી મુખેંરે, કહાવે હું હું તુમ દાસરે;
નેક નજર કરી નિરખિયેંરે, માનો મુજ અરદાસરે. જી. ૩૫

દૂતીને કાઢી પરીરે, દેઇ ગલહત્થો કંઠરે;
તોહિ નિર્લજ લાજ્યો નહીંરે, વળી થયો ઉલ્લંઠરે. જી. ૩૬

વેશ કરી નારીતણોરે, આવ્યો મયણા પાસરે;
દૃષ્ટિ ગઇ થયો આંધળોરે, કાઢયો કરી ઉપહાસરે. જી. ૩૭

ઊતરિયે ઉત્તર તટેંરે, વાહણ ચલાવો વેગરે;
પણ સન્મુખ હોય વાયરોરે, શેઠ કહે ઉદ્વેગરે. જી. ૩૮

અવર દેશ જાવાતણારે, કીધા કોડિ ઉપાયરે;
પણ વહાણ કોંકણ તટેંરે, આણી મુકયાં વાયરે. જી. ૩૯

ત્રીજે ખંડે ઇમ કહીરે, વિનયે ત્રીજી ઢાળરે;
સિદ્ધચક્ર ગુણ બોલતાંરે, લહિયે સુખ વિશાળરે. જી. ૪૦

અર્થઃ—તે પછી ધવળશેઠના ત્રણ સુબુદ્ધિ મિત્રો કે જેમણે શેઠની વિચારણાથી વિપરીત વિચારણા દર્શાવી હતી તેમણે શેઠ પાસે આવી કહ્યું—" કેમ શેઠ! અમારા કહેવા પ્રમાણે પ્રત્યક્ષ પારખાની વાત દીઠી કે નહીં ? ચોથો મિત્ર અધર્મનો સંગી થયો હતો તો તુરતજ મરી યમનો મહેમાન થયો. તે માટે ફરીથી પણ કહિએ છીએ કે-પરાઇ લક્ષ્મી અને પરાઇ સ્ત્રીના ખ્યાલ-છંદમાં હવે ફરી પડશોજ નહીં, નહીં તો તમારો દુર્બુદ્ધિ મિત્ર જે હાલને ભેટયો તે જ હાલને તમે પણ પામશો. પછી તો તમને રૂચે તે ખરૂં." વગેરે વગેરે હિતશિક્ષા દઇ તે ત્રણે મિત્રો ચાલતા થયા. જો કે પ્રત્યક્ષ પારખું જોયું અને પુનઃ મિત્રો તરફથી હિતશિક્ષા મળી તો પણ દુર્બુદ્ધિવંત શેઠનું ચિત્ત મુકામ પર ન આવ્યું. શું લસણને ભીમસેની કપૂરના પુટ દઇયે તેથી દુર્ગંધતા મટે છે કે ? કદિ નહીં ! જેની જે પ્રકૃતિ પડી તે મુવેજ જાય છે. શેઠે તો એ બનાવ બન્યા પછીથી



શ્રીપાળકુંવરને તેમના મામાજી પુણ્યપાળરાજા હાથીની અંબાડીમાં બેસારી મોટા ઉત્સવપૂર્વક પોતાના નગરમાં પ્રવેશ કરાવે છે. [પૃ૦ ૬૩]

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

મલકાઇ હૈયાને ધૈર્યતા આપવા માંડી કે–" ૧ હે હૃદય ? હવે તું વધામણા કર, જરા પણ દુઃખ ધારણ કરીશજ નહીં. જો હું બચ્ચો છું તો તો બધાંએ કામ પાર પાડીશ. તું જરા ખ્યાલ કર કે જો મારા ભાગ્યબળ વડે ચડી આવેલ સાતપડું વિઘ્નરૂપ વાદળ પણ વિખેરાઈ ગયું છે, તો નક્કી માનું છું કે એ બેઉ સુંદરીઓ મને મળશે જ. અને તેઓનો મિલાપ થતાં વિરહરૂપ અગ્નિની જ્વાળા શમશે." આવી રીતે હૈયાને ધીરજ આપી દુષ્ટ ચિંતવન સહિત દુતિ મોકલી બન્ને સતીઓ પ્રત્યે સંદેશો કહાવ્યો કે–"૨હું તમારો દાસ છું; માટે આપે મારા પર નેક (સ્નેહની નજર) કરી નિરખવું એ મારી અરજ છે તે કબૂલ કરો," વગેરે મતલબનો સંદેશો કહાવ્યો. તે સાંભળી સતીઓએ દુતીને ગળચી ઝાલી બુરા હાલ સહિત બહાર કાઢી, તો પણ નિર્લજ્જ શેઠ લાજ્યો નહીં; પરંતુ ઉલટો તે તો સેતાન જેવો થયો, અને સ્ત્રીનો વેશ ધારણ કરી પોતે જાતેજ ચાહોમ કરી સતી સ્ત્રીઓની પાસે ગયો, પણ દેવીદત્ત પુષ્પમાળાના પ્રભાવથી સતીઓ સામે દૃષ્ટિ કરવાને લીધે તે આંધળોજ બની ગયો. એથી ફાંફાં મારતા શેઠને દાસીઓએ મશ્કરી પુષ્પાંજળી વગેરે ઉપહાસના સન્માન સહિત (!) બહાર કાઢી મૂક્યો. આમ થવાથી શેઠે સતીઓને સંતાપી પોતાને તાબે કરવાને લીધે દેવી વચન ખોટું કરવા ખલાસી લોકોને કહ્યું કે–આપણે ઉત્તર તરફના કીનારા તરફ ઉતરી શકીએ અથવા તો ઠાણા શહેરના અંદર તરફ ન જતાં બીજીજ બાજુએ જઇ શકીએ એ દિશાએ વેગ સહિત વહાણ ચલાવો." (આમ કરવાનો હેતુ એજ હતો કે ઠાણે વહાણો લઇ જઇશ તો વખતે જીવતો શ્રીપાળ મળી શકશે, માટે એજ વિચાર યોગ્ય છે એમ ધારી ખલાસીઓને આ પ્રમાણે તાકીદ આપી.) પણ દૈવની વિપરીત ગતિથી સન્મુખ પવન થયો, જેથી વહાણો ધારેલે ઠેકાણે જવા શક્તિમાન થયાજ નહી, એટલે શેઠ દિલગીરીમાં ગરક થયો, તોપણ બીજા દેશો તરફ જવાને માટે ચાલે તેટલા ઉપાયો અમલમાં લેવરાવ્યા; છતાં પણ વહાણો તો પવનના તાબેદાર બની મહીનાની મુદ્દત પૂરી થવા આવતાં પવનના જોરે કોંકણ દેશના કિનારે જ આવી લાગ્યાં, એથી શેઠના કોડો ઉપાય પણ ખારા દરિયાનેજ શરણ થઇ રહ્યા ને દેવીવચન સત્ય ઠરવાની આગાહી

૧ દુષ્ટજનોને પેટ ભરી જુતા મળ્યા છતાં પણ તેઓ પોતાની દુષ્ટ વિચારણાઓને દૂર કરતા નથી, તથા દૈવી વચનને પણ ખોટાં પાડવા ફાંફાં માર્યા કરી આખર ખરાબીને વહોરી લે છે–એ ચાનક સંગ્રહવા આ વચન સૂચના આપે છે.

૨ આ બોધવાક્ય આપણને એ ભાન કરાવે છે કે–કામીજનો કેવા નિર્લજ્જ, ભવની ભીતી વગરના, ટૂંકી દૃષ્ટિવાળા અને દૈવ સામે દોટ દેનારાં હોય છે, તેમજ લેખ ઉપર મેખ મારવા પણ ચાંપતાં પગલાં ભરે છે. ખરેખર કામીઓની કર્મકથા અતિ વિચિત્રજ હોય છે.

જણાણી. કવિશ્રી વિનયવિજયજી કહે છે કે–"આ પ્રમાણે ત્રીજા ખંડમાં ત્રીજી ઢાળ (મેં) કહી તેથી એજ સારાંશ ગ્રહણ કરવાનો છે કે સિદ્ધચક્રજીના ગુણાનુવાદ બોલવાથી રસાળ સુખો પ્રાપ્ત કરાય છે; માટે સદા તેમનું જ ગુણગાન કરો." (૩૦–૪૦)

---

(દોહા–છંદ)

કોંકણ કાંઠે નાગર્યાં, સવિ વાહણ તિણિવાર;
નૃપને મળવા ઉતર્યો, શેઠ લઇ પરિવાર. ૧
આવ્યો નરપતિ પાઉલે, મિલણાં કરે રસાળ;
બેઠો પાસે રાયને, તવ દીઠો શ્રીપાળ. ૨
દેખી કુંવર દીપતો, હૈયે ઊપની હૂંક;
લોચન મીંચાઇ ગયાં, રવિ દેખી જિમ ઘૂક. ૩
નૃપ હાથે શ્રીપાળને, દેવરાવે તંબોળ;
શેઠ ભલી પેરેં ઓળખી, ચિત્ત થયું ડમડોળ. ૪
હૈ હૈ દૈવ અટારડો, એહ કિશ્યો ઉતપાત;
નાખી હતી ખારે જળેં, પ્રગટ થઈ તે વાત. ૫
સભા વિસરજી રાય જબ, પહોતો મહેલ મઝાર;
તવ શેઠે પડિહારને, પૂછયો એહ વિચાર. ૬
એહ થગીવર કોણ છે ! નવલો દીસે કોય !
તેહ કહે ગતિ એહની, સુણતાં અચરિજ હોય. ૭
વનમાં સૂતો જાગવી, ઘર આણ્યો ભલિભાત;
પરણાવી નિજ કુંવરી, પૂછી ન વાત કે જાત. ૮
શેઠ સુણી રીઝયો ઘણું, ચિત્તમાં કરે વિચાર;
એહને કષ્ટે પાડવા, ભલું દેખાડયું બાર. ૯
દેઇ કલંક કુજાતીનું, પાડું એહની લાજ;
રાજા હણશે એહને, સહેજેં સરશે કાજ. ૧૦
જો પણ જે જે મેં કર્યાં, એહને દુ:ખનાં હેત;
તે તે સવિ નિષ્ફળ થયાં, મુજ અભિલાષ સમેત. ૧૧

તોપણ વાજ ન આવિયે, મન કરિયે અનુકૂળ;
ઉદ્યમથી સુખ સંપજે, ઉદ્યમ સુખનું મૂળ. ૧૨
વૈરીને વાધ્યો ઘણો, એ મુજ ખણુશે કંદ;
પ્રથમજ હણવા એહને, કરવો કોઇક ફંદ. ૧૩
ઇમ ચિંતવતો તે ગયો, ઊતારે આવાસ,
પલક એક તસ જક નહીં, મુખ મૂકે નિસાસ. ૧૪

અર્થઃ—જ્યારે વહાણો કોંકણુ કાંઠે જઇ પહોંચ્યાં ત્યારે નિરૂપાય છતાં પણ લાંગર નાખવા પડયાં, અને રાજાની ભેટ લેવા પરિવાર સહિત ધવળશેઠ વહાણમાંથી ઊતરી નરપતિના ચરણ સ્પર્શવા રાજસભા તરફ ચાલ્યો, અને તેણે મહારાજાની અગાડી અમૂલ્ય વસ્તુઓનું ભેટણું મૂકી ભેટ પણ લીધી; પરંતુ તે મહારાજાની પડખે જ્યારે શ્રીપાળકુંવરને બેઠેલો દીઠો ત્યારે ભેટ સંબંધી સઘળો હર્ષ ચાલ્યો ગયો અને દીપતા કુંવરને જોતાંજ ચોર શેઠની છાતીમાં ત્રિદોષશૂળ પેદા થઈ આવ્યું, તેમજ જેમ તેજસ્વી સૂર્યના દેખવાથી સૂર્યશત્રુ—ઘૂડની આંખો મીંચાઇ જાય છે તેમ ( તેજપુંજ કુંવરને જોતાં ) ધવળની આંખો મીંચાઈ ગઈ. વસુપાળ રાજાએ ભેટની વસ્તુ અને અંગલક્ષણના દેખાવપરથી આવેલા શેઠને ગર્ભશ્રીમંત જાણી તેનું માન વધારવા શ્રીપાળજીના હાથથી પાનબીડું દેવરાવવા ઇસારત કરી, એટલે કુંવરે ધવળશેઠના હાથમાં પાનબીડું આપ્યું કે તેણે કુંવરને પૂરેપૂરી રીતે ઓળખી લીધો, જેથી રાજા તરફનું માન મળ્યા છતાં પણ મરણ નજીક ભમવાનો સંયોગ—સંભવ જાણી તેનું ચિત્ત ઠામાડોળવાળું થઈ રહ્યું, અને વિચારવા લાગ્યો કે—" હાય! હાય! દૈવ! અટારડા દૈવ! આ શો ઉત્પાત જોઉં છું? કે જે વાત મેં ૧ખારા દરિયાની અંદર ફેંકી દીધી હતી, તે મહાસાગરમાં ડૂબેલી વાત પાછી શી રીતે જાહેર થઇ!" આ પ્રમાણે વિચારમાં લીન થઇ તરંગોના તાડ પર ચડયા કરતો હતો તે દરમિયાન સભા વિસર્જન થઇ, અને જ્યારે રાજા રાજમહેલમાં ગયો ત્યારે ધવળશેઠે દરવાનને પૂછ્યું—" ભાઇ! આ સભામાં પાનબીડાં આપનાર માનવંતો રાજવી કોણ છે? એ તો કોઇ નવતર દેખાય છે ખરો?" આના ઉત્તરમાં દરવાને કહ્યું—" શેઠ! એ માનવંતાની વિગત સાંભળતાં મનુષ્યને આશ્ચર્ય પેદા થાય તેમ છે, કેમકે દરિયાકાંઠે વનમાં સૂતેલા એમને જગાડી મહા મહોત્સવની સાથે ઘેર લાવ્યા અને મહારાજાએ જાત કે વાત પૂછયા વિના

૧ આ કથન એજ બોધ આપે છે કે સાતમે પાતાળે પેસી પાપ કર્યું હોય તો તે પણ જગજાહેર થઇ આવે છે, કેમકે પાપ કદિ છુપું રહેતુંજ નથી. જે સુખની ખાતર પાપ કર્યું હોય તે પાપ પ્રગટ થતાં સુખને બદલે દુઃખ આપે છે; માટેજ પાપકર્મ આચરવું નહીં.

પ્રેમ સહિત પોતાની પુત્રી પરણાવી દીધી, એ શું થોડા આશ્ચર્યની વાત છે? આવું બોલવું સાંભળતાં પેંચીલો શેઠ તો બહુજ રાજી થયો અને ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે "કુંવરને કષ્ટમાં ઝોકાવી દેવા આ દરવાને પણ ભલું બારણું બતાવ્યું. જેથી કુંવરને નઠારી જ્ઞાતિનું કલંક ચોંટાડી દઈ એની લાજ પાડી દઉં કે જેથી નીચ સાથે પરણાવેલી પુત્રીને લીધે ફજેતી થતી જાણી રાજા કોપવંત થઇ કુંવરને ઠાર મારશે, એટલે મારૂં સ્હેજમાં કામ ફતેહ થશે. જો કે મેં જે જે કામો કુંવરને દુઃખ દેવાના હેતુ (ઇરાદા) થીજ કર્યાં, તે તે બધાંએ કામો મારા અભિલાષ સહિત નિષ્ફળ થયાં, તોપણ હિમ્મત હારી બેસવું એ અયોગ્ય છે. કહ્યું છે કે–હિંમત ન હારતાં મનને અનુકુળ કરી ઉદ્યમ ચાલુ રાખીયે તો તેથી અંતે ફતેહજ પામિયે; કેમકે ઉદ્યમથીજ સુખ હાથ લાગે છે, અને ઉદ્યમ એજ સુખનું મૂળ છે. તેમ વળી કુંવર મારો કટ્ટો દુશ્મન છે એને જો વિશેષ વધવા દેવામાં આવશે તો તે મારા મૂળ ખોદી કહાડશેજ; કારણ કે એને મેં મારાં દ્વેષી કામોથી તેજ બનવા અવકાશ આપ્યો છે, એટલે એ લાગ મળતાં મારાં મૂળ ખોદ્યા વગર કેમ રહેશે? રોગ ને શત્રુ ઉગતાંજ છેદી નાખવા એજ વ્યાજબી છે. વધ્યા પછી તેમને છેદવામાં મહા તકલીફ વેઠવાનો વખત આવે છે, એ માટે પહેલાં એનુંજ કાટલું કરી નાંખું તેવો કોઇક ફંદ રચવાનો ઉત્તમ માર્ગ આદરવાની જરૂરજ છે." ઇત્યાદિ આર્ત્ત રૌદ્રધ્યાન ધ્યાતો ધ્યાતો શેઠ પોતાના ઉતારાવાળા ઘરમાં જઈ પહોંચ્યો, પણ કેવી રીતે ઘાટ ઘડી ઘડો લાડવો કરવો તેનો રસ્તો ન જડવાથી એક પળવાર પણ તેને ૧જક કે જંપ વળ્યોજ નહીં. જેથી મોઢેથી મોટા નિસાસા નાખતો શોચને સ્વાધીન થઈ લમણે હાથ દઇ બેઠો બેઠો ધારણાને પાર પાડવાની યુક્તિ શોધતો હતો. (૧–૧૪)

---

(ઢાળ ચોથી–અષાઢભૂતી અણગારનેરે કહે ગુરૂ અમૃત વાણુરે, જોગીસર ચેલા, ભિક્ષાને ભમતા થકા હો લાલ–એ દેશી.)

ઇણ અવસર એક ડૂંબનુંર, આવ્યું ટોળું એકરે, ચતુરનર,
ઉભા ઓળગડી કરે હો લાલ;
તેડી મહત્તર ડૂંબનેરે, શેઠ કહે અવિવેકરે, ચતુરનર
કાજ અમારૂં એક કરો હો લાલ. ૧

---

૧ પ્રપંચીઓની રીત આવીજ હોય છે જેથી તેઓ પોતે સામાને હાની પહોંચાડવા મફતનાં ફાંફાં માર્યાં કરે છે, અને ડૂબતો ફીણને બાઝે તેવા ઉપાયો હાથ ધરે છે, એમ આ સંબંધ બોધ આપે છે.

જેહ જમાઇ રાયનોરે, તેહેને કહો તુમે ડૂંબરે ચતુરનર,
લાખ સોનૈયા તુમને આપશું હો લાલ.
ધાઇને વળગો ગળેરે, સઘળું મળી કુટુંબરે, ચતુરનર;
પાડ ઘણો અમે માનશું હો લાલ. ૨
ડૂંબ કહે સ્વામી સુણોરે, કરશ્યાં એ તુમ કામરે, ચતુરનર.
મુજરો હમારો માનજો હો લાલ.
કેળવશું કુડી કળારે, લેશું પરઠયા દામરે, ચતુરનર.
સાબાશી દેજો પછે હો લાલ. ૩

અર્થ:—ચાલતા વિચારની ભાંજગડ દરમિયાન ત્યાં એક ડૂંબનું ટોળું આવ્યું અને ધનવાન શેઠને જોઈ તે ટોળું ઊભું ઊભું શેઠની ઓળગ કરવા લાગ્યું. (કવિ કહે છે કે–હે ચતુર શ્રોતાજનો! તેને જોઇ શેઠને શું વિચાર થયો તે કહું છું; માટે સાંભળો.) એટલે અવિવેકી શેઠે ડૂંબટોળાના નાયકને પોતાની પાસે બોલાવીને અવિવેકભરી વાત કહેવી શરૂ કરી કે–"નાયકજી! એક ૧ અમારૂં કામ છે તે તમે કરો, એટલે કે અહિંના રાજાનો જમાઈ છે તેને તમે ડૂંબ એવું કહો તો હું તમને લાખ સોનામહોરો આપીશ, જેથી સઘળું તમારૂં કુટુંબ એકમતે થઈને રાજાના જમાઈને જોતાં દોટ કહાડીને વળગી પડો અને તમારો પોતાનોજ એ નજીકનો સગો છે એમ સાબિત કરી બતાવો, કે હું એ કામને લીધે તમારો ઘણો પાડ માનીશ." એ વાત સાંભળી ડૂંબનાયક બોલ્યો–"હે સ્વામી! સાંભળો એ આપનું કામ છે તે હું કરીશ; પણ અમારો મુજરો માન્ય કરજો. જો કે તમામ જૂઠી કળા કેળવીશું ને પરઠેલા દામ લઇશું; તથાપિ કામ કર્યા બાબતની શાબાશી સંબંધી શિરપાવ પાછળ ખુશી થવાયોગ્ય દેજો; (કેમકે કામ સિરસાટા જેવું છે. જે ક્ષત્રીયબચ્ચો છે તેને તદ્દન જૂઠથી ગળે પડી અમારો કુટુંબી બનાવવો છે તે કંઈ જેવી તેવી વાત નથી. નહિતો તમે લાખ સોનામહોરો પણ શાની આપવા હામ ભીડો!)" શેઠે બધું દિલાસા સહિત હા હા કહી તેમને પાનબીડું લેવાની માગણી કરવાની યુક્તિસાથ ભલામણ કરી વિદાય કીધા, એટલે તે બધા રવાના થઇ શહેરમાં ગયા.

ડૂંબ મળી સવિ તે ગયારે, રાયતણે દરબારરે, ચતુર.
ગાયે ઊભા ઘૂમતા હો લાલ.
રાગ આલાપે ટેકશુંરે, રીઝયો રાય અપારરે, ચતુર.
માંગો કાંઇ? મુખ ઇમ કહે હો લાલ. ૪

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે—લોભીને અકકલ હોતીજ નથી જેથી તે પાયમાલી ભરી વાત પરને કહી ફજેતીના ઉપાય ખોળે છે.

ડુંબ કહે અમ દિજીયેરે, મોહત વધારી દાનરે, ચતુર.
મોહત અમે વાંછું ઘણું હો લાલ.
તવ નરપતિ કુંઅર કનેરે, દેવરાવે તસ પાનરે, ચતુર.
તેહનું મોહત વધારવા હો લાલ. ૫

પાનદેવા જવ આવિયોરે, કુંઅર તેહની પાસરે, ચતુર.
હસિત વદન જોતો હસી હો લાલ.
વડો ડુંબ વિલગો ગળેરે, આણી મન ઉલ્લાસરે, ચતુર.
પુત્ર આજ ભેટયો ભલો હો લાલ. ૬

એહવે આવી ડુંબડીરે, રોઇ લાગી કંઠરે, ચતુર.
અંગો અંગે ભેટતી હો લાલ;
બહેન થઇને એક મળીરે, આણી મન ઉત્કંઠરે, ચતુર.
વીરા જોઉં તુમ ભામણે હો લાલ. ૭

એક કહે મુજ માઊલોરે, એક કહે ભાણેજરે, ચતુર.
એવડા દિન તુમે કિહાં રહ્યા હો લાલ;
એક કાકી એક ફઇ થઇ રે, દેખાડે ઘણું હેજરે, ચતુર.
વાટ જોતાં હતાં તાહરી હો લાલ. ૮

ડુંબ કહે નરરાયનેરે, એ અમ કુળ આધારરે, ચતુર.
રીસાઇ ચાલ્યો હતો હો લાલ;
તુમ પસાય ભેળો થયોરે, સવિ માહરો પરિવારરે, ચતુર.
ભાગાં દુઃખ વિછોહનાં હો લાલ. ૯

અર્થઃ—એકઠું મળેલું ડુંબનું ટોળું ચાલ્યું ચાલ્યું દરબારમાં જઇ પહોંચ્યું અને ઘૂમતું ઘૂમતું ગાયન કરવા લાગ્યું. તે ટોળાનાં સ્ત્રી પુરૂષો ને નાનાં સમજદાર બાળકો કે જેમને ગાયનવિદ્યાની તાલીમ મળેલી છે તે બધાંને સાથે મળી ટેક સાથે રાગના આલાપ કરી મનહર સ્વરથી ગાનવિનોદ કરતાં જોઇ રાજા ઘણોજ રાજી થયો. ( રાજાઓને ઘણે ભાગે તાળ સુર વગેરેની જાણ હોય છે એથી સારા ગાવાવાળાં–તાલની તાલીમવાળાં પાત્રોનું સુંદર સંગીત જોઇ પ્રસન્નતાને પામે છે. મતલબ કે સમજદાર હોય તે જ રીઝે છે. આમ હોવાથી ) રાજા બોલ્યો–" શું માંગો છો તે મોઢેથી બોલી દો કે જેથી માગણી પૂર્ણ કરવામાં આવે. " રાજેંદ્રનો પ્રશ્ન સાંભળી ડુંબનાયક શેઠની સૂચના યાદીમાં લાવી બોલ્યો. " અમને અમારી મહત્તા વધે એવું દાન આપો, અમે મહત્તાનીજ વધારે વાંછા-ઇચ્છા રાખિયે

છીએ." એ સાંભળી રાજાએ માન–મહત્તા વધારવા શ્રીપાળકુંવરના હાથેથી તેને પાનબીડું દેવરાવવાની સૂચના આપી, એથી તે ડુંબનાયકને પાન–બીડું દેઇ માન વધારવા કુંવર તેની પાસે આવ્યો કે હસતા મુખવાળા કુંવરને જોઇ ડુંબનાયક હસતો હસતો હર્ષવંત બની ગળે વળગી પડી કહેવા લાગ્યો–" દીકરા ! વહાલા દીકરા ! તું અમને આજે ભલે ભેટયો ! " એટલામાં તો તે ડુંબનાયકની વહૂ આવીને રોતી રોતી ગળે બાઝી પડી, અને અંગોઅંગે ભેટવા લાગી. એટલામાં એક બહેન ઉત્કંઠા સહિત બનીને કુંવરને ભેટી પટી અને કહેવા લાગી–" હે વીરા ! હે બંધવ ! હું તહારે ભામણે જાઉં. " તેમજ એક કહેવા લાગી કે આ મારો ભત્રીજો છે, એક કહેવા લાગી આ મારો દેવર છે; એક કહે છે કે એ ધણી છે. મને નાની પરણીને મૂકી ગયો હતો તે આજ મારા પુણ્યોદયથી મને મલ્યો. જ્યાં એકનું બોલવું પૂરું થતું નથી ત્યાં તો બીજું પાત્ર આવી પોતાનો પાર્ટ ભજવવા તૈયાર થાય તેની પેઠે એક તુરત મામો બની અને એક ભાણેજ બનીને આવ્યો અને સ્નેહસહ કહેવા લાગ્યો–" આટલા દહાડા તમે કયાં છુપાઈ રહ્યા હતા ? " એટલામાં તો એક કાકી થઇને, એક ફૂઇ થઇને ભેટી પડી અને ઘણું હેત દેખાડતી કહેવા લાગી–" તારી અમે તો વાટજ જોતાં હતાં કે ક્યારે મળે ! " વગેરે વગેરે વાતો મિલાવીને પૂરેપૂરૂં નાટક ભજવ્યું, ને તે પછી ડુંબકનાયક રાજાને કહેવા લાગ્યો–" મહારાજા સાહેબ આ અમારા કુળનો આધાર–પુત્ર છે. એ અમારાથી રીસાઇને ચાલી નીકળ્યો હતો તે આજે આપની કૃપાથી ભેગો થયો છે અને આ સર્વે પરિવાર મારો છે. તે બધાનું આના મેલાપથી વિયોગજન્ય દુ:ખ ભાગ્યું. ( અમે બધા અમારો કિસબ કેળવતા હતા. પણ આને જોતાં શંકાને સ્થાન મળવાથી એ હોય કે નહીં ? એવા તરંગો થયા કરતા હતા. તે તરંગ પાનબીડું આપવા આવવાને લીધે નજરોનજર મળતાં બધાં લક્ષણ નિશાન તપાસવાથી ખાત્રી થઇ જેથી ભેઠી વિયોગદુ:ખ મેટી દીધું અને આનંદ આનંદ થઈ ગયો. ) (૪–૯)

રાજા મન ચિંતે ઇસ્યુંરે, સુણી તેહની વાચરે, ચતુર.<br>
વાત ઘણી વિરૂઇ થઈ હોલાલ;<br>
એહ કુટુંબ સવિ એહનુંરે, દીસે પરતખ્ખ સાચરે, ચ.<br>
ધિગ મુજ વંશ વિટાળિયો હો લાલ. ૧૦

નિમિત્તિયો તેડાવિયોરે, મેં તુજ વચન વિશાસરે, ચ.<br>
પુત્રી દીધી એહને હો લાલ;<br>
કિમ માતંગ કહ્યો નહીંરે, તેં દીધો ગળે પાશરે, ચ.<br>
નિમિત્તિયો વળતું કહે હો લાલ. ૧૧

મુજ નિનિત્ત જુઠું નહીંરે, સુણજો સાચી વાતરે, ચ.
એ બહુ માતંગનો ધણી હો લાલ;
રાય અરથ સમજે નહીંરે, કોપ્યો ચિંતે ઘાતરે, ચ.
કુંઅર નિમિત્તયા ઊપરે હો લાલ. ૧૨

તે બેઉ જણને મારવારે, રાયેં કીધ વિચારરે, ચ.
સુભટ ઘણા તિહાં સજ કિયા હો લાલ;
મદનમંજરી તે સુણીરે, આવી તિહાં તે વારરે, ચ.
રાયને ઇણીપરેં વિનવે હો લાલ. ૧૩

કાજ વિચારી કીજિયેંરે, જિમ નવિ હોયેઉપહાસરે, ચ.
જગમાં જશ લહિયે ઘણો હો લાલ.
આધારેં કુળ જાણીએંરે, જોઇયે હિયેં વિમાસરે, ચ.
દુર્બળ કન્ના ન હોઇયેં હો લાલ. ૧૪

કુંઅરને નરપતિ કહેરે, પ્રગટ કહો તુમ્હ વંશરે, ચ.
જિમ સાંસો દૂર ટળે હો લાલ;
કહે કુંઅર કિમ ઉચ્ચરેરે, ઉત્તમ નિજ પરશંસરે, ચ.
કામેં કુળ ઓળખાવશું હો લાલ. ૧૫

સૈન્ય તમારૂં સજ કરોરે, મુજ કર ઘો તરવારરે, ચ.
તવ મુજ કુળ પરગટ થશે હો લાલ;
માથું મુંડાવ્યા પછીરે. પૂછે નક્ષત્રને વારરે, ચ.
એ ઉખાણો સાચવ્યો હો લાલ. ૧૬

અથવા પ્રવહણમાં અછેરે, દોય પરણી મુજ નારરે, ચ.
તેડી પૂછો તેહને હો લાલ;
તે કહેશે સવિ માહરોરે, મૂળથકી અધિકારરે, ચ.
ઇમિ પરેં કીજે પારખું હો લાલ. ૧૭

અર્થ:—ડૂંબનું ઉપર પ્રમાણે બોલવું સાંભળી રાજા મનમાં ચિંતવવા લાગ્યો: “વાત તો ઘણીજ માઠી થઇ! આ ડૂંબનું જે કુટુંબ છે તે ખચિત એનું જ (શ્રીપાળનુંજ) કુટુંબ છે એમાં કશો શક નથી; કેમકે પ્રત્યક્ષપણે સાચી વાત સાબીતીજ આપી રહી છે. ધિક્કાર છે એને કે મારો નિર્મળ વંશ વટલાવી દીધો!” એમ વિચાર કરી જે નિમિત્તશાસ્ત્રના જાણકાર જોશીના કહેવાથી કુંવર શ્રીપાળને

પોતાની કુંવરી પરણાવી હતી તે જોશીને તેડાવ્યો અને રાજા તેને કહેવા લાગ્યો–"મેં તમારા વચનના વિશ્વાસવડે આને મારી પુત્રી આપી, તમોએ પહેલાંથી મને એમ કેમ ન કહ્યું કે એ માતંગ એટલે ડુંબ–ચંડાળની જાતિનો માનવી છે! તેં ન કહ્યું એથી તેં જ મને ગળે ફાંસો દીધો છે; માટે તું પોતેજ ગુન્હાને જન્મ આપનાર છે." નિમિત્તિયાયે ઉત્તરમાં જણાવ્યું કે–"સાંભળો મારૂં ભવિષ્ય જૂઠું નથી, એ સાચી વાત છે, આ ઘણા માતંગ એટલે હાથિયોનો ધણી છે, નહીં કે માતંગ એટલે ચંડાળનો ધણી છે." જો કે ભવિષ્યવેત્તાએ આમ સ્પષ્ટ અર્થ કર્યો તો પણ રાજા તેનો અર્થ ન સમજતો હોવાથી કોપવંત થયો અને કુંવર તથા જોશી ઉપર કોપ સાથે ઘાત કરવાની ચિંતવના કરવા લાગ્યો, એટલુંજ નહીં પણ તે બન્નેને ઠાર મારવા ઘણા સુભટોને તૈયાર કરાવ્યા. આ વાત જ્યારે મદનમંજરીએ સાંભળી ત્યારે તે વખતે તે ત્યાં આવી રાજાને આ પ્રમાણે વીનવવા લાગી–"પિતાજી! જે કામ કરિએ તે વિચારીને કરિએ તો તેથી હાંસીને પાત્ર ન થવાય, અને જગતમાં ઘણો યશ પ્રાપ્ત થાય. વિચારી જુઓ કે–કુળ તો આચારથીજ ઓળખાઈ આવે છે, તે છતાં પણ[1] આવી વાતો સાંભળી દુર્બળ કાનના કાચા થવું એ યોગ્ય નથી, માટે ઉંડી તપાસ કરી કામ કરો કે જેથી પાછળથી પસ્તાવું ન પડે." ઇત્યાદિ કહી દાખલા દલીલવડે રાજાના મનમાં પોતાના કથનની હીલચાલ કરી. એથી રાજાએ કુંવરને પૂછ્યું કે–"તમારો વંશ જાહેર કરો કે જેથી સંશય દૂર થાય." કુંવરે આનંદિત ચહેરે કહ્યું–"જે ઉત્તમ જન હોય તે પોતાની ઉત્તમ પ્રશંસા પોતાના મુખેથી કેમ કહી શકે? માટે કામ મારફત હું કુળ ઓળખાવીશ. આપ આપનું સઘળું લશ્કર તૈયાર કરાવી, મારા હાથમાં ફક્ત એક તરવાર આપો એટલે હું ક્ષત્રી છું કે આ કુટુંબનો સગો છું એ તરત જણાતાં મારૂં કુળ પ્રકટ થઈ જશે. કેમકે ક્ષત્રીની ખરી પરીક્ષા લડાઈના મેદાનમાં તરવારની તાળી પડવા વખતે થાય છે. માથું મુંડાવ્યા પછી નક્ષત્રને વાર પૂછે તેવો ઉખાણો (કહેવત) આપે સાચો કરી બતાવ્યો. (મતલબમાં દીકરી દીધી, રમ્યા જમ્યા ને હવે તમો શી જ્ઞાતિના છો એવું પૂછો છો એ શું ડહાપણભર્યો સવાલ છે? એ પહેલાં તપાસ કરવાની જરૂર હતી. (એમ છતાં પણ તરત ખાત્રી કરવા માંગતા હો તો આજે બંદરમાં નાંગરાએલાં વહાણોની અંદર મારી પરણેલી બે સુંદરીઓ છે; તેને તેડાવીને પૂછો કે જેથી બધોએ વૃત્તાંત તે વિસ્તારપૂર્વક આદિથી અંતસુધી કહી બતાવશે, જેથી પરીક્ષા ઠીક થશે. (૧૧–૧૭)

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે–કોઇની વાતથી ભરમાઇ ન જતાં મજબૂત મનના થઇ બારીક તપાસ કરી કામ કરવું, તથા ક્ષત્રોની પરીક્ષા સંગ્રામમાં થાય છે, અને પાણી પી ઘર પૂછવાથી હાંસીપાત્ર થવાય છે; માટે તેવાં કામો વખતે ખબરદારી રાખવી.

તેહને તેડાવા મોકલ્યોરે, રાયેં નિજ પરધાનરે, ચ.
તે જઇને તિહાં વિનવે હો લાલ;
તવ મયણા મન હરખીયાંરે, પામી આદરમાનરે, ચ.
સહિ કંતે તેડાવિયાં હો લાલ. ૧૮

બેસી રયણ સુખાસનેરે, આવ્યાં રાય હજુરરે, ચ.
ભૂપતિ મન હરખિત થયું હો લાલ;
નયણે નાહ નિહાળતાંરે, પ્રગટયો પ્રેમ અંકુરરે, ચ.
સાચ જૂઠ નસાડિયું હો લાલ. ૧૯

વિદ્યાધરપુત્ર કહેરે, સઘળો તસ વિરતંતરે, ચતુરનર.
વિદ્યાધરમુનિવર કહ્યો હો લાલ;
પાપી શેઠેં નાખિયોરે, સાયરમાં અમ કંતરે, ચતુરનર.
વખતેં આજ અમે લહ્યો હો લાલ. ૨૦

તે સુણતાં જવ ઓળખ્યોરે, તવ હરખ્યો મન રાયરે, ચ.
પુત્ર સગી ભગિની તણો હો લાલ;
અવિચાર્યું કીધું હતુંરે, પણ આવ્યું સવિ ઠાયરે, ચ.
ભોજનમાંહે ઘી ઢળ્યું હો લાલ. ૨૧

નરપતિ પૂછે ડૂંબનેરે, કહો એ કિસ્યો વિચારરે, ચ.
તવ તે બોલે કંપતા હો લાલ;
શેઠે અમ્હ વિગોઇયારે, લોભે થયા ખુવારરે, ચ.
કૂડું કપટ અમે કેળવ્યું હો લાલ. ૨૨

તવ રાજા રીસે ચઢયોરે, બાંધી અણાવ્યો શેઠરે, ચ.
ડૂંબ સહિત હણવા ધર્યાં હો લાલ;
તવ કુંઅર આડો વલ્યોરે, છોડાવ્યો તે શેઠરે, ચ.
ઉત્તમ નર એમ જાણિયે હો લાલ. ૨૩

નિમિત્તયો તવ બોલિયો રે, સાચું મુજ નિમિત્તરે, ચ.
એ બહુ માતંગનો ધણી હો લાલ;
માતંગ કહિયે હાથિયારે, તેહનો પ્રભુ વડ ચિત્તરે, ચ.
એ રાજેસર રાજિયો હો લાલ. ૨૪

અર્થઃ--આ પ્રમાણે કુંવરનું બોલવું સાંભળીને રાજાએ તે બેઉ સુંદરીઓને બોલાવા તરત પોતાના પ્રધાનને બંદરપર મોકલ્યો. એટલે તે બંદરપરના વહાણમાં પહોંચી સુંદરીઓ પ્રત્યે વિનવવા લાગ્યો કે-" આપના સ્વામીનાથ અહીં છે અને આ પ્રમાણે વાત બની છે માટે આપને બોલાવા આવ્યો છું." વગેરે વગેરે કહ્યું. સ્ત્રીઓ આદરમાન પામી એથી તેઓનાં મન હર્ષવંત થયાં અને વિચારવા લાગી કે-" દેવીવચન પ્રમાણે મહીનાની મુદ્દત પૂરી થવાને લીધે નકકી સ્વામીનાથે તેડાવ્યાં છે, માટે જવુંજ જોઇએ." એમ વિચારી રત્નસુખાસનમાં બેસી રવાના થઈ હજુરમાં આવી પહોંચી. એ જોઈ રાજાનું મન હર્ષવંત બન્યું. તેમજ સુંદરીઓને પણ પોતાના નાથને નજરે નિહાળતાં પ્રેમઅંકુર પ્રગટ થયો. આ બનાવથી સાચે જૂઠને નસાડો દીધું. તે પછી રાજાના પૂછવાથી વિદ્યાધરપુત્રી મદનમંજુષાએ જે વિદ્યાચારણ મુનિના મુખેથી સાંભળ્યો હતો તે બધો વૃતાંત કહી બતાવી વિશેષમાં કહ્યું કે-" પાપી ધવળશેઠે અમારા નાથને દરિયામાં દગો દઈ નાખી દીધા હતા, પણ સારા ભાગ્યોદયના લીધે એક મહીને આજે પ્રાપ્ત થયા છે. " જ્યારે આ પ્રમાણે બધ હકીકતથી રાજા વાકેફ થયો ત્યારે તો એ કુંવર સગી બહેનનો દીકરો (ભાણેજ) જ નીકળ્યો એટલે રાજા મનમાં બહુજ રાજી થયો. આ મુજબ ઓળખાણ પડવાથી રાજા વિચારમાં પડયો કે-મેં અવિચાર્યું-વગર વિચાર્યું [૧]કામ કરવા માંડયું હતું; પણ દૈવની અનુકૂળતાથી તે બધું ઠેકાણે આવ્યું. ઘી ઢળ્યું પણ ભોજન (ખીચડી) માંજ ઢળ્યું." વગેરે વિચારી ડુંબ પ્રત્યે રાજાએ પૂછયું-"તમે તમારો સગો બતાવો છો, એ સંબંધમાં સત્ય બાબત શી છે, તે જલદી કહો. શા મતલબને લીધે આ પ્રપંચરચના કરવી પડી ?" આ પ્રમાણે રાજાએ પૂછયું એટલે ડુંબો થરથરતા બોલ્યા કે-"અન્નદાતાજી ! ધવળશેઠે અમને વગોવરાવ્યા છે અને અમે લાખ સોનામહોર મળવાના લોભને લીધે ખુવાર થયા છીએ. પ્રભો ! અમોએ જૂઠું જ કપટ કેળવ્યું છે, માટે દીન જાણી દયા કરો !" એવું ડુંબનું બોલવું સાંભળી રાજાએ ક્રોધવંત બની ધવળશેઠને મુશ્કેટાટ કરાવી પોતાની હજુર મંગાવ્યો અને તે પછી તે શેઠ અને તે ડુંબના ટોળાને ઠાર મારવાનો નિશ્ચય કરી રાજા બોલ્યો કે-"શેઠ અને ડુંબ બેઉ

૧ આ સંબંધ એજ શિખવાડે છે કે-જે કામ કરવું તે એકદમ સાહસપણે ન કરતાં દીર્ઘ વિચારથી કરવું જેથી પાછળથી પસ્તાવું ન પડે. બીજું એ શિખવાડે છે કે માણસમાત્રનાં લોભથી લક્ષણ જાય છે માટે લોભને તાબે ન થતાં સુલક્ષણને શોભાવવાં. ત્રીજું એ શિખવાડે છે કે દુષ્ટજનોના દોષો તરફ નજર ન કરતાં ઉત્તમ જનો હમેશ રહેમ નજરજ રાખે છે. તથાપિ દુષ્ટો પોતાની ટેવ તજતા નથી.

દેહાંત દંડને યોગ્યજ છે માટે તેમને ગરદન મારો." એમ હુકમ ફરમાવી તે બેઉને મારાઓને સ્વાધીન કર્યા, એટલે મોટા મનના કુંવરે આડા ફરી તે બેઉને મોતની સજાથી બચાવ્યા. કવિ કહે છે કે—"ઉત્તમ નર આ પ્રમાણેની કરણીથી જાણી–ઓળખી શકાય છે. મતલબ કે જે અવગુણ ઉપર ગુણ કરે તેજ ઉત્તમ જન ગણાય છે." જ્યારે આ પ્રમાણે ચોખવટ થઇ ત્યારે ભવિષ્ય ભાખનાર જોશી બોલ્યો–"મહારાજ! કેમ મારૂં નિમિત્ત-શાસ્ત્ર કિંવા ભવિષ્યવાણી હવે સત્ય છે કે નહીં? મેં કહ્યું હતું કે આ બહુ માતંગનો ધણી છે. માતંગ એટલે હાથી, તેઓનો જે પ્રભુ તે બહુ માતંગનો ધણી કહેવાય છે, માટે જ આ બહુ માતંગનો પ્રભુ, ઉદાર ચિત્તવંત અને રાજાઓનો પણ રાજા છે,"

નિમિત્તિયાને નૃપ દીયેરે, દાન અને બહુ માનરે, ચ.
વિદ્યાનિધિ જગમાં વડો હો લાલ;
કુંઅર નિજ ઘર આવિયારે, કરતા નવપદ ધ્યાનરે, ચ.
મયણાં ત્રણે એકઠી મિળી હો લાલ. ૨૫

કુંઅર પૂરવની પરે રે, પાળે મનની પ્રીતરે, ચ.
પાસે રાખે શેઠને હો લાલ;
તે મનથી છંડે નહીં રે, દુર્જનની કુળ રીતરે, ચ.
જે જેહવો તે તેહવો હો લાલ. ૨૬

બેહૂ હાથ ભૂંઇ પડયારે. કાજ ન એકો સિદ્ધરે, ચ.
શેઠ ઇસ્યું મન ચિંતવે હો લાલ;
પી ન શકયો ઢોળી શકુંરે, એહવો નિશ્ચય કીધરે, ચ.
એહને નિજ હાથે હણું હો લાલ; ૨૭

કુંઅર પોઢયો છે જિહાંરે, સાતમી ભૂંઇએં આપરે, ચ
લેઇ કટારી તિહાં ચડયો હો લાલ,
પગ લપટયો હેઠે પડયોરે, આવી પહોતું પાપરે, ચ,
મરી નરક ગયો સાતમી હો લાલ. ૨૮

લોક પ્રભાતે તિહાં મિળ્યારે, બોલે ધિક ધિક વાણરે. ચ.
સ્વામીદ્રોહી એ થયો હો લાલ;
જેહ કુંઅરને ચિંતવ્યુંરે, આપ લહ્યું નિરવાણરે, ચ.
ઉગ્ર પાપ તુરતજ ફળે હો લાલ. ૨૯

મૃતકારજ તેહનાં કરેરે, કુંઅર મન ધરે સોગરે, ચ.
ગુણ તેહના સંભારતો હો લાલ;
સોવન ઘણું તપાવિયેરે, અગ્નિતણે સંયોગરે, ચ.
તોહી રંગ ન પાલટે હો લાલ. ૩૦

માલ પાંચસે વાહણનોરે, સવિ સંભાળી લીધરે, ચ.
લખમીનું લેખું નહી હો લાલ;
મિત્ર ત્રણ જે શેઠનારે, તે અધિકારી કીધરે, ચ.
ગુણનિધિ ઉત્તમ પદ લહે હો લાલ. ૩૧

ઇંદ્રતણાં સુખ ભોગવેરે, તિહાં કુંઅર શ્રીપાળરે, ચ.
મયણાં ત્રણે પરિવર્યો હો લાલ;
ત્રીજે ખંડે ઇમ કહીરે, વિનયે ચોથી ઢાળરે, ચ.
સિદ્ધચક્ર મહીમા ફળ્યો હો લાલ. ૩૨

અર્થ: ૧–આ પ્રમાણે ભવિષ્ય સાચું પડવાથી રાજા બહુ રાજી થયો એથી તેણે જોશીને બહુ દાન માન આપી વિદાય કર્યો. ( કવિ કહે છે કે- "હમેશાં જગતમાં તમામ ખજાનાઓ કરતાં વિદ્યારૂપી ખજાનો મોટો, અખૂટ, અમૂલ્ય અને અલભ્ય છે; કેમકે આખર વિદ્યાજ ખરી ઠરી. એથી સર્વે તે વિદ્યાની પ્રશંસા કરતાં કરતાં પોતપોતાને મુકામે ગયાં. )" કુંવર પણ નવપદજીનું ધ્યાન ધરતો ધરતો પોતાની હવેલીએ ગયો અને ત્રણે પત્નીઓ એકઠી મળી, તે સાથે આનંદ વિનોદ કરવા લાગ્યો. જો કે ધવળ-શેઠે બે વખત કાળું કર્મ કર્યું, છતાં પણ કુંવર તે વાત ધ્યાનમાં ન રાખતાં તેને પહેલાંની પેઠેજ પ્રીતિપૂર્વક પોતાની પાસે રાખી સ્નેહ જાળવતો હતો, પરંતુ આ રીત જોયા છતાં ધવળશેઠનું મન તો ધવળ થયું જ નહીં; કેમકે કુંવરે ઉત્તમતા ન છોડી તો ધવળ પોતાની નીચતા કેમ છોડે ? માટે દુર્જનના કુળની રીતિ ધવળે મનથીજ દૂર કરીજ નહીં. જે જેવો હોય તે તેવોજ રહેવા પરંપરાની રીતિ હોવાથી તે નિયમ પાળી ધવળશેઠ વિચારવા લાગ્યો–"મેં દરિયામાં નાખી તથા ડુંબનું કલંક આપી શ્રીપાળનું નિકંદન કરવા ઉપાય હાથ ધર્યા; પણ તે બન્ને બાબતમાં મારા બેઉ હાથ હેઠા પડયા, અને એકે કાર્ય સિદ્ધ થયું નહીં; માટે હવે તો એજ નિશ્ચય છે કે પી ન શકું તો ઢોળી તો શકીશજ ! એટલે કે મારે હાથ લક્ષ્મી ન

૧ ચાહે તેટલો પ્રયત્ન કરવામાં આવે તોપણ આખર સત્યજ તરી આવે છે; એની પ્રતીતિ આ પ્રબંધ બતાવી રહેલ છે,

આવી તેની ચિંતા નહીં, પણ એને ભોગવવા તો નહીં દઈશ. બસ મારા હાથેજ એને ઠાર મારી નાખું એટલે બધી પંચાત મટી જાય." એવા ચોક્કસ વિચારપર કાયમ થઇ હાથમાં પાણીદાર કટારી લઇ જ્યાં સાતમે મજલે કુંવર સુખશય્યામાં પોઢી રહેલ છે ત્યાં રાત્રિની વખતે ચંદનઘોને બાંધેલી રેશમની દોરી મારફત શેઠ ચડવા ગયો; પરંતુ પાપનો ઘડો ભરાઈ આવતાં ફુટવાની તૈયારીપર પહોંચવા શેઠનો પગ લપસ્યો, જેથી તે ભોંયપર પડયો અને પોતાની પાણીદાર કટારી પોતાનીજ સેવા કરનારી નીવડી–પેટમાં દાખલ થઈ પાપી શેઠને પાપના પ્રબળપણાને લીધે મરણને શરણુ કરી સાતમી નરકે પહોંચતો કરી દીધો. જ્યારે લોકોએ પ્રભાતે ઊઠી ધવળશેઠની બુરી ગતી થઇ જોઇ ત્યારે એકઠા થઈ એમજ બોલવું શરૂ રાખ્યું કે–"ધિઃકાર છે જીવતરને કે એ ૧ સ્વામીદ્રોહી થયો, તો જેવું કુંવરનું એણે ચિંતવ્યું તેવુંજ પોતાને મોત મળ્યું. ઉગ્ર પાપ તરતજ ફળે છે." વગેરે વગેરે વાણી વદી ફીટકાર આપ્યો; પરંતુ કુંવરે તો પાપી ધવળના મરણથી શોક ધારણ કરી તેનાં મૃતકારજ કર્યાં, અને તેના ગુણો સંભાર્યા કર્યા. કવિ કહે છે કે–સોનાને ચાહે તેટલું અગ્નિમાં તપાવિયે તો પણ તે ધૂમાડા વગેરેની કાળાસ અડવા છતાં પોતાનો અસલી રંગ જાળવીજ રાખે છે, નહીં કે તેવા સંયોગથી રંગ બદલી દે. (રીતિજ છે કે અગરને કે ચંદનને અગ્નિમાં નાખી બાળીએ; તોપણ તે સુગંધીજ આપ્યા કરે છે. ચંદનને કુહાડેથી કાપીયે, તો પણ કુહાડાનું મોઢું સુગંધીવંત કરે છે. શેરડીને કોલુમાં ઘાલી પીલી નાખિયે; તોપણ તે પીલનારને મીઠો રસ બક્ષે છે, અને સજ્જનને બહુ સંતાપ આપીએ; તોપણ દોષિતના દોષ તરફ નજર ન કર.) તે પછી પાંચસે વહાણોનો માલ માત્ર સંભાળી લીધો કે જેમાં ગણતાં પણ પાર ન આવે એટલી લેખાવિનાની લક્ષ્મી હતી, જેથી તેની વ્યવસ્થા કરવા સંબંધી ધવળશેઠના સુબુદ્ધિવંત જે ત્રણ મિત્ર હતા, તેમને અધિકારી કર્યા. ૨ (કવિ કહે છે કે–ગુણના ખજાનારૂપ જે મનુષ્યો હોય છે તે મનુષ્યો ગુણના પ્રતાપથી અવશ્ય ઉત્તમપદ–અધિકાર પ્રાપ્ત કરે જ છે.) આ પ્રમાણે વ્યવસ્થા કરી શ્રીપાળકુંવર ત્રણ સુંદરીઓથી પરવરેલો ત્યાં ઇંદ્રના સરખા સુખ ભોગવવા લાગ્યો. (વિનયવિજયજી કહે છે કે–ત્રીજા

---

૧ દ્રોહી મનવાળા દુષ્ટો ઉપકારીનોજ અંત આણવા મચ્યા રહે છે પણ તેનાં ફળ કેવાં છે, તેનો આ બનાવ આબેહુબ ચિતાર બતાવી રહેલ છે, માટે કદાપી ધર્મ–દેશ–જ્ઞાતિ–ગુરૂ આદિના દ્રોહી ન થતાં ભક્ત બની આનંદ ધરવો.

૨ બદી કરનાર તરફ નેકી કરનાર નર જ સર્વોત્તમ મનાય છે, એ વાત આ કૃતિ સ્પષ્ટ બતાવી આપે છે; માટે અપકારી તરફ ઉપકાર કરી તેને શરમાવવો એજ સર્વોતમ છે, (અપકારીને ઉપકારથીજ મારવો!)

ખંડની આ ચોથી ઢાળ ઉપરના સંબંધવાળી કહી તે એજ બતાવી રહેલ છે કે સિદ્ધચક્રજીનો મહિમા કેવો ફળદાયી છે, કે જેના દાખલામાં શ્રીપાળજીને કેવો ફળ્યો તે જુઓ અને તે જોઈ તમો પણ તેજ પ્રમાણે ફળ મેળવો.) (૨૫-૩૨)

કર્તા લ. જે.

એક દિન રયવાડી ચઢયો, રમવાને શ્રીપાળ;
સાથ બહુ ત્યાં ઉતર્યો, દીઠા ઋદ્ધિ વિશાળ. ૧
સાર્થવાહ લઇ ભેટણું, આવ્યો કુંઅર પાય;
તવ તેહને પૂછે ઇશ્યું, કુંઅર કરી સુપસાય. ૨
કવણ દેશથી આવિયા, કિહાં જાવા તુમ્હ ભાવ;
સાર્થવાહ તવ વિનવે, કરજોડી સદ્ભાવ. ૩
આવ્યા કાંતિનયરથી, કંબુ દીવ ઉદ્દેશ;
કુંવર કહે કોઇક કહો, અચરિજ દીઠ વિશેષ. ૪
તેહ કહે અચરિજ સુણો, નયર એક અભિરામ;
કોશ ઇહાથી ચારસો, કુંડળપુર તસ નામ. ૫
મકરકેતુ રાજા તિહાં કપુરતિલકાકંત;
દોય પુત્ર ઉપર હુઈ, સુતા તાસ ગુણવંત. ૬
નામે તે ગુણસુંદરી, રૂપે રંભ સમાન;
જગમા જસ ઊપમ નહીં, ચોસઠ કળાનિધાન. ૭
રાગ રાગિણી રૂપ સ્વર, તાલ તંત્ર વીતાન;
વીણા તસ બ્રહ્મા સુણે, થિર કરી આઠે કાન. ૮
શાસ્ત્ર સુભાષિત કાવ્ય રસ, વીણાનાદ વિનોદ;
ચતુર મળે જો ચતુરને, તો ઉપજે પરમોદ. ૯
ડહેરો ગાયતણે ગળે, ખટકે જેમ કુકટ્ઠું;
મૂરખ સરસી ગોઠડી, પગ પગ હિયડે હટ્ઠું. ૧૦
જો રૂઠો ગુણવંતને, તો દેજે દુખ પોઢિ;
દૈવ ન દેજે એક તું, સાથ ગમારાં ગોઢિ. ૧૧
રસિયાશું વાશો નહિં, તે રસિયા એક તાલ;
ઝુરીને ઝાંખર હુવે, જિમ વિછડા તરૂડાળ. ૧૨

ઉગતી યુગતિ જાણે નહિ, સુજે નહીં જસ સોજ;
ઇતિ ઉત જોઇ જંગલી, જાણે આવ્યું રોઝ. ૧૩

રોઝતણું મન રીઝવા, ન શકે કોઇ સુજાણ;
નદીમાંહિ નિશદિન વસે, પલળે નહીં પાષાણ. ૧૪

મરમ ન જાણે માંહિલો. ચિત્ત નહીં ઇકિ ઠોર;
જિહાં તિહાં માથું ઘાલતો, ફરે હરાયું ઢોર. ૧૫

વળી ચતુરશું બોલતાં, બોલી ઇક દો વાર;
તે સહેલી સંસારમાં, અવર એકજ અવતાર. ૧૬

રસિયાને રસિયા મિલે, કેળવતાં ગુણગોઠ;
હિયે ન માયે રીઝ રસ, કહેણી નાવે હોઠ. ૧૭

પરખ્યા પાખે પરણતાં, ભુચ્છ મળે ભરતાર;
જાય જમારો ઝૂરતાં, કિશ્યું કરે કિરતાર. ૧૮

તિણ કારણ તે કુંઅરી, કરે પ્રતિજ્ઞા સાર;
વીણાવાદે જીતશે, જે મુજ તે ભરતાર. ૧૯

અર્થઃ—એક દિવસ શ્રીપાળકુંવર રાજપાટિકા ફરવા ( હવા ખાવા-રમવા ) માટે ઉપવનની અંદર પરિવાર સહિત સવારી લઇ ગયો હતો. ત્યાં પુષ્કળ ઋદ્ધિવંત સથવારો ઊતરેલો કુંવરની નજરે પડયો. તેમજ સથવારાના આગેવાન સાર્થવાહ ( સાર્થપતિ ) ની નજર પણ ભાગ્યભાજન કુંવર તરફ પડી એટલે તેમને યુવરાજ જાણી તે સાર્થવાહ યોગ્ય ચીજોનું ભેટણું લઇ કુંવરની હજૂર આવ્યો, એટલે કૃપા સાથે કુંવરે આ પ્રમાણે પૂછયુંઃ—૧" સાર્થપતિ ! તમે કયા દેશથી આવેલા છો ? અને કઇ દિશાભણી હવે જવાનો વિચાર છે ? " એ સાંભળી સાર્થવાહે વિનવ્યું કે—"અમે બધા કાંતિનગરથી આવેલા છીએ અને અમારો કંબુદ્વીપ જવાનો વિચાર છે. " ફરી કુંવરે પૂછયું કે—" જ્યારે તમોએ લાંબો પંથ

૧ હંમેશાં રાજવંશીઓએ, અમલદારોએ અને ધનવંતોએ એજ રીતિ રાખવી જોઇએ કે કોઇપણ નવીન મનુષ્ય કિંવા વ્યાપારી નજરે પડે કે તરત પ્રેમભરી વાણીથી તેને કુશળ સમાચાર પૂછી આવવાજવાથી, દિશા અને કારણ તથા નવીન વાર્તાથી વાકેફ-ગાર થવું. કેમકે તેવી રીતિ રાખવાથી પોતાની પ્રવીણતા, પ્રેમાળતા, નૂતન અનુભવ અને શાહ ચોરાદિ સંબંધીના ઓળખ વગેરેની કસોટી થાય છે. તેમજ વિવિધ લાભો હાથ લાગે છે, માટે અવશ્ય તેવી નવીન મંડળી કે નવીન જનને જોઇ પૂછપરછની ટેવ રાખવી જેથી મહાનુભાવ થવાય છે, એમ આ સંબંધ બોધ આપે છે.

પસાર કર્યો છે ત્યારે કહો કે એ પંથની અંદર કંઈ વિશેષ નવાઇ પેદા કરનાર–કોઇ આશ્ચર્યકારી[૧] બનાવ જોયો છે" સાર્થવાહે કહ્યું :—"મહારાજ ! જે આશ્ચર્યકારી બનાવ બનાવ નજરોનજર જોયો છે તે સાંભળો. કુંડળપુર નામનું મનને હરણ કરે એવું એક શહેર છે, કે જે અહીંથી બરોબર ચારસો ગાઉ દૂર છે, તે શહેરનો મકરકેતુ રાજા છે, તેની કર્પૂરતિલકા નામની એક રાણી છે. તે રાણીના પેટથી બે પુત્ર તેમજ તે ઉપર એક ગુણવાન પુત્રી પેદા થયેલ છે; કે જેનું નામ ગુણસુંદરી (નામ પ્રમાણે સુંદર ગુણ ધરાવનારી) છે અને રૂપમાં સ્વર્ગમાં વસનારી રંભા સરખી છે. એટલુંજ નહીં પણ જગતભરમાં તેણીના રૂપગુણની બરોબરી બતાવવા ઉપમા આપીએ તેવો કોઇ પદાર્થ પણ સરજાયેલ નથી. એટલે કે ગુણસુંદરી સ્ત્રીની ચોસઠે કળાઓનો ખજાનો છે એથી તેમાં તે સુંદરી પૂર્ણ પ્રવીણતા ધરાવે છે, તેમ રાગ રાગિણીઓનાં સ્વરૂપ એટલે કે રાગ છ જાતના છે તે એ કે–ભૈરવ ૧, માલકોશ ૨, હીંડોલ ૩. શ્રીરાગ ૪, વસંત ૫, અને મલ્હાર ૬, એ છ રાગ છે. આ છ રાગની પાંચ પાંચ રાગિણીઓ છે. તે તે બધી મળી ૩૦ છે. એક એક રાગના આઠ આઠ પુત્ર તથા રાગ રાગિણીઓની ચાલોગતો વગેરે સર્વનું સંપૂર્ણ જ્ઞાન ગુણસુંદરીએ મેળવ્યું છે, તેમજ તે તે રાગોના સ્વરૂપમાં જ્ઞાન, ષડ્જ ૧, રિષભ ૨, ગાંધાર ૩, મધ્યમ ૪, પંચમ ૫, ધૈવત ૬, નિષાધ ૭; આ સાત સ્વર કે જે સા–રી–ગ–મ–પ–ધ–ની ભેદથી ઉપયોગમાં લેવાનો રિવાજ છે તે, તથા ધ્રૂઓ, આડો, પડુમનો, રૂપકો, જત્તિ, પડતાળો, એકતાળો, દ્વિતાલ, ત્રિતાલ, ચોતાલ વગેરે તાળભેદ અને તંતુવિતાન એટલે ચાર, પાંચ, છ, સાત, તાર–તાંતની વીણા હોય તેમાં તાર વધારવા કે ઘટાડવા (આકુંચન–પ્રસારણ) સંબંધીનું અને વીણા મેળવવા (સ્વર મેળવવા) નું જ્ઞાન પણ ગુણસુંદરીએ અનુપમ મેળવેલું છે; એટલુંજ નહીં પણ જ્યારે ગુણસુંદરી વીણા બજાવે છે ત્યારે વેદોચ્ચાર બંધ પાડી ચાર મુખવાળો બ્રહ્મા પણ આઠ કાનોને સ્થિર રાખી તેણીનો વીણાનાદ સાંભળવા આતુર બને છે–મતલબ કે એ એવી સુંદર રીતે વીણા બજાવનારી છે. આ સિવાય ધર્મ, વિજ્ઞાન, શબ્દ, આગમ, જ્યોતિષ, નિમિત્ત, વૈદક અને પુરાણ એ શાસ્ત્રો તથા ધર્મકથાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ ઇત્યાદિ અલંકૃત સમસ્ત શાસ્ત્ર, તેમજ સમયાનુસાર પ્રસ્તાવિક શ્લોકો બોલવા, તથા છંદભેદ–જાતિનું જાણવું અને કવિતા કરી જાણવી તેમાં નવરસ એટલે કે શૃંગાર, હાસ્ય, કરૂણા, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્ભુત અને શાંત એ નવ રસ છે; તેમાં પણ સ્થાઇ સાત્વિક

સંચારી રસ વગેરે છ ભેદ છે, તે રાગ અનુરાગ અનુરતિયુક્ત, અને વીણાનો વિનોદ એટલે કે વીણાની જાત આદિ અથવા સમસ્ત વાજાં સંબંધીનું સંપૂર્ણજ્ઞાન તે ગુણસુંદરીએ મેળવ્યું છે. વળી તે રાજકુમારી અત્યંતસુજ્ઞ–ડાહી છે, જેથી તેણી ચતુરને જો ચતુર ભરતાર મળે તોજ આનંદ પ્રાપ્ત થાય. પરંતુ ચતુરને મૂર્ખનો સંયોગ થાય તો, જેમ તોફાની ગાયના ગળામાં બાંધેલ અણઘડ લાકડું હીડતાં બેસતાં અથડાઈ દુઃખ દે છે, તેમ મૂર્ખ સાથે થયેલો સમાગમ, સહવાસ કે દોસ્તી પણ તેવું દુઃખ દે છે, કેમકે ડગલે ડગલે હઠવાદ કરવાને લીધે તે હૈયામાં સાલ્યા કરે છે એમ તે રાજકન્યાએ માની લીધું છે, તથા તે કહે છે કે–'હે દેવ! જો તું કદી ગુણવંત પર ગુસ્સે થઈ જાય તો તેનાપર દુઃખની પોઠયો ભરીભરીને દઈ દેજે, પરંતુ તેને ગમારની સાથે વાત કરવી કે દોસ્તી કરવી, એ અસહ્ય દુઃખ દઇશ નહીં. મતલબ કે અન્ય દુઃખો કરતાં મૂર્ખ સાથેનો સહવાસ ઘણોજ દુઃખદાયી હોય છે, કારણ કે જો રસિકજનને અરસિકજનનો સમાગમ થાય તો તે રસિકજન એક હાથે તાળી પાડવા જેવો નકામો થઇ રહે છે. બેઉ એકસરખા હોય તોજ તાલ જામે છે; પણ એક સમજદાર ને બીજો બેસમજદાર હોય તો, જેમ ઝાડથી ટૂટી જૂદી પડેલી ઝાડની ડાળી સૂકાઇ ઝાંખરું થઇ જાય, તેમ તે મૂર્ખના સમાગમથી ચતુર રસિક, રસજ્ઞના વિયોગને લીધે ઝુરીઝુરીને ઝાંખરા જેવો થઇ આખર નિર્જીવ બને છે. મતલબ એજ કે તે મૂર્ખ યુક્તિ કે ઉક્તિ કશું જાણતો ન હોવાથી, તથા જેને કશી કામ કરવાની ચતુરતા સંબંધી શોધનાં સાજ–લક્ષણ પણ સૂજતાં ન હોય અને અને જે આમતેમ જંગલીની પેઠે જોયા કરતો હોય, તે જાણે જંગલમાં પકડી આણેલું રોઝ હોયની? તેવો ગમ વગરનો ગમાર હોય છે તો તેવા ગમારનું ને રોઝનું મન જગતભરમાં કોઈપણ ચતુરજન રીઝવી શકનાર છેજ નહીં; કેમકે ચતુરજનોની કારીગરી; જે પોતાની વાત સાંભળે–મર્મ સમજે–ધ્યાન આપે તેનાપર ચાલી શકે છે અને તેવા ઉપરજ તેઓ વચનની અસર કરી શકે; પણ જે ઉંહું કરે કે આડું જોઈ બોલ્યાભણી ધ્યાનજ ન આપે તો પછી વચનની અસર શી રીતે કરી શકે? જુઓ કે–મગશેલીઓ પથરો રાત ને દહાડો નદીના જળપ્રવાહમાં પડયો રહે છે, તોપણ તે જરા પલળતો નથી, તે જ રીતે રાતદિન ચતુરના સહવાસમાં રહ્યાં છતાં મૂર્ખપણ મૂર્ખનો મૂર્ખ જ રહે છે, કારણ કે તે સહવાસમાં રહેવા છતાં કહેલી કોઇ પણ વાતનો મર્મ સમજી શકતો નથી, કેમકે તેનું ચિત્ત એક ઠેકાણે હોતું નથી, પણ સેંકડો બાબતમાં ભટકતું હોય છે, એટલે પછી તે હરાયા ઢોરની પેઠે માથું મારી ફરનાર મૂર્ખનું મન કયાંથી મુકામપર હોય, કે તે

વાતની અંદરનું રહસ્ય સમજી શકે? અને જ્યારે ન સમજી શકે ત્યારે તેની અસર કે તેનો આનંદ શી રીતે પ્રાપ્ત થઈ શકે? અને પ્રાપ્ત ન થઇ શકે ત્યારે જેવો ને તેવોજ રહે એમાં નવાઈ પણ શી? આમ હોવાથી હે મહારાજ! તે રાજકુમારી પોતાની સાહેલીઓ પ્રત્યે કહ્યા કરે છે કે–'હે સખીઓ! જે ચતુરની સાથે વાત કરવા વખતે એક બે વાર બોલ્યા છતાં પણ વળી બોલવાનું મન થાય તેવા ચતુરનો સહવાસ થાય તો તે સંસાર લેખે છે, નહીં તો એ વિનાના મૂર્ખનો સમાગમ થાય તો બેશક અવતાર અલેખે—નકામોજ થઈ પડે; કેમકે રસિકજનને રસિકજનનો મિલાપ થાય અને તે સાથે ગુણગોષ્ઠિરૂપ વાર્તાલાપ કરતાં જે આનંદરસ પ્રાપ્ત થાય છે, તે આનંદરસ હૈયામાં પણ સમાઈ શકતો નથી, તેમ તે રસની કહેણી પણ હોઠપર આવી શકતી નથી; એટલે કે ઉભરાઇ જાય એટલો આનંદ રસ છતાં કહીને સમજાવી શકાતો નથી કેમકે અનહદ આનંદ હોય છે, તો તે હદ વગરના આનંદનું શી રીતે ખરેખરૂં બયાન કરી શકાય? માટે જ જો પરીક્ષા કર્યા વિના પરણવામાં આવે ને કદી ખરાબ ભરતાર મળે, તો આખો જન્મારો ઝૂરતાં જાય, તેમાં પછી કીરતાર પણ શું કરે? (જાણી-બૂઝીને દીવો લઈ કુવામાં પડિયે ને પછી દૈવને દોષ દઇયે તે શા કામનું)[1] આવું ગુણસુંદરીનું માનવું હોવાથી આ કારણને લીધે તેણીએ પ્રતિજ્ઞા કરી છે કે–'જે નર મને વીણાના વાદમાં જીતશે, તે નર જ મારો ભરતાર થશે.' (આમ હોવાથી તે શહેરની શી હાલત થઈ છે તે હવે કહું છું તે કૃપા કરી સાંભળો.) (૧-૧૯)

—o—

(ઢાળ પાંચમી–થાહરા મોહોલાં ઊપર મેહ ઝરૂખે વીજળી—એ દેશી.)

તેહ પ્રતિજ્ઞા વાત નયરમાં ઘરે ઘરે હો લાલ, નયર.,
પસરી લોક અનેક બનાવે પરેં પરેંહો લાલ, બનાવે.;
રાજકુમાર અસંખ્ય તે શીખણ સજ્જ થયા હો લાલ, શી.,
લઈ વીણા સાજતે ગુરૂપાસેં ગયા હો લાલ. ગુરૂ પા. ૧

૧ આ સંબંધ એજ બોધ બતાવે છે કે–ચતુર જનનો સહવાસ, ચતુરની દોસ્તી, ચતુરનો સમાગમ; એજ મહાન આનંદનું ધામ છે, એથી વિપરીત–મૂર્ખના સહવાસથી દુ:ખનું ધામ પ્રાપ્ત થાય છે, તથા જેવાને તેવાનોજ સમાગમ થાય તોજ આનંદ મળે છે, અને તેની પરીક્ષા કરી પરણવાથી જન્મારો આનંદમય પૂર્ણ થાય છે, માટે સ્નેહનો નાતો બાંધતાં પહેલાં ઘણોજ વિચાર–તપાસ કરી પૂર્ણ પ્રેમપાત્ર જણાય તોજ તેની સાથે સંબંધ જોડવો, નહીં તો જીંદગી રદ થઇ જાય છે. હાલમાં દોસ્તો કે ધણી ધણીઆણીની કડવી ફરિયાદો કાને પડે છે તે માત્ર પાત્ર પારખ્યા વગર સંબંધ જોડવાથીજ પડે છે, જેથી જરૂરનું છે કે મન મળ્યા પછી તન મેળવવાની તાલાવેલી રાખવી.

ત્રણ ગ્રામ સુર સાત કે એકવીશ મચ્છૅના હો લાલ, કે.,
તાન ઓગણ પચ્ચાશ ઘણી વિધ ઘોળનાં હો લાલ, ઘ.;
વિદ્યાચારજ એક સધાવે શીખવે હો લાલ, સધાવે.,
કરે અભ્યાસ જુવાન તે ઊજમ નવનવે હો લાલ. તે. ૨

શાસ્ત્ર સંગીત વિચક્ષણ દેશ વિદેશના હો લાલ કે, દે.,
કરે સભા માંહે વાદ તે નાદ વિશેષના હો લાલ, તે.;
માસ માસપ્રતિ હોય તિહાં ગુણ પારિખાં હો લાલ, તિ.,
સુણતાં કુમરી વીણુસવે પશુસારિખાં હો લાલ. સ. ૩

ચહુટામાંહે વીણ વજાવે વાણિયા હો લાલ, વજાવે.,
ન કરે કોઈ વ્યાપાર તે હોંસી પ્રાણિયા હો લાલ, તે.;
ઇણીપરે વરણ અઢાર ઘરોઘર આંગણે હો લાલ, ઘ.,
સઘળે મેડી માળે વીણા રણઝણે હો લાલ કે. વી. ૪

ગાયો ચારે ગોવાળ તે વીણ વજાવતા હો લાલ, તે.,
રાજકુંઅરી વિવાહ મનોરથ ભાવતા હો લાલ, મનો.;
શૂના મૂકી ક્ષેત્ર મિલે બહુ કરસણી હો લાલ, મિલે.,
શીખે વીણ બજવણ હોંસ હિયે ઘણી હો લાલ કે. હોંસ. ૫

તેહ નયરમાંહિ એહવું કૌતુક થઈ રહ્યું હો લાલ, કૌતુક.,
દીઠ બણે તે વાત ન જાયે પણ કહ્યું હો લાલ, ન જાયે;
સુણી કુંઅર તે વાત હિયે રીંઝયો ઘણું હો લાલ હિયે.,
સારથવાહને સાર દીએ વધામનું હો લાલ. દીએ. ૬

**અર્થ**:—આ પ્રમાણે કરેલી કુંવરીની પ્રતિજ્ઞા સંબંધી વાત કુંડળપુરની અંદર ઘરોઘર પ્રસરી-ફેલાઇ ગઇ ( કે ગમે તે નાતજાતનો હોય પણ જો તે વીણાવાદમાં કુંવરીને જીતે તો તે તે નરનેજ પરણશે. ) જેથી લોકો તરેહ તરેહવાર રીતે વીણાખ્યાલનાં ચણતર બનાવવા લાગ્યા ને પાર વગરના રાજકુમારો પણ ત્યાં આવી વીણાવાદ્યનો અભ્યાસ કરવા તત્પર થઇ વીણા સંબંધી સાધનો લઇ ગુરૂની પાસે ગયા છે. ત્યાં એક વીણા સંબંધી વિદ્યાની તાલીમ આપનાર વિદ્યાચાર્ય છે તે તેઓએ વીણાવિદ્યા સધાવે છે ને શીખવે છે કે-વીણામાં આદિ, મધ્ય ને અંત એમ ત્રણ ગ્રામ છે. સા—રી-ગ-મ-પ-ધ-ની એ સાત સ્વર છે, એકવીશ ( પીતળની તરઓરૂપ ) મૂર્ચ્છનાઓ છે અને તાન ઓગણપચાશ છે, તથા

મીડમુરકી–મૂર્જરી વગેરેની ખૂબી વગેરે તો પાર વગરની છે. આમ કેળવણી આપવાથી યુવાન પુરૂષો નવીન નવીન ઉમંગસહ અભ્યાસ કર્યા કરે છે. આવી રીતે સંગીત ( ગાવા બજાવવા સંબંધી ) શાસ્ત્રના જાણકાર દેશી પરદેશી ડાહ્યા પુરૂષો ત્યાં આવીને વીણાના નાદ સંબંધી સભામાં વાદ કર્યા કરે છે. એટલે કે દરમહિને વીણા શીખેલાઓની પરીક્ષા લેવામાં આવે છે, પણ જ્યારે કુંવરીના હાથની વીણા સાંભળવામાં આવે છે ત્યારે તે બધા વીણા બજાવનારા તદ્દન ઢોર જેવાજ જણાઇ આવે છે. રાજકુંવરોજ વીણા શીખવા મચ્યા છે એમ નથી, પરંતુ [1]વાણીયા પણ બજારમાં વીણાજ બજાવે છે; કેમકે રાજકુંવરીને પરણવાની હોંશને લીધે તમામ વ્યાપાર બંધ કરી વીણાના વ્યાપારમાં લીન રહ્યા છે. આમ હોવાથી અઢારે વર્ણના ઘરઘરને આંગણે ને મેડી–માળમાં વીણાજ રણઝણ્યા કરે છે. શું શહેરમાંજ આમ થઇ રહ્યું છે ? ના, વગડાની અંદર ગાયોને ચરાવતા ગોવાળિયાઓ પણ રાજકુંવરીના વિવાહ કરવાના મનોરથની ભાવના ભાવતા વીણા બજાવી રહેલ છે, અને ખેડૂતો પણ પાકેલા ઉભાં ક્ષેત્રો છોડી અપાર હોંશને લીધે એકઠા થઇ વીણા વગાડતાં શીખી રહેલ છે. એથી એ શહેરમાં જે કૌતુક થઈ રહ્યું છે, તે કૌતુકનો ખરો ખ્યાલ નજરોનજર જોવાથીજ થાય તેમ છે, પણ કંઇ કહેવાથી પાર અને આનંદની સીમા આવે તેમ નથી.” આ પ્રમાણે સાર્થવાહે કહી બતાવેલી વાત સાંભળી કુંવર મનમાં ઘણોજ રાજી થયો અને સાર્થવાહને ઉત્તમ વધામણી સંબંધી નિવાજસ કરી તરત પાછો વળ્યો. ( ૧–૬ )

**આવ્યો નિજ આવાસ કુંઅર મનચિંતવે હો લાલ, કુંવર.,**
**નયર રહ્યું તે દૂર તો કિમ જાસ્યાં હવે હો લાલ, તો કિ.;**
**દેત વિધાતા પાંખતો માણુસ રૂઅડાં હો લાલ, તો મા.,**
**ફરિફરિ કૌતુક જોત જૂવે જિમ સૂઅડાં હો લાલ. જૂ. ૭**
**સિદ્ધચક્ર મુજ એહ મનોરથ પૂરવે હો લાલ, મનોરથ.,**
**એહિજ મુઝ આધાર વિઘન સવિ ચૂરશે હો લાલ, વિઘન.;**
**થિર કરી મન વચ કાય રહ્યો ઇક ધ્યાનશું હો લાલ, રહ્યો .,**
**તન્મય તત્પર ચિત્ત થયું તસ ગ્યાનશું હો લાલ. થયું. ૮**

૧ આ સંબંધ એજ બતાવી આપે છે કે સુજ્ઞ અને મૂર્ખ એ બધાને પરણવાની વાત બહુજ ગમે છે, કેમકે આ જીવ ભવોભવથી કામદેવની લીલા સાથે સંબંધ ધરાવે છે, જેથી તેના સહવાસનો રંગ તુરત લાગી જાય છે; પણ તેવો ભજન સ્મરણમાં રંગ લાગતો નથી; માટેજ હરામ કામોમાંથી દિલને દૂર કરી જેમ બને તેમ ભવવિપત્તિ હરનારા પ્રભુના ધ્યાનમાં ચિત્તને જોડવું જેથી ઇચ્છિત સુખની પ્રાપ્તિ થાય.

તતખિણ સોહમવાસિ દેવ તે આવિયો હો લાલ, દેવ.,
વિમળેસર મણિહાર મનોહર લાવિયો હો લાલ, મનો.;
થઇ ઘણો સુપ્રસન્ન કુંઅર કંઠે ઠવે હો લાલ, કુંઅર.,
તેહ તણો કર જોડી મહીમા વરણવે હો લાલ, મહીમા. ૯

જેહવું વંછે રૂપ તે થાયે તતખિણેં હો લાલ, તે થાયે.,
તતખિણ વાંછિત ઠામ જાયે ગયણાં ગણે હો લાલ, જાયે.;
આવે વિણુ અભ્યાસ કળા જે મન ધરે હો લાલ, કળા.,
વિષના વિષમ વિકાર તે સઘળા સંહરે હો લાલ. તે. ૧૦

સિદ્ધચક્રનો સેવક હું છું દેવતા હો લાલ, કે હું છું.,
કેઇ ઉદ્ધરિયા ધીર મેં એહને સેવતા હો લાલ, કે એહને.;
સિદ્ધચક્રની ભક્તિ ઘણી મન ધારજો હો લાલ, ઘણી.,
મુજને કોઇક કામ પડે સંભારજો હો લાલ. પડયે. ૧૧

**અર્થ :**–પોતાની હવેલીમાં આવી કુંવર વિચારવા લાગ્યો કે–"કુંડળપુર તો ઘણું છેટે રહેલ છે તો ત્યાં શી રીતે ( પેદલપણે કિંવા ઘોડેસવાર થયા છતાં પણ શી રીતે ) પહોંચાય ? અહા ! જો દૈવે મનુષ્યને પાંખો આપી હોત તો માણસ સારા સુખસાધનવંત ગણાત; કેમકે તે પોપટ વગેરે પંખીઓની પેઠે દેશવિદેશમાં ફરીફરીને કૌતુક દેખત. હશે, પણ મારો આ મનોરથ તો સિદ્ધચક્રજી મહારાજ પૂર્ણ કરશે અને એજ મને આધારરૂપ હોવાથી મારાં સર્વ વિઘ્નો ચૂરી નાખશેજ." ઇત્યાદિ વિચારી તન, મન, વચનને સ્થિર કરી એક સિદ્ધચક્રજીનાજ ધ્યાનમાં લીન રહ્યો, એટલુંજ નહીં, પણ તે ધ્યાનમાં તદાકાર થઇ જવા પોતાના ઉત્તમ જ્ઞાનદ્વારા પોતાનું ચિત્ત તત્પર થયું. ૧ ધ્યાનની એકાગ્રતા થવાથી તે જ વખતે પહેલા દેવલોકનો રહેનાર વિમળેશ્વર યક્ષ મનોહર મણિયોનો હાર લઇ ત્યાં આવ્યો, અને બહુજ પ્રસન્ન થઇને તે હાર કુંવરના કંઠમાં પહેરાવી હાથ જોડીને ( તે હારનો ) મહિમા વર્ણવવા લાગ્યો–" આ હારના પ્રભાવવડે જેવું રૂપ કરવાની ચાહના હોય તેવું થાય છે, તથા જયાં જવાની

૧ આ વચન બોધ આપે છે કે ધ્યાનની એકાગ્રતા એજ નર નારી દેવ વગેરે સર્વને વશ કરનાર છે. હાથથી માળા અને મુખથી મંત્રનો ઉપયોગ થતો હોય; પણ ચિત્તની વૃત્તિ તો અનેક ચેટક ચાળાઓને ચકડોળે ચડી રહી હોય તો તેવા જાપ કે ધ્યાનથી દેવો સ્વાધીન શી રીતે થઇ શકે ? ધ્યાનની સુરતારૂપ દોરીથી ખેંચાણ થતાં સામાનું મન જાપક તરફ ખેંચવા પામે છે; માટે તદાકાર વૃત્તિથી ધ્યાન ધરવું કે જેથી ધારેલી ધારણા અવશ્ય પાર પડે છે; એમ મારો ખુદનો અનુભવ છે. ભા. ક.

ઇચ્છા હોય ત્યાં તરતજ આકાશમાર્ગે થઇને જવાય છે. વગર અભ્યાસ કર્યે જે કળા શીખવાનો ચિત્તમાં ઇરાદો થાય તે કળા તુરતજ પૂરેપૂરી રીતે વખણાય તેવી આવડી જાય છે અને સ્થાવર જંગમ વિષના વસમા વિકારો પણ આના ન્હવણજળથી તે જ ક્ષણે નાશ થાય[૧] છે. હે કુંવર! હું સિદ્ધચક્રજીનો સેવક દેવ છું અને મેં કેઇક સિદ્ધચક્રજીના ધીરજવાન ઉપાસકોને ચિંતા, દુઃખથી પાર કરેલ છે; માટે કહું છું કે તમો પણ એજ સિદ્ધચક્રજીની ભક્તિ વિશેષ પ્રકારની મનની અંદર ધારણ કરજો અને કાંઈ પણ કામ પડે તો તુરત મને યાદ કરજો, કે જેથી હાજર થઇ કે અદૃશ્ય રહી સકળ મનઃ કામના સિદ્ધ કરીશ." (૭–૧૧)

એમ કહીને દેવ તે નિજ થાનક ગયો હો લાલ, તે નિજ.,
કુંઅર પોઢયો સેજ નિચિંતો મન થયો હો લાલ, નિચિંતો.;
જાગ્યો જિસે પરભાત તિસે મન ચિંતવે હો લાલ, તિસે.,
કુંડળનયર મઝાર જઇ બેસું હવે હો લાલ. જઇ. ૧૨

નયણ ઉઘાડી જામ વિલોકે આગળેં હો લાલ, વિલોકે.,
દેખે ઊભો આપ નયરની ભાગળેં હો લાલ, નયર.;
દીઠા તિહાં દરવાણ તે વીણ વજાવતા હો લાલ, તે વીણ.,
રાજકુંઅરીના રૂપ કળા ગુણ ગાવતા હો લાલ. કળા. ૧૩

ચિત્ત માંહિ ચિંતી રૂપ કરે તિહાં કૂબડૂં હો લાલ, કરે.,
ઉભડ શીશ નિલાડ વદન જિશ્યું તુંબડૂં હો લાલ, વદન.;
ચુએ ચુંચી આંખ દાંત સવિ સોખળા હો લાલ, દાંત.,
વાંકા લાંબા હોઠ રહે તે મોકળા હો લાલ. રહે તે. ૧૪

ચિહું દિશિબેઠું નાક કાન જિમ ઠીંકરા હો લાલ, કાન.,
પૂઠ ઉંચી અતિ ખુંધ હિયે બહુ ટેકરા હો લાલ, હિયે.;
કોટ કેડ ઉર પેટ મિળિ ગયાં દ્વંકડા હો લાલ, મિળિ.,
ટૂંકી સાથળ જંઘ હાથ પગ ટૂંકડા હો લાલ. હાથ. ૧૫

ઠકઠક ઠવતો પાય નયર માંહિ નીકળ્યો હો લાલ, નયર.,
તેહ નીહાળી લોક ખલક જોવા મિળ્યો હો લાલ, ખલક;

૧ આ શબ્દ સ્પષ્ટપણે સૂચવી રહેલ છે કે—જે ધૈર્યવંત ઉપાસકો હોય છે તે જ ફતેહ પામે છે અને તેઓનેજ દેવો ઉત્તમ મદદ આપી સર્વાર્થ સિદ્ધિ બક્ષે છે.

જિહાં શિખે છે વીણ-કળા તિહાં આવિયો હો લાલ, કળા.,
આવ્યા રાજકુમાર મળિ બોલાવિયો હો લાલ. મળી. ૧૬
આવો આવો જુહાર પધારો વામણા હો લાલ, પધારો.,
દીસો સુંદર રૂપ ઘણું સોહામણા હો લાલ, ઘણું.;
કિહાંથી પધાર્યા રાજ કહો કુણ કારણે હો લાલ કહો. ?
કેહને દેશો મોહત જઈ ઘર બારણે હો લાલ. જઈ. ૧૭
કુબ્જ કહે અમે દુર થકી આવ્યા અહીં હો લાલ, થકી.,
હાંસું કરતાં વાત તુમે સાચી કહી હો લાલ તુમે.;
વીણા ગુરૂની પાસ અમે પણ સાધશું હો લાલ, અમે.,
કરશે જો જગદીશ તો તુમથી વાધશું હો લાલ. તો તુમ. ૧૮
વિદ્યાચારીજ પાસ જઈ ઇમ વીનવે હો લાલ, જઇ.,
વીણાનો અભ્યાસ કરાવો મુજ હવે હો લાલ, કરાવો.;
ખડગ અમૂલિક એક કર્યું તસ ભેટાણું હો લાલ, કર્યું.,
તવ હરખ્યા ગુરૂ મહોત દિયે તસ અતિ ઘણું હો લાલ. દિયે. ૧૯
વીણા એક અનુપમ દીધી તસ કરેં હે લાલ કે, દીધી.,
દેખાડે સ્વર નાદ ઠેકાણાં આદરે હો લાલ, ઠેકાણાં.;
ત્રટ ત્રટ તુટે તાંત ગમા જાએ ખસી હો લાલ, ગમા.,
તે દેખી વિપરીત સભા સઘલી હસી હો લાલ. સભા. ૨૦

**અર્થ**:—આ પ્રમાણે કહીને દેવ પોતાના સ્થાનકે ગયો. કુંવર સુખશય્યામાં નિશ્ચિંત મનવાળો થઇ સૂઈ ગયો. જ્યારે પ્રભાત થયું અને જાગ્યો ત્યારે કુંવરે આંખ મીંચી મનમાં ચિંતવ્યું કે 'હું કુંડળપુર શહેરની બહાર જઇને બેસું.' આ પ્રમાણે ચિંતવ્યું કે હારના પ્રભાવથી પલકવારમાં ચિંતવેલા શહેરની ભાગોળે જઇને ઉભો અને આંખ ઉઘાડી જોયું તો તે શહેરની બહાર ઉભેલોજ જણાયો. ત્યાંતો દરવાજાના પહેરેગિર-દરવાનો પણ વીણા વગાડતા અને રાજકુંવરીનાં રૂપ, કળા, ગુણનાં ગાયનો ગાતાં નજરે પડયાં, એટલે કુંવરે મનમાં ચિંતવ્યું કે-" સહુથી ન્યારૂં [૧] અને વિચિત્ર હસવા લાયક રૂપ રચ્યું હોય તો ઠીક તાલ જામે." એમ ધારીને "કૂબડાનું રૂપ થાઓ!" એવું દૃઢ વિચાર્યું કે દૈવી ચમત્કારથી એવું રૂપ

૧ નિયમજ છે કે નવીનમાં મોહ વધારે વધે! માટે આપણી તરફ તુરત દિલ આકર્ષાય તેવી રચના રચવી એમ આ સ્પષ્ટ બોધ આપે છે.

થયું કે–માથું અને કપાળ બેઉ ઉંચા દેખાવવાળાં, તબડા જેવું મોઢું, પાણી ઝરતી ચુંચી આંખો, સખળવખળ થયેલા દાંત, વાંકા તેમજ લાંબા અને એકબીજાને ન મળે એવા પહોળા હોઠ, ચોમેરથી ચપટું–બેસી ગયેલું નાક, માટલીના કાનાના ઠીંકરા જેવા કાન, ઉંચી અને ઘણી ખંધી પીઠ, બહુ ટેકરાવાળી છાતિ, ડોકું, કેડ, હૃદય, અને પેટ એ બધાં એક બીજાથી મળી જઈ ટુંકડા આવ્યાં હોય તેવાં, ટૂંકા કદની સાથળો અને પીંડીઓ, ટૂંકડા હાથ, પગ, અને ઠુમકતી ચાલ; એવા વામણારૂપ સહિત હળવે હળવે ચાલતો કૂબડો શહેરમાં દાખલ થયો કે તેને જોઇને લોકોનાં ટોળેટોળાં જોવા એકઠાં થવા લાગ્યાં, પણ વામન તો તે લોકોને પૂછતો અને આનંદ બક્ષતો જ્યાં વીણાની કળા શીખવનાર આચાર્ય રહેતો હતો ત્યાં જઈ પહોંચ્યો. એટલે તો ત્યાં વીણાની કળા શીખતા રાજકુમારો પણ નવાઇભર્યું રૂપ જોઇ સામે આવી હાસ્યવચનો બોલવા લાગ્યા–"આવો આવો પધારો વામણાજી! જુહાર છે–તમને નમસ્કાર છે! આપ તો સુંદર અને ઘણાજ સોહામણા (મનગમતા રૂપવાળા) દેખાઓ છો (!) રાજ! ક્યાંથી પધાર્યા છો? શા કામે પધારવું થયું છે? અને કોના ઘરને બારણે જઇ મોત (મરણમહત્વતા) આપશો?" આ પ્રમાણે વ્યાજ સ્તુતિ–નિંદાસ્તુતિ સાંભળી ગંભીર અને ગુણવંત વામન રૂપ કુંવરે જવાબ આપ્યો કે–"અમે દૂર દેશથી અહીં આવ્યા છીએ, અને તમોએ જે મશ્કરી કરતાં વાત કહી, તે પણ બધી સાચીજ કહી છે. ગુરૂમહારાજની પાસે અમે પણ વીણાની કળાનું સાધન કરીશું અને જગદીશ કૃપા કરશે તો તમો બધાઓથી વીણાની કળામાં આગળ વધી વિજયજ મેળવીશું." એટલું કહીને વામન વિદ્યાચાર્યની પાસે જઇ આ પ્રમાણે વિનવવા લાગ્યો, "કૃપાળુ! મને હવે વીણાનો અભ્યાસ કરાવો." એમ કહી તુરત મહા મૂલ્યવાળું એક ખડગનું ભેટણું કર્યું, એ જોઇને ગુરૂ પણ રાજી થયા અને વામનને ઘણું માન આપી તેમણે એક અનૂપમ વીણા તેના હાથમાં આપી સ્વરથી થતી રાગની ઉત્પત્તિનાં ઠેકાણાં (સારીગમ વગેરે) બતાવાનો આરંભ કર્યો. એટલે બીજા કુંવરોને હાસ્ય કરવાની મજા અને મૂર્ખતાનો ભાસ પ્રકટ થવાની જગા મળે તે માટે વામને તાંતો એટલી બધી તો ચડાવી ચડાવી દીધી કે ત્રટ ત્રટ કરી તે બધાં તૂટી ગઇ અને ગમા પડદા ખસી ગયા. એ જોઇને કુંવરોની મળેલી સભા વિપરીત બનાવને લીધે હસવા લાગી. જો કે આ પ્રમાણે થયું તોપણ ગુરૂએ, મેળવેલી ભેટ કીમતી હોવાથી, તે નુકશાન તરફ બેદરકારી બતાવી, બીજી સુંદર વીણા આપી, વામનને વીણા બજાવવાની કળા શીખવાડવા માંડી. (૧૨—૨૦)

હવે પરીક્ષા હેત સભા મ્હોટી મળી હો લાલ, સભા.,
ચતુરસંગીત વિચક્ષણ બેઠા મન રળી હો લાલ, કે બેઠા.;
આવી રાજકુમારી કળા ગુણ વરસતી હો લાલ, કળા.,
વીણા પુસ્તક હાથ છે પરખત સરસતી હો લાલ. જે પર. ૨૧

દરવાને દરબાર કુબજ જવ રોકિયો હો લાલ, કુબજ.,
દીધું ભુષણ રત્ન પછે નહીં ટોકિયો હો લાલ, પછે.;
આવ્યો કુંવરી પાસ ઇચ્છારૂપી વડો હો લાલ, ઇચ્છા.,
કુંવરી દેખે સુરૂપ બીજા સવિ કૂબડો હો લાલ. બીજા. ૨૨

સા ચિંતે મુજ એહ પ્રતિજ્ઞા પુરશે હો લાલ, પ્રતિજ્ઞા.,
સફળ જનમ તો માનશું દુર્જન ઝુરશે હો લાલ કે, દુર્જન.;
જો એહથી નવિ ભાંજશે મનનું આંતરૂં હો લાલ કે, મન.,
કરી પ્રતિજ્ઞા વયર વસાવ્યું તો ખરૂં હો લાલ. વસા. ૨૩

દાખે ગુરૂ આદેશે નિજ વીણાકળા હો લાલ કે, નિજ.
જામકુમાર કુમાર સમા મદ આકળા હો લાલ, સમા.;
તામ કુમારિ દેખાવે નિજગુણ ચાતુરી હો લાલ કે, નિજ.,
લોકે ભાખ્યું અંતર ગ્રામ ને સુરપુરી હો લાલ કે. ગ્રામ. ૨૪

કુંમરી કળાઆગે હુઇ કુંઅરતણી કળા હો લાલ, કે કુંઅર.,
ચંદ્રકળા રવિ આગે તે છાશ ને બાકળા હો લાલ, તે છાશ.;
લોક પ્રશંસા સાંભળી વામન આવીયો હો લાલ, વામ.,
કહે કુંડળપુરવાસી ભલો જન ભાવિયો હો લાલ. ભલો. ૨૫

કુંઅરી સંકીતેણ વીણા દિયે તસુ કરે હો લાલ, વીણા.,
કહે કુમાર અશુદ્ધ છે એ વીણા ધુરે હો લાલ. એ વીણા.;
વીણ સગર્ભને દીધો દંડ ગળે ગ્રહ્યું હો લાલ, કે દંડ.,
તુંબડ તેણ અશુદ્ધ–પણું મેં તસ કહ્યું હો લાલ. પણું. ૨૬

દાખી દોષ સમારી વીણ તે આહવે હો લાલ, વીણ.,
હોઇ ગ્રામની મચ્છના કિંપિનકો ચવે હો લાલ, કેકિંપિ.;
સૂતા લોકનાં લેઈ મુકુટ મુદ્રા મણી હો લાલ, મુકુ.;
વસ્ત્રાભરણ લેઇ કરી રાશિ તે અતિ ઘણી હો લાલ કે. રા. ૨૭

જાગ્યા લોક અછેરૂં દેખી એહવું હો લાલ કે, દેખી.,
પૂર્ણ પ્રતિજ્ઞા કુમારી ચિત્ત હરખિત થયું હો લાલ, ચિત્ત.;
ત્રિભુવનસાર કુમાર ગળે વરમાળીકા હો લાલ, ગળે.,
હવે ઠવે નિજ માને ધન્ય તે બાળિકા હો લાલ. ધન્ય. ૨૮
વામન વરિયો જાણી નૃપાદિક દુઃખ ધરે હો લાલ, નૃપ.,
તામ કુમાર સ્વભાવનું રૂપ તે આદરે હો લાલ, રૂપ.;
શશિરજની હરગૌરી હરી કમળા જિસ્યો હો લાલ, હરી.,
યોગ્ય મેલાવો જાણી સવિ ચિત્ત ઉલ્લસ્યો હો લાલ. સવિ. ૨૯
નિજ બેટી પરણાવી રાજા ભલીપરેં હો લાલ, રાજા.,
દિયે હયગય ધણ કંચણ પૂરે તસ ઘરેં હો લાલ. પૂરે.;
પુણ્ય વિશાળ ભુજાળ તિહાં લીલા કરે હો લાલ, તિહાં.,
ગુણસુંદરીની સાથ શ્રીપાળ તે સુખ વરે હો લાલ. શ્રીપાળ. ૩૦
ત્રીજે ખંડે ઢાળ રસાળ તે પાંચમી હો લાલ, રસા.,
પરીએ અનુકૂળ સુજન મન સંક્રમી હો લાલ, સુજન.,
સિદ્ધચક્ર ગુણ ગાતાં ચિત્ત ન કુણતણો હો લાલ, ચિત્ત.,
હરખે વરસે અમિય તે વિનય સુજશ ઘણો હો લાલ. તે. ૩૧

અર્થ :—મુકરર કરેલા ઠરાવ મુજબ જ્યારે મહીનો પૂર્ણ થયે પરીક્ષાનો દિવસ આવ્યો ત્યારે પરીક્ષા લેવાને માટે મોટી સભા એકઠી થઇ અને તેમાં સંગીતશાસ્ત્ર વિચક્ષણ ચતુરજનોએ આવી મનની મોજ સાથે બેઠક લીધી. એટલે રાજકુમારી ગુણસુંદરી તેઓની વીણાકળા સંબંધી પરીક્ષા લેવા કળા તથા ગુણોની વૃદ્ધિ કરતી, તેમજ વીણા અને પુસ્તક હાથમાં ધારણ કરીને આવતી જાણે સરસ્વતી દેવીજ આવી ન હોય ? તેવા દેખાવથી આવી પહોંચી. કુંવરીને આવી જાણી વામનજી પણ તે દરબારમાં દાખલ થવા દરવાજા આગળ આવી પહોંચ્યા કે તેનો દેદાર જોઇ ( બેહુદી સીકલ જાણી ) અંદર જતાં દરવાને તુરત રોકયો. એટલે વામનજીએ પણ તુરત રોકવાનું કારણ ધ્યાનમાં લઈ દરવાનને એક૧ રત્નજડિત દાગીનો બક્ષ્યો કે તેણે

૧ આ પ્રકાર પૂર્ણ પ્રતીતિ આપે છે—કે પૈસો જ્યાં ત્યાં પાસા પોબાર પાડે છે. પૈસો એજ સાચો મંત્ર—કિમીઓ—દેવ—હુન્નર વગેરે છે, અને સઘળી કરામત પણ પૈસાની અંદરજ સમાયેલી છે; માટે દરેક સંસારી જીવે ઉદ્યમ કરી પૈસો એકઠો કરવો અને તે વડે દરેક ધારેલી ધારણાઓ પાર પાડવી. નહીં તો તે વિના કયાંએ ભાવ પૂછાશેજ નહીં; કેમકે **सर्वे गुणाः काञ्चनमाश्रयंते** સઘળા ગુણો ધનનો આશરો કરીનેજ કાયમ રહેલ છે.

પણ તુરત રોક ટોક વગર વામનને અંદર જવા દીધો. (અહો! પૈસામાં પણ કેવી કરામત છે!!) વામન અંદર પ્રવેશ કરી જ્યાં કુંવરી ઉભી છે ત્યાં ઇચ્છા પ્રમાણે રૂપ કરનાર કુંવર જઇ પહોંચ્યો. તેનું ખરૂં સ્વરૂપ કુંવરી જ જોતી હતી; પરંતુ બીજા બધાએ તેને કુબડા રૂપે જ દેખતા હતા. કુબ્જને જોઈ કુંવરી ચિંતવવા લાગી–"મારી પ્રતિજ્ઞા આ વામન જ પૂર્ણ કરશે૧ અને એમ થવાથી મારો જન્મ સફળ થશે, તથા જે જે મારા દુશ્મનો હશે તે તે ઝુરતાજ રહેશે. તેમજ જો આ પુરૂષથી મારા મનનું ભિન્નતાપણું નહીં ભંગાશે. મતલબ કે યોગ્ય જોડીનો લ્હાવ નહીં મળશે, તો તો પછી આવી પ્રતિજ્ઞા કરીને મેં ખરેખરૂં નકામું બધાઓથી વૈરજ વસાવ્યું છે એમ જ માનવું પડશે." ઈત્યાદિ વિચાર કરે છે, એટલામાં તો ગુરૂએ તમામ વીણાના અભ્યાસી શિષ્યરૂપ મનુષ્યોને આજ્ઞા આપી, કે તુરત બધા રાજકુમારો વગેરે ઉત્સુક જનો કાર્તિકસ્વામી સરખા અહંકારયુક્ત બનતાં આકળા થઇ ઉતાવળ વડે પોતપોતાની વીણાચાતુરી બતાવી રહ્યા. ત્યારે ગુણસુંદરીએ પણ પોતાની ગુણ સંબંધી ચાતુર્યતા બતાવી. એટલે સાંભળનારા લોકોએ કહ્યું કે–"કુંવરીની વીણા ચાતુરી અને બીજાઓની વીણાચાતુરી વચમાં ગામડા અને દેવપુરી જેટલું મોટું અંતર (તફાવત) છે. કુંવરીની કળા અગાડી કુંવરોની કળા સૂર્યની કળા આગળ ચંદ્રની કળા નિસ્તેજ–ઝાંખી થઇ પડે તેવી થઈ પડી છે, અને જેવો છાશ ને બાકળા (ટાઢા) નો મેળ (કમેળ) થઈ પડે તેવો મેળ થઇ પડયો છે."

આ પ્રમાણે કુંવરીની વીણાચાતુરી સંબંધી સભાજનોએ પ્રશંસા કરી, તે સાંભળીને વામનજી ત્યાં આવ્યો તેને જોઇને વિદેશી જનો હાસ્યમાં બોલવા લાગ્યા કે–"આ કુબડો કુંડળપુરના રહેનારા લોકોને ભલો પસંદ પડયો છે (!) જો કે તેઓ સંકેત (વાયદો–ઠરાવ જ) કરી મૂકયો હોય તેવી રીતે વામનજી નજીક આવતાં તુરતજ પોતાના હાથમાંની વીણા તેના હાથમાં આપી. (વિચારણા એજ કે આ મારા હાથની વીણા આપને હાથ સોંપું છું તે બજાવી મારી પ્રતિજ્ઞા પૂરો એટલે આનંદ આનંદ.) જો કે આ વિચારણાને ધ્યાનમાં લઇ વામન બોલ્યો કે–"પહેલાં તો આ વીણાજ૨ બજાવવા લાયક નથી; કેમકે આ વીણાનું તુંબડું બરોબર અંદર ગર્ભ-

---

૧ રત્નની ઝવેરીનેજ પારખ પડે છે; પણ તે વિના બીજાઓને તો કાચ કે કાંકરા જેવું નંગ નજરે પડે છે, એમ આ કથન સૂચવે છે.

૨ આ પ્રકાર એજ સૂચવે છે કે–જે ગુણની પ્રવીણતા ધરાવતા હોઇએ તે ગુણની ખરી ખુબીઓ જણાવી પ્રતિપક્ષી જાણકારને આશ્ચર્ય પેદા કરવું કે જેથી તે દબાઇ જાય છે; અને એથી આખર ફતેહ રજુ થાય છે; માટે દરેક જગોએ નિશઃકપણે ગુણ દર્શાવી સામાને તેજમાં આંજી નાખી ડફાંસથી નહીં પણ સાચી વિદ્યા–ચાતુરીથી આનંદ પ્રાપ્ત કરવો.

રહિત થયું જ નથી એટલે કે આની અંદર ગર્ભ રહી ગયો હોવાથી સગર્ભ છે માટે, તથા આ વીણાનો દંડ (વચ્ચેનું લાકડું) વનમાં લાહ્ય–દવ લાગવાથી જે લાકડું દાઝી ગયેલું તે લાકડાનો બનાવેલો છે, જેના લીધે એ ગળેથી પકડાઈ જતાં બરોબર શુદ્ધ અવાજ કાઢી શકે તેમ નથી.” ઇત્યાદિ દોષ બતાવી પછી વીણાને બરોબર મેળવી વામનજી આલાપ કરવા લાગ્યો અને સમયને અનુસરતો રાગ ગાઇ તેણે એવી તો ગ્રામમૂર્છનાદ્વારા છાયા છાઇ દીધી કે જેથી સાંભળનારાઓ મૂર્છાવંત બની ગયા, અને કશું પણ ન બોલતાં ન ચાલતાં લાકડા જેવા થઇ રહ્યા. એટલે વામનજીએ તે શૂન્યચેતનાવાળાં લોકોના મુકુટ–શિરપેચ–પાઘડી અને વીંટી વગેરે રત્નજડિત દાગીના તથા વસ્ત્રો એકઠાં કરી લઈ એક મોટો ઢગલો બનાવી મૂકયો. જ્યારે લોકો મૂર્છામાંથી જાગી ચેતનામાં આવ્યા ત્યારે દાગીના વસ્ત્રો ગુમાવી બેઠેલ તથા બેભાન થઇ ગયેલ જોઈ તેઓ નવાઇ ભર્યા બનાવથી બહુજ આશ્ચર્ય પામ્યા. આમ થવાથી કુંવરી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થવાને લીધે પ્રસન્ન મનવાળી થઇ અને સ્વર્ગ, મૃત્યુ, પાતાળ; એ ત્રણે ભુવનની અંદર સારરૂપ કુંવર શ્રીપાળના ગળામાં વરમાળ પહેરાવી પોતાના જન્મને ધન્ય માનવા લાગી. જો કે કુંવરી તો મનમાન્યાને વરી; તોપણ વામન વરને વરવાથી કુંવરીના પિતા તથા અન્ય રાજાઓ વગેરે મનમાં દુઃખ ધરવા લાગ્યા, એ જોઇ શ્રીપાળકુંવરે પોતાનું જે મૂળનું રૂપ હતું તે પ્રકટ કર્યું, એટલે તો જોઇએ તેવી જોડી મળેલી જોઇ, જાણે શરદપુનમની રાત્રી ને શરદચંદ્રની તથા શિવજી ને પાર્વતીજીની, અને શ્રી કૃષ્ણ (વિષ્ણુ) ને લક્ષ્મીજીની જોડી જેવી જોડી મળી હોયની? તેવી જણાવા લાગી. એથી સર્વના મન હુલ્લાસવંત થયાં. રાજાએ પણ પ્રસન્નતાપૂર્વક પોતાની પુત્રી શ્રીપાળકુંવરને ભલા ઠાઠ સાથે પરણાવી, તથા હાથી ઘોડા ધન અને સોનું વગેરે અર્પણ કરી કુંવર શ્રીપાળને રહેવા આપેલી હવેલી પૂર્ણ ભરી દીધી. વિશાળ ભુજા અને વિશાળ પુણ્યવંત શ્રીપાળકુંવર ત્યાં રહીને ગુણસુંદરીની સંગાથે ઉત્તમ સુખસહિત આનંદક્રીડા વિલસવા લાગ્યો. (યશોવિજયજી કહે છે કે–ત્રીજા ખંડની અંદર આ રસીલી પાંચમી ઢાળ જે પૂર્વના કર્તા વિનયવિજયજીનું ‘ત્રટ ત્રટ ત્રૂટે તાંત ગમા જાયે ખસી’ એ દુષ્ટ શબ્દ પડવાથી મરણ થવાને લીધે અધૂરી રહી હતી તે જેવી જોઇએ તેવી સારી રીતે સજ્જનોને પસંદ પડવા યોગ્ય પૂર્ણ કરી. આ ઢાળના સંબંધ ઉપરથી એટલોજ બોધ લેવાનો છે કે–શ્રી સિદ્ધચક્રજીના ગુણાનુવાદ ગાતાં કોના ચિત્તની અંદર અમૃત સરખો હર્ષનો વરસાદ ન વરસે? મતલબ કે સર્વના મનમાં વરસે જ! અને તે પ્રાણીઓ વિશેષ વિનય તથા યશ પ્રાપ્ત કરેજ; માટેજ કહું

છું કે તમો શ્રોતાવાંચકો પણ તે મહારાજના ગુણાનુવાદ ગાઓ કે જેથી આનંદમંગળ વરાય. ) ( ૨૧-૩૧ )

—o—

( દોહા-છંદ. )

પુણ્યવંત જિહાં પગ ધરે, તિહાં આવે સવિ ઋદ્ધિ;
તિહાં અયોધ્યા રામ જિહાં, જિહાં સાચ તિહાં સિદ્ધિ. ૧
પુણ્યવંતને લક્ષ્મીનો, ઇચ્છાતણો વિલંબ;
કોકિલ ચાહે કંઠરવ, દિયે લુંબ ભર અંબ. ૨
પુણ્યે પરિણતિ હોય ભલી, પુણ્યે સુગુણ ગરિઠ્ઠ;
પુણ્યે અલિય વિઘન ટળે, પુણ્યે મિલે તે ઇઠ્ઠ. ૩

અર્થ:-પુણ્યવંત મનુષ્ય જ્યાં જ્યાં પગલું માંડે ત્યાં ત્યાં, જેમ જ્યાં જ્યાં રામચંદ્રજી નિવાસ કરતા ત્યાં ત્યાં અયોધ્યાનો જ ઠાઠ થઈ રહેતો હતો તેમ, તથા જ્યાં સહાસિક, સત્યપણું ત્યાં સર્વ પ્રકારની સિદ્ધિ હાજર રહે તેમ, સર્વ પ્રકારની ઋદ્ધિ હાજર રહે છે. પુણ્યવંત મનુષ્યને લક્ષ્મી મળવાનો વિલંબ ફક્ત ઇચ્છા ન કરે ત્યાંસુધીનોજ હોય છે. જ્યાં મનમાં લક્ષ્મી પ્રાપ્તિ સંબંધી ઇચ્છા કરી કે જેમ કોયલડી મીઠો અવાજ ઉચ્ચારવાની ઇચ્છા કરે છે કે તુરત આંબો મ્હોરથી લટાલુંબ થઈ તેની ઇચ્છા પૂર્ણ કરે છે, ( આંબાનો મ્હોર ખાવાથી કોયલનો કંઠ ઉઘડે છે એ વાત જગજાહેર છે. ) તેમ તુરત ઇચ્છા પૂર્ણ થાય છે. તેમજ પુણ્યના પ્રભાવવડે મનની પરિણતી-વિચારણા પણ સારી થાય છે, પુણ્યના પ્રભાવ વડે સારા ગુણો સહિત મોટાઈ પ્રાપ્ત થાય છે, પુણ્યના પ્રભાવવડે નઠારાં વિઘ્નો દૂર જાય છે, અને પુણ્યના પ્રભાવ વડે ઈષ્ટ-વહાલી વસ્તુની ઇચ્છા પણ પૂર્ણ થાય છે. ( માટે પુણ્ય પ્રકૃતિને પ્રબળ કરવી એ કવિકથનનો હેતુ છે. ) ( ૧-૩ )

—o—

( ઢાળ છઠ્ઠી-સુણ સુગુણ સનેહીરે સાહિબા-એ દેશી. )

એક દિન એક પરદેશિયો, કહે કુંઅરને અદભુત ઠામરે;
સુણ જોયણ ત્રણસેં ઊપરેં, છે નયર કંચનપુર નામરે
જૂઓ જાઓ અચરિજ અતિ ભલું. ૧
તિહાં વજ્રસેન છે રાજિયો, અરિકાળસબળ કરવાળરે;
તસ કંચનમાળા છે કામિની, માલતી માળા સુકુમાળરે.
જૂઓ. ૨

તેહને સુત ચારને ઊપરેં, ત્રૈલોકયસુંદરી નામરે;
પુત્રી છે વેદની ઊપરેં, ઉપનિષદ યથા અભિરામરે. જૂ. ૩
રંભાદિક જે રમણિ કરી, તે તો એહ ઘડવા કરલેખરે;
વિધિને રચના બીજી તણી, એહનો જયજસ ઉલ્લેખરે. જૂ. ૪
રોમાગ્ર નિરખે તેહને, બ્રહ્માદ્વય અનુભવ હોયરે;
સ્મર અદ્વય પૂરણદર્શનેં, તેહને તોલ્ય નહીં કોયરે. જૂ. ૫
નૃપેં તસ વર સરિખો દેખવા, મંડપ સ્વયંવર કીધરે;
મૂળમંડપ થંભે પુતળી, મણિ કંચનમય સુપ્રસિદ્ધરે. જૂ. ૬
ચિહું પાસ વિમાણાવળા, મંચાતિમંચની શ્રણિરે;
ગોરવ કારણ કણુરાશિ જે, ઝાપીજેં ગિરિવર તેણિરે. જૂ. ૭
તિહાં પ્રથમ પક્ષ અષાઢની, બીજેં છે વરણ મુહુત્તરે;
શુભ બીજબીજતે કાલ છે, પુણ્યવંતને હેતું આયત્તરે. જૂ. ૮

અર્થઃ—એક દિવસ એક પરદેશી મુસાફર કુંવર શ્રીપાળજીને આશ્ચર્યકારી વાત કહેવા લાગ્યો–"મહારાજ ! અહીંથી બારસો ગાઉ ઉપર કંચનપુર નગર છે, ત્યાં વજ્રસેન નામનો રાજા, કે જે દુશ્મનોનો અંત આણનારી બળવાળી તરવાર વાપરવામાં વખણાયલો છે, તે રાજ્ય કરે છે. તથા તેની કંચનમાળા નામની રાણી કે જેણીનું શરીર માલતીની માળા સમાન સુકોમળ (સુંવાળું અને સુગંધવંત) છે તેણીને ચાર કુંવર ઉપર ત્રૈલોકયસુંદરી નામની ત્રણે લોકને શોભાયમાન કરનારી એક કુંવરી છે. તે જેમ ચાર વેદોની ઉપર વેદોના રહસ્યરૂપ ઉપનિષદ (સંહિતા) શોભાયમાન છે, તેમ ચાર પુત્રોની ઉપર સંતતીના આનંદરૂપ રહસ્યવંત તે કુંવરી શોભાયમાન છે. મતલબ એજ કે ચારે પુત્રો ગુણવંત છે, તોપણ તેઓના ગુણો ઉપર અજુવાળું પાડવા સરખી ત્રૈલોકયસુંદરી કુંવરી મહાસ્વરૂપ સાથે ગુણવંત છે. પુણ્યાત્મન્ ! આ જગતમાં જ્યારે બ્રહ્માએ સૃષ્ટિ પેદા કરી ત્યારે સુંદર સ્ત્રીઓની પેદાશ કરવા પહેલાં, જેમ કોઇ ચિતારો કે લેખક પોતાનો હાથ જમાવવા પાટી ઘુંટે છે ત્યારે જેવાં તેવાં રૂપ–વર્ણ આલેખે છે, અને તે જ ચિતારા કે લેખકનો જ્યારે પૂરેપુરો હાથ ચિત્રને લેખમાં જામી–ઠરી જાય ત્યારે તે સર્વોત્તમ ચિત્ર–વર્ણ કહાડી જોનારને આનંદ આપે છે. તેમ સુંદર સ્રીઓ બનાવવામાં પાટી ઘુંટવા સરખી રંભા, ઉર્વશી, તિલોત્તમા, મેનકા; વગેરે અપ્સરાઓ બનાવી, અને જ્યારે બ્રહ્માનો એ કામમાં હાથ વખાણવા લાયક જામ્યો ત્યારે સર્વોત્તમ સ્વરૂપવંતી સ્ત્રી એ ત્રૈલોકય સુંદરિનેજ નિપજાવિ

છે–મતલબ એજ કે તે અપ્સરાઓ કરતાં પણ અતિ રૂપાળી છે. આપ કદાચ પ્રશ્ન કરશો કે–તેવી રૂપવંત સર્વોત્તમ સ્ત્રી ત્રૈલોકયસુંદરી બનાવી મનસંતોષ પામ્યા છતાં બીજી સ્ત્રીઓ બ્રહ્માને શા બનાવવાની જરૂર પડી? તો તેના ઉત્તરમાં કહીશ કે–ત્રૈલોકય સુંદરી બનાવી જેથીમાટે બ્રહ્માને સંતોષ તો થયો; તોપણ બ્રહ્માને એક વિચાર પેદા થયો કે–'જ્યારે હું એ ત્રૈલોકયસુંદરી-નેજ સહુથી સરસ રૂપાળી રચીને બેસી રહીશ ત્યારે તેના મુકાબલા વખતે કોને રજુ કરાશે ! કેમકે સારા માલની સરસાઈ ઉતરતા માલનો મુકાબલો મળવાથીજ ખરી રીતે થઇ શકે છે; માટે જો ત્રૈલોકયસુંદરી બનાવ્યા પછી બીજી સ્ત્રીઓ નહીં બનાવું તો પછી એણીના સરસપણાના મુકાબલા વખતે કઇ સ્ત્રીને ભેદની સ્પષ્ટતા કરવા ખડી કરાય ?' એમ જાણી બ્રહ્માએ તેણીની પેદાશ વખતમાં પોતાની તમામ ચતુરાઇ વાપરી દીધાથી પાછળ વિશેષ ચતુરાઇ શીલકમાં ન રહેલી હોવાને લીધે ઓછા સ્વરૂપ ગુણવાળી સ્ત્રીઓ પેદા કરી, તે 'ત્રૈલોકયસુંદરી અમારાથી વિશેષ સ્વરૂપવંત, વિશેષ ગુણવંત અને વિશેષ લાવણ્યવંત છે' એમ બોલી જગતમાં તેણીનો જય અને યશ જાહેરમાં લાવવા–ઉત્કર્ષલેખ કરવા માટેજ બનાવી છે મતલબ કહેવાનો એટલોજ છે કે–બીજી બધી સ્ત્રીઓ તે ત્રૈલોકયસુંદરીનો યશ જય ગાનારીજ છે. તેણીના જેવી કોઈ બીજી રૂપાળી ગુણવાળી છેજ નહીં કેમકે તેણીના જેવી બ્રહ્માએ બીજી પેદાશ કરી નથી. નામવર ! તે ત્રૈલોકયસુંદરીના સ્વરૂપ માટે એટલુંજ બસ છે કે તેણીના શરીરના રૂંવાડાનો અગ્રભાગ (અણીરૂ) જોવામાં આવતાં આનંદની ઐકયતાનો અનુભવ થાય, એટલે કે તેણીના રૂંવાડાનું અણીરૂં જોવાથી ત્રણે લોકમાં ફેલાનારો આનંદ એકજ જગ્યાએ એકઠો થતાં જોનાર પુરૂષ તદ્દન આનંદમય થઇ જાય છે. અને જે પુરૂષ તેણીના નખ શિખા સુધીના પૂર્ણ રૂપનું દર્શન કરે તેને તો કામદેવની ઐકયતાનો અનુભવ થાય, એટલે કે તેણીને જોનાર કામદેવમય–કામ વ્યાપ્ત થઈ જાય; કેમકે જોનારને એવીજ વિચારણા થાય કે–'કામદેવ ઘણોજ રૂપાળો છે અને આ કુંવરી પણ અત્યંત રૂપાળી છે. શાસ્ત્રમાં કામદેવ કરતાં કોઈ વિશેષ કે તેની બરોબરી કરે તેવું રૂપાળું બીજું કહેલજ નથી; છતાં કુંવરી કામસ્વરૂપ છે માટે એજ કામદેવ હશે ??' એવો કામદેવની ઐકયતાનો વિચાર સ્ફુરાયમાન થાય. (દ્વય એટલે બે અને અદ્વય એટલે એક–જો કામદેવ જેવી કુંવરી ગણાતી હોત તો કામદેવ અને કુંવરી બે કામદેવ સરખાં રૂપાળાં ગણાત; પરંતુ કુંવરીજ કામસ્વરૂપ હોવાથી કામદેવનું અદ્વયપણું સાબીત થાય છે.) એથી કહેવું પડે છે કે–આ સમયની અંદર ત્રૈલોકયસુંદરીના સમાન અન્ય કોઈ સ્ત્રી બરોબરી કરી શકે તેમ છેજ નહીં. અરે એવી અનુપમ રૂપવતી હોવાને લીધે તેણીના પિતાએ તેણીનાજ

સરખો રૂપગુણ શીળસંપન્ન વર પ્રાપ્ત થાય એ માટે સ્વયંવર મંડપની રચના કરી છે, અને તે મંડપમાં મૂળ–મુખ્ય થાંભલે એક રત્નજડિત સોનાની સુશોભિત પૂતળી ગોઠવેલ છે. તથા તે મંડપમાં જે જે રાજા વગેરે પધારશે તેઓને બેઠક લેવા માટે તે પુતળીની ચોમેર વિમાનોની પંકિતની પેઠે મોટા તેમજ નાના (પોતપોતાની લાયકાત મુજબ) માંચડા (બેઠકો) ગોઠવેલ છે. તેમજ ત્યાં જે જે રાજાઓ પધારશે તેઓને ગોરવનું ભોજન દેવાને માટે જે ધાન્ય વગેરે લાવવામાં આવેલ છે તેના ઢગલા ડુંગરને પણ શરમાવી નાખે તેટલા બધા મોટા છે, અને તે સ્વયંવરમાં સ્વયં (પોતાની મેળે કુંવરીને) વર વરવાનું મુહુર્ત્ત આષાઢ વદ બીજને દિવસે છે; માટે હે ઉત્તમ બીજની ઓલાદવાળા–કુલોત્તમ કુમાર ! તે બીજ આવતી કાલેજ છે. તો પુણ્યવંતને સફળતાનું કારણ સ્વાધીન હોવાથી કાર્યસિદ્ધ કરો અને અતિ સારૂં આશ્ચર્ય છે તે આપ દેખોજ દેખો !"

(૧–૮)

એમ નિસુણી સોવન સાંકળું, કુંઅરે તસ દીધું તાવરે;
ઘરે જઇતે કુબજાકૃતિ ધરી, તિહાં પહોતો હાર પ્રભાવરે. જૂ. ૯
મંડપે પઇસંતો વારિયો, પોળિયાને ભૂષણ દેઇરે;
તિહાં પહોતો મણિમય પૂતળી, પાસે બેઇઠો સુખસેઇરે. જૂ. ૧૦
ખરદંતો નાક તે નાનડું, હોઠ લાંબા ઊંચી પીઠરે;
આંખ પીળી કેશ તે કાબરા, રહ્યો ઉભો માંડવા હેઠરે. જૂ. ૧૧
નૃપ પુછે કેઇ સોભાગિયા, વળી વાગિયા જાગિયા તેજરે;
કહો કુણ કારણ તુમે આવિયા, કહે જિણ કારણ તુમે હેજરે. જૂ. ૧૨
તવ તે નરપતિ ખડ ખડ હશે, જૂઓ જૂઓ એરૂપ નિધાનરે;
એહને જે વરશે સુંદરી, તેહનાં કાજ સર્યાં વાળ્યો વાનરે. જૂ. ૧૩

અર્થ:—આ પ્રમાણે વધામણીરૂપ તે પુરૂષનું કહેવું સાંભળીને તેની ખુશાલીમાં તેને સોનાનું સાંકળું બક્ષીસ કરી, તે વખતેજ શ્રીપાળકુંવર ઘેર જઇ હારપ્રસાવથી કુબડાનું રૂપ બનાવી કંચનપુર જઇ પહોંચ્યો. એટલું જ નહીં પણ બીજને દિવસે ટાઇમસર મંડપમાં દાખલ થવા ઉમંગભર ચાલ્યો; પરંતુ તેનો વિચિત્ર હાસ્યરૂપ ડોળ જોઇ દરવાને તુરત અંદર જતાં અટકાવ્યો, એટલે કુબડાએ આખા વિશ્વને મોહ પ્રાપ્ત કરાવનારા સોનાનો એક અમુલ્ય દાગીનો દરવાનના હાથમાં મુકયો કે બેડો પાર થયો. તુરતજ અંદર દાખલ

થઈ જ્યાં મુખ્ય થાંભલે રત્નજડિત સોનાની પૂતળી ગોઠવેલી છે ત્યાં જઇ પહોંચ્યો, અને શાંતજીવ સહિત (સુખપૂર્વક) થઇ તે સ્થળે ઉભો રહ્યો. એટલે ત્યાં બેઠેલા રાજાઓએ તે કુબ્જના સામું જોયું તો તેના ગધેડા જેવા લાંબા દાંત, નાનું નાક, લાંબા હોઠ, ઉંચી ખુંધ, નીકળેલી પીઠ, પીળી-માંજરી આંખો અને કાબરા વાળ હતા; છતાં મંડપની હેઠળ ઉભેલો જોઈ તે કુબ્જને પુછવું શરૂ કર્યું કે-"અમે કેટલાક સૌભાગ્યવંત-વાકયપટુતાવંત અને તેજ પ્રતાપડે જાગ્રત થયેલા રાજકન્યા વરવાને માટે અત્રે એકઠા થયેલા છીએ; પણ તમો શા કામે અત્રે પધારેલા છો ? " કુબડે ઉત્તર આપ્યો "જે કામ માટે આપે અત્રે પગલાં કર્યાં છે." તે જ કામ માટે (તે કામ માટેજ મેં પણ અત્રે પગલાં કર્યાં છે.) આવું બોલવું સાંભળતાંજ રાજાઓ ખડખડ હસી પડયા અને ઉપહાસ્ય રૂપે એક બીજા પ્રત્યે કહેવા લાગ્યા "જુઓ ! જુઓ!! આ રૂપનો ભંડાર તો જુઓ !!! આને જે કન્યા પરણશે તેણીનાં બધાંએ કામ પૂર્ણ થયાં અને તેણીના શરીરનું વાન પણ વધ્યું (!) એમજ સમજી લો." (૯-૧૩)

ઇણ અવસરેં નરપતિકુંઅરી, વર અંબર શિબિકારૂઢરે;
જાણિયેં ચમકતી વીજળી, ગિરિ ઉપર જલધર ગુઢરે. જૂ. ૧૪
મૂત્તાહલહારેં શોભતી, વરમાળા કરમાંહે લેઈરે;
મૂળમંડપ આવી કુંઅરને, સહસા સુચિરૂપ પલોઈરે. જૂ. ૧૫
જે સહજ સ્વરૂપ વિભાવમાં, દેખે તે અનુભવ યોગરે;
ઇણવ્યતીકરેંતે હરષિતહુઈ, કહે મુજ ઇષ્ટ સંયોગરે. જૂ. ૧૬
તસ દૃષ્ટિસરાગ વિલોકતા, વિચેં વિચેં નિજવામન રૂપરે;
દાખે તે કુમરી સુવલ્લહી, પરિ પરિ પરખે કરી ચૂંપરે. જૂ. ૧૭
સા ચિંતે નટનાગર તણી, બાજી વાજીપ્લુતેં જેમરે;
મન રાજી કાજી શું કરે? આ જીવિત એહશું પ્રેમરે. જૂ. ૧૮
હવે વરણવે જેજે નૃપપ્રતેં, પ્રતિહારી કરી ગુણ પોષરે;
તે તે હિલે કુંઅરી દાખવી, વય રૂપ ને દેશના દોષરે. જૂ. ૧૯
વરણવતાં જસ મુખ ઉજળું, હેલંતાં તેહનું શ્યામરે;
પ્રતિહારી થાકી કુંઅરને, સા નિરખેરતિ અભિરામરે. જૂ. ૨૦
છે મધુર યશોચિત શેલડી, દધિ મધુ સાકર ને દ્રાખરે;
પણ જેહનું મન જિહાં વેધિયું, તે મધુર ન બીજાલાખરે. જૂ. ૨૧

અર્થઃ—આવી હાસ્યકારી વાતો ચાલે છે, તે દરમિયાન રાજકુંવરી પણ સુંદર શૃંગાર સહિત અમૂલ્ય જરિયાની કપડાથી અલંકૃત (પર્વતાકાર) પાલખીમાં બેસી ( તથા માથે નીલું મેઘાડંબર છત્ર ધરાવતી ) સ્વયંવર મંડપમાં શોભાયુક્ત આવી પહોંચી. કવિ કહે છે કે તે જાણે પર્વતની અંદર ચડી આવેલા મેઘાડંબરમાં ગુપ્ત વીજળી ચમકી હોયની? તેવી શોભતી હતી. મોતીની માળાથી શોભતા કંઠવાળી કુંવરી હાથમાં વરમાળા લઈ મુખ્ય મંડપની અંદર આવી મુખ્ય સ્તંભ તરફ નજર કરી જોવા લાગી તો અકસ્માત્ પવિત્ર શ્રીપાળ કુંવરનું સુંદર સ્વરૂપ નીહાળીને મગ્ન થઈ, એટલે કે જેમ કર્મ વગેરેના મળ રહિત સ્ફટિક રત્નની પેઠે નિર્મળ, મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગથી રહિત જ્ઞાન, દર્શન ચારિત્રમય જે આત્માનું સહજ સ્વરૂપ તેના વિભાવની અંદર અર્થાત્ ઘર, માલ, મિલ્કત, મા, બાપ, દીકરો, સ્ત્રી, ભાઈ, બ્હેન; વગેરે નવે જાતનો બાહ્ય ઉપરનો પરિગ્રહ, તથા રાગ દ્વેષ કષાયાદિ અતરંગ પરિગ્રહ તેથી સહિત સંસારી જીવ અનાદિ સમયનો વિભાવ દશામાં મગ્ન બની તેમાંજ રકત રહે છે, તે કોઈ વખત કર્મ અવકાશ આપે તો કષાય વગેરેની મંદતા થાય તે વખતે આત્માની શુદ્ધ દશા સંબંધી ઉગ્રતાને લીધે પોતાનું સહજ સ્વરૂપ જ્ઞાનાદિ ગુણમય છે તેને દેખે (તે અનુભવયોગ કહેવાય) છે, તેમ શ્રીપાળકુંવરે કૂબડાનું રૂપ ધારણ કરેલ છે તેને મંડપમાં આવેલા રાજાઓ વગેરે કૂબડા રૂપથી દેખે છે તે વિભાવરૂપ છે, અને શ્રીપાળનું મૂળ સ્વરૂપ છે તે સહજ સ્વાભાવિક છે. તેમાં વિભાવનું રૂપ કરેલ તે છોડીને સ્વભાવના મૂળ સ્વરૂપને રાજકુમારી દેખે છે તે જાણે અનુભવયોગ થયો છે, એવું મૂળ સ્વરૂપ નિહાળી કુંવરી પોતાના ચિત્તમાં વિચારવા લાગી "આ સઘળા રાજા અને કુમારો બેઠા છે તે પૈકી આ પાસે ઉભેલા રસિક કુંવરના રૂપ સરખું બીજા કોઈનું સુંદર સ્વરૂપ નથી! તેમજ એમને જોવાથી મારૂં મન અત્યાનંદિત થયું જેથી વિશ્રાંતિવંત બન્યું છે.' આ સંબંધને લીધેથી કુંવરી મનમાં હર્ષવંત બની નિશ્ચયને ભેટી કે-" ખચિત મને વાંછિત સંયોગનો મિલાપ થયો છે!" શ્રીપાળકુંવરે જ્યારે પોતાની તરફ કુંવરીની પ્યારભરી લાગણીની નજર જોઈ ત્યારે તે તેણીને જોતો [1]પ્રેમપરીક્ષા માટે વચમાં વચમાં એવું તો

૧. આ વચન એજ બોધ આપે છે કે—કોઈ સાથે પ્રેમ થતાં પહેલાં તેનો સાચો પ્રેમ છે કે બનાવટી—સ્વાર્થી પ્રેમ છે તે જોવાને તેનું મન નારાજ થાય કંટાળો ખાય તેવી વર્તણુક ચલાવવી જેથી જો નિસ્વાર્થી કે સત્ય પ્રેમ હશે તો તરત તેના મનમાં જૂદા જ વિચારોને જન્મ મળશે, જેથી તેનો ચહેરો, વાકયપ્રવાહ, ચેષ્ટા, વગેરે નિરાળોજ ભાવ બતાવશે; માટે પ્રેમીના મિલાપમાં આ પરીક્ષા લેવા યોગ્યજ છે.

ખરાબ રૂપ દેખાડવા લાગ્યો કે જોતાજ ચિત્ત ફાટી જાય; તોપણ કુંવરને વહાલી થઇ રહેલી કુંવરી તો વારંવાર કુંવરની પેઠેજ પ્રેમપરીક્ષા જોવા લાગી અને વારંવાર રૂપ પલટવાની રીતિ નિગાહમાં લઈ આશ્ચર્યસહ વિચારવા લાગી કે "અહા બાજીગરની બાજી (ગોડિયાવિદ્યા–મદારીના ખેલ)ની જેમ કોકને ખબર પડતી નથી તેમ, તથા ઘોડાના પેટમાં દોડતી વખત થતો પ્લુત શબ્દ કયાં (કયે ઠેકાણે) થાય છે તેની જેમ કોઇને ખબર પડતી નથી, તેમ આ કુંવરજીના ચરિત્રની પણ કોઈને ખબર ગમ પડતી નથી. અથવા તો બાજીગરની રમત અને ઘોડાના પેટમાં થતો પ્લુત બ્દ જોતજોતામાં બંધ પડી જનાર હોય છે, તેવી જ રીતે આ કુંવરજીએ વામનરૂપ ધર્યું છે, તે પણ થોડીજ વેળામાં બંધ પડી જનાર છે; કેમકે કામજોગ આ રૂપ છે; પણ કાયમજોગ નથી! એમ છતાં પણ કદી કાયમ માટે હોય, તોપણ જો મારૂં મન એમની સાથે વરવા રાજી તો " મન રાજી હોય તો કાજી શું કરે?" એ કહેવત મુજબ બીજાઓ શું કરનાર છે?! બસ મારે તો આ જીંદગી પૂર્ણ થતાં લગી આ કુંવરજીની સાથેજ સત્ય પ્રેમ રહેશે!" એમ નિશ્ચય કરી વ્યવહારને માન દેવા રાજકુંવરી બેઠેલા રાજાઓની લાઇનભણી ચાલી એટલે બધા રાજાઓના ઇતિહાસની માહિતી ધરાવનાર દાસી કુંવરીની સાથેની સાથેજ બધાઓની ઓળખ આપતી ચાલવા લાગી, એટલે કે તે દાસી એક પછી એક રાજાની રિહાસત, રૂપ, ગુણ, વય, દેશ વગેરેનું વિશેષ ખુબી સાથે વર્ણન કરી કુંવરીનું મન લલચાવવા હીલચાલ કરતી હતી; પરંતુ કુંવરી તો એક પછી એક રાજાના રૂપ, ગુણ, વય વગેરેમાં દોષ દેખાડતી દેખાડતી આગળ વધતી ચાલી–મતલબ કે એણીની કોઇ તરફ પ્રેમનજર હતીજ નહીં જેથી કોઇ રાજાનું રૂપ, તથા અવસ્થા કે દેશ વગેરે કશું પણ સારૂં લાગતું જ ન હતું. તે તો ઉલટી તેઓની બાબતોનેજ વખોડી કહાડતી હતી. આથી જ્યારે દાસી જે જે રાજાઓનાં વખાણ કરતી ત્યારે તો તે તે રાજાઓનાં મોઢાં તેજવંત જણાતાં હતાં, પણ જ્યારે દાસીના વખાણ કરી રહ્યા પછી કુંવરી તે દાસીના કથનમાત્રને વખોડીને દોષવંત દાખવતી હતી ત્યારે તે તે રાજાઓનાં મોઢાં નિસ્તેજ–ઝાંખાં થઇ જતાં હતાં, (કેમકે આશા નવું જીવન આપનારી અને નિરાશા જીવનને જોખમ લગાડનારી હોય છે એટલે એમ થાય એ સ્વભાવિકજ નિયમ છે.) આમ હોવાથી તે દાસી યશગુણોનું વર્ણન કરતાં થાકી ગઇ, કારણ કે હજારો રાજકુમારો પૈકી એકે પણ જ્યારે પસંદ ન પડયો ત્યારે પછી દાસી પણ નિરાશાને ભેટતાં ભેટતાં ચુપકી પકડે તેમાં નવાઇ શી? મનોહારિણી રાજકુંવરી તો શ્રીપાળકુંવર કે જે કૂબડાના રૂપમાં હતો છતાં તેમનાજ તરફ ટક લગાવીને વાર-

વાર નિરખ્યા કરતી હતી. કવિ કહે છે કે-૧ જો કે શેલડી, દહીં, મધ સાકર અને દ્રાખ એ બધાં જેવાં જોઇએ તેવાં મીઠાવાળાં છે; તો પણ જેનું મન જે ચીજની સાથે જોડાઈ ગયું હોય તેને તે જ ચીજ મીઠી લાગે છે; પરંતુ બીજી લાખો ચીજો મીઠી હોય તો તે બધી ફીકીજ લાગશે. મતલબ કે બીજા રાજાઓ ઘણા રૂપ ગુણ વગેરેથી અલંકૃત છે; પણ કુંવરીનું મન શ્રીપાળકુંવરની સાથે લગ્ન થયેલ હોવાથી બીજા રાજાઓ ઠીક છતાં પણ એકે પસંદ પડતાં જ નથી. કેમકે જેને જે રૂચે તેજ પચે છે! (૧૪-૨૧)

ઇણ અવસરેં થંભની પૂતળી, મુખે અવતરી હારનો દેવરે;
કહે ગુણગ્રાહક જો ચતુર છે, તો વામન વર તતખેવરે. જૂ. ૨૨
તે સુણી વરિયો તે કુંવરીએં, દાખે નિજ અતિહી કુરૂપરે,
તે દેખી નિભ્રંત્સે કુબ્જને, તવ રૂઠા રાણા ભપરે જૂ. ૨૩
ગુણ અવગુણ મુગ્ધા નવિ લહે, વરે કુબ્જતજી વર ભૂપરે;
પણ કન્યા રત્ન ન કુંબ્જનું, ઉકરડે શો વર ધૂપરે. જૂ ૨૪
તજ માળ મરાળ અમે કહું, તું કાગ છે અતિ વિકરાળરે;
જો ન તજે તોએ તાહરૂં, ગણનાળ લૂણે કરવાળરે. જૂ. ૨૫
તવ હસીય ભણે વામન ઇસ્યું, તુમે જો નવિ વરિયા એણરે;
તો દુર્ભગ રૂસો મુઝ કિશ્યું, રૂસો ન વિધિશું કેણરે? જૂ. ૨૬
પરસ્ત્રી અભિલાષાના પાતકી, હવે મુઝ અસિધારાતિથ્થરે;
પામી તુમે શુદ્ધ થાઓ સવે, દેખો મુઝ કહેવા હથ્થરે. જૂ ૨૭
એમ કહી કુબ્જે વિક્રમતિસ્યું, દાખ્યું જેણે નરપતિનઠુરે;
ચિત્ત ચમકયા ગગને દેવતા, તેણે સંતતિ કુસુમની વુઠ્ઠરે. જૂ.
હુવો વજ્રસેન રાજા ખુસી, કહે બળ પરેં દાખવો રૂપરે;
તેણે દાખ્યું રૂપ સ્વભાવનું, પરણાવે પુત્રી ભૂપરે. જૂ. ૨૯
દિયો આવાસ ઉત્તંગ તે, તિહાં વિલસે સુખ શ્રીપાળરે;
નિજ તિલકસુંદરી નારીશું, જિમ કમળાશું ગોપાળરે. જૂ.૩૦
ત્રીજે ખંડે પૂરણ થઇ, એ છઠ્ઠી ઢાળ રસાળરે;
જસ ગાતાં શ્રી સિદ્ધચક્રનો, હોય ઘરઘર મંગળ માળરે. જૂ.૩૧

૧ આ વાકય એજ સૂચવે છે કે સારી કે નઠારી વસ્તુથી કિંવા ઉત્તમ કે નીચથી જેનું મન જ્યાં લાગેલું હોય તેને ત્યાંજ આનંદ ઉપજે છે, માટે તેવાને બીજો સદ્બોધ પણ કામ આવતો નથી.

અર્થ:–આ મુજબ રાજાઓના મનરૂપી દરિયામાં આશા નિરાશાની ભરતીઓટનાં મોજાં ચાલી રહ્યાં હતાં, તે દરમિયાન સ્વયંવર મંડપના મુખ્ય થાંભલામાં ગોઠવેલી સુંદર રત્નજડિત સોનાની પૂતળીની અંદર શ્રીપાળકુંવરને મળેલા હારનો દેવ–વિમળેશ્વર યક્ષ દાખલ થઈ કહેવા લાગ્યો "હે કુંવરી! જો તું ગુણગ્રાહક અને ચતુર છો, તો આ વામણાને તુરત વરી લે" આવું ચમત્કારિક વચન સાંભળીને રાજકુમારીકાએ વામનના કંઠમાં તેજ ક્ષણે વરમાળ પહેરાવી તેને વરી લીધો. જ્યારે વરમાળા પહેરાવી ત્યારે કુંવરીની અંતરંગ પ્રેમપરીક્ષા જોવા શ્રીપાળકુંવરે પોતાનું એવું તો કૂબડું રૂપ બતાવવા માંડયું કે ન પૂછો વાત! તે જોઈને બધાએ કુબડાનો તિરસ્કાર કરવા મંડી પડયા, અને તે શણા રાજા ગુસ્સે થઈને બોલવા લાગ્યા કે–"આ ભોળી રામકુમારી ગુણ કે અવગુણને પણ જાણી શકતી નથી, એથીજ શ્રેષ્ઠ રાજાઓને છોડી દઇ કૂબડાને વરે છે; પરંતુ આ કન્યારત્ન કૂબડાને લાયક નથી. [1]સુગંધીવંત ધૂપ તો દેવના અગાડીજ થવો લાયક છે, નહીં કે તેવો ધૂપ ગંદા ઉકરડાંની અગાડી કરવો! એમ બોલી કૂબડા પ્રત્યે તેઓ કહેવા લાગ્યા–"એ કૂબડા! અમે હંસ જેવા છીએ, અને તું અત્યંત વિકરાળ કાગડા જેવો છે; માટે કહીએ છીએ કે શ્રેષ્ઠ માળા હંસની ડોકમાં જ શોભે, નહીં કે કાગડાની કોટમાં શોભે? એથી ઝટ તું તારા કંઠમાં પડેલી વરમાળા તજી દે. જો નહીં તજી દઇશ તો તારી એ ગરદન અમારી આ તીખી તલવારની ધારથી લઘુ કાપી નાખીશું." આવું તેઓનું બોલવું સાંભળી વામન હસીને કહેવા લાગ્યો.–"હે અભાગિયાઓ! તમે તમારા કમનસીબને લીધે આ રાજકુમારીને વરવા ભાગ્યશાળી ન થયા, તો મારા ઉપર શા માટે ગુસ્સો લાવો છો? ખરી રીતે તો તમારા પ્રારબ્ધ પર ગુસ્સો લાવી રૂષણું કરો કે જેણે તમને નિરાશ કર્યા છે. હવે તો તમે બધાએ પરસ્ત્રીની અભિલાષા કરવાના પાપથી પાપી થયા છો; માટે એ પાપનું પ્રાયશ્ચિત લેવા માટે આ મારી તરવારની ધારારૂપી તીર્થને ભેટી તમે પાવન થાઓ, અને જુઓ તો ખરા કે મારા હાથ પણ કેવા છે ??" (મતલબ એ કે હવે આ રાજકુમારી મારી સ્ત્રી થઇ છે જેથી એણીની ભણી ખરાબ નજર કરી તો મારી તરવારનાજ ભોગ થઈ પડશો, છતાં વિશ્વાસ ન

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે–પરીક્ષકજ પરીક્ષા કરી શકે છે, પણ ગમારને સાચી પરીક્ષાનો બોધ શાનો હોય? તથા દૈવની વિપરીતતાથી કાર્યની સફળતામાં પાછા પડેલા પુરૂષો હમેશાં ચડતી રતિવાળાની ઇર્ષ્યા કરી હવતીઆં માર્યાંજ કરે છે; પરંતુ નથી વિચારતા કે જ્યાં દૈવની વિરૂદ્ધતા છે ત્યાં બીજાપર ઇર્ષ્યા કરવી નકામી છે.

આવતો હોય તો થાઓ તૈયાર ને જુઓ મારૂં પરાક્રમ એટલે બધી પંચાત મટી જશે.) એમ બોલી કૂબડાએ એવું તો પરાક્રમ બતાવ્યું કે જે પરાક્રમ જોતાંજ બધાએ રાજાઓ જીવ લઇ નાસી ગયા. એ જોઇને કૌતુકી દેવો પણ ચમત્કાર પામ્યા, કે અહો ! દેવના જેવી શક્તિ આ વામન ધરાવે છે ! !) અને એથી પ્રસન્ન થઈ તે વામનની ઉપર દેવોએ સુગંધી ફુલોનો વરસાદ વરસાવ્યો. આ પ્રમાણે બનેલો બનાવ જોઇ કુંવરીનો પિતા વજ્રસેન પણ ખુશી થઇ વામન પ્રત્યે કહેવા લાગ્યો– " જેવું ચમત્કારિક પરાક્રમ બતાવ્યું તેવું જ ચમત્કારિક આપનું મૂળ સ્વરૂપ : બતાવો એટલે આનંદ આનંદ– " આવું બોલવું સાંભળી શ્રીપાળ–કુંવરે પોતાનું અસલ સ્વરૂપ બતાવ્યું એટલે વજ્રસેને અતિ પ્રસન્નતા પૂર્વક પોતાની પુત્રી શ્રીપાળ કુંવરને પરણાવી અને તે પછી દાયજો વગેરે જે દેવાનું હતું તે દઇને મોટા મજલાઓવાળા સુંદર મહેલમાં દંપતીને નિવાસ કરાવ્યો. તે મહાલયમાં નિવાસ કરીને શ્રીપાળકુંવર પોતાની વિવાહિતા–તિલકસુંદરી સાથે, જેમ લક્ષ્મીજીની સાથે શ્રીકૃષ્ણજી સુખ ભોગવે, તેમ સુખ ભોગવવા લાગ્યો. (જસવિજયજી કહે છે કે આ ત્રીજા ખંડની અંદર શૃંગાર વગેરે રસોથી ભરેલી આ છઠ્ઠી ઢાળ પૂરી થઇ તે એજ બોધ આપે છે કે–જો સિદ્ધચક્રજી મહારાજના ગુણ ગાય તો ઘરઘરને વિષે મંગળમાળા થાય છે; માટે તમો શ્રોતાગણ પણ એ મહારાજજીના ગુણ ગાઓ કે તમારા ઘરની અંદર પણ મંગળમાળા થાય.)

(૨૨–૩૧)

---

(દોહા–છંદ)

વિલસે ધવળ અપાર સુખ, સોભાગી સિરદાર;<br>
પુણ્યબળેં સવિ સંપજે, વંછિત સુખ નિરધાર. ૧<br>
સામગ્રી કારય તણી, પ્રાપક કારણ પંચ;<br>
ઇષ્ટ હેતુ પુણ્યજ વડું, મેલે અવર પ્રપંચ. ૨<br>
તિલકસુંદરી શ્રીપાળનો, પૂરણ હુઓ સંબંધ;<br>
હવે શૃંગારસુંદરિતણો, કહિશું લાભપ્રબંધ ૩

અર્થઃ—કવિ કહે છે કે–સૌભાગ્યવંત જનોનો જે સરદાર તે જ અપાર ઉજ્જવળ–ઉમદા સુખ ભોગવે છે; કેમકે જીવમાત્રને અવશ્ય ઈચ્છેલાં સુખો પૂર્વ પૂણ્યના પ્રતાપ–બળવડેજ પ્રાપ્ત થાય છે. દરેક કાર્યની સામગ્રીની પ્રાપ્તિનાં કારણ કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એ પાંચ છે. એટલે કે

જે સમય ઉપર જે થવાનું હોય તે તે સમયે જ થાય છે, જેમકે ઉન્હાળાની મોસમમાં આંબો ફળે, મેથી શીઆળામાંજ ઉગે, કલમો ચોમાસામાંજ રોપાય, ત્રીજા ચોથા આરામાંજ મોક્ષે જાય, સ્ત્રી ઋતુમતી થયા પછીજ ગર્ભ ધારણ કરે એ સમય–કાળની દરેક કામમાં જરૂર પડેજ છે. જો એ કાળ–સમય હાથ લાગેલ હોય; છતાં પણ સ્વભાવનો સંયોગ મળતો ન આવે તો મળેલો સમય સંયોગ નિષ્ફળ જાય છે, જેમકે મેથી શીયાળામાંજ ઉગે, પણ જો તે મેથીનું બીજ ઉગે તેવા સ્વભાવવાળું હોય તો ઉગે, પરંતુ જો બીજ ખરાબ હોય તો ઉગવાનો સમય હાથ આવેલ છતાં ન ઉગે, આંબો ઉન્હાળે ફળે છે, પણ જો સાકરીઓ વગેરે પડે તો ફળવાના સ્વભાવનો અભાવ થઇ જતાં એક પણ કેરી બેસવા પામે નહીં. દુધમાંથીજ દહીં થાય છે, માટે સમયની કોઇપણ કારણમાં જેવી જરૂર છે તેવીજ સ્વભાવની પણ છે. તેમજ સમય અને સ્વભાવ બેઉનો યોગ મળ્યો હોય; પરંતુ તેમાં જો નિયત કારણ ન હોય તો તે કામ ફતેહને ન ભેટે; જેમકે ત્રીજા ચોથા આરામાં ભવ્ય જીવ વિશેષ હતા છતાં જેઓએ સમકિત પ્રાપ્ત નહીં કરેલું તેઓએ ભવ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ મોક્ષ પ્રાપ્તિ ન કરી. એટલે કે સમય સ્વભાવ બેઉ કારણ છતાં નિયત કારણ ન મળ્યું જેથી મોક્ષમાર્ગ હાથ ન લાગ્યો. આંબો ફળવાની મોસમ છે. આંબો ફળે તેવો નિયમ છે, પણ તેને ખાતર વગેરેના સંયોગરૂપ નિયત કારણ મુકરર કરવામાં આવે તો આંબો ફળે; માટે કાળ સ્વભાવ ને નિયત એ ત્રણે કારણની દરેક કામમાં જરૂરત છે. જો કે એ ત્રણે કારણ હાજર હોય, છતાં ઉદ્યમ ન કરે તો તે કારણો હાજર છતાં મહેનત નકામી થઈ પડે છે જેમકે ઘઉં ઉગવાની શીયાળામાં મોસમ છે, ઘઉં ઉગે પણ છે, ઉંબીઓ પણ આવે છે; છતાં પણ તેને પુરતું પાણી ન અપાય, વાડ વગેરેનો બંદોબસ્ત ન કર્યો હોય તો તે ઘઉં પાકી શકતા નથી, કેમકે ત્રણે કારણ રજુ છતાં ઉદ્યમની ખામી રહી; જેથી એ કારણોમાં ઉદ્યમની મેળવણીની પણ ખાસ જરૂરજ છે. અને એ ચારે કારણો હાજર હોય છતાં પણ કર્મ સારાં ન હોય, જેમકે કપાસની મોસમમાં કપાસ વાવે, ઉગે, જીંડવાં લાગે અને કપાસ ઉતારવાનો વખત આવી પહોંચે કે હીમ પડે, એટલી બધી મહેનત ધૂળમાં મળી જાય. સ્થૂલીભદ્રજીએ તપસંયમનો બહુ જ ઉદ્યમ કર્યો છતાં ભવિતવ્યના–પૂર્વકૃતકર્મ કારણની અપ્રાપ્તિથી મોક્ષસાધન--કેવળજ્ઞાન ન પ્રાપ્ત કર્યું. મતલબ એજ કે દરેક કામમાં આ પાંચે કારણ મળે તોજ કોઈ પણ કામ સિદ્ધ થાય છે, નહીં કે એ પાંચમાંથી એકની ખામી હોય તો તેથી કાર્યસિદ્ધિ હાથ લાગે. એ પાંચે કારણનો મિલાપ કરાવી દેનાર ઇષ્ટ

હેતુરૂપ મોટું પુણ્યજ છે, તે પુણ્યજ બધાએ સારા સંયોગોના પ્રપંચ મેળવી દે છે, એથી સહુ કરતાં પુણ્ય એજ મોટું છે. એજ પુણ્યના યોગવડે શ્રીપાળકુંવર અને ત્રૈલોકયસુંદરીનો સંબંધ જોડાયો. એવીજ રીતે શૃંગારસુંદરીની પ્રાપ્તિનો પ્રબંધ હું કહીશ. (૧—૩)

---

(ઢાળ સાતમી-સાહિબા મોતીડો હમારો-એ દેશી.)

એક દિન રાજસભાયેં આવ્યો,
ચર કહે અચરિજ મુઝ મન ભાવ્યો;
સાહિબા રંગીલા હમારા, મોહના રંગીલા,
દલપત્તનનો છે મહારાજા.
ધરાપાળ જસ બિરૂ પખ તાજા. સા. મો. ૧
રાણી ચોરાશી તસ ગુણખાણી,
ગુણમાળા છે પ્રથમ વખાણી; સા.
પાંચ બેટા ઊપર ગુણપેટી.
શૃંગારસુંદરી છે તસ બેટી. સા. મો. ૨
પલ્લવ અધર હસિત સિતફૂલ,
અંગ ચંગ કુચફળ બહુ મૂલ; સા.
જંગમ તે છે મોહનવેલિ
ચાલતી ચાલ જિસી ગજગેલી, સા. ૩
પંડિતા વિચક્ષણા પ્રગુણા નામેં,
નિપુણા દક્ષા સમ પરિણામેં; સા.
તેહની પાંચ સખી છે પ્યારી,
સહુની મતી જિનધર્મેં સારી. સા. ૪
તે આગળ કહે કુંમરી સાચું,
આપણનું મ હોજો મન કાચું; સા.
સુખ કારણ જિન મતનો જાણ,
વર વરવો બીજો અપ્રમાણ. સા. ૫
જાણ અજાણ તણો જે જોગ,
કેળ કંથેરનો તે સંયોગ; સા.

વ્યાધિ મૃત્યુ દારિદ્ર વનવાસ,
અધિકો કુમિત્ર તણો સહવાસ. સા. ૬
હેમમુદ્રાયેં અકીક ન છાજે,
શ્યો જળધર છે ફોકટ ગાજે; સા.
વર વરવો પરખીને આપ,
જિમ ન હોય કર્મ કુજોડાલાપ. સા. ૭
કહે પંડિતા પરનું ચિત્ત,
ભાવ લખેજે સુણિયેં કુવિત્ત; સા.
સીથેં પાક સુભટ આકારેં,
જિમ જાણીજેં શુદ્ધ પ્રકારે. સા. ૮
કરિય સમસ્યા પદ તુમે દાખો,
જે પરે તે ચિત્ત માંહિ રાખો; સા.
ઇમ નિસુણી કહે કુંઅરી તેહ,
વરૂં સમસ્યા પૂરે જેહ, સા. મો. ૯
તેહ પ્રસિદ્ધિ સુણીને મળિયા,
બહુ પંડિત નર બુદ્ધે બળિયા; સા.
પણ મતિવેગ તિહાં નવિ ચાલે,
વાયુ વેગેં નવિડુંગર હાલે. સા. ૧૦
પંચ સખાયુત તે નૃપબેટી,
ચિત્ત પરખેરી સમસ્યા મહોટી; સા.
સુણિય કહે જન કેમ પૂરીજેં,
પરમનદહ કિમ થાહ લહીજેં. સા. ૧૧

અર્થ—ઉપર કહેલાં પાંચ કારણો પુણ્યબળથીજ મળે છે એની સાબિતી માટે કવિ કહે છે કે—એક દિવસ રાજસભાની અંદર એક જાસૂસ આવ્યો અને તે શ્રીપાળકુંવર પ્રત્યે કહેવા લાગ્યો—" હે રંગીલા સાહેબ ! જે આશ્ચર્ય મારા મનને પસંદ પડયું છે તે હું કહું છું માટે કૃપા કરી શ્રવણ કરો. મોહનજી ! દલપત્તન નામનું શહેર છે ત્યાં ધરાપાળ નામનો રાજા કે જે મોસાળ અને બાપ એ બેઉ પક્ષવડે નૂરદાર છે તે રાજ્ય કરે છે. તે રાજાને ગુણની ખાણ જેવી ચોરાશી રાણીઓ છે, તેઓમાં ગુણમાળા

નામની પટરાણી છે. તે ગુણમાળાને પાંચ કુંવરો ઉપર ગુણ સંગ્રહવાની પેટીરૂપ એક શૃંગારસુંદરી નામની બેટી–કુંવરી છે. જગતમાં જે મોહનવેલી છે તે સ્થાવર–સ્થિર થઇ રહેલી હોય છે, પણ શૃંગારસુંદરી તો જંગમ–હાલતી ચાલતી મોહનવેલી રૂપ છે, તે મોહનવેલીને નવપલ્લવ સમાન લાલ અને સુકોમળ હોઠરૂપ પત્ર છે, ઉજળી દાંતની પંક્તિરૂપ શ્વેત પુષ્પ છે, અને સ્તન યુગલરૂપ રસભરિત સુંદર ફળ છે, એથી તે મોહનવેલીનું અંગ સૌંદર્યતાવાળું દેખાય છે, એટલે કે જેમ મોહનવેલનાં ફૂલ રાતાં અને સુંવાળા હોય છે તેમ શંગારસુંદરીના હોઠ રાતા સુંવાળા છે. જેમ તે વેલીના ફૂલ મોસમ - વખતે જ દેખાવ દે છે ને તે શ્વેત રંગના હોય છે, તેમ શૃંગારસુંદરીના ઉજ્જવળ–ધોળા દાંતોની હાર હસતી વખતે જ નજરે પડે છે. જેમ તે વેલીને જોડલે જ રસીલાં ગોળ ફૂલ લાગે છે, તેમ શૃંગારસુંદરીના મનોહર યુગલ સ્તન છે; જેથી તે જંગમ વેલીની આકૃતિ અતિ સુંદર છે. અને જેમ તે મોહનવેલી પવન પ્રસંગથી મંદમંદ હાલે છે, તેમ શૃંગારસુંદરી પણ ધીમી પરંતુ મનહરણ કરનારી ઝુલતી હાથણીની ચાલ સમાન ચાલે છે. તેની તહેનાતમાં મનમેળું પાંચ સાહેલીઓ છે, તે તેને ઘણીજ વહાલી છે. એટલે કે પંડિતા, વિચક્ષણા, પ્રગુણા, નિપુણા અને દક્ષા એ પાંચ નામ પ્રમાણે ગુણ ધરાવનારી, સમાન પરિણામવાળી અને જૈન-ધર્મમાં સારી રીતે રૂચિવંત મતિવાળી છે. (હંમેશાં સરખી ઉંમર –અવસ્થા, વિચારણા, ધર્મરૂચિ હોય તો જ દોસ્તી એક સરખી નિભે છે.) તે પાંચ સખીઓની અગાડી સત્યપણે શંગારસુંદરી કહ્યા કરે છે કે–'સખિયો ! આપણ છએ જણીઓનું મન શ્રીજૈનધર્મ ઉપરથી કોઇ વખતે પણ ઢચુપચુ ગતિવાળું ન થશો એજ આપણી પરમાત્મા પ્રત્યે વિનંતી છે, અને એ માટેજ સાંસારિક સુખને રસીલું રહેવા જૈનધર્મના રહસ્યનો જાણકાર જે પુરૂષ હોય તેનેજ વરવો; પરંતુ તે સિવાયના વરને વરવો એ આપણને મંજુર નથી; કેમકે એક જાણકાર હોય અને બીજું અજાણ હોય એવાનો મિલાપ થાય તો તે કેળ ને કંથેરના ઝાડનો સંયોગ થવા સરખો દુઃખદાયી મિલાપ થઇ પડે છે. એટલે કેળ સુંવાળી હોય છે ને તેની સાથે કાંટાળી કંથેરનો મિલાપ થવાથી સુંવાળી કેળને તીખા કાંટાઓ વડે ચીરીને કદરૂપી કરી નાખે છે, તેવી રીતે સુજ્ઞાની જનની સાથે અજ્ઞાન જનનો સંયોગ થાય એ પણ તન મનને ચીરી જીવનને જોખમ પહોંચાડનારો થઇ પડે છે; માટે જ અસાધ્ય કે ભયંકર વ્યાધિ, તથા મરણ, દારિદ્રય અને વનવાસ એઓના દુઃખ કરતાં પણ નાઠારા મિત્રનો સહવાસ બહુજ દુઃખદેનારો હોય છે; કેમકે વ્યાધિ, મરણ, દારિદ્રય અને વનવાસ એકજ ભવ દુઃખ દે છે; પરંતુ નઠારા દોસ્તદારનો સહવાસ નઠારી મતિ કરનારો હોવાથી જન્મો

જન્મ દુઃખ આપનાર નીવડે છે, માટે એ બધાં દુઃખો કરતાં નરસા જનનો સંગ અધિક દુઃખદાઇ છે, માટે સોનાની વીંટીમાં હીરો-માણેક જડાય તે જ યોગ્ય છે, પણ અકીક જડવો યોગ્ય નથી. આવીજ રીતે આપણુ નિર્મળ સોના સરખી જૈન ધર્મિણીઓની સાથે અકીકરૂપ મિથ્યાત્વી પતિનો સંગ જોડાવો અયોગ્યજ છે. તેમજ જે પુરૂષ ઉપરથી શરદના મેઘની પેઠે ફોગટ ઘટાટોપ દેખાડી ગાજનારોજ હોય એટલે ઉપરથી રૂપાળો હોય છતાં અંદર રહસ્ય વિનાનો હોય તે પુરૂષ પણ આપણે ન વરવો; પરંતુ પરીક્ષા કરીનેજ વર વરવો કે જેથી પાછળથી કજોડાનાં રોદણાં ન રોવાં પડે.' આવું શૃંગારસુંદરીનું બોલવું સાંભળી પાંચ સખિયો પૈકી પહેલી પંડિતા નામની સખી બોલી કે "જે પુરૂષ કવિત્ત સાંભળીને સામાના ચિત્તનો ભાવ સમજી જાય તે ચતુર પુરૂષ ગણાય છે. જેમ દાળ, ભાત, ખીચડી વગેરે સીજ્યાની પરીક્ષા ફક્ત તેમાંનો એક દાણો દાબી જોવાથી જ થઇ આવે છે તેમ. તથા શુરવીર પુરૂષનો જેમ ચહેરો મહોરો જોવાથીજ તેના શરીરમાંની શકિત વગેરેની પરીક્ષા પડે છે, તેમ ફક્ત એકજ પદ રચી તેમાં પોતપોતાના મનનો ભાવ સમાવી સમશ્યા પદ બનાવી સંભળાવતાં બાકીના ત્રણ પદ તે જ ભાવ પૂર્ણ તૈયાર કરી આપશે તો સમજાઇજ જશે કે તે સમસ્યા પૂરક સ્વધર્મી છે કે વિધર્મી; માટે પોતપોતાની મરજી મુજબ જૈનધર્મ રહસ્યમય દોહરાનું ચોથું ચરણ રહસ્યમય બનાવીને ઉત્તર આપનાર પુરૂષને કહી બતાવો ને ઉત્તરમાં જે ત્રણ પદ બનાવી ઉમેરે તે ધ્યાનમાં રાખો એટલે જો આપણા મનની ધારેલી વાતનું રહસ્ય કહી બતાવે તો તે જ આપણો વર થશે." આવી રીતનું સખીનું વચન સાંભળીને શૃંગારસુંદરી બોલી કે જે મારા મનના વિચાર ભરી સમશ્યાનું પદ સાંભળી બાકીનાં ત્રણ ચરણ અર્થ સંગિતવાળાં બનાવી સંભળાવશે તેનેજ હું અવશ્ય વરીશ.૧ (આ પ્રમાણે બીજી સખીઓએ પણ પ્રતિજ્ઞા કરી.) જ્યારે આ પ્રતિજ્ઞા સંબંધીની વાત જગતની અંદર જાહેરમાં આવી ત્યારે ઘણાક બુદ્ધિમાન પંડિત પુરૂષો કે જે પાદપૂર્તિનો મર્મભાવ ભેદ સમજાવી પૂર્ણ કરી શકે તેવા હતા તેઓ એકઠા થવા લાગ્યા અને તે તે પદ સાંભળીને ઘણી ઘણી બુદ્ધિને કેળવવા લાગ્યા; તોપણ જેમ પવનનો પ્રબળ વેગ છતાં

૧ કુમારીકાઓનો વાર્તા સંબંધ એજ બોધ આપે છે કે:-જેની સાથે સંબંધ બાંધવો તેની સાથે પહેલેથીજ મનનો મિલાપ મળતો આવશે કે નહીં? તે તપાસી નક્કી કરી લેવું કે જેથી પસ્તાવાનો વખત ન આવે. બીજો એ બોધ આપે છે કે દુષ્ટજનનો સંગ તમામ જાતનાં દુઃખો કરતાં અત્યંત દુઃખદાયી છે માટે તેથી ખસુસ દૂર રહેવા ખંત રાખવી.

પણ ડુંગર ન ડોલી શકે તેમ બુદ્ધિની ઘણી પ્રબળ સત્તા છતાં (પાંચ કારણ પૈકી એકલા ઉદ્યમથી) કશી પણ ત્યાં મતિ ચાલી શકી જ નહીં. મતલબ કે કુમારિકાઓની વિચારણાને મળતા ભાવવાળાં કોઇએ પદપૂર્ણ કરી શકયા જ નહિ. આ પ્રમાણે પાંચ સખિયો સહિત રાજકુમારી મહત્તા ભરી સમસ્યા કરીને વર થવા આવનારના ચિત્તની પરીક્ષા કર્યા કરે છે; પરંતુ સાંભળનારા પંડિત પુરૂષો કહે છે કે-'એ સમસ્યા અમે શી રીતે પૂરી શકીએ!! એ પરાયા મનરૂપી ગહન-ઉંડા દ્રહનો તાગ તે શી રીતે લઇ શકીએ?! (૧-૧૧)

**સુણિય કુમાર ચમકયો આવે,**
**ઘર કહે હો મુઝ હાર પ્રભાવે; સા.**
**દલપત્તનગર જિહાં નૃપકન્યા,**
**તિહાં પહોતો સખિયુત જિહાં ધન્યા. સા. ૧૨**
**દેખી કુમર અમરસમ તેહ,**
**ચિત ચમકી કહેજો મુઝ એહ; સા.**
**પૂરે સમસ્યા તો હું ધન્ય,**
**પૂરી પ્રતિજ્ઞા હોય કય પુણ્ય. સા. ૧૩**
**પૂછે કુંવર સમસ્યા કોણ?**
**કુંવરી સંકેત રાખી ગૌણ; સા.**
**શીષે કુમર દિયે કર પુરે,**
**પુત્તલ તેહ રહે ન અધુરે સા. મો. ૧૪**

અર્થઃ—આવું સાંભળીને શ્રીપાળકુંવર ચિત્તમાં ચમત્કાર પામી સભામાંથી ઉઠી ઘેર આવ્યો અને 'દલપત્તન નગરમાં જ્યાં રાજકન્યાએ સમસ્યાપૂરક માટે મંડપ કાયમ કરેલો કે ત્યાં પળમાં જઇ પહોચું' એવો મનમાં વિચાર કરી બોલ્યો 'મારા હારના મહીમાવડે ચિંતવેલા સ્થળે હાલને હાલ જઇ પહોચું એવું થાઓ!' એટલું બોલતાં તો હારપ્રભાવથી જ્યાં દલપત્તન શહેરની અંદર પાંચ સખીઓ સહિત ધન્યવાદ ને યોગ્ય રાજકન્યા છે ત્યાં જઈ પહોંચ્યો. જ્યારે દેદીપ્યમાન દેહધારી દેવસરખા શ્રીપાળકુંવરને પોતાની સમીપમાં સાક્ષાતપણે જોયો ત્યારે રાજકન્યા ચિત્તમાં ચમત્કાર પામી મન સાથે કહેવા લાગી-"જો આ નરરત્ન મારી સમસ્યા પૂર્ણ કરે તો મારું જીવિત ધન્ય છે. આ નરરત્નથી મારી પ્રતિજ્ઞા પૂર્ણ થાય તો હું કૃતપુણ્ય થઇ જાણીશ. આવો વિચાર કરે છે એટલામાં શ્રીપાળકુંવરે જ પૂછયું કે-'તમારી સમસ્યાઓ કેવા પ્રકારની છે તે કહી બતાવો!' આવું બોલવું

સાંભળી કુંવરીએ કરી રાખેલા સંકેત મુજબ મુખ્ય સખી (પણ રાજકુમારીથી નાની હોવાને લીધે મુખ્ય ન કહેતાં ગૌણ કહી.) પ્રથમ બોલી કે-"મનવાંછિત ફળ હોય-મનવાંછિત ફળ શાથી પ્રાપ્ત થાય!" આ અંતિમ ચરણની પાદપૂર્તિ કરવા કુંવરે પોતે શ્રમ ન લેતાં હારના મહીમા વડે મંડપની અંદર પોતાની નજીકના એક જડ પૂતળાના માથા ઉપર હાથ મૂકી તેને કહ્યું કે-"પૂછાતી સમસ્યાભરી પાદપૂર્તિઓનો તું પોતે જ પૂર્ણ પ્રકારે જવાબ દે કે જેથી કોઈ વાત અધૂરી ન રહી જાય," એટલે તે પૂતળું પંડિતાની સમસ્યા સંબંધે પાદપૂર્તિ કહે છે કે—

**પંડિતોવાચ-મનવંછિત ફલ હોઈ. પુત્તલોવાચ દોહા**

**અરિહંતાઈ સુનવહ પય, નિય મન ધરે જુ કોઈ;**
**નિચ્છય તસુ નરસેહરહ, મનવંછિત ફળ હોઇ. ૧**

અર્થઃ-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર ને તપ; એ નવે પદને જો કોઈપણ મનુષ્ય પોતાના મનની અંદર અવશ્ય પ્રકારે ધારણ કરે તો તે નરશેખર (મનુષ્યમાં શીરોમણિ) મનુષ્યનાં મનમાં ધારેલાં કામ ફતેહ થાય-મનવાંછિત સફળ થાય.' આ પ્રમાણે જૈનધર્મ રહસ્ય પૂરતિ સમસ્યા પૂર્ણ થવાથી પંડિતા મૌન કરી રહી, એટલે બીજી સખી વિચક્ષણા બોલી કે-

"અવર મ ઝંખો આળ-બીજાં આળ પંપાળની જંખના ન કરો."

આવો પ્રશ્ન થયો કે -પૂતળે જણાવ્યું કેઃ-

**વિચક્ષણોવાચ-અવર મ ઝંખો આલ. પુત્તલોવાચ;**

**અરિહંત દેવ સુસાધુ ગુરૂ, ધમ્મજ દયા વિસાલ;**
**જપહુ મંત્ર નવકાર તુમ, અવર મ ઝંખો આલ. ૨**

અર્થ-"દેવ શ્રી અરિહંત, શુદ્ધ સાધુ ગુરૂ, અને વિશાળ દયાવાળો ધર્મ; એ ત્રણે તત્ત્વવંત જે નવકાર મંત્ર છે તેનેજ જપો, અને બીજાં બધાં આળ પંપાળની ઝંખના ન કરો." આ પ્રમાણે વિચક્ષણાની સમસ્યાનો જવાબ મળતાં તેણીએ પણ મૌન ધર્યું એટલે ત્રીજી સખી પ્રગુણા બોલી કે-

"કર સફળો અપ્પાણ-હે જીવ! તું તારા આત્માને સફળ કર,"

આના જવાબમાં પૂતળે કહ્યું:—

**પ્રગુણોવાચ-કર સફલો અપ્પાણ પુત્તલોવાચ-**

**આરાહિજ્જઇ દેવ ગુરૂ, દિજ્જુ સુપત્તહિં દાણ;**
**તવ સંયમ ઉવયાર કરિ, કર સફળો અપ્પાણ. ૩**

અર્થ:-“ દેવ તેમજ ગુરૂનું આરાધન કરી, સુપાત્રે દાન દઇ અને તપ સંગમ તથા પરોપકાર કરીને હે જીવ ! તું તારા આત્માને સફળ કર.” આવી રીતે જૈનધર્મ રહસ્ય સમસ્યાનાં ચરણ પૂર્ણ થયાં સાંભળીને તેણીએ પણ ચુપકી પકડી. એટલે ચોથી સખી નિપુણા બોલી કે:—

“ જિત્તે લિખ્યો લિલાટ-જેટલું લલાટ-નશીબમાં લખ્યું હશે ” આ અધ્ધર ઝુલતા રહેલા પદનાં પહેલાં ત્રણ પદ પુર્ણ કરવા પૂતળે કહ્યું:—

નિપૂણોવાચ-જિત્તા લિહ્યો નિલાડ. પુત્તલોવાચ-
રે મન અપ્પા ખંચિ કરિ ચિંતા જાળ મ પાડ;
ફળ તિત્તોહિજ પામિયે, જિત્તો લિખ્યો નિલાડ, ૪

અર્થ—“ અરે મન ! તું આત્માને ખેંચીને પરાણે ચિંતાની જાળમાં ફસાઇશ નહીં, કેમકે ફળ તો જેટલું નસીબમાં લખ્યું હશે તેટલુંજ પ્રાપ્ત થશે, માટે તું તેમ કરીશ નહીં. ” આવો સચોટ જવાબ મળવાથી ચોથી સખી પણ ચુપ થઈ ગઈ. એટલે પાંચમી દક્ષા સખી બોલી કે:-

“ તસ તિહુઅણ જણ દાસ-ત્રણે ભુવનના જનો તેના દાસ થઇ રહે,” આના જવાપમાં પુતળે કહ્યું-

દક્ષોવાચ-તસ તિહુઅણ જણ દાસ પુત્તલોવાચ—
“ અતિથ ભવંતર સંચિઓ, પુણ્ય સુમુગ્ગલ જાસ,
તસુબળ તસુમઈ તસુસિરી, તસુતિહુઅણ જણ દાસ. ૫

અર્થ:-જે મનુષ્યે પાછલા ભવોની અંદર સમસ્ત પુણ્યનો સંચય કરેલો છે તે મનુષ્યને બળ, બુદ્ધિ અને લક્ષ્મી પ્રાપ્ત થાય છે, અને સ્વર્ગ, મૃત્યુ પાતાળ; એ ત્રણે લોકના વાસીઓ તેના દાસ થઈને રહે છે. ” આવો જવાબ મળતાં દક્ષા સખીએ પણ મૌન ધારણ કર્યું. એટલે મુખ્યા શૃંગારસુંદરી બોલી કે:-

“ રવિ પહેલાં ઉગંત-સૂર્ય ઉગ્યાં પહેલાં તે ઉદય પામે છે. ” આના જવાબમાં પૂતળે કહ્યું:-

શૃંગારસુંદર્યુવાચ-રવિ પહેલા ઉગંત; પુત્તલોવાચ,
“ જીવંતાં જગ જસ નહીં, જસ વિણ કાંઇ જીવંત;
જે જસ લેઇ આથમ્યા, રવિ પહેલાં ઊગંત ૬

અર્થ:-જીવતાં છતાં પણ જેનો જગની અંદર યશ ફેલાયો નથી, તો તેવા જીવો યશ વિના શા માટે જીવે છે ? ‘ કેમકે યશ વગરના જીવતર

કરતાં તો મરવું લાખ ગણે દરજ્જે ઉત્તમ છે.) પરંતુ જે જીવો યશ મેળવીને આ જગતમાંથી અસ્ત પામ્યા છે (મરી ગયા છે) તે જીવો સૂર્યના ઉગ્યાં પહેલાં ઉદય પામે છે. મતલબ કે સૂર્યોદય પહેલાં તેઓના નામનું સ્મરણ થાય છે"

(ઢાલ પૂર્વની–પહેલાંની દેશી પ્રમાણે.)

પૂરે કુમર સમશ્યા સારી,
 આનંદિત હુઇ નૃપતિકુમારી; સા.
વરે કુમાર તે ત્રિભુવનસાર,
 ગુણનિધાન જીવનઆધાર. સા. ૧૫
પૂતળ મુખ સમશ્યા પરાવી,
 રાજા પ્રમુખ જન સવિ હુઓ ભાવિ; સા.
એ અચરિજ તો કહિયે ન દીઠું,
 જિમ જોઇયે તિમ લાગે મીઠું. સા. ૧૬
રાજા નિજ પુત્રી પરણાવે,
 પંચ સખી સંજુત મન ભાવે; સા.
પાણિગ્રહણ મહ સબળો કીધો,
 દાન અતુલ મનવંછિત દીધો. સા. ૧૭
સાતમી ઢાળ એ ત્રીજે ખંડે,
 પૂરણ હુઇ ગુણ રાગ અખંડે; સા.
સિદ્ધચક્રના ગુણ ગાઇજે,
 વિનય સુસજસુખ તો પાઇજે. સા. ૧૮

અર્થ:–આ પ્રમાણે શ્રીપાળકુંવરે સારી રીતે સમશ્યા પૂર્ણ કરી જેથી રાજકુમારી ઘણીજ આનંદીત થઈ અને સ્વર્ગ, મૃત્યુ, પાતાળ એ ત્રણે ભુવનમાં સાર, ગુણના ભંડાર, તથા જીવનના આધારરૂપ; શ્રીપાળકુંવરને વરી બેઠી. ઉપર મુજબ પૂતળામાં જીવત્વ નહીં, છતાં જે જડના મોઢેથી સમશ્યા પૂર્ણ કરાવી તે જોઈને રાજા વગેરે તમામ મનુષ્યો ભાવિક થઇને કહેવા લાગ્યા–"અહા! આવું આશ્ચર્ય તો ક્યાંય કોઈ વખતે પણ દીઠું ન હતું, તેમ આ આશ્ચર્ય તો એવું છે કે જેમ જેમ વધારે જોઇએ તેમ તેમ વધારે વધારે મીઠું–વહાલું લાગે છે." ઇત્યાદિ ચમત્કાર પામી તે પછી રાજાએ મનની ઉલટ સાથે પોતાની પુત્રી

શૃંગારસુંદરી પાંચ સાહેલીઓ સહિત શ્રીપાળકુંવરને ધામધૂમ સાથે પરણાવી તથા પાણીગ્રહણનો ઘણો સારો મહોત્સવ કરી જે જેની ઇચ્છા પ્રમાણે માગણી કરી તે પ્રમાણે તે અર્થિજનોને પુષ્કળ દાન આપ્યું. (યશવિજયજી કહે છે કે આ ત્રીજા ખંડની અંદર સાતમી ઢાળ અખંડિત ગુણ અને રાગવડે કરીને પૂર્ણ થઈ, તે એજ બોધ આપે છે કે—જો શુદ્ધ ત્રિકરણ યોગ વડે સિદ્ધચક્રજીના ગુણ ગાયા કરિએ તો વિનય, સારો યશ અને ઉત્તમ સુખ; પ્રાપ્ત કરિએ માટે તમો સર્વ શ્રોતાઓ સિદ્ધચક્રજીના જ ગુણ ગાઓ કે જેથી એ લાભ પ્રાપ્ત થાય. (૧૫–૧૮)

(દોહા છંદ)

અંગભટ્ટ ઇણ અવસરેં, દેખી કુંમરચરિત્ર;
કહે સુણો એક માહરૂં, વચન વિચાર પવિત્ર. ૧
કોલ્લાગપુરનો રાજિયો, એ છે પુરંદર નામ;
વિજયા રાણી તેહની, લવણિમ લીલાધામ. ૨
સાત પુત્ર ઊપર સુતા, જયસુંદરી છે તાસ;
રંભા લઘુ ઊંચી ગઇ, જોડી ન આવે જાસ. ૩
લવણિમ રૂપ અલંકરી, તે દેખી કહે ભૂપ;
એ સરીખો વર કુણ હશે ? પાઠક કહો સ્વરૂપ. ૪
સા કહે ઇણ ભણતાં કળા, રાધાવેધ સ્વરૂપ;
પૂછયું તે મેં વરણવ્યું, સાધન ને અનુરૂપ. ૫
આઠ ચક્રથંભ ઊપરેં, ફરે દક્ષિણ ને વામ;
અરવિવરોપરિ પૂતળી, કાઠની રાધા નામ. ૬
તેલ કઢા પ્રતિબિંબ જોઇ, મૂકે અધોમૂખ બાણ;
વેધે રાધાં વામ અચ્છિ, રાજાવેધ સુજાણ. ૭
ધનુર્વેદની એ કળા ચાર વેદથી ઉડ્ઢ;
ઉત્તમ નર સાધી શકે, નવિ જાણે કોઇ મૂઢ. ૮
તે સુણી તુજ પુત્રી નૃપતિ, કરે પ્રતિજ્ઞા એમ;
વરશું રાધાવેધ કરી, બીજો વરવા નેમ. ૯
મહોટાં મંડપ માંડિયેં, રાધાવેધનો સંચ;
કરિયેં જિમ વર પામિયેં, પાઠક કહે પ્રપંચ ૧૦

મંડપ નૃપ મંડાવિયા, રાધાવેધ વિચાર;
પણ નવિ કો સાધી શકે, પણ સાધશો કુમાર. ૧૧
ઇમિ નિસુણી તે ભટ્ટને, કુંડળ દેઇ કુમાર;
રયણી નિજ વાસે વસી, ચાલ્યો પ્રાત ઉદાર. ૧૨
પહોતો તે કોલ્લાગપુર, કુમર દૃષ્ટિ સબ સાખી;
સાધ્યો રાધાવેધ તિહાં, હાર મહિમ ગુણ દાખી. ૧૩
જયસુંદરિયેં તે વર્યો, કરે ભૂપ વિવાહ;
તાસ દત્ત આવાસમાં, રહે સુજશ ઉચ્છાહ. ૧૪

અર્થ:—અંગભટ્ટ નામનો વિદેશી બ્રાહ્મણ શ્રીપાળજીનું કાર્યચરિત્ર નિહાળીને આશ્ચર્યચકિત થઇ શ્રીપાળકુંવર પ્રત્યે કહેવા લાગ્યો—"મહારાજ ! મારૂં પણ એક સારા વિચારવાળું વચન શ્રવણ કરો. એક કોલ્લાગપુર નામના શહેરનો પુરંદર નામનો રાજા છે. તેને વિજયા નામની પટરાણી કે જે વિશેષ ચાતુર્યતાની લીલાના મંદિરરૂપ છે, તેણીને સાત પુત્રોની ઉપર એક જયસુંદરી નામની પુત્રી થઈ છે કે જેણીના રૂપ અગાડી સ્વર્ગની અપ્સરા રંભા, ઉર્વશી, તિલોત્તમા; વગેરે હલકી તુચ્છ રૂપવાળી જણાતાં તે બિચારીઓ, હલકી બાજુના ત્રાજવાની દાંડી જેમ ઉંચી જતી રહે, તેમ મૃત્યુલોક તજી ઉંચે સ્વર્ગમાં જઇ વસી; તો પણ તેણીની બરાબર રૂપવંત થઈ નહીં; કેમકે ઊંચી ગયેલી દાંડી નમેલા—ભારે ત્રાજવાની બરાબર કયાંથી થઇ શકે ! માટે કહું છું કે આ સમયમાં એ જયસુંદરીની રૂપગુણ લાવણ્યતાની અંદર બરાબરી—હરિફાઇ કરે તેવી સંસારભરમાં કોઈ બીજી સ્ત્રી છેજ નહીં. એવી લાવણ્યતાવંત રૂપવડે અલંકૃત હોવાથી તેના પિતાએ પાઠક—જોશીને પૂછયું કે—"પાઠકજી ! જયસુંદરીના લાયક કોણ વર પ્રાપ્ત થશે ? અથવા તો કેવી રીતે કરવાથી તે પ્રાપ્ત થશે ? તેનું સવિસ્તર સ્વરૂપ કહો." રાજાના પ્રશ્ન સંબંધી ઉત્તરમાં પાઠકે કહ્યું કે—રાજન્ ! જયસુંદરી જે વેળા મારી અગાડી વિદ્યાભ્યાસ કરતી હતી તે વખતે રાધાવેધ સાધવાની કળા સંબંધી સ્વરૂપ મને ( કુંવરીએ ) પૂછયું હતું જેથી મેં તે કળા સાધવા માટે યોગ્ય વર્ણન કરી બતાવ્યું હતું. એટલે કે—એક થાંભલાની ઉપર આઠ ચક્ર ગોઠવવાં, તે પૈકીનાં ચાર ચક્ર જમણી બાજુએ સવળાં ફરતાં હોય છે ને ચાર ડાબી બાજુએ અવળાં ફરતાં હોય છે. તે આઠે ચક્રના આરાના છિદ્રની ઉપર રાધા નામની લાકડાની બનાવેલી પુતળી ગોઠવેલી હોય છે, તે પુતળીની ડાબી આંખમાં થાંભાના થડમાં ગોઠવી રાખેલા તેલ ભરેલા કઢાયામાં તે પુતળીનો પડછાયો જોઇ જે પુરૂષ

બાણ મારીને પુતળીની આંખને વિંધી કહાડે તે સુજાણ પુરૂષ રાધાવેધ સાધનાર કહેવાય, અને એ કળા ધનુર્વેદ કે જે ચાર વેદના અંતર્ગત છે છતાં ઉંચા પ્રકારની કળા છે તેને ઉત્તમ પુરૂષ હોય તે જ સાધી શકે છે; નહીં કે નીચ કનિષ્ઠ પુરૂષ સાધી શકે! સાધી શકે તો શું પણ તે કળાને મૂર્ખજન તો જાણુવા લક્ષમાં લેવા પણ શક્તિમાન થતો નથી; કેમકે તે વિદ્યાના ગૂઢ ભેદની મૂઢને શું ખબર પડી શકે! આ પ્રમાણે મારા મોઢેથી રાધાવેધ સંબંધી બીના જાણી હે રાજન્! આપની પુત્રી જયસુંદરીએ પ્રતિજ્ઞા સાથે નિયમ લીધો છે કે જે રાધાવેધ સાધશે તે જ સુજાણ નરને હું વરીશ, પણ બીજાને કદી વરીશજ નહીં; માટે મોટા મોટા મંડપની માંડણી કરી રાધાવેધની રચના સંબંધી ગોઠવણ કરો કે જેથી જયસુંદરીના લાયક વર પ્રાપ્ત થાય.' આ પ્રમાણે પાઠકે રાધાવેશ પ્રપંચ કહ્યો, જેથી રાજાએ તે જ મુજબ રાધાવેધની રચના રચી છે; પરંતુ હજુ લગણ કોઈએ પુરૂષ તે રાધાવેધની કળામાં ફતેહ મેળવી કુંવરીની પ્રતિજ્ઞા પૂર્ણ કરી શકયો નથી, પણ હું જોવા અનુભવવા ઉપરથી ( શૃંગારસુંદરી વગેરેની સમસ્યા પુતળા પાસે પૂરાવ્યાના અજબ બનાવ જોવાથી ) કહું છું ને માનું છું કે તે કળા આપ અવશ્ય સાધી કુંવરીની પ્રતિજ્ઞા પૂર્ણ કરી શકશોજ!"

આ પ્રમાણે કુંવરે અંગભટ્ટનું મંગળ વરદાયી વચન સાંભળી તે વધામણીમાં તેને કાનના કુંડળ આપીને આનંદ પ્રાપ્ત કર્યો અને તે રાત્રીએ પોતાના નિવાસસ્થળમાં જ નિવાસ કરી પ્રાતઃકાળે હારના પ્રભાવથી ઉદાર ચિત્તવંત કુમાર કોલ્લાગપુર જઇ પહોંચ્યો, તથા તેણે સર્વની નજર રૂબરૂ હાથના મહીમા વડે પોતાના ગુણો પ્રકટ કરી સર્વની સામે રાધાવેધ સાધી બતાવ્યો, એથી પ્રતિજ્ઞા પૂર્ણ થવાને લીધે જયસુંદરીએ મન સાથે ઈચ્છિત વરને વરી લીધો. એટલે રાજાએ શ્રીપાળકુંવર સાથે મહોત્સવ પૂર્વક જયસુંદરીનો વિવાહ કર્યો અને દંપતીને રહેવા આવાસ-મકાન આપ્યું તેમાં વસી સુયશ તથા ઉત્સાહપુર્વક દિવસ વ્યતિત કરવા લાગ્યાં.

---

( ઢાળ આઠમી-બન્યોરે કુંવરજીરો સેહરો-એ દેશી. )

હવે માઉળ નૃપ પેસિયા,
આવ્યા નર આણુા કાજરે; વિનીત.
લીલાવંત કુંઅર ભલો,
કુંવરે પણ નિજ સુંદરી,
તેડાવી અધિકે હેજરે. વિનીત. લી. ૧

સૈન્ય મળ્યું તિહાં સામટું,
હય ગય રથ ભડ ચતુરંગરે; વિ.
તિણ સંયુત કુંઅર તે આવિયો,
ઠાણાભિધપુર અતિ ચંગરે. વિ. લી. ૨

આણંદિયો માઉલ નરપતિ,
તસ સિરિવર સુંદરી દેખિરે; વિ.
થાપે રાજ શ્રીપાળને,
કરે વિધિ અભિષેક વિશેષરે. વિ. લી. ૩

સિંહાસન બેઠો સોહિયે,
વર હાર કિરીટ વિશાળ રે; વિ.
વર ચામર છત્ર શિરે ધર્યાં,
મુખકજ અહેસરત મરાળરે. વિ. લી. ૪

સોળે સામંતે પ્રણમિયે.
હય ગય મણિ મોતિય ભેટરે; વિ.
ચતુરંગી સેનાએં પરવર્યો,
ચાલે જનની નમવા નેટરે. વિ. લી. ૫

ગામ ઠામેં આવંતડો,
પ્રણમિતો ભૂપેં સુપવિત્તરે; વિ.
ભેટીજંતો બહુ ભેટણે,
સોપારય નગરે પહુંત્તરે. વિ. લી. ૬

અર્થ—આ પ્રમાણે આત્યાનંદમાં શ્રીપાળકુંવર સમય વીતાવતા હતા તે દરમિયાન હવે ઠાણાપુરથી મામા કહો કે મામાજી કહો તેમણે શ્રીપાળ-કુંવરને પોતાની નજીકના શહેરમાં આવી વસેલા જાણી ઠાણાપુરમાં બોલાવી લાવવા માટે તેડાગરનો પરિવાર મોકલ્યો, જેથી તે વિનયવંત રાજપુરૂષ-મંડળ વસુપાળ રાજાના હુકમથી કોલ્લાગપુર શહેરમાં આવી પહોંચ્યું, અને લીલાવંત કુંવરજીની તે મંડળે ભેટ લીધી, તથા કુશળ સમાચાર કહી આવવાનું કારણ સ્પષ્ટ કર્યું. એટલે કુંવરજીએ પણ સ્નેહપૂર્વક પોતાની વિવાહિતાઓને જુદે જુદે શહેરોથી ખેપિયા મોકલીને તાકીદે તેડાવી લીધી, તેથી તેઓ પણ પોતપોતાની દોલત ને સેના સહિત તાકીદથી આવી પહોંચી, પતિના ચરણકમળોમાં નમન કરી હાજર રહી. તે પછી તમામ જગોએથી

આવેલું લશ્કર એકઠું મળી રહેવાથી ઘોડા, હાથી, રથ અને પાળા; એ ચતુરંગી સેના સહિત શ્રીપાળકુંવર ત્યાંથી રવાના થઇ ઠાણાપુર શહેરમાં આવી પહોંચ્યો, અને તેની સાથેની સંપત્તિ તથા ઉત્તમ સુંદરીઓ વગેરેને જોઈને મામાજી સસરો બહુજ આનંદ પામ્યો. તેમજ ભાણેજ જમાઇને વિશેષ પુણ્યવંત પરાક્રમશાળી જાણીને તેણે વિધિપૂર્વક રાજ્યાભિષેક કરીને પોતાની રાજ્યગાદીનો વારસ બનાવ્યો. હવે કુંવરપદ મટી શ્રીપાળ રાજ્યપદવંત થયો, જેથી માથાપર રાજમુકુટ, હાર વગેરે રાજભૂષણો વડે ઘણોજ શોભાવંત થઇ રાજ્યસિંહાસન પર બેઠો મહા શોભાયમાન દેખાવા લાગ્યો. ઉત્તમ ચામરો માથાપર વીંઝાતાં હતાં; તેમજ છત્રો શિરપર ધર્યાં હતાં; તે પૈકી બન્ને બાજુએ બેઉ શ્વેત ચામરો વીંઝાતાં હતાં તે જાણે શ્રીપાળ મહારાજાના મુખકમળનો આશ્રય કરી બે શ્વેત હંસ રહ્યા ન હોય ? તેવો ખ્યાલ કરાવતાં હતાં. તેમજ શ્રીપાળ મહારાજાથી ઉતરતા દરજ્જાના સોળ સામંત રાજાઓ કે જે શ્રીપાળ મહારાજાની હજુરમાં હાજર રહ્યા હતા, તેઓના હાથની હાથી, ઘોડા, મણિ, મોતિયોની ભેટો સ્વીકારી, શ્રીપાળ મહારાજા, મામાજી સસરાની સંમતિ લઈ, ચતુરંગી સેના સહિત ઠાણાપુરથી મંગળ પ્રયાણ કરી, પોતાની પૂજ્ય માતુશ્રીના ચરણકમળમાં નમન કરવાને માટે માળવા ભણી પંથ પસાર કરવા લાગ્યો. રસ્તામાં આવતાં નાના મોટા રજવાડાઓની પુષ્કળ ભેટની વસ્તુઓ અંગીકાર કરતો અને પવિત્ર રજવાડાંઓની સેવા બંદગી સ્વીકારતો સોપારક નગરે જઈ પહોંચ્યો. ( ૧–૬ )

તે પરિસર સૈંન્યેં પરિવર્યો,
આવસેં તે શ્રીપાળરે; વિ.
કહે ભગતિ શકિત નવિ દાખવે,
શું સોપારક નરપાળરે. વિ. લી. ૭
કહે પરધાન નવિ એહનો,
અપરાધ અછે ગુણવંતરે; વિ.
નામે મહસેન છે એ ભલો,
તારા રાણીમન કંતરે વિ. લી. ૮
પુત્રી તસ કુખેં ઊપની,
છે તિલકસુંદરી નામરે; વિ.
તે તો ત્રિભુવન તિલક સમી બની,
હરે ત્રિલોત્તમાનું ધામરે. વિ. લી. ૯

તે તો સૃષ્ટિ છે ચતુર મદનતણી,
અંગેં જીત્યા સવિ ઉપમાનરે; વિ.
શ્રુતિજડ જે બ્રહ્મા તેહની,
રચના છે સકળ સમાનરે. વિ. લી. ૧૦
દેહ પીઠેં હંસી સા સુતા,
કીધા બહુવિધ ઉપચારરે; વિ.
મણિ મંત્ર ઔષધ બહુ આણિયાં,
પણ ન થયો ગુણ તે લગારરે. વિ. લી. ૧૧
તે માટે દુઃખે પીડિયો,
મહસેન નૃપતિ તસ તાતરે; વિ.
નવિ આવ્યો ઇહાં એ કારણે,
મત ગણજો બીજો વાતરે. વિ. લી. ૧૨

અર્થ—લશ્કરના પરિવાર સહિત તંબૂ ખડા કરાવીને ત્યાં વિશ્રામ લીધો. ત્યારપછી શ્રીપાળ મહારાજા પ્રધાન પ્રત્યે કહેવા લાગ્યા.–" કેમ આ સોપારકપુરનો રાજા કશી ભકિત બતાવીને ભેટ લઇ નમન કરવા આવતો નથી ?" પ્રધાને અરજ કરી–"ગુણવંત મહારાજાજી ! એ રાજાનો કશો પણ અપરાધ નથી, પરંતુ જે કારણને લીધે આપની સેવાચાકરી બજાવી શકયો નથી તે કારણ એજ છે કે મહસેન ભલો રાજા છે, તેને તારા નામની રાણી છે. તેણીની કુખથી તિલકસુંદરી નામની એક પુત્રી પેદા થએલી છે કે જે ત્રણે ભુવનની અંદર તિલક જેવી શોભાવંત બનેલ છે, અને તે સ્વર્ગમાં વસનારી તિલોત્તમા અપ્સરાનું પણ ઠેકાણું પોતાને તાબે કરે તેવી મહા સ્વરૂપવંત છે. મતલબ એજ કે તેને જોતાંજ તિલ્લોત્તમાને તુરત ટીનપાટ મળે તેવી અથાગ કાંતિવંત છે. રાજેંદ્રજી ! વિશેષ શું કહું પણ પ્રમાણુથી સિદ્ધ થાય છે કે ચતુરતામાં અત્યંત પ્રવીણ એ તિલકસુંદરી કામદેવની બનાવેલી સૃષ્ટિ પૈકીની સૃષ્ટિની રચાયલી છે. વેદ શ્રુતિયો ભણી ભણીને વેદિયા ઢોર જેવા બ્હેર મારી ગયેલા હૃદયવાળા બ્રહ્માની રચાયલી સૃષ્ટિની પેદાશવાળી સ્ત્રીઓ ઉપમા ઉપમાને કરીને સહિત છે–એટલે કે એક એવી જોડ મળી આવે તેવી છે, અને કલંકિત ઉપમાવાળી છે; એટલે કે ચંદ્ર જેવા મોઢાવાળી, કમળપત્ર સરખી આંખોવાળી, ગજકુંભસ્થળ સરખાં સ્તનમંડળવાળી; વગેરે દોષવંત વસ્તુઓની ઉપમાવાળી છે. મતલબ કે ચંદ્ર ક્ષીણ રોગવાળો–કલંકિત છે, કમળપત્ર હીમથી બળનાર છે ને હાથીનાં કુંભસ્થળ અંકુશના પ્રહારવંત છે જેથી નિષ્કલંક નથી; પરંતુ તિલોકસુંદરી નિષ્કલંક છે અને તેની બરાબરી કરે તેવી કોઇ ઉપમા આપી શકાય તેવી જોડ નથી,

જેથી નિપુણ કામદેવની રચેલી સૃષ્ટિ પૈકીની છે. જડ બ્રહ્મા જેવો બધિર હૃદયનો છે તેવો કામદેવ નથી. કામદેવ તો સર્વથી સૂક્ષ્મ પરમાણુવંત હોવાથી નાનકડા નાજુક મનમાં પેસી જઇને દરેક દેવોનાં ચિત્તને પણ હરણ કરી લે તેવો અચિંત્ય શક્તિમાન રોમરોમમાં પ્રસરનાર છે; જેથી તે ચતુર મદનની સૃષ્ટિ પૈકી તિલકસુંદરી હોવાથી તેણીએ બ્રહ્માની રચેલી સૃષ્ટિના અંગો અંગની દોષવંત ઉપમાઓને જીતી લીધેલ છે, એના લીધે તે ઉપમારહિત–નિરૂપમ રૂપવંત છે. તે તિલકસુંદરીને દીર્ઘ પૃષ્ટ જાતનો ઝેરી સાપ ડસ્યો છે અને તે ઝેર ઉતારવા ઘણા ઘણા ઉપાય કર્યા તથા મણિ, મંત્ર, ઔષધ; વગેરે પણ બહુ બહુ લાવવામાં આવ્યાં; તોપણ તે એકેથી જરા પણ ગુણ માલુમ પડયો નહીં, એથી દુઃખને લીધે પીડાતો તેણીનો પિતા મહસેન આપની સેવા બંદગી કરવા હાજર થઇ શકયો નથી. બીજું કશું ઘાતરૂપ કારણ આપ ગણશોજ નહીં. (૭–૧૨)

રાજા કહે કિહાં છે દાખવો,
તો કીજે તસ ઉપગારરે; વિ.
એમ કહી તુરગારૂઢે તિણે,
દીઠા જાતા બહુ નરનારરે. વિ. લી. ૧૩

સમશાને લેઇ જાતી જાણી,
તિહાં પહોતો તે નર નાહરે; વિ.
કહે દાખો મુઝ હું સઝ કરૂં,
મૂર્છિતને મ દિયો દાહરે વિ. લી. ૧૪

મહિયત મૂકી તે થાનકે,
કરી હાર નમણ અભિષેકરે; વિ.
સજ કરી સવી લોકના ચિત્તશું,
થઇ બેઠી ધરિય વિવેકરે. વિ. લી. ૧૫

મહસેન મુદિત કહે રાજિયો,
વત્સ તુજનેં એ સેં હોતરે; વિ.
જો નાવત એ વડ ભાગિયો,
ન કરત ઉપગાર ઉદ્યોતરે વિ. લી. ૧૬

તુઝ પ્રાણ દિયાં છે એહને,
તું પ્રાણ અધિક છે મુઝરે; વિ.

એહને તું દેવી મુઝ ઘટે,
એ જાણે હૃદયનું ગુઝરે. વિ. લી. ૧૭
સ્નિગ્ધ મુગ્ધ દૃગ દેખતાં,
ઇમ કહેતાં તે શ્રીપાળરે; વિ.
મનચિંતે મહારા પ્રેમની,
ગતિ એહ શું છે અસરાળરે. વિ. લી. ૧૮
જો પ્રાણ કહું તો તેહથી,
આધકો કિમ લખિયેં પ્રેમરે; વિ.
કહું ભિન્ન તો અનુભવ કિમ મિલે,
અવિરૂદ્ધ ઉભય ગતિ કિમરે. વિ. લી. ૧૯
ઇમ સ્નેહલ સા નિજ અંગજા,
શ્રીપાળ કરેં દિયે ભૂપરે; વિ.
પરણી સા આઠે તસ મલી,
દયિતા અતિ અદ્દભુત રૂપરે. વિ. લી. ૨૦
અડ દિટ્ઠિ સહિત પણ વિરતીને.
જિમ વંછે સમકિતવંતરે; વિ.
અડ પ્રવચન માત સહિત મુનિ,
સમતાને જિમ ગુણવંતરે. વિ. લી. ૨૧
અડ બુદ્ધિ સહિત પણ સિદ્ધિને,
અડ સિદ્ધિ સહિત પણ મુકિતરે; વિ.
પ્રિયા આઠ સહિત પણ પ્રથમને,
નિત ધ્યાવે તે ઇણ યુકિતરે. વિ. લી ૨૨
ઉત્કંઠિત ચિત્ત તેહશું,
વળિ જનનીને નમવા હેજરે; વિ.
શ્રીપાળ પયાણે પરિયું,
દેવરાવે ઢક્કા તેજરે. વિ. લી. ૨૩

અર્થ:–શ્રીપાળ મહારાજાએ આવું બોલવું સાંભળી આતુરતા સહિત કહ્યું કે–“ તે મૂર્છિત કુંવરી કયાં છે? મને તુરત બતાવો, હું તેણીને નિર્વિષ કરી દઈ ઉપકારક થાઉં,” એટલું બોલી તુરત મહારાજા ઘોડાપર સવાર થયા, એટલામાં તો ઘણાં સ્ત્રી પુરૂષોને શોકમય જતાં દીઠાં. એથી મૂર્છિત



શ્રીપાળરાજાને ધવળશેઠના સૈન્ય સાથે થયેલું યુદ્ધ. (પૃ. ૮૪)

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

કુંવરીને અગ્નિસંસ્કાર કરવા સ્મશાને લઇ જતી જાણી કે તાકીદથી ઘોડો દોડાવી મહારાજા સ્મશાન સ્થળ નજીક જઇ પહોંચ્યા અને તે ડાઘુઓને કહેવા લાગ્યા–" મને કુંવરી બતાવો હું એણીને સાજી કરૂં છું. તમો સર્પ-દંશથી મૂર્છા પામેલીને દાહ ન દો." આ પ્રમાણે ભવ્ય મૂર્તિવંતનું ભાષણ સાંભળી વિશ્વાસ ઉત્પન્ન થતાં તેઓએ મઇયતને તે જ ઠેકાણે ભોંયપર મૂકી એટલે શ્રીપાળ મહારાજાએ પવિત્ર પાણી મંગાવી હારનું ન્હવણ બનાવી (તે જળથી હાર ધોઇ) તેણીની આંખો પર, નખો પર તે જળ છાંટયું અને થોડું મોઢામાં મુકયું કે તુરતજ સર્વ પ્રેક્ષકોના મનમાં ચમત્કારિક રીતે પ્રતીતિ થાય તેમ તે કુંવરી નિર્વિષ થતાં સાજી થઈ, અને આળસ મરડીને બેઠી થઇ. એ જોઇ તેણીનો પિતા મહસેન ઘણોજ પ્રસન્ન ચિત્તવંત થયો અને પુત્રીપ્રત્યે કહેવા લાગ્યો–"હે વત્સ! જો આ મોટા ભાગ્યના ધણી અહિં ન પધારત ને ઉપકાર રૂપ પ્રકાશ ન કરત તો તારા શરીરની શી દશા થાત? હતી ન હતી જીંદગી થઇ જાત માટે તને પ્રાણદાન આમણેજ આપેલું છે, જેથી તું મને પ્રાણથી પણ વિશેષ વહાલી છે; તો પણ તને આ ઉપ-કારી પ્રાણદાતાના હાથમાં સોંપવી ૧ ઘટે છે, એ મારા હૃદયનો ગુપ્ત વિચાર છે તે તું ધ્યાનમાં લે, માટે તારે આ વરનરનેજ વરવો પડશે; કેમકે ભયથી બચાવે તેજ ભર્તા ગણાય છે." આ પ્રમાણે કહેવાથી ભદ્રિક ભાવવાળી અવિલસિત યૌવનાજ્ઞાતયૌવના મુગ્ધા છતાં યૌવનવિલાસથી અજ્ઞ હોવાને લીધે તિલકસુંદરીએ શ્રીપાળમહારાજાની તરફ સ્નેહાળ અને રાગવાળી એક ટકથી જોઈ ચિંતવવા માંડયું–" તારી પ્રેમની ગતિ આ વખ્તાવરજીની સાથે અકળ–ન કળી શકાય એવી–ન કહી બતાવાય એવી અને અજબ રંગવાળી છે, એ શું હશે? ખચિત પૂર્વ રાગનીજ પ્રબળતા હોવી જોઇએ, નહીં તો મારા મનની ગતિ આવી થાય જ નહીં. જો હું આમને મારા પ્રાણ કહું, તો તે પણ બોલવું લાયક જણાતું નથી; કેમકે પ્રાણથી પણ વિશેષ પ્રેમ આમની ઉપર ઉત્પન્ન થાય છે એથી પ્રાણ કહેતાં ન્યુનતાભાવ જણાય. પ્રાણ હોય તો જ પ્રેમ થાય છે. પ્રાણ વગર પ્રેમ થતો જ નથી એ જોતાં પ્રાણથી પ્રેમ અધિક ન ગણાય ત્યારે પ્રેમ અને પ્રાણ બન્ને બરાબર ગણાય અને દુનિયામાં તો પ્રાણથી પ્રેમ વિશેષ વહાલો ગણેલ છે; કેમકે ઘણા લોકો પ્રેમને જાળવવા માટે પ્રાણની આહુતી આપી દે છે; પરંતુ સજ્જન જ તો પ્રાણને માટે પ્રેમની આહુતી આપતા

૧ આ વચન એજ સૂચવે છે કે–ઉપકારીનો ઉપકાર ન ભૂલતાં તેનો ઉત્તમ બદલો વાળી આભારી થવુંજ ઘટે છે.

નથી. આમ જોતાં પ્રાણને પ્રેમરૂપ કહેતાં પણ બનતું નથી. અને જ્યારે પ્રાણ ને પ્રેમ અધિકતામાં ન્યૂનાધિક હોય તો તે બન્ને જૂદાજ ગણાય છે. એથી જો પ્રેમ ને પ્રાણ બેને જુદા કહું તો અનુભવ શી રીતે મળે? કેમકે પ્રાણ વગર પ્રેમને જાણનાર કોણ હોય? પ્રેમની ઓળખાણ પ્રાણનેજ છે. જે વસ્તુ જેનાથી જૂદી ન હોય તોજ તે વસ્તુનો અનુભવ થાય છે. જુદી વસ્તુનો અનુભવ થાયજ નહી. જો ભિન્ન વસ્તુનો અનુભવ થયો માની લેવાય તો અતી પ્રસંગ થાય, અને પ્રેમનો અનુભવ તો મને થાય છે. (આમ એક બીજા સાથે વિરોધી સ્વભાવ સ્વરૂપ છે તો એ પ્રેમપદાર્થની અંદર ઐકય સમાવેશપણે–અવિરોધભાવથી શી રીતે રહેલ છે) એજ માટે સમજું છું કે મારા પ્રેમની અલૌકિક ગતિ છે. આ પ્રકારે સ્નેહવતી કુંવરી ચિંતવન અને સ્નેહસિંધુમાં નિમજ્જન કરતી હતી, એ જોઈ મહસેન રાજાએ પોતાની પુત્રીનો શ્રીપાળ મહારાજા સાથે હસ્તમિલાપ કરાવ્યો. આ પ્રમાણે આઠ વિવાહિતા સ્ત્રીઓ એટલે કે મદનસેના, મદનમંજુષા, મદનમંજરી, ગુણસુંદરી, ત્રૈલોકયસુંદરી, શૃંગારસુંદરી અને તિલકસુંદરી; એ આઠે રાજકન્યાઓ અત્યંત અદ્ભુત સ્વરૂપવંતી એકઠી મળી; છતાં પણ જેમ મિત્રા તારા, બળા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરા; એ આઠ દૃષ્ટિ સહિત છતા સમકિતી જીવ નવમી સર્વ સંવરરૂપ વિરતીને ઇચ્છે છે તેમ, તથા પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, એ આઠ પ્રવચન માતાયુક્ત ગુણવંત મુનિવર હોવા છતાં જેમ નવમી સમતાને ચાહે તેમ, તથા શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા ઊહ, અપોહ, અર્થવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન; એ આઠ બુદ્ધિયો સહિત યોગીશ્વર જેમ નવ સિદ્ધિને ચાહે છે તેમ, તથા અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, વશિતા, ઈશિતા, પ્રાકામ્ય અને કામાવસયિત્વા; એ આઠ સિદ્ધિયો યુક્ત યોગીંદ્ર જેમ નવમી મુક્તિ–મોક્ષને ચાહે છે, તેમ શ્રીપાળ મહારાજા આઠ રાણીઓ હાજર છતાં નવમી મયણાસુંદરી કે જેના સંગ પ્રભાવથી સર્વ સુખ સાનિધ્ય થયાં તેણીનું હંમેશાં ધ્યાન ધરે છે. એથી તેણીને તેમજ જનેતાને સ્નેહસહ નમન કરવા આતુરતા વધી પડેલ છે તે કારણને લીધે શ્રીપાળ મહારાજાએ ત્યાંથી કુચ કરવા સંબંધી તેજદાર નગારે ડંકા દેવરાવ્યા. (૧૩–૨૩)

હય ગય રહ ભડ મણિ કંચણે,
વળી સત્ય વત્થ બહુ મૂલરે; વિ,
પગ પગ ભેટી જે નૃપ વરેં,
તેહનું ચક્રવર્તિસમ સૂલરે. વિ. લી. ૨૪

તસ સૈન્યભરે' ભારતિમહી,
અહિપતિફણ મણિગણ પ્રોતરે; વિ.
તેણે ગિરિ પણ જાણું નવિ ગિરિયા,
શશિ સુર નયણ વિધિ જોતરે. વિ. લી. ૨૫
મરહઠ સોરઠ મેવાડના,
વળી લાટ ભોટના ભૂપરે; વિ.
તે આવ્યો સઘળા સાધતો,
માળવદેશેં રવિરુપરે. વિ. લી. ૨૬
આગમન સુણી પરચક્રનું,
ચર મુખથી માળવરાયરે; વિ.
ભયભીત તે ગઢને સજ કરે,
તેહનું નવિ તેજ ખમાયરે. વિ. લી. ૨૭
કપ્પડ ચુપ્પડ તૃણ કણ ઘણાં,
સંગ્રહે તે ઇંધણ નીરરે; વિ.
સન્નદ્ધ હોય તે સુભટ વડા,
કાયર કંપે નહી ધીરરે. વિ. લી. ૨૮
ઇમ ઉજ્જેણી હુઇ નગરને,
લોકે' સંકીર્ણ સમીપરે; વિ.
વીંટી શ્રીપાળ સુભટે' તદા,
જિમ જલધિ અંતરદ્વીપરે. વિ. લી. ૨૯
ડેરા દીધા સવિ સૈન્યના.
પહેલો હુઓ રજની જામરે; વિ.
જનની ઘર પહોતો પ્રેમશું,
નૃપ હાર પ્રભાવે તામરે. વિ. લી. ૩૦
ઢાળ પૂરી થઇ આઠમી,
પૂરણ હુઓ ત્રીજો ખંડરે; વિ.
હોય નવપદ વિધિ આરાધતાં,
જિન વિનયેં સુયશ અખંડરે. વિ. લી. ૩૧

**અર્થ**:—હાથી ઘોડા, રથ, અને પાયદળ, તેમજ મણિરત્ન, સોનું,

બહુ મૂલાં વસ્ત્ર અને શસ્ત્ર વગેરે વગેરેનાં ભેટણાં ડગલે ડગલે લેતો અને મોટા રાજાઓને કૃપારૂપ ભેટ આપતો એટલે કે દરેક માનવંતા રાજાઓને પગે લગાડતો (ખંડીયા રાજા બનાવતો) શ્રીપાળ મહારાજા મજલ દર મજલથી પંથ પસાર કરતો ચક્રવર્તિના સરખો પરાક્રમી પ્રસિદ્ધ થયો. કવિ કહે છે કે–હંમેશાં નિયમ છે કે અણીદાર વસ્તુના ઉપર વજનદાર વસ્તુનું દબાણ થતાં તે તેમાં દાખલ થઇ જાય છે, જેમ કે અણીદાર નાનકડો કાંટો છતાં ભારે પગનો ભાર આવતાં પગમાં પરોવાઇ જાય છે, તેમ શેષ નાગનાં અણીદાર ફણમાં શ્રીપાળ મહારાજાના જબરા ભારવાળા લશ્કરનો ભાર આવતાં શેષનાગની ફણના મણીઓનો સમુદાય પરોવાઇ ગયો હશેજ કે જેને લીધે જાણી શકાય છે કે પર્વતો ઢળી ન પડયા હશે! કેમકે જો પૃથ્વી શેષનાગની ફણીપરની મણિયોમાં પરોવાઈ રહી ન હોત તો સૈન્યના ભારથી પૃથ્વી એક બાજુએ નમી જતાં સમાન પૃથ્વીપર રહેલા પર્વતો વગેરે ઢળીજ પડત; પણ તેમ ન થયું તેનું કારણ આ જ હોવું જોઈએ! આ મહાન નવાઈની વાત જાણીને તે વખતથી સૂર્ય ચંદ્ર રાત દિવસ શ્રીપાળ મહારાજાના લશ્કરને જોયા કરે છે, તે જાણે બ્રહ્મા સુર્ય ચંદ્રરૂપ આંખો ખોલીને શ્રીપાળ મહારાજાનું સૈન્ય નિહાળી ચિંતવન કરે છે કે ઠીક થયું જે ભૂમિ શેષના ફણની મણિઓમાં પરોવાઇ ગઈ જેથી મારી રચેલી સૃષ્ટિ આબાદ રહી; નહીંતો કંઈનું કંઇ થઈ જાત, એમ જાણી ચકિત બની શ્રીપાળ મહારાજાના લશ્કરને ચંદ્ર સૂર્યરૂપ ચક્ષુઓ મારફત જોયા કરતો હોયની? તેવો આભાસ પ્રગટ થાય છે. આ ઉત્પ્રેક્ષા અલંકાર-નો મતલબ એટલોજ છે કે–શ્રીપાળ મહારાજાનું લશ્કર ઘણુંજ જબરા વિસ્તાર વાળું હતું. આ લશ્કર સહિત મહારાષ્ટ્રના, મેવાડના લાટ અને ભોટ દેશના રાજાઓને પોતાના ખંડિયા રાજા બનાવતો બનાવતો શ્રીપાળ મહારાજા સૂર્ય સરખો પ્રદિપ્ત તેજ સહિત માળવ દેશમાં જઈ પહોંચ્યો; એટલે કે જેમ સૂર્યનિષધ પર્વતમાંથી ઉદય પામી હરિવર્ષ હિમવંત–ભરત વગેરે ક્ષેત્રો અને પહાડોને પ્રકાશ આપતો સંધ્યા સમય ફરીને નીષધ પર્વતની મુલાકાત લે છે, તેમ શ્રીપાળ મહારાજા પણ માળવાના પાટનગર ઉજ્જેણીથી ઉદય પામી વિદેશ ગમન કરતો રાજઋદ્ધિ, રમણીઓ, ધન, ચારે પ્રકારના લશ્કર; સહિત સર્વ દેશોને સાધતો પાછો માળવદેશમાં આવી પહોંચ્યો; એટલુંજ નહીં પણ છેક ઉદય સ્થળ પાટનગરની સમીપ જઈ પહોંચ્યો. જાસુસોના મોઢેથી બીજા રાજાનું જબરૂં લશ્કર ઉજ્જેણી તરફ ધસ્યું આવે છે એવા, સમાચાર મળતાં માળવાના રાજા પ્રજાપાળે ભયભીત થઇ (ડરીને) પોતાના ગઢને સમરાવી લીધો;

કેમકે પરરાજાના પ્રતાપનું તેજ સહન થઇ શકયું નહીં. તે તેજમાં અંજાઇ પોતાનો બચાવ ખોળ્યો, જેના લીધે કાપડ, ચોપડ, ઘાસ, દાણા, લાકડાં, પાણી; વગેરે જીવનાદિ નિર્વાહને માટે જોઇતી તમામ ચીજોનો સંગ્રહ કરી લેવરાવ્યો. તેમજ મોટા સમર્થ લડવૈયાઓને પણ શસ્ત્રઅસ્ત્રાદિ સજાવી તૈયાર કરી રખાવ્યા. આવો મામલો જોઈ બિચારાં બીકણ મનુષ્યો તો ધીરજને તજી દઈ ધ્રૂજવા લાગ્યાં–કે 'હાય! હાય! હવે આપણી શી વલે થશે!' આવી બીકને લીધે ઉજેણીની આસપાસ વસનારી વસ્તી ઉજેણીમાં પોતાના બચાવ માટે ભરાઇ પેઠી જેથી તે ઉજ્જેણી લોકની ભીડથી સાંકડી–ભીડવાળી બની ગઈ; કેમકે શ્રીપાળ મહારાજાનું લશ્કર દરિયાના તોફાની મોજાની પેઠે પૂર જોસથી ધસ્યે આવતું છેક ઉજેણીની લગભગ આવી પહોંચ્યું હતું, એથી ડરીને તેઓએ કોટનો આશરો લીધો હતો. લશ્કરે તો જોતજોતામાં ઉજેણીના કિલ્લાની ચોમેર જેમ દ્વીપની ચોમેર સમુદ્ર વીંટાઇ વળેલો હોય છે, તેમ નગરીના કોટને વીંટી લઇ પડાવ કર્યો, અને લશ્કરી છાવણી રચી પોતપોતાની ટુકડીના અલગ તંબૂ રાવઠી ડેરા ખડા કરી દીધા. જ્યારે રાત પડી અને રાતનો પહેલો પહોર વીતી ચૂકયો કે શ્રીપાળ મહારાજા હારના પ્રભાવથી આકાશપંથદ્વારા પોતાની માતાજીને મહેલે પ્રેમ સહિત નમન કરવા જઇ પહોંચ્યો. (યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે આ આઠમી ઢાળ પણ પૂરી થઇ અને તે સાથે ત્રીજો ખંડ પણ પૂરો થયો. આ ઢાળ અથવા આ ખંડ એજ પ્રતીતિ આપી રહેલ છે કે વિધિ સહિત નવપદજીનું આરાધન કરવામાં આવે તો જિનેશ્વરજીની ભક્તિ વડે વિનયવંત અને અખંડ સારો યશવંત થાય એમાં જરા પણ શક નથી;' કેમકે તેની પ્રતીતિ મળવાનો પ્રત્યક્ષ પ્રમાણ વાળો શ્રીપાળ મહારાજાનો ચમત્કારિક દાખલો દૃષ્ટિ અગાડીજ રજુ છે તે તપાસી જુઓ કે જેથી નવપદ મહાત્મ્યનું ભાન થાય. (૨૪–૩૧)

(ચોપાઈ—છંદ)

**ખંડ ખંડ મીઠાઈ ઘણી, શ્રી શ્રીપાળચરિત્રે ભણી;**
**એ વાણી સુરતરૂ વેલડી, કિસી દ્રાખ ને શેલડી. ૧**

ઇતિશ્રીમન્ મહોપાધ્યાય શ્રીવિનયવિજયગણ્યુપક્રાંતે મહોપાધ્યાય શ્રી યશોવિજયગણિપૂરિતે શ્રી સિદ્ધચક્રમહિમાધિકારે શ્રી શ્રીપાલ પ્રાકૃત ચરિત્રે વિમલેશ્વરદેવેનાર્પિતહાર પ્રાપ્તિમનોભિષ્ટદાયક ષટ્ કન્યા પાણિગ્રહણ સર્વે સૈન્યસહિતોજ્જયિનગરીપ્રાપ્તિપ્રભૃતિ કથને તૃતીયઃખંડઃસમાપ્તઃ—

**અર્થ:– શ્રી શ્રીપાળ ચરિત્રના ખંડ ખંડની અંદર ઘણીજ મીઠાશવાળી**

શ્રી જગદીશ જિનેશ્વરજી કથિત કલ્પવૃક્ષની વેલી સમાન મનોવાંછિત પૂર્ણ કરનારી વાણી વર્ણવી છે તે વાણીની મીઠાશ અગાડી બિચારી દ્રાક્ષની ને શેલડીની મીઠાશ શા હીસાબમાં છે! મતલબ કે સર્વોપરી અકથનીય મીઠાશવાળી વાણીથી પૂર્ણ આ ચરિત્ર છે; માટે શ્રોતાજનો! જેને મનોવાંછિત પૂર્ણ કરવાની ઉત્કંઠા હોય તે આ અનહદ મીઠાશવાળા ચરિત્રનો અખંડ આસ્વાદ અનુભવવા આતુર થાઓ કે જેથી ધારેલી ધારણા સફળ થાય. ૧

ઇતિ શ્રી શ્રીપાળ ચરિત્રના રાસની અંદર શ્રીપાળજીએ વિમળેશ્વર દેવે આપેલા અભિષ્ટ ફળ દેનારા હાર પ્રભાવથી શ્રીપાળજીએ છ કન્યાઓ પરણી સર્વ લશ્કર સહિત પાછા ઉજેણીએ પગલાં કર્યાં ઈત્યાદિ વર્ણનવાળો પુરોહિત પૂર્ણચંદ્ર શર્મા કૃત ગુજરાતી ભાષાંતર રૂપે ત્રીજો ખંડ પૂર્ણ થયો.

કર્તા. લ. જે.

॥ તૃતીય ખંડ સમાપ્ત ॥

# ખંડ ચોથો.

(દોહા–છંદ.)

ત્રીજો ખંડ અખંડરસ, પુરણ હુઓ પ્રમાણ;
ચોથો ખંડ હવે વર્ણવું, શ્રોતા સુણો સુજાણ. ૧

શીશ ધુણાવે ચમકિયો, રોમાંચિત કરે દેહ;
વિકસિત નયન વદન મુદા, રસ દિયે શ્રોતા તેહ. ૨

જાણજ શ્રોતા આગલેં, વક્તાકલા પ્રમાણ;
તે આગેં ધન શું કરે, જે મગસેલ પાષાણ. ૩

દર્પણ આંધા આગલેં, બાહિરા આગલ ગીત;
મૂરખ આગેં રસકથા, ત્રણને એકજ રીત, ૪

તે માટેં સજ થઇ સુણો, શ્રોતા દીજેં કાન;
બૂઝે તેહને રીઝવું, લક્ષ ન ભૂલે ગ્યાન. ૫

આગે આગે રસ ઘણો, કથા સુણંતાં થાય;
હવે શ્રીપાલચરિત્રના, આગેં ગુણ કહેવાય. ૬

અર્થઃ—(કવિ કહે છે કે–) અખંડ રસ સહિત ત્રીજો ખંડ પ્રમાણ પૂર્વક પૂર્ણ થયો. હવે હું ચોથો ખંડ વર્ણવું છું, તે હે સુજાણ શ્રોતા જનો ! શ્રવણ કરો. શ્રોતાજન કેવા હોવા જોઈએ ? કે જે અર્થપૂર્ણ વચન સાંભળી ચમત્કાર સાથ માથું ડોલાવા લાગે, તથા શરીરનાં હર્ષવડે રૂવાડાં ઉભાં કરી વિકશ્વર નેત્ર સહિત હસિત વદન રાખે, તે શ્રોતા, વક્તા (કહેનાર)ને રસ–આનંદ આપે. (નહીં કે આમ તેમ શૂન્ય ચિત્તથી જોતો કે તોલાં જોખતો શ્રોતા, વક્તાનો હર્ષ વધારે !) જ્યારે રસજ્ઞ શ્રોતા હોય ત્યારે વક્તાની ખુબી ખ્યાલમાં આવે છે; પરંતુ જો શ્રોતા મગસેલિયા પથરા જેવો અભેદ્ય હોય કે જે વર્ષાદજળના ધોધમાં પડયા છતાં પણ જેવોને તેવો રહે, અર્થાત્ કઠોર હૃદયવાળો શ્રોતા હોય તો સુંદર વાકય પ્રવાહથી પણ પલળતો નથી. આંધળા આગળ સુંદર દર્પણ ધરવું, બહેરા આગળ સુંદર ગીત ગાવાં અને મૂરખ અગાડી રસિક કથા કહેવી એ તદ્દન નકામાં છે;

કેમકે મૂર્ખને પ્રતિબોધ દેવા જતાં વક્તાની મતિ પણ મુંઝાઈ જાય છે. (કુંભારના ટપલાને શરાણ ઉપર ચડાવતાં દર્પણ થાય ખરૂં કે? કદિ નહી!) એ માટે હે શ્રોતાજનો! સાવધાન થઇ મારા કથન ભણી કાન (ને ધ્યાન) દઈ સાંભળો. કારણ જે શ્રોતાઓ મારા કથનનો મર્મ સમજી શકે તેનેજ હું રીઝવી શકું છું. (પણ આડું જુવે કે ઉંહું કરે તેને રીઝવી શકતો નથી.) શાથી કે જે રસિક રસવેત્તા હોય તે શ્રોતા નવાં નવાં શૃંગાર વગેરે રસપુર્ણ વ્શાખ્યાન સાંભળીને રંજન થાય, કવિ-કથનનો આશય સમજે, પોતાની સુજ્ઞતાવડે લક્ષ ભૂલે નહીં અને શૃંગારાદિ રસ સાંભળી હેયોપાદેય યથાયોગ્ય આલંબન યોજી દે; પરંતુ જે અજ્ઞાન શ્રોતા હોય તે તો વક્તાનાં ખોતરણાં-ખોડ કહાડી હાસ્ય સાથ શ્રમ વિફળ કરે છે. આ કથામાં જેમ જેમ આગળ ધ્યાન દેવામાં આવે તેમ તેમ બહુજ રસ-આનંદ પ્રાપ્ત થાય તેમ છે; માટે હવે તે શ્રીપાળચરિત્રના જે ઉત્તમ ગુણો છે તે કહેવામાં આવે છે.

---

(ઢાળ પહેલી-ધન દિન વેળા ધન ઘડી તેહ-એ દેશી)

**રહિયોરે આવાસ દુવાર,**<br>
**વયણ સુણે શ્રીપાલ સોહામણોજી;**<br>
**કમલપ્રભારે કહે એમ,**<br>
**મયણાં પ્રતિ મુજ ચિત્ત એ દુઃખ ઘણોજી. ૧**<br>
**વીંટી છે એ પરચક્ર,**<br>
**નગરી સઘલોઇ લોક હિલ્લોલિયોજી;**<br>
**શી ગતિ હોશે ઇણ ઠામ,**<br>
**સુતને સુખ હોજો બીજો ધોલિયોજી. ૨**<br>
**ઘણારે દિવસ થયા તાસ,**<br>
**વાલિંભ તુઝ ગયો દેશાંતરેંજી;**<br>
**હજીય ન આવિ કાંઇ શુદ્ધિ,**<br>
**જીવેરે માતા દુખણી કિમ નવિ મરેજી. ૩**

અર્થઃ-સોહામણો શ્રીપાળ કુંવર માતાના ઘર અગાડી પહોંચી મયણાંસુંદરી પ્રતિ માતુશ્રી જે વચન કહેતાં હતાં તે સાંભળવા માટે બારણા આગળ ઉભો રહી સાંભળવા લાગ્યો. માજી કહેતાં હતાં કે-“ મારા મનમાં

એ દુઃખ ઘણું છે કે દુશ્મન રાજાના લશ્કરે શહેરને ઘેરો ઘાલ્યો છે જેથી શહેરનાં રહેવાસી માત્ર ગભરાઈ ઉઠતાં હળફળ કરી રહેલ છે, એ સબબને લીધે અહીંયાં આપણી પણ શી વલે થશે? અરે! આપણી ગમે તે વલે થાય ને ઘર માલ મિલકત ફટ્ટે થઈ જાય તે તો બધું ઘોળ્યું, ફક્ત મારા પુત્રને કુશળતા પ્રાપ્ત થજો. વહાલી વધૂ! તારો વલ્લભ જે દેશાંતરે ગયેલ છે તેને પણ ઘણા દિવસ થઈ ગયા– મુદ્દત પણ પૂરી થવા આવી, છતાં હજુ લગણ કશા સમાચાર આવ્યા નથી, તથાપિ આ પુત્રવિયોગિની દુખિયારી માતા જીવે છે, પણ મરતી નથી; કેમકે પુત્ર વિયોગ છતાં માતાનું જીવવું નકામું છે.” (૧–૩)

મયણારે બોલે મ કરો ખેદ,
મ ધરોરે ભય મનમાં પરચક્રનોજી;
નવપદ ધ્યાનેંરે પાપ પલાય,
દુરિત ન ચારો છે ગ્રહવક્રનોજી. ૪
અરિ કરિ સાગર હરિ ને વ્યાલ,
જ્વલન જલોદર બંધન ભય સવેજી;
જાયરે જપતાં નવપદ જાપ,
લહેરે સંપત્તિ ઈહ ભવેં પરભવેંજી. ૫
બીજાંરે ખોજે કોણ પ્રમાણ,
અનુભવ જાગ્યો તુઝ એ વાતનોજી;
હુઓરે પૂજાનો અનુપમ ભાવ,
આજરે સંધ્યાયેં જગતાતનોજી. ૬
તદ્દગતચિત્ત સમાય વિધાન,
ભાવની વૃદ્ધિ ભવભય અતિ ઘણોજી;
વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન,
લક્ષણ એ છે અમૃતક્રિયા તણોજી. ૭
અમૃતનો લેશ લહ્યો ઈક વાર,
બીજુંરે ઔષધ કરવું નવિ પડેજી;
અમૃતક્રિયા તિમ લહિ એકવાર,
બીજારે સાધન વિણ શિવ નવિ અડેજી. ૮

એહવોરે પૂજામાં મુઝ ભાવ,
આવ્યોરે ભાવ્યો ધ્યાન સોહામણોજી;
હજિય ન માયે મન આણંદ,
ખિણ ખિણ હોયે પુલક નિકારણોજી. ૯

પુરકે રે વામ નયન ઉરોજ,
આજ મિલે છે વાલિમ માહરોજી;
બીજુંરે અમૃતક્રિયા સિદ્ધિરૂપ,
તુરત ફલે છે તિહાં નહિ આંતરોજી. ૧૦

અર્થ:–એ સાંભળીને મયણાસુંદરી બોલી–' હે સાસુજી ! આપ દિલગીર ન થાઓ અને પરાયા લશ્કરનો ભય પણ જરાએ ન રાખો; કારણ કે શ્રી નવપદજીના ધ્યાન વડે કરીને તમામ પ્રકારનાં પાપ દૂર થઇ જાય છે, અને વાંકા ગ્રહોની માઠી ગતિનું જોર પણ કશું ચાલી શકતું નથી. તેમજ શત્રુ, હાથી, સમુદ્ર, સિંહ, સાપ, દાવાગ્નિ, જળોદરાદિ ભયંકર રોગ અને બંધિખાનું એ આઠ જાતના મોટા ભયો પણ નવપદજીનો જાપ જપતાં દૂર જતાં રહે છે; અને આ ભવ તથા પરભવમાં સુખ સંપદા પામિએ, તો હે પૂજ્ય ! આ શત્રુસેનાનો ભય નવપદજીના જાપ અગાડી શી વિશાદમાં છે? તેમ વળી કેટલાક ભોળા ને વહેમી જનો આવા પરરાજાના લશ્કરની ચિંતા દૂર થવાના સંબંધમાં જોશી વગેરે પાસે જઇને તે દુ:ખ થવાનાં કારણોની કુંડળી મૂકાવે છે, કિંવા રમળ વગેરેની ફાલ ખોલાવે છે (શુકનાવળી દેખાડે છે.) પરંતુ એવાં લૌકિક પ્રમાણો જોવા જોવરાવવાથી શું થાય તેમ છે ? અથવા તો બીજાં પ્રમાણોને કોણ શોધવા જાય ? મને તો ખુદ એ વાતનો પ્રત્યક્ષ અનુભવ જાગૃત થયેલો છે. મારા ચિત્તની અંદર જે કંઈ શત્રુસૈન્યનું ચિંતવન હતું તે આજ નાશ પામ્યું છે. વળી સંધ્યા વખતે શ્રી જગતપિતા અરિહંત દેવની દીપક તથા ધૂપ પૂજા કરવાની વેળાએ કોઈ પણ પ્રકારની ઉપમા ન આપી શકાય એવો અનુપમ અનુભવ થયો, તે એવો કે જે અનાદિકાળના આ જીવે ચારે ગતિમાં ભટકયા કરતાં અનેક વખત શ્રાવકનું કુળ પામ્યું, ધર્મ પણ ઓળખ્યો અને દેવની પૂજા પણ કરી; તથાપિ આ જીવને વિભાવ દશાની વિશેષ દોડથી પરપરિણુતિમાં બહુજ રમણ હતું માટે તદ્રુપ ધર્મ ન ઓળખ્યો, તેના લીધે મન આદિની એકાગ્રતાએ અનુપમ ભાવ સહિત પૂજા ઉદય ન આવી તે અનુપમ ભાવ મને આજે સાંઝરે પ્રભુ પૂજન સમયે આવ્યો હતો, અને આ પરચક્રની ચિંતામાંજ મને એ અનુભવ જાગ્યો તેનું લક્ષણ એજ કે એકતો જે ક્રિયા કરતો હોય તે જ ક્રિયાનો ઉપયોગી હોય; પરંતુ ક્ષેપ જે મનની વ્યગ્રતા તદ્રૂપ ક્ષેપક દોષાદિ

યુક્ત ન હોય, બીજું સમયવિધાન એટલે કે આગમની અંદર જે વખતે જે વિધિ કરવાનો કહેલ છે તે વખતે તે જ વિધિ કરવા લાયક શુભ ક્રિયા-વિધાન કરતો હોય, ત્રીજું તત્સમયોચિત તે સમયના યોગ્ય ક્રિયા કરતો હોય તેની અંદર ચિત્ત હુલ્લાસવંત બને, પરિણામ ધારાની પુષ્ટિ થાય, ચોથું સંસારનો બહુજ ભય પેદા થાય, અર્થાત્ જન્મ જરાના દુઃખની બીક લાગે, ઈત્યાદિ ભય પેદા થાય, પાંચમું ચમત્કાર ઉપજે એટલે કે તે સમયના લગતી ક્રિયામાં અતિ પુષ્ટતર સાધ્યની કારણુતા જોઇ ચિત્તની અંદર અપ્રાપ્ત પૂર્વની પેઠે ચમત્કાર પામે, છઠું પુષ્ટ કારણ પ્રાપ્ત થવાને લીધે હર્ષ થતાં રૂવાડાં ઉભાં થઈ આવે અને અથિર સંસાર ભમવાના ડરથી રૂવાડાં અવળાં થઇ જાય, સાતમું મહાહર્ષ થાય, આત્મિક સુખાનુભવ થાય–એટલે કે, જેમ આંધળાને આંખોનું તેજ પ્રાપ્ત થતાં, અને લડવૈયાને શત્રુપર જીત મેળવતાં હર્ષ થાય છે, તેમ અધિક પ્રમોદ સમયોચિત ક્રિયા કરવામાં થાય; આ બધાં અમૃતક્રિયાનાં મુખ્ય લક્ષણો છે. એવાં ચિન્હોવાળી ક્રિયા આ ભવ અને પરભવમાં અવશ્ય ફળ દેનાર નીવડે છે. જેમ કોઇ રોગીને અમૃતના સ્વાદનો જરા પણ અનુભવ થયો હોય તેને અન્ય ઓષડ કરવું પડેજ નહી, તેમ સંસાર રોગથી પકડાયલા જીવે પણ જો એક વખત અમૃતક્રિયાનો આસ્વાદ અનુભવેલો હોય તો પછી તેને બીજાં સાધનોની જરૂર ન રહેતાં મોક્ષે જવામાં કશો અટકાવ રહેવા પામતો નથી; માટે હે સાસુજી! તે તત્કાળ ફળદાતા ભાવ મને આજે પૂજન વખતે થયો હતો તેના વડે મેં સુંદર ધ્યાન ધર્યું, તેથી તે ધ્યાન-દ્વારા મારા ચિત્તને જે અપૂર્વ આનંદ મળ્યો છે, તે આનંદ હજુ લગી પણ મારા હૃદયમાંથી ઉભરાઇ રહ્યો છે, જેના લીધે પ્રતિક્ષણે કારણ વગર મારાં રૂવાડાં ઉભાં થઇ અપૂર્વ હર્ષ પ્રદર્શિત કરી રહેલ છે. મતલબ કે અત્યારે મને ભય કે હર્ષ એ બેઉમાંનું રૂવાડાં ઉભાં થવાનું એકે કારણ નથી; છતાં પણ રોમરાજી વિકસ્વર થાય છે જેથી પ્રતીતિ સાથ માનું છું કે મને આજે અણધાર્યો વલ્લભજનનો મિલાપ થાય; કેમકે નિમિત્તશાસ્ત્રમાં એવું પ્રતીતિ વચન કહેલ છે, તે નિષ્ફળ નહીંજ થશે. તેમ વળી મારૂં ડાબું નેત્ર ( ડાબી આંખ ઉપરથી ) ફરકે છે અને ડાબું સ્તન પણ ફરકે છે, માટે એથી પણ માનવું પડે છે કે આજે મને મારા વહાલા મળશેજ, તેમજ આજ અમૃતક્રિયા પ્રાપ્ત થઇ તે પણ તત્કાળ સિદ્ધિ દેનાર છે માટે અવશ્ય સારૂં ફળ હમણાંજ મળવું જોઇએ.” ( ૪–૧૦ )

**કમલપ્રભા કહે વત્સ સાચ્ય,**

**તાહરીરે જીભેં અમૃત વસેં સદાજી;**

તાહરૂંરે વચન હોશે સુપ્રમાણ,
ત્રિવિધ પ્રત્યય છે તેં સાધ્યો મુદાજી. ૧૧

અર્થ:-આ પ્રમાણે વહૂનું મંગળ કથન સાંભળી સાસૂ બોલી: "હે વત્સ ! તેં જે કહ્યું તે સાચું જ છે, તારી જીભે સદાય અમૃત વસી રહેલ છે, માટે તારૂં વચન સારી રીતે સિદ્ધજ થશે; કેમકે તેં શુદ્ધ મન, શુદ્ધ વચન અને શુદ્ધ કાયા; એમ ત્રિકરણ શુદ્ધિ વડે હર્ષ પૂર્વક સત્ય ધર્મ આરાધના કરેલ છે."

કરવારે વચન પ્રિયાનું સાચ,
કહેરે શ્રીપાલ તે બાર ઉઘાડિયેજી;
કમલપ્રભા કહે એ સુતની વાણિ,
મયણાં કહે જિનમત ન મુધા હુયેજી. ૧૨
ઉઘાડિયાં બાર નમે શ્રીપાલ,
જનનીનાં ચરણસરોજ સુહંકરૂજી;
પ્રણમીરે દયિતા વિનય વિશેષ,
બોલાવે તેહને પ્રેમ મનોહરૂજી. ૧૩
જનનીરે આરોપી નિજ ખંધ,
દયિતારે નિજ હાથેં લેઇ રાગશુંજી;
પહોતારે હાર પ્રભાવેં રાય,
શિબિર આવાસેં ઉલસિત વેગશુંજી. ૧૪
બેસાડીરે ભદ્રાસનેં નરનાથ,
જનનીને પ્રેમેં ઇણિ પરેં વિનવેજી;
માતાજી દેખો એ ફલ તાસ,
જપીયાં મેં નવપદ જે સુગુરેં દીયાજી. ૧૫
વહુરોરે આઠે લાગી પાય,
સાસુ ને પ્રથમ પ્રિયા મયણાતણેજી;
તેહનેરે શીશ ચઢાવી આશીષ,
મયણારે આગેં વાત સકલ ભણેજી. ૧૬

અર્થ:—ઉપર પ્રમાણે કથન સાંભળી વલ્લભાનું વચન સત્ય કરવાને માટે દ્વારાંતરે રહેલ શ્રીપાળરાજાએ કહ્યું-'કમાડ ઉઘાડો' આ શબ્દ સાંભળતાંજ માતા કમળપ્રભા બોલી કે-"આ વાણી તો મારા વહાલા

કુંવરનીજ છે.” એ સાંભળી મયણાંસુંદરીએ કહ્યું–“શ્રી જિનેશ્વર દેવનું મત કદાપિ કાળે ખોટું થાયજ નહીં.” આટલું કહી કમાડ ઉઘાડયાં કે તુરત શ્રીપાળજી અંદર આવી જનેતાનાં સુખ કરનારાં ચરણકમળમાં નમ્યો. માતાએ સુફળદાયી આશિષ આપી. તે પછી મયણાંસુંદરી વિશેષ વિનય મર્યાદાવડે કરીને પ્રાણનાથને પગે લાગી એટલે શ્રીપાળજીએ તેણીને મનોહર પ્રેમવચનોએ કરીને બોલાવી સંતોષ બક્ષ્યો.

તે પછી શ્રીપાળજી પૂજ્ય માતાને પોતાના ખભા ઉપર અને પ્રેમી સુંદરીને હાથ ઉપર બેસારી અત્યંત સ્નેહ સહિત હારના પ્રભાવે ગગનપંથ મારફત પોતાની લશ્કરી છાવણીમાં હુલ્લાસ સહ અતિ ઉતાવળે જઈ પહોંચ્યા. જનેતાને સુંદર–ભદ્રાસને બેસાડી નરનાથ શ્રીપાળજી પ્રેમવડે વિનવવા લાગ્યા–“હે પૂજ્ય જનેતાજી ? શ્રીસદ્ગુરૂજીએ જે શ્રીનવપદ અર્પણ કર્યાં હતા તેનો મેં જાપ જપ્યો હતો તેનુંજ આ બધું ફળ મળ્યું છે. તે નવપદજીનોજ મહિમા પ્રત્યક્ષપણે જુએ કે કેવો છે ? અર્થાત્ આ બધી ચતુરંગી સેના અને સકળ સાહેબી તેમના પ્રતાપેજ પ્રાપ્ત થઇ છે.”

જ્યારે પોતાના પૂજ્ય પતિને નમતા જોયા ત્યારે બીજી આઠે વહુઓ મર્યાદાપૂર્વક પ્રથમ પૂજ્ય સાસૂજીને પગે પડી અને તે પછી મોટી બહેન મયણાંસુંદરીને પગે પડી, એટલે સાસૂજીએ અને મોટી બહેને તેણીઓને શુભાશિષ આપી, એટલે તેણીઓએ તે શુભાશિષને માથે ચડાવી અહોભાગ્ય માન્યું. તે પછી શ્રીપાળજીએ વિદેશની અંદર વરસ દિવસ દરમ્યાન જે જે લાભ સંકટ કષ્ટ થયા તે તેની સવિસ્તર હકીકત છતાં થોડા વચનોમાં કહી સંભળાવી. ( ૧૨–૧૬ )

**પૂછેરે મયણાને શ્રીપાલ,**
**તાહરોરે તાત અણાવું કિણ પરેંજી;**
**સા કહે કંઠે ધરિય કુહાડ,**
**આવે તો કોઇ આશાતના નવિ કરેજી. ૧૭**

**કહેવરાવ્યું દૂતમુખેં તિણ વાર.**
**શ્રીપાલેં તે રાજાને વચણડુંજી;**
**કોપ્યોરે માલવરાજા તામ,**
**મંત્રીરે કહે નવિ કીજેં એવડુંજી. ૧૮**

**ચોથેરે ખંડે પહેલી ઢાળ,**

ખંડ સાકરથી મીઠી એ ભણીજી;
ગાયે જે નવપદ સુજસ વિલાસ,
કીરતિ વાધે જગમાં તેહ તણીજી. ૧૯

અર્થ:—તે પછી શ્રીપાળજીએ મયણાંસુંદરી પ્રત્યે પૂછ્યું કે–"તમારા પિતાને અહિયાં કેવા રંગ ઢંગથી તેડાવી મંગાવરાવું?" પતિદેવના કથનનું. રહસ્ય સમજી મયણાંસુંદરીએ કહ્યું–'ખભા ઉપર કોવાડો રખાવી બોલાવામાં આવે તો ફરીને કોઇ શ્રી જિન ધર્મની દુ:ખ પેદા કરનાર રૂપ આશાતના–અવજ્ઞા કરવા ન પામે; (કેમકે પ્રાણી માત્રને પોતપોતાનાં પૂર્વકૃત કર્મ કેવાં સુખ દુ:ખો આપે છે તે જૈનરહસ્યની પણ વિશેષ પ્રતીતિ થતા જૈન ધર્મના મહા અભ્યુદય ફળ વિશેષની પણ વિશેષ પ્રકારે શ્રદ્ધા જામશે, માટે તેવા રંગ ઢંગથી આવે તો ઠીક.) વલ્લભાનું વચન યોગ્ય જાણી શ્રીપાળજીએ (તેવીજ રીતે સાધારણ પોશાકે પેદલપણે કોવાડા સહ આવી હાજર થવા) દૂતદ્વારા પ્રજાપાળ રાજાને કહેણ કહેવરાવ્યું; પરંતુ તે કહેણ સાંભળતાની સાથેજ ગર્વિરાજા ક્રોધ યુક્ત બની ગયો, એ જોઇ પ્રધાને કહ્યું, "નામવર! આટલો બધો ગુસ્સો ન લાવો. ગુસ્સાનાં ફળ કદિ સારાં હોતાં જ નથી. (કવિ યશવિજયજી કહે છે કે ખાંડ અને સાકર કરતાં પણ વધારે મિષ્ટ સ્વાદાનુભાવ કરાવનારી ચોથા ખંડની આ પહેલી ઢાળ પૂર્ણ થઇ. આ ઢાળ ઉપરથી એજ બોધ લેવાનો છે કે જે મનુષ્ય શ્રી નવપદજીના સુંદર યશને વિલાસ સાથે ગાય તો તે મનુષ્યની જગતમાં કીર્તિ વધે.) (૧૭–૧૯)

---

(દોહા છંદ.)

મંત્રી કહે નવિ કોપિયેં, પ્રબલ પ્રતાપી જેહ;
નાખીને શું કીજિયેં, સૂરજ સામી ખેહ. ૧
ઉદ્ધત ઉપરેં આથડ્યું, પસરંતુ પણ ધામ;
ઉલ્હાએ જિમ દીપશું, લાગે પવન ઉદ્દામ. ૨
જે કિરતારેં વડા કિયા, તેહશું ન ચલે રીશ;
આપ અંદાજે ચાલિયેં, નામીજેં તસ શીશ. ૩
દૂત કહે તે કીજયેં, અનુચિત કરે બલાય;
જેહની વેલા તેહની, રક્ષા એહજ ન્યાય. ૪
એહવાં મંત્રિવચણ સુણી, ધરી કુહાડો કંઠ;
માલવનરપતિ આવીયો, શિબિરતણે ઉપકંઠ. ૫

અર્થઃ-વિશેષમાં પ્રધાને કહ્યું કે જે પ્રબળ પ્રતાપવંત છે તેના તરફ કોપ કરવાથી શું નફો મેળવી શકાશે? સૂર્યના સામે ધૂળ ફેંકીએ તો તે સૂર્ય ઉપર પડવાની છે? તે તો પાછી પોતાના મોઢાપર પડે છે, તો તેવા સૂર્ય સમાન પ્રબળ બળવાળાની સામે ગુસ્સો બતાવીએ તે પરિણામે પોતાનેજ ગેરલાભ આપનાર નીવડે છે. મહારાજ! દીવાનો પ્રકાશ ફેલાતાં અંધારાનો નાશ થાય છે ખરો; પણ જો આકરા પવનની ઝપટ આવી લાગે તો તે દીવો ગુલ થઈ જાય છે. મતલબ એજ કે આપે દીવારૂપ પ્રકાશી ઘણાક રાજાઓના ગર્વરૂપ અંધકારને દૂર કરેલ છે, પરંતુ આ ચડી આવેલ રાજેન્દ્ર ઉપર આપનો દીવા રૂપ પ્રકાશ પાડી શકનારજ નથી, કેમકે એ પ્રબળ પવનની ઝપટ જેવો અસ્ખલિત જોરવાળો છે; માટે પ્રભુ! ધ્યાન આપો કે આકરા પવનની ઝપટથી દીવાને બચાવી કાયમ પ્રકાશવંત રાખવા જ્યાં પવનની ઝપટ ન લાગે ત્યાં (તેવી જગોએ) મૂકવામાં આવે તો તેથી શું દીપકની મહત્તા કમી થાય તેમ છે? ના, બિલકુલ નહિ! તેમ કરવાથી તો ઉલટો ફાયદો થાય છે. શું પ્રબળ પવનની ઝપટ સામે દીવો ધરી રાખવાથી તે દીવો પોતાનો પ્રકાશ કાયમ રાખી શકે ખરો કે? ના, કદી નહીં! બળવાન સાથે વિરોધ કરવો નકામોજ છે; કેમકે જેને દૈવેજ મોટા બનાવ્યા છે તેની સાથે રીસ કરવી ચાલી શકતી નથી; માટે પોતાના ગજા પ્રમાણે મર્યાદામાં રહીએ તો વધારે ફાયદો હાંસલ થાય છે-એ નિયમ નિગાહમાં રાખી દૈવેજ મહત્તાવંત કરેલા રાજાની ઉપર ગુસ્સો ન લાવતાં ગજા પ્રમાણે મર્યાદામાં રહી તેને મસ્તક નમાવીએ તો તેથી ફાયદો હાંસલ થાય છે. જેથી આ દૂત કહે છે તે જ કરવું યોગ્ય છે. ગેરવ્યાજબી કામ આપણે શા માટે કરવું જોઇએ, એવું કામ આપણી બલા કરે! જેનો સમય બળવાન હોય તેનાજ સંરક્ષણ તળે જવું એ હમ્મેશનો ન્યાય નિયમ છે, નહિ કે સમયની સામે થઇ કાર્યસિદ્ધિ મેળવી હયાતી ભોગવી શકાય!" પ્રધાનનાં ન્યાય અને દીર્ઘવિચારવંત હિતકર વચન સાંભળી સુજ્ઞ રાજા દૂતના કથન મુજબ કોવાડાને ખભે મૂકી પગપેદલ જ્યાં ક્ષીપ્રા નદીને કાંઠે શ્રીપાળજીની લશ્કરી છાવણી હતી ત્યાં જઈ પહોંચ્યો.

તે શ્રીપાલ છોડાવિયો, પહિરાવ્યો અલંકાર;
સભા મધ્યે તેડિયો નૃપતિ, આપ્યું આસન સાર. ૬
તવ મયણા નિજ તાતને, કહે બોલ જે મુજ્જ;
કર્મવશેં વર તુમેં દિયો, તેહનું જુઓ એ ગુજ્જ. ૭
તવ વિસ્મિત માલવનૃપતિ, જામાઉલ પ્રણમંત;
કહે ન સ્વામી તું ઓલખ્યો, ગિરૂઓ ગુણવંત. ૮

કહે શ્રીપાલ ન માહરો, એહવો એહ બનાવ;
ગુરૂદર્શિત નવપદ તણો, એ છે પ્રબળ પ્રભાવ. ૯
તે અચરિજ નિસુણી મિલ્યો તિહાં વિવેક ઉદાર;
સૌભાગ્યસુંદરી રૂપસુંદરી, પ્રમુખ સયલ પરિવાર. ૧૦
સ્વજન વર્ગ સઘલો મિલ્યો, વરત્યો આણંદ પૂર;
નાટક કારણ આદિસે, શ્રી શ્રીપાલ સનૂર. ૧૧

અર્થ:-દૂત મારફત માળવપતિ આવ્યાની ખબર મળતાંજ ખભા પરથી કોવાડો દૂર કરાવી સુંદર વસ્ત્રાલંકાર પહેરાવી અતિ આદર સહિત તેને શ્રીપાળજીએ પોતાની સભામાં તેડાવી, સુંદર આસન ઉપર બેસાર્યો. એ સમય મયણાસુંદરી (ઉભી થઈ મર્યાદાપૂર્વક સરલ ચિત્તથી પિતાના મનને પરિતોષ મળવા) બોલી "પૂજ્ય પિતાજી ! જે મેં 'કર્મ કરે તે જ થાય છે' એ બોલનો પક્ષ કર્યો હતો, તે બોલ ઉપર મને જે વર આપ્યો હતો, તે વરનું કર્મ પ્રતાપવડે પ્રકાશીત થયેલું પ્રારબ્ધ નિહાળો, કે જેથી 'કર્મ કરે તે જ થાય છે' એ અમૂલ્ય જૈનસિદ્ધાંતની વિશેષ પ્રતીતિ મળતાં આપને અતિ આનંદ મળે અને મનના સંતાપ દૂર ટળે." આવું વચન સાંભળતાંજ પ્રજાપાળ રાજાએ ધારીને જોયું તો તેને પોતાની પુત્રી મયણાં-સુંદરી સંબંધી ઓળખાણ પડી કે અતિ વિસ્મિત ચિત્તવંત બની ભદ્રાસન-પર બિરાજેલા મહારાજા તરફ નિગાહ પૂર્વક નિહાળ્યું તો પોતાના જમાઈજ છે એવી પ્રતિતિ થતાં ઉઠી ઉભા થઇ જમાઇના પ્રબળ પ્રતાપી પ્રારબ્ધને પ્રણામ કરી નમ્રતાયુક્ત કહ્યું-"પ્રભો ? હું આપ ગિરૂવા ગુણવંતને ન ઓળખી શકયો તે માટે માફ કરશો." એ સાંભળી શ્રીપાળજીએ કહ્યું-"ગિરૂ-આઇ કે ગુણવંતપણું જે કંઇ પ્રાપ્ત થયું જણાતું હોય તે કંઈ મારા સામર્થ્યથી નહીં, પણ શ્રી સદ્ગુરૂએ બક્ષેલા શ્રી નવપદજીના મહિમાનુંજ સામર્થ્ય છે. આ શોભાયુક્ત બનાવ એ પ્રભુના પ્રતાપનોજ છે." આ પ્રમાણે એક બીજાના મન આનંદ વિસ્મીત ને અભિન્ન થતાં પરસ્પર આનંદ છાઈ રહ્યો અને એજ આનંદનો વિશેષ લાભ લેવા પ્રજાપાળ રાજાએ પોતાના રાણીવાસમાં સંદેશો કહેવરાવી સૌભાગ્યસુંદરી તથા રૂપસુંદરી વગેરે તમામ મોટો અને વિવેકવંત પરિવાર બોલાવી લીધો; તેમજ તે સર્વ સ્વજનવર્ગ એકત્ર મળતાં અનહદ આનંદ પ્રસરી રહ્યો. આ આનંદ પ્રસંગની મહત્તા પ્રદર્શિત થવા તેજપૂર્ણ શ્રીપાળજીએ પૂર નૂરવંત નાટકનાં ટોળાંઓને નાટક ભજવવાનો હુકમ કર્યો. (૯-૧૧)

(ઢાળ-લુંબે ઝુંબે વરસેલો મેહ, આજ દહાડો ધરણી ત્રીજરો હો લાલ-એ દેશી)

હોજી પહેલું પેડું તામ,
 નાચવા ઉઠે આપણી હો લાલ;
હોજી મૂલ નટી પણ એક,
 નવિ ઉઠે બહુ પરે ભણી હો લાલ. ૧
હોજી ઊઠાડી બહુ કષ્ટ,
 પણ ઉત્સાહ ન સા ધરે હો લાલ;
હોજી હા હા કરી સવિષાદ,
 દૂહો એક મુખ ઉચરે હો લાલ. ૨

( દુહો )

કિહાં માલવ કિહાં શંખપુર, કિહાં બબ્બર કિહાં નટ્ટ;
સુરસુંદરી નચાવિયેં, દૈવેં દલ વિમરટ્ટ. ૩

( ઢાલ ચાલુ )

હોજી વચન સુણી તવ તેહ,
 જનની જનકાદિક સવે હો લાલ;
હોજી ચિંતે વિસ્મિત ચિત્ત,
 સરસુંદરી કિમ સંભવે હો લાલ. ૪

અર્થ:—નાટકની નવ મંડળીઓ કે જે બબ્બર કુળના મહારાજાને ત્યાંથી મળી હતી તે પૈકી પહેલી મંડળી પોતાના નાચગીત વગેરેની ખુબી બતાવવા હાજર થઈ અને નાટકની શરૂઆત કરવા પોતાની મેળે ઉભી થઈ; પરંતુ તે મંડળીની મુખ્ય નટી નાટકપ્રયોગ ભજવવા ઉભી થઇ નહિ, જેથી બધા નાટયપાત્રોએ તેણીને ઘણી રીતે સમજાવી; છતાં પણ તે ઉઠી ઉભી થઇ પાર્ટ ભજવવા ઉત્સાહિત બની નહિ. જ્યારે છેવટ પરાણે પરાણે ઉઠાડવામાં આવી ત્યારે નિરૂત્સાહ (ક મનથી) હા! હા! શબ્દસહ ઉંડો નિશ્વાસ નાખી તેણીએ એક દુહો કહી પોતાનું દુઃખ જાહેરમાં લાવવા યત્ન ચલાવ્યો કે–કયાં મારો માળવ દેશમાં ( માળવપતિના મહેલમાં ) જન્મ, કયાં શંખપુરના ધણી સાથે પરણવું? કયાં બબ્બર કુળમાં મને વેચવી અને નાટક કરતાં શીખવું? હા! દૈવે મારો અમળાટ, અકડતા અને વક્રતા વગેરેને દળી નાખી આ સુરસુંદરીને નાચતી કરી!!! ” આવું વિસ્મયકારી

નટીનું કથન સાંભળી સૌભાગ્યસુંદરી, પ્રજાપાળ રાજા અને બીજો સ્વજન સજ્જન વર્ગ વિસ્મય સહિત ચિંતવવા લાગ્યો–"શું આ સુરસુંદરી હોય ? પણ આ સ્થિતિમાં તેણીનું રહેવું કેમ સંભવે ?' (૧–૪)

હોજી જનની કંઠ વિલગ્ગ,
પૂછી જનકેં રોવતી હો લાલ;
હોજી સઘલો કહે વૃતંત્ત,
જે ઋદ્ધિ તુમેં દીધી હતી હો લાલ. ૫

હોજી હું તે ઋદ્ધિ સમેત,
શંખપુરીને પરિસરેં હો લાલ;
હોજી પહોતી મુહૂરત હેત,
નાથ સહિત રહી બાહિરેં હો લાલ. ૬

હોજી સુભટ ગયા કોઈ ગેહ,
છોછે સાથેં નિશા રહી હો લાલ;
હોજી જામાતા તુજ નઠ્ઠ,
ધાડી પડી તિહાં હું ગ્રહી હો લાલ. ૭

હોજી વેચી મૂલ્યેં ધાડિ,
સુભટેં દેશ નેપાલમાં હો લાલ;
હોજી સારથવાહે લીધ,
ફળે લખ્યું જે ભાલમાં હો લાલ. ૮

હોજી તેણેં પણ બબ્બરકુલ,
મહાકાલ નગરેં ધરી હો લાલ;
હોજી હાટેં વેચી વેશ,
લેઇ શીખાવી નટી કરી હો લાલ. ૯

હોજી નાટકપ્રિય મહાકાલ,
નૃપ નટપેટકશું ગ્રહી હો લાલ;
હોજી વિવિધ નચાવી દીધ,
મયણસેનાપતિને સહી હો લાલ. ૧૦

હોજી નાટક કરતાં તાસ,
આગેં દિન કેતા ગયા હો લાલ;

હોજી દેખી આપ કુટુંબ,
ઉલટયું દુખ તમ હુઇ દયા હો લાલ. ૧૧
હોજી મયણાં દુઃખ તવ દેખી,
નિજ ગુરૂ અત્તણુ મદ કિયો હો લાલ;
હોજી તે મયણાંપતિ દાસ,
ભાવેં અબ મુઝ સલકિયો હો લાલ. ૧૨
હોજી એકજ વિજયપતાક,
મયણાં સયણામાં લહે હો લાલ;
હોજી જેહનું શીલ સલીલ,
મહિમાંયે મૃગમદ મહમહે હો લાલ. ૧૩
હોજી મયણાંને જિનધર્મ,
ફલિયો બલિયો સુરતરૂ હો લાલ;
હોજી મુઝ મનેં મિથ્યાધર્મ,
ફલિયો વિષફલ વિષતરૂ હો લાલ. ૧૪
હોજી એકજ જલધિ ઉત્પન્ન,
અમિય વિષેં જે આંતરો હો લાલ;
હોજી અમ બિહું બહેની માંહિ,
તેહ છે મત કોઇ પાંતરો હો લાલ. ૧૫
હોજી મયણાં નિજકુલલાજ,
ઉદ્યોતક મણિદિપીકા હો લાલ;
હોજી હું છું કુલમલહેતુ,
સઘન નિશાની ઝીપિકા હો લાલ. ૧૬
હોજી મયણા દીઠે હોય,
સમકિત શુદ્ધિ સોહામણી હો લાલ;
હોજી મુઝ દીઠે મિથ્યાત,
ધીઠાઇ હોયે અતિઘણી હો લાલ. ૧૭

અર્થઃ—એવા શંકાભરિત વિચાર કરે છે એટલામાં તો સુરસુંદરી દોડીને પોતાની માની કોટે વળગી રોવા લાગી. રોતી જોઇને તેણીના પિતાએ પૂછયું “પ્રિય પુત્રી ! આવી દુઃખદ સ્થિતિને શા કારણથી ભેટી

શકી ?!” પુત્રી સુરસુંદરીએ સઘળી હકીકત કહેવી શરૂ કરી–“પૂજ્ય પિતાશ્રીજી ! આપે જે મને સકળ પ્રકારની ઋદ્ધિ આપી વિદાય કરી હતી તે ઋદ્ધિ સહિત શંખપુરી નગરીના નજીક જઈ પહોંચી; પણ પુરપ્રવેશનું મહૂર્ત્ત ન આવવાથી શહેર બહારના બાગમાંજ પતિદેવ સહિત સપરિવારે નિવાસ કરવાની જરૂર પડી. પોતાનું વતન હોવાથી રક્ષકો રજા મેળવી પોતપોતાને ઘેર ગયા અને થોડા રક્ષકો સાથે મેં રાત્રી ગુજારવા માંડી. દરમિયાન રાત્રિયે થોડા માણસોના કાફલાને એકદમ નગદીમાલ વિશેષ હોવાને લીધે લાગ મળતાં મધ્ય રાત્રિની વેળાએ ધાડપાડુઓએ ધાડ પાડી. તે વખતે આપના જમાઈ તો પોતાનો જીવ બચાવવા મને ત્યાંજ પડતી મેલી નાશી ગયા, એથી આપે બક્ષેલી સઘળી દોલત ધાડપાડુ ચોરોએ લુંટી હાથ કરી અને તે સાથે મને પણ કબજે કરી રસ્તો પકડયો. તે ધાડપાડુના માણસોએ મને નેપાળમાં જઇ એક સાર્થવાહને ત્યાં ધન સાટે વેચી દીધી. હા ! જે ભાગ્યમાં લખ્યું હોય તે જ ફળીભૂત થાય, પરંતુ તેમાંથી કોઈ કંઈ ઓછું વધતું કરી શકનાર નથી. તે સાર્થવાહે પણ લાગ મળતાં મને મહાકાળ રાજાના બબ્બર કુળ નગરની અંદર વેશ્યાની દુકાને વેચી દીધી. તેણીએ મને નાટચકળામાં નિપુણ કરી નટી બનાવી. તે પછી નાટકના મહાશોખી મહાકાળ રાજાએ નવ નાટકની મંડળીઓ ખરીદી, તેમાં મને પણ તે વેશ્યાની પાસેથી ખરીદી લીધી અને વિવિધ પ્રકારે નાચ નચાવ્યા. જ્યારે પોતાની મદનસેના કુંવરીજીના શ્રીપાળજી મહારાજા સાથે લગ્ન કર્યાં ત્યારે દાયજામાં મારા સહિત નવે નાટકમંડળીઓ આપી દીધી. શ્રીપાળજી મહારાજા અગાડી નાટક કરતાં ઘણાં દિવસ વહી ગયા; પરંતુ આજે તો પોતાનું પ્રિય કુટુંબ માત્ર દેખ્યું, તેમજ મારા ભણી આપની દયા દૃષ્ટિ થઇ તેથી દુઃખ ઉભરાઈ જવા લાગ્યું. આપે મને પરણાવી તે વખતે મારી મોટી બહેન મયણાંસુંદરીનું દુઃખ નિહાળી મેં મારી મોટાઈનો ગર્વ કર્યો હતો, તે મદના પ્રતાપ વડે હાલ તે જ મયણાંસુંદરી બહેનના પતિ આ શ્રીપાળજી મહારાજ–તેમના સેવકભાવે–દાસીભૂત થઈને મેં દાસી પણું કર્યું; માટે જે મદ કરેલો તે મને નડયો. (હવે મયણાંસુંદરીની પ્રશંસા કહે છે કે) એકજ અદ્વિતીય વિજયપતાકાને મયણાંસુંદરી બહેન પોતાના સગા કુટુંબમાં પ્રાપ્ત કરવા ભાગ્યશાળી નીવડી છે. પુનઃ એણીનું શીળ, લીલામહીમાવડે કરીને કસ્તુરીની પેઠે મહમહી રહ્યું છે, અર્થાત્ જેણીના શીળ, સુગંધનો જગતમાં વિસ્તાર થઇ રહ્યો છે. મયણાંસુંદરી બહેને જે જિનધર્મ સેવન કર્યો તે બળવાન કલ્પવૃક્ષ સરખો પ્રત્યક્ષ દશ્યમાન શુભરૂપ ફુલે ફળે કરીને ફળ્યો છે, અને મેં મિથ્યાત્વ ધર્મ

સેવન કર્યો તે મને ઝેરના વૃક્ષ સમાન દુઃખરૂપ ફુલ ફળોથી ફળ્યો છે. મતલબ એજ કે જેવાં જેણે બીજ વાવ્યાં તેણે તેવાં ફળ મેળવ્યા. કોઇ કહે કે તમો એકજ કુળમાં ઉત્પન્ન થયેલ છતાં આટલો બધો તફાવત કેમ પડયો ? તો તેને દલીલ સાથ દર્શાવીશ કે જેવી રીતે એકજ સમુદ્રની અંદર અમૃતનું અને વિષ ( હલાહલ ) નું ઉતપત્તિ સ્થાન છે, છતાં તેમાં જમીન આસ્માન જેટલું અંતર છે; કેમકે અમૃત રોગમાત્રનું નિકંદન કરી જીવન બક્ષે છે અથવા તો મરણ પામેલાને જીવાડે છે, અને હળાહળ ઝેર છે તે પ્રાણીમાત્રના પ્રાણની હાણ કરે છે, તે એકજ જગોએ પેદા થએલ છતાં મહાન તફાવતવાળાં છે, તેવીજ રીતે અમો બન્ને બહેનો વચ્ચે પણ મોટો તફાવત છે, માટે કોઇએ ભૂલાવો ખાવો નહીં કે ઉત્પત્તિસ્થળ એક હોવાથી એક સરખાં મતિ, ગતિ, સ્થિતિવંત હોય. તેમજ મોટી બ્હેન પોતાના કુળની લાજને પ્રકાશ કરવામાં મણિરત્નની પેઠે દીપકરૂપ છે અને હું તે કુળને મલીન કરવાના કારણરૂપ હોવાથી ઘનઘોર ઘટાવાળી અંધારી રાતને પણ શરમાવનારી છું. મોટી બહેનને જોવાથી સોહામણા સમકિતની શુદ્ધિ થાય અને મને જોવાથી મિથ્યાત્વ લક્ષણ બહુજ ધીઠાઈ–વક્રતા પ્રાપ્ત થાય[૧] ” ( ૫–૧૭ )

હોજી એહવા બોલી બોલ,
 સુરસુંદરીયેં ઉપાધયો હો લાલ;
હોજી જે આનંદ ન તેહ,
 નાટિક શતકેં પણ કીયો હો લાલ. ૧૮

હોજી શ્રીપાલેં વડવેગ,
 હવે અરિદમણ અણાવિયો હો લાલ;
હોજી સુરસુંદરી તસુ દીધ,
 બહુ ૠદ્ધેં વોળાવિયો હો લાલ. ૧૯

હોજી તે દંપતી શ્રીપાળ.
 મયણાને સુપસાઉલે હો લાલ;
હોજી પામે સમકિત શુદ્ધિ,
 અધ્યવસાયેં અતિ ભલે હો લાલ. ૨૦

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે–મળેલી સમૃદ્ધિમાં છવાઇ ન જતાં સમાન ભાવે રહેવું; કેમકે દૈવની રચના કોઇના કળવામાં આવી નથી, જેથી ઘડી પછી કેવી હાલત થશે તે માલુમ પડતું નથી માટે છત જાઇ છાકવું નહીં.

અર્થઃ—શ્રીપાળજીએ સંબંધીઓને આનંદ ઉત્પન્ન કરવા માટે સુરસુંદરીને નાટક બતાવવાની આજ્ઞા કરી હતી, તે એક નાટક તો શું; પણ સેંકડો નાટક ભજવી બતાવવાથી પણ જે આનંદ ન મળે તે આનંદ પોતાનો દોષ અને મયણાંસુંદરીના ગુણભરિત વાકયચાતુરીવડે ઉપર પ્રમાણે બોલો બોલીને સુરસુંદરીએ આનંદ આપ્યો. મતલબ એજ કે જેવો આનંદ સેંકડો નાટકથી ન મળે તેવો આનંદ કર્મનાટકથી પ્રાપ્ત થયો. આ પ્રમાણે બીના સાંભળી પોતાનાજ લશ્કરમાં હાજર રહેલા શંખપુરપતિ અરિદમન રાજાને બોલાવી ઉત્તમ પોષાક અને સન્માન સહિત સુરસુંદરીને સુપરદ કરી, વિશેષ ઋદ્ધિ બક્ષી, (પોતાની હજુરમાં રહેવાની નોકરીથી સદાને માટે મુક્ત કરી આનંદ સ્નેહપૂર્વક તેને પોતાને વતન જઇ સંસારિક સુખ મેળવવા ) વિદાય કર્યાં. એટલે તે દંપતી ( વરવહૂ ) પણ શ્રીપાળજી અને મયણાંસુંદરીના પ્રતાપવડે સુખ પામવા ઉપરાંત બહુજ સારા અધ્યવસાય સહિત શુદ્ધ સમકિત પણ પામ્યાં. (૧૮–૨૦)

હોજી કુષ્ઠી પુરૂષ શત સાત,
મયણાવચણે લહી દયા હો લાલ;
હોજી આરાધી જિનધર્મ,
નિરોગી સઘળા થયા હો લાલ. ૨૧

હોજી તે પણ નૃપ શ્રીપાળ,
પ્રણમે બહુલે પ્રેમશું હો લાલ;
હોજી રાણિમ દીયે નૃપ તાસ,
વદનકમલ નિત ઉલસ્યું હો લાલ. ૨૨

હોજી આવી નમે નૃપ પાય,
મતિસાગર પણ મંત્રવી હો લાલ;
હોજી પૂરવ પરેં નરનાહ,
તેહ અમાત્ય કિયો કવિ હો લાલ. ૨૩

હોજી સુસરા સાલા ભૂપ,
માઉલ બીજા પણ ઘણા હો લાલ;
હોજી તેહને દિયે બહુ માન,
નૃપ આદરની નહિં મણા હો લાલ. ૨૪

હોજી ભાલ મિલિત કરપદ્મ,
સવિ સેવે શ્રીપાલને હો લાલ;

હોજી ઇક દિન વિનવે મંત્રી,
મતિસાગર ભૂપાલને હો લાલ. ૨૫
હોજી ચોથે ખંડે ઢાળ,
બીજી હુઇ સોહામણી હો લાલ;
હોજી ગુણ ગાતાં સિદ્ધચક્ર,
જસ કીરતિ વાધે ઘણી હો લાલ. ૨૬

અર્થ:—શ્રીપાળજીનો સુયશ શ્રવણ કરીને સાતસો કોઢીઆ કે જેઓએ મયણાંસુંદરીના વચનવડે દયા પ્રાપ્ત કરી શ્રી જીનધર્મ આરાધીને નિરોગતા મેળવી હતી તેઓ બધા પણ ત્યાં આવી પહોંચ્યા અને ઘણાજ પ્રેમપૂર્વક શ્રીપાળજીના ચરણકમળમાં નમ્યા, એટલે શ્રીપાળજીએ તે બધાઓને પોતાના હિતચિંતક જાણીને રાણાની સંજ્ઞાવાળું ઉમરાવપદ આપીને પોતાના લશ્કરના નાયક બનાવ્યા, [1]અને આ પ્રમાણે આનંદ વર્તવાથી શ્રીપાળજીનું મુખકમળ હમેશાં વિકશ્વર–આનંદમય રહેવા લાગ્યું. તદનંતર પોતાનો વૃધ્ધ પ્રધાન મતિસાગર પણ આવી પહોંચ્યો અને પોતાના મહારાજાને પ્રણામ કરી આનંદમાન થયો, એટલે તેને પૂર્વની પેઠે જ અર્થાત્ પોતાના પિતાશ્રીના વખતમાં તે મોટો પ્રધાન હતો તે જ મુખ્ય પ્રધાનની પદવી આપી પ્રશંસનીય કૃપાયુક્ત સ્નેહનું ભાજન બનાવી શ્રીપાળજી આનંદ યુક્ત થયો. તે પછી સસરા–સાળા–મોશાળ પક્ષના તથા બીજા પણ ઘણા રાજા અને લડવૈયાઓ આવ્યા અને શ્રીપાળજીને નમન કરી ભાગ્યશાથી થયા એટલે તેઓ સર્વને શ્રીપાળજીએ પોતપોતાની યોગ્યતા પ્રમાણે વિશેષ આદરસન્માન આપવામાં કંઈ મણા રાખી નહીં, એથી તે બધાએ મમતાળુ હૃદયથી હાથ જોડી મસ્તકે અડાડી નમ્રતા સાથ કેડમાંથી ઝુકી શ્રીપાળજીને નમન કરતા તેમની સેવામાં તત્પર રહેવા લાગ્યા. એક દિવસ સાનુકૂળ સમય મળતાં મતિસાગર મંત્રીશ્વરે શ્રીપાળજી પ્રત્યે ( હવે પછી કહેવામાં આવશે તે પ્રમાણે ) વિનવ્યું. ( કવિ યશવિજયજી કહે છે કે ચોથા ખંડની અંદર આ બીજી સુહામણી ઢાળ પૂર્ણ થઈ તે એજ બોધ આપે છે કે શ્રી સિદ્ધચક્રજી મહારાજના ગુણ ગાવાથી યશ કીર્તિ વિશેષ પ્રકારે વૃદ્ધિ પામે છે, માટે દરેક મનુષ્યો એ નવપદજીનાજ ગુણ ગાઓ કે જેથી યશકીર્તિમાં વધારો થાય.) (૨૧–૨૬)

---

૧ આ સંબંધ એ ભાન કરાવે છે કે–જેના પ્રતાપવડે સુખ સંપાદન થયું હોય તેનો ગુણ ન ભૂલતાં સદા તેનો ઉદય ઇચ્છી યોગ્ય બદલો આપવો.

(દોહા છંદ.)

મતિસાગર કહે પિતૃપદે, ઠવીયો બાલપણુ જેણ;
ઉઠાવિયો તો તુજ અરિ, તે સહિ દિત્તમએણ. ૧
અરિ કર ગત જે નવિ લિયે. શકિત છતે પિતૃરજ્જ;
લોક હસે બલ ફોક તસ, જિ . શારદઘન ગજ્જ. ૨
એ બલ એ ઋદ્ધિ એ સકલ સન્યતણો વિસ્તાર;
શું ફળશે જો લેશો નહીં, તે નિજ રાજ ઉદાર. ૩
નૃપ કહે સાચું તેં કહ્યું, પણ છે ચાર ઉપાય;
સામે હોય તો દંડ શ્યો, સાકરે પણ પિત્ત જાય. ૪
અહો બુદ્ધિ મંત્રી ભણે, દૂત ચતુરમુખ નામ;
ભૂપ શીખાવી મોકલ્યો, પહોતો ચંપાઠામ. ૫

**અર્થઃ**—મતિસાગરે વિનવ્યું કે—"મહારાજ સલામત! આપશ્રીને આપશ્રીના પિતાશ્રીની ગાદિપર તખ્ત નશીન કર્યા હતા; છતાં આપશ્રીના પિતરાઇ કાકારૂપ દુષ્ટ શત્રુએ પ્રદીપ્ત અહંકાર સાથે પદભ્રષ્ટ કરી આપ નામવરની રાજધાની કબજે કરી લીધી છે. જો કે તે વખતે તો આપનું વય પાંચ વર્ષનું હોવાથી તથા તેનો પરાજય કરવાના બળવત્તર સાધનો ન હોવાથી જતું કરવા જેવું હતું પરંતુ અત્યારે તો સર્વ પ્રકારે શત્રુના દાંત પાડી શકો તેવા સ્તુત્ય શક્તિમાન છો, તો આવા સમયમાં જે નરવર શત્રુના હાથ ગયેલું રાજ્ય પાછું પોતાને હાથ ન મેળવે તેની જગતમાં અવશ્ય આસો માસના ફોકટ ગાજતા ને ઘટાટોપ બતાવવા વરસાદની પેઠે હાંસી થાય અને બળ પણ નકામુંજ ગણાય. મતલબ એજ કે ઘટાટોપ કરી ગાજતા છતાં જે વરસાદ વરસી લોકોને (પૂરતું પાણી છતાં) પાણી ન આપે તો તેનો આડંબર નકામોજ કહેવાતાં લોકો તેની મશ્કરીજ કરે એ સ્વભાવિક નિયમજ છે; માટે આપ પણ હવે તો આવા અવર્ણનીય આડંબર છતાં ઉદાર સ્વરાજ્યને શ ુના હાથમાંથી લઇ સ્વાધીન નહીં કરશો તો આ બળ, આ ઋદ્ધિ અને વિશાળ સૈન્યનું શું ફળ પ્રાપ્ત થશે? કશું નહીં? ૧ આવાં મંત્રીશ્વરનાં વચન સાંભળી શ્રીપાળજીએ કહ્યું, તમે કહ્યું તે

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે કાર્યને ફતેહ પહોંચાડવાની પોતામાં શકિત હોય તે છતાં કાર્યને ફતેહ કરવા બેદરકાર રહે તો તે ખરેખર હાસ્યને પાત્ર ગણાય માટે શકિત પ્રાપ્ત થતાં શત્રુની ધર્મકરણીની અને પુન્યદાનાદિની તરફ પૂર્ણ પ્રકારે ધ્યાન દઇ મળેલી શક્તિને સફળ કરવી.

સત્ય છે; પણ રાજ્ય મેળવવાના ચાર ઉપાયો છે–શામ, દામ, ભેદ, દંડ એ ચાર પૈકી જો શામ એટલે મીઠા વચનનો ઉપયોગ કરવાથીજ કામ ફતેહ થતું હોય તો દંડ–શિક્ષાનો ઉપયોગ શા માટે કરવો જોઈએ ? જો સાકર ખાવાથી જ પિત્ત શાંત થઇ જતું હોય તો પછી કડવી દવાઓ શા માટે કરવી જોઇએ ?" આ પ્રમાણે રાજાનું બોલવું સાંભળી મંત્રીશ્વર બોલ્યો–" અહો નાથ જ્યારે આપની બુદ્ધિ મહાન અને સમુદ્ર જેવી ગંભીર છે ત્યારે હવે ચતુર્મુખ નામના દૂતને શા માટે ન મોકલવો જોઇએ ? તાકીદે મોકલો; કેમકે તે શામાદિ ચારે ભેદનો જાણનાર અને વાચાળપણામાં ચતુર છે, જેથી કામ ફતેહ થશેજ." આવું મંત્રીશ્વરનું કથન સાંભળી શ્રીપાળજીએ ચતુરમુખ દૂતને જે જે શિખવાડવું યોગ્ય હતું તે તે શિખવાડીને (તે દૂતને) સુમુહૂર્તે ચંપાનગરી ભણી રવાના કર્યો અને તે મજલ દરમજલ કરતો કેટલેક વખતે ચંપાપુરીએ જઇ પહોંચ્યો. (૧–૫)

———:o:———

(ઢાલ ત્રીજી–રાગ બંગાલો–કિસકે ચેલે કિસકે પૂત–એ દેશી.)

અજિતસેન છે તિહાં ભૂપાલ, તે આગલ કહે દૂત
રસાલ; સાહિબ સેવિયેં.
કલા શીખવા જાણી બાલ, જે તેં મોકલીયો શ્રીપાલ. સા. ૧

સકલ કળા તેણે શીખી સાર, સેના લઈ ચતુરંગ ઉદાર; સા.
આવ્યો છે તુઝ ખંધનો ભાર, ઊતારે છે એ નિરધાર. સા. ૨

જીરણથંભ તણો જે ભાર, નવો ઠવીજેં તે નિરધાર; સા.
લોકેં પણ જુગતું છે એહ, રાજ દેઈ દાખો તુમેં નેહ. સા. ૩

બીજું પયપંકજ તસ ભૂપ, સેવે બહુ ભત્તિ અનુરૂપ; સા.
તુમેં નવિ આવ્યા ઉપાયો વિરોધ, નવિ અસમર્થ છે
તેહ શું શોધ. સાહિબ સેવિયેં. ૪

કિહાં સરશવ કિહાં મેરૂ ગિરિંદ, કિહાં તારા કિહાં
શારદચંદ; સાહિબ સેવિયેં.
કિહાં ખદ્યોત કિહાં દિનાનાથ, કિહાં સાયર કિહાં
છિલ્લર પાથ. સાહિબ સેવિયેં. ૫

કિહાં પંચાયણ કિહાં મૃગબાલ, કિહાં ઠીંકર કિહાં

સોવનથાલ; સાહિબ સેવિયે.
કિહાં કોદ્રવ કિહાં કૂર કપૂર, કિહાં કુકશ ને કિહાં
ઘૃતપૂર. સાહિબ સેવિયે. ૬
કિહાં શુન્ય વાડી કિહાં આરામ, કિહાં અન્યાયી કિહાં
નૃપરામ; સાહિબ સેવિયે.
કિહાં વાઘ ને કિહાં વલિ છાગ. કિહાં દયાધરમ કિહાં
વલિ યાગ. સાહિબ સેવિયે. ૭
કિહાં જુઠ ને કિહાં વલી સાચ, કિહાં રતન કિહાં
ખંડિત કાચ; સાહિબ સેવિયે.
ચઢતે ઓઠે છે શ્રીપાલ, પડતે તુમ સરિખા ભુપાલ. સા. ૮
જો તું નવિ નિજ જીવિત રૂઠ, તો પ્રણમી કરે
તેહજ તુઠ; સાહિબ સેવિયે.
જો ગર્વિત છે દેખી રજ્જ, તોરણ કરવા થાયે સજ્જ. સા. ૯
તસ સેનાસાગરમાંહિ જાણ, તુઝ દલ સાથુચૂર્ણ
પ્રમાણ; સાહિબ સેવિયે.
મ્હોટાશું નવિ કીજે જૂજ, સવિ કહે એહવું બૂઝ.
અબુઝ, સાહિમ સેવિયે. ૧૦

અર્થ:—ચંપાનગરીમાં અજીતસેન રાજા છે તેની અગાડી જઈ ચતુરમુખ દૂત રસાળ—એટલે કે પહેલાં મીઠાં, પછી ખાટાં; અને છેવટે ખારાં, એમ ભોજન પદાર્થ જમવાની રીત પ્રમાણે ( અર્થાત્ ભોજનમાં પહેલાં મિષ્ટાન્ન પછી શાક ભજીયાં ચટણી અને છેવટ પાપડ કાચરી સાલેવડાં વગેરે પિરસાય તે જમાય છે તેમ ) ત્રણ રીતથી રસીલાં વચનો કહેવા લાગ્યો કેઃ—" હે રાજન્ ! આપ હવે વૃદ્ધ થયા છો માટે આપ સાહેબ હવે પરમેશ્વરને ભજી બાકીની જીંદગી ગુજારો એજ ઉત્તમોત્તમ છે, અથવા તો મારા સાહેબની ખિદમત કરો. આપે આપના ભત્રીજા શ્રીપાળકુંવરને તેના પિતાના રાજ—તખ્તપર બિરાજેલ છતાં તેને રાજ્ય વ્યવસ્થા સંબંધી ભાર વહન કરવાને અસમર્થ જાણી પોતાની ખાંધપર તે બોજો ઉઠાવી લઈ કળાઓમાં પ્રવીણતા મેળવવાને માટે વિદેશ મોકલ્યો હતો તે સુંદર પ્રકારે સર્વ કળાઓ શિખી નિપુણ બની હાથી, ઘોડા, રથ ને પેદલવાળા ઉદાર લશ્કર સહિત આપના ખાંધ પરનો બોજો ઉતારી લેવા

આવ્યો છે, અને આપ વૃદ્ધ થયેલા હોવાથી આપના ખાંધનો ભાર એ સપૂતને ઉતારવો લાયક જ છે, જેથી તે કબૂલત આપે છે કે હું અવશ્ય વૃદ્ધ કાકાશ્રીનો બોજો ઓછો કરી નિવૃત્તવંત કરીશજ! લોકોમાં પણ પરંપરાનો રિવાજજ છે કે મકાનનો બોજો ઝીલી રાખનાર થાંભલો જૂનો થઇ ગયેલ હોય તો તેને તે બોજાથી મુક્ત કરી દઇ તેની જગોએ નવો થાંભલો મૂકાય છે, તો આપ જુના થંભને બોજાથી મુક્ત કરી નવા થાંભલારૂપ શ્રીપાળકુંવરને સ્થાયી થવાનીજ જરૂર છે, માટે આપ રાજ્યની લગામ તેને સુપરદ કરી સ્નેહ બતાવી આનંદ આપો કે જેથી જગતમાં વાહ વાહ થાય, (અહીં લગી મીઠાં વચનો છે, હવે તીખાં તમતમતાં વચનો કહે છે.) વળી બીજી બીના ધ્યાનમાં લેવાની એ છે કે ઘણા રાજા મહારાજાઓ શ્રીપાળજીના ચરણકમળને અનુકુળ ભક્તિ વડે કરીને સેવે છે; છતાં આપ પોતાના હોઇ તેમ કરવા નથી પધાર્યા એ એક એમનાથી વિરોધ બાંધવાનું બીજ વાવ્યું છે, તો તે વિરોધનો શોધ કરવા માટે તે શ્રીપાળજી શું અસમર્થ છે? ના અસમર્થ નથી? તેમનામાં અને આપનામાં તફાવત પણ કંઇ જેવો તેવો નથી; પણ ઘણોજ છે–ક્યાં તે સરસવનો ઝીણો દાણો અને ક્યાં મહાન મેરૂ પર્વત! ક્યાં બિચારા તારાનું તેજ અને ક્યાં શરદ્ પૂર્ણિમાના ચંદ્રનું તેજ! ક્યાં ઉડતા અગીયા જીવડાનો પ્રકાશ અને ક્યાં તેજપુંજ સૂર્યનો પ્રકાશ! ક્યાં છિછરા તલાવડાનું ગહેરાપણું અને ક્યાં મહાસાગરની ગંભીરતા ભરી લ્હેરો! ક્યાં બિચારા હરણના બચ્ચાનું બળ અને ક્યાં કેશરી સિંહનું મહાન બળ! અને ક્યાં ઠીંકરાની થાળીની શોભા અને ક્યાં નિર્મળ સોનાના થાળની શોભા! ક્યાં કોદરાના ભોજનની લ્હેજત અને ક્યાં સુંદર બરાસ-યુક્ત ભાતના ભોજનની લ્હેજત! ક્યાં કુશકાના ઢોકળાંનું ભોજન અને ક્યાં ઘેબરનો સ્વાદ! ક્યાં શૂન્ય વગડાનો બીહામણો દેખાવ અને ક્યાં ફળ્યા ફુલ્યા રમણીય બાગનો મનોહર દેખાવ! ક્યાં અન્યાયી રાજાનો જુલ્મી કારો-બાર અને ક્યાં ન્યાયશેખર રામચંદ્રજીનું ન્યાયપૂર્ણ રાજતંત્ર! ક્યાં બાપડા બોકડાનું સામર્થ્યપણું અને ક્યાં વિકરાળ વાઘનું સામર્થ્યપણું! ક્યાં જીવહિંસામય યજ્ઞ હોમ અને ક્યાં દયામય અહિંસા ધર્મ! ક્યાં જુઠા બોલો પ્રપંચીજન અને ક્યાં સત્ય ભાષણ કરનાર પાવન મનુષ્ય! ક્યાં ભાગેલા કાચના કકડાની કિંમત અને ક્યાં અમૂલ્ય રત્નનું મૂલ્ય! હે રાજન્! આ આ બધાં ઓઠામાં જે ચડતાં ઓઠાં (દાખલા રૂપ પડછા) કહ્યાં તે સમાન શ્રીપાળજી છે, અને જે પડતાં–હલકાં ઓઠાં કહ્યાં તે સમાન આપ જેવા રાજાઓ છે, (હવે ખારાં–કડવાં વચનો કહે છે) માટે જો આપ આપના જીવન ઉપર કોપેલા નહોતો તાકીદે શ્રીપાળજીને પ્રણમી સંતુષ્ટ કરો; કે જેથી તેમની તરફથી સંતોષભર્યાં કૃપાકટાક્ષનો લાભ મળશે. કદાચિત્ આપ

હાથમાં આવેલા રાજ્યનું બળ જોઇને ગર્વવંત હો તો સામી લડાઇ લેવાને માટે હોશિઆર રહેજો. શ્રીપાળનું લશ્કર તોફાની સાગરના જબરા લોઢ જેવું હોવાથી અટળ છે. તેમાં આપનું લશ્કર ઘાણીના લોટના સાથુવા સરખું ફૂંક દેતાં પણ ઉડી જાય તેવી સ્થિતિવાળું છે, જેથી સાગરજળના સપાટામાં કયાંયે ગાયબ થઇ જશો. તેમજ મહાન નરવરની સાથે લડાઇ લઇ પાયમાલીને તેડું ન કરવું–બળિઆ સાથે બાથ ન ભીડવી એમ જાણુ અને અજાણુ લોકનું પણ કહેવું છે; માટે મારું કહેણુ કાને ધરી પ્રભુનું સેવન કરવા રાજ્ય મેલી ત્યાગી થાઓ; અગર તો મારા સાહેબની સેવા કરવી કબુલ કરો.” (૧–૧૦)

બોલી એમ રહ્યો જવ દૂત, અજિતસેન બોલ્યો થઇ
ભૂત; રાજા નહિં મલે.
કહેજે તું તુઝ નૃપને એમ, દૂતપણાનો જો છે પ્રેમ, રા.
ચંપાનગરીનો રાય. રાજા નહિં મળે. ૧૧

આદિ મધ્ય અંતે છે જાણ, મધુર આમ્લ કટુ જેહ
પ્રમાણ; રાજા નહિં મલે.
ભોજન વચને સમ પરિણામ, તિણે ચતુરમુખ
તહારૂં નામ. રાજા નહિં મલે ૧૨

નિજ નહિં તેહ અમારો કોઉ, શત્રુભાવ વહિયેં છે દોઉ; રા.
જીવતો મૂકયો જાણીરે બાલ, તેણે અમેં નિર્બલ
સબલ શ્રીપાળ. રાજા નહિં મલે. ૧૩

નિજ જીવિતને હું નહિં રૂઠ, રૂઠયો તસ જમરાય
અપૂઠ; રાજા નહિં મલે.
જેણેં જગાવ્યો સૂતો સીંહ, મુઝ કોપેં તસ ન રહે
લીહ. રાજા નહિં મલે. ૧૪

જસ બલ સાયર સાથુ પ્રાય, જેહના બલ તે
બીજા રાય; રાજા નહિં મલે.
તેહમાં હું વડવાનલ જાણ, સવિ તે શોષું ન કરૂં
કાણ. રાજા નહિં મલે. ૧૫

કહેજે દૂત તું વેગો જાઇ, આવું છું તુઝ પૂઠેં ધાઇ; રા.

બળ પરખીજે રણમેદાન, ખડગની પૃથવી ને
વિદ્યાનું દાન. રાજા નહિં મલે. ૧૬
ચોથે ખંડે ત્રીજી ઢાલ, પુરણ હુઇ એ રાગ બંગાલ; રા.
સિદ્ધચક્ર ગુણ ગાવે જેહ, વિનય સુજસ સુખ પાવે
તેહ. રાજા નહિં મલે. ૧૭

અર્થઃ—આ પ્રમાણે બોલી દૂત ચૂપ રહ્યો કે અજિતસેન શરીરમાં ભરાયેલા ભૂતની પેઠે ક્રોધસહિત બોલ્યો—"જો ખરી રીતે દૂતપણાનો પ્રેમ છે, તો હું કહું છું તે જ મુજબ તારા રાજાને જઇ આમ કહેજે કે બીજા રાજાઓ આવીને તને નમ્યા છે; પણ આ ચંપાનગરીનો અજિતસેન સરખો અજિત્ત સૈન્યવંત અજિતસેન રાજા કદિ મળવા કે નમવા નહીં આવશે ! હે દૂત ! જે તું પહેલાં મીઠાં, વચમાં તીખાં ખાટાં, અને અંતમાં ખારાં—કડવાં વચનો ભોજન જમવાની રીત પ્રમાણે બોલ્યો તે વચનો અને ભોજન બેઉ સરખી હહેજત ભર્યા છે અને એવાં વચન બોલવા માટે તારામાં નિપુણતા છે તેથી તારૂં નામ ચતુર્મુખ છે એ વ્યાજબી છે. તેં જે વચનો કહ્યાં તેના ઉત્તરમાં સાંભળી લે—તું કહે છે કે શ્રીપાળ તમારો છે; પરંતુ તે અમારો છેજ નહીં અને કદિ શ્રીપાળ અમારો છે; તોપણ અમારા બન્ને વચ્ચે શત્રુભાવજ રહેલો હોવાથી પરસ્પર શત્રુભાવે વર્તિએ છીએ એને લીધે શ્રીપાળ અમારો દુશ્મન છે પણ સગો નથી, અને હું પણ તેનો કટ્ટો દુશ્મન છું, પણ કાકો નથી ! એને બાળક જાણીને જયારે જીવતો જવા દીધો ત્યારે અમે નિર્બળ થયા અને એ શ્રીપાળ બળવાન થયો ! તેમજ હું મારા જીવિતવ્ય ઉપર રૂષ્ટમાન થયો નથી; પણ તારા રાજાના જીવનપર યમરાજા રૂષ્ટમાન થયો છે; કારણ કે તેણે સૂતેલા સિંહને જગાડી છંછેડયો છે; માટે ચેતીને ચાલે તો બે દહાડા જીવાશે. મારો કોપ થશે તો એની કશી મર્યાદા રહેશેજ નહીં. વળી તેનું બળશાળી સૈન્ય સાગર સમાન છે તેમાં મારૂં સૈન્ય સાથવા સરખું નિર્બળ છે એમ જે તેં કહ્યું, પણ તેવા સૈન્યવાળા બીજા રાજાઓ જાણવા, મને તો તે સમુદ્ર સરખા લશ્કરને શોષી લેનાર વડવાનળ જેવો જાણજે. હું તે સાગરસમ સેનાને એકજ ઝપાટે શોષી લેવામાં જરા પણ ઓછાશ રાખીશ નહીં, માટે તું વહેલો જઇને તારા રાજાને કહેજે. હું તારા પગલાં ચાંપતોજ વેગ સહિત લડાઇ લેવા આવું છું. બળની પરીક્ષા લડાઇના મેદાનમાં કરવી ચોગ્ય છે. આવો વચનમાં વાદ કરવો તે નકામોજ છે, જેની તરવાર તેજ અને વિજયી હોય તેની આ પૃથ્વી છે; પણ બાયલાની નથી અને જેની વિદ્યા સતેજ છે તેની જ

દક્ષિણા મેળવવામાં સામર્થ્યતા છે; પણ અભણ અબૂઝતાવાળામાં નથી. અથવા તો તરવારની તાળી પાડી પૃથ્વી મેળવવી ઉત્તમ છે અને દાન વિદ્યાનું સર્વોત્તમ છે, નહીં કે આમ કાલાંવાલાં કરી પૃથ્વી પાછી મેળવવી શોભારૂપ છે ! અગર તો ખાંડાવડે કપાતા શિરને સાટે મળનારી પૃથ્વી છે; પણ આમ વાકય પ્રયોગરૂપ વિદ્યાદાનવડે મળનારી નથી; માટે ઉતરો મેદાનમાં કે જે જીતશે તે પૃથ્વીનો પતિ થશે." આ પ્રમાણે વચન કહી અજિતસેન ચૂપ રહ્યો કે તુરત દૂત નમન કરી ઉજ્જયની ભણી રવાના થયો ( કવિ યશોવિજયજી કહે છે કે–આ ચોથા ખંડમાં ત્રીજી ઢાળ બંગાળ રાગસહિત પૂર્ણ થઇ તે એજ બોધ આપે છે કે–જે માનવ શ્રી સિદ્ધચક્રજીના સત્ય ભાવથી ગુણ ગાય તે માનવ અવશ્ય વિનય સુયશરૂપ સુખ પ્રાપ્ત કરે. (૧૧–૧૭)

(દોહા છંદ.)

**વચન કહે વયરીતણાં, દૂત જઇ અતિ વેગ;**
**કડુઆં કાને તે સુણી, હુઓ શ્રીપાલ સતેગ. ૧**
**ઉચ્ચ ભૂમિ તટનીતટેં, સેના કરી ચતુરંગ;**
**ચંપા દિશિ જઈ તિણેં દિયા, પટ આવાસ ઉત્તંગ. ૨**
**સામો આવ્યો સબલ તવ, અજિતસેન નરનાહ;**
**માહોમાંહિ દલ બહુ મિલ્યાં, સગરવ અધિક ઉત્સાહ. ૩**

અર્થ:–દૂત બહુજ ઉતાવળે પંથ પસાર કરી માળવાના પાટનગરમાં જઈ પહોંચ્યો અને શત્રુ અજિતસેનનાં કહેલાં વચનો પોતાના રાજાને કહી સંભળાવી મર્યાદાયુકત ઉભો રહ્યો. એ કડવાં વચન સાંભળતાં શ્રીપાળજી તેજ તરવારને હાથમાં ગ્રહણ કરી લડાઇના મેદાનમાં ઉતરી પૃથ્વી મેળવવામાં તત્પર થયો, અને ચતુરંગી સેનાને લઇ દરમજલે ચંપાનગરીની સીમા ભણી પહોંચી, જ્યાં નદીના કાંઠા પર ઉંચી પણ મજબૂત લેખડ-વાળી ભૂમિ હતી, ત્યાં પોતાની લશ્કરી છાવણીના ઉંચા ને ઉમદા ડેરા તંબૂ ખડા કરાવી, શત્રુના આવવાની વાટ જોવા લાગ્યો. દરમિયાન અજિતસેન પણ બળસહિત લડાઇ લેવા સામે આવી પહોંચ્યો અને તેણે પણ પોતાની છાવણીનો પડાવ કર્યો. આમ બાટકવા માટે આવી મળેલાં બેઉ સૈન્યોમાં લડાઇ કરવાનો આટલો બધો ઉત્સાહ વધ્યો હતો કે ન પૂછો વાત ! (૧–૩)

( ઢાલ ચોથી–દેશી કડખાની. )

ચંગ રણરંગ મંગલ હુઆં અતિ ઘણાં,
ભુરી રણતૂર અવિદૂર વાજે;
કૌતકી લાખ દેખણ મલ્યા દેવતા,
નાદ દુદુંભિ તણે ગયણ ગાજે. ચં. ૧
ઉગ્રતા કરણ રણભુમી તિહાં શોધિયેં;
રોધિયેં અવધિ કરી શસ્ત્રપૂજા;
બોધિયેં સુભટ કુલ વંશ શંસા કરી,
યોધિયેં કવણ વિણ તુજ્જ દૂજા. ચં. ૨
ચરચિયેં ચારૂ ચંદન રસ સુભટ તનુ,
અરચિય ચંપકેં મુકુટ સીસેં;
સોહિયેં હત્થ વર વીર વલયેં તથા,
કલ્પતરૂ પરિ બન્યા સુભટ દીસે. ચં. ૩
કોઇ જનની કહે જનક મત લાજવે.
કોઇ કહે માહરૂં બિરૂદ રાખે;
જનક પતિ પુત્ર તિહું વીર જસ ઊજલા,
સોહિ ધન જગતમાં અણિય આખે. ચ. ૪
કોઈ રમણી કહે હસિય તું સહિશ કિમ,
સમર કરવાલ શર કુંતધારા;
નયણબાણેં હણ્યો તુજ્જ મેં વશ કિયો,
તિહાં ન ધીરજ રહ્યો કર વિચારા. ચં ૫
કોઇ કહે માહરો મોહ તું મત કરે,
મરણ જીવન તુઝ ન પીઠ છાંડું;
અધરસ અમૃતરસ હોય તુઝ સુલભ છે,
જગત જય હેતુ હો અચલ ખાંડું. ચં. ૬
ઇમ અધિક કૌતુકેં વીરરસ જાગતે,
લાગતે વચન હુઆ સુભટ તાતા;
સૂર પણ ક્રૂર હુઇ તિમિરદળ ખંડવા,
પૂર્વ દિશિ દાખવે કિરણ રાતા. ચં. ૭

અર્થ :—લડાઈના આરંભનો ઉત્સાહ વધારવા બંદીજનો સિંધુડા રાગમાં મનોહર રણરંગનો ઉત્કર્ષ કરવા માટે મનને મહાન આલ્હાદ ઉપજે એવાં પુષ્કળ મંગળ ગીત-કવિત ગાવા-બોલવા લાગ્યા; કેમકે કાર્યની શરૂઆતમાં ઉત્સાહ અને મંગળની વૃદ્ધિ થવાથી કાર્યસિદ્ધિ સ્વાધીન થાય છે, એથી મંગળ ગીતકો વગેરેનો મંગળ વીર ધ્વની થવા લાગ્યો. એકજ સ્વરથી મળેલાં રણતૂર, શરણાઇ, નોબત વગેરે વીરવાજિંત્રો ઘણુંજ નજીક પૂરજોસથી વાગવા લાગ્યાં, અને લડાઇના કૌતુકની ગમ્મત જોવાના અભિલાષી દેવતાઓ પણ પોતપોતાના વિમાન સહ આકાશમાં સ્થિત રહી દુંદૂભી-નગારાં વગાડવાં લાગ્યા, એથી તે બધાંના નાદ વડે આખું આકાશમંડળ ગાજી ઉઠયું. તેમજ તે નાદે બન્ને લશ્કરી છાવણીમાં લડવૈયાઓમાં એક બીજા વચ્ચે લડાઈ કરવાનો ઉત્સાહ વધતો ચાલ્યો કે હવે અમે લડાઈના મેદાનમાં ઉતરી ખડગ લઇ ઘૂમીશું, આવો નિશ્ચય થતાં મોટાઇ મેળવવાને માટે જે જગોએ જંગ જમાવવો છે તે જગોમાંથી કચરો કાંકરા કાંટા વગેરે કહાડી નાખી સાફ કરી ઉંચી નીચી જમીનને સરખી કરી તેઓએ સુંદર બનાવી, તથા પોતપોતાની હદની અંદર પોતપોતાનાં અસ્ત્રશસ્ત્રોને ચકચકિત કરી તેમનું ચંદન, પુષ્પ, ધુપ, દીપ સહિત પૂજન-કરવા લાગ્યા. તે પછી તે વીરોને વીરત્વતાનો આવેશ લાવવા બિરૂદ બોલનારા ભાટ ચારણો વગેરે તે વીરોના કુળ અને વંશની પ્રશંસા કરવા લાગ્યા એટલે કે-મારા બાપ! તું ફલાણાના કુળનો સપૂત વીર છે. તારા બાપે અમુક અમુક મહાવીરતાનાં કામો કર્યાં હતાં અને વિજય વર્યો હતો તેનોજ તું પુત્ર છે, માટે આજે અણી વખતે કુળનું તેજદાર પાણી બતાવી અન્નદાતાનું પાણી જાળવે એમાં કંઇ નવાઇ જેવું નથી. હીરાની ખાણમાં હીરાજ પાકે છે, અને ફલાણા મોસાળમાં ભાણેજ છે! અને તે વંશની સુશીલ માતાની કુંખમાં લોટેલ છો જેથી ધણીના કામમાં કદિ પાછી પાની નહીજ કરો. તેમ તમે સ્વામીભક્ત નિમકહલાલ બે શીપનું મોતી છો જેથી આજે તમારા વગર અહિંયાં ધણીને પડેલા કામ માટે કોણ શિર સાટે યુદ્ધ કરે તેમ છે?" ઈત્યાદિ ઇત્યાદિ બિરૂદ વચન બોલી વીરોને સતેજ કર્યા કે તુરત તેઓ વીરાવેશમાં આવી મનોહર સુગંધીવંત ચંદન રસ વડે પોતાનાં શરીર સુશોભિત કરવા લાગ્યા. કેસરનાં તિલક ત્રિપુંડ તાણી વિજય મેળવ્યા વગર પાછા ન ફરે તે સંબંધી કેશરીઆં કરી અવશ્ય જીત મેળવવી, અગર સમરાંગણમાં દેહનો પરિત્યાગ કરવો એવા દઢ નિશ્ચયવંત થઇ સ્થિર થયા. માથાના મુગટ-ફેંટા-રેટા વગેરેમાં ચંપાના ફુલનાં છોગાં મેલી તથા હાથમાં શ્રેષ્ઠ વીરકંકણ પહેરી યુદ્ધમાં અડગ

થયા. કેસરીઆં કરવાં માથે ચંપાનાં છોગાં ખોસવાં અને હાથે વીરકંકણ પહેરવાં એ ત્રણે નિશાનીઓ વીરોના વિજયની દૃઢ પ્રતિજ્ઞા સૂચવનારી છે. આ પ્રમાણે વીરમંડળ વીર શૃંગારયુકત લડાઇના મેદાનમાં ધૂમવાની તૈયારી કરી જ્યારે પોતપોતાના ઘરથી બહાર નિકળવા લાગ્યું, ત્યારે તેઓ કલ્પવૃક્ષની પેઠે સુશોભિત અને તેઓની મારફત કાર્યસિદ્ધ કરવાની ઈચ્છા કરનારને ઇચ્છિત સિદ્ધિ આપનારૂજ જણાવા લાગ્યું. તે વેળાએ કંઇક લડવૈયાઓ પોતાની પૂજ્ય માતા પાસે મંગળ મુલાકાતથી મોદ પ્રાપ્ત કરવા ગયા, તો તે સમય તે વીરપુત્રોને વીરમાતાઓ કહેવા લાગી કે–' અરે પુત્ર ! તું તારા વીરપિતાને લજવીશ નહીં; કેમકે તેમણે વીરતા સાથ લડાઇના મેદાનમાં ઉતરી કદીપણ પાછી પાની કરી કે પીઠ બતાવી નથી. તે વીરજનકનો પુત્ર જો નિર્વીરતા બતાવે તો તેમને શરમાવું પડે, માટે તારા પિતાના જેવો વા એમનાથી પણ અધિક વીર નીવડી મારી કુંખને ધન્યવાદ અપાવજે. જયવંત થઇ મોઢું દેખાડવું કે શત્રુ સામે લડતાં સ્વર્ગસંપત્તિ મેળવવી એજ વીરનરનું ઉત્તમ કર્તવ્ય છે; પણ જીવને વહાલો કરી પીઠ બતાવી ભાગી આવવું કે વીરતા બતાવ્યા વગર કૂતરાંને મોતે મરવું એ હિચકારા બાયલાઓનુંજ કામ છે.' કોઇ માતા બોલી કે– ' બેટા ! તું મારૂં બિરૂદ ત્રિપુટીપદ ધારક કરજે, કેમકે હું વીરપિતાની પુત્રી છું, વીરપતિની પત્ની છું, હવે ફકત વીરપુત્રની માતા કહેવાઉં એટલે ત્રણ વીર બિરૂદ ધરનારી થાઉં કે જેથી ઉજ્જવળ યશ થતાં જગતમાં આખી અણી રહેવાને લીધે ધન્યવાદને પાત્ર ગણાઉં. મતલબ એ કે જેનો પિતા પતિ ને પુત્ર વીર થઇ આખી અણીયે જીવન વ્યતીત કરે તેજ ઉજ્જવળ યશસહિત ધન્ય મનાય છે. કોઈ વીરની વીરપત્ની હસીને કહેવા લાગી કે–' હે નાથ ! મેં અબળાએજ ફકત આપને નેત્રબાણવડે વીંધી વશ કરી લીધેલ છે, છતાં ધૈર્યતા અને વીરતા બતાવવા સબળાઓની સાથે મેદાનમાં ધૂમવા ઇચ્છો છો, પરંતુ ત્યાં તો તીર, ભાલા તરવાર વગેરેનાં જીવલેણ છેદન ભેદન સહન કરવાં છે, માટે નેત્રબાણ ધીરજ સાથે સહન કરી શકયા નથી તો તે શી રીતે સહન કરી ધૈર્યતા રાખી શકશો ? તેનો જરા પણ ખ્યાલ તો કરો !' ( આ વ્યંગવચનવડે મર્મમાં જણાવ્યું. જેથી ઉત્સાહ, આનંદ અને શૂરત્વનો વધારો થતાં વીર યોદ્ધાઓ વિશેષ રણરંગમાં જય મેળવી પોતાની પત્નીને તેની વ્યંગધ્વનિનો હેતુ સિદ્ધ થયેલો બતાવવા આતુર થયો. ) કોઇ સ્ત્રીએ કહ્યું–' તમો મનમાં એવું ન લાવશો કે કદાચ હું લડાઇના મેદાનમાં કામ આવી જઇશ તો પછી વહાલી પ્રિયા કોના આધારે જીવન ગુજારશે ! એવો મોહ લાવી બે બાજુ

જીવ રાખવાથી બન્ને કાર્ય બગડે છે, માટે મારામાં જીવ ન રાખશો; કેમકે હું તો તમારી પીઠ છોડનારજ નથી—એટલે કે જો લડાઇમાંથી જીત મેળવીને ઘેર આવશો તો માંગલિક વસ્તુઓવડે તમને વધાવી અધરામૃતનો આનંદ આપી સાથેની સાથે આનંદમાન રહીશ, અને કદાચિત દૈવયોગે રણમાં કામે આવી જવાશે, તો પણ હું તમારા વીરશબને ખોળામાં લઇ અગ્નિમાં પ્રવેશ કરી સતી થઈ સ્વર્ગમાં પણ સાથેજ આવીશ, માટે પૂર્ણ ખાત્રી રાખવી કે હું જીવતાં કે મરતાં કદી તમારી પીઠ છોડનારીજ નથી, જેથી તમને અધરરસ અને અમૃતરસ બન્ને સુલભતાએ પ્રાપ્ત થશે. મતલબ કે વિજય મેળવીને ઘેર આવ્યેથી મારા અધરરસનો આનંદ સ્હેલાઈથી મળશે અને કદાચ વીરતા બતાવી સ્વર્ગસંપત્તિ મેળવી તો ત્યાં અમૃતરસ સ્હેલાઇથી મળશે, માટે વિજય મેળવવા જાઓ છો તેમાં સાવધાની સાથે અન્નદાતાનું કાર્ય સિદ્ધ કરી અમરનામના મેળવજો, કે જેથી જગતની અંદર જયરૂપ અચળ ખાંડું અણાવા ભાગ્યશાળી થવાય ! જે વીરતા સાથ લડીને રણમાં ધન્યવાદ પૂર્વક કામે આવે છે તે અવશ્ય સ્વર્ગસંપત્તિ મેળવે છે અને વિજય મેળવી હયાત રહે તો અવશ્ય આ લોકમાં યશસંપત્તિ સાથ મહાન બહાદુરીનું પદ મેળવે છે, માટે આ લોક પરલોક શોભાવવા યોગ્ય યશવંત ખડગ બતાવી સુકીર્તિ મેળવજો.” આ પ્રમાણે કોઈ વીરમાતાનાં, કોઈ વીરસ્ત્રીનાં ને બંદીજનનાં વેધક વચનો સાંભળતા કૌતુકને લીધે વીર લડવૈયાઓને ઘણોજ પોરસ ચડયો જેથી વીરતામાં વિશેષ ઉમેરો થતાં તેઓ અત્યંત સજગ ને સતેજ થયા, કેમકે તે મૂળથી વીર લડવૈયા તો હતાજ અને તેમાં વળી ઉકિત પ્રયુક્તિવાળાં વેધાળુ વચનો કાને પડવાનો સંયોગ મળ્યો, તે તેજી ઘોડાને ચાબુક ચમકાવા સરખો બનાવ બન્યો, એટલે પછી વીરત્વતા ઝળકયામાં કશી ખામી રહી નહીં. તેઓનાં રૂવાડાં અવળાં થઈ જવા લાગ્યાં, શરીરમાં લોહી ઉકળવાથી શરીરનો વર્ણ લાલશવંત જણાવા લાગ્યો અને વિશેષ શબ્દોમાં કહિયે તો તેમનો હંમેશનો સુંદર ચહેરો તાપવંત ક્રૂર વીર ચહેરો બની રહ્યો, જેથી રાત વીતી કયારે સૂર્ય ઉગે ને રણમાં ઘૂમવાનો લાગ હાથ લાગે એજ વિચારમાં તેઓ લીન બની રહ્યા. કવિ સંભાવના કરે છે કે—સૂર્યે પહેલાં વિચાર્યું હતું કે બન્ને રાજાનાં લશ્કરોની સંધિ થઇ જશે; પરંતુ તેમ તો થયું નહીં. તેઓ તો પોત-પોતાના શત્રુનો સંહાર કરવામાં તત્પર થયા, એ જોઇ સૂર્યે પણ પોતાના શત્રુ અંધકાર સમૂહનો અંત આણવા નિષધ પર્વતના કૂટાંતરે રહી ક્રૂરતા સાથ રક્તવર્ણ થઈ, પૂર્વ દિશા ભણી રકત કિરણો બતાવ્યાં.

( ૧-૧૭ )

રોપિ રણથંભ સંરંભ કરિ અતિ ઘણો,
 દોઇ દલ સુભટ તવ સબલ જૂઝે;
ભુમિનેં ભોગતા જોઇ નિજ યોગતા,
 અમલ આરોગતા રણ ન મૂઝે. ચં, ૮

નીર જિમતીર વરસે તદા યોધઘન,
 સંચરે પરેં ધવલ નેજા;
ગાજ દલસાજ ઋતુ આઇ પાઉસતણી,
 વીજ જિમ કુંત ચમકે સતેજા. ચં. ૯

ભંડ બ્રહ્માંડ શતખંડ જે કરિ શકે,
 ઉચ્છળે તેહવા નાળ ગોળા;
વરસતા અગનિ રણમગન રોષેં ભર્યા,
 માનું એ યમતણા વયણ ડોળા. ચં. ૧૦

કેઈ છેદે શરેં અરિતણાં શિર સુભટ,
 આવતાં કેઇ અરિબાણ ઝાલે;
કેઈ અસિછિન્ન કરિકુંભ મુકતા ફલેં,
 બ્રહ્મરથ વિહગમુખ ગ્રાસ ઘાલે. ચં. ૧૧

મધરસ સદ્ય અનવદ્ય કવિપદ્ય ભર,
 બંદિજન બિરૂદથી અધિક રસીયા;
ખોજ અરિફોજની મોજ ધરિ નવિ કરે,
 ચમકભર ધમક દઇ માંહિ ધસિયા. ચં. ૧૨

વાલ વિકરાલ કરવાલ હત સુભટશિર,
 વેગ ઉચ્છલિત રવિ રાહુ માને;
ધૂળિ ધોરણી મિલિત ગગન ગંગાકમળ,
 કોટિ અંતરિત રથ રહત છાને. ચં. ૧૩

કેઇ ભટ ભારપરિ સિસ પરિહાર કરિ.
 રણરસિક અધિક જૂઝે કબંધે;
પૂર્ણ સંકેત હિત હેત જય જયરવે,
 નૃત્ય મનું કરત સંગીતબદ્ધે. ચં. ૧૪

ભુરિ રણતૂર પુરે ગયણુ ગડગડે,
રથ સબલ શર ચકચૂર ભાંજે;
વીર હકકાય ગય હય પુલે ચિહું દિશેં,
જે હુવે શૂર તસ કોણુ ગાંજે. ચં. ૧૫

તેહ ખિણમાં હુઇ રણ મહી ઘોરતર,
રૂધિર કર્દમ ભરી અંતપૂરી;
પ્રીતિ હુઇ પૂર્ણ વ્યંતરતણા દેવને,
સુભટને હોંશ નવિ રહિ અધૂરી. ચં. ૧૬

અર્થ :—જ્યારે સૂર્યોદય થયો ત્યારે સૂર્ય અને સુભટો બન્ને લાલચોળ દેખાવના બની રહ્યા. શુદ્ધ કરી રાખેલી ભૂમિમાં હદ મુકરર માટે રણસ્થંભ ખડો કર્યો, અને પછી ચતુરંગી સેનાના બેઉ તરફથી પોતપોતાને યોગ્ય લાગતા વ્યૂહ ગોઠવ્યા, તથા વીરવાદ્યો અને બંદિજનોના વીરવાકયો વડે રણમત્ત થયેલા વીરો પોતપોતાના સ્વામીનો વિજય કરવા પોતપોતાના સતેજ શસ્ત્ર અસ્ત્ર સહિત પોતપોતાના સ્વામિની જય બોલાવી કોપાટોપપણે સબળતા પૂર્વક પૂર્ણ ધસારા યુક્ત હલ્લા કરવા રણ મેદાનમાં કૂદી વિરોધિયોની સુસ્તી ઉડાવવા લાગ્યા. તેમાં પણ જે અમીર ઉમરાવો વગેરે ઘણા દિવસોથી ગામ ગ્રાસ ખાતા આવેલ છે તે ઉમરાવો, તથા લશ્કરી અમલદારો કે જેઓએ ઘણા વખતથી બેઠે બેઠેજ મોટો પગાર મેળવેલ છે તેઓએ પોતપોતાના ગ્રાસ–પગાર–અધિકાર ને કુલીનતાની યોગ્યતાનો ખ્યાલ કરી ખાસ બળ બતાવી અન્નદાતાને અત્યાનંદ સાથ વિજય અપાવવોજ યોગ્ય છે એમ માની ભારે પરાક્રમ સહિત લડાઇના વ્યૂહ તોડવામાં બારીકીથી મન લગાડયું, તથા અમલનો અમલ કાયમ રહેવા અમલ કસુંબા પીને મુંઝવણ વગર રણમેદાનમાં ઘૂમવું શરૂ કર્યું. કવિ વરસાદની મોસમ અને તે લડાઈનો સમાનાલંકારથી વિવેચન સહિત મુકાબલો કરી બતાવે છે કે જેમ વરસાદ વરસવા વખતે કાળી ઘટામાંથી જળબુંદ ધારાની ઝડી લાગી રહે છે, તેમ કૃષ્ણ લેશ્યાવંત અને કૃષ્ણ રંગનાં બખ્તર ટોપાદિ ધારણ કરેલ હોવાથી તે કાળાં વાદળાંવાળાં મેઘ જેવા બની અંતર રહિત તીરની ઝડી વરસાવી રહ્યા હતા. વરસાદ વખતે જેમ ધોળાં બગલાં ઉડે છે, તેમ તે લડાઈના મેદાનમાં ધોળાં નેજાવાળા વીરનરો શુરતા સાથ આમ તેમ દોડી પોતપોતાના દળવાળા અમલદારોને લડાઇ સંબંધી સંજ્ઞાવડે જાણ કરી રહેલ છે તે બગપંકિતરૂપ છે. જેમ વરસાદ વખતે ગાજવીજ થાય છે તેમ તે લડાઇમાં

તોપ બંદુકોનો થતો ભારે ગડુડાટ તથા ચતુરંગી સેનાના પગરવ ને શબ્દના ઘોંઘાટના પડછંદા ગાજી રહેલ છે, અને ચકચકિત કરેલ તલવાર ભાલા બરછી વગેરેની ઉપર પડતા સૂર્ય કિરણોને લીધે થતા ચમકારા રૂપ વીજળી ચમકી રહેલ છે, આથી વરસાદ વરસવાનો સમય અને એ લડાઇ ચાલતાનો સમય સરખા દેખાવનો માલુમ પડવા લાગ્યો. (વરસાદ વખતે પાણીના પડવાથી ગારો તથા પાણીનું વહેવું થાય છે તેની જગોએ એ લડાઇમાં શાનો ગારો? અને પાણીની જગોએ શું વહેતું હતું? તથા વૃષ્ટિ થવાથી કૃષિકારો રાજી થાય છે તેમ એ લડાઇમાં રોળ વળવાથી કોણ રાજી થતાં હતાં? તે આગળ કહેવામાં આવશે. હવે તોપોમાંથી છૂટતા ગોળાઓ કેવા પ્રલયકારી છે તે વિષે કવિ ઉત્પ્રેક્ષા અલંકારથી વર્ણન કરે છે કે) જે તોપ ગોળા તોપમાંથી છૂટી ઉછળી રહ્યા હતા તે આ બ્રહ્માંડરૂપી વાસણના પણ સેંકડો કટકા કરી નાખે તેવાં લયકારી હતા તથા તે અગ્નિના ભયંકર તણખા વરસાવતા અને સંગ્રામમાં તન્મય રોષથી ભરેલા લાલચોળ બનેલ હોવાથી શત્રુનો સંહાર કરવામાં યમના ડોળારૂપજ હોયની! તેવા લાગતા હતા; કેમકે યમની નજર પણ જે પ્રાણીપર પડી તે પ્રાણીને તે પોતાના ધામમાંજ લઇ જાય છે, અને તે તોપગોળાઓની પણ જેનાપર નજર પડી કે પ્રાણી પણ યમધામનેજ ભેટતાં હતા, જેથી હું માનું છું કે તે ગોળાઓ નહીં; પણ યમના ડોળાજ હોય એવો ખ્યાલ કરાવતા હતા. (હવે તે રણમેદાનની અંદર વીર યોદ્ધાઓ કેવી લઘુ લાઘવી કળાવાળા કેવા ભુજાબળી અને કેવા પરાક્રમી હતા તે બતાવે છે.) તે સમરાંગણમાં કોઈક વીર લડવૈયાઓ તો પોતાનાં અર્ધચંદ્રાકાર બાણોવડે શત્રુઓનાં માથાં છેદતા હતા, તો કોઇકિ જણ શત્રુઓનાં ફેંકેલા તીવ્ર બાણો પોતાના ભણી આવતાં કે પસાર થઇને જતાં હતાં તે બાણોને આવતાંજ ઝડપી લઇ, અથવા તો અધવચથીજ ઝડપી લઈ પાછાં તે જ બાણો ધનુષપર ચઢાવી શત્રુઓ ભણી ચલાવી રોળ વાળતા હતા. કેઇક વળી તેજ તરવારના એકજ ઝટકેથી હાથીનાં કુંભસ્થળો કાપી તેમાંનાં મોતી (ત્યાં અગાઉ સ્વર્નિર્મિત વીરોના વીરત્વની નોંધ લેવા આવેલા) બ્રહ્માજીના રથમાં જોડેલા હંસોને ચુગાવવાજ જાણે વેરતાં હોયની? એવો ભાસ થતો હતો. (હવે તે વીરો કેવા રણરસથી મસ્ત બન્યા છે તે કહી બતાવે છે,—) જેમ તરતનો ખીંચેલો દારૂ પીવાથી પીનાર કેફમાં તરતજ મસ્ત બનતાં પ્રાણહાનિની પણ પરવાહ વિનાનો બની જાય છે, તેમ ભાટ—ચારણો—કવિયોની તરતની રચી લીધેલી બિરૂદાવળી વંશાવળી ને વીરત્વ દર્શાવ્યા સંબંધની કવિતા (ગીતક—પદ—કાવ્ય) કે જે દગ્ધાક્ષરાદિ દોષ વગરની તે બંદીજન મુખથી વીરધ્વનીમય બોલાતી હોવાને લીધે જે જે

વીરોના કુળ વંશ કાર્યની પ્રશંસા ને શાબાશી જાહેર કરવામાં આવતી હતી તે તે વીરો તાજા ખીંચેલા દારૂના પીવાની પેઠે પ્રાણોની પરવાહ વિનાના બની વિશેષ રણમત્ત-રસિયા થઇ શત્રુની ફોજની ખોજ ખોળ કર્યા વગર મોજ સાથે તેમાં એકદમ ધસારા સાથ ઘૂસી જઇ ધમાલ મચાવવા લાગ્યા હતા, એટલે કે કવિતા રૂપી તાજા દારૂનો કેફ ચડવાથી મદમત્ત થયેલા વીરો એ પણ નથી જોતા કે સામી ફોજનાં માણુસો ઘણાં છે જેથી હું તે સામે નહીં ફાવી શકું ! અથવા તે મને ઘેરીને મારી નાખશે ! એવી જરાપણુ બીકની ચિંતા ન રાખતાં મોજ સાથે સામી ફોજમાં ગુસ્સા અને અભિમાન સાથે એકદમ-તાકીદથી પરાક્રમસહ ધસીને ઘૂસી જઇ શત્રુઓ સાથે હાથા-હાથની કાપાકાપી ચલાવવા લાગ્યા હતા અને બાથોબાથ થઈ ગયા હતા. આ મહાયુદ્ધમાં હાથીસવારો સાથે હાથીસવારો, ઘોડેસવારો સાથે ઘોડેસવારો, રથવાળાઓ સાથે રથવાળાઓ અને પેદળ સાથે પેદળો તથા બરોબરીઆ બળ અને પદવીવાળાઓ સાથે તેવાજ બળ પદવીવાળાઓ પૂર રોષ જોશ અને હોંશથી બાટકતા હતા. તેમાં તરવારવાળા સાથે તરવારવાળા, બરછી-વાળા સાથે બરછીવાળા, બંદુકોવાળા સાથે બંદુકોવાળા, કટારી જમૈયાવાળા સાથે કટારી જમૈયાવાળા, અને ધનુષતીરવાળા સાથે ધનુષતીરવાળા; આમ સરખેસરખી સ્થિતિવાળા લડતા હતા. કોઇ વીરનરો બીજા વીરનરને વકારી ચેતાવી ઝપટ સાથે તેનું ખડબવતી માથું ધડથી જૂદું કરી દેતા હતા, પરંતુ તે વીર મસ્તક ધડથી જુદું થયા છતાં પણ વીરત્વતાના પરમાણુઓથી ભરપૂર હોવાના બળને લીધે વેગસહિત આકાશમાં ઉછળતું હતું. તે મસ્તક, વાળનો જથો વાયુવડે વિખાઈ જવાથી વિકરાળ છતાં શામ રંગનું જણાતું હોવાના સબબે કવિ ઉત્પ્રેક્ષાવડે ઉક્તિ કરે છે કે-વાહન અને લડવૈયાઓના પગરવટથી ધૂળ ઉડતાં સૂર્ય દેખાતો ન હતો; પરંતુ હું તો માનું છું કે તે સૂર્ય તે વેગવાળા વિકરાળ શામ મસ્તકના દેખવાથી તે મસ્તકને સૂર્યે રાહુ માની મને ગ્રસવા આવે છે એવી ભીતિને લીધે પોબારા ગણી યુદ્ધની પગરવટથી ઉડેલી ધૂળના જથ્થાવડે આકાશગંગામાં રહેલાં જે કરોડો કમ-ળોનો જથ્થો ઢંકાઈ ગયો હતો તે કમળ જાળના ઢંકાયલા જથ્થાની પોલાણમાં સૂર્ય પોતાના રથ સહિત સંતાઈ રહ્યો હતો. મતલબ એજ કે ધૂળના ઉડવાથી સૂર્યપણુ દેખાતો નહોતો. આવા તુમુલ યુદ્ધમાં કેટલાએક વીર પુરૂષો તો વિશેષ વીરાવેશથી લડતા અને ધડથી માથું જુદું થયા છતાં ધડથીજ લડી હજારોના ઘાણ કહાડતા હતા. પણ તે વિષે કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે તે વીરોનાં માથાં કોઇએ કાપ્યાં નથી પરંતુ પોતે પોતાના હાથેજ પોતાનાં માથાંને કાપી નાખ્યાં હતાં; કેમકે ભાર વધારે હોવાથી

છૂટા મનથી લડવું ફાવતું ન હતું માટે જે ભાર ઓછો થયો તે ખરો એમ માની તે વીરોએ માથાં ધડથી જુદાં કરી દીધેલ હતાં અને તે પછી વીરત્વના-તામસી પ્રકૃતિના પર્યાયો-( પરમાણુ-રજકણો ) થી પૂર્ણ રહેલાં રણરસિયાં ધડો આમથી તેમ ઘૂમી આંધળીઆં કરી મારૂં પરાયું વિચાર્યા વિના કાપાકાપી કરી રહ્યાં હતાં ! અને તેમાં પણ એક સંકેત પૂર્ણ થયો હતો તે સબબને લીધે તે ધડો પૂર જુસ્સા સાથે રોળ વાળી રહ્યા હતા. તે સંકેત એજ હતો કે, જે વખતે લડાઇ મચાવવા તે લડવૈયાઓ એકઠા થયા હતા તે વખતે એવો ઠરાવ કર્યો હતો કે-શત્રુને હરાવી જીત મેળવવી, અથવા તો પોતાના પ્રાણની આહુતી આપીને પણ શૂરાનું નામ જાળવવું, કે બેસુમાર લડવૈયાઓનો ઘાણ કહાડી શબની શય્યાપર અનિવાર્ય નિદ્રાને તાબે થવું- એ સંકેત પૂર્ણ થયો તે સબબને માટે જય જય શબ્દ કરી ધડ લડે છે, તેમજ આમથી તેમ ઘૂમે છે જે માટે પણ એમજ માનું છું કે-તે ધડ ઘૂમતું નથી, પણ યુદ્ધ કરી વીરતાની સાચી કસોટીએ શુદ્ધ સુવર્ણ નીવડયું જય પામ્યું, એના લીધે હર્ષ વધી જતાં જય જય શબ્દ સહિત સંગીતબદ્ધ નાચ કરી રહ્યું છે! આવા વીર લડવૈયાઓ, ઘણુંજ રણતૂર ( રણસીંગાં, શરણાઇ, ઢાલ, નોબતો ) વગેરે વીરવાજીંત્રોના શબ્દ સમૂહવડે આકાશ ગાજી રહ્યું છે, તેથી રણમત્ત થઇ સબળતાથી સામાપક્ષવાળાના રથોનાં ફક્ત એક મુક્કી જે પાટુથીજ ભાંગીને ભૂકો કરી નાખતા હતા અને વીરહાક ( સિંહ સરખો તાડુકો ) કરી અધિક બળનો ગર્વ રાખી એક વીર બીજા વીરને વકારી-લલકારી કહેતા હતા કે-જો બરડાનો ભાર ઓછો કરવા ચાહતો હો તો મારી સામે આવ! ઘણા વખતથી હું તારીજ રાહ જોઉં છું કે કયારે આવે ! વગેરે વ્યંગમાં મર્મભેદક વચનો કહેતા હતા. તે વીર હાક સાંભળીને ( લડાઇની કેળવણી ન પામેલા છતાં જરૂરી પ્રસંગે લડાઈમાં સામેલ રાખેલા ) હાથી ઘોડાઓ આમથી તેમ ડરી ચીસ પાડી ચોમેર નાસતા જણાયા. એવા વીરવરોને કોણ ગાંજી શકે ? કેમકે જીવમાત્રને મરણનો મોટો ભય છે, તે ભય તો તેમણે દૂર કરેલો હતો, તો પછી તેઓ કેવી રીતે ગાંજયા જાય ? ( મરણનો ભય રાખે તેનેજ તાબે કરી શકાય છે. ) તે વીરોને મારવું કે મરવું એજ દૃઢ નિશ્ચય હતો, ત્યાં અડગ રહેવામાં બાકીજ શી ? આ પ્રમાણે યુદ્ધ ચાલતાં જોતજોતામાં લડાઇનું મેદાન, લોહીના ગારાથી મડદાઓના ઢગલાથી, ઘાયલ થયેલાઓની દયાજનક સ્થિતિથી અને લોહીની નદીઓ વહેવાથી બહુજ બીહામણું થઈ રહ્યું હતું, અને તેમાં વળી જબરૂં યુદ્ધ જામવાને લીધે ભૂત, પ્રેત, વ્યંતર, વીર, વૈતાળ, વગેરે પ્રેતયોનીવાળા દેવો જે લોહી માંસનાજ લોલુપી છે તેઓને લોહી માંસનો

જશ્થી મળતાં પ્રસન્નતા પ્રાપ્ત થઇ અને આ લડાઇ જામી તે સારૂં થયું એવી તે કાર્યથી પ્રીતિ થઇ, અથવા તો વ્યંતરનિકાયના દેવો કે જે લડાઈ જોવાને માટે પોતપોતાના વિમાન સહિત આકાશ પંથે રહ્યા હતા તે દેવો અપાર લડવૈયાઓને વીરતા સાથ મરણ પામેલા જોઇને પ્રીતિવંત-રાજી થયા, અને લડવૈયાઓએ પણ જે વીરતા બતાવી માલિકની પ્રસન્નતા મેળવળી હતી તે પણ મળવાનો વખત આવો લાગતા આનંદિત થયા હતા; કેમકે તેઓને જે હોંશ હતી તે પૂરી થઈ હતી.

દેખી શ્રીપાલભટ ભાંજિયુ સૈન્યનિજ,
ઊઠવે તવ અજિતસેન રાજા;
નામ મુઝ રાખવો જોર ફરી દાખવો,
હો સુભટ વિમલકુલ તેજ તાજા. ચં. ૧૭

તેહ ઇમ બૂઝતો સૈન્ય સજિ જુઝતો,
વીંટિયો જત્તિ સયસાત રાણે;
તે વદે નૃપતિ અભિમાન ત્યજી હજિય તું,
પ્રણમી શ્રીપાલ તિહાં એ જાણે. ચં. ૧૮

માનધન જાસ માને ન તે હિતવચન,
તેહ શું જૂંઝતો નવિય થાકે;
બાંધિયો પાડિ કરિ તેહ સતસય ભટેં,
હુઓ શ્રીપાલ જશ પ્રગટવાકે. ચં. ૧૯

પાય શ્રીપાલને આણિયો તેહ નૃપ,
તેણેં છોડાવીયો ઉચિત જાણી;
ભૂમિસુખ ભોગવો તાત મત ખેદ કરો,
વદત શ્રીપાલ ઇમ મધુર વાણી. ચં ૨૦

ખંડ ચોથે હુઈ ઢાલ ચોથી ભલી,
પૂર્ણ કડખાતણી એહ દેશી;
જેહ ગાવે સુજસ એમ નવપદ તણો,
તે લહે ઋદ્ધિ સવિ શુદ્ધલેશી. ચં. ૨૧

અર્થ—આ પ્રમાણે શ્રીપાળજી મહારાજાના વિજયી લશ્કરે અજિતસેનના લશ્કર પર જબરો મારો ચલાવી તેની હરોળ તોડી ભારે ભંગાણ પાડી

દીધું, એ જોઈ અજિતસેને ઉઠી આવેશ સાથે પોતાના નિરુત્સાહ થયેલા વીરો પ્રત્યે કહેવા માંડ્યું–"મારા વહાલા વીરો ! મારૂં નામ અજિતસેન છે તેનું જ સૈન્ય જ્યારે આમ જીતાઈ જાય ત્યારે મારા નામનું નીર ને નૂર કાયમ ન રહે માટે નાસો નહીં ! હીમ્મત રાખો ! હું પોતે હવે લડવા સામેલ થાઉં છું, જેથી હમણાં જ શત્રુ પર જીત મેળવી વિજય વરીશું. પાછા ધસી ધસારો ચલાવવો એ શત્રુના પ્રાણ લેવાનો જ કાયદો છે. સાપ, બીલાડી, ધનુષ, વગેરે પાછાં હઠીને જ સામાના પ્રાણ લે છે: માટે આપણે પણ પાછા હઠી હલ્લા કરીશું તો તેથી અવશ્ય આપણી જીતજ થશે; માટે નાઉમેદીને ન ભેટો, મારૂં નામ રાખો અને ફરીને એક વાર જોર બતાવો એટલે ફતેહના ડંકા. હે નિર્મળકુળમાં પેદા થયેલ વીરો ! તમો એક વાર ક્ષત્રીયના તેજવડે તાજા થઇ સામો મારો કરો," આ પ્રમાણે કહી અજિતસેને નાઉમેદ થયેલા વીર પુરૂષોને ફરી લડવા માટે સતેજ કર્યા અને વીરોને પાણી ચડાવતો તથા પોતે શસ્ત્ર અસ્ત્ર ચલાવતો શ્રીપાળના લશ્કર ઉપર મારો ચલાવવા લાગ્યો. તેમજ ફરી સતેજ થયેલા વીરો પણ મરણીઆ થઈ કાપા કાપી કરવા લાગ્યા. એ જોઇ સાતસો રાણાઓ કે જે સૈન્યના નાયક હતા તેઓ અત્યાર લગણ સૈન્યની બહાદુરી જ જોઇ રહ્યા હતા તેમણે એકદમ હલ્લા કરી ભારે આવેશ સાથે કાપા કાપી ચલાવીને અજિતસેનને ઘેરી લીધો અને તે અહંકારી પ્રત્યે કહ્યું:–" હે રાજન્ ! હજી લગણ બાંધી મુઠી છે માટે ગર્વ તજી અમારા સ્વામી શ્રીપાળજી કે જે હિતના જાણકાર છે તેમના ચરણકમળ પ્રણમીશ તો તારા બધા ગુન્હા માફકરી ઉત્તમ જ નિવાસ બક્ષસે. અભિમાન એજ હિતની હાનિ કરનાર છે, તો તેનો પરિત્યાગ કરી પ્રભુ ભજવામાં તત્પર થા." જો કે આ પ્રમાણે રાણાઓએ અજિતસેનને હિતવચન કહ્યાં; તદપિ જે માન–ગર્વને જ પોતાનું સર્વસ્વ ધન માને છે તે મનુષ્ય કદિ પણ કોઇનાં હિતવચનો માનેજ નહીં, તો પછી અહંકારી અજિતસેન હિતવચનનો અનાદર કરે એ તો સ્વાભાવિક જ છે. એથી રાણાઓના બોલવા તરફ બેદરકારી બતાવી તેઓની સાથે જ લડવા લાગ્યો, એ જોઈ સાતસો રાણાઓને બહુ જ ગુસ્સો ચડતાં તેને તત્કાળ હાથીના હોદ્દામાંથી નીચે પટકી પાડી, મુસ્કેટાટ બાંધી, તેઓએ શ્રીપાળજીનો યશ પ્રકટાવી, શબ્દથી જાહેર કરી, ગર્વી અજિતસેનને તેવીજ કેદી સ્થિતિમાં શ્રીપાળજીના ચરણે લાવી હાજર કર્યો, એટલે વિવેક શિરોમણિ શ્રીપાળજીએ કાકાશ્રીને બંધનથી મુકત કરાવી સન્માન આપ્યું. કેમકે ગમે તેમ તોપણ તે વયોવૃદ્ધ અને કાકો હતો જેથી તેને પોતાના

અગાડી બંધન મુકત રાખી રાજી થવું એ વ્યાજબી નહોતું, એના લીધે માન જાળવી મધુરવાણીથી કહ્યું–' પૂજ્ય કાકાશ્રી આપ આપની જે ભૂમિ છે તે સુખ પૂર્વક ભોગવો અને જરા પણ મનમાં ખેદ ન કરશો; કારણ કે પુત્ર અને શિષ્યની અગાડી પરાજય પામવો એ અધિક શોભારૂપ છે, માટે આપથી હું વિશેષ વિજયવંત કદાચ ગણાયો હોઉં તો તેથી રાજી થવાનું છે, પણ શરમાવાનું નથી. જ્યારે આપથી ન્યૂનતાવંત , વિજયતા કે ઋદ્ધિ સિદ્ધિવંત હોઉં ત્યારે ખેદ કરવાની જરૂર ગણાય, એથી મારાથી પરાજિત થવામાં ખેદવંત ન થતાં કુળમાં વિશેષ વિજયધારી નીવડયો એમ માની હર્ષવંત થવાની જરૂર છે." ઈત્યાદિ મિષ્ટ વચનોવડે કાકાશ્રીને સંતોષ આપ્યો. (કવિ યશવિજયજી કહે છે કે આ ચોથા ખંડમાં ચોથી ઢાલ કડખાની દેશી વાળી પૂર્ણ થઇ તે એજ બોધ આપે છે કે જે મનુષ્ય શ્રીનવપદજીના સુયશ ગાશે તે મનુષ્ય નિર્મળ લેશ્યાવંત થઈ સર્વ પ્રકારની ઋદ્ધિ પ્રાપ્ત કરશે.) (૧૭–૨૧)

---

(દોહા છંદ.)

**અજિતસેન ચિંતે કર્યું,–અવિમાસ્યું મેં કાજ;**
**વચન ન માન્યું તનું, તો ન રહિ નિજ લાજ. ૧**
**આપ શકિત જાણે નહીં, કરે સબલશું જુઝ;**
**સુહિતવચન માને નહીં, આપે પડી અબૂઝ. ૨**
**કિહાં વૃદ્ધપણ સદા, પરદ્રોહ કરવા પાવ;**
**કિહાં બાલપણ એ સદા, પર ઉપકાર સ્વભાવ. ૩**
**ગોત્રદ્રોહ કીરતી નહીં, રાજદ્રોહ નવિ નીતિ;**
**બાલદ્રોહ સદ્‌ગતિ નહીં, એ ત્રણે મુઝ ભીતિ. ૪**
**કો ન કરે તે મેં કર્યું, પાતિક નિઠુર નિજાણ;**
**નહિ બીજું બહુ પાપને, નરક વિના મુઝ ઠાણ. ૫**
**એવા પણ સહુ પાપને, ઉદ્ધરવા દિયે હથ્થ;**
**પ્રવ્રજ્યા જિનરાજની, છે ઇક શુદ્ધ સમત્થ. ૬**
**તે દુખવલ્લીવનદહન, તે શિવસુખતરૂકંદ;**
**તે કુલઘર ગુણગણતણું, તે ટાલે સવિ દંદ. ૭**

તે આકર્ષણ સિદ્ધિનું, ભવિનિ:કર્ષણ તેહ;
તે કષાયગિરિભેદપવિ, નોકસાયદવમેહ. ૮

પ્રવ્રજ્યા ગુણ ઇમ ગ્રહે, દેખે ભવજલ દોષ;
મોહ મહામદ મિટ ગયો, હુઓ ભાવનાપોષ. ૯

ભેદાણી બહુ પાપથિતિ, કર્મે વિવરજ દીધ;
પૂરવ ભવ તસ સાંભર્યો, રંગે ચારિત્ર લીધ. ૧૦

અર્થઃ—ધારેલી ધારણા ધુળમાં મળવાથી અજિતસેને ચિંતવ્યું કે—"મેં વગર વિચાર્યું કામ કર્યું ! ૧ પહેલાંથી જ દુતનું કહેવું ન કર્યું તો મારી પોતાની લાજ રહી નહીં. જે મનુષ્ય પોતાનામાં કેટલી શક્તિ છે તેનું તોલ જાણ્યા વિના બળિયા સાથે બાથ ભીડી લડાઈ વહોરે અને હિત ચિંતવનારનાં કહેલાં હિતવચનો ન માને તે અબુઝ મનુષ્ય પોતે પોતાની મેળે જ દરેક કામમાં પાછો પડે છે. વિચાર કરવા જેવો છે કે—ક્યાં હું વૃદ્ધ થયા છતાં પણ સદાથી પરાયો દ્રોહ કરનારો પાપ પ્રસંગી ? અને ક્યાં આ શ્રીપાળ બાળપણથી જ હંમેશાં પરાયાનો ઉપકાર કરનારા સ્વભાવવાળો ? એથી કબુલ જ કરવું પડે છે કે એના બાળપણ ને જુવાનીને ધન્યવાદ છે અને મારા ગઢપણ ને ધિક્કાર છે; કેમકે મુજ વડીલને જે એનું હિત ચિંતવવાની બુદ્ધિ રાખવી જોઇતી હતી તે કેઠથીજ ન રાખી શકયો, અને એ વૈરીપણાનો દાવો ધરાવી વિજયવંત થયા છતાં પણ હજુ કહે છે કે હે તાત ! પૂજ્ય કાકાશ્રી ! આપ આપની ભૂમિ સુખેથી ભોગવો અને જરા પણ ખેદ ન કરો, એથી ખચિતમારૂં કર્તવ્ય અનુચિત ( ગેરવ્યાજબી ) જ છે. નીતિ શાસ્ત્ર પણ કહે છે કે—' જે મનુષ્ય ગોત્રમાં પેદા થયેલા ગોત્રીનો દ્રોહ કરે તો તે મનુષ્યની સારી કીર્તિ કાયમ રહે નહીં, તેમજ જે રાજદ્રોહ કરે તે નીતિ ઉલ્લંઘન ગણાતાં નીતિભ્રષ્ટ થઇ શાસનને પાત્ર થાય છે, અને જે બાળકનો દ્રોહ કરે છે તેની સારી ગતિ ( સારી સ્થિતિ કે સારી ગતિ ) થતી જ નથી; તો મેં તો ગોત્ર દ્રોહ, રાજદ્રોહ અને બાળદ્રોહ એ ત્રણે કર્યા છે, તેથી મને હવે ભીતિ—બીક લાગે છે કે મારી શી ગતિ થશે ! કેમકે જે કોઈ નીચ જન પણ ન કરે તેવું નીચું પાપ અજાણ ને મૂર્ખપણાને લીધે મેં કઠોર નઠારા ધ્યાન સહીત કર્યું છે, જેથી બહુ પાપ કરનારા આ જીવને નરક વિના

૧ જે મનુષ્ય પ્રથમ કોઈનું કહ્યું ન માને તે પાછળથી ખચિત પસ્તાય છે, એ આ સંબંધ બતાવી રહેલ છે.

બીજે ક્યાંય નિવાસ મળવાનો નથી. પરંતુ મારા જેવા બહુ પાપ કરનારાનો પણ નિસ્તાર થવા માટે ફક્ત એક શ્રી જિનેશ્વર મહારાજજીની પ્રરૂપેલી શુદ્ધ જૈનદીક્ષા સહાયતા આપવા સમર્થ છે અને તે નરકે જનારને અટકાવી શકે છે–અર્થાત્ નરકે જવાનાં પાપદળિયાં બાંધનારો પણ જો શુદ્ધ ચારિત્ર અંગિકાર કરે તો બેશક નરકને બદલે સ્વર્ગમાં જવા સમર્થ થાય છે; કેમકે તે ચારિત્ર, દુઃખરૂપ વેલીના વનને બાળી ભસ્મ કરવા અગ્નિ સમાન છે, ઉપદ્રવરહિત મોક્ષ સ્થળરૂપ વૃક્ષના મૂળ સમાન છે, ગુણના જથ્થાને રહેવાના મુખ્ય ઘરરૂપ છે, ત્રણે જગતની આપદાને દૂર કરનાર છે, સિદ્ધપદનું આકર્ષણ કરનાર છે, ( એટલે કે–ચારિત્રવંત સાતમે આઠમે ગુણસ્થાનકે રહી વિશુદ્ધ વિશુદ્ધતર અને વિશુદ્ધમમ આત્માના અધ્યવસાય યોગ વડે બંધ ઉદય ઉદીરણા ને સત્તાની કર્મપ્રકૃતિ છેદીને નવમે ગુણસ્થાનકે ક્ષપકશ્રેણી માંડીને ઘનઘાતી ચારે કર્મ ખપાવી તેરમે ગુણસ્થાનકે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધિપદ મેળવે છે, તેમાં કોઇક ચારિત્રવંત અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવે અને કોઈક આયુષ્યકર્મની યાવત્પ્રમાણ પૂર્તિ કરી મોક્ષ મેળવે; માટેજ ચારિત્ર સિદ્ધિપદને આકર્ષનાર છે ), સંસારનો અંત કરનાર છે, ક્રોધ–માન માયા–લોભરૂપ કષાય પર્વતને તોડવા વજ્ર સમાન છે, અને હાસ્યાદિક નવ નોકષાય રૂપ દવને ઓલવવા મેઘ સમાન છે.” આ પ્રમાણે અજિતસેન રાજા ચારિત્રપદના ગુણ ગ્રહણ કરતાંની સાથેજ જ્ઞાનદર્શનને ચારિત્ર રૂપ રત્નત્રયી અવલોકતાં સંસાર સમુદ્રના દોષ દેખવા લાગ્યો. જ્યારે વસ્તુમાં ગુણજ દ્રષ્ટિગોચર થાય છે ત્યારે તેમાં અવગુણનો ભાસ થતો જ નથી. ચારિત્રની અંદર અજિતસેન રાજાએ ગુણ છે એમ જાણ્યું જેથી તેમાં ગુણ જ નજરે આવવા લાગ્યા. એના લીધે તેના ગુણ ગ્રહણ કરી વિચારવા લાગ્યો કે “જ્યાં સુધી આત્મા ચારિત્રવંત થયો નથી ત્યાં સુધી સંસારની જળોજથા છે. એ આત્માનો દોષ છે તેનેજ જોવા લાગ્યો અને ચિંતવવા લાગ્યો કે–અનાદિ મોહે આત્માને સંસારની અંદર પરિભ્રમણ કરાવે છે તે જ્યાં લગી સમકિત મોહનિય, મિશ્રમોહનિય, મિથ્યાત્વ મોહનિય તેમજ અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભની ચોકડી-એ સાત પ્રકૃતિયોનો ક્ષયોપશમ થયો નથી ત્યાં લગી આત્મા મિથ્યાત્વ ગુણસ્થાનકે રહે છે.” આવા ચારિત્રના ગુણ ગ્રહણ કરવાંને લીધે અજિતસેન રાજનની સાતે પ્રકૃતિનો ઉપશમ થતાં સાધક પરિણામ કર્ત્તવ્યના ભાવથી મોહરૂપ મહા મદ મટી ગયો, તેના લીધે ઉપશમ સમકિત વગેરે ઉત્તમ ભાવનો પોષ થયો. મતલબ કે–ઉપશમ સમકિતથી ઔપશમિક ભાવ થાય, તથા ક્ષયોપશમ સમકિતથી ક્ષાયોપશમિક ભાવ થાય અને ક્ષાયિક સમકિતથી ક્ષાયિક ભાવ

થાય, અર્થાત એ ત્રણની અંદરથી જે સમકિત ઉપજે તે ભાવનો પોષ થાય. અહીં અજિતસેન રાજાને અંતર્ગત ભાવનો પોષ થયો જેથી વૈરાગ્યવંત થતાં અનિત્યભાવવડે સંસારના ચિંતવનથી વિશેષ પાપની સ્થિતિયો હતી તે ભેદાઇ ગઇ કે તુરત આકરાં કર્મ ઢીલાં થઇ ગયાં, ને અનાદિ મિથ્યાત્વ દૂર થયું. આમ થવાથી અગાડી કોઈ વખતે પણ આવા આત્માના અધ્ય વસાય થયા નહોતા તેવા થવાને લીધે સમકિતને રોકનાર હરકત કરનાર નઠારી કર્મપ્રકૃતિ બંધથી દૂર થઈ રહી, એટલે અવિરતિ સમ્યગદૃષ્ટિ નામનું ચોથું ગુણસ્થાનક મેળવ્યું, અને એ સમકિતની પ્રાપ્તિ થતાંજ જાતિસ્મરણ જ્ઞાન પેદા થયું, તેના વડે પોતાનો પૂર્વ ભવ નિહાળતાં જ ભવભયની વિશેષ ત્રાસ્તી પેદા થઈ કે આત્માના વિમળપણાનાં યોગે અપ્રત્યાખ્યાની ક્રોધ–માન–માયા–લોભની ચોકડી તેમજ પ્રત્યાખ્યાની ક્રોધ–માન માયા–લોભની ચોકડીનો બંધ દૂર થતાં છઠું ગુણસ્થાનક પ્રાપ્ત થયું, જેથી અજિતસેનજીયે આનંદપૂર્વક અંદર અને બહારની મોહ મમતાદિ વિકારી ઉર્મિયોનો અંત કરી તથા ગૃહસ્થને લગતો વેષ ત્યજી દઇ મુનિને યોગ્ય વેષ અંગિકાર કરી ચારિત્રપદ પ્રાપ્ત કર્યું અને છઠ્ઠા સાતમા ગુણસ્થાનકનો અધિકાર પ્રાપ્ત કર્યો. ( ૧–૧૦ )

( ઢાળ પાંચમી–થારે માથે પચરંગી પાગ–એ દેશી. )

હુઓ ચારિત્ર જુત્તો સમિતિ ને ગુત્તો, વિશ્વનો તારૂજી.
શ્રીપાલ તે દેખી સુગુણ ગવેષી મોહિયો વારૂજી.
પ્રણમે પરિવારેં ભકિત ઉદારેં, વિશ્વનો તારૂજી.
કહેતુઝ ગુણ થુણિયેં પાતક હણિયેં આપણાં, વા. ૧
ઉપસમ અસિધારેં ક્રોધને મારે, વિશ્વનો તારૂજી,
તું મદ્દવવજ્જે મદગિરિ ભજ્જે મોટકા, વારૂજી.
માયાવિષવેલી મૂલ ઉખેડી, વિશ્વનો તારૂજી.
તેં અજ્જવ કીલેં સહજ સલીલેં સામટી વારૂજી. ૨
મૂર્છાજલ ભરિયો ગહન ગુહરિયો, વિશ્વનો, તારૂજી.
તેં તરિયો દરિયો મૂત્ત તરીશું લોભનો વારૂજી.
એ ચાર કષાયા ભવતરૂપાયા, વિશ્વનો તારૂજી.
બહુ ભેદેં ખેદેં સહિત નિકંદી તું જયો વારૂજી. ૩

કંદર્પે દર્પે સવિ સુર જીત્યા, વિશ્વનો તારૂજી.
તે તેં ઇક ધકકે વિક્રમ પકકે મોડીયો વારૂજી.
હરિનાદે ભાજે ગજ નવિ ગાજે વિશ્વનો તારૂજી.
અષ્ટાપદ આગલ તે પણ છાગલ સારિખો. વારૂજી. ૪

રતિ અરતિ નિવારી ભય પણ ભારી, વિશ્વનો તારૂજી,
તેં મન નવિ ધરિયા તેહજ ડરિયા તુજ્જથી; વારૂજી.
તેં તજીય દુગંછા શી તુજ વંછા, વિશ્વનો તારૂજી.
તેં પુગ્ગલ આપ્યા બિહું પખ્ખે થપ્પા લક્ષણે, વારૂજી. ૫

પરિસહની ફોજે તું નિજ મોજે, વિશ્વનો તારૂજી.
નવિ ભાગો લાગો રણ જિમ નાગો એકલો; વારૂજી.
ઉપસર્ગને વર્ગે તું અપવર્ગે, વિશ્વનો તારૂજી.
ચાલંતાં નડિયો તું નવિ પડિયો પાશમાં. વારૂજી. ૬

દોય ચોર ઉઠંતા વિષમ પ્રજંતા, વિશ્વનો તારૂજી.
ધીરજ પવિદંડે તેજ પ્રચંડે તાડિયો; વારૂજી.
નઇધારણ તરતાં પાર ઉતરતાં, વિશ્વનો તારૂજી.
નવિ મારગ લેખા વિગત વિશેષા દેખિયે. વારૂજી. ૭

તિહાં જોગનાલિકા સમતા નામે, વિશ્વનો તારૂજી.
તેં જોવા માંડિ ઉતપથ છાંડિ ઉદ્યમે; વારૂજી.
તિહાં દીઠી દૂરે આનંદપૂરે, વિશ્વનો તારૂજી.
ઉદાસીનતા શેરી નહિં ભવ ફેરી વક્ર છે. વારૂજી. ૮

તે તું નવિ મૂકે જોગ ન ચુકે વિશ્વનો તારૂજી.
બાહિર ને અંતર તુંજ નિરંતર સત્ય છે; વારૂજી.
નય છે બહુરંગા તિહાં ન એકંગા, વિશ્વનો તારૂજી.
તુમેં નયપ્રકારી છો અધિકારી મુક્તિના. વારૂજી. ૯

તુમેં અનુભવ જોગી નિજગુણ ભોગી, વિશ્વનો તારૂજી.
તુમેં ધર્મ સંન્યાસી શુદ્ધ પ્રકાશી તત્વના વારૂજી,
તુમેં આતમદરસી, ઉપશમ વરતી વિશ્વનો તારૂજી.
સીંચે ગુણ વાડી થાયે જાડી પુણ્યશું. વારૂજી. ૧૦

અપ્રમત્ત પ્રમત્ત ન દ્વિવિધ કહીજેં. વિશ્વનો તારૂજી.
જાણુંગ ગુણઠાણુંગ એકજ ભાવ તે તેં ગ્રહ્યો; વારૂજી.
તુમેં અગમ અગોચર નિશ્ચય સંવર, વિશ્વનો તારૂજી.
ફરસ્યું નવિ તરસ્યું ચિત્ત તુમ કેરૂં સ્વપ્નમાં, વારૂજી. ૧૧

તુજ મુદ્રા સુંદર સુગુણ પુરંદર વિશ્વનો તારૂજી.
સૂચે અતિ અનુપમ ઉપશમ લીલા ચિત્તની; વારૂજી.
જો દહન ગહન હોય અંતરચારી, વિશ્વનો તારૂજી.
તો કિમ નવપલ્લવ તરૂઅર દીસે સોહતો. વારૂજી ૧૨

વૈરાગી ત્યાગી તું સોભાગી, વિશ્વનો તારૂજી.
તુઝ શુભમતિ જાગી ભાવઠ ભાગી મૂલથી; વારૂજી.
જગ પૂજ્ય તું મારો પૂજ્ય છે પ્યારો વિધિનો તારૂજી.
પહેલાં પણ નમિયો હવે ઉપશમિયો આદર્યો વારૂજી. ૧૩
એમ ચોથે ખંડે રાગ અખંડે સંશુણ્યો, વિશ્વનો તારૂજી.
જે મુનિ શ્રીપાલે પંચમી ઢાલે, તે કહ્યો વારૂજી.
જે નવપદમહિમા મહિમાયેં મુનિ ગાવશે, વિશ્વનો તારૂજી.
તે વિનય સુજસ ગુણ કમલા વિમલા પાવશે. વારૂજી. ૧૪

અર્થઃ–જ્યારે પાંચ સમિતિયેં સમિતા ને ત્રણ ગુપ્તિયેં ગુપ્તારૂપ પ્રવચન માતા સહિત શુદ્ધ ચારિત્ર અંગીકાર કરી જગતજીવોને સંસાર સમુદ્રથી તારવા માટે પાપવ્યાપારથી દૂર થયેલા કાકાશ્રીને ચારિત્રવંત નિહાળ્યા કે તુરત સારા ગુણોને અવલોકન કરનાર શ્રીપાળ રાજા તે અજિતસેન રાજર્ષિ ઊપર પૂર્ણ પ્યાર લાવી પોતાના પરિવાર સહિત પાંચ અભિગમ સાચવી તેં પૂજ્ય મુનિવરના ચરણકમળની રજને પોતાના કપાળમાં લગાડી પ્રણામ કરી ઉદાર ભક્તિસહ સ્તવન કરવા લાગ્યોઃ–" હે પૂજ્ય ! આપના ચારિત્ર પદ ને સાધુપણાના ગુણોની સ્તવના–પ્રશંસા કરીને અમે અમારાં જન્મોજન્મનાં એકઠાં કરેલાં પાપોને દૂર કરી દઈયે. હવે આપ કેવા ગુણો કેવા પ્રકારે ધારણ કરી જગપૂજ્ય થયા? તે સંબંધી કંઈક સ્તવના કરૂં છું કે.–આપે રાગ અને દ્વેષ એકપણે લાવવાવડે પ્રાપ્ત થયેલી ઉપશમગુણરૂપ તેજ તરવારની ધારથી મહાન્ બળવંત ક્રોધરૂપ શત્રુને મારી નાખ્યો જેથી આપ ક્રોધ રહિત થતાં સમતામય થયા છો. તેમજ માન દૂર થવાથી માર્દવગુણ અર્થાત્ કોમળતા (નમ્રતા) રૂપ વજ્રથી

ગર્વથી મહાન્ પહાડના આઠે મદરૂપ આઠે શિખરોને તોડી પાડયાં છે, જેથી અહંકાર–ગર્વ વગરના થતાં નિરાભિમાની થયા છો. જ્યાં લગી મનુષ્યમાં આઠ મદ વસી રહ્યા હોય ત્યાં લગી મનુષ્યમાં વિનય, વિવેક આવવા પામતો નથી; કેમકે તે અક્કડ રહે છે; પણ આપે તે માનવરૂપ પહાડનો માર્દવ વજ્રવડે નાશ કરી નિર્માની બન્યા છો. વળી માયારૂપ ઝેરની વેલને તો આપે જડમૂળથી સહેજમાં ઉખેડી નાખી છે, એટલે કે સાધુપણામાં તપ વગેરે કરવા છતાં પણ સ્રીવેદ આપનારી માયા કપટ ખરેખર ઝેરી વેલના જેવી પ્રાણીના પ્રાણનો ભંગ કરનાર છે તેના ત્યાગરૂપ આર્જવ (સરલતા નિષ્કપટ ભાવ) રૂપ ખીલાવડે વગર મહેનતે સહેજસાની રમતમાં એકઠી કરી એકી વખતે મૂળ સહિત ઉખેડી દીધી જેથી આપ નિર્માયી થયા છો. વળી પરિગ્રહમૂર્ચ્છા (ઇચ્છારૂપ પાણીથી ભરેલો કે જેનો કષાયવંત સાધારણ જન પાર ન પામિ શકે એવા તથા અભાવિને અનાદિ અનંત અને ભવિને અનાદિ સાંત છે એવા લોભ રૂપિ ઊંડા અપારવાળા સમુદ્રને આપ મુકિત નિર્લોભતા રૂપ ગુણ સરખા વહાણથી તરીને પાર પામ્યા એથી આપ લોભરહિત નિર્લોભી થયા છો. એ ક્રોધ, માન, માયા ને લોભ મળી ચારેં કષાયો કે જે સંસારરૂપી વૃક્ષના પાયા છે (અર્થાત જ્યાં લગી એ ચાર કષાયો વિદ્યમાન હોય ત્યાં લગીજ સંસારનું કાયમપણું છે, અને એ ચારેનો નાશ થયો કે સંસારનો પણ અંત આવી જાય છે; કેમકે સંસારને કાયમપણું છે, અને એ ચારેનો નાશ થયો કે સંસારની વૃદ્ધિ બંધ પડી જાય છે માટેજ ભવરૂપ તરૂને ટકાવી રાખનાર કષાયોને પાયા સરખા કહેવામાં આવેલ છે.) એ ચાર કષાયના અનંતાનુબંધી વગેરે બહુ ભેદ છે અને એ બહુજ ખેદ (દિલગીરી દુઃખ) દેનારા છે, માટે કષાયકંદ નિકંદન પ્રભો! આપ જયવંતા વર્તો! વળી એ સમર્થ સ્વામી! કામદેવે અહંકાર સહિત હરી હર બ્રહ્મા ઇંદ્ર ચંદ્રાદિ તમામ દેવોને જિતી લીધા છે, મતલબ કે તમામ કામદેવના કેદી બન્યા છે તેવા સહુથી વિશેષ બળવંત કામદેવને પણ આપે પરિપૂર્ણ પરાક્રમ નિજસ્વરૂપ ધ્યાનના એક ધક્કા વડેજ મારી નાખ્યો છે એથી આપ કામજીપક અધ્યાત્મમાર્ગિ યોગીશ છો; કેમકે અજિત કામને પણ બ્રહ્મચર્ય વ્રતની નવકોટિ (નવવાડી) પ્રત્યાખ્યાનના કરવાના બળથી અધિક વખત શ્રમ ન લેતાં પહેલાજ સપાટામાં આપે પાછો પાડી અંતદશાએ પહોંચાડયો છે તેથી આપ અજિતને જીતવાથી અજિતસેન નામને દીપાવ્યું છે; જેમકે જનાવરોમાં સહું કરતાં સિંહ બળવાન છે કે જેનો શબ્દ સાંભલતાંજ હાથીનું ટોળું પણ જીવ લઈ દશે દિશાએ નાસી જાય છે, તેવો મહાબલિ સિંહ

શ્રીપાળરાજાનો રાસ.



પર્વત ઉપર રતનશાના જિનમંદિરના દ્વાર શ્રીપાળકુંવરની નજર પડતાં ઉઘડી જાય છે.

( પૃ. ૧૧૦ )

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

પણ અષ્ટાપદ (કરવા) નામના નાનકડા જાનવરને જોતાં જ નિર્બળ બોકડા જેવા ગરીબ બની લટુકડાં કરવા માંડે છે, તેમ હે મુનીંદ્ર ! સર્વ બળવંત દેવોને જીતનાર કામદેવરૂપ સિંહ પણ આપ અષ્ટાપદ સરખાની એકજ ઝપટથી નાશિપાશ થઈ ગયો છે. કષાયની વૃદ્ધિ કરનારા રતિ અરતિ વગેરે નોકષાયને પણ આપે દૂર કરી દીધા અર્થાત્ માન–પૂજા સાકાર કરવારૂપ શાતાવેદનીય તે રતિ, અને અપમાન–તિરસ્કાર ઉપસર્ગ વગેરે અશાતાવેદનીય તે અરતિ તે બેને પણ દૂર કરી છે, વળી આ લોક પરલોકભય સાતે મોટા ભય પણ હે મુનીવર ! આપ મનમાં લાવ્યા નહીં, એટલે તે સાત મહાભયને કસી વિશાદમાં ગણ્યાજ નહિં; પરંતુ ક્રોધાદિ વગેરે ભાગી જવાથી તે ભય ઉલટા ડરીને પોતાની મેળેજ દૂર હઠી ગયા; કેમકે તેમને આપની પાસે રહેવું મુશ્કેલ થઈ પડયું, એથી આપ મહર્ષિ છો. હે સ્વામી ! જ્યાં લગી ચિત્તમાં શુભ અશુભ રાગ દ્વેષનું જોર ક્ષીણ થયું નથી ત્યાં લગી દુગંછા કાયમ હોય છે, પરંતુ શુભાશુભ રાગદ્વેષનું જોર ક્ષીણ થઇ ગયું હોવાથી તે દુગંછાને પણ આપે તજી દીધી છે તેથી કશી વાંછા રહીજ નથી. વળી આપે પુદ્ગળ આત્માને પોતપોતાના લક્ષવડે ઓળખી લેવાથી અલગ અલગ પક્ષથી સ્થાપન કરેલા છે એટલે કે પૂરણ, ગળણ, પડણ, સડણ, વિધ્વંસન, સ્વભાવવાળો પુદ્ગળ વિનાશવાન છે, અને આત્મા અમરત્વ–અવિનાશી છે, તે બન્નેનાં લક્ષણ ઓળખી લઇ બેઉમાં ભિન્નપણું છે એવું જાણી જાદા જુદા સ્થાપી રાખ્યા છે. હે પ્રભો ! ભૂખ, તરશ, તાપ, તાઢ વગેરે બાવિશ પરિષહ (કષ્ટ) ની ફોજ આવી નડતાં આપે તેથી મનમોજવડે સંયમમાર્ગે દોરાઇ બચાવ કરી લીધો, પરંતુ તે પરિષહની ફોજથી ડરીને આપ પાછા ભાગ્યા નહીં, એટલું જ નહીં પણ લગારે તેનો ડર ગણકાર્યો નહીં, ઉલટા આપ તો સંયમમાર્ગમાં લગ્ન થઈ રહ્યા તે એવી રીતે કે–જેમ લડાઇના મેદાનમાં મસ્ત હાથી એકલો જ છતાં પણ અડગ થઇ પોતાની ફરજમાં મચ્યો–લાગ્યો રહે છે, અર્થાત્ લડાઇના મેદાનમાંથી હજારો તોપગોળા વગેરેના ઉપસર્ગ આવી નડે, તથાપિ મુકરર કરેલી જગોથી તલપુર પણ પાછો હઠતો નથી, તેમ આપ પણ પરિસહફોજના નડાવથી ન ડરતાં અડગતા પૂર્વક સંયમ પંથમાં લાગી રહ્યા છો એથી આપ ધીર છો. ઉપસર્ગના વર્ગથી એટલે કે જે સ્રીના હાવ ભાવ હાસ્ય કટાક્ષ વિલાસાદિ વિષયની માગણી વગેરેથી હરકત થાય તે અનુલોમ ઉપસર્ગ અને જે વિવિધ જાતના માર કુટ વગેરેના કરવાથી હરકત નડે તે પ્રતિલોમ ઉપસર્ગ કહેવાય છે, તે એવા ઉપસર્ગના સમૂહે આપને

મોક્ષમાર્ગમાં નડતર કર્યું; છતાં પણ તે ઉપસર્ગના ફંદામાં આપ સપડાયા નહીં, જેથી આપની સામર્થ્યતાને ખચિત ધન્યવાદ છે. હે પુનીતાત્મા ! આપને મોક્ષ માર્ગે જવા માટે આત્માના શુભ અધ્યવસાય પ્રવર્તતાં એ માર્ગગમન અંદર રાગ દ્વેષરૂપ બેઉ ચોરોએ ઉઠી મહા કઠણ ભવભ્રમણારૂપ રસ્તે દોરી જવાની વિચારણા કરી; કેમકે એ બેઉ ચાર કષાયના મા બાપ છે, એટલે કે ક્રોધ અને માનને જન્મ આપનાર દ્વેષ છે, અને માયા તથા લોભને જન્મ આપનાર રાગ છે. તે રાગ દ્વેષે જાણ્યું કે આ જીવ સંસારની અંદરના આપણા જથ્થામાંથી અલગ થઈ જાય છે, એ કારણને લીધે તેઓ તેને પાછો ખીંચી લાવવા ઉઠયા, તથાપિ આપે આત્મા પરિણામ વિમળ ધારાવત્ ધૈર્યરૂપ વજ્રના દંડવડે કરી જબરી ઝડપથી સખ્ત ફટકો માર્યો તેથી તે આ જીવ લઇ નાશી ગયા. વળી અપાર સંસારસમુદ્રને કોઇની પણ મદદ લીધા વિના પોતાના ભુજબળવડે તરીને પેલે પાર જતાં ગણી શકીએ તેટલા રસ્તા આપની દૃષ્ટિએ પડયા, હવે કયો રસ્તો હાથ કરવાથી મોક્ષે જઇ શકાય ? તે અધ્યવસાયની સ્થિરતાવડેથી વિચારી જોયું, ( મનની ચંચળતા હોય ત્યાં લગી ભવાભિનંદીપણું ગણાય; પણ આપે તો મનની ચંચળતાને સ્થિર કરી મન, વચન, કાયા એ ત્રણેની એકાગ્રતા કરી સમપણે અધ્યવસાય કર્યા. ) જેથી આપનું એ ત્રણ યોગ્ય રૂપ સમતા નામની યોગનાળિકાની શોધમાં મન લાગ્યું. જો કે બીજા રસ્તા ઘણાએ જણાતા હતા; પરંતુ તે બધા રસ્તાઓને ખરાબ રસ્તા જાણી તેઓની તરફ આપે બેદરકારી બતાવી; કેમકે આપને તો સિદ્ધસ્થળે પહોંચવાનાં માર્ગનોજ ખપ હતો, એથી યોગનાળિકાને ધારી ધારીને શોધવાનો અચળ ઉદ્યમ આદરતાં વેગળેથી આપે તે સમતારૂપ યોગનાળિકા ( નેળ–સાંકડાં રસ્તા ) ને આનંદના પૂર સહિત જોઈ લીધી; ( અગર તો તે માર્ગ જોતાંજ આનંદનું પૂર ચડયું. ) પણ એ યોગનાળિકા લગી શી રીતે પહોંચવું ? અથવા તો ત્યાં પહોંચવાને કયો સહેલો ને સવડ ભર્યો માર્ગ છે ? તેની આપ તપાસ ચલાવવા લાગ્યા, એથી આપને ઉદાસીનતા ( ધન, ધાન વગેરે નવવિધ પરિગ્રહ ઉપર તેની ક્ષણભંગુરતાને લીધે કંટાળા ભર્યા તેના ત્યાગરૂપ પરિણામ થાય તે ઉદાસીનતા ) રૂપ શેરી હાથ લાગી, તેના યોગે આપ મોક્ષગતિનેજ પ્રાપ્ત કરવાં સમર્થ થયા છો; કેમકે જેને એ ઉદાસીનતા શેરી હાથ લાગે છે તેને પછી ફરીથી સંસારની અંદર જન્મવા મરવાની ફેરી કરવી બંધ પડે છે; કારણ એ શેરી સિદ્ધગતિયેજ પહોંચાડનારી છે ! એમ જાણીને તે શેરી હાથથી જવા દીધી નહીં. મતલબ એ હતો કે જો હું આ શેરીને હાથ કર્યા છતાં એટલે કે અનાદિ

સમયથી ભવવનમાં ભટકતાં ભટકતાં મહા મુશ્કેલી સાથ અપૂર્વ અભ્યાસ યોગવડે આત્માની પરિણતી સુધર્યે ન મળી શકે એવી વસ્તુ હાથ લાગી; છતાં જો પ્રમાદ વગેરે દોષોના લીધે બેદરકાર રહીશ તો હાથ આવેલી દુર્લભ વસ્તુપર ઉદાસીનતા શેરી ખોઈ બેસીશ એ ધારીને તે શેરીને આપે હાથથી જવા ન દીધી અને તે સાથે મન, વચન, તનની એકાગ્રતાનો યોગ પણ ચલિત ન થવા દીધો એથી આપ બાહ્ય ( બહારથી ) અને અભ્યંતર ( અંદરથી ) ભિન્નતા રહિત સાચા છો, અર્થાત્ જેવા બહારથી સત્ય યોગગવેષી છો તેવાજ અંદરથી પણ છો. અંદર બહારનો એકજ રંગ છે. તેમજ નય ઘણી જાતના છે, એટલે કે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત નય મુખ્ય છે, છતાં બીજા નય વિશેષ છે; કેમકે એ એકએકના સો સો ભેદ હોવાથી સાતસો ભેદ છે અને તે પણ વળી જૂદા જૂદા સ્વભાવના છે, તેમ સાતે નય છે તે પણ એક અંગવાળા નથી. એક અપેક્ષાયે નૈગમ, સંગ્રહ, વ્યવહાર ને ઋજુસૂત્ર એ ચાર નય વ્યવહારતા ઘરના છે અને શબ્દ સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ નય નિશ્ચયના ઘરના છે, અને બીજી અપેક્ષાએ પ્રથમના ત્રણ નય વ્યવહારઘરના અને પછીના ચારનય નિશ્ચય ઘરના છે, તે સર્વેના જુદા જુદા મત છે, પરંતુ જિનેશ્વર ભગવાનનો મત સઘળા નયના મતોથી સહિત છે. એ અનેક પ્રકારના રંગવાળા નય એકાંગી નથી. તેમાંથી આપે ફક્ત બીજા પક્ષની અપેક્ષાવાળા પ્રથમના નિશ્ચયના ઘરના નયનોજ પક્ષ કર્યો છે એથી આપ ફક્ત એક અદ્વિતીય કર્મ લેપરહિત મોક્ષનાજ અધિકારી છો. વળી હે મહંત સંત! આપ આત્મસ્વભાવરમણના ( એટલે કે આત્માના મૂળ ગુણનાં ખરેખરા વિચાર કરવા રૂપ અનુભવના ) યોગી છો, તેમજ વળી આપ અનંત–જ્ઞાન, અનંત–દર્શન, અનંત–ચારિત્ર, અકષાયી અવેદી, અયોગી, અલેશી, અતિંદ્રિય વગેરે વગેરે પોતાના ગુણોના ભોગતા ( ભોગી ) છો, પુનઃ આપ ધર્મસંન્યાસી છો; કેમકે ચોથા અવિરતિ સમકિત ગુણઠાણાંથી આત્મધર્મને શરૂ કરી વ્યવહાર ધર્મ તેર ગુણઠાણાઓ લગી જાળવી છેવટના ચૌદમા ગુણઠાણાનો નિશ્ચય ધર્મ જાળવી પૂર્ણ પ્રકારે ધર્મસ્થાપના કરી રહેવાથી ધર્મ સંન્યાસી થઇજ ચુકયા છો. વળી આપ મુકિતપદ પ્રાપ્તિના તત્ત્વ માર્ગને શુદ્ધ પણે પ્રકાશી પ્રકટ કરનારા છો, તેમજ આપ આત્મદર્શી છો; કેમકે આત્માને આપે વિભાવદશાથી દૂર કરી સ્વભાવદશાની અંદર સ્થિત કરેલ છે, તે પણ કેવળ–જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ આત્માના મૂળ ધર્મનેજ એકાંતપણે કાયમ કરી આત્મગવેષણા કરી છે. પુનઃ આપ શાંત રસને સમીપ કરી ખેદાદિક દોષને ખસેડી કેવળ

ઉપશમરસરૂપ વૃષ્ટિ વરસાવી આત્મિકગુણરૂપ બગીચાને સીંચી રહ્યા છો, જેથી તે બગીચો પુણ્યયુકત સારા દેખાવવાળા પુલ ફળ રસયુકત બન્યો છે. તેમજ છઠ્ઠા પ્રમત્ત ગુણઠાણે અને સાતમા અપ્રમત્ત ગુણઠાણેજ ચારિત્રવંત સાધુ સ્થિતિ કરી શકે છે; પરંતુ આપે તો ઉપયોગયુકત અદ્વિતીય એકલા સાતમા ગુણઠાણાનોજ ભાવ ગ્રહણ કર્યો છે એટલે કે-ઘણા સાધુજનો અંતર્મુહૂર્ત્ત પ્રમાણ પ્રમત્ત-પ્રમાદિ નામના છઠ્ઠા ગુણઠાણે રહી વળી અંતર્મુહૂર્ત્ત—અપ્રમાદિ ગુણઠાણે રહે છે. તેમાં પણ જે સાધુ જઘન્ય અંતર્મુહૂર્ત્ત કાળ પ્રમાણ છઠ્ઠે ગુણઠાણે રહીને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત કાળ પ્રમાણ સાતમે ગુણઠાણે રહે છે, તે સાતમે ગુણઠાણેજ વિશેષ વખત રહ્યા કહેવાય; માટે આપ પણ સાતમે ગુણઠાણે વિશેષ સમય અપ્રમાદિપણેથીજ રહો છો, જેથી સાતમા ગુણઠાણાનેજ અંગીકાર કરનારા છો. ( જઘન્ય અંતર્મુહૂર્ત્ત તો નવ સમયનુંજ છે, તથા ઉત્કૃષ્ટું બે ઘડીમાં એક સમય ઓછા પ્રમાણનું છે, અને મધ્યમ અંતર્મુહૂર્ત્ત અસંખ્યાતા વિકલ્પનું હોય છે. ) વળી હે ઋષિરાજજી ! આપના સ્વરૂપની કોઇને ગમ નથી, એથી આપ અગમ છો. વળી આપના આત્માના અધ્યવસાય ચર્મચક્ષુવંતને ગોચર ન થઈ શકે તેવા છે એથી આપ અગોચર છો. પુનઃ આપનું ચરિત્ર નિશ્ચયથી છે, એથી આપ નિશ્ચય રૂપ છો, તેમજ પાંચે ઈંદ્રિયોને સંવરી ( કબ્જામાં રાખી ) છે, હવે નવાં કર્મ આપને બાંધવાં નથી; પરંતુ જે મૂળગાં છે, તેને ક્ષય કરશો એથી આપ સંવરરૂપ છો. હે મહાત્મન્ ! તૃષ્ણારૂપ તરશનો આપના ચિત્તે સ્વપ્નામાં પણ કદી સ્પર્શ કર્યો નથી, એટલે કે કર્મને વધારનારી તૃષ્ણાને તો આપે પહેલેથીજ વશ કરી રાખી છે જેથી તે આપની ઇચ્છિત વૃત્તિને આધીન થઈ રહેલી છે. વળી હે મુનીંદ્ર ! આપની બહારના દેખાવથી મુખ શરીર વગેરેની મુદ્રા (દેખાવ) સુંદર છે, એથી આપની મુદ્રા સારા ગુણોની ઈંદ્ર છે; કેમકે સંસારી જીવ કે જે પહેલેથી ચોથા ગુણઠાણા લગીના હોય છે, તે જીવોમાં પણ ઘણા ગુણ હોય છે; તેમાં પણ ચોથાથી પાંચમા ગુણઠાણાવાળામાં વિશેષ ગુણ હોય છે; પરંતુ આપે તો છઠ્ઠા સાતમા ગુણઠાણાએ સ્થિતિ કરી છે, માટે તે ગુણઠાણા પ્રમાણેજ આપનામાં સારા ગુણો હોય એ સ્વભાવિકજ છે, એથી આ આપની સુંદર દેખાવવાળી ઉપરની મુદ્રાજ અમને આપના અંતરની પણ અત્યંત અનુપમ ઉપશમ ( શાંત રસમય ) લીલાની પ્રતીતિ કરાવી રહેલ છે, કે આપનો દેખાવ જેવો ઉપરથી સુંદર શાંતરસમય છે તેવોજ અંદરથી પણ મહાન અનુપમ ઉપશમરસ લીલામય છે, કદાચ કોઈ પૂછે કે-ઉપરનો સારો દેખાવ જોતાં અંદર પણ શુભ પરિણામવંત હશે એવું કેમ કહી

શકાય ? કેમકે ઘણા જણના બાહ્ય આડંબર આનંદ આપે તેવા હોય અને અંદરનો આડંબર દૂષિત હોય છે, તો એ પ્રશ્ન કરનારને હું દલીલ સાથે દર્શાવીશ કે–જે ઝાડના થડની પોલાણના વચમાં જો અગ્નિ ભરેલો હોય તો તે ઝાડ ઉપરથી કદિ પણ નવપલ્લવ સહિત શોભાવંત રહેજ નહીં ! એજ મુજબ જો આપના શરીર મધ્યેના અંતઃકરણમાં ઉપશમલીલા ન હોત તો કદાપિ ઉપરથી સમતામય દેખાવ કાયમ રહેતજ નહીં, માટેજ કહી શકું છું કે જેવી ઉપરથી મુદ્રા મનોહર છે તેવીજ અંતરમાં પણ ઉપશમગુણ સહિત છે, એથી આપ સુગુણ પુરંદર છો. હે તપોધન ! આપ વિરાગી ( રાગ રહિત ) છો, તેમજ બહાર અને અંદરના સંયોગના ત્યાગી છો, એટલે કે–આપ બહારના સંયોગો સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય વગેરે પરિગ્રહ એનાથી, તથા અંતરના સંયોગો ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે કષાયાદિ યોગ, તેમજ રતિ, અરતિ, મિથ્યાત્વ એઓનાથી રહિત છો. વળી આપ સૌભાગ્યવંત છો. હે મુનિપતિ ! પુનઃ આપની સારી મતિ જાગ્રત થઇ અને કુમતિનો નાશ થયો એથી સંસારની અનાદિ સ્થિતિની ભાવઠ (ભવની હઠ અથવા તો દારિદ્રપણું ) મૂળથી ભાગી જવાને લીધે આપ નિહાલ થયા છો. વળી હે પુનીતાત્મા ! આપ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળના રહેનાર સુર નર અસુરના સમૂહને પૂજવા યોગ્ય થયા છો, એથી જગત-પૂજ્ય થયા છો, અને મને તો અત્યંત પ્યારા પૂજનીય છો; કેમકે પહેલાં પણ હું આપ જ્યારે ગૃહસ્થાશ્રમી હતા ત્યારે કાકા હોવાથી પિતાને ઠેકાણે હતા એથી આપને નમવા લાયકજ હતો; કારણ આપ વયોવૃદ્ધનો મારે વિનય ( મલાજોમર્યાદા ) સાચવવોજ યોગ્ય હતો ! ( વિનય છે તે સહજ શ્રી જિનશાસનનું મૂળ છે, વિનયવડેજ મનુષ્ય ધર્મ પામે, સુલભબોધી થાય, દેવ દાનવ માનવ વશ થાય, આચારનું ભાન થાય અને સઘળા ગુણની પ્રાપ્તિ થાય; કેમકે ગુણ માત્ર વિનયનેજ આધીન છે. એ વિનય સાચવવા માટે આપને હું નમવા યોગ્ય હતો. ) અને હવે વળી આપ ત્રણે લોકને નમવા યોગ્ય થયા છો, તેમજ મારે તો વળી વિશેષપણે નમન–પૂજન–સત્કારાદિ કરવા લાયક છો, કારણકે આપે કષાય વગેરેને ઉપશમાવવાવાળા ધર્મ ને આદર્યો એટલે કે આપ ચારિત્રધારી થયા એવા આપ [1]પૂજ્યને હું વારંવાર વંદના કરૂં છું. ( કવિ યશોવિજયજી

---

૧ આ સંબંધ એજ બોધ આપે છે કે મુનિઓ આવા ગુણવાળાજ હોવા જોઇએ, જેથી જગવંદ્ય થાય છે. તેમજ એ પણ બોધ આપે છે કે શત્રુ છતાં પણ ગુણવંત–પૂજ્યપદ પ્રાપ્ત કરનારે નીવડે તો તેના નિખાલસ ને નમ્ર ચિત્તથી ગુણાનુવાદ ગાઇ રસ્ત બનવું.

કહે છે કે–અજિતસેન મુનિ મહારાજની શ્રીપાળજીએ આ પ્રમાણે અખંડ સ્નેહ સહિત સ્તુતિ કરી–એ હેતુવાળી આ ચોથા ખંડ અંદરની પાંચમી ઢાળ પૂર્ણરાગ સાથની મેં કહી બતાવી, તે એ બોધ આપે છે કે–જે કોઈ ગૃહસ્થ શ્રી સિદ્ધચક્રજીરૂપ નવે પદનો મહિમા મોટા મહિમા સહિત (પાપવ્યાપાર છોડીને) ગાશે, તે સારી યશવિનયરૂપ લક્ષ્મીને વિમળપણેથી પ્રાપ્ત કરશે.)

(દોહા છંદ.)

અજિતસેન મુનિ ઇમ થુણી, તેહને પાટ વિશાલ;
તસ અંગજ ગજગતિ સુમતી, થાપે નૃપ શ્રીપાલ. ૧

કારજ કીધાં આપણાં, આરજને સુખ દીધ;
શ્રીપાલેં બલ પુણ્યને, જે બોલ્યું તે કીધ. ૨

અર્થ:–આ મુજબ અજિતસેન મુનિમહારાજની સ્તવના કરી શ્રીપાળરાજાએ તેમની ગૃહસ્થાવસ્થાના સમયનો પુત્ર કે જે સારી બુદ્ધિવાળો ગજગતિ નામનો હતો તેને તેના રાજ્યની ગાદીએ બેસારી દઈ પોતાનું કાર્ય સિદ્ધ કરી સજ્જન સુજનોને સુખ સંતોષ આપ્યો, અને જે મ્હોંએથી વચન બોલ્યું હતું કે પુન્યની પ્રબળતાના યોગે સઘળું સત્ય કરી બતાવ્યું. (૧–૨)

(ઢાલ છઠ્ઠી–બળદ ભલા છે સોરઠીરે લાલ–એ દેશી.)

વિજય કરી શ્રીપાલજીરે લાલ,
ચંપાનગરીયેં કરે પ્રવેશરે; સોભાગી.
ટાલ્યા લોકના સકલ કલેશરે, સોભાગી.
ચંપાનગરી તે બની સુવિશેષરે; સોભાગી.
શણગાર્યાં હાટ અશેષરે, સોભાગી.
પટકુલેં છાયા પ્રદેશરે; સોભાગી.
જયજય ભણે નર નારિયોરે લાલ. ૧

ફરકે ધ્વજા તિહાં ચિહું દિશેંરે લાલ,
પગ પગ નાટારંભરે; સોભાગી.
માંડયા તેસોવનથંભરે, સોભાગી.

ગાવે ગોરી અદંભરે; સોભાગી.
જેણે રૂપે જીતી છે રંભરે, સોભાગી.
બંભને પણ હોય અચંભરે. સો. જય૦ ૨

સુરપુરી ઝંપા જે કરીરે લાલ,
ચંપા હુઇ તેણુ વારરે; સોભાગી.
મહમોદ સમુદ્રમાં સારરે, સોભાગી.
ફલિયો સાહસ માનું ઉદારરે; સોભાગી.
તિહાં આવ્યો હરિ અવતારરે, સોભાગી.
શ્રીપાલ તે કુલઉદ્ધારરે. સોભાગી. જય૦ ૩

મોતીય થાલ ભરી કરીરે લાલ,
વધાવે વર નારરે; સોભાગી.
કરકંકણના રણકારરે, સોભાગી.
પગ ઝાંઝરના ઝમકારરે; સોભાગી.
કટિમેખલના ખલકારરે, સોભાગી.
વાજે માદલના ધોંકારરે. સોભાગી. જય૦ ૪

સકલ નરેસર તિહાં મલીરે લાલ,
અભિષેક કરે ફરી તાસરે; સોભાગી.
પિતૃપટ્ટે થાપે ઉલ્લાસરે, સોભાગી.
મયણા અભિષેક વિશેષરે; સોભાગી.
લઘુપટ્ટે આઠ જે શેષરે, સોભાગી.
સીધો જે કીધો ઉદ્દેશરે. સોભાગી. જય૦ ૫

અર્થઃ—તદનંતર વિજયવંત શ્રીપાળજીએ લશ્કરી છાવણીના ડેરા તંબુ ઉપડાવી લઇ કૂચ કરી પાટનગરે પહોંચી શુભમુહૂર્તે ચંપાનગરીમાં પ્રવેશ કર્યો અને પોતાની પ્રજાનો કલેશ–ફીકર દૂર કરી વિશેષે સોભાગી-પદને દીપાવ્યું. એ આનંદ પ્રસંગે ચંપાનગરી વિશેષ શોભાવંત થઇ હતી એટલે કે મકાન, દુકાન વગેરેને સારી પેઠે (બાકી રહે ન તેવાં) શણગારવામાં આવ્યાં હતાં. દુકાનની દિવાલોને પણ રેશમી–જરિયાની વસ્ત્રોથી શોભાવવામાં આવી હતી. નર નારિયો જય જય શબ્દ બોલ્યાં કરતાં હતાં. ચોમેર સુંદર ધજાઓ ફરકી રહી હતી. ડગલે ડગલે નાચ થઇ રહ્યા હતા. જગોજગોએ સોનાના થાંભલાઓ ઉપર બેઠકો ગોઠવી હતી, તેની ઉપર બેઠેલી સવાસણ

સ્ત્રીઓ કે જેણીઓને જોઈ બ્રહ્માને પણ અચંબો (આશ્ચર્ય) થતો હતો; કેમકે આ રંભાના રૂપને પણ જીતે એવી સુંદરીઓને મેં ક્યારે પેદા કરી હશે! એવી સુંદર સુંદરીઓ પવિત્ર મનથી મંગલ ગીતો ગાતી હતી. આવા ઠાઠવાળી ચંપાનગરીના વર્ણનપરથી કવિ કહે છે કે–હું તો માનું છું કે– ઈંદ્રપુરીએ જેમ કોઈ મનુષ્ય તપ, જપ, વગેરે આદરી કોઈપણ સાહસ બળવડે સારી જગા મેળવવા કે મનકામનાને સફળ કરવા ધારે છે, તેમ સાહસ વડે ઉંચી જગા મેળવવા અહંકારરૂપ હર્ષ ધરીને આનંદસમુદ્રમાં પડતું મેલ્યું, કેમકે સ્વર્ગ કરતાં પણ વધારે કીર્તિવાળી જગાનું માન મેળવવા માંગતી હતી, જેથી તેવું સાહસ કર્યું હતું તે સફળ થયું અને તે પડતું મેલી દેવા પાછી ચંપાનગરીરૂપે પ્રકટ થઇ અને ત્યાં પોતાના કુળનો ઉદ્ધાર કરનાર શ્રીપાળરાજારૂપ ઇંદ્ર પેદા થયો. મતલબ કે એ વખતે ચંપાનગરી ઈંદ્રપુરીથી વિશેષ શોભા–કીર્તિવંત બની હતી. તેમજ શ્રેષ્ઠ સુંદરીઓ, હાથનાં કંકણોનો રણકાર, પગના ઝાંઝરોનો ઝણકાર અને કેડમાંના કાંદોરાની ઘુઘરીઓનો ખલકાર કરતી મોતીડાનાં થાળ ભરી ભરી શ્રીપાળજીને તે મોતીડેથી વધાવતી હતી, અને મૃદંગ વગેરેના ધોંકાર શબ્દ થતા હતા. આ પ્રમાણે પ્રવેશોત્સવ સહિત શ્રીપાળરાજા રાજગઢીમાં પહોંચ્યા એટલે પોતાની સાથેના બધા રાજાઓએ મળી તેમને ફરીથી રાજ્યાભિષેક કરી તેમના પિતાની રાજગાદીપર રાજતિલક કરીને નમન કર્યું. મયણાંસુંદરીને પટરાણીનો અભિષેક કરી તિલક કર્યું અને બાકીની આઠે રાણીઓને પણ રાણીપદનો અભિષેક કર્યો. આ મુજબ શ્રીપાળરાજાએ જે (આ રાસના બીજા ખંડની પહેલી ઢાળની ચોથી પાંચમી ગાથામાં જે જે વિચાર દર્શાવ્યો હતો કે 'આપ પરાક્રમ જિહાં નહીં તે આવે કુણકાજ તેહ ભણી અમે ચાલીશું, જોશું દેશ વિદેશ; ભુજાબળે લખમી લહી, કરશું સકળ વિશેષ–' એ) ઉદ્દેશ–વિચારને કાયમ કર્યો હતો તે સિદ્ધ[1] કરી બતાવ્યો. (૧–૫)

એક મંત્રી મતિસાગરુરે લાલ,
તીન ધવલતણા જે મિત્તરે; સોભાગી.
એ ચારે મંત્રી પવિત્તરે, સોભાગી.
શ્રીપાલ કરે શુભ ચિત્તરે; સોભાગી.

૧ બોલેલું પૂર્ણપણે પાળવું એજ શ્રેષ્ઠ મનુષ્યોનો ધર્મ છે એ બોધ આ વાક્ય આપી રહેલ છે.

એ તો તેજે હુઓ અદિત્તરે, સોભાગી.
ખરચે બહુલું નિજ વિત્તરે, સોભાગી. જય૦ ૬

કોસંબીનયરી થકીરે લાલ,
તેડાવ્યો ધવલનો પુત્તરે; સોભાગી.
તેનું નામ વિમલ છે યુત્તરે, સોભાગી
તેહ શેઠ કર્યો સુમુહુત્તરે. સોભાગી;
સોવન પટબંધ સંયુત્તરે, સોભાગી.
કીધા કોષ તે અખય સુગુત્તરે. સોભાગી. જય૦ ૭

અર્થ—૧મતિસાગરને મુખ્ય મંત્રીશ્વરનું પદ બક્ષ્યું, તથા ધવળશેઠના ત્રણ મિત્ર કે જે તેને સારી સલાહના આપનારા હતા તેઓને સારી સલાહના બદલમાં મદદગાર મંત્રીપદ બક્ષ્યું. એમ એ ચાર પવિત્ર મનના પ્રધાનોને શ્રીપાળજીએ ઉદાર સુચિત્તવડે વડા અધિકારી કર્યા. તેમજ શ્રીપાળ રાજા તેજ પ્રતાપમાં પ્રતાપી સૂર્ય સરખો નીવડી પુષ્કળદ્રવ્ય ખરચી ઉત્તમ નામના મેળવવા લાગ્યો. તે પછી શ્રીપાળજીએ કોસંબીનગરીથી ધવળશેઠનો પુત્ર કે જે નિર્મળ મતીવંત હતો તે વિમળશાહને તેડાવી તેને સુમુહૂર્તે ઉત્તમ સોનેરી વસ્ત્રાદિની નિવાજેસ કરી નગરશેઠનું પદ બક્ષ્યું, તેમજ તે પુણ્યાત્મા અક્ષય અને ગુપ્તપણે ખજાનાની ગોઠવણ કરી અક્ષય આનંદ મેળવવા લાગ્યો. (૬–૭)

ઉત્સવ ચૈત્ય અઠાઈમાંરે લાલ,
વિરચાવે વિધિ સારરે; સોભાગી.
સિદ્ધચક્રની પૂજા ઉદારરે, સોભાગી.
કરે જાણી તસ ઉપગારરે; સોભાગી,
તેનો ધર્મી સહુ પરિવારરે, સોભાગી.
ધર્મે ઉલ્લસેતસ દારરે, સોભાગી. જય૦ ૮

ચૈત્ય કરાવે તેહવારે લાલ,
જેહ સ્વર્ગ શું માંડે વાદરે; સોભાગી.

---

૧ જેણે જેણે ગુણ કરેલ હોય તેને તેને સારા સત્કારસાથે યોગ્ય પદ બક્ષી ઉત્તમ બદલો આપવો એજ ઉત્તમ નરવરનો પ્રશંસવા યોગ્ય પંથ છે એમ આ પ્રબંધ બોધ આપી રહેલ છે.

વિધુમંડલ અમૃત આસ્વાદરે, સોભાગી.
ધ્વજ જીહે લીયે અવિવાદરે; સોભાગી.
તેણે ગાને તે ગુહિરે નાદરે, સોભાગી.
મોડે કુમતિના ઉન્માદરે. સોભાગી. જય૦ ૯

પડહ અમારી વજાવિયારે લાલ,
દીધાં દાન અનેકરે; સોભાગી.
સાચવિયા સકલ વિવેકરે, સોભાગી.
સમકિતની રાખી ટેકરે; સોભાગી.
ન્યાયે રામ કહાયો તે છેકરે; સોભાગી.
તે રાજહંસ બીજા ભેકરે, સોભાગી. જય૦ ૧૦

અચરિજ એક તેણે કર્યુંરે લાલ.
મનગુપ્ત ગૃહે હુતા જેહરે; સોભાગી.
કર્ણાદિક નૃપ સસનેહરે, સોભાગી.
છોડાવિયા સઘલા તેહરે; સોભાગી.
નિજ અદ્ભુત ચરિત અછેહરે, સોભાગી.
દેખાવી નિજ ગુણ ગેહરે, સોભાગી, જય૦ ૧૧

શ્રીપાલ પ્રતાપથી તાપીયોરે લાલ,
વિધિ શયન કરે અરવિંદરે; સોભાગી.
કરે જલધિવાસ મુકુંદરે, સોભાગી.
હર ગંગ ધરે નિસ્પંદરે; સોભાગી.
ફરે નાઠા સૂરજ ચંદરે, સોભાગી.
અરિ સકલ કરે આક્રંદરે. સોભાગી. જય૦ ૧૨

તસ જસ છે ગંગા સારિખોરે લાલ,
તિહાં અરિઅપજસ સેવાલરે; સોભાગી.
કપૂરમાંહે અંગારરે, સોભાગી.
અરવિંદમાંહે અલિબાલરે; સોભાગી.
અન્યોન્ય સંયોગ નિહાલરે, સોભાગી.
દિયે કવિ ઉપમા તતકાલરે. સોભાગી જય૦ ૧૩

સુરતરૂ સ્વર્ગથી ઉતરીરે લાલ,
ગયા અગમ અગોચર ઠામરે; સોભાગી.
જિહાં કોઇ ન જાણે નામરે, સોભાગી.
તિહાં તપસ્યા કરે અભિરામરે; સોભાગી.
જબ પામ્યું અદ્‌ભુત ઠામરે; સોભાગી.
તસ કરઅંગુલી હુઆ તામરે. સોભાગી. જય૦ ૧૪

જસ પ્રતાપ ગુણ આગલોરે લાલ,
ગિરૂઓ ને ગુણવંતરે; સોભાગી.
પાલે રાજ મહંતરે, સોભાગી.
વયરીનો કરે અંતરે; સોભાગી.
મુખ પદ્મ સદા વિકસંતરે. સોભાગી.
લીલા લહેર ધરંતરે. સોભાગી. જય૦ ૧૫

મેરૂ મવે જે અંગુલેં રે લાલ,
કુશઅગ્રેં જલનિધિ નીરરે; સોભાગી.
ફરસે આકાશ સમીરરે, સોભાગી.
તારાગણ ગણિત ગંભીરરે; સોભાગી.
શ્રીપાલ સુગુણનો તીરરે. સોભાગી.
તે પણ નવિ પામે ધીરરે. સોભાગી. જય૦ ૧૬

ચોથે ખંડે પૂરી થઇરે લાલ,
એ છઠ્ઠી ઢાળ અભંગરે; સોભાગી.
ઇહાં ઊકિત ને યુકિત સુચંગરે, સોભાગી.
નવપદ મહિમાનો રંગરે; સોભાગી.
એહથી લહીયેં જ્ઞાનતરંગરે ,સોભાગી.
વળિ વિનય સુયશ. સુખ સંગરે. સો. જય૦ ૧૭

અર્થ—ત્યાર પછી ઉત્તમ વિધિ મુજબ પરમાત્માનાં મંદિરોમાં અઠ્ઠાઇ ઉત્સવોની રચનાઓ રચાવી અને મહાન સામગ્રી પૂર્વક શ્રી ઇષ્ટદેવ સિદ્ધ-ચક્રજીની પૂજાઓ ભણાવી; કેમકે રાજ્યસંપત્તિ વગેરેનું પામવાપણું તે નવ-પદજીનો પ્રતાપ હતો. આ પ્રમાણે શ્રીપાળજી મહારાજની વૃત્તિ હોવાથી તેમનો તમામ પરિવાર પણ ધર્મિષ્ટ બન્યો હતો; તેમજ સઘળી રાણીઓ

વગેરે સ્રીમંડળ પણ ધર્મકૃત્યોમાંજ ઉલ્લાસવંત હતું. ત્યારબાદ સ્વર્ગથી પણ વિવાદ–હરીફાઇ કરે તેવાં ઉંચાં અને મહાન્ શોભાયમાન નવીન જૈન-મંદિરો બંધાવ્યાં અને તે ઉપર ઉત્તમ ધ્વજાઓ શોભાવી હતી તેથી તે મંદિરો જાણે ધજારૂપ પોતાની જીભવડે કરીને ચંદ્રમંડળની અંદરના અમૃતનો વિવાદરહિત એટલે કે સુખપૂર્વક સ્વાદ અનુભવતી હોવાથી તે ધજાઓ અમૃત આસ્વાદના પ્રભાવથી મસ્ત–સંજીવન બનતા ગંભીર શબ્દવડે ગાજી રહી હતી, અને કુમતીઓ કે જેઓ જિનમંદિરને જિનપ્રતિમાજીને માનતા નથી તેઓના ઉન્માદ–ગાંડપણને મરડી નાખતી હતી; મતલબ કે–તમે એકલા મૂર્તિનિંદકોજ સ્થાપના નિક્ષેપાને માનતા નથી; પરંતુ આખી આલમના મૂર્તિપૂજકો પ્રત્યક્ષ–દર્શનીક પુરાવાના–પ્રમાણરૂપ અમારી મસ્ત સ્થાઇ દશા જોતાંજ એક અવાજે જયવાદ વદશે, એથી સપ્રમાણ સાબિત છે કે તમારા કથનને માનવું તદ્દન જુઠાણા ભર્યું છે! (આ કવિની રસિક કલ્પના છે.) વળી શ્રીપાળ મહારાજાએ પોતાના રાજ્યની અંદર અમરપડહો વજડાવી જાહેર કર્યું કે–'કોઇ પણ મનુષ્ય કોઇ પણ જીવને દુઃખ દેશે કે બેજાન કરશે તો બેશક તે મનુષ્ય સખત શિક્ષાને પાત્ર થશે.' એવો ઢંઢેરો પીટાવી જીવોને અભયદાન આપ્યું. તેમજ અર્થીજનોને અનેક પ્રકારનાં દાન આપ્યાં, મતલબ કે સારા પવિત્ર જનોને વસ્ત્ર, પાત્ર, અન્ન, પુસ્તક વગેરે જે જે વસ્તુની જરૂર જણાઈ તે તે વસ્તુઓ આપી કરૂણા ભાવના અમલમાં આણી સર્વ ધર્મ સંબંધી વિવેક સાચવ્યા, અને શુદ્ધ દેવરત્ન, શુદ્ધ ગુરૂરત્ન અને શુદ્ધ ધર્મરત્ન–એ ત્રણ રત્નરૂપ સમકિતને પૂર્ણપણે જાળવી પોતાનો ધર્મટેક પાળ્યો, તથા પ્રજા પાળવામાં ન્યાયીરાજા રામચંદ્રજીની પેઠે સર્વ રીતે ન્યાયી કહેવાઇ ઉત્તમ ન્યાયીબિરૂદ મેળવ્યું, એથી એ જમાનાની અંદર શ્રીપાળ મહારાજા ન્યાયરૂપ ઉજ્જવળ મોતી ચુગનાર તેમજ ઉપર અને અંદર એક જ રંગની વૃત્તિવાળા રાજહંસ ગણાયા અને બીજા રાજાઓ અન્યાયી હોવાથી કીચડભક્ષી પેટ ભરનારા તથા ઉપર અંદર ભિન્ન રંગવાળા દેડકા રૂપ જણાયાં હતાં. કવિ કહે છે કે શ્રીપાળ મહારાજાએ એક આશ્ચર્ય જાહેર કર્યું કે–અગાડીના વખતની અંદર કર્ણચંદ્ર વગેરે કેટલાક મહાન શુરવીર, દાનવીર, ધર્મવીર, ત્યાગવીર, વૈભવવીર અને ગુણવીર વડે પૂર્ણ પ્રખ્યાતિ મેળવી સુજ્ઞ લોકોને પ્રિય થઇ પડતાં તેઓ તે લોકોના મનરૂપી છુપા કેદખાનામાં કેદી બની રહ્યા હતા, તે રાજાઓના ગુણોને, પોતાના અદ્ભુત અને અપાર ચરિત્રોવડે જગતમાં ગુણના વીરરૂપ નીવડી ભૂલાવો દીધા, એથી લોકો તે રાજાઓને યાદીમાં ન રાખતાં શ્રીપાળજીનેજ યાદીમાં રાખવા લાગ્યાં. મતલબ એજ કે અગાડીના રાજાઓ કરતાં દાનમાં યશમાં વીરતામાં ધીરતામાં અને ધર્મનિયમમાં

વિશેષ ચડિયાતા થયા જોઈ જગતના જનો અગાડીના રાજાઓને મન મંદિરમાં કાયમ કરી રાખ્યા હતા તેમને રજા દઈ શ્રીપાળજીને સ્થાપન કર્યા. વળી શ્રીપાળમહારાજાનો પ્રતાપ પણ એવો હતો કે જેના તાપથી તપાયમાન થતાં શીતળતા પ્રાપ્ત કરવા બ્રહ્માજીએ કમળકોષમાં જઈ શયન કર્યું, વિષ્ણુજીએ સમુદ્રમાં નિવાસ કર્યો. મહાદેવજી હમેશાં મસ્તક ઉપર ગંગાધારાને ધારણ કરી, ચંદ્ર સૂર્ય નાસતાજ ફરવા લાગ્યા. અને શત્રુઓ માત્ર રાડ પાડી ત્રાસ પામવા લાગ્યા. પુનઃ શ્રીપાળમહારાજાનો યશ અને તેમના શત્રુઓનો અપયશ કેવો પરસ્પર પ્રતીતિ આપતો હતો તે વિષે કવિ સહગામી ઉપમા વડે કથન કરે છે કે–શ્રીપાળજીનો યશ ગંગાધારા સમાન નિર્મળ ને ઉજ્જવળ હતો તે સાથ શત્રુઓનો અપયશ શેવાળરૂપ માલમ પડતો હતો, તેમજ શ્રીપાળજીનો યશ કપૂરસમ ઉજળો અને સુવાસનાયુક્ત હતો તે સાથ શત્રુઓનો અપયશ કોયલારૂપ સામેલ જણાતો હતો. અને શ્રીપાળજીનો સુયશ કમળ સમાન આનંદ ને શીતળદાયી હતો. તે સાથ શત્રુઓનો અપયશ ભમરાનાં બચ્ચાં જેવો શામ છતાં સહગામી હતો. મતલબ એ કે જ્યાં એનો સુયશ ગવાતો ત્યાં શત્રુઓનો અપયશ પણ યાદીમાં હાજરી આપતો હતો. વળી દાન દેવામાં સાક્ષાત્ કલ્પવૃક્ષ સરખો મન વાંછિત પૂરક હતો, એથી કવિ સંભાવના બતાવે છે કે સ્વર્ગમાં વસનારાં કલ્પવૃક્ષોનો સ્વર્ગમાં કોઈ ગ્રાહક ન હતો; કેમકે ત્યાં જે જોઇએ તે વસ્તુ હાજર હોવાથી તેની પાસે પોતાનું દુઃખ દૂર કરી સુખ મેળવવાની યાચના કરનાર જન હતાં, એથી જ્યાં ભાવ ન પૂછાય ત્યાં નિરાદરપણે ન રહેવું એમ માની કલ્પવૃક્ષો પોતાનો આદર થવા માટે જ્યાં કોઇ તેમને ન દેખી શકે, ન તેમનું નામ જાણી શકે ને ન કોઇને ગમ પડી શકે ત્યાં સંતાઇ ઉત્તમ તપશ્ચ્યા કરવા લાગ્યાં. એથી તેમને જ્યારે તપસ્યાની સિદ્ધિ મળતાં અદ્ભુત સ્થાન પ્રાપ્ત થયું જણાયું ત્યારે તેઓ શ્રીપાળજીના હાથની આંગળીઓરૂપે પ્રકટ થયાં અને અર્થિ જનોનાં મનોરથ પૂર્ણ કરવા લાગ્યાં કે તેમનો બહુ ભાવ પૂછાયો. મતલબ એજ કે શ્રીપાળજીના હાથની આંગળીઓ દાન દઈ અર્થીની વાંછના પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાનજ હતી. વળી શ્રીપાળ મહારાજા યશ કીર્તિમાં તેજપ્રતાપમાં, અને ગુણોમાં અન્ય સર્વ રાજેંદ્રોમાં આગેવાની ધરાવનારા, ગિરૂવા, ગુણવંત, મહાન્ રાજ્યના ભોક્તા, શત્રુનો અંત કરનારા, કમળપુષ્પ સરખું મ્હોં જાગ્રતાવસ્થામાં સદા વિકસ્વર રાખનારા, અને રાજ્યલીલાની લ્હેરને ધારણ કરનારા હતા. આમ હોવાથી કવિ કહે છે કે, કોઈ લાખ યોજનવાળી ઉંચાઇના મેરૂ પર્વતને પોતાની આંગળીઓ વડે દેવયોગે કે દેવસહાયથી માપી શકે, ડાભની

અણીવડે દરિયાનું પાણી ઉલેચી તેને ખાલી કરી દે, અને તારાઓની ગણત્રી કરી શકે, તથા વાયરો આકાશને ભેટી શકે-એટલે કે કદાચિત કોઈ ધીર ગંભીર માનવ વિદ્યાબળથી એ બધું કરી શકે; પણ શ્રીપાળજીના અપાર ગુણની ગણના કોઇ પણ કરી શકે નહિ તેટલા અનંત ગુણ પૂર્ણ હતા. (યશવિજયજી કહે છે કે-આ અભંગપણે ચોથા ખંડની છઠ્ઠી ઢાલ યુકિત ઉકિતની ઉત્તમ છટાયુક્ત પૂર્ણ થઇ, તે એજ બોધ આપી રહેલ છે કે શ્રી નવપદજીના મહિમાના આનંદવડે જ્ઞાનના તરંગ પ્રાપ્ત કરી વિનય સુયશ સુખના સંગી થવું એજ ઉત્તમોત્તમ છે.) (૮-૧૭)

---

(દોહા છંદ.)

એહવે રાયઋષી ભલો, અજિતસેન જસ નામ;
ઓહિનાણ તસ ઊપન્યું, શુદ્ધ ચરણ પરિણામ. ૧

તિણ નગરી તે આવિયો, સુણિ આગમન ઉદંત;
રોમાંચિત શ્રીપાલ નૃપ, હર્ષિત હુઓ અત્યંત. ૨

વંદન નિમિતેં આવિયો, જનની ભજ્જ સમેત;
મુનિ નમિ કરિયો પ્રદક્ષિણા, બેઠો ધર્મસંકેત. ૩

સુણવા વંછે ધર્મ તે, ગુરૂસન્મુખ સુવિનીત;
ગુરૂ પણ તેહને દેશના, દે નય સમય અધીત. ૪

અર્થ:-ઉપર પ્રમાણે સતકાર્યો કરી શ્રીપાળમહારાજા સમયને સફળ કરે છે, એવા સમય દરમ્યાન અજિતસેન રાજર્ષિ કે જે ઘણા સારા ગુણવંત હતા તેમને શુદ્ધ ચારિત્રની અંદર શુદ્ધ પરિણામ રહેવાના સબળ કારણને લીધે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું જેથી ચંપાનગરીના ઉદ્યાનમાં વિચરતા વિચરતા પધાર્યા. અને વનપાલક મારફત તેમનાં પાવન પગલાં થયાની ખુશી ખબર મળતાં શ્રીપાળમહારાજાનાં અત્યંત હર્ષના ઉલ્લાસવડે રોમાંચ ખડાં થઈ આવ્યાં, કે અન્ય સકળ વ્યાપાર તજી પુણ્યવ્યાપારના પ્રબંધ હિતાર્થે માતુશ્રી તથા રાણીઓ સહિત રાજર્ષિને વાંદવા પાટે શ્રીપાળમહારાજા તે ઉદ્યાન (જંગલ) માં જઇ પહોંચ્યો અને મુનીરાજના ચરણકમળને વિધિવત્ પ્રદક્ષિણાપૂર્વક વંદના કરી ધર્મશાસ્ત્ર કથન સાંભળવા માટે બેઠો. શ્રીપાળમહારાજા વિનીતપણા સહિત ગુરૂશ્રીના સન્મુખ ધર્મદેશના સાંભળવાને ઈચ્છા રાખતો હોવાથી ગુરૂશ્રીએ પણ નિશ્ચય વ્યવહાર નય સાથ,

તેમજ નય ઉપનય યુક્ત સિદ્ધાંતને અધીન થઇ ધર્મદેશના દેવી શરૂ કરી. (૧-૪)

( ઢાળ સાતમી–હસ્તિનાગપુર વર ભલો–એ દેશી. )

પ્રાણી વાણી જિનતણી, તુમ્હેં ધારો ચિત્ત મઝારરે;
મોહેં મૂંજ્યા મત ફિરો, મોહ મૂકે સુખ નિરધારરે;
મોહ મૂકે સુખ નિરધાર, સંવેગ ગુણ પાલીયેં પુણ્યવંતરે;
પુણ્યવંત અનંત વિજ્ઞાન, વદે ઇણ કેવલી ભગવંતરે. ૧

દશ દૃષ્ટાંતેં દોહિલો, માનવભવ તે પણ લદ્ધરે;
આર્યક્ષેત્રેં જન્મ જે, તે દુર્લભ સુકૃત સંબંધરે,
તે દુર્લભ સકૃત સંબંધરે. સંવેગ. ૨

આર્યક્ષેત્રેં જનમ હુઓ, પણ ઉત્તમકુલ તે દુર્લભરે;
વ્યાધાદિકકુલેં ઉપનો, શું આરજક્ષેત્ર અચંભરે, શું. સંવેગ. ૩

કુલ પામે પણ દુલ્લહો, રૂપ આરોગ આઉ સમાજરે,
રોગી રૂપરહિત ઘણો, હીણ આઉ આઉ દીસે છે આજરે.
હીણ આઉ દીસે છે આજરે. સંવેગ. ૪

તે સવિ પામે પણ સહી, દુલહો છે સુગુરૂ સંયોગરે.
સવળે ખેત્રેં નહિ સદા, મુનિ પામીજે શુભ યોગરે.
મુનિ પામીજે શુભ યોગરે. સંવેગ. ૫

અર્થઃ—હે ભવિ પ્રાણિયો ! શ્રી જિનેશ્વરદેવની કહેલી વાણી કે જે મોક્ષ માર્ગે ચઢાવનારી, પાપ સંતાપને હરનારી, અને સંસાર સમુદ્રની પાર કરનારી છે, તે દુર્ગતિનિવારક જિનવાણીને તમો તમારા ચિત્તની અંદર ધારણ કરો. નહીં કે આ કાને સાંભળી આ કાનથી કહાડી નાખો! તથા મોહમાં મુંઝાયલા ન ફરો; કેમકે મોહ છે તેજ ભવભ્રમણાની વૃદ્ધિનું મુખ્ય કારણ છે. તેનો ત્યાગ કરવાથી અવશ્ય સુખ પ્રાપ્ત કરશો. એ હિતાર્થ ક્ષાયિકગુણ પ્રગટ કરી નિશ્ચય સુખ સિદ્ધના જીવોનેજ હોય છે તે પ્રાપ્ત અત્યાવશ્યકતારૂપ સંવેગ ગુણ પાળવો, અર્થાત્ સંવેગ એને કહેવાય છે કે જે ક્રિયાની અંદર મોક્ષમાર્ગાનુયાયી ક્રિયા કરવામાં આવે તે સંયોગપણાને પાલન કરવું અવશ્યનું છે. હે પુણ્યવંત જીવો ! મહા પુણ્યવંત જીવો તથા અનંત જ્ઞાન–વિજ્ઞાન–અનંત શક્તિ–અનંત બળવંત બિરા-

જમાન કેવળી ભગવંતશ્રીએજ કહેલું છે કે મોહ ત્યાગવાથીજ અવશ્ય સુખ મળશે; માટે એ સંબંધી વિવેચન સાંભળો. હે ભવિક જનો! આ માનવભવ દશ દષ્ટાંતની દુર્લભતા જેવો પ્રાપ્ત થવો મહા દુર્લભ-મુશ્કેલ છે. એટલે કે ચુલ્લગ ૧. પાસગ ૨. ધન્ને ૩, જૂએ ૪, રાયણે ૫ સુમિણ ૬, ચકકેય ૬, કુમ્મ ૮, યુગે ૯ પરમાણુ ૧૦ એ દશે દષ્ટાંત કંઇક વિસ્તારવંત હોવાથી અત્રે ટાંક્યા નથી, તે દષ્ટાંતોની પેઠે મનુષ્યજન્મ મળવો મહા કઠીન છે. તથાપિ તે માનવભવ પણ મહા પુણ્યપ્રકૃતિનો સંચય થઇ જાય તો કદાચ પ્રાપ્ત થાય છે. અગર પ્રાપ્ત થયો, પરંતુ આર્ય-પવિત્ર દેશ (અહિંસા પરમોધર્મ સિદ્ધાંતપાળક ઉત્તમ મુલક)માં જન્મ ન થતાં અનાર્યજંગલી મુલકમાં જન્મ થયો કે જ્યાં દેવ, ગુરૂ, ધર્મ વગરનો બોધ કે યોગ જ ન હોય, તેવે સ્થળે મનુષ્યપણે પેદા થયો તોપણ આત્મકલ્યાણ શું સધાય? જ્યારે પૂર્વકૃત શુભ કરણીનો યોગ મળે ત્યારેજ તે મુશ્કેલીથી મળનાર આર્યદેશ પ્રાપ્ત થાય છે, તેવા આર્ય દેશમાં જન્મ થવો પણ કદાચિત પૂર્વકૃત ધર્મ કરણીના યોગ વડે પ્રાપ્ત થયો તોપણ તેથી શું સ્વાર્થસિદ્ધિ થઇ? કેમકે ઉત્તમ દેશમાં જન્મ મળ્યા છતાં પણ શેઠ સાહુકાર કે ધનાઢ્ય પુન્યવંત પિતા માતાના ઉત્તમ પક્ષવાળા કુળમાં જન્મ મળવો મુશ્કેલ છે, મતલબ કે આર્ય દેશમાં જન્મ થયા છતાં પણ વાઘરી ભીલ-કોળી-ભોઇ કસાઇ-શીકારી-હિંસા કરનારના કુળમાં જન્મ્યો તો તેથી શું દહાડો વળ્યો? નઠારા કુળમાં પેદા થયો તો આર્ય દેશ મળ્યાની શું નવાઇ ગણાય? નાહક ભૂમિને ભારે મારવા અવતર્યો. કદાચિત્ પૂર્વ પુણ્યોદય બળથી માનવભવ, આર્યદેશ[૧] અને ઉત્તમ કુળ પામ્યો; છતાં પણ સુંદર રૂપ, નિરોગી શરીર અને લાંબુ આઉખું એ મળવાં મહા મુશ્કેલ હોય છે. કદરૂપાં, રોગીલાં અને ટપકિયા મ્હોંતવાળાં હોય તો ઉત્તમકુળમાં જન્મવાથી પણ શું નિહાલ થવાય? કેમકે કદરૂપાને કોઈ આદર ન આપે, રોગીને કોઇ પ્રેમભાવ ન દેખાડે, તેમજ ધર્મકરણીનો ઉદય ન થાય અને ટુંકી આવરદાવાળાને પણ કોઇ સુકૃત કરણીનો સંયોગ સંપાદન ન થાય, તો તે ઉચ્ચકુળ પામ્યો તે ન પામ્યા જેવો ગણાય, કદિ મહાપુણ્યના શુભોદયવડે મનુષ્ય જન્મ, આર્ય દેશ, પવિત્ર કુળ, રૂપ નિરોગીપણું અને દીર્ઘ

---

૧ આ ભરતક્ષેત્રની અંદર બત્રીશ હજાર દેશ છે તે પૈકી સાડી પચીશ દેશજ આર્ય દેશ છે, બાકીના બધા અનાર્ય ગણાય છે. આર્યદેશ એ કહેવાય છેકે જ્યાં શુદ્ધ દેવ ગુરૂ ધર્મની જોઇએ તેવી સામગ્રીના સાધન આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા, એ સાતનો યોગ હોય તે ઉત્તમ દેશ-આર્ય ગણાય છે.

જીવનવંત થયો છતાં પણ સારા સુજ્ઞાની, સુક્રિયાવંત, પવિત્રાશયી, દયાળુ, ઉપકારી ગુરૂરાજનો સંયોગ (ભેટ થવી) મહા મુશ્કેલ હોય છે. ગુરૂ મળે તે ઠગારા, દુર્ગતિદાયક બોધ કરનારા, ઉપરના ઉત્તમ આડંબર વાળા, પોતે ડુબે ને પરને ડુબાવનારા, પથ્થરની નાવ સમાન, પરિગ્રહધારી માયા પ્રપંચ-યુક્ત હોય, તો તે કલ્યાણ શું કરી શકે? મતલબ કે પથ્થરની નાવ સમાન, પીપળના પાંદડા સમાન અને લાકડાની નાવ સમાન એમ ત્રણ જાતના ગુરૂ હોય છે. તેમાં પોતે ને પરને બૂડાડનાર પથ્થરની નાવ સમાન, પોતે તરી આશ્રય લેનારને બૂડાડનાર પીપળાના પાંદડા સમાન અને પોતે તરી બીજાને પણ તારે તે લાકડાની નાવ જેવાનો યોગ મળે તો ધન્ય ગણાય. જે નિર્લોભી, નિરભિમાની, નિષ્ક્રોધી, નિરમયી અને પરોપકારમાંજ નિરંતર લીન રહેનાર હોય તેજ સદ્‌ગુરુ ગણાય છે. (૧—૫)

મહોટે પુણ્યે પામીયે, જો સદ્‌ગુરૂ સંગ સુરંગરે;
તેર કાઠીયા તો કરે, ગુરૂ દર્શન ઉત્સવભંગરે, ગુણ. સંવેગ ૬
દર્શન પામે ગુરૂતણું, ધુર્તે વ્યુદગ્રાહિત ચિત્તરે;
સેવા કરી જન નવિ શકે; હોય ખોટો ભાવ અમિત્તરે.
હોય ખોટો ભાવ અમિત્તરે. સંવેગ ૭
ગુરૂસેવા પુણ્યે લહી, પાસે પણ બેઠા નિત્તરે;
ધર્મશ્રવણ તોહે દોહિલું, નિદ્રાદિક દિયે જો ભિત્તરે.
નિદ્રાદિક દિયે જો ભિત્તરે. સંવે, ૮
પામી શ્રુત પણ દુલ્લહી, તત્ત્વબુદ્ધિ તે નરને ન હોયરે.
શૃંગારાદિ કથારસે, શ્રોતા પણ નિજગુણ ખોયરે. શ્રો. સં. ૯
તત્વ કહે પણ દુલ્લહી; સદ્દહણા જાણો સંતરે;
કોઇ નિજ મતિ આગલ કરે, કોઇ ડામાડોલ ફિરંતરે,
કોઈ ડામાડોલ ફિરંતરે. સંવેગ. ૧૦

અર્થ—કદાપિ મહાન્ પુણ્યના મહોદય બળવડે સુરંગી સદ્‌ગુરૂશ્રીનો મિલાપ થયો; તદપિ તેર કાઠિયા નડવાથી ગામમાં કે પડોશમાં સદ્‌ગુરૂ સદ્ધર્મની દેશના દેતા હોય છતાં તે ગુરૂનું દર્શન કે ધર્મ વચન પ્રાપ્ત થવાનો યોગજ ન મળે. તેર કાઠિયા એ છે કે—પહેલો આળસ નામનો કાઠિયો કે તેના પ્રતાપથી ગુરૂદેવનાં દર્શનાદિનો યોગ પ્રાપ્ત થવામાં હરકત

થાય. બીજો મોહ નામનો કાઠિયો કે જેના પ્રતાપથી સ્ત્રી, પુત્ર, ધનાદિના મોહપાશમાં લુબ્ધ બની ગુરૂ પાસે જવાની ઇચ્છા પૂરી થવાજ ન દે. ત્રીજો અવજ્ઞા નામનો કાઠિયો કે જેના પ્રતાપથી ગુરૂની નિંદા કરવાનું ભાન થાય એટલે કે "ગુરૂ શું કંઇ દેશે? રોજગાર કરીશું તો સુખે પેટ ભરી સંસાર વ્યવહારનો નિભાવ કરીશું. ઇત્યાદિ ચિંતવી ગુરૂ સમીપ ન જાય અને ગુરૂનો અવિનય કરે તેવી મતિ થાય. ચોથો સ્તબ્ધ નામનો કાઠિયો કે જેના પ્રતાપથી મોટાઈમાં ભાંગી પડવાને લીધે ગુરૂને નમવામાં સ્તબ્ધ રહે એથી ગુરૂસમાગમ છેડે જાય. પાંચમો ક્રોધ નામનો કાઠિયો કે જેના પ્રતાપથી ગુરૂ નઠારા કૃત્યથી બચાવવા ઉપદેશ કરે તે ન રૂચવાથી ક્રોધ કરી ગુરૂની આગતાસ્વાગતા ન કરે, ન બોલાવે, વંદના ન કરે. છઠ્ઠો પ્રમાદ નામનો કાઠિયો કે જેના પ્રતાપથી પ્રમાદમાંજ ડૂબ્યો રહે, જેના લીધે ગુરૂદર્શનનો ને ધર્મકથન-શ્રવણનો સમયજ ન સાચવી શકે. સાતમો કૃપણતા નામનો કાઠિયો કે જેના પ્રતાપથી ગુરૂ સુકૃત્યમાં પૈસા ખર્ચ કરાવશે, એવી કંજૂસાઈને લીધે ગુરૂ પાસે ન જાય. આઠમો ભય નામનો કાઠિયો કે જેના પ્રતાપવડે ગુરૂવચનનો ભય રાખે કે રખેને મને સુબોધ આપી સાવદ્યવ્યાપાર વડે મળતા લાભથી બંધ પડાવી દેશે! અથવા તો વિષયવાંછનાથી નિરાળા રહેવાનો બોધ આપશે; ઇત્યાદિ ભય રાખે. નવમો શોક નામનો કાઠિયો કે જેના પ્રતાપથી સગાસંબંધી કે સ્નેહીના મરણને લીધે કે ધન હાનિ આદિને લીધે શોકમાંજ લીન રહેતો, ગુરૂ પાસે ન જાય. દશમો અજ્ઞાન નામનો કાઠિયો કે જેના પ્રતાપથી ગુરૂ પાસે જ્ઞાન મેળવવામાં બેદરકાર રહે. અગીઆરમો વ્યાક્ષેપ નામનો કાઠિઓ કે જેના પ્રતાપથી ગપ્પાં હાંકવામાં, નિંદાવચન કરવામાં, નકામી કુથલી કરવામાં, વિકથામાં તત્પર રહેતાં, ગુરૂ પાસે જવાનું ન બની શકે. બારમો કુતૂહલ નામનો કાઠિયો કે જેના લીધે કૌતુક–રમ્મત–ગમ્મત, નાચ–નાટક–ચેટક જોવામાં મગ્ન રહેવાથી ગુરૂ પાસે જવાનો વખત ન મળે, અને તેરમો રમણ નામનો કાઠિયો કે જેના પ્રતાપથી વિષય–રમણમાંજ લીન રહેવાને લીધે ધર્મ–પ્રકાશક ગુરૂ સમીપે ન જાય. આવા તેર કાઠિયાના યોગથી ને સહવાસથી ગુરૂનો યોગ વિદ્યમાન છતાં તેનાં યોગનો લાભ ન લઈ શકાય. મતલબ કે ગુરૂનો યોગ મળ્યા છતાં પણ તેમનાં દર્શન કરવા ન જાય તથા ધર્મવચન ન સાંભળે, કદિ પૂર્વકૃત સુકૃત યોગની પ્રબલ સત્તાથી ગુરૂદર્શન કરવા તરફ વૃત્તિ દોરાઈ; જેથી ગુરૂદર્શન કર્યાં, ધર્મદેશના પણ સાંભળી તથાપિ તેમાં રહેલો હિતકર બોધ મનન ન કરે. કેમકે આગળના સમયમાં નઠારા ગુરૂઓની સોબત કરેલી હોવાથી, તે ગુરૂનાં માયિક વચન–મિથ્યા ઉપદેશ મજબૂતતાથી ચિત્તમાં ઠસાવી રૂચિ

પેદા કરેલી છે એટલે કે–'જે હું કહું છું તેજ વચન સત્ય છે, બાકી બધાઓનાં કથન મિથ્યા છે. સત્યધર્મજ આ છે; માટે અન્યધર્મીઓના પાસમાં સપડાઈ વિધર્મ અંગીકાર કરીશ નહીં. બીજાઓ પાખંડી ધર્મોપદેશકો છે, વાસ્તે આ વચનને વધાવી મનમંદિરમાં પધરાવી રાખ કે જેથી તારા આત્માનું કલ્યાણ થઇ જાય !" ઇત્યાદિ છળપૂર્ણ વચનચાતુરીવડે મનને ભ્રમિત કરી દીધેલ હોવાથી મુગ્ધ જીવ તે વચનનેજ વળગી રહી, સત્યબોધ તરફ તિરસ્કાર બતાવે. આમ હોવાથી સદ્ગુરૂ ભેટયા છતાં પણ સદ્બોધ, શ્રવણ, મનનાદિથી વિમુક્ત રહે અને કુગુરૂએ અંધશ્રદ્ધામાં લીન કરી દીધેલ હોવાના પ્રતાપવડે સત્યધર્મ તરફ રૂચિ ન લાવે તથા ગુરૂસેવા પણ ન કરે; એટલુંજ નહીં પણ ગુરૂ ભણી શત્રુતા દેખાડે; જેથી તેવા મનુષ્યો ગુરૂનો યોગ્ય યોગ હાજર છતાં ધર્મબોધ ન પામી શકે.

એ ઉપર એક દૃષ્ટાંત છે કે કોઇ એક ગોવાળને અને એક સોનીને ગાઢ ભાઈબંધી થઈ હતી; જેથી તે બે એક બીજા પર પૂર્ણ વિશ્વાસ પ્રેમ આદિ રાખતા હતા. તથાપિ ગોવાળ જેટલો ભોળો, ભલો ને વિશ્વાસુ હતો. તેટલોજ નહીં બલકે તેથી પણ વિશેષ સોની ખળ, ધૂર્ત્ત ને વિશ્વાસઘાતી હતો કેટલોક વખત વીત્યાબાદ ગોવાળે પોતાના ધંધામાં બે પૈસા સાધારણ રીતે ઠીક પેદા કર્યા, એ જાણી સોની ગોવાળ પ્રત્યે કહેવા લાગ્યો કે 'ભાઈ ! તારી પાસે પૈસા રોકડા રાખવાથી તને નુકશાન છે. ચોર લઈ જાય, ધૂર્ત્ત ધૂતી જાય અને કકડે કકડે વપરાઇ જાય; માટે તે પૈસાનું સોનું ખરીદી તેના નકકુર દાગીના બનાવી શરીર ઉપર પહેરી રાખ કે એ બધી ફીકરજ મટી જાય.' ગોવાળે તે વાતને હિતકર જાણી કબુલ રાખી. સોનું ખરીદી તે સોની મિત્રને આપવાની વિચારણા દર્શાવી. એથી સોનીએ કહ્યું : 'ભાઇ હું તારા દાગીના નહીં ઘડી આપું. મારે ચોકસી–નાણાવટી–શરાફ ને સોની લોકો સાથે અણબનાવ છે; જેથી મારી સાખ બગાડી દીધી છે, માટે તું બીજા સોનીની પાસે ઘડાવી લે. કાલે મારા દ્વેષી લોકો તને ભંભેરી વહેમમાં નાખી દે કે આ દાગીના તો પિત્તળના છે, બહુ ભેળ કર્યો છે, તને ઠગી લીધો છે, વગેરે વાતોની ભ્રમજાળમાં નાંખી દે તો આપણા બાળપણના સ્નેહને ધક્કો પહોંચવાનો વખત લાવી મૂકે; માટે બીજા પાસેથી બનાવી લેવામાં આપણ બેયને લાભ છે.' આવાં વિશ્વાસ બેસાડનારાં વચન સાંભળી ગોવાળને વધારે વિશ્વાસ પેદા થયો, જેથી તેણે કહ્યું કે–"હું તારા વગર બીજા સોનીનો વિશ્વાસજ રાખતો નથી. તું જે કરી દઈશ તે મારે સહી છે. લોક ગમે તે લવારો કરશે, પણ માનવું કે ન માનવું, તે મારી મુનસફી ઉપર છે, માટે તું પોતેજ દાગીના તૈયાર કર !"

ગોવાળે આમ કહ્યું છતાં વધારે વિશ્વાસ બેસાડવા સોનીએ દાગીના બનાવી દેવાની ના પાડી. જેમ જેમ તે ના પાડતો ગયો તેમ તેમ ગોવાળને તેનું પ્રમાણિકપણું ઠસતું ગયું. એ બિચારા ભોળા ગોવાળને ખબર ન હતી કે આવા ફાંસાખોરિયા મિત્ર વધારે ઠગારા-પ્રપંચી હોય છે. તેમજ ઘણો પ્રમાણિકતાનો ડોળ દેખાડનારા ઘણા અપ્રમાણિક હોય છે, અને સોની નામજ સોની (૧૦૦) નહીં પણ સૌની ચોટી મંત્રી જનારા સ્વભાવના હોય છે. કહેવત છે કે 'ભાઈ! કેમ છો ઉદાસી !' જવાબ મળ્યો કે-'નથી મળ્યો કોઇ વિશ્વાસી, એથી છીએ ઉદાસી, "જો વિશ્વાસી મળે તો ખાસી ખુશી મેળવી લેવાય. આમ હોવાથી સોનીએ ગોવાળને પાકો વિશ્વાસ બેસાડયો, જેથી તેણે તેજ સોની મિત્રને દાગીના કરવાનું સોંપ્યું. સોનીએ પણ સારા ચોખા દાગીના બનાવી તોલ આંકી કિંમતની ચીઠી લખી આપી, ગોવાળને દઈ, વધારે વિશ્વાસ સાથે ઠગાઇમાં ફતેહ પામવા દાગીના આપી કહ્યું કે-' આ દાગીના લઇ શરાફ-નાણાવટી-સોની-ચોકસી પાસે જા અને મારૂં નામ આપ્યા વગર કીંમત કરાવ ! જો આ ચીઠીમાં લખેલા તોલ પ્રમાણે તોલ અને કિંમત પ્રમાણે કિંમત અંકાય તો મને સાચો મિત્ર જાણજે ! ' એમ કહી ગોવાળને ચૌટામાં મોકલ્યો. જ્યારે ગોવાળે ચૌટાના ચોકસીબજારમાં દાગીનાઓની તોલ કીંમત માટે ચોકસી કરાવી તો ચોકસ રીતે સોનીની ચીઠી પ્રમાણેજ અંકાણી, ત્યારે ગોવાળને પૂરો વિશ્વાસ પેદા થયો, અને હરખાતો હરખાતો ઘેર આવી મિત્રની તારીફ કરવા લાગ્યો. તે પછી દાગીનાઓને ઓપવા માટે ગોવાળે સોનીને આપ્યા એટલે તેણે ઓપીને બીજે દહાડે આપવાનો વાયદો કર્યો. સોનીએ તો દાગીના ઘડવા લીધા ત્યારથી જ તે દાગીનાની બરોબર તોલ-ઘાટના પીતળના દાગીના તૈયાર કરવા માંડયા હતા. ગોવાળના સોનાના દાગીના ઘરમાં મૂકયા અને પીતળના દાગીનાને ઝળક ચડાવી-ઓપી બીજે દિવસે ગોવાળને સુપ્રત કર્યા અને ભલામણ આપી કે-'આ દાગીના આજે પાછા અંકાવા લઈ જા અને મારૂં નામ આપી અંકાવી આવ ! મારૂં નામ આપતાં વેંતજ તે બધા લોકો આ પીતળનાજ દાગીના છે, એમ એકે અવાજે કહેશે; માટે તે ગમ્મત જોઇ આવ !' ગોવાળે તેજ પ્રમાણે કર્યું તો તમામ ચોકસી લોકો તે સોનીનું નામ દેતાંજ અને દાગીના દેખતાંજ બોલી ઉઠયા કે ' આ તો દાગીના પીતળના છે !' ગોવાળ બોલ્યો-' તમે બધા પીતળરૂપ છો. કાલે તો આજ દાગીનાઓને સોનાના કહેતા હતા અને આજે પીતળના થઇ ગયાં ?' ચોકસી બોલ્યા-' ભાઈ! તે દાગીના બીજા ને આ દાગીના બીજા. તું વિશ્વાસથી છેતરાય છે માટે જરા વિચાર

કર, નહીં તો પસ્તાવાનો વખત આવશે. એ સોની લુચ્ચાઓનો ને ધૂતારાઓનો પીર છે.' આ પ્રમાણે સત્ય કથન સાંભળ્યાં, તોપણ ધૂર્ત મિત્રે પોતાના વચન ઉપર પૂર્ણ વિશ્વાસ બેસાડેલો હોવાથી તે સત્યવચનને અસત્ય ગણી કોઇનું કહેવું ન માનતાં સોની-મિત્રનાજ વચનને વળગી રહી ગોવાળે પીતળના દાગીનાઓને સોનાનાજ માની લીધા. આ દૃષ્ટાંત મુજબ કુગુરૂના ઠસાવેલા કુધર્મ-બોધ વડે લીન મનવાળો સદ્‌ગુરૂનો બોધ પ્રાપ્ત થાય છતાં પણ તેને ન સ્વીકારતાં કુબોધનેજ વળગી રહે. કદાચિત્ પૂર્વ પુણ્યાનુયોગથી ગુરૂની સેવા પ્રાપ્ત થઈ અને ગુરૂ સમીપ જઇને બેસવાનો યોગ પણ પ્રાપ્ત થયો, તથાપિ જે વખતે ધર્મનો ઉપદેશ સાંભળવાનો સમય પ્રાપ્ત થાય, તે વખતે અંતરાય નડવાથી તે ધર્મોપદેશ સાંભળવો મુશ્કેલ થઇ પડે. મતલબ કે તે વખતે ઉંઘનાં ઝોકાં તેને ઘેરી પાડે. વિકથા પ્રમાદ વગેરેમાં કે બાલ બચ્ચાના પ્યારને લીધે લોલુપતામાં પડી જાય; જેથી નિશ્ચિંતતા ને એકાગ્રતા વડે ધર્મવચન સાંભળી વિચારી મનન કરવાનો લાભ મળવામાં બેનસીબ રહે. કદી પુણ્યસંયોગથી ગુરૂની પાસે તે બધાથી દૂર રહી ધર્મબોલ સાંભળવો ઉદય આવ્યો, તોપણ ધર્મસંબંધી તત્ત્વની બુદ્ધિ પ્રાપ્ત થવી ઘણીજ મુશ્કેલ છે. વસ્તુને વસ્તુપણે જાણવી તે કઠિન છે. ધર્મબોધ મળ્યાં છતાં પણ તત્ત્વબુદ્ધિ ન આવે ત્યાં સુધી શૃંગાર, હાસ્ય, વીર, રૌદ્ર વગેરે રસની રસિક કથાઓ સાંભળવામાં, હાસ્યવિનોદ ને વિકથામાં લીન રહેવું સારૂં લાગે છે. એથી ધર્મોપદેશ સાંભળી તેમાંથી શૃંગાર, હાસ્ય, રૌદ્ર, વીરરસ ગ્રહણ કરે; પણ શાંતરસ ગ્રહણ ન કરે તો તેથી આત્મગુણ થતો નથી. કદાપિ કાળે મહત પુણ્યના યોગથી દેશના શ્રવણ કરી ધર્મતત્ત્વ ધારણ કર્યું; પરંતુ હે સજ્જનો ! તત્વની વાત પર સદ્દહણા-પૂર્ણ પ્રતીતિ આવતી ઘણીજ દુર્લભ છે; કેમકે કેટલાક શ્રોતાઓ પોતાનું ડહાપણ ડહોળી કહેશે કે-ગુરૂ આમ કહે છે; પરંતુ મેં જે વાત ગ્રહણ કરી છે તે પ્રમાણેજ હોવી જોઇએ, અથવા હું સમજુ છું." એમ કહી ગીતાર્થ ગુરૂના વચન તરફ દરકાર ન રાખે; અને કેટલાક શ્રોતાઓ તો ડામાડોળમાં ફરી ગર્વમાં ઘેરાઈ ગુરૂવચન પર વિશ્વાસ ન રાખતાં 'આમ હશે કે તેમ હશે ?' એવી ભ્રમણામાંજ મસ્ત રહેવાથી શ્રદ્ધાવિમુખ રહે છે. ૯-૧૦

**આપ વિચારે પામીએ, કહો તત્ત્વતણો કિમ અંતરે,**
**આલસુઆ ગુરૂ શિષ્યનો, ઇહાં ભાવિયો મન વૃત્તાંતરે**
**ઇહાં ભવિયો મન વૃત્તાંતરે. સંવે. ૧૧**

બઠરછાત્ર ગજ આવતાં, જિમ પ્રાપ્ત અપ્રાપ્ત વિચારરે;
કરે ન તેહથી ઊગરે, તેમ આપમતિ નિરધારરે, તે. સંવે. ૧૨
આગમ ને અનુમાનથી, વલી ધ્યાનરસેં ગુણગેહરે;
કરે જે તત્ત્વ ગવેષણા, તે પામે નહિં સંદેહરે તે. સંવે. ૧૩
તત્ત્વબોધ તે સ્પર્શ છે, સંવેદન અન્યસ્વરૂપરે;
સંવેદન વંધ્યે હુઇ, જે સ્પર્શ તે પ્રાપતિરૂપરે. જે. સંવે. ૧૪
તત્ત્વ તે દશવિધ ધર્મ છે, ખંત્યાદિ શ્રમણનો શુદ્ધરે;
ધર્મનું મૂલ દયા કહી, તે ખંતિ ગુણે અવિરૂદ્ધરે. તે. સંવે. ૧૫

વક્તાનું વચન ધ્યાનપૂર્વક શ્રવણ કરી ગ્રહણ ન કરે, પોતાના ડહાપણમાં ભાંગી પડી વચ્ચે બોલી ઉઠે અને પોતાના કપોલકલ્પિત વિચારોની વાતો ઠસાવ્યા કરે તો તેવા માનવો તત્ત્વનો પાર શી રીતે પામી શકે? ન જ પામે! જ્યારે આળસને છોડી ધર્મશ્રવણની રૂચિ લાવી–ગુરૂદ્વારા શ્રી જિન-વચન શ્રવણ કરી નિસંદેહ સહિત શંકા સમાધાન્ દ્વારા દૃઢ કરે ત્યારે તત્વ મેળવવા ભાગ્યશાળી થાય. ગુરૂ અને શિષ્ય બેઉ જ્યારે આળસ રહિત હોય ત્યારેજ તત્વની પ્રાપ્તિ થાય છે. દાખલા તરીકે કહેવાની જરૂર છે કે–એક આળસુ ગુરૂને એક આળસુ શિષ્યનો સંયોગ મળ્યો અને તે બન્ને ગામની ભાગોળમાં ઝુંપડી બાંધીને રહેતા હતા. તેઓ બેઉ જણ એક બીજાથી વિશેષ આળસુ હોવાથી મતલબ જેટલીજ માધુકરી મેળવી પેટપોષણ કરતા હતા, ન મળે વિશેષ જથ્થામાં ભિક્ષાન્ન કે ન મળે પૂરતાં પહેરવા ઓઢવાનાં વસ્ત્ર; છતાં પણ આળસુ હોવાથી તેને મેળવવા ઉદ્યમ કરતા ન હતા. પોષ મહીનાનો વખત આવી લાગતાં હીમ પડવાને લીધે ટાઢે ઠુઠવવા માંડયા અને ઠંડીને લીધે ભિક્ષા કરવા પણ પૂરૂ ફરાયું નહી; જેથી અરધા ભૂખ્યા તરસ્યા આવી આળસને લીધે ઝુંપડીમાં ન જતાં જુનું લુગડું ઓઢી મ્હોં ઢાંકી બહારજ સુઇ ગયા. ઢાંકયે મ્હોંએ આળસુ ગુરૂ શિષ્યને પૂછવા લાગ્યા–'શિષ્ય! આજે ટાઢ ઘણી વાય છે; માટે આપણે તે ઝુંપડીમાં છીએ કે બહાર?' આળસુ શિષ્યે કહ્યું: 'આપણે ઝુંપડીની અંદરજ છીએ.' દરમ્યાન કોઇ કુતરૂં ટાઢને લીધે આવી ગુરૂની પાસે લપાઇ ગયું. તેની પૂંછડીપર આળસુ ગુરૂનો હાથ પડતાં શિષ્યને પૂછવા લાગ્યાઃ 'ભો શિષ્ય! મમ પૃચ્છં વર્ત્તતે! તદા શિષ્યેણ ચિંતિતં કચ્છા ટિકાંબરખંડ ગૃહિત્વા ભવાન્ પૃચ્છતીતિ શિષ્ય પ્રાહ ભો ગુરવઃ તત્પુચ્છં વસ્ત્રાંતં તંદૂજલ્પન પરેણ શયને ત્વયા યતિતવ્ય' આ પ્રમાણે બેઉ જણ

ઉદ્યમ રહિત હોવાને લીધે ત્યાંજ આખી રાત પડી રહી, ઠંડીમાં થરથરીને સવારે હીમ પડયાથી બેઉ જણુ ઠરીને ઠાકુર થઇ જતાં મરણુને શરણુ થયા. મતલબ એજ કે આળસુજનો આ પ્રમાણે મોતને વધાવી લે છે, પણુ ઉદ્યમને વધાવી લેતા નથી. જેથી આપમતિયા આળસુઓ કુતર્કતા વડે કુમતિનો ઉપયોગ કરે, કોઇને પુછે પણુ નહીં, ઉદ્યમ પણુ ન આદરે અને તત્વગવેષણા પણુ ન કરે તો તે તત્ત્વ કયાંથી મેળવી શકે ?

બીજો પણુ એને જ લગતો મતિકલ્પનામાં મસ્ત બની તત્વ ન જાણુવા ઉપર દાખલો છે કે,–કોઈ એક મૂર્ખ વેદીયાઢોર જેવો વેદપાઠી રસ્તામાં ચાલ્યો જતો હતો. દરમ્યાન રાજાનો ગાંડો હાથી હાથીશાળામાંથી ભાગી આવતો હોવાને લીધે માવતે કહ્યું: "ભાઈ! બધા વચમાંથી દૂર હઠી જાઓ, નહીં તો મદોન્મત્ત હાથી વખતે નુકશાન કરી બેસશે." આવું સાંભળી બધા લોકો તો માર્ગમાંથી હઠી ગયા; પણુ પેલો વેદપાઠી કે જે શાસ્ત્રો તો ભણ્યો હતો, તથાપિ અર્થ વિવેચનાદિથી અજાણુ હતો; તે ત્યાંથી દૂર ન ખસતાં મનકલ્પનાના મહાસાગરમાં ડુબવા લાગ્યો: (ગજ: કિં પ્રાપ્તં હન્યાત્) આ હાથી માણુસને મારે છે, તે પ્રાપ્ત થયેલાને મારે છે ? (કિંવા અપ્રાપ્તં હન્યાત્) કે અણુપાપ્તને મારે છે? (યદિપ્રાપ્તં હન્યાત્ તર્હિ કુંતારં કંથ ન હંતિ ચેત્ ?) જ્યારે પ્રાપ્ત થયેલાને મારતો હોય ત્યારે હાથી ઉપર બેઠેલા માવતને કેમ મારતો નથી ? (સ્વપ્રાપ્ત કુંતારં ન હંતિ તર્હિં અપ્રાપ્ત લોકાન્ કંથ હંતિ ?) અને જો પોતાને હાથ લાગેલા માવતને મારતો નથી તો પછી અણુપામ્યાંને કેમ મારે ! આવો વિચાર કરી ત્યાંજ ઉભો રહ્યો. જેથી હાથીએ સૂંઢથી ઝાલી ચીરીને મારી નાખ્યો. મતલબ એજ કે કોઇનું કહેવું ન માનતાં પોતાનાજ મતમાં ડુબ્યો રહ્યો. એથી અંતે બુરે હાલે મરણુ પામ્યો. આવીજ રીતથી જે આપમતી હોય તે હંમેશાં દુખ પામી નરક નિગોદાદિનો ભોક્તા થાય છે. પરંતુ જે જન ગુરૂમુખથી વાત જાણી, કહેલા માર્ગે વિચરે તે બેશક તત્વ પામે. સમસ્ત પ્રકારના જ્ઞાનવડે કરીને સહિત જિનેશ્વરદેવકથિત અને ગણુધરગુંફિત સૂત્રોના–આગમના અનુમાનથી તથા આદરણીય જે ધર્મધ્યાન, શુકલધ્યાનના ચાર પાયા છે, તે દ્વારા ચિંતવન કરવાથી ઉત્પન્ન થયેલા ધર્મરસદ્વારા ગુણુ-સ્થાનક પ્રાપ્તરૂપ ધર્મતત્વની ગવેષણા કરે તે જન તત્ત્વને પામી શકે છે, એમાં કશો સંદેહ નથી. કિંવા તત્વ પ્રાપ્તિનાં ત્રણુ કારણુ છે. એટલે કે સિદ્ધાંતાભ્યાસથી, અનુમાનથી અને ધ્યાનની લયલીનતાથી. ગુણુગેહ બની તત્વનો શોધ કરે તો બેશક તત્વ મેળવી શકે છે. તત્વનું જાણુપણું તેનેજ તત્વબોધ કહેવામાં આવે છે. તેના બે પ્રકાર છે, તે એ કે સ્પર્શ તત્વબોધ

અને સંવેદન તત્વબોધ તે પૈકી (સ્પર્શ તત્વબોધનું સ્વરૂપ એ છે કે) જે મનુષ્ય તત્વશાસ્ત્રાર્થ અર્થાત જિનાગમ સાંભળીને શ્રીજિનેંદ્ર પ્રરૂપિત તત્વસમ્યકત્વાદિ પ્રાપ્તિપૂર્વક–શ્રદ્ધાયુક્ત નવતત્વ એટલે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ નવે તત્વ વગેરેનો અવબોધ થાય. નિર્મળ અધ્યવસાયવડે–આત્મપરિણુતિ પરિપાકપણે મન, વચન, તનની એકાગ્રતાની સ્થિરતાવડે, ભાવની શુદ્ધિવડે, સદ્ગુરૂના ઉપદેશરૂપ અમૃતના યોગવડે, સદ્દહણા શ્રદ્ધાસંયુક્ત વસ્તુધર્મ ગ્રહણરૂપવડે ચિત્તની જે વૃત્તિ થવારૂપ તત્વબોધ થાય તે સ્પર્શ તત્વબોધ કહેવાય છે. અને જે મનુષ્યશ્રદ્ધા વગેરે સમ્યક પ્રકારે વસ્તુના સ્વરૂપને જાણપણામાં ગ્રહણ કરે તે સંવેદનતત્વ બોધ કહેવાય છે. તે સ્પર્શબોધથી જુદા રૂપનો સમજવો. કારણકે સંવેદન તત્વબોધ વાંઝણી સ્ત્રી સરખો હોવાથી કશું ફળ આપી શકતો નથી, પણ સ્પર્શતત્વ-બોધ તો પ્રાપ્તિરૂપ ફળદાયી છે; માટે સંવેદનનો ત્યાગ કરી સ્પર્શને અંગી-કાર કરવો. પરમતત્વરૂપ દશ પ્રકારનો યતિધર્મ છે. અર્થાત્ શુદ્ધ ધર્મ સ્પર્શતત્વબોધના દશ ભેદ છે. તે એ કે–ખંતિ–ક્ષમા ગુણ તે ક્રોધ ઉપર વિજય મેળવવો ૧, મદ્દવનિરાભિમાનતા ગુણ તે માનનો પરિત્યાગ કરવો ૨, અજ્જવ નિષ્કપટતા ગુણ તે માયા કપટનો ત્યાગ કરવો ૩, નિર્લોભતાગુણ તે લોભને તિલાંજલી દેવી ૪, તપગુણ તે છ બાહ્ય ને છ અભ્યંતર એમ બારે ભેદનો તપ કરવો ૫, સંયમગુણ તે સત્તર પ્રકારવડે સંયમ પાળવું ૬, સત્યવકતા ગુણ તે ચારે નિક્ષેપોવડે સાચું બોલવું ૭, શૌચગુણ તે ભાવશૌચાદિને ધ્યાનમાં લેવો ૮, અકિંચનગુણ તે પરિગ્રહનો ત્યાગ કરવો ૯, અને બ્રહ્મચર્યગુણ તે અઢાર ભેદયુક્ત શીલ પાળવું ૧૦, આ દશ ભેદથી અલંકૃતધર્મનું સેવન કરવામાં આવ્યેથી દેવ, મનુષ્ય, તિર્યંચ, નરક એ ચારે ગતિરૂપ ભવભ્રમણનો અંત કરી પાંચમી મોક્ષગતિ કે જે સર્વ ઉપાધિ આદિ વિકારોથી રહિત છે તેની ભેટ થાય છે. હવે એ દશે ભેદનું પૃથગ્ પૃથગ્ વર્ણન કરીશ કે ધર્મરૂપી ઝાડનું જીવનરૂપ મૂળ દયાજ છે એથી ધર્મનું મૂળ દયા કહેવામાં આવે છે. અને સત્યપણે વિચારવાથી જ્યાં કોઇ પ્રકારે જીવને દુઃખ કે હાનિ પ્રાપ્ત થાય ત્યાં દયા કાયમ રહી ગણા-યજ નહીં. અને જ્યાં દયા કાયમ રહી જોવામાં ન આવે ત્યાં ધર્મ શબ્દ લાગુજ થઇ શકતો નથી. ધર્મ તો અહિંસામયજ હોય, તેજ પ્રશંસવા લાયક છે. દશ પ્રકારના ધર્મમાં પહેલા ક્ષમાની ગણના છે, તે એટલાજ માટે કે જ્યારે ક્રોધનો પરાજય કરવામાં આવે ત્યારે જ ક્ષમાગુણ પ્રકટ થાય છે. અને જ્યારે ક્ષમા પ્રકટ થાય છે ત્યારે સાથેની સાથેજ દયા પ્રકટ થાય છે; કેમકે ક્રોધીને દયા હોતી નથી, એથી સાબિત થયેલ છે કે દયા

ક્ષમાગુણથી મળતાવડાપણું ધરાવતી હોવાને લીધેજ દયામય ધર્મ ગણવામાં આવેલ છે. ૧૧–૧૫

વિનયને વશ છે ગુણ સર્વે, તે તો માર્દવને આયત્તરે,
જેહને માર્દવ મન વસ્યું, તેણે સવિ ગુણગણ સંપત્તરે.
તેણે સવિ ગુણગણ સંપત્તરે, સંવેગ. ૧૬

આર્જવવિણુ નવિ શુદ્ધ છે, વળી ધર્મ આરાધે અશુદ્ધરે;
ધર્મ વિના નવિ મોક્ષ છે. તેણે ઋજુભાવી હોય બુદ્ધરે.
તેણે ઋજુભાવી હોય બુદ્ધરે. સંવેગ. ૧૭

દ્રવ્યોપકરણ દેહનાં, વળી ભક્ત પાનશુચિભાવરે;
ભાવશૌચ જિમ નવિ ચલે, તિમ કીજે તાસ બનાવરે.
તિમ કીજે તાસ બનાવરે. સંવેગ. ૧૮

પંચાશ્રવથી વિરમીયે, ઇંદ્રિય નિગ્રહીજે પંચરે;
ચાર કષાય ત્રણ દંડ જે, તજીયે તે સંજમ સંચરે,
તજીયે તે સંજમ સંચરે. સંવેગ. ૧૯

બંધવ ધન ઇંદ્રિયસુખતણો, વળી ભયવિગ્રહનો ત્યાગરે;
અહંકાર મમકારનો, જે કરશે તે મહાભાગરે. જે. સંવેગ. ૨૦

અર્થઃ—યતિધર્મનો બીજો ભેદ નિરાભિમાનતા ગુણ છે, તે ગુણ જ્યારે અહંકાર, દ્રોહ, મત્સર, ઇર્ષ્યા વગેરે દોષોનો ત્યાગ કરે ત્યારે જ પ્રાપ્ત થાય છે. પણ તે ગુણ વિનયને આધીન રહેલ છે; કેમકે અભિમાનનો ત્યાગ થાય તોજ નમ્રતાપણું–વિનય પ્રાપ્ત થાય છે, અને જ્યારે વિનય પ્રાપ્ત થાય ત્યારેજ દેવ, ગુરૂ ને ધર્મ એ રત્નત્રયી ફળદાયક નીવડે છે. જે જે ગુણો છે તે તે બધા વિનયની પ્રાપ્તિથીજ પ્રાપ્ત થઇ સર્વગુણસંપન્ન થવાય છે. મતલબ એજ કે વિનય વિના કોઇ પણ ગુણ કોઇને પણ પ્રાપ્ત થઈ શકતો નથી, તેમ સર્વોત્તમ કરણી કરવામાં આવે છતાં પણ જો તેમાં વિનય સંભાળવામાં ન આવે તો તે તમામ કરણીઓ ઘણું કરીને શૂન્ય જેવી ગણાય છે; માટેજ વિનયમય માર્દવ ગુણને માનનો ત્યાગ કરી અવશ્ય આરાધવોજ યોગ્ય છે. યતિધર્મનો ત્રીજો ભેદ સરલતાપણું છે, તે સરલતા ગુણ જ્યારે કુટિલતા–વાંકાઈ–કપટપણું ઇત્યાદિ માયાના ઘરનું નિકંદન કરવામાં આવે ત્યારેજ પ્રકટ થાય છે; કેમકે જ્યાં લગી કુટિલતા કપટ

વગેરે હોય છે ત્યાં લગી સરલતા—નિષ્કપટતા ગુણ પ્રકટ થવા જ પામતો નથી. તેમજ સરલતા વગર ધર્મની પણ શુદ્ધિ થતી નથી.—કપટથી કરવામાં આવનારી ધર્મકરણી અશુદ્ધજ ગણાય છે, જ્યાં લગી આર્જવતા નથી ત્યાં લગી શુદ્ધ ધર્મનું આરાધન થઇજ શકતું નથી. અને શુદ્ધધર્મના આરાધન વગર મોક્ષની પ્રાપ્તિ થતી નથી; માટેજ આત્માના બળત્તરપણાવડે શુદ્ધ ચારિત્રના અભ્યુદયથી નિર્મલ આત્માના યોગે કુટિલતાદિ દોષત્યાગ કરી આર્જવગુણ, ધર્મની પુષ્ટિ કરી શકે છે. યતિધર્મનો ચોથો ભેદ શૌચ ગુણ છે. તેના બે ભેદ છે તે એ કે દ્રવ્યશૌચ અને ભાવશૌચ તે પૈકી દ્રવ્યશૌચ એ કહેવાય છે કે શરીરનાં દ્રવ્યોપકરણ—જે હાથ પગ આંગળીઓ વગેરે છે; તે બધાં દેહનાં દ્રવ્યોપકરણ તથા પુસ્તક, વસ્ત્ર, પાત્રાદિ, કિંવા આહાર પાણી વગેરેને ( રાગરહિત—બેતાળીશ દોષ વગર આહાર વગેરેને ) અંગીકાર કરવો તે, ભાવશૌચ કહેવાય છે; કે જે રીતથી આત્માના પવિત્ર અધ્યવસાય ધારણ કરવાવડે મનની લ્હેરો કષાય વગેરેથી રહિત થઇ શુદ્ધ પરિણામની વૃદ્ધિ પામતી ધારા રાખવામાં આવે તે રીતથી ભાવશૌચ પ્રકટ થાય છે. તે ભાવશૌચ અચળ રહી શકે તેવી રીતે તેને અંગીકાર કરવો કે જેથી ભાવશૌચ વધતાંજ યતિધર્મ પણ વૃદ્ધિ પામશે, અને યતિધર્મ વધવાથી મોક્ષની પ્રાપ્તિ પણ સહેલી થઇ રહેશે; માટે શૌચ ધર્મ આદરવો. યતિધર્મનો પાંચમો ભેદ સંયમગુણ છે. તે સંયમ, જ્યારે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ આશ્રવ એટલે કે પાપને આવવાનાં બારણાં બંધ કરવા. મતલબ કે એ પાંચેથી દૂર રહેવામાં આવે તોજ ધર્મપ્રાપ્તિની સફળતા હાથ લાગે છે. એ પાંચ આશ્રવ અનાદિકાળથી આત્માની સાથેજ રહેનાર હોવાથી પાપોચિત્તવડે દુષ્ટ ગતિ દેનારા છે. એ પંચાશ્રવ તથા સ્પર્શેન્દ્રિય, રસેંદ્રિન્ય, ઘ્રાણેન્દ્રિય ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય અર્થાત ગુહ્યેન્દ્રિય, જીભ, નાક, આંખ, કાન એ પાંચે ઇંદ્રીયોને વશ્ય કરવી. તેમજ ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયને તજી દેવા અને મનોદંડ, વચનદંડ, કાયદંડ, એ ત્રણે દંડને તિલાંજલી દેવી. જ્યારે આ સત્તર પ્રકાર દૂર કરવામાં આવે ત્યારે આત્માની અંદર સંયમ સ્થિર થઇ શકે છે. એ સત્તર સંયમ પણ મલીનતાવંતજ રહે છે; માટે સત્તર દોષોને દૂર કરી સત્તરે ગુણોને જન્મ આપવો કે જેથી મોક્ષાર્થીને સંયમ શુદ્ધિ પ્રાપ્ત થાય. યતિધર્મનો છઠ્ઠો ભેદ મુક્તિગુણ છે. તે ભાઇ, મા, બાપ, બહેન, સંતતી વિગેરે તથા સોના રૂપા વિગેરે નવવિધની સંપત્તિ, ખાવા પીવા તથા વસ્ત્ર દાગીના વગેરેનો વિલાસ, શબ્દ રૂપ, રસ, ગંધ વગેરે સર્વ ઇંદ્રિયસુખનો, તથા આલોક,

પરલોક આજીવિકા વગેરે સાતે ભયનો, કલેશ, વિષાદ, ઇર્ષ્યાનો અને જગતમાં હુંજ ડાહ્યો-ધનવાન-સુખિયો-જ્ઞાની છું તે અહંકાર, તેમજ આ બધું મ્હારૂંજ તે મમકારનો ત્યાગ કરે તે જ મહા પુણ્યશાલી સમજવો; કેમકે જ્યાં લગી એ બધાંઓનો ત્યાગ ન થાય ત્યાં લગી સંસારચક્રનો અંત આવતો નથી; પરંતુ જ્યારે એઓનો ત્યાગ કરી નિર્લોભતા પ્રાપ્ત કરવામાં આવે ત્યારે ભ્રમણાનો અંત આવે છે, માટે નિર્લોભ ગુણ અંગીકાર કરવો. ૧૫-૨૦

અવિસંવાદનજોગ, વળિ તન મન વચન અમાયરે;
સત્ય ચતુર્વિધ જિન કહ્યો, બીજે દર્શન ન કહાયરે,
બીજે દર્શન ન કહાયરે. સંવેગ. ૨૧

ષડવિધ બાહિર તપ કહ્યું, અભ્યંતર ષડવિધ હોયરે;
કર્મ તપાવે તે સહી, પડિસોઅ વૃત્તિ પણ જોયરે,
પડિસોઅ વૃત્તિ પણ જોયરે. સંવેગ. ૨૨

દિવ્ય ઔદારિક કામ જે, કૃત કારિત અનુમતિ ભેદરે;
યોગ ત્રિકેં તસ વર્જવું, તે બ્રહ્મ હરે સવિ ખેદરે,
તે બ્રહ્મ હરે સવિ ખેદરે. સંવેગ. ૨૩

અધ્યાતમવેદી કહે, મૂર્ચ્છા તે પરિગ્રહ ભાવરે;
ધર્મ અંકિંચનને ભણ્યો, તે કારણ ભવજલ નાવરે.
તે કારણ ભવજલ નાવરે. સંવેગ. ૨૪

પાંચ ભેદ છે ખંતિના, ઉવયારવયાર વિવાગરે;
વચન ધર્મ તીહાં તીન છે, લૌકિક દોઇ અધિક સોભાગરે.
લૌકિક દોઈ અધિક સોભાગરે, સંવેગ. ૨૫

અર્થઃ-યતિધર્મનો સાતમો સત્યગુણ છે. જેની અંદર કોઈ જાતનો વિરોધ વિસંવાદ ન હોય અર્થાત વસ્તુને વાસ્તવિક રીતે વસ્તુપણે માને તે. અવિસંવાદન યોગને ધારણ કરવામાં આવે, તે પહેલા પ્રકારનું સત્ય. શરીરને અકુટિલતાપણે પ્રવર્ત્તાવવું તે બીજા પ્રકારનું સત્ય. મનને અકુટિલતાપણે પ્રવર્ત્તાવવું તે ત્રીજા પ્રકારનું સત્ય. અને વચનને અકુટિલતાપણે પ્રવર્ત્તાવવું તે ચોથા પ્રકારનું સત્ય. આ ચારે પ્રકારના સત્યને અંગીકાર કરવામાં આવે, તથા ચોવીશ તીર્થંકરરૂપ નામસત્ય, તેઓની લાકડા, પથ્થર, ધાતુ વગેરેની મૂર્તિઓની સ્થાપના કરવી, અથવા

તો ચિત્ર અક્ષર આલેખવા તે સ્થાપનાસત્ય, શ્રેણિક વગેરે ભાવિકાળમાં થનારા જિન તે દ્રવ્યસત્ય, અને શ્રી સીમંધર પ્રભુ વગેરે વિચરતા તીર્થંકર તે ભાવસત્ય. આ પ્રમાણે ચાર નિક્ષેપો સહિત સત્ય શ્રી જિનેંદ્રેજ ભવ્યજીવોના ઉપકારાર્થે ઠાણાંગસૂત્રમાં કથેલ છે, તે સત્યધર્મને ગ્રહણ કરવો. જૈનદર્શન સિવાય બીજાં પાંચે દર્શનમાં આ વાર્ત્તા કથન કરેલ છેજ નહીં. યતિધર્મનો આઠમો ગુણ તપ છે. તેમાં પણ જઘન્યપણે નોકારસી તપ અને ઉત્કૃષ્ટપણે જાવજીવ સુધી અનશન વ્રત–એમ બે તપનો સમાવેશ થાય છે, બાકી રહેલ તેની મધ્યમ તપમાં ગણના છે. તે તપના બાર ભેદ છે. તે પૈકી છ બાહ્ય તપભેદ છે, તે એ કે જેની અંદર ખાવાપીવાનું બિલકુલ બંધ તે અનશનતપ. જે આહારના પ્રમાણમાંથી એક બે ચાર કોળિયાં ઓછું ખાવું તે ઉણોદરી તપ. અમુક દ્રવ્ય આટલુંજ ખાવું એમ દ્રવ્યનો સંક્ષેપ કરવો તે વૃત્તિસંક્ષેપ તપ. દરેક રસોનો ત્યાગ કરવો તે રસત્યાગ તપ. લોચ વગેરે પરિસહ સહવા તે કાયાકલેશ તપ, અને પાંચે ઇંદ્રિયોને કબજે કરવી તે સંલીનતા તપ કહેવાય છે. છ અભ્યંતર તપ એ કહેવાય છે કે–ગુરૂએ આપેલું પ્રાયશ્ચિત લેવું તે પ્રાયશ્ચિત તપ. વિનય સાચવવો તે વિનયતપ. વડિલનો વૈયાવચ્ચ સાચવવો તે વૈયાવચ્ચતપ. સ્વાધ્યાય ધ્યાન કરવું તે સજ્ઝાયતપ. ધ્યાન ધરવું તે ધ્યાનતપ અને ઉપસર્ગ સહન કરવા તે ઉપસર્ગ તપ કહેવાય છે. આ છ અભ્યંતર અને છ બાહ્ય તપ મળી બાર ભેદ થયા. તે તપ દ્રવ્ય અને ભાવથી કરવો. એ ષડ્ કર્મને બાળી ભસ્મ કરનાર હોવાથી અવશ્યપણે પ્રતિશૌમવૃત્તિથી એટલે કે ઇંદ્રિયોને ન ગમે તેવી પ્રતિકૂળવૃત્તિ વડેજ કરવો યોગ્ય છે. યતિધર્મનો નવમો ભેદ બ્રહ્મચર્ય છે. તે વૈક્રિય શરીર તથા ઔદારિક શરીર સંબંધી કામભોગ એ બેઉ ભેદનું કરવું, કરાવવું ને અનુમોદવું એમ ગણતાં છ ભેદ થાય. તે એક એક ભેદને મન, વચન ને કાયા એ ત્રણે યોગવડે ત્યાગ કરવાથી અઢાર ભેદ થાય છે. તે અઢાર ભેદવાળું સર્વ દુઃખહારક બ્રહ્મચર્ય ૧૮૦૦ ભાંગાયુકત પણ ગણાય છે. તે એવી રીતે કે–પૃથિવીકાય, અપ્પકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, ચૌરીંદ્રિય પંચેન્દ્રિય અને અજીવ એ દશેને દશ ભેદ યતિધર્મવડે દશે ગુણતાં ૧૦૦ થાય, તે એક શ્રોતેદ્રિયે થયા. તે પાંચ ઇંદ્રિયોની સાથે ગુણતાં ૫૦૦ ભેદ થયા. તે આહારસંજ્ઞાએ થયા. તેવી ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એ ચારે ભેદથી ગુણતાં ૨૦૦૦ ભેદ થયા. તેને મન, વચન, કાયા એ ત્રણેથી ગુણતાં ૬૦૦૦ ભેદ થયા. તેને કરવું, કરાવવું,

અનુમોદવું એ ત્રણેથી ગુણતાં ૧૮૦૦૦ ભેદ થયા. તે અઢારહજાર શીલાંગરથ કહેવાય છે. તે રથના ધોરી થઇ યતિધર્મનો નવમો ભેદ અજવાળવો. યતિધર્મનો દશમો ગુણ અકિંચન–પરિગ્રહત્યાગ છે. આત્માને અધિકારી કરે તે ચોથા ગુણસ્થાનકથી માંડી ચૌદમા ગુણસ્થાનક લગી હોય છે. તેને અધ્યાત્મ કહે છે. તેના જે જાણકાર હોય તેને અધ્યાત્મવેદી કહેવામાં આવે છે. તે અધ્યાત્મવેદીઓ કહે છે કે જે મૂર્છા છે, તેજ પરિગ્રહનો ભાવ છે. મતલબ કે પોતાની પાસે ખાવા પીવાનું કશું ન મળે; છતાં પણ દરેક વસ્તુની તરફ ઈચ્છા–મમતા રાખે તે પરિગ્રહધારીજ કહેવાય છે. તેમજ ધન, કુટુંબ, ઘર, વાડી, બગીચા વગેરે પોતાની પાસે વિદ્યમાન હોવા છતાં પણ તેની તરફ બીલકુલ મમતા નથી; તો તે પરિગ્રહ રહિત ગણાય છે. અર્થાત્ ઉપરનો આડંબર ધ્યાનમાં ન લેતાં અંતરની વૃત્તિજ ધ્યાનમાં લેવી, કે ત્યાગી છે વા રાગી છે? જો સત્યપણે પરિગ્રહ છતાં તેની તે ભણી ત્યાગવૃત્તિ છે તો તે અકિંચનજ છે; માટે સંસારસાગરથી તરવા નાવ સરખા આ દશભેદવંત યતિધર્મનેજ આદરવો કે જેથી શુદ્ધપણે કર્મનું શોધન થાય છે. આ દશમાં પહેલા ક્ષમા ગુણના પાંચ ભેદ છે. તે એ કે–કોઇપણ મનુષ્યે આપણો ઉપકાર કર્યો હોય તો તે મનુષ્યનાં કડવાં–કઠીન વચન સહન કરવાં, તે ઉપકાર ક્ષમા કહેવાય છે. જે મનુષ્ય આપણા કરતાં વધારે બળવાન–સત્તાવાન હોય તેથી આપણે તેના ઉપર કશું કરી શકીએ તેમ નથી; વાસ્તે તેના બોલ સાંખી રહેવામાંજ ભૂષણ છે; નહીં તો અપમાનને પ્રાપ્ત થવાશે, એમ સમજીને સામો જવાબ ન દેતાં ક્ષમાશીલ બને તે અપકારક્ષમા કહેવાય છે. ક્રોધનાં ફળ નઠારાં છે અને તેનાવડે અનેક દુશ્મન ઉભા થતાં વિવિધ સંતાપ પ્રાપ્ત થાય; તે માટે દુર્વાકય ખમી રહેવામાંજ ફાયદો છે—એમ કર્મવિપાકનો ભય રાખવામાં આવે તે વિપાકક્ષમા કહેવાય છે. કઠીન વચનોવડે પોતાના દિલને દુભાવે નહીં; એટલે કે વચન પરિસહનો ઉપસર્ગ સહન કરે, સાવદ્ય પાપપૂર્ણ વચન બોલે તે વચનક્ષમા કહેવાય છે. કોઇ છેદનભેદન કરે તો પણ ચંદનને કાપતાં, વહેરતાં કે બાળતાં પણ પોતાની સુગંધ છોડે નહીં. તેની પેઠે આત્માનો ધર્મ ક્ષમાજ છે. માટે ક્ષમાજ રાખવી એમ ગજસુકુમારની ગતિ ધારણ કરે તે ધર્મક્ષમા કહેવાય છે. આ પાંચ પ્રકારની ક્ષમા પૈકી પહેલી ત્રણ પ્રકારની ક્ષમાઓ લૌકિક સુખ દેનારી છે, અને પછીની બે ક્ષમાઓ મોક્ષસુખને આપનારી છે. (૨૧–૨૫

**અનુષ્ઠાન તે ચાર છે, પ્રીતિ ભક્તિ ને વચન અસંગરે;**

ત્રણ ક્ષમા છે દોયમાં, અગ્રિમ દોયમાં દોય ચંગરે,
અગ્રિમ દોયમાં દોય ચંગરે. સંવેગ. ૨૬

વલ્લભ સ્ત્રી જનની તથા, તેહના કૃત્યમાં જુઓ રાગરે,
પડિક્કમણાદિક કૃત્યમાં, એમ પ્રીતિ ભક્તિનો લાગરે.
એમ પ્રીતિ ભક્તિનો લાગરે. સંવેગ. ૨૭

વચન તે આગમ આસરી, સહેજેં થાયેં અસંગરે;
ચક્રભ્રમણ જિમ દંડથી, ઉત્તર તદભાવે ચંગરે.
ઉત્તર તદભાવે ચંગરે. સંવેગ. ૨૮

વિષ ગરલ અનુષ્ઠાન છે, તદ્હેતુ અમૃત્ત વલિ હોયરે;
ત્રિક તજવા દોય સેવવા, એ પાંચ ભેદ પણ જોયરે;
એ પાંચ ભેદ પણ જોયરે, સંવેગ. ૨૯

વિષકિરિયા તે જાણીએં, જે અશનાદિક ઉદ્દેશરે;
વિષ તતખિણ મારે યથા, તેમ એહજ ભવ ફલ લેશરે,
તેમ એહજ ભવ ફલ લેશરે. સંવેગ. ૩૦

અર્થ:—ક્ષમાનાં ચાર અનુષ્ઠાન એટલે ક્રિયાઓ છે ને તેમાં છ આવશ્યક છે; એટલે કે શ્રાવકનું પ્રતિક્રમણ અને યતિની પગામ સજ્ઝાય અતિચાર આલોચના વગેરે તે પડિક્કમણાવશ્યક કહેવાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર સંબંધી કાઉસ્સગ કરવો તે કાઉસ્સગ આવશ્યક કહેવાય છે. શક્તિ મુજબ પચ્ચખ્ખાણ કરવું તે પ્રત્યાખ્યાનાવશ્યક કહેવાય છે. આ ત્રણે આવશ્યકની અંદર પ્રીતિ–અનુષ્ઠાન છે. અને સામાયિક, ચઉવિસત્થો એ બેઉ જિનાવશ્યકમાં તથા વાંદણાં દેવાં એ ગુરૂવંદનાવશ્યક એ ત્રણે આવશ્યકની અંદર ભકિત અનુષ્ઠાન છે. સિદ્ધાન્તાનુસારે પ્રવર્ત્તવું તે વચન અનુષ્ઠાન, અને સહેજે બની શકે તે અસંગાનુષ્ઠાન કહેવાય છે. આ ચારે અનુષ્ઠાન પૈકીનાં આગળ કહેવામાં આવેલી પાંચે પ્રકારની ક્ષમાઓ પૈકી પહેલી ત્રણ ક્ષમાઓમાં પ્રીતિ અને ભકિત એ બન્ને અનુષ્ઠાનનો સમાવેશ છે. માટે પાછળનાં બે અનુષ્ઠાન સુંદર માનીને અંગીકાર કરવાં. અનુષ્ઠાનનાં લક્ષણ શું હોય તે સમજમાં આવવા કહું છું કે પોતાની સ્ત્રી અને પોતાની માતા એ બન્ને સ્ત્રી જાતિ છે અને બન્ને ઉપર વ્હાલપણ હોય છે; તથાપિ તે બેઉનાં કાર્યોની અંદર જૂદા પ્રકારનો રાગ હોય છે. મતલબ કે સ્ત્રી ઉપર પ્રીતિરાગ અને માતા ઉપર ભકિતરાગ હોય છે. તેજ મુજબ પડિક્કમણ, કાઉ-

સ્સગ્ગ, અને પચ્ચખ્ખાણ એ ત્રણ આવશ્યકમાં પ્રીતિપૂર્ણ ક્રિયા છે; કેમકે એઓના સંગથી આગળ વિશેષ ગુણ વધે એથી પ્રીતિરાગ હોય છે, અને સામાયિકરૂપ ચારિત્ર, ચઉવિસત્થારૂપ પ્રભુવંદન અને વાંદણાંરૂપ ગુરૂવંદન એ ત્રણ આવશ્યકમાં ભકિતપૂર્ણ ક્રિયા છે. પ્રીતિ આ લોકની આશારૂપ અને ભકિત પરલોકની આશારૂપ હોવાથી અનુષ્ઠાનના લાગરૂપ છે. વચન અને અસંગ એ બે અનુષ્ઠાનના ખુલાસા સંબંધી કહીશ કે જેમ કુંભારનો ચાકડો પ્રથમ દાંડાના લાગથી વેગમાં ચાલી શકે છે, પણ પછીથી પોતાની મેળે સહેજે ફરી શકે છે, તેમ શ્રી વીતરાગ પ્રરૂપિત આગમની અંદર જેવી રીતે જ્ઞાનક્રિયાનાં આલંબન કથેલ છે, તેના અનુસારે આજ્ઞા મુજબ ધર્મમાં પ્રવર્તન કરે તે વચનાનુષ્ઠાન સમજવું. અને પાછળથી તેના અભાવવડે કોઇના આધાર વગર પણ સહેજે આદત પડી રહેતાં જે ક્રિયા થાય તે અસંગાનુષ્ઠાન સમજવું. યતિધર્મની અંદર જે પાંચ ક્રિયા છે તે સંબંધી કહીશ કે વિષ, ગરળ, અનુષ્ઠાન, તદ્હેતુ અને અમૃત એ પાંચ (ક્રિયા) છે. તે પૈકી પહેલી ત્રણ ક્રિયા આદરવા લાયક નથી, પણ તજવા લાયક જ છે; કેમકે તે ચારિત્રવંતનું ચારિત્ર દગ્ધ કરી દેનાર, ભવભ્રમણ વધારનાર અને દુઃખ અર્પનાર છે. તથા પાછળની બે ક્રિયાઓ આદરવા–સેવવા લાયક છે; કેમકે તેઓ મુક્તિદાતા છે. એ સંબંધમાં વિસ્તારથી કહીશ કે–પહેલી વિષક્રિયા છે જે ચારિત્રવંત, ખાનપાન મળવાના ઉદ્દેશને લીધે કરે એટલે કે જો હું ભણવાનો અભ્યાસ તથા ક્રિયા કરું તો તે મને વાંદવા આવનારના જોવામાં આવે તો તેની પ્રીતિ ભકિત વિશેષ વધતાં ખાનપાન વગેરે સહેલાઇથી પ્રાપ્ત થાય–માન વધે–વગેરેની ઇચ્છાને અવલંબી જે કંઈ ક્રિયા કરે તે ખરૂં કહીએ તો કપટક્રિયાજ છે; કેમકે લોકને દેખાડવા કપટભરી ક્રિયા કરે છે તેથી લાભ નજીવો મળે, પણ નુકસાન અપાર હાથ લાગે છે; માટે એ વિષક્રિયાને વિષસંજ્ઞા એ માટેજ આપેલ છે કે જેમ વિષ–ઝેર ખાવાથી તરત મરણને વધાવી લેવું પડે છે, તેમ આવી કપટ ક્રિયાથી પણ દુર્ગતિને વધાવી લેવી પડે છે, કારણ મહાવ્રતધારીને તો કપટ મહા દુર્ગતિદાતા છે. (૨૯–૩૦)

પરભવે ઈંદ્રાદિક રિદ્ધિની, ઇચ્છા કરતાં ગરલ થાયરે,
તે કાલાંતર ફળ દીએ, મારે જીમ હડકિયો વાયરે,
મારે જીમ હડકિયો વાયરે, સંવેગ. ૩૧

લોક કરે તિમ જે કરે, ઉઠે બેસે સંમૂર્ચ્છિમ પ્રાયરે;

વિધિ વિવેક જાણે નહીં; તે અન્યાનુષ્ઠાન કહાયરે
તે અન્યાનુષ્ઠાન કહાયરે. સંવેગ. ૩૨

તદ્ધેતુ તે શુદ્ધરાગથી, વિધિશુદ્ધ અમૃત તે હાયરે;
સકલ વિધાન જે આચરે, તે દીસે વિરલા કોયરે.
તે દીસે વિરલા કોયરે. સંવેગ. ૩૩

કરણ પ્રીતિ આદર ઘણો, જીજ્ઞાસા જાણનો સંગરે;
શુભ અલગ નિર્વિઘ્નતા, એ શુદ્ધ ક્રિયાનાં લિંગરે;
એ શુદ્ધ ક્રિયાનાં લિંગરે. સંવેગ. ૩૪

દ્રવ્યલિંગ અનંતા ધર્યાં, કરી કિરિયા ફળ નવિ લદ્ધરે;
શુદ્ધક્રિયા તો સંપજે, પુદ્ગલ-આવર્તને અદ્ધરે;
પુદ્ગલ આવર્તને અદ્ધરે. સંવેગ. ૩૫

( મારગ અનુગતિ ભાવ જે, અપુનર્બંધકતા લદ્ધરે,
કિરયા નવિ ઉપસંપજે, પુદગળ આવર્ત્ત ને અદ્ધરે;
પુદગલ આવર્તને અદ્ધરે. સંવેગ. ૩૬)

અર્થ :—તેમજ ગરળક્રિયા છે તે દુર્ગતિદાતા છે; તથાપિ તુરત ફળ ન આપતાં કંઇક વખત ગયા પછી આપે છે, એટલે કે કોઇ ચારિત્રવંતના ચારિત્ર પાળતાં ચિત્તવૃત્તિમાં એવા અધ્યવસાય થાય કે સારી ક્રિયા કરું તો પરભવમાં ઇંદ્રની કિંવા દેવતા ચક્રવર્તી વગેરેની રાજલક્ષ્મી પ્રાપ્ત થાય અથવા ધનધાન્ય વગેરે હાથ લાગે; તે ક્રિયાને ગરળક્રિયા કહેવાય છે. તે જેમ હડકાયું જનાવર આભડે ને તરત હડકવા ચલાવી મરણ ન આપે, પણ ત્રણ વર્ષની મુદત દરમ્યાન મરણ આપ્યા વગર રહે નહીં, તેમ ચરિત્રવંત ક્રિયા કરતાં અતિ નિયાણુ કરે તે તુરત નહીં, પણ બે ત્રણ ભવની અંદર તે વસ્તુ પ્રાપ્ત થાય. કિંતુ ચારિત્રનું ફળ મળે નહીં. માટે એ પણ તજવા યોગ્ય છે. તેમજ અનુષ્ઠાન ક્રિયા છે તે પણ કોઈ અજ્ઞાની ચારિત્રવંત પારણાને વાસ્તે કે ગ્રહણ કરવા માટે કરે એટલે કે કોઇ ભૂખથી પીડાતો ચારિત્ર અંગીકાર કરી ભૂખ લાગે તેને ફક્ત ખાવાની લાલચ પૂરી પાડવાની વૃત્તિ રહે તેને લીધેજ તે ક્રિયા કરે તેથી તે ક્રિયા વિગલેંદ્રીયની ક્રિયા જેવી પોષક ક્રિયા જાણવી; કેમકે તે ચારિત્રવંતને કેમ બેસવું ? કેમ ઉઠવું ? કેમ વંદન પૂજન કરવું, તેના વિધિની ગમ મળે નહીં, તેમજ ગુરૂની સામે કેવી રીતે જવું, આવવું, બેસવું, ધર્માચાર્ય, જ્ઞાન વિગેરેનો વિનય કેવી રીતે સાચવવો ? તેની પણ ગમ નહીં જેથી તે વિધિ વિવેકથી

અજાણ હોવાને લીધે મન વગર લોકની દેખાદેખી ક્રિયા કરે તે નિષ્ફળ નીવડે છે; માટે એ પણ ત્યાગવા લાયક છે. તદ્દહેતુ ક્રિયા સંબંધી સંક્ષિપ્ત વિચાર દર્શાવીશ કે–ચારિત્ર અંગીકાર કરનાર શુદ્ધ વૈરાગ્યવંત ભદ્રિક પરિણામવંત હોવાને લીધે ગુરૂદેશનાને સાંભળી સંસારના સકળ ભાવને ક્ષણભંગુર–નાશવંત સમજી સંસારિક સમુદાયથી વિરક્ત થઈ ચારિત્ર ગ્રહણ કરે તે શુદ્ધ રાગવડે વૃદ્ધિ પામતા મનોરથ સહિત ક્રિયા કરે, જો કે તેનો વિધિ શુદ્ધ ન હોય, તથાપિ અંતે વિશુદ્ધિ થાય, માટે તે ફળદાયક છે, અને અમૃતક્રિયા કે જે નામવડેજ સંજીવનરૂપ અમૃતની પ્રતીતિ આપે છે તે ક્રિયામાં તો આગમોની અંદર કથેલા શુદ્ધ વિધિસહ શુદ્ધ ચિત્ત અધ્યવસાયવડે સમસ્ત ક્રિયાના અનુષ્ઠાનનો વિધિ આચરી આત્મોદ્ધાર કરનાર કોઇ વિરલાજ પુણ્યશાલિજ હોય છે, તે અમૃતક્રિયા તો પાંચે ક્રિયાઓમાં કેવળ અદ્ભુત ચિંતામણી સરખી છે; કેમકે એ ક્રિયાની પ્રાપ્તિથી સંસારનો અંત આવી જાય છે; જેથી મોક્ષ પ્રાપ્તિ શુદ્ધ ભાવથી રહે છે. અને એ ક્રિયાની પ્રાપ્તિ પણ થતીજ નથી. હવે શુદ્ધ ક્રિયાનાં લક્ષણો સંબંધી કહીશ –જે ધર્મક્રિયા કરવામાં બહુજ પ્રીતિ રાખે, બહુજ આદર કરે, ક્રિયાના પ્રયત્નને જાણવા સંબંધી હંમેશાં અભ્યાસ કરી તત્વ જાણવાની ઈચ્છા રાખે, શુદ્ધ ક્રિયાના જાણકારની સંગતિ કરે ( વિકથાનો કે વિકથા કરનાર અન્યદર્શની વગેરેનો બિલકુલ સંગ ન કરે ) અને જિનકથિત સ્યાદ્વાદ રચનારૂપ રત્નજડિત વાક્યમય ઉત્તમ સિદ્ધાંતને નિર્વિઘ્નતાથી આદરે એટલે કે તમામ કામ ત્યજી ફક્ત આગમશ્રુતપંથેજ પરવરે. આ છ લક્ષણ શુદ્ધ ક્રિયાના છે. શુદ્ધ ક્રિયા કયારે પ્રાપ્ત થઇ શકે તે વિષે કહીશ કે–યતિવેષની અંદર ઓઘો મુહપત્તિ ગ્રહણ કરવારૂપ દ્રવ્યલિંગને અનંતવાર અંગીકાર કર્યો, એટલે કે જીવે ઓઘા મુહપત્તિ અપાર વાર ધારણ કરી દેહ તજવાને લીધે તે ઓઘા મુહપત્તીના મેરૂ જેવડા મોટા ઢગલા કર્યા અને વિવિધ પ્રકારની વિશેષતાપૂર્વક ક્રિયાઓ પણ કરી. તથાપિ તે યતિવેષનું કે ક્રિયાનું ફળ પ્રાપ્ત કર્યું નહીં; કેમકે બોધિબીજ–મેળવ્યા વગર જે જે ક્રિયા અને વેષ અંગીકાર કરવામાં આવ્યા તે તે તમામ નિષ્ફળ થયાં. શુદ્ધ ક્રિયા તો જ્યારે જીવને અર્ધ પુદ્ગળ પરાવર્ત્તન બાકી રહે છે ત્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ ફકત સમકિતનો સ્પર્શ થાય છે, મતલબ એજ કે અર્ધપુદ્ગળ પરાવર્તન બાકી રહે છે, તે વખતે શુદ્ધ ક્રિયાનું ફળ લાગે છે. અથવા તો જેને સમકિત ફરસીને પાછું જતું રહે છે તેને છાસઠ સાગરોપમથી વિશેષ કાળ સંસારમાં રહ્યા કેડે, તે જીવ મોક્ષ મેળવી

શકે છે. ( કેટલીક પ્રતોમાં આ પાઠ પ્રમાણે પાંત્રીસમી ગાથા છે તેનો અર્થ એ છે કે-જ્યારે માર્ગાનુસારીપણાનો ભાવ અપુનર્બંધકતા થાય ત્યારે આવે છે એટલે કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર કર્મની સ્થિતિ ત્રીસ કોટાકોટી સાગરોપમની ( ઉત્કૃષ્ટપણે ) છે, તેમાંથી ઓગણત્રીસ ઓગણત્રીસ ખપાવે અને એક એક કોડાકોડી સાગરોપમની બાકીમાં રાખે, અને મોહનીય કર્મની સીત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે, તેમાંથી ઓગણસીત્તેર ક્ષય કરી એક કોડાકોડી સાગરોપમની બાકીમાં રાખે, નામકર્મ અને ગોત્ર કર્મની ( એ બેઉની ) વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે, તેમાંથી ઓગણીશ કોડાકોડી સાગરોપમની ક્ષય કરી એક કોડા કોડી સાગરોપમની બાકીમાં રાખે, અને આયુકર્મની તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે, તેમાંથી ઓછી થઇ શકે તેમ નથી. સાત કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ન બાંધતાં અંતઃ કોડાકોડીની બાંધે તેને અપુનર્બંધકતા કહેવાય છે, તે સ્થિતિબંધ લગી કોઇ પણ ધર્મ કર્મ ફળદાયી નીવડે નહીં. માટે જ કહેવામાં આવેલ છે કે અર્ધપુદ્ગળ પરાવર્ત્તન થયેજ શુદ્ધ ક્રિયાનું ફળ મળે છે. (૩૧-૩૫)

અરિહંત સિદ્ધ તથા ભલા, આચારિજ ને ઉવજ્ઝાયરે,
સાધુ નાણ દંસણ ચરિત, તવ નવપદ મુકિત ઉપાયરે,
તવ નવપદ મુગતિ ઉપાયરે. સંવેગ. ૩૬

એ નવપદ ધ્યાતાં થતાં, પ્રગટે નિજ આતમરૂપરે.
આતમદરિસણ જેણે કર્યું, તેણે મુંધો ભવભયકૂપરે,
તેણે મુંધો ભવભયકૂપરે. સંવેગ. ૩૭

ક્ષણ અર્ધે જે અઘ ટલે, તે ન ટલે ભવની કોડીરે.
તપસ્યા કરતાં અતિ ઘણી, નહિ જ્ઞાનતણી છે જોડીરે,
નહિ જ્ઞાનતણી છે જોડીરે. સંવેગ. ૩૮

આતમજ્ઞાને મગન જે, તે સવિ પુદ્ગલનો ખેલરે,
ઇંદ્રજાળ કરી લેખવે, ન મિલે તિહાં દેઈ મનમેલરે,
ન મિલે તિહાં દેઈ મનમેલરે. સંવેગ. ૩૯

જાણ્યો ધ્યાયો આતમા, આવરણરહિત હોય સિદ્ધરે,
આતમજ્ઞાન તે દુઃખ હરે; એહિજ શિવહેતુ પ્રસિદ્ધરે,
એહિજ શિવહેતુ પ્રસિદ્ધરે. સંવેગ ૪૦

**ચોથે ખંડે સાતમી, ઢાલપુરણ થઇ તે ખાસરે,**
**નવપદમહિમા જે સુણે, તે પામે સુજસ વિલાસરે;**
**તે પામે સુજસ વિલાસરે. સંવે, ૪૧**

અર્થઃ—હવે મોક્ષના ઉપાય સંબંધમાં કહીશ કે–રાગ દ્વેષ વગેરે અંતરશત્રુનો પરાજય કરી તથા ઘનઘાતીકર્મનો નાશ કરી કેવળ જ્ઞાન મેળવી જે અરિહંત થયા તેમનું, આઠ કર્મ ક્ષય કરી સિદ્ધિ વર્યા તે સિદ્ધ ભગવાનનું, પંચાચારને પાળી ગચ્છ પરંપરાને કાયમ રાખી તે આચાર્ય મહારાજનું; અંગોપાંગ ભણે ભણાવે તે ઉપાધ્યાય મહારાજનું, તમામ જીવોની તમામ કાર્યસિદ્ધિ કરવાને ઉત્તમ કાર્ય કરે તે મુનિરાજનું, જેના પ્રતાપવડે વસ્તુ માત્રનું જેવું જોઈએ તેવું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય તે જ્ઞાનનું, સમકિતદર્શન પ્રાપ્ત થવાના હેતુ ધારણ કરે તે દર્શનનું, આઠ કર્મના જથ્થાને ખુટવાડે તે ચારિત્રનું, અને નિકાચિત કર્મ મેલને શોધી અલગ કરે તે તપનું, અર્થાત્ એ નવે પદનું એકાગ્ર મન વચન તનવડે ધ્યાન ધરવામાં આવે તો મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે એ મોક્ષ મળવાના ઉપાય છે. એ નવપદનું ધ્યાન ધરવાથી પોતાના આત્માનું સ્ફટિક રત્નવત્ ઉજ્જવળ રૂપ પ્રકાશમાં આવે છે, એટલે કે જેમ સ્ફટિક રત્ન ઉજ્જવળ હોય છે છતાં તેના નીચે કોઇ પણ રંગનો ડાંખ મૂકવાથી કે રંગ લાગવાથી લાલ પીળું શ્યામ દેખાય; પણ તેનો રંગ વા ડાંખ ધોવાના પ્રયોગથી દૂર કરી દેવામાં આવતાં પાછું અસલ ઉજવળ સ્વરૂપસહિત આનંદ આપે છે, તેમ આત્મા નિર્મળ છતાં કર્મથી લિપ્ત થવાને લીધે મલીન ( સંસારી વિભાગ ) થઇ પડે, પણ નવપદધ્યાન પ્રયોગવડે નિર્મળ થતાં જ સ્હેજે પોતાનો જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ઉજ્જવળ ગુણ પ્રગટ થાય છે, તેને આત્મદર્શન કહેવાય છે. જે જીવે એ આત્મદર્શન કર્યું હોય તે જીવે સંસારરૂપ કુવાને ઢાંકી સંસારને મર્યાદામાં લાવી મૂકયો ગણાય છે, માટેજ સંસારાંતક નવપદશ્રીનું હમેશાં ધ્યાન કર્યા કરવું. હવે જ્ઞાનના બહુમાન સંબંધમાં કહીશ કેઃ—અજ્ઞાન કષ્ટ કરનારા પુરૂષો ક્રોડો જન્મ લગી મહાન્ કઠિન તપશ્ચર્યા કર્યા કરે; તોપણ જેટલું પાપ ક્ષય ન કરી શકે તેટલું પાપ જ્ઞાનીપુરૂષ અડધાક્ષણની અંદર ક્ષય કરી શકે છે; (ઘડીના છ ક્ષણ થાય છે તે ક્ષણના અરધા ભાગમાં પાપપુંજને પ્રજાળી દે છે.) માટેજ જગતની અંદર કોઈ પણ વસ્તુ જ્ઞાનની બરોબરી કરી શકે તેવી છેજ નહીં. એ હેતુને લીધે જ કહેવામાં આવે છે કે જે પ્રાણી આત્મજ્ઞાનની અંદર મગ્ન થઈ સંસારીદશાને વિભાવરૂપ ગણી હમેશાં સ્વભાવદશામાં લીન રહી આત્મારામની અંદર

રમ્યા કરે છે, તે શરીર, ધન કે ઇંદ્રિયો સંબંધી સુખરૂપ પુદ્ગળ ખેલને ઈંદ્રજાળ સરખો ગણે છે. જેથી મનનો મેળ કદિ મળતોજ નથી; કેમકે તેઓ ચિત્તમાં વિચરે છે કે પુદ્ગળદ્વારા પુદ્ગળનું પોષણ કરવું તે કંઇ વ્યાજબી નથી. પુદ્ગળનો ધર્મ સડવા પડવા વિધ્વંસ પામવાનો છે. તેમાં હું આસકત થયો એથીજ અનંતાકાળ લગી ભવમાં ભટકયો. પરંતુ હવે શ્રી જિનેંદ્રપ્રરૂપિત વિશદવાણી વડે મેં જાણી લીધું કે–સંસાર દુઃખદાઈ અને બાજીગરની બાજી જેવો–છે, છે ને નથી તેવો અસત્ય રચનાવંત છે, તો તેની ઉપર રકત થવું એ અજ્ઞાનીનુંજ કામ છે. પુદ્ગળ ઉપર મમતાવંત થવું એ પણ અજ્ઞાનીનુંજ કર્તવ્ય છે. જ્ઞાનીજન તો આત્મજ્ઞાનમાંજ લીન રહે છે, એમ જાણી જ્ઞાનીજન પુદ્ગળ સાથે મેળ રાખી મળતા નથી. જે મનુષ્યે આત્મજ્ઞાન સાથે પૂરી પિછાણ કરી દૂધમાં મળેલા પાણી અને લોઢાના ગોળામાં પ્રવેશેલા અગ્નિની પેઠે તદ્રૂપ થયા છતાં પણ અસલ સ્વરૂપે ભિન્ન રહી આત્મજ્ઞાનનું ધ્યાન કર્યું, તે મનુષ્ય આઠે કર્મનાં આવરણોને દૂર કરી આત્માના મૂળ ગુણ પ્રકટ કરી સિદ્ધપદ મેળવે છે. માટે આત્મજ્ઞાનની રમણતાવડેજ સર્વ દુઃખહર્તા થવાય છે, અર્થાત્ આત્મજ્ઞાનજ સર્વ દુખહારી અને પ્રકટપણે આત્મજ્ઞાનજ મોક્ષનું હેતુ થાય છે, એ નિસંદેહ વાર્તા છે. એમ જાણીને મોક્ષાર્થિ જનોએ આત્માની પરિણતી સુધારવી એજ સર્વ શ્રેયનું કારણ છે. (યશોવિજયજી કહે છે કે આ ચોથા ખંડની અંદર સાતમી ઢાળ પૂર્ણ થઇ તે એજ બોધ આપે છે કે જે માનવ નવપદજીનો મહિમા સાંભળે છે તે સુંદર યશના વિલાસને સ્વાધીન કરે છે, માટે શ્રોતાગણ ! હંમેશાં નવપદનોજ મહિમા શ્રવણ કરી સુયશવિલાસ સ્વાધીન કરો.) (૧–૪)

(દોહા છંદ.)

ઇણી પરેં દેઇ દેશના, રહ્યો જામ મુનિચંદ;<br>
તવ શ્રીપાલ તે વિનવે, ધરતો વિનય અમંદ.<br>
ભગવન્ કહો કુણ કર્મથી, બાલપણેં મુઝ દેહ;<br>
મહારોગ એ ઉપનો, કુણ સુકૃતેં હુવો છેહ. ૨<br>
કવણ કર્મથી મેં લહી, ઠામ ઠામ બહુ રિદ્ધિ;<br>
કવણ કુકર્મેં હું પડયો, ગુણનિધિ જલનિધિ મધ્ય. ૩<br>
કવણ નીચ કર્મેં હુઓ, ડુંબપણો મુનિરાય;<br>
મુઝને એ સવિ કમિ હુઓ, કહિયેં કરિ સુપસાય. ૪

અર્થ—જ્યારે ઉપર પ્રમાણે મુનિરૂપ તારાગણમાં ઇંદ્ર સરખા રાજર્ષિ અજીતસેનજી ભવ્યજીવ હિતાર્થે ધર્મદેશના દઈ મૌન રહ્યા ત્યારે અતિ વિનય પૂર્વક શ્રીપાળ મહારાજા મુનિમહારાજશ્રીને વિનવવા લાગ્યા કે–'હે જ્ઞાનવાન્ ભગવંત! મને બાળપણમાંજ કયા કુકર્મપ્રસંગથી કોઢનો મહારોગ પેદા થયો હતો? અને તે કયા જન્માંતરના સુકૃતને લીધે પાછો મટી ગયો? હે ગુણનિધિ! વળી કયા કર્મના પ્રભાવથી મેં જગોજગોએ ઋદ્ધિ પ્રાપ્ત કરી? તથા કયા કુકર્મના યોગથી હું દરિયામાં પડયો, તેમજ હે મુનિરાજ મેં કયા નીચ કર્મસંયોગવડે ડુંબનું કલંક વ્હોર્યું? એ બધું સવિસ્તરપણે મને કૃપા કરીને ફરમાવો કે તેવું શા કારણથી થયું?

(ઢાળ આઠમી–સાંભરી આ ગુણ ગાવા મુજ મન હીરનારે–એ દેશી.)

**સાંભલજો હવે કર્મવિપાક કહે મુનિરે,**
**કાંઇ કીધું કર્મ ન જાયરે;**
**કર્મવશેં હોય સઘલાં સુખદુખ જીવનેરે,**
**કર્મથી બલિયો કો નવિ થાયરે. સાં. ૧**

**ભરતક્ષેત્રમાં નયર હિરણપુરેં હુઓરે,**
**મહીપતી મોહોટો તે શ્રીકંતરે;**
**વ્યસન તેહને લાગ્યું આહેડાતણુંરે,**
**કાંઈ વારે વારે રાણી એકંતરે. સાં. ૨**

**રાણી તેહની જાણે સુગુણા શ્રીમતીરે,**
**સમકિત શીલની રેખરે;**
**જિનધર્મેં મતિ રૂડી કુડી નહિ મનેંરે,**
**દાખે દાખે શીખ વિશેષરે. સાં. ૩**

**પિયુ તુઝને આહેડે જાવું નવિ ઘટેરે,**
**જેહને કેડે છે નરકની ભીતિરે;**
**ધરણી ને પરણી બે લાજે તુઝ થકીરે,**
**માંડી જેણે જીવહિંસાની અનીતિરે. સાં. ૪**

**મુખ તૃણ દીધે અરિ પણ મૂકે જીવતોરે,**
**એહવો છે રૂડો ક્ષત્રીનો આચારરે.**
**તૃણ આહાર સદા જે મૃગપશુ આચારેરે,**
**તેહને મારે જે આહેડે તે ગમારરે. સાં. ૫**

સસલાં નાસે પાસે નહિ આયુધ ધરેરે,
રાણીજાયા બાણી તેહને કેડરે;
જે લાગે તે આગે દુઃખ લહેશે ઘણાંરે,
નાઠાશું બલ ન કરે ક્ષત્રિય વેહરે. સાં. ૬

અબલકુલાશી ઝખને નિજ દ્રુમ પીડતાંરે,
ખગને મૃગને તૃણભક્ષીને દ્વેષરે;
હણતાં નૃપને ન હોય ઇમ જે ઉપદિશેરે,
તેણે કીધો તસ હિંસકકુલપોષરે. સાં. ૭

હિંસાની તે ખીંસા સઘલે સાંભલીરે,
હિંસા નવિ રૂડી કિણહી હેતરે,
આપ સંતાપે નર સંતાપે પામિયોરે,
આહેડી તે જાણો કુલમાં કેતરે. સાં. ૮

જાઓ રસાતલ વિક્રમ જે દુર્બલ હણેરે,
એતો લેશ્યા કૃષ્ણનો ઘન પરિણામરે;
ભૂંડી કરણીથી જગ અપજસ પામીયેંરે,
લીહાલો ખાતાં મુખ હોવે તે શ્યામરે. સાં. ૯

એહવાં રાણીયેં વયણ કહ્યાં પણ રાયનેંરે,
ચિત્તમાંહે નવિ જાગ્યો કોઇ પ્રતિબોધરે,
ઘન વરસે પણ નવિ ભીંજે મગસેલીયોરે,
મુરખને હિત ઉપદેશે હોય ક્રોધરે, સાં. ૧૦

અર્થઃ( કવિ યશોવિજયજી શ્રોતાગણને કહે છે કે–' શ્રોતાઓ ! હવે રાજર્ષિ અજીતસેનજી કર્મના વિપાક ફળ–કહે છે તે તમે સાંભળો.') રાજર્ષિ બોલ્યા કે–' શ્રીપાળ રાજન્ ! જે જીવ જે કંઈ સારાં કે નરસાં કર્મો કરે છે તે ભોગવ્યા વિના કદી પણ દૂર જતાં નથી. સ્વર્ગ, મૃત્યુ, પાતાળની અંદરના જીવોને જે કંઇ સુખ કે દુઃખ પ્રાપ્ત થાય છે. તે માત્ર સુકર્મ દુઃકર્મના પ્રતાપથીજ થાય છે, કર્મ બળવાન છે, કોઇપણ જીવ કર્મ કરતાં વિશેષ બળવાન્ નથી માટે કર્મ છે તેજ સર્વથી મહાન છે. આ ભરતક્ષેત્રની અંદર હે રાજન્ ! હિરણ્યપુર નગરીનો શ્રીકંત નામનો મોટો રાજા થયો હતો તેને શિકાર કરવાનું દુષ્ટ વ્યસન વળગ્યું હતું. તે

જોઇને તેની સુમતિવંત શ્રીમતી રાણી એકાંતમાં વારંવાર શિકાર કરવાની મના કરતી હતી; કેમકે રાજામિથ્યાત્વધર્મિ હતો અને રાણી જિનધર્મ રક્ત મતિવાળી સુશીલ ને સમક્તિની રેખારૂપ ગુણવંતી હોવાને લીધે હિંસા ધર્મને ધિકારી વિશેષ કરીને પ્રાણપતિને પાપમાર્ગથી પાછો હઠાવવા શીખ દેતી હતી કે હે પ્રિયતમજી ? આપને શિકાર કરવા જવું વ્યાજબીજ નથી; કેમકે એ દુષ્ટ કર્મ પાછળ નરકે જવાની બ્હીક કાયમ છે, તેમજ એ દુર્વ્યસનને લીધે હું વિવાહિતા અને આપના કબજાની પૃથ્વી આપને જોતાંજ લાજિયે છિયે; કેમકે જીવહિંસા રૂપ અનીતિ હાથધરી છે. ક્ષત્રિયનો મુખ્ય ધર્મ છે કે જે શત્રુ હોય તેને મારવોજ યોગ્ય છે, તથાપિ તે શત્રુ પણ મ્હોંમાં ઘાસનું તરણું લઇ સ્હામો ઉભો રહે તો તે મુખમાં તૃણ લીધેલાને ન મારતાં જીવતો જવા દેવો. તો વિચાર કરો કે જે મૃગ પશુઓ હંમેશાં ઘાસનોંજ આહાર કરે છે એટલે કે મ્હોંમાં તરણુંજ ધરી રાખે છે. તેને જે ક્ષત્રિપુત્ર મારી નાંખે છે તે ક્ષત્રિય પુત્ર નહિ પણ ચમારપુત્રજ ગણાવા યોગ્ય છે. તેમજ જે પ્રાણી સ્હામે ન થતાં પુંઠ બતાવી નહાશી જાય તે જીવને પણ ન મારવો એ પણ યુદ્ધવીર રાણીજાયાનો ખાસ ધર્મ છે; (છતાં આપ રાણીજાયા તો પુંઠ દેખાડી ભાગી છુટે તેની પાછળ પુરૂષાર્થ બતાવો છો.) વળી જેના હાથમાં હથિઆર–શસ્ત્ર ન હોય તેના ઉપર રાણીજાયા ઘા કરતા નથી એવી ઉત્તમ રાજનીતિ છે. (પરંતુ આપ તો સસલાં હિરણ વગેર પ્રાણીઓ કે જે શસ્ત્ર વગરનાં, સ્હામે ન થતાં પુંઠ બતાવી ભાગી છુટનારાં તેની પાછળ પડી તેમના પ્રાણ લેવા ધનુષપર બાણ ચડાવી એ જાન કરો છો ! ) તેવા રાણીજાયા અગાડી–જન્માંતરમાં નરક વગેરેનાં બહુજ દુઃખ પામશે. પાપશાસ્ત્રના ધરનારા જે કોઈ રાજાને એવો પાપોપદેશ દે છે કે રાજાની પૃથ્વીમાં જે પાણી છે, તે પાણીની અંદર રહી જીવન ગુજારનાર મોટા મચ્છ, નિર્બળકુળવાળાં ન્હાનાં માછલાંને ખાઇ જાય છે તેવા મચ્છોને તથા રાજાની જમીનમાં ઉગેલાં ઝાડવાને દુઃખ દેનાર પંખીવર્ગને, અને રાજાની જમીનમાં ઉગેલાં નવાં ઘાસ વગેરેને ખાઈ જનાર હરિણ વગેરે પશુઓને જાનથી મારી નાખવામાં રાજાને કશુંપણ પાપ લાગતું નથી; કેમકે જે રાજાનાં જળાશય, વનનાં વૃક્ષ, ઘાસ વગેરેનો, માલિકનો હુકમ મેળવ્યા વિના મરજી મુજબ ઉપભોગ કરે છે તે જળચારી, પંખીને પશુઓ રાજાનાં ગુન્હેગારજ હોય છે; માટે તેમને પ્રાણદંડ દેવામાં પાપ નથી પણ ધર્મ છે. તે હિંસક ઉપદેશકો પોતાના હિંસક કુળનુંજ પોષણ કરે છે. વળી છએ દર્શનવાળા હિંસાની નિંદા કરે છે એવું સાંભળીયે છિયે, જેથી સિદ્ધ થાય છે કે કોઇ રીતે પણ જીવહિંસા સારી નથી. અને જણાય

પણ છે કે પાપી શિકારી પોતાના આત્માને પણ સંતાપ્યા કરે છે. તેમજ જે જીવને એ જાન કરવા ધારે છે તે જીવને પણ સંતાપ આપે છે જેથી તેવા હિંસકજીવન પોતાના કુળમાં નઠારાં ચિન્હ સૂચવનાર પૂંછડીઆ તારા જેવા કુળક્ષયકારજ સમજવા. તેમજ જે મનુષ્ય નિર્બળ પશુઓને મારી નાંખે છે તે મનુષ્યોનું પરાક્રમ પણ રસાતળ (પૃથ્વીના પડ)માં પેશી જાઓ! કેમકે હિંસકપણું, કૃષ્ણુલેશ્યા કે જે દુર્ગતિદાયક છે તેની પ્રાપ્તિ આકરાં પરિણામરૂપજ છે. જેમ કોલસો ખાધાથી મ્હોંડું કાળુંજ થાય છે; તેમ નઠારી કરણી કરવાથી પણ જગતમાં અપયશજ પ્રાપ્ત કરાય છે. માટે ઉત્તમ કામ કરવાં એજ ઉત્તમ ગતિ આપે છે.' આ પ્રમાણે રાણીએ હિત-વચનો કહ્યાં; તો પણ રાજાના ચિત્તની અંદર જરા પણ પ્રતિબોધ જાગ્યો નહીં, જેવી રીતે પુષ્કળ વરષાદ વર્ષ્યો છતાં પણ મગશેળિયો પથરો જરા પણ ભિંજાતો કે ભેદાતો નથી, તેવી રીતે મૂર્ખને ચાહે તેટલો હિતકારી ઉપદેશ દેવામાં આવે તોપણ બોધ ન થતાં ઉલટો ક્રોધ પેદા થઇ આવ્યો. મતલબ કે જેમ સાપને સાકર મિશ્રિત દૂધ પાતાં પણ તે મિષ્ટ દૂધ ઝેરરૂપજ થાય છે; તેમ અમૃત વચનોના સંયોગથી રાજાને પણ ઝેરજ પ્રાપ્ત થયું. (૧-૧૦)

અન્ય દિવસેં સાત શત ઉલઠે પરવર્યોરે,
મૃગયાસંગી આવ્યો ગહનવન રાયરે,
મુનિ તિહાં દેખી કહે વ્યાધે છે પીડયો કોઢિયોરે,
ઉલ્લઠં તે મારે દેઇ ઘનઘાયરે, સાં. ૧૧

જિમ તાડે તે મુનિને તિમ નૃપને હુવેરે,
હાસ્યતણો રસ મુનિમન તે રસ શાંતરે;
કરિ ઉપસર્ગને મૃગયાથી લળ્યા સાતશેરે,
નૃપસાથેં તે પહોતા ઘર મન ખાંતરે, સાં. ૧૨

અન્ય દિવસ મૃગ પૂંઠે ધાયો એકલોરે,
રાજા મૃગલો પેઠો નઇતટ રાનરે;
ભલો નૃપ તે દેખે નઇતટ સાધુનેરે,
બોળે નઇજલમાં મુનિ ઝાલી કાનરે. સાં. ૧૩

કાંઇક કરૂણા આવી કઢાવ્યો નીરથીરે,
ઘેર આવીને રાણીને કહી વાતરે;

સા કહે બીજાની પણ હિંસા દુઃખ દિયેરે,
જનમ અનંતા દુખ દીયે રૂષિઘાતરે; સાં. ૧૪
રાજા ભાંખે નવિ કરસ્યું ફિરિ એહવુંરે,
વીતા કેતાઇક વાસર જામરે;
ગોખથકી મુનિ દીઠા ફિરતો ગોચરીરે,
વીસારી રાણીની શિક્ષા તામરે, સાં. ૧૫
નગરી વિટાલી લીખે કહે નૃપ ઉલંઠનેરે,
કાઢો બાહિર એહને ઝાલી કંઠરે;
રાણીયેં દીઠા ગોખથકી તે કાઢતારે.
રાજાને આદેશે લાગી લંઠરે. સાં. ૧૬

અર્થ :—એક વખત તે રાજા સાતસો ઉદ્ધત પુરૂષોની સાથે શિકાર રમવા ગહન વનની અંદર ગયો, તે સ્થળે રોગથી પીડાતા જૈનમુનિ કાઉસ્સગ્ગ ધ્યાન ધરી ઊભા હતા. તેને જોઇ રાજા બોલ્યો—' આ તો રોગથી પીડાતો કોઢિયો છે. ' એટલું બોલતામાં તો તે સાતસો ઉદ્ધતોએ તે મુનિને ઘણોજ માર માર્યો. જેમ જેમ તેઓએ મુનિને મારફાડ કર્યા કરી તેમ રાજાના મનમાં હાસ્ય—ગમ્મત પેદા થતી ગઈ અને મુનિના મનમાં શાંતરસ પેદા થતો ગયો. આવી રીતે મુનિને મહાત્રાસ આપી તે બધાએ શિકાર કરીને પાછા પોતાને મુકામે રાજી થતા થતા આવ્યા. વળી કોઈ વખતે તે રાજા એકલોજ શિકાર રમવા ગયો ને મૃગને જોતાંજ તેણે ઘોડાને તે પાછળ દોડાવ્યો; પણ હરિણ નાસીને નદી તીરના વનમાં ક્યાંક ભરાઇ પેઠો. તેને જોતો જોતો રાજા તે વનમાં ભૂલો પડયો. દરમ્યાન ત્યાં એક મુનિને જોયા. એટલે તે મુનિને કાન ઝાલી નદીના પાણીની અંદર ઝબોળવા લાગ્યો. છતાં થોડી વાર પછી રાજાના મનમાં કંઈક દયા આવી તેથી મુનિને પાણીમાંથી બહાર કહાડી પછી તે પોતાને ઘેર ગયો અને તેણે મુનિને ઉપસર્ગ કર્યાની વાત રાણીને કહી સંભળાવી; એટલે રાણી બોલી— ' હે સ્વામી! બીજાની હત્યા કરીએ તે પણ દુઃખ દેનારી નીવડે છે, તો ઋષિની ઘાત તો અનંતાભવ ભગી દુઃખ દેનારી નીવડે એમાં તો કહેવા જેવુંજ શું છે ? ' તે સાંભળી રાજા પાપથી ડરીને બોલ્યો—'દેવી ! હવે ફરીથી એવું પાપ કોઈ વખત પણ નહીં કરૂં; વળી કંઇક વખત ગયા બાદ રાજાએ રાજમહેલના ઝરોખામાં બેઠે બેઠે એક મુનિને ગોચરી ફરતાં જોયો કે રાણીની આપેલી શીખામણ ને તેવું પાપ ન કરવાની કરેલી

પ્રતિજ્ઞાને વિસરી જઇ પોતાના તોફાની પુરૂષોને હુકમ કર્યો કે–' જે સ્હામે દેખાય છે તે ભિક્ષુક આપણા નગરને વટલાવતો ફરે છે માટે એને ગળેથી પકડી શહેરની બહાર કહાડી મૂકો.' આ પ્રમાણે રાજાનો હુકમ મળતાંજ તે તોફાની પુરૂષો મુનિની ગળચી પકડી તેમને ઢસરડી બહાર કહાડવા લાગ્યા. તે બીજા ગોખમાં બેઠેલી રાણીના જોવામાં આવ્યું (૧૧–૧૬)

રાણી રૂઠી રાજાને કહે શું કરોરે,
પોતાનું બોલ્યું પાળો ન વચન્નરે;
મુનિ ઉપસર્ગે સર્ગે જાવું દોહિલુંરે,
નરકે જાવા લાગ્યું છે તુમ મન્નરે. સાં. ૧૭
નૃપ ઉપશમીઓ નમીઓ મુનિ તેડી ઘરેરે,
રાણી ભાખે રાજા એ અન્નાણરે;
મુનિ ઉપસર્ગે પાપ કર્યું ઘણે મોટકુંરે,
એ છૂટે તે કહિયે કાંઇ વિન્નાણરે. સાં. ૧૮
સજ્જન જે ભૂંડું કરતાં રૂડું કરેરે,
તેહના જગમાં રહેશે નામ પ્રકાશરે;
આંબો પત્થર મારે તેહને ફળ દિયેરે,
ચંદન આપે કાપે તેહને વાસરે, સાં. ૧૯
મુનિ કહે મ્હોટા પાતકનું શું પાલણુંરે;
તોપણ જો હોય એહનો ભાવ ઉલ્લાસરે;
નવપદ જપતાં તપતાં તેહનું તપ ભલુંરે,
આરાધે સિદ્ધચક્ર હોય અઘનાસરે, સાં. ૨૦
પૂજા તપ વિધિ શીખી આરાધ્યું નૃપે રે,
રાણી સાથે તે સિદ્ધચક્ર વિખ્યાતરે;
ઉજમણામાંહે આઠે રાણીની સહીરે,
અનુમોદે વળિ નૃપનું તપ શત સાતરે, સાં. ૨૧

**અર્થ**:—તે જોઇ તરત રાજા પાસે દોડી આવી, રાણી ગુસ્સે થઇ કહેવા લાગી–' હે રાજન્ ! આ શું કરવા માંડ્યું છે ? પોતાનું બોલેલું વચન પોતે પાળતા નથી એ શું રાજબીજનું કૃત્ય છે ! ! આપનું મન નરકે જવાજ તલપી રહેલું માલમ પડે છે; કેમકે મુનિના ઉપસર્ગ કરનારને

સ્વર્ગ જવું મહા મુશ્કેલ હોય છે. અને એ વાતની આપનું આ કર્તવ્યજ સ્પષ્ટપણે સાબિત આપી રહેલ છે એમજ મારૂં માનવું છે!' રાણીના આવાં વચન સાંભળતાંજ રાજાને પોતાની કરેલી પ્રતિજ્ઞા યાદિમાં આવી, જેથી તે શાંત થઈ તરત મુનિને પોતાની પાસે બોલાવીને રાજા મુનિના ચરણમાં પડયો. એટલે રાણી મુનિપ્રત્યે વિનયવચન કહેવા લાગી–' પ્રભો! આ રાજા અજ્ઞાનને વશ છે જેથી મુનિઉપસર્ગનું મોટું પાપ બાંધ્યું છે. તો એ પાપથી મુક્ત થવાય એવો કોઇ ઉપાય આપ ફરમાવો. અર્થાત્ એ પાપમુક્તિ માટે પ્રાયશ્ચિત પ્રકાશો. સમતાસાગર હંમેશાં સજ્જનોની એજ રીતિ હોય છે કે જે તેઓનું ભૂડું તાકે તેઓનું પણ તે ભલુંજ કર્યા કરે છે અને એવા સુકર્મ પ્રતાપથીજ તેવા સજ્જનોનાં આ પૃથ્વીની સપાટીપર નામો પ્રકાશપણે કાયમ રહ્યાં છે તથા ભાવિ સમયમાં રહેશે. જેમ આંબાને કોઇ પત્થર મારે તો તે મારની દરકાર રાખ્યા વગર તેને (બદલે તે પત્થર મારનારને) મીઠી કેરીઓ આપી આનંદ આપે છે. ચંદનને જે જન કરવત કે કોવાડા વગેરે અસ્ત્રથી (ઓજારથી) વ્હેરે–કાપે છે, છતાં પણ તે વ્હેરનાર–કાપનારને પોતાની સુવાસ જ અર્પણ કર્યા કરે છે તેમ સુજનોનો પણ એજ નિયમ હોય છે., રાણીનું બોલવું સાંભળી સમપરિણામી મુનિએ કહ્યું:–' બાઇ! મહાપાપ કર્યું છે તે પાપ મટવા માટે શું કહિયે? તો પણ જો આ રાજાનો ઉલ્લાસભાવ હોય તો કહું છું કે–' નવપદજીનો જાપ જપવાથી તથા તેમનો તપ આદરવાથી ઉત્તમોત્તમ શ્રી સિદ્ધચક્રજીનું આરાધન થાય તો તમામ પાપ નાશ થઇ જાય તેમ છે; માટે ઇચ્છા હોય તો તે પ્રભુનું આરાધન કરો.' આ પ્રમાણે મુનિનું બોલવું થતાંજ રાણીએ તપ આરાધનનો તમામ વિધિપૂજન વગેરે મુનિને પૂછી યાદ રાખી લીધો, અને તે પછી ધણીધણીઆણીએ પ્રખ્યાતપણે તે તપને આરાધનસહ પૂર્ણ કરીને તે તપ સંબંધી ઉજમણું પણ કર્યું. તે વખતે તે રાણીની આઠ સખીઓએ અને સાતસો ઉદ્ધતજનોએ રાજાના તપની અનુમોદના (પ્રશંસા) કરી. (૧૭–૨૧)

અન્ય દિવસ તે ગયા સિંહનૃપ ગામડેરે;
ભાંજી તે વળિયા લેઇ ગોવગ્ગરે;
કેડ કરીને સિંહે માર્યા તે મરીરે,
કોઢી હુવા ક્ષત્રી મુનિ ઉવસગ્ગરે. સાં. ૨૨

પુણ્યપ્રભાવે રાજા હુઓ શ્રીકંત તું રે,
શ્રીમતી રાણી મયણાસુંદરી તુજ્જરે;

કુષ્ટિપણું જલમજ્જન ડુંબપણું તુમ્હેરે,
પામ્યુંએ મુનિ આશાતના ફળ ગુજ્જરે. સા. ૨૩
સિદ્ધચક શ્રીમતિવચણે આરાહિયુંરે,
તેહથી પામ્યો સઘળો ઋદ્ધિ વિશેષરે,
આઠ સખી રાણીનું તપ અનુમોદિયુંરે,
તેણે તે લઘુ દેવી હુઇ તુઝ શુભવેષરે. સાં. ૨૪
સાપ ખાઓ તુઝ આઠમીયેં કહ્યું શોકયનેરે,
તેણે સાપે હંસી ન ટલે પાપરે;
ધર્મપ્રશંસા કરી રાણા હુઆ તે સાતશેરે,
ઘાતવિધુર તે સિંહ લીયે વ્રત આપરે, સાં. ૨૫
માસ અણુસણે અજિતસેન તે હું હુઓરે,
બાલપણે તુઝ રાજ્જ હર્યું તે રાણરે,
બાંધી પૂરવ વૈરે, તુઝ આગળ ધરેરે,
પૂરવ અભ્યાસે મુઝ આવ્યું નાણરે. સાં ૨૬
જાતિ સંભારી સંયમ ગ્રહિ લહિ ઓહિનેરે,
ઇહાં આવ્યો જેણે જેવાં કીધાં કર્મરે,
તેહને તેહવાં આવ્યાં ફળ સુખ દુઃખ તણાંરે.
સદ્ગુરૂ પાખે જાણે કુણ એ મર્મરે. સાં. ૨૭
ચોથે ખંડે ઢાળ હુઈ એ આઠમીરે.
એહમાં ગાયો નવપદમહિમા સારરે;
શ્રીજિનવિનયેં સુજસ લહીજેં એહથીરે,
જગમાં હોવે નિશ્ચેં જયજયકારરે. સાં ૨૮

અર્થઃ—કોઇક દિવસે તે રાજા સાતસો તોફાનિયોના પરિવારથી પરવર્યો સિંહરાજાના ગામ ઊપર ચડાઈ લઇ ગયો અને તે ગામમાં લુંટ વગેરેથી ભંજવાડ કરી ગાયોના ટોળાને હાંકી પાછો ફર્યો; પરંતુ સિંહરાજાએ તેની પુંઠ પકડી જેથી તે સાતસો તોફાનીને ઠેર માર્યા અને તે મરીને તપઅનુમોદનાના પ્રતાપથી ક્ષત્રીયવંશમાં પેદા થયા; પણ મુનિને કષ્ટ આપવાને લીધે પાછળથી તે બધા કોઢરોગથી પકડાઇ ગયા. નવપદજીના તપ વડે પુણ્યસંચય થવાથી શ્રીકંતરાજા આયુપૂર્ણ થયે તું શ્રી

પાળ રાજા થયો. અને શ્રીમતિ રાણી તે, તે તારી પત્ની મયણાસુંદરી થઇ. તેમજ કોઢિયાપણું મુનિને કોઢિયો કહેવાની આશાતનાથી તથા મુનિને પાણીમાં ઝબોળવાથી દરિયામાં ડુબવું, તથા મુનિને બ્હાર કહાઢવાથી પાછું દરિયો તરી પાર થવું થયું, અને મુનિ શહેરને વટલાવે છે એ ડુંબ જેવો છે, વગેરે વચનો કહ્યાં. તે આશાતનાને લીધે ડુંબનું કલંક પ્રાપ્ત થયું અને મુનિની તે અપરાધ સંબંધી ક્ષમા માગી તેથી તે કલંક નાશ પામ્યું. તેમજ શ્રીમતિના કહેવાથી પૂર્વજન્મમાં શ્રી નવપદજીનું આરાધન કર્યું તથા તેજ અભ્યાસના લીધે આ ભવે પણ તેણીના કથનથીજ પુનઃ તે તપ આરાધ્યો. તેથી તને સર્વત્ર સ્થળે સર્વ પ્રકારની વિશેષતા પૂર્વક ઋદ્ધિ પ્રાપ્ત થઇ. આઠ સખીઓએ તથા સાતસો ઉદ્ઘંઠોએ રાણી રાજાના તપની અનુમોદના કરી તેથી તે પ્રભાવવડે શુભવેષવંત તારી યુવરાણીઓનું પદ પામી. આઠમી સખીએ પોતાની શોકયને 'સાપ ખાઓ' એવું શાપવચન કહ્યું હતું. તે પાપથી તેણી આઠમી સખીના જીવ તિલકસુંદરીને સાપનો દંશ થયો. ધર્મ પ્રશંસાના પ્રતાપથી સાતસો જણ કોઢીપણું દૂર કરી રાણાપદ પામ્યા. તારા તોફાનીઓનો મારનાર સિંહ સાતસોને તરવારને તાબે કર્યાના પાપથી બ્હીને પોતાની મેળે મુનિનાં વ્રત લઈ ત્યાગી થયો અને અણસણ કરી મરી હું અજિતસેન રાજા થયો. મારૂં ગામ ભાંગ્યું હતું તે વૈરને લીધે મેં તારૂં રાજ્ય બાળપણમાંથીજ પડાવી લીધું અને મેં સાતસો જણને માર્યા હતા. તેઓએ મને તે વૈરને લીધે બાંધી તારી આગળ હાજર કર્યો હતો, માટે જે જે પાપ કરાય છે તે તેમાંથી ભોગવ્યા વિના છુટકબારો કરતાં નથી. મને પૂર્વના ચારિત્રાભ્યાસને લીધે જ્ઞાન ઉદય આવ્યું. જેથી જાતિસ્મરણવડે પૂર્વ ભવ જોઇ વિચારી મેં સંયમ અંગીકાર કર્યું, અને તે ચારિત્ર પાળતાં અવધિજ્ઞાન પ્રાપ્ત કરી હું અહીં તારી પાસે આવ્યો. કહેવાનો તાત્પર્ય એજ છે કે જેણે જેવાં કર્મ કર્યાં તેણે તેવાં સુખ દુઃખનાં ફળ ઉદય આવતાં અનુભવ્યાં. કહો, સદ્ગુરૂ સિવાય એવા મર્મને કોણ જાણી શકે?" (યશોવિજયજી કવિ કહે છે કે આ ચોથા ખંડ અંદરની આઠમી ઢાળ પૂર્ણ થઇ. એમાં નવપદજીનો મહિમા ગાવામાં આવ્યો છે. તે એવો બોધ આપે છે કે જે નવપદજીનો મહીમા ગાય તે શ્રી જિનરાજજીનો વિનય કરવાથી સારો યશ પ્રાપ્ત કરી શકે અને અવશ્ય જગતમાં જયજયકાર મેળવે.) (૨૧–૨૮)

(દોહા–છંદ)

**ઇમ સાંભળી શ્રીપાળ નૃપ, ચિંતે ચિત્તમઝાર.**
**અહો અહો ભવનાટકેં; લહિયેં, ઇસ્યા પ્રકાર. ૧**

કહે ગુરૂપ્રતેં હવણાં નથી. મુજ ચારિત્રની સત્તિ;
કરિ પસાય તિણે ઉપદિસો, ઉચિત કરણ પડિવત્તિ. ૨
વલતું મુનિ ભાખે નૃપતિ, નિશ્ચયગતિ તું જોય;
કરમ ભોગ ફળ તુઝ ઘણું; ઇહભવ ચરણ ન હોય. ૩
પણ નવપદ આરાધતાં, પામિશ નવમું સર્ગ.
નરસુર સુખ ક્રમેં અનુભવી, નવમે ભવ અપવર્ગ. ૪
તે સુણી રોમાંચિત હુઓ, નિજ ઘર પહોતો ભૂપ;
મુનિ પણ વિહરંતો ગયો, ઠાણાંતર અનુરૂપ. ૫

અર્થ—આ પ્રમાણે અજિતસેન રાજર્ષિના મુખથી ધર્મ–દેશના શ્રવણ કરી શ્રીપાળરાજા પોતાના ચિત્તમાં ચિંતવવા લાગ્યા–'અહો ! અત્યંત આશ્ચર્યની વાત છે કે ભવનાટકની અંદર પણ આવા આવા પ્રપંચ થાય છે !!!' તે પછી શ્રીપાળરાજા ગુરૂપ્રત્યે પૂછવા લાગ્યા. 'હે પ્રભો ! અત્યારે તો મારામાં ચારિત્ર અંગીકાર કરવાની શકિત નથી માટે કૃપા કરીને જે મારાથી બની શકે તેવો મારા લાયક ધર્મપ્રબંધ મને કહી બતાવો.' મુનિરાજે જિજ્ઞાસુ શ્રીપાળ રાજેંદ્રને કહ્યું:—નરવર ! તારી ગતિ: અવશ્ય રીતે તપાસવાની છે એટલે કે હજી પણ તારે કર્મસંબંધી વિપાક ભોગવવાનાં બાકી રહેલ છે જેથી આ ભવની અંદર તને ચારિત્રનો ઉદય આવશે નહીં; તો પણ શ્રી નવપદજીના આરાધન પ્રતાપવડે તું નવમું દેવલોક પ્રાપ્ત કરીશ અને તે પછી મનુષ્યનો ને દેવનો એમ વારાફરતી ભવ પામી તે ભવ સંબંધી સુખો અનુભવીને નવમાં ભવની અંદર મોક્ષસુખ પ્રાપ્ત કરીશ,' આ પ્રમાણે મુનિમહંતનું નિશ્ચય કથન શ્રવણ કરી શ્રીપાળ રાજા અત્યંત આનંદ પામ્યા; કેમકે નવ ભવની અંદર દેવમાનવનાં સુખ ભોગવી મોક્ષસુખાનુભવી થનાર છું. ભવ નાટકના હવે નવ પ્રવેશજ બાકી રહ્યા છે. પછી તે નાટકની સમાપ્તિ થતાં અખંડાનંદ સાથે પુનઃ તે નાટકમાં પાર્ટ ભજવવાનું રહેશેજ નહીં. ઈત્યાદિ આનંદનાં કારણો જાણી લીધાં જેથી હર્ષવડે રૂવાંડાં વિકસ્વર થઈ આવતાં મુનિમહંતને નમન કરી પોતાના પરિવારસહિત પાટનગરમાં ગયાં. અને મુનિમહારાજ પણ પોતાની ઇચ્છાનુકુળ વિહાર કરી અન્ય ક્ષેત્ર ફરવા વિચર્યા. (૧–૫)

(ઢાળ નવમી—કંત તમાકૂ પરિહરો—એ દેશી.)

હવે નરપતિ શ્રીપાલ તે, નિજ પરિવાર સંયુત્ત મેરે લાલ;
આરાધે સિદ્ધચક્રને, વિધિસહિત ગ્રહી સુમુહૂર્ત મેરે
લાલ૦ મનનો મહોટો મોજમાં.
મયણાસુંદરી ત્યારે ભણે; પૂર્વે પૂજ્યું સિદ્ધચક મે.
ધન ત્યારે થોડું હતું; હવણાં તું ઋદ્ધે શક મે મ. ૨
ધન મહોટે છોટું કરે, ધર્મ ઉજમણું તેહ. મેરે લાલ.
(પાઠાંતર) જે કરણી ધર્મનું તેહ, મે.
ફળ પૂરૂં પામે નહીં, મમ કરજો તિહાં સંદેહ—મે મ. ૩
વિસ્તારેં નવપદતણી, તિણેં પૂજા કરો સુવિવેક. મે.
ધનનો લાહો લીજીયેં, રાખી મહોટી ટેક. મે મ. ૪
મયણા વચણાં મન ધરી, ગુરૂભકિત શકિત અનુસાર; મે.
અરિહંતાદિક પદ ભલાં; આરાધે તે સાર. મે. મ. ૫
નવજિનગર નવ પડિમા ભલી, નવ જીર્ણોદ્ધાર કરાવી; મે.
નાનાવિધ પૂજા કરી, જિન આરાધન શુભભાવ, મે. મ. ૬
એમ સિદ્ધતણી પ્રતિમાતણું, પૂજન ત્રિહું કાલ
પ્રણામ; મેરેલાલ.
તન્મય ધ્યાનેં સિદ્ધનું, કરે આરાધન અભિરામ. મે. મ. ૭
આદર ભગતિને વંદના, વૈયાવચ્ચાદિક લગ્ગ; મે.
શુશ્રૂષાવિધિ સાચવી, આરાધે સૂરી સમગ્ગ—મે. મ. ૮
અધ્યાપક ભણુતાં પ્રતિ, વસનાશન ઠાણ બનાય, મે.
દ્વિવિધ ભકિત કરતો થકો, આરાધે નૃપ ઉવજ્ઝાય. મે. મ. ૯
નમન વંદન અભિગમનથી. વસહી અશનાદિકદાન; મે.
કરતો વેયાવચ્ચ ઘણું, આરાધે મુનિપદ ઠાણ. મે. મ. ૧૦
તીર્થયાત્રા કરી અતિ ઘણી, સંઘપૂજા ને રહજત્ત, મેં
આરાધે દર્શનપદ ભલું, શાસન ઉન્નત્તિદઢ ચિત્ત; મે. મ. ૧૧
સિદ્ધાંત લિખાવી તેહને, પાલન અર્ચાદિક હેત; મે
નાણ પદારાધન કરે, સજ્ઝાય ઉચિત મન દેત. મે. મ. ૧૨

વ્રતનિયમાદિક પાલતો, વિરતિની ભકિત કરંત; મે.
આરાધે ચારિત્ર ધર્મને; રાગી યતિધર્મ એકંત મે. મ. ૧૩
તજી ઇચ્છા ઇહ પર લોકની, હુઇ સઘળે અપ્રતિબદ્ધ; મે
ષટ બાહ્ય અભ્યંતર ષટ કરી, આરાધે તવપદ શુદ્ધ. મે
મ. ૧૪
ઉત્તમ નવપદ દ્રવ્યભાવથી, શુભભકિત કરી શ્રીપાલ; મે.
આરાધે સિદ્ધચક્રને, નિત પામે મંગળમાળ; મે. મ. ૧૫
ઇમ સિદ્ધચકની સેવના, કરે સાડાચાર તે વર્ષ; મે.
હવે ઉજમણા વિધિતણો, પૂરે તપ ઉપનો હર્ષ; મે. મ. ૧૬
ચોથે ખંડે પૂરી થઇ, ઢાલ નવમી ચઢતે રંગ; મે
વિનય સુજસ સુખ તે લહે, સિદ્ધચક્ર થુણે જે ચંગ. મે.
મ. ૧૭

અર્થ–તે પછી મહાન્ ઉદાર ચિતવંત શ્રીપાળ મહારાજા પોતાના પરિવાર સહિત વિધિપૂર્વક સારૂં મુહુર્ત્ત સાધી આનંદવડે શ્રી સિદ્ધચક્રની આરાધના કરવામાં પ્રવૃત્ત થયા. એ જાણી પટરાણી મયણાસુંદરીએ પતિ-દેવ પ્રત્યે કહ્યું:– આગળ આપણે શ્રી સિદ્ધચક્રજીનું પૂજન વગેરે કર્યું હતું, પણ તે વખતે આપણી પાસે વિશેષ ધનસંપત્તિ ન હતી. તેના લીધે જોઇએ તેવી ઉદારતા સાથ ભકિત થઇ શકી નથી; પરંતુ હમણાં તો આપ ઇંદ્રના જેવી ઋદ્ધિથી વિદ્યમાન છો; માટેજ કહું છું કે જે મનુષ્ય જ્યારે ધનની વિશેષ છત હોય ત્યારે ધર્મસંબંધી કરણીમાં ટુંકું દિલ રાખી ઓછું ધન વાવરે તે મનુષ્ય પૂર્ણ ફળ પામી શકતો નથી એ નિઃસંદેહની વાત છે. એ હેતુને ધ્યાનમાં લઇ હાલની સંપત્તિ પ્રમાણે પુષ્કળ ધન વાપરી વિસ્તાર-પૂર્વક પૂજનાદિની સામગ્રી મેળવી વિવેક સાથે નવપદજીનું પૂજન–આરાધન કરવું ઘટિત છે; માટે ધન હાથ કર્યાનો લ્હાવ લેવા પૂર્ણ રાગનો ટેક રાખી પૂજન કરો.' મયણાસુંદરીનું આ પ્રમાણે બોલવું થતાં તે વચનોને મનમાં ગ્રહણ કરી મહાન્ ભકિતવંત શ્રીપાળમહારાજા પોતાની શકિતના પ્રમાણપૂર્વક તત્વરૂપ અરિહંતાદિક નવપદજીનું આરાધન કરવા લાગ્યા. તેમાં પ્રથમ પદરૂપ શ્રી અરિહંતપ્રભુની આરાધનામાં બાવન જિનાલયયુકત નવ જૈનમંદિરો બંધાવ્યાં, નવનવીન જીન પ્રતિમાજી ભરાવ્યાં અને નવજીવ મંદિરોની મટાપન કરાવી જિર્ણોદ્ધારનું ફળ મેળવ્યું, તથા ત્રણ–પાંચ–આઠ સત્તર, એકવીશ અને એકસોઆઠ. એમ વિવિધ ભેદવાળી પૂજાઓ ભણાવી શુભ-

ભાવયુક્ત પ્રથમ પદની આરાધનામાં લીન થયા. તે પછી બીજા પદરૂપ શ્રી સિદ્ધ મહારાજાની આરાધનામાં ઊપર કહેવામાં આવેલા પ્રકારસહિત ત્રણે ટંક (સવાર; બપોર ને સાંઝ) વખતે શ્રી સિદ્ધભગવંતને પ્રણામ કરી પૂજન કર્યું અને તન્મય બની અથાત્ તે કાર્યની અંદર ચિતમાં અપાર દૃઢ આનંદના ઉદ્યમવડે કર્મ અંજનના આવરણરહિત શ્રી સિદ્ધ ભગવાનની મન વચન તનની ઐકયતા સાથ ઉત્તમ આરાધના કરવી શરૂ રાખી. તે પછી ત્રીજા પદરૂપ શ્રી આચાર્ય મહારાજની આરાધનામાં આદર તથા ભકિતરાગપૂર્વક બાર આવર્ત્તયુકત વંદનાનો ક્રમ સાચવી, વૈયાવચ્ચમાં લગની રાખી, સુશ્રૂષા, પર્યુપાસના, સેવના, આહારપાણી વગેરે અને ઉપાશ્રયાદિનો તમામ વિધિ સાચવી સમસ્ત સૂરિરાજની આરાધનામાં સાવધાન રહ્યા. તે પછી ચોથા પદરૂપ શ્રી ઉપાધ્યાય મહારાજાની આરાધનાની અંદર પાંચે સંધ્યા વખતે આગમના પાઠ ભણનારા તથા ભણાવનાર મહાશયોને અન્ન, વસ્ત્ર ને રહેવાની જગ્યા સંબંધી સવડ પૂરી પાડવા શ્રીપાલ મહારાજાએ પૂર્ણ ખંત રાખી અને ધર્મશાળાઓ, પાઠશાળાઓ વગેરે બંધાવી ઉપર કથેલા ઉપચારરૂપ દ્રવ્યથી અને મનની એકાગ્રતારૂપ ભાવથી પાઠકપદની ભકિતપૂર્વક આરાધના કરી. તે પછી પાંચમાં પદરૂપ મુનિમહારાજશ્રીની આરાધનામાં મુનિ પધારે તે વખતે પાંચ સાત ડગલાં ગુરૂ સન્મુખ જઈ ગુરૂપદમાં નમન કરવું તથા હાથ જોડી વંદના કરવી વગેરે વિનય વૈયાવચ્ચ સાચવવામાં લીન રહી, ઉપાશ્રયની અને અન્ન, વસ્ત્ર પાત્રાદિ જરૂર જોગ વસ્તુઓની સગવડતા કરી દેવામાં કાળજી ધરાવી. કેમકે અન્ન–પાણી–ખાદિમ–સ્વાદિમરૂપ ચારે પ્રકારના આહાર–વસ્ત્ર–પુસ્તક ઔષધ વગેરેની જે વખતે જરૂર હોય તે વખતે તેની સગવડ કરી આપવામાં આવતાં વ્રતધારી મહાત્માઓ પોતાના સંયમમાર્ગમાં વગર અડચણે કાયમ રહી શકે છે. એ લાભ મેળવવા શ્રીપાળમહારાજા મુનિપદની અત્યંત વૈયાવચ્ચાદિ સાચવી આરાધનાનો આનંદ મેળવવા લાગ્યા. તે પછી છઠ્ઠા પદરૂપ ઉત્તમ-દર્શન પદની આરાધનામાં જગાજગાએ ભકિતભાવસહિત તીર્થયાત્રાઓ કરી તે તે સ્થળોમાં સ્નાત્રાદિ પૂજાઓ, સ્વામીવાત્સલ્યો ને રથયાત્રાઓ વગેરે દર્શન સંબંધી અનેક મહોત્સવો કરી દૃઢ ચિત્તવડે શ્રીપાળમહારાજાએ શાસનની ઉન્નતિ–શોભાની વૃદ્ધિ સાથ છઠ્ઠાપદની ભકિત કરી. તે પછી સાતમાપદરૂપ જ્ઞાનપદારાધનમાં જ્ઞાનના પાલન અર્ચા વગેરેની અંદર પૂર્ણ પ્યાર રાખી સિદ્ધાંતો લખાવ્યાં તથા તે સિદ્ધાંતોની ફળ વગેરે ઉત્તમ વસ્તુઓવડે પૂજાભકિત સાચવી અને જ્ઞાન સંબંધી ઉપકરણ એટલે કે પાટી, પોથી, ઠવણી,

સાપડા, સાપડી, વહી, દસ્તરી, ઓળિયા, પૂઠાં, રૂમાલ, હિંગળોક, શાહી, ચંદરવા, ચાબખી, લેખણો, ખડિયા, પીંછીઓ, કાગળ, જુજર્બળ (કંપાસ), ફાંટિયા વગેરે વસ્તુઓ એકઠી કરી શકિતઅનુસાર યોગ્યતાવંત ચિત્ત સાથ સ્વાધ્યાય ધ્યાન કરી સાતમા પદનું શ્રીપાળ મહારાજાએ આરાધન કર્યું. આઠમા પદરૂપ ચારિત્રપદની આરાધનામાં પોતે અંગીકાર કરેલાં ચાર અણુવ્રત એટલે કે પ્રાણાતિપાત કોઇ જીવને સંતાપ દુઃખ ન થાય તે પહેલું, તથા પાંચ મહોટાં જૂઠ (ધર્મ પુણ્યના કારણ સિવાય) ન બોલવાં તે બીજું, તેમજ ચોરી ન કરવી તે ત્રીજું, અને સ્ત્રી સમાગમ ન કરવો તે ચોથું અણુવ્રત એ ચારે અણુવ્રત (અર્થાત્ સ્થુળપણે—દેશવિરતિ રૂપ વ્રત ગૃહસ્થને પાળવાં પડે છે, સર્વવિરતી રૂપ સર્વથા એ ચારેનો ત્યાગ કરવો ગૃહસ્થને પાલવી શકે નહીં, જેથી મહાવ્રતથી ઓછાશવાળાં હોય તે અણુવ્રત કહેવાય છે) તેઓનું પૂર્ણપણે પાલન કરી શ્રીપાલમહારાજા ગુરૂરાજ પાસેથી આદરેલા નિયમરૂપ ગૃહસ્થધર્મ સહિત યતિ—સાધુઓને અન્ન વસ્ત્ર પાત્રાદિના દાન દેતાં તથા સ્તુતિ વંદન કરતા દ્રવ્યભાવ ભેદવડે નિશ્ચળતાસહ એકાંત યતિ ધર્મના પ્રેમી બની ચારિત્રપદની આરાધના કરવામાં મસ્ત થયા. તે પછી નવમા પદરૂપ તપ પદની આરાધના ભકિતમાં શ્રીપાળમહારાજાએ આલોક સંબંધી તથા પરલોક સંબંધી વાંછના ત્યાગી દઇ તમામ જગોએ સ્વતંત્રતા અંગીકાર કરી કર્મ તપાવવાને માટે પોતાની આત્મશકિત મુજબ છ બાહ્ય ને છ અભ્યંતર ભેદ મળી બારે ભેદથી તપનું શુદ્ધપણે આરાધન કર્યું. આ પ્રમાણે નવે પદનું દ્રવ્ય અને ભાવ એ બેઉ પ્રકારની ભકિતથી શ્રીપાળમહારાજા શ્રી સિદ્ધચક્રજીનું આરાધન કર્યા કરતાં વિશેષ મંગળમાળા સ્વાધીન કરતા હતા. અને જ્યારે તે એકાંશી આંબિલ—નવ ઓળીને મર્યાદાવડે પૂર્ણ થતાં સાડાચાર વર્ષ પૂર્ણ થયાં ત્યારે તે નવપદજીના તપની પૂર્ણાહુતી સંબંધી ઉદ્યાપન ઉજમણું કરવા બાબતનો શ્રીપાળ મહારાજાને હર્ષ પેદા થયો કેમકે ઉજમણા વિના તપનું ફળ પૂર્ણપણે પ્રાપ્ત થઇ શકતું જ નથી; માટે પૂર્ણ લાભ મેળવવા ઉજમણું આદરવાની અંગદેશ પતિએ તૈયારી કરી. (યશોવિજયજી કહે છે કે—ચોથા ખંડની અંદર ચડતા રંગપૂર્વક નવમી ઢાળ પૂર્ણ થઇ. તે એજ બોધ આપે છે કે—જે મનુષ્ય ઉત્તમ ભાવથી શ્રી સિદ્ધચક્રજીના ગુણોની સ્તવના કરે તે મનુષ્ય અવશ્ય વિનય, સારો યશ અને સુખ પ્રાપ્ત કરે છે. માટે હે શ્રોતાગણ ! તમે પણ તેજ પ્રભુના ગુણો સ્તવી તે લાભ પ્રાપ્ત કરવા ઉદ્યમ આદરો.) (૧–૧૭)

(દોહા—છંદ.)

હવે રાજા નિજ રાજની, લચ્છીતણે અનુસાર,
ઉજમણું તેહ તપતણું, માંડે અતિહિ ઉદાર, ૧

અર્થ—હવે શ્રીપાળ મહારાજા પોતાની રાજ્યસમૃદ્ધિના અનુસાર એટલે કે અત્યંત મહાન્ શકિતપૂર્વક ઓળીના તપનું ઉજમણું ઘણીજ ઉદારતાથી કરવાની સામગ્રી નીચે મુજબ એકઠી કરવા લાગ્યા.

——o——

(ઢાળ દશમી—ભોળીડા હંસારે વિષય ન રાચિયે—એ દેશી.)

વિસ્તીરણ જિનભુવન વિરચીયે, પુણ્ય ત્રિવેદિક પીઠ;
ચંદ્ર ચંદ્રિકારે ધવલ ભુવનતળે, નવરંગ ચિત્ર વિસીઠ. ૧
તપ ઉજમણું રેઇણિ પરે કીજીયે; જિમ વિરચેરે શ્રીપાળ.
તપ ફળ વાધેરે ઊજમણે કરી, જેમ જળ પંકજનાળ.
તપ ઉજમણુંરે ઇણિપરે કીજીયે. ૨
પંચવરણનારે શાલિ પ્રમુખ ભલા, મંત્ર પવિત્ર કરી ધાન્ય;
સિદ્ધચક્રનીરે રચના તિહાં કરે, સંપૂરણ શુભધ્યાન.
તપ ઉજમણુંરે ઇણિપરે કીજીયે. ૩
અરિહંતાદિક નવપદને વિષે, શ્રીફળ ગોળ ઠવંત;
સામાન્યેં ઘૃત ખંડ સહિત સવે, નૃપ મન અધિકીરે ખંત.
તપ ઉજમણુંરે ઇણિપરે કીજીયેં. ૪
જિનપદ ધવલુંરે ગોલક તે ઠવે, શુચિ કર્કેતન અઠ્ઠ,
ચોત્રીસ હીરેરે સહિત બિરાજતું, ગિરૂઓ સુગુણ ગરિઠ્ઠ.
તપ ઉજમણુંરે ઇણિપરે કીજીયેં. ૫
સિદ્ધપદે અડ માણિક રાતડાં, વળિ ઇગતીસ પ્રવાળ;
ઘુસૃણ વિલેપિત ગોલક તસ ઠવે, મૂરતિ રાગ વિશાળ. ૬
પણ મણિ પીત છત્રીસ ગોમેદકે, સૂરિપદે ઠવે ગોળ;
નીલરયણ પચવીસ પાઠકપદે, ઠવે વિપુલ રંગરોલત૦ ૭
રિષ્ટરતન સગવીસ તે મુનિપદે, પંચ રાયપટ અંક;
સગસઠ્ઠિઇગવન્ન સિત્તરી પંચાસ તે, મુગતા શેષ નિઃશંક,
તપ ઉજમણુંરે ઇણિપરે કીજીયેં. ૮

તે તે વરણે રે ચીરાદિક ઠવે, નવ પદતણેરે ઉદ્દેશ;
બીજી પણ સામગ્રી મોટકી, માંડે તેહ નરેશ. ત૦ ૯
બીજોરાં ખારેક દાડિમ ભલાં, કોહોલાં સરસ નારંગ;
પૂગીફળ વળી કલશ કંચનતણા, રતનપુંજ અતિ ચંગ.
તપ ઉજમણું રે ઇણિપરે કીજીયેં. ૧૦
જે જે ઠામેરે જે ઠવવું ઘટે, તે તે ઠવેરે નરિંદ;
ગ્રહ દિકપાલ પદે ફલ ફુલડાં, ધરે સવરણ આનંદ. ત૦ ૧૧
ગુરૂવિસ્તારેરે ઉજમણું કરી, ન્હવણ ઉત્સવ કરે રાય;
આઠ પ્રકારીરે જિનપૂજા કરે, મંગલ અવસર થાય, ત૦ ૧૨
સંઘ તિવારેરે તિલક માલાતણું, મંગલ નૃપને કરેઇ.
શ્રીજિન માનેરે સંઘેં જે કર્યું, મંગલ તે શિવ દેઇ. ત૦ ૧૩
તપ ઉજમણેરે વીર્યઉલ્લાસ જે, તેહજ મુક્તિનિદાન;
સર્વે અભવ્યેંરે તપ પૂરાં કર્યાં, પણ નાવ્યું પ્રણિધાન.
તપ ઉજમણું રે ઇણિપરેં કીજીયેં. ૧૪
લઘુકર્માનેરે કિરિયા ફલ દીયે, સફલ સુગુરૂ ઉવએસ;
સર હોયે તિહાં કૂપખનન ઘટે, નહિ તો હોઈ કિલેશ;
તપ ઉજમણુંરે ઇણિપરે કીજીયેં. ૧૫
સફળ હુવો સવિ નૃપશ્રીપાલને, દ્રવ્ય ભાવ જસ શુદ્ધ,
મત કોઇ રાચો રે કાચો મત લેઇ, સાચો બિહું નય બુદ્ધ.
તપ ઉજમણું રે ઇણિપરે કીજીયેં. ૧૬
ચોથે ખંડેરે દશમી ઢાળ એ પૂરણ હુઇ સુપ્રમાણ,
શ્રીજિન વિનય સુજસ ભગતિ કરી, પગ પગ હોઈ
કલ્યાણ. તપ. ૧૭

**અર્થઃ**—વિશાળ જિનમંદિરની અંદર પુણ્યનાજ જ પીઠરૂપ ત્રણ ગઢ સમાન ત્રણ વેદિકાઓની રચના કરાવી સમવસરણનો ચંદ્રમાની જ્યોતિ સરખો તેજસ્વી સૌમ્યરૂપ દેખાવ કરાવ્યો અને તે પછી તે મંદિરનું ભોંયતળીયું ધોવડાવી સાફ કરાવી વિચિત્ર સુંદર ચિત્રામણો સહિત બનાવરાવ્યું. (કવિ કહે છે કે હે તપ કરવાની ઇચ્છાવાળા ભવિજનો! તપનું ઉજમણું તો જેવું શ્રીપાળરાજાએ કર્યું તેવું તમો પણ કરો; કેમકે

પાણીના વધવાથી કમળની દાંડી વધે તેની પેઠે ઉજમણું કરવાથી તપના ફળની વૃદ્ધિ થાય છે. ) તે પછી પાંચે રંગના ચોખા વગેરે ધાન્ય (અનાજ) મેળવી તે અનાજના જથ્થાને પવિત્ર મંત્રોવડે મંત્રી શ્રી સિદ્ધચક્રજીની કમળરૂપ મંડળરચનામાં જે જે પદ જે જે રંગનું હોય તે તે પદની તે તે રંગની રચના કરાવી. મતલબ કે મધ્ય ગુચ્છયુક્ત આઠ પાંખડીવાળું કમળ કહાઢી તેમાં વચ્ચે સફેદ ધાન, પૂર્વ તરફની પાંખડીમાં લાલ ધાન, તેની પડખેની પાંખડીમાં ધોળું ધાન, તેની પડખેની દક્ષિણ પાંખડીમાં પીળું ધાન, તેની જોડેની પાંખડીમાં ધોળું ધાન, તેની પડખે પશ્ચિમ તરફની પાંખડીમાં શ્યામરંગનું અને તેની પડખેની પાંખડીમાં ધોળું ધાન પાથરી તેની પાંખડી બરોબર પાંખડી કરી નવે પદના રંગની પ્રભા શ્રીપાળ મહારાજાએ શુભ ધ્યાનપૂર્વક જાહેર કરી. શ્રીઅરિહંત આદિ નવે પદની અંદર શ્રીફળ (નાળીએર) ના ગોળાઓ સામાન્યપણે ઘી ખાંડથી ભરીને અધિક આનંદ સહિત શ્રીપાળ મહારાજાએ ખંત સાથે મૂકયા તેમજ જિનેશ્વર-પદનો રંગ સફેદ છે જેથી તે પદ ઉપરના શ્રીફળ ગોળાપર રૂપાના વર્ક ચડાવી તે અગાડી આઠ પ્રતિહાર્યવંતપ્રભુ હોવાથી આઠ કર્કેતન રત્ન, તેમજ ચોત્રિશ અતિશ્યવંત હોવાથી ચોત્રિશ હીરા મૂકી ગિરૂઓ અને મહાન્ સદ્ગુણવંત શ્રીપાળ મહારાજા અરિહંત પદની ભક્તિ કરવામાં લીન થયો. બીજા પદ ઉપર શ્રી સિદ્ધ ભગવંત કે જે આઠ ગુણો સહિત રાતા વર્ણ-વાળા છે તેથી આઠ માણેક, તેમજ કોઈ ભેદે સિદ્ધ ભગવંતના એકત્રીશ ગુણ પણ ગણાતા હોવાને લીધે એકત્રીશ પરવાળાં, અને કેસરના ઘોળવાળા કિંવા રાતા બાવના ચંદન ( રતાંજળી ) ના ઘોળથી વિલેપન કરેલા આઠ નાળિયેરના ગોળા વિશાળ પ્રેમ સહિત મૂકી શ્રીપાળ મહારાજાએ સિદ્ધપ-દની ભકિત કરી. ત્રીજા આચાર્યપદની ઉપર આચાર્ય ભગવાન પાંચ આચાર સહિત તથા છત્રીશ ગુણવંત પીતવર્ણના હોવાને લીધે પાંચ પુખરાજ અને છત્રીશ પીળાં ( ગોમેદ )રત્ન અને ૩૫ શ્રીફળના ગોળાપર સોનાના વર્ક ચડાવી મૂકયા. ચોથા ઉપાધ્યાય પદની ઉપર ઉપાધ્યાયજી પચીસ ગુણવંત નીલા વર્ણના હોવાથી પચીસ નીલાં પાનાં (નીલમ) મૂકી ૨૫ શ્રીફળના ગોળાપર ચંદન ચોપડી નાગરવેલના પાનથી શોભાવી અત્યંત આનંદ સહિત તે પદથી ભકિત કરી. પાંચમાં પદ ઉપર સાધુ સત્તાવીશ ગુણવંત અને શ્યામરંગવાળા હોવાથી સત્તાવીશ અરિષ્ઠ (કાળાં) રત્ન, તેમજ પંચમહાવ્રતધારી હોવાને લીધે પાંચ મહા શ્યામ રંગનાં રાજપટ નામનાં રત્નો અને ૨૭ નાળિયરના ગોળા મૂકી શ્રીપાળ મહારાજા આનંદમાન થયા. છઠ્ઠા પદ ઉપર જ્ઞાનપદના એકાવન ભેદ તથા શ્વેત વર્ણ હોવાથી શ્વેત મોતી અને સાત નાળિયરના ગોળા મૂકયા. સાતમા દર્શ-

નપદ ઉપર દર્શનપદ સડસઠ ભેદ અને શ્વેત રંગવંત હોવાથી ૬૭ શ્વેત મોતી અને પાંચ શ્રીફળ ગોળા મૂકયા. આઠમા ચારિત્રપદ ઉપર ચારિત્રપદ નિર્મળ–ઉજ્જવળ સીત્તેર ભેદવંત હોવાથી સીતેર ધોળાં મોતી અને પાંચ શ્રીફળ ગોળા મૂકયા. અને નવમા તપપદની ઉપર તપ પચાસ ભેદવંત ઉજ્જવળ વર્ણ હોવાથી ૫૦ ધોળાં મોતી અને બાર શ્રીફળ ગોળા મૂકયા. (દરેક પદ ઉપર મૂકેલા શ્રીફળગોળાઓ ઘી ખાંડથી ભરેલા હતા.) તેમજ નવે પદોનાં જે જે વર્ણ હતા તે તે વર્ણનાં વસ્ત્રો તથા અન્ય ફળ આદિ વસ્તુઓ તે તે પદની ઉપર મૂકી. એટલે કે બીજોરાં, દાડમ, ખારેકો, કોળાં, સરસ નારંગીઓ, સોપારીઓ, સોનાના કળશ અને ઘણાજ સુંદર રત્નના ઢગલા વિગેરે નવ નવ સંખ્યાની અનેક મોટી સામગ્રી સહિત જે જે દેશોમાં, જે જે ઋતુમાં, જે જે ફળ મેવા–મીઠાઈ વગેરે મળી આવી તે તે સર્વ વસ્તુઓ મહાન્ ઉદાર ચિત્તવંત શ્રીપાળ મહારાજાએ નવપદ પર મૂકી બીજા લોકોને જૈનશાસનની ઉન્નતિ બતાવી, જૈનવાસનાનાં ભોગી કર્યાં. મતલબ એજ કે જે જે જગોએ જે જે મુકવું યોગ્ય હતું તે તે તેઓના વર્ણ સહિત સર્વ મૂકી દશ દિગપાળ કે જે ગ્રહ જે રંગનો, તેમજ જે દિશાનો પતિ હોય તેના સ્થળે તે તે રંગના ફૂલ ફળ વગેરે મૂકી તેમને પ્રસન્ન કર્યાં. આ પ્રમાણે મોટા વિસ્તાર સહિત શ્રીપાળરાજાએ ઉજમણાનો વિધિ અમલમાં લઇ તેની પૂર્ણાહુતીની વખતે જિનબિંબોની જળ, ચંદન, અક્ષત, દીપ ધૂપ, ફુલ, ફળ, નૈવેદ્યવડે અષ્ટ પ્રકારી પૂજા કરી આરતી ઉતારી મંગળદીપ પ્રકટવાની તૈયારી કરી કે તે વખતે શ્રી સંઘે મળી મહારાજા શ્રીપાળના ગળામાં ઈંદ્રમાળા પહેરાવા સંબંધી કુંકુંમનું તિલક કર્યું ને તે ઉપર અખંડિત ચોખા ચોટાડી તેમને મંગળતિલક સહિત ઈંદ્રમાળ પહેરાવી પ્રસન્નતા મેળવી તેમજ શ્રીપાળજીએ પણ શ્રી સંઘે પ્રદર્શિત કરેલા હર્ષને માન આપ્યું, કેમકે જિનશાસમમાં પચ્ચીશમા તીર્થંકરરૂપ શ્રીસંઘનું કરેલું કૃત ખુદ તીર્થંકર પ્રભુએ પણ કબુલ રાખ્યાની પરંપરા છે એટલે કે શ્રી તીર્થંકર ભગવાન પણ નમોતિથ્થસ્સ; એ પાઠ શ્રી સંઘને અનુસરીને ફરમાવે છે; કારણ કે તીર્થરૂપ શ્રી સંઘ જ્ઞાનરૂપ અખંડ મંગળ દેનાર છે. આમ હોવાથી શ્રીપાળ મહારાજાએ શ્રીસંઘે દર્શાવેલા હર્ષ પ્રસંગાદિને માન આપ્યું. શાસ્ત્રકથન છે કે તપનું જે ઉજમણું કરવું તે આત્મવીર્યોલ્લાસ ભાવરૂપ છે. વીર્યોલ્લાસ વગર જે કરણી કરવામાં આવે તે તમામ કરણી નકામીજ ગણાય છે. કેમકે વીર્યોલ્લાસ છે તોજ અવશ્યમુક્તિ છે. જો એમ ન હોત તો તમામ અભવીઓ પણ અનંતી વખત તપ પૂરાં કરે છે, પરંતુ સમકિતશુદ્ધિ વિના પ્રણિધાનશુદ્ધિની પ્રાપ્તિ (ચિ-

ત્તની સમાધાની ) ન થાય જેથી શુદ્ધ ઉપયોગ વડે વીર્યોલ્લાસ ન થઇ શકે અને વીર્યોલ્લાસ (હર્ષ) ન થઇ શકે તો મોક્ષદાયી કરણીની ખામી રહેતાં ભવભ્રમણાનો અંત આવવાનો વખત હાથ લાગતોજ નથી માટેજ વીર્યોલ્લાસ એજ મોક્ષનું મુખ્ય કારણ છે. તેમજ જે જીવ લઘુ-હળવાકર્મી છે તે જીવનેજ જે જે ક્રિયા કરે તેનું ફળ મળે છે, અને સદ્ગુરૂનો ઉપદેશ પણ હળવાકર્મી જીવનેજ લાભદાયક નીવડે છે અથવા તો સદ્ગુરૂના ઉપદેશવડે હળવાકર્મી જીવને સર્વ ક્રિયા સફળતા આપે છે-મતલબ કે જેમ જ્યાં પાણીની સેર ચાલતી જણાતી હોય ત્યાં કુવો ખોદવામાં આવે તો કૂવો ખોદવાની મહેનત સફળ થઇ ધોધબંધ પાણીની પ્રાપ્તિ થાય છે, પણ જ્યાં પાણીની સેરજ ન હોય ત્યાં કૂવો ખોદવાની મહેનત લેવામાં આવે તો તે મહેનત છુટી પડે છે, કેમકે પાણીની પ્રાપ્તિ ન થયે આશા અફળ થતાં કલેશ થાય છે; તેમ હળવાકર્મીની કરણી સારા ગુરૂ ઉપદેશથી સફળ થાય છે-નહિ કે ભારેકર્મીની કરણી ગુરૂ ઉપદેશથી સફળ થાય! આમ હોવાથીજ સુગુરૂના ઉપદેશ વડે હળવાકર્મી શ્રીપાળ મહારાજાની સમસ્ત ધર્મ કરણી-તપાનુષ્ટાનરૂપ ઉજમણું કરવાથી સફળ થઇ, કેમકે શ્રીપાળમહારાજાના મનની અંદર દ્રવ્ય અને ભાવ એ બેઉની પરમ શુદ્ધતા હોવાથી સર્વ શુદ્ધતા હતી. તેના લીધે મનોરથ સિદ્ધ થયો; માટે હે ભવિ જીવો ! ભાવ વિના એકલા દ્રવ્યથીજ શુદ્ધ કરીશું એવો કાચો મત પકડી લઈ કોઇ પણ ખુશી થઈ રહેશો નહિ. સાચો પંડિત હશે તે તો દ્રવ્ય અને ભાવ એ બેઉ નયવડે સાધ્ય કરશે-એટલે કે નિશ્ચય અને વ્યવહાર એ બન્ને દ્વારા કાર્ય કરી ફતેહ મેળવશે. ( આ કવિ કથન છે.) યશોવિજયજી કહે છે કે આ ચોથા ખંડની અંદર દશમી ઢાળ પ્રમાણ સહિત પૂર્ણ થઇ, તે એજ બોધ આપે છે કે-જે મનુષ્યો શ્રી જિનેશ્વર દેવનો વિનય કરશે, વળી તદ્રુપ ભક્તિ કરશે તો તે મનુષ્યોને ઉત્તમ યશ તથા પગલે પગલે કલ્યાણ થશે. ) ( ૧-૧૭ )

( દોહા છંદ. )

**નમસ્કાર કહે એહવા, હવે ગંભીર ઉદાર**
**યોગીસર પણ જે સુણી, ચમકે હૃદય મઝાર ૧.**

અર્થ :—આ પ્રમાણે ઉદાર ઉજમણું કરી શ્રીપાળ મહારાજા તે પછી ભક્તિપૂર્વક ધ્યાનની તાળી લગાડી શ્રી સિદ્ધચક્રપ્રભુની અગાડી ગંભીર અને ઉદાર વચનવડે નમસ્કાર અને સ્તુતિ કરે છે કે જે નમસ્કાર-સ્તુતિ

અને ધ્યાતતા ધ્યાનમાં લેતાં યોગ્યવિદ્યાના જાણનારા મહદાત્માઓ પણ ચિત્તની અંદર ચમત્કાર પામે છે. કેમકે ધ્યાનદ્વારા ઈષ્ટદેવની રહસ્યગર્ભિત સ્તવના સંબંધી સુરતા સાથ તાળી લગાવી વિશ્વદષ્ટિવંત થવું એ યોગીઓને પણ જરા મુશ્કેલ છે; છતાં આ ગૃહસ્થી શ્રીપાળ મહારાજા વિના શ્રમે માર્ગમાં આનંદપૂર્વક ગતિ કરે છે એ ખચિત તાજુબ થવા જેવું છે ! ૧ ( તે નમસ્કારપૂર્વક કેવી રીતે ધ્યાનની તાળી લગાડી હતી તે કવિ કહી બતાવે છે. )

( છપ્પય છંદ :–અથ શ્રી સિદ્ધચક્ર નમસ્કારઃ કવિત્ત )

જો ધુરિ સિરિ અરિહંત મૂલ દઢ પીઠ પઇટ્ઠિઓ
સિદ્ધ સૂરિ ઉવઝાય સાહુ ચિંહું પાસ ગરિટ્ઠિઓ;
દંસણ નાણે ચરિત્ત તવહિ પડિસાહા સુંદરૂં
તત્તખ્ખર સરવગ્ગ લિદ્ધિ ગુરૂ પયદલ દુંબરૂં,
દિસિવાલ જખ્ખજખ્ખિણીપમુહ સુર કુસુમેહિં અલંકીઓ,
સોસિદ્ધચક્ક ગુરૂ કપ્પતરૂ અમ્હ મનવંછિયફલ દિઓ, ૨

અર્થઃ–સિદ્ધચક્ર પ્રભુરૂપ કલ્પવૃક્ષ કે જેના મૂળ પીઠ ( ચોતરા થાણા ) સમાન શ્રી અરિહંત પ્રભુ મધ્ય ભાગમાં બિરાજિત છે, તથા જેની ચોમેર સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ એ ચાર પદરૂપ સુંદર પ્રતિશાખાઓ ( શાખાઓમાંથી ફુટેલી ન્હાની શાખાઓ ) છે, અને તત્ત્વાક્ષર રૂપ એટલે કે ૐ હ્રીં આદિ બીજાક્ષરો તથા સોળ સ્વર ( અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ ઋ ૠ લૃ લૄ એ સોળ સ્વર સંજ્ઞાવાળાં વર્ણ છે કે જે સ્વરોના મિલાપ વગર કોઇ પણ અક્ષરનો ઉચ્ચાર શુદ્ધ થઇ શકેજ નહિ તે સ્વર) અને આઠ વર્ગ એટલે કે ક ખ ગ ઘ ઙ વગેરે આઠ ભાગ રૂપ પાંદડાં છે, અને દશ દિગ્પાળ, ચોવીશ યક્ષ યક્ષણિ, વિમળેશ્વર વગેરે લોકપાળ, ચક્રેશ્વરીદેવી તથા નવગ્રહાદિ દેવ સમૂહ રૂપ ફૂલો વડે કરીને શોભાયમાન છે; તે સિદ્ધચક્રરૂપ મહાન કલ્પવૃક્ષ અમારા મનોવાંછિત સફળ કરો. મતલબ એજ કે મોક્ષેચ્છુજનોને મોક્ષદાયક સિદ્ધચક્રરૂપ કલ્પવૃક્ષ છે એમ પ્રતીતિ રાખી તેનીજ સેવા કર્યા કરો જેથી આનંદમંગળ કાયમ રહે. ( ૨ )

---

( દોહા–છંદ )

નમસ્કાર કહી ઉચ્ચરી, શક્રસ્તવ શ્રીપાળ,
નવપદસ્તવન કહે મુદા, સ્વર પદ વર્ણવિશાલ ૩



શ્રીપાળકુંવરનું શ્રી મદનરેખા સાથે થયેલું લગ્ન.

( પૃ. ૧૩૬ )

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

મંગળ તૂર બજાવતે, નાચંતે વર પાત્ર;
ગાયંતે બહુ વિધિ ધવલ, બિરૂદ પઢંતે છાત્ર, ૪

સંઘપૂજા સાહમિવછલ, કરી તેહ નરનાથ;
શાસન જન પ્રભાવ તો, મેળે શિવપુર સાથ. ૫

પટદેવી પરિવાર અન્ય, સાથે અવિહડ રાગ;
આરાધે સિદ્ધચક્રને, પામે ભવજલ તાગ. ૬

ત્રિભુવન પાલાદિક તનય, મયણાદિક સંયોગ;
નવ નિરૂપમ ગુણનિધિ હુઆ, ભોગવતાં સુખ ભોગ. ૭

ગય રહ સહસ તે નવ હુઆ, નવ લખ જચ્ચ તુરંગ;
પત્તિ હુઆ નવ કોડિ તસ, રાજનીતિ નવરંગ. ૮

રાજ નિકંટક પાલતાં, નવ શત વરસ વિલીન;
થાપી તિહુઅણપાલને, નૃપ હુઓ નવપદલીન. ૯

અર્થઃ—આ પ્રમાણે શ્રીપાળ મહારાજાએ નમસ્કાર કરી નમુત્થુણં કહી પછી નવપદ મહાત્મ્ય ગર્ભિત સ્તવન આનંદ સ્વર સહિત દીર્ઘ હ્રસ્વ શ ષ સ વગેરેનો શુદ્ધ ઉચ્ચાર ઉપયોગમાં લઈ વિસ્તાર પૂર્વક કહેવું શરૂ કર્યું. અને તેની શરૂઆતમાં આનંદ મંગળરૂપ મંગળ મનોહર વાજિંત્રો, ધવળ મંગળ ગીતો, ગુણવંત પાત્રોનો જિન ગીતો યુકત નાચ, ભાટ ચારણોનાં ઉત્તમ બિરૂદ વાકયો અને સ્વામીભાઈ–સંઘશ્રીની સેવા ભકિત રૂપ સ્વામિ વત્સલ વગેરે વગેરે ધર્મ કરણી પૂર્વક શ્રીજૈનશાસનની પ્રભાવના સહિત મોક્ષના સંગાથને એકત્ર કરવા પૂર્ણ યત્ન આદર્યો. તેમજ પટરાણી મયણાસુંદરી અને આઠ યુવ રાણી વગેરે નવે રાણીઓ, બીજો પરિવાર અને અન્ય શ્રાવક શ્રાવિકા વગેરે અચળ રાગવંત ભાવિક મંડળ સહિત શ્રીપાળ મહારાજા ભવસમુદ્રને પાર કરવા યત્નશીલ થયા. તેમજ તે રાજેંદ્રને મયણાસુંદરી વગેરે રાણીઓના સુખભોગસંયોગ વડે ગુણોના સમુદ્ર સરખા અને અનુપમ રૂપશીળસંપન્ન ત્રિભુવનપાળ આદિ નવ કુંવરો થયા. તથા નવહજાર રથ, નવલાખ જાતવંત ઘોડા અને નવક્રોડ પેદલની નવરંગી ચતુરંગી સેના પ્રાપ્ત થઇ. તે સહિત નિષ્કંટક પણે રાજ્યપદ ભોગવતાં જ્યારે નવસો વર્ષ થયાં ત્યારે મહારાજા શ્રીપાળજીએ પોતાના પાટવી કુંવર ( મયણાસુંદરી પટરાણીના પુત્ર ) ત્રિભુવનપાળને

પોતાની સકળ રાજ્યસંપત્તિનો ભોકતા કરી અર્થાત્ પોતાની રાજ્યગાદીએ સ્થાપન કરી પોતાનું મન, તન, વચનયુકત શ્રીસિદ્ધચક્રજીના ધ્યાનમાંજ લીન કર્યું. (૩-૯)

—o—

(ઢાળ અગ્યારમી–શ્રીસીમંધર સાહેબ આગે–એ દેશી.)

ત્રીજે ભવ વર થાનક તપ કરી, જેણે બાંધ્યું જિનનામ;
ચોસઠ્ઠિ ઇંદ્રે પૂજિત જે જન, કિજે તાસ પ્રણામરે.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો, જિમ ચિરકાલે નંદોરે,
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૧

જેહને હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજુઆળું;
સકલ અધિક ગુણ અતિશયધારી, તે જિન નમિ
અઘ ટાળુરે. ભ. સિ. ૨

જે તિહનાણસમગ્ગ ઉપ્પન્ના, ભોગ કરમ ખીણ જાણી;
લેઈ દીક્ષા શિક્ષા દિયે જનને, તે નમિયે જિન નાણીરે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૩

મહાગોપ મહામાહણ કહિયે, નિયમિક સત્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમિયે ઉચ્છાહરે.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૪

આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીશ ગુણયુત વાણી;
જે પ્રતિગોપ કરે જગજનને, તે જિન નમિયે પ્રાણીરે.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૫

અર્થઃ–હવે શ્રીપાળ મહારાજે પૃથક નવે પદનું સ્તવન કરતાં પ્રથમ પદ શ્રી અરિહંત પ્રભુનું ભવિજનોને બોધ આપવા રૂપ આ પ્રમાણે ગુણસ્તવન કર્યું, કે હે ભવિજનો ! જે શ્રી અરિહંતદેવે તીર્થંકરપદ પામવા પહેલાંના ત્રીજા ભવની અંદર વીશ સ્થાનકનો તપ આરાધી કિંવા તે વીશ પદ પૈકી કેટલાંક પદોનું આરાધન કરીને નિકાચિતપણે તીર્થંકરનામકર્મ કાયમ કરેલ છે, અને ચોસઠે ઇંદ્રોને અર્થાત્ વીશ ભુવનપતિના, બત્રીસ વ્યંતરના, દશ વૈમાનિકોના અને બે યોતીષીના ઇંદ્રોએ જેમના ચરણકમળની સેવા પૂજા કરેલ છે; તે શ્રી તીર્થંકરદેવ અરિહંત ભગવંતને, તમો પ્રણામ કરો ! વળી જે અરિહંત પ્રભુના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ

એ પાંચે કલ્યાણકના દિવસે સદા અંધકાર પૂર્ણ રહેનારા નરકોમાં પણ બે ઘડી લગી અજવાળું થવાથી નારકીના જીવોને પણ છેદન ભેદન અંધકાર બંધ થતાં અત્યાનંદ મળે છે; તથા જે પ્રભુ તમામ ઉત્તમમાં ઉત્તમ ગુણોના ધરાવનારા છે, અને ચોત્રીશ અતિશયવંત છે; એટલે કે ચાર અતિશય જન્મથી, ઓગણીશ દેવકૃતિથી અને અગીઆર કર્મક્ષય થવાથી, એમ મળી ચોત્રીશ અતિશય અરિહંત ભગવંતશ્રીને પ્રાપ્ત થયેલ હોય છે; તે પૈકી જન્મ સાથે પ્રાપ્ત થનારા એજ કે સુગંધીવંત પરસેવો, મળ, રોગ રહિત અને સુંદર સ્વરૂપ સહિત રૂપ હોય. ૧, લોહી અને માંસ ગાયના દૂધ જેવાં સફેદ સુગંધીવંત હોય. ૨, આહાર અને નિહાર, કોઇના દેખવામાં ન આવે. ૩, અને શ્વાસોશ્વાસ કમળના સુગંધ સરખો હોય છે. ૪, દેવના કરેલા ઓગણીશ અતિશય એજ હોય છે કે—સ્ફટિક મણિ રત્નમય ઉજ્વળ સિંહાસન પાદપીઠ સહિત સહચારી હોય ૧, જિનજીના મસ્તકની ઉપર ત્રણ ત્રણ છત્ર દરેક દિશાએ જણાયા કરે. ૨, હંમેશાં ચામરોની બાર જોડી પ્રભુ ઉપર વિંઝાયાજ કરે. ૪, હમેશ ધર્મચક્ર આકાશમાં ચાલતુંજ સાથે રહે. ૫, પ્રભુના શરીરથી બારગણું ઉંચું (પ્રભુપર છાંયડો કરતું) અશોક તરૂ છત્ર દંડ પતાકાદિ સાથેજ રહ્યા કરે. ૬, ચારે મુખથી શોભાવંત દેશના સર્વને સંભળાયા કરે—એટલે કે દરેક જણ એમજ જાણી શકે કે પ્રભુ મારી સામે જોઇનેજ દેશના દે છે એવું જણાય. ૭, રત્ન, સોના અને રૂપાના ત્રણ ગઢ રચાય. ૮, નવ કમળની ઉપર પ્રભુ ચાલતા જણાય. ૯, વિહાર ભૂમિમાં કાંટા ઉંધા મ્હોંવાળા થઇ રહે. ૧૦, સંયમ લીધા પછી વાળ, નખ અને રૂંવાડા વધે નહીં. ૧૧, ઇંદ્રીયના અર્થ પાંચે મનોજ્ઞ હોય. ૧૨, સર્વ ઋતુઓ અનુકૂળ રહ્યા કરે. ૧૩, સુગંધી જળનો વર્ષાદ થયા કરે. ૧૪, થળ જળની અંદર પેદા થયેલાં પાંચે રંગના સુગંધી ફૂલો ઢીંચણ જેટલા દળનાં સમોવસરણના સ્થળમાં ઉંધે બીંટડે પથરાયાં રહે. ૧૫, તમામ શુભ પક્ષીઓ પ્રભુની પ્રદક્ષિણા દીધા કરે. ૧૬, દરેક સમય યોજન પ્રમાણ અનુકુળ વાયુ વાયા કરે. ૧૭, પ્રભુના વિહાર માર્ગે આવતાં વૃક્ષો પ્રભુને નમન કરે. ૧૮, અને આકાશની અંદર દેવદુંદભી વાગ્યાંજ કરે. ૧૯, અને કર્મક્ષયથી થનાર અગ્યાર અતિશય એજ હોય છે કે—એક યોજન પ્રમાણ સમોવસરણની અંદર ત્રણે લોકના શ્રોતાઓ સુખે બેઠક લઈ શકે. ૧, પ્રભુની અર્ધ માગધીભાષામય ધર્મદેશના છતાં દેવતા, મનુષ્ય, તિર્યંચ વગેરે પોતપોતાની ભાષામાં સારી સમજી શકે. ૨, તેમજ જે ક્ષેત્રમાં પ્રભુ વિચરતા હોય તે ક્ષેત્ર સ્થળમાં ચોમેર પચીસ જોજન (૨૦૦ ગાઉ) સુધીમાં પ્રથમના ફાટી નીકળેલા રોગો—ઉપદ્રવો નાબુદ થઇ જાય અને નવા પેદા થાય નહીં. ૩, પ્રભુશ્રીની

વિહારભૂમિમાં સ્વાભાવિક વિરોધ રાખનારાં પ્રાણી પણ (જેમકે ઉંદર બીલાડીને એક બીજાનું કશું ન બગાડવા છતાં પણ જન્મથી વૈર હોય છે તે સ્વભાવિક વૈર બંધ પડી) મિત્રરૂપે હળીમળી રહે. ૪, જ્યાં પ્રભુજી વિચરતા હોય ત્યાં દુકાળ પડે નહીં. ૫, પ્રભુશ્રીની વિહાર ભૂમિકામાં શત્રુના લશ્કરની કે પોતાના લશ્કરની ચડાઈ આવી ન શકે. ૬, પ્રભુજી વિચરતા હોય ત્યાં ચેપી ને ઉડતા (મરકી–કોલેરા–પ્લેગ) જેવા રોગ ન થાય. ૭, પ્રભુ વિચરે ત્યાં નુકશાનકારી જીવોની પેદાશ પણ ન થાય. ૮. હદથી વધારે મેઘવૃષ્ટિ ન થાય. ૯, જોઈએ તે કરતાં ઓછી મેઘવૃષ્ટિ પણ ન થાય. ૧૦, અને પ્રભુની પાછળ બાર સૂર્ય જેટલા તેજવાળું દેદીપ્યમાન ભામંડળ કાયમ રહ્યા કરે. ૧૧, આ બધા મળી ૩૪ અતિશય છે. તેનાં ધારક શ્રી અરિહંતપ્રભુને નમસ્કાર કરી હે ભવિજનો ! પાપનો નાશ કરો. વળી જે અરિહંત પ્રભુ મતિ, શ્રુત ને અવધિ એ ત્રણે જ્ઞાન સહિત (જે ગતિમાં જેટલો અવધિજ્ઞાનનો વિષય હોય તેટલાજ વિષયયુકત અવધિજ્ઞાન) ગર્ભમાં ઉત્પન્ન થાય છે, તે ભવપ્રત્યયી જ્ઞાન સહ ભોગ ભોગવી ભોગાવળી કર્મ ક્ષીણ જણાતાં ગૃહસ્થાશ્રમ ત્યજીને નમો તિત્થસ્સ શબ્દોચ્ચારયુકત કરેમિભંતે ઉચ્ચરી પાંચ મહાવ્રત અંગીકાર કર્યા બાદ, ભવ્ય જીવોને હિત બોધવડે જાગ્રત કરે છે; એટલે કે દીક્ષા લઈ ઘણા ભદ્રિક–સુખે બોધ પામી શકે તેવા પ્રાણીઓને ભીમ ભવોદાધથી પાર કરવા ધર્મશિક્ષા દે છે; તે જ્ઞાની પ્રભુને હમેશાં હે ભવિકજનો ! નમન કર્યાજ કરીએ. વળી જે અરિહંત પ્રભુ મોટા ગોવાળ સરખા છે–એટલે કે જેમ ગાયોને ચારનાર ગોવાળ પોતાની ગાયોને સાપ, વાઘ, વરૂ વગેરેના ભયથી બચાવી ઉત્તમ ચારો ચરાવી, પાણી પાઈ, પહાડ વન વગેરેમાં તેમનું સરંક્ષણ કરે છે, તેમ પ્રભુશ્રી પણ છ કાયના જીવોને જન્મ મરણના મહાન્ ભયથી બચાવી અખંડ સુખાનંદરૂપ મોક્ષ સ્થળની ભેટ કરાવે છે, જેથી મહાન્ ગોવાળ છે. મહાન્ ગોવાળ કહેવાનો હેતુ એજ કે ગોવાળ પૈસા લઈ ગાયોનું સરંક્ષણ કરી તે ગાયોને ધણીને ઘેર પહોચાડે છે, પણ વગર પૈસે, વગર સ્વાર્થે તેમનું રક્ષણ કરી અખંડ સુખ આપવા–મોક્ષ સ્થળે પહોંચાડવા સમર્થ થઈ શકતો નથી. પ્રભુ તો વગર સ્વાર્થે, વગર ફીએ જગતજીવોનું એક સરખી રીતે હિત ચાહી અક્ષય સુખ સહિત મોક્ષસુખ આપી પાલન કરે છે. માટે મોટા ગોપાળ છે. તથા જે અરિહંત પ્રભુ મહામાહણ એટલે કે છએ નિકાયના જીવોનું સરંક્ષણ કરવાનો ઉપદેશ દે છે, તથા તે ઉપદેશવડે મુનિમહંતો જગતજીવોને બચાવવા દયાનો ઢંઢેરો જાહેરમાં લાવે છે કે–કોઇપણ જીવને કોઈપણ પ્રકારનું દુઃખ દેશો નહી, નહીતો

વિરાધક થશો. આવો દયારૂપ ઢંઢેરો પ્રભુવચનવડેજ જાહેરમાં આવ્યા કરે છે, જેથી પ્રભુ મહામાહણુની ઉપમાયુકત છે, તેમજ જે પ્રભુ નિર્યામક એટલે કે મધ્યસમુદ્રમાં પડેલા વહાણુને જેમ ખલાસી–કેપ્ટન–વહાણુવટી પોતાના વહાણુમાં બેઠેલા ઉતારૂઓને સહિસલામતે ધારેલા કિનારે પહોંચાડે છે, તેમ ભવસમુદ્રમાં મુસાફરી કરનારા ભવ્ય જીવોને પ્રભુશ્રી સહીસલામતે ભવસ્થિતિના પરિપાક સમયમાં ચૌદમા ગુણુસ્થાનકના અંતે એક સમયમાંજ મોક્ષનગરે પહોંચાડે છે. અને જે અરિહંતપ્રભુ સાર્થવાહરૂપ છે; અર્થાત જેમ કોઈ મહાન વ્યાપારી પોતાની સાથે પોતાનો આશરો લઈ રહેલા સથવારાને ભયંકર પંથ–માર્ગ વટાવી ધારેલે ઠેકાણે નિર્ભયતા સાથે પહોંચાડે છે; તેમ મહા ભયંકર ભવરૂપ અટવીમાંથી પંથ પસાર કરનાર જીવોને સમ્યક્ત્વ આપી ચરણુ કરણુ સિત્તરીરૂપ મોક્ષમાર્ગે ચડાવી અંતે અજરામર સ્થાનકમાં વગર અડચણે પહોંચાડે છે, જેથી પ્રભુ મહાન્ સાર્થપતિ છે; માટે મહાગોપ, મહામાહણુ, મહા નિર્યામક અને મહા સાર્થવાહરૂપ ચાર મોટી ઉપમાઓ જે અરિહંત પ્રભુને છાજે છે તે પ્રભુને હે ભવ્ય જીવો! ઉત્સાહસહિત નમન કરો! વળી જે અરિહંતપ્રભુ આઠ પ્રાતિહાર્યરૂપ એટલે કે–અશોકવૃક્ષ, દેવકુસુમ વૃષ્ટિ, યોજનગામિની દિવ્યધ્વનિ, ચામરયુગ્મ, સિંહાસન, ભામંડળ, દેવદુદંભી અને છત્રત્રય એ આઠ મહાપ્રતિહાર્ય, અને પાંત્રિશ વાણીના ગુણોયુકત શોભાવંત છે અર્થાત જે જગાએ જે ભાષાનો પ્રચાર હોય ત્યાં તે ભાષામિશ્ર અર્ધમાગધી ભાષા બોલે ૧, એક યોજનપ્રમાણુમાં વગર હરકતે સંભળાય તેવી ઉચ્ચ સ્વરસહિત દેશના આપે. ૨, ગામડિયા ભાષા કે તોછડી ભાષાનો ઉપયોગ અમલમાં ન આવે. ૩, મેઘની ગર્જનાસરખી ગંભીર વાણી બોલે. ૪, સાંભળનારને પડછંદા સહ વચનરચનાના છૂટા છૂટા બોલો સંભળાઈ સારી પેઠે સમજવામાં આવે તેવા શબ્દ વાપરે. ૫, સાંભળનારને સંતોષકારક સરળ ભાષા સહિત બોલે. ૬, સાંભળનાર પોતપોતાના હૃદયમાં એવું સમજે કે પ્રભુ મને ઉદ્દેશીને જ દેશના આપે છે, એવી છટા વાપરે. ૭, વિસ્તારસહિત અર્થપુષ્ટિ કરી બતાવે. ૮, આગળ પાછળના સંબંધને વાંધો ન નડે તેવા મળતે મળતા પ્રબંધની રચના વદે. ૯, મોટા પુરૂષને છાજે તેવાં પ્રશંસનીય વાકયો બોલવાથી શ્રોતાને નિશ્ચયપણે જણાય કે આવા મહાન્ પુરૂષસિંહજ આવી ભાષા અમલમાં લઇ શકે એવી ખુબી વાપરે, અને અપ્રતિહત ( કોઈથી પણુ તેનું ખંડન ન કરી શકે તેવા ) રીતે સિદ્ધાંતો પ્રકાશે ૧૦, સાંભળનારને શંકા ન રહે તેવી સ્પષ્ટ વાણી ઉચ્ચરે. ૧૧, કોઇપણુ દૂષણુ લાગુ ન થઇ શકે તેવું વિદ્ગુષક વ્યાખ્યાન પ્રકાશે. ૧૨,

કઠિન અને ઝીણા વિચારવંત વિષયને બહુજ સ્હેલા અર્થથી પ્રકાશવાથી સાંભળનારના મનમાં તેની તરત રમણતા થઇ રહે તેવી ખુબી વાપરે. ૧૩, જે જગાએ જેવું દષ્ટાંત સિદ્ધાંત યોગ્યરૂચિકર લાગે તેવું લાગુ કરે. ૧૪, જે વસ્તુ પોતાને વિવિક્ષિત છે તે વસ્તુસહ એટલે કે છ દ્રવ્ય અને નવતત્વની પુષ્ટિરૂપ અપેક્ષાયુક્ત બોલે. ૧૫ સંબંધ પ્રયોજન (મતલબ) અને અધિકારી વાક્ય વદે. ૧૬, પાદરચનાની અપેક્ષા સહિત વાક્ય વદે. ૧૭, ષટદ્રવ્ય ને નવતત્વની ચાતુર્યતાયુક્ત બોલે. ૧૮, સ્નિગ્ધ ને માધુર્યતાસહિત બોલવાથી ઘી ગોળ કરતાં મીઠી લાગે તેવી છટાયુક્ત વાણી વાપરે. ૧૯, પારકાના મર્મ ખુલ્લા ન જણાઈ આવે તેવી ચતુરાઇયુક્ત બોલે. ૨૦, ધર્મ અર્થ પ્રતિબદ્ધ બોલે. ૨૧ ઉદારતા યુક્ત દીવાના પ્રકાશ સરખા પ્રકાશવંત અર્થ પ્રકાશે. ૨૨, પરનિંદા અને આપ પ્રશંસા વગરની વાણી વદે, ૨૩, ઉપદેશ દેનાર સર્વગુણ સંપન્ન છે એવી પ્રતીતિ થવારૂપ પ્રતિષ્ઠિત પ્રમાણિક વાક્ય બોલે. ૨૪, કર્ત્તા, કર્મ, ક્રિયા, લિંગ, કારક, કાળ અને વિભક્તિયુક્ત વચન વદે. ૨૫, શ્રોતાને નવાઈભર્યા વાક્યોથી હર્ષ વધે એવું બોલે. ૨૬ ઘણી ધીરજ સાથે ધીમાશથી વર્ણન કરી બતાવે. ૨૭, વાર લગાડી કે અચકાઇ અચકાઈને ન બોલતાં અવિચ્છિન્ન મેઘધારાસમાન ચાલુ પ્રવાહ સહિત બોલે ૨૮, ભ્રાંતિ ઉપજવા ન પામે તેવું નિભ્રાંત વચન વદે. ૨૯ ચારે નિકાયના દેવ તથા મનુષ્ય અને પશુ પક્ષી વગેરે પોતપોતાની ભાષાથી સમજી શકે તેવી છટાયુક્ત બોલે. ૩૦, શિષ્યગણને વિશેષ બુદ્ધિગુણ વધે તેવી વાણી બોલે. ૩૧, પદના અર્થને અનેકપણે વિશેષ આરાપણ કરી બોલે, ૩૨, સાહિસકપણે બોલે. ૩૩, (એકવાર કહેલી વાત કિંવા દષ્ટાંત સિદ્ધાંત પ્રયોજન વિના ફરી ફરીને ન કહે તો) પુનરૂક્તિ રહિત બોલે, ૩૪, અને કોઇનું મન કિંચિત પણ ન દુભાય તેવી વાણી વદે. ૩૫, એ પાંત્રીશ વાણી ગુણ સહિત જગતના જીવોને પ્રતિબોધ આપે છે; તે પ્રભુશ્રીને હે ભવિપ્રાણિ ! અવશ્ય ભાવ સહિત નમન કરવુંજ યોગ્ય છે; કેમકે એ પ્રભુને નમન કરવાથી ઘણા કાળ લગી અખંડપણે આનંદ ટકી શકે તેવો લાભ હાથ લાગે છે. (૧-૫)

**સમયપએસંતર અણ ફરસી, ચરમ તિભૂગ વિશેષ,**<br>
**અવગાહન લહિ જે શીવ પહોતા, સિદ્ધ નમો તે અશેષરે.**<br>
**ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો.** ૬<br>
**પૂર્વપ્રયોગ ને ગતિપરિણામે, બંધન છેદ અસંગ;**<br>
**સમય એક ઉરધ ગતિ જેહની, તે સિદ્ધ સમરો રંગરે;**<br>
**ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો.** ૭

નિર્મલ સિદ્ધશિલાને ઉપરેં, જોયણ એક લોકંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંતરે,
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૮

જાણે પણ ન સકે કહી પુરગણ. પ્રાકૃત તિમ ગુણ જાસ,
ઉપમાવિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દિયો ઉલ્લાસરે.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૯

જ્યોતિશું જ્યોતિ મિલી જસ અનુપમ. વિરમી સકલ ઉપાધિ,
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિરે,
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો, ૧૦

અર્થ: કે (હવે બીજા પદે શ્રી સિદ્ધભગવાનની પાંચ ગાથા વડે સ્તવના કરી બતાવે છે) જે સિધ્ધપ્રભુ એક સમય વગર બીજા સમયને અને ચઉદમા ગુણઠાણાના અંતથી આકાશના અસંખ્યાત પ્રદેશની શ્રેણિએ પ્રવર્ત્તન કરે તેનાથી બીજા પ્રદેશને અર્થાત સમશ્રેણિના પ્રદેશાંતરે રહેલા અન્ય પ્રદેશોને ફરસ્યા વગર જે પ્રદેશે સિદ્ધ થયા, તે પ્રદેશે સમશ્રેણિએ એક સમયમાં સિદ્ધગતિ પામ્યા, તથા ત્યાં પહોંચતાં છેલ્લા શરીરનો ત્રીજો હિસ્સો બાકીમાં રહે એટલે કે નવ હાથ પ્રમાણ શરીર હોય તો તે ત્યાં પહોંચતાં છ હાથ પ્રમાણ રહે એવી અવગાહના પ્રાપ્ત કરી સિદ્ધપદના ભોગી થયા છે, તે સઘળા સિદ્ધ ભગવાનને હે ભવિકજનો ! નમસ્કાર કરો. વળી જે સિદ્ધ ભગવન્ પૂર્વપ્રયોગ, ગતિપરિણામ, બંધન, છેદન અને અસંગ એ ચારે કારણોને લીધે એક સમયની અંદર ઉંચી ગતિવંત થઇ અચળતા પ્રાપ્ત કર છે, એટણે કે જેમ ધનુષ પર બાણ ચડાવી જ્યારે બાણ ચલાવે ત્યારે પૂર્વ પ્રયોગવિધિને લીધે ગતિવંત થઇ નિશાન તરફ દોરાય, તેમ આત્મા પૂર્વ સ્થિતિ સમય કર્મ સહિત હતો, તે સમસ્ત કર્મની ૧૫૮ પ્રકૃતિઓના બંધ ઉદય ઉદીરણા સત્તાનો ક્ષય થતાં ઉંચ ગતિ પામી સિદ્ધ થાય તે જીવનું પૂર્વ પ્રયોગપણાનું ચિન્હ છે. તે પ્રથમ દાખલા સહિત તથા જેમ અગ્નિમાંથી ધુમાડો નીકળી તરત ઉંચી ગતિ કરે, તેમ આત્મા કર્મથી અલગ થતાં ઊંચી ગતિવાળો અને તે ગતિ પરિણામ સ્વભાવના બીજા દાખલા સહિત; તેમજ જેમ એરંડાનાં ફળ પાકયા પછી તડકાને લીધે સુકાઈ જતાં ફાટી જઇ અંદરનું બીજ ઉંચે ઉછળે, તેમ જીવ પંચ્યાશી શેષ પ્રકૃતિની સત્તાનો ક્ષય થવાના યોગે પુદ્ગળથી છુટો પડી ઉંચ

ગતિવંત થાય તે કર્મ બંધન છેદન યોગરૂપ ત્રીજા દાખલા સહિત, અને જેમ કુંભાર લાકડીના ડંડીકા વડે ચાકડાને ખૂબ વેગવાળો કરી પછી ડંડીકો લઇ લે તો પણ તે વેગ ચડયાને લીધે ચાકડો કેટલીક વખત લગી ફર્યાજ કરે, તેમ જીવ અસંગક્રિયાના બળવડે ધર્મ મળરહિત થયે તથા ઉપાધિનાં કારણો અંત થયે અસંગી બની ઉંચી ગતિવંત થાય એ ચોથા દાખલા સહિત એક સમયની અંદર ઊંચી ગતિ ધારણ કરી પછી અચળ થાય છે; તે સિદ્ધપ્રભુશ્રીનું હે ભવિજનો ! રંગ–ઉમંગસહિત સ્મરણ કર્યા કરો. વળી જે સિદ્ધભગવાન સ્ફટિક રત્નમય ઉજ્જવળ સોંનાસરખી સિદ્ધ-શિલાની ઉપર ઉત્સેધ આંગળના પ્રમાણયુક્ત એક યોજનના અંતે લોકના અંત પૈકી ઉપરના ચોવીશમા ભાગની અંદર સિદ્ધજીવ અવગાહી રહેલ છે. એટલે કે કોઇ બેઠેલા, કોઈ કાઉસ્સગ્ગમુદ્રાયુક્ત અને કોઇ સિદ્ધાસનયુક્ત અવગાહનાવંત, તેમજ ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ મધ્યમ સાત હાથ અને જઘન્ય બે હાથ શરીરના ધરનારા સિદ્ધ થયા તે ભૂમિ, ઉંચાઇમાં ૩૩૩ ધનુષ ૧ હાથ ને ચાર આંગળ છે તેમાં સકળ સિદ્ધ આશ્રયી આદિ અનંત અને એક સિદ્ધઆશ્રયી સાદિ અનંત સ્થિતિવંત છે, તે સિદ્ધભગવંતને હે સજ્જનો ! પ્રણામ કરો. વળી જે સિદ્ધ પ્રભુ, જેમ કોઇ તદ્દન જંગલી-જનને રાજવૈભવનો અનુભવ થયો; તથાપિ અગાડી કદિ પણ તે વસ્તુઓના સુખોની માહેતી ન હોવાથી જાણ્યા અનુભવ્યા છતાં પણ તે વૈભવ સુખ ઉપમાની સરખામણીના વિવેચન સાથ બીજાને સમજાવી ન શકે તેમ સિ પ્રભુ સિદ્ધસુખને જાણ્યા અનુભવ્યા છતાં પણ તે સુખાનંદનું વિવેચન બીજાને કહી બતાવી ન શકે, અર્થાત્ બોબડાએ ખાધેલી સાકરનો સ્વાદ બોબડોજ જાણી શકે, પણ પરને તે તેનો સ્વાદાનુભવ યથાસ્થિત વર્ણન કરી સમજાવી શકે નહીં, તેની પેઠે સિદ્ધપ્રભુ સિદ્ધ-સુખની બરોબરી બતાવનાર કોઇ પદાર્થ જગતમાં વિદ્યમાન ન હોવાને લીધે અને અશરીરીપણાને લીધે દાખલા દલીલ સાથે તે સુખ જાણ્યા છતાં પણ બીજાને સમજાવી શકતા નથી. જો કે તે અનુપમ સિદ્ધનાં સુખ કેવળજ્ઞાની જાણી શકે છે; તથાપિ તેઓ પણ ઉપમાયુક્ત સ્પષ્ટ વર્ણન કરી શકતા નથી, તે સિદ્ધ ભગવાન્ હે ભવિજનો ! સર્વને ઉલ્લાસ આપો. વળી જે સિદ્ધભગવાન જ્યોતિથી મળેલી જ્યોતિની પેઠે જ્યોતિસ્વરૂપ થઇ રહેલ છે એટલે કે એક સિદ્ધની અવગાહના સંબંધે પણ ઉપમા આપી ન શકીએ તેવા અનંતા સિદ્ધની જ્યોતિ ચાળણી નીચે ઢાંકેલા એક કિંવા વિશેષ દીવાની જ્યોતિ, જેમ માંહોમાંહે એક બીજાથી મળીને ( વધ્યા ઘટ્યા વગર સમરૂપે ) રહે છે, તેમ જ્યોતિરૂપ અનંત સિદ્ધો સાથ

સિદ્ધગતિ પામનારા સિદ્ધજીવ પોતાની જ્યોતિ સંમેલન કરી એક રૂપે મળી રહે છે તે, તથા જે સર્વ ઉપાધિવર્ગથી રહિત થયેલા છે, તેમજ જે આત્માના મૂળ ગુણ પ્રકટ થતાં સાક્ષાત આત્મારામરૂપ અને મોક્ષસંપત્તિના પતિ છે, અને જે સિદ્ધપ્રભુ સહજ સદ્‌ગુણ રૂપ સમાધિના સ્થળ રૂપ છે, તે સિદ્ધભગવંતશ્રીનું હે ભવિકજનો! સદા સ્મરણ કર્યા કરો. (૫–૧૦)

પંચ આચાર જે સૂધા પાલે, મારગ ભાખે સાચો;
તે આચારજ નમિયેં, તેહશુ, પ્રેમ કરીનેં જાચેરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૧૧

વર છત્રીસ ગુણેં કરિ સોહે, યુગપ્રધાન જન મોહે;
જગ બોહે ન રહે ખિણ કોહેં, સૂરિ નમું તે જોહેરે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૧૨

નિત અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિં વિકથા ન કષાય;
જેહને તે આચારિજ નમિયેં, અકલુષ અમર અમાયરે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૧૩

જે દિયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વલિ જનને;
પટધારી ગછથંભ આચારજ, તે માન્યા મુનિમનનેરે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો, ૧૪

અત્થમિયેં જિનસૂરજ કેવલ, ચંદે જે જગદીવો,
ભુવન પદારથ પ્રગટન પટુ તે. આચારય ચિરંજીવોરે
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૧૫

અર્થ:–(હવે ત્રીજા પદે શ્રી આચાર્ય ભગવાનનું પાંચ ગાથાથી શ્રીપાળમહારાજા સ્તવન કરે છે.) જે આચાર્ય મહારાજ શુદ્ધપણે પાંચ આચારનું પાલન કરે છે એટલે કે, જ્ઞાનાચાર ૧, દર્શનાચાર ૨, ચારિત્રાચાર ૩, તપાચાર ૪, અને વીર્યાચાર ૫, એ પાંચ આચાર છે તે પૈકી જ્ઞાનાચારમાં પોતે જ્ઞાન ભણે ને બીજા[illegible]ન ભણાવે, પોતે જ્ઞાન લખે ને બીજાને જ્ઞાન લખવા સંબંધી ઉપદેશ દઇ ઉદ્યમવંત કરે, પોતે જ્ઞાનના ભંડાર કરે ને બીજાની મારફત જ્ઞાનના ભંડાર કરાવે, અને જ્ઞાનવંત (સાક્ષર) ને નિહાળતાં જ પ્રેમ લાવે એ [illegible]ાર આદિક, દર્શનાચારમાં પોતે સમકિત પાળે ને બીજાને સમકિત [illegible], અને સમકિતથી પતિત

થતો હોય તેવાને વચનથી પ્રબોધી સમકિતમાં દૃઢ વિશ્વાસવંત કરે એ આચાર આદરે. ચારિત્રાચારમાં પોતે ચારિત્ર પાળે ને બીજાને પળાવે, અને ચારિત્ર પાળનારની અનુમોદના (પ્રશંસા) કરે એ આચાર આદરે. તપાચારમાં બાર પ્રકારનો પોતે તપ કરે, અને બીજાને તે તપ કરાવે, અને જે તપ કરતો હોય તેમનું અનુમોદન કરે એ આચાર આદરે તથા એ કહેલા ચારે આચારને અજવાળનાર વીર્યાચારમાં પોતાના મન તનની વિશેષ શક્તિ સ્ફુરાયમાન કરી પ્રતિક્રમણ, પડિલેહણા વગેરેની વીર્ય ગોપવ્યા વિના ક્રિયા કરે એ આચાર આદરે. એ પાંચે આચારને નિરતિચાર પણે (અતિચાર લગાડયા વગર) પાળે અને જે પ્રભુપ્રણીત દયા પુણ્યમય ધર્મનો સત્ય માર્ગ પ્રકાશે, તે આચાર્યજીને હે ભવિ લોકો! સત્ય પ્રેમથી નમન કરો અને સત્ય ધર્મને જાચો-પ્રેમ કરો કે જેથી શુદ્ધાચારની પ્રાપ્તિ થાય. વળી જે આચાર્ય મહારાજ શ્રેષ્ઠ છત્રીશ ગુણોવડે શોભાયમાન છે, એટલે કે પાંચે ઈંદ્રિયોને કબ્જે કરનાર, નવવિધ બ્રહ્મગુપ્તિને ધરનાર, ક્રોધાદિ ચારે કષાયથી દૂર રહેનાર, પાંચ મહાવ્રત ધારક, પંચવિધ આચાર પાળવામાં સમર્થ અને પાંચ સુમતિ, ત્રણ ગુપ્તિમય અષ્ટ પ્રવચન માતાને માન આપનાર એ ૫, ૯, ૪, ૫, ૫, ૮, મળી ૩૬ ગુણ સહિત શોભાયુક્ત છે, તથા જે યુગપ્રધાન પદવીના ધારણ કરનાર; દ્વાદશાંગીના જ્ઞાતા, સઘળા મનુષ્યોના મર્મ સંબંધે મન આકર્ષિ મોહિત કરનાર, સમસ્ત જગત જનને પ્રતિબોધ આપવામાં સમર્થ અને ક્ષણભર પણ જે ક્રોધનો સંગ કરતા નથી તે આચાર્ય મહારાજને હે ભવિજનો! તમે પારખીને નમન કરો. વળી જે આચાર્ય મહારાજ હમેશાં ઉપકારની બુદ્ધિથી સુલભબોધી જીવોને શુદ્ધ અપ્રતમ (સ્વતંત્ર) અને નિષ્પ્રમાદપણે ધર્મનો ઉપદેશ આપે છે, તથા જે રાજકથા, સ્ત્રીકથા, ભોજનકથા અને દેશકથા રૂપ ચારે વિકથા તથા સમકિત ઢીલણિયા અને ચારિત્રઢીલણિયા રૂપ બન્ને વિકથાને ત્યજી હમેશાં સમકિત ને ચારિત્રની પુષ્ટિ આપનારા, તેમજ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલનની, એ ચાર ભેદવડે ગણાતા સોળ કષાય તેમજ નવ નોકષાય મળી પચીશ કષાયથી નિરંતર દૂર રહેનાર, કલુષભાવ ડોહોલાશથી રહિત, અમલ-કોઈ પણ જાતની મલિનતાથી રહિત. કપટ-માયા-ઇર્ષ્યા-મત્સરથી રહિત છે, તે આચાર્ય મહારાજને હે ભવિજનો! નમન કરો. વળી જે આચાર્ય ભગવાન્. ક્રિયા અનુષ્ઠાનની તત્પરતામાં ભૂલ ખાતા સાધુને તે ભૂલ સંભારી આપે તે સારણા, તથા ખોટી ક્રિયા કરનાર અને ખોટું ભણનારા સાધુને તે ક્રિયા તે ભણતરથી બંધ પાડે તે વારણા, સાધુઓને ક્રિયા કરવામાં પેરણા (હીલચાલ)

કરે તે ચોયણા, અને સાધુને પ્રમાદવંત જાણી તિરસ્કાર યુક્ત કઠણ વચન વડે વિશેષ પ્રેરણા કરે તે પ્રતિચોયણા એ રૂપ ચારે શિક્ષા આપી ભવિકજનોને ધર્મકરણીની અંદર વધારે ને વધારે જોડી દે છે, તથા જે સુધર્માસ્વામીની પાટ પરંપરાથી ચાલતા આવેલા ગચ્છ–ગણ–સાધુ સમૂહના સ્તંભરૂપ છે, તે મુનિના મનને માનેલા આચાર્યજીને હે ભવિજનો! તમે વંદના કરો. તેમ જ વળી જે આચાર્ય પ્રભુ, જેમ પૃથ્વીમાં સૂર્યની ગેરહાજરીમાં ચંદ્ર અને ચંદ્રની ગેરહાજરીમાં દીવો ફેલાયલા અંધારાને દૂર કરે છે, તેમ તીર્થંકરશ્રીરૂપ સૂર્યની ગેરહાજરીમાં કેવળધારી સામાન્ય કેવળી રૂપ ચંદ્ર અને તે ચંદ્રની ગેરહાજરીમાં દીપકરૂપ આચાર્ય પ્રભુ જગતજીવોના મનમંદિરમાંથી મિથ્યાત્વરૂપ ભારે અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાડે છે, જેથી આચાર્ય પ્રભુ ત્રણે ભુવનના પદાર્થને બુદ્ધી ચતુરાઈ સાથ કસી દેવામાં કુશળ છે તે આચાર્ય પ્રભુ માટે હે ભવિજનો! ચાહો કે તેવા આચાર્ય ચિરંજીવ રહો. (૧૧–૧૫)

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારંગ ધારક તાસ;
સૂત્ર અરથ વિસ્તાર રસિક તે, નમો ઉવઝાય ઉલ્લાસરે
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૧૬

અર્થ સૂત્ર ને દાન વિભાગેં, આચારય ઉવઝાય;
ભવ ત્રણયેં લહે જે શિવસંપદ, નમિયેં તે સુપસાયરે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો, ૧૭

મૂરખ શિષ્ય નિપાઇ જે પ્રભુ, પહાણને પલ્લવ આણે;
તે ઉવઝાય સકલજન પૂજિત, સૂત્ર અરથ સવિ જાણેરે.
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૧૮

રાજકુંઅર સરિખા ગણચિંતક, આચારિજ પદજોગ,
જે ઉવઝાય સદા તે નમતાં, નાવે ભવભયસોગરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો, ૧૯

બાવનાચંદનરસસમ વયણેં, અહિત તાપ સવિ ટાલે;
તે ઉવઝાય નમીજેં જે વલી, જિનશાસને અજુઆલેરે,
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૨૦

અર્થ—(હવે પાંચ ગાથાવડે ઉપાધ્યાયજીની સ્તુતિ કરતાં શ્રીપાળજી કહે છે કે) જે પાઠક શ્રી બાર અંગનું નિરંતર સજ્ઝાય ધ્યાન કરે છે,

તથા, તે દ્વાદશાંગી ગણુપિટકના અર્થના પારગામી છે અને તેના રહસ્યના ધારક છે, તેમજ સૂત્ર અને અર્થ વડે દ્વાદશાંગીનો વિસ્તાર કરવા રસિક થઈ પોતે જાણે, બીજાને ભણાવે છે તે ઉપાધ્યાયજીને હે ભવિજનો ! ઉલ્લાસપૂર્વક નમન કરો ! વળી જે ઉપાધ્યાયજી સૂત્રનું દાન દેવામાં તત્પર રહે છે એટલે કે આચાર્યજી અર્થદાનની અને ઉપાધ્યાયજી સૂત્રદાનની વહેંચણી વિભાગમાં (તીર્થંકરની વાણીરૂપ જ્ઞાનદાનમાં) તત્પર રહે છે તે ગુણવંત ક્રિયા વિધિ કરનાર ઉપાધ્યાયજી અને આચાર્યજી એ બેઉ માટે એવી મર્યાદા છે કે તેજ ભવમાં કિંવા ત્રણ ભવની અંદર મોક્ષસંપત્તિને સ્વાધીન કરે છે, માટે સુંદર સુપ્રસાદકારક પાઠકજીને હે ભવિજીવો ! ચિત્તના આનંદસહ નમન કરો; કેમકે તેવા પાઠકપ્રભુ મૂર્ખ શિષ્યને પણ ભણાવી ગણાવીને પંડિત બનાવે છે તે માટે હું તો માનું છું કે પત્થરનેજ નવા ફણગા ફુટવા સરખો ચમત્કારિક એ પ્રયોગ છે. મતલબ કે પથરા જેવા મૂરખાને પણ ભણાવી રસિક બનાવે છે. એ ખરેખર નવાઇ જેવો પ્રકાર છે. તેવા ચમત્કારિક પ્રયોગવંત પાઠકજી સમસ્ત સૂત્ર અર્થના જાણકાર હોવાથી ભાવીઓ ! તમામ સુજ્ઞજનોને પૂજવા લાયક છે; માટે નમન કરવુંજ ઘટે છે. વળી ઉપાધ્યાયજી જેમ રાજાની ગેરહાજરી વખતે યુવરાજ રાજકારોબાર નિભાવી શકે તેમ તીર્થંકરશ્રીની ગેરહાજરીમાં આચાર્યજી અને આચાર્યજીની ગેરહાજરીમાં ઉપાધ્યાયજી પોતાના ધર્મરાજ્યનો ઉત્તમ પ્રકારે નિભાવ કરી શકે છે, તે ઉપાધ્યાયજીને હંમેશ નમન કરવાથી હે ભવિજીવો ! સંસારના જન્મ, જરા મરણાદિના શોકનો ભય નજીક આવવા પામતોજ નથી. વળી જે ઉપાધ્યાયજી બાવનાચંદનના સરખાં શીતળ વચનો વડે ભવિજીવોના બધા પ્રકારના અહિત રૂપ તાપને દૂર કરે છે—મતલબ કે જેમ બાવનાચંદનથી સર્વ પ્રકારના દાહ ને તાપની વ્યથા દૂર થાય છે, તેમ ઉપાધ્યાયજીનાં બાવનાચંદન સરખાં હિતકારી શીતળ વચનોવડે મિથ્યાત્વ અવિરતિ કષાયરૂપ અહિતકર તાપથી સંતાપ પામી રહેલા ઉપાસક જીવોને શીતલતા બક્ષી જૈનશાસનને અજવાળે છે, માટે હે ભવિજનો ! તે ઉપાધ્યાયજીને નમન કરો. (૧૯–૨૦)

જિમ તરૂફુલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે;
લેઈ રસ આતમ સંતોષે, તિમ મુનિ ગોચરી જાવેરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૨૧

પંચ ઇંદ્રી ને કષાય નિરૂંધે ષટકાયક પ્રતિપાલ;
સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદો તેહ દયાલરે,
ભવિકા, સિદ્ધચક્રપદ વંદો. ૨૨

અઢાર સહસ સીલાંગના ધોરી, અચલ આચાર ચરિત્ર;
મુનિ મહંત જયણાયુત વાંદી, કીજે જન્મ પવિત્રરે,
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૨૩
નવ વિધ બ્રહ્મ ગુપતિ જે પાલે, બારસવિહ તપ શૂરા,
એહવા મુનિ નમિયેં જો પ્રગટે, પરવ પુણ્ય અંકુરારે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૨૪
સોના તણી પરેં પરીક્ષા દીસે, દિન દિન ચઢતે વાનેં;
સંયમ ખપ કરતા મુનિ નમીયેં, દેશ કાલ અનુમાનેરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૨૫

અર્થઃ—જેમ ભમરો, સુગંધી ફુલઝાડ–વેલા–છોડની ઉપર પુષ્પરસ લેવાને માટે એક જગાથી બીજી જગાએ અને બીજી જગાએથી ત્રીજી જગાએ એમ જગા જગાએ ફરતાં છતાં કોઇ પણ ફુલઝાડને જરા પણ તકલીફ આપ્યા વગર પોતાના આત્માને સંતોષ આપે છે, તેમ મુનિ પણ પોતાના આત્માને સંતોષ આપવા ઘરોઘર ગોચરી માટે ફરતા છતાં કોઇના જીવને કંટાળો-હરકત ન આપતાં એટલે કે થોડા થોડા બધી જગાએથી આહાર ગ્રહણ કરી ખપજોગ આહાર મળતાં આત્મામાં સંતોષ માને છે, નહીં કે એક ઘેરથીજ ખપ જોગ આહાર વહોરી લઇ તે ઘરવાળાને ફરી રસોઇ કરવી પડે કે કરકસરથી ભોજન જમવું પડે તેવો સંયોગ રજુ કરે! જે એ પ્રમાણે ગોચરી કરનારા વિચારવંત મુનિ છે તેમને હે ભવિજનો! વંદના કરો. વળી જે મુનિમહંત પાંચે ઇંદ્રિયો (આંખ નાક–મ્હોં–કાન–અને શરીર એ પાંચેના તોફાની વિકારો) ને તથા ચાર કષાયોને કબજામાં કરી તેમના વેગને બંધ પાડી દે, પૃથિવી, પાણી, અગ્નિ, પવન ને વનસ્પતિ અને હાલતા ચાલતા જીવ એ છએ કાયનું સંરક્ષણ કરે અને સત્તર ભેદ વડે સંયમની આરાધના કરે; તે દયાવંત મહંતનું હે ભવિજનો! વંદન કર્યા કરો. વળી જે મુનિ અઢાર શીળાંગરથના-ધોરી છે, (એ અઢાર હજાર ભેદનું વર્ણન પૃષ્ટ ૩૯૯માં જુવો,) તથા જે મુનિના આચાર અને ચરિત્ર કિંવા આચાર રૂપ ચરિત્ર કોઈથી પણ ન ચળે તેવાં અચળ છે અને જે જયણા ધર્મયુક્ત છે. અર્થાત્ દરેક કામમાં ધીમાશથી જીવદયાનું રક્ષણ કરી કાર્ય કરે–કોઈનેદુઃખ ન લાગે તેવું વર્તન રાખે, તે મુનિને હે ભવિજનો! વંદનાકરી પોતાના માનવજન્મને પવિત્ર કરે. વળી જે મુનિ નવ પ્રકારે બ્રહ્મચર્ય વ્રત પાળે છે એટલે કે જેમ બગીચા કે ક્ષેત્રનું વાડ વડે સારી પેઠે રક્ષણથાયછે. તેમ શીળરૂપ સુંદર બગીચાનું સંરક્ષણ થવા શીળની નવ વાડો છે તેવાડોને બરોબર સાચવી–સંભાળી રાખે. મતલબમાં

જે મકાનમાં પશુ, પંખી, સ્ત્રી, પુરૂષ, નપુંષક ન રહેતાં હોય ત્યાં મુનિ નિવાસ કરે; કેમકે તેમની કુચેષ્ટા જોવામાં આવતાં મનમાં વિકારને જન્મ મળે છે માટે તેવા ઉપાશ્રયમાં ન રહેવું. ૧, સ્ત્રીની કથા–વાર્તા પ્રેમ પૂર્ણ સાંભળવી નહીં; કેમકે તેવી પ્રેમ ને કામરસ ભરી વાતોથી મન વિકાર તરફ દોરાય છે, માટે સ્ત્રીની સંગાથે એકાંતમાં વાત ન કરવી. એકાંત એજ કામદેવને જન્મ આપનારૂં ખરૂં કારણ છે, એકાંત જ ઘર ઘાલે છે એથી એકાંતમાં માતા, બ્હેન, પુત્રી સાથે પણ શીળવંતને ન રહેવું. નહીં તો કામવિકારને તાબે થવાનો વખત આવી લાગે છે. ૨, જે જગોએ જે પાટ પાટલા વગેરેની ઉપર સ્ત્રી બેઠક લઇ ઉઠી ગઇ હોય; છતાં તે આસન પર બે ઘડી વીત્યા વગર કદિ બેસવું નહીં; કેમકે તે આસન પર વિકારી રજકણો પડેલા હોય છે, તેનો સ્પર્શ બે ઘડી લગી વિકારકારી હોવાને લીધે ત્યાં બેસવાથી વિકારી રજકણો દાખલ થઇ વિકારને ઉત્તેજન કરે છે; માટે તેવા આસનનો ત્યાગ કરવો. ૩ સ્ત્રીનાં–અંગ ઉપાંગ–ઇંદ્રીયાદિ પ્રેમ સહિત ધારી ધારીને નિહાળવાં નહીં; કેમકે તે જોવાથી મનવેધક આંગોપાંગ વિકારને જન્મ આપે છે; માટે તે તરફ બેદરકાર રહેવું નહીં. ૪ ભીંતના અંતરે કિંવા પડદા–ચિકના અંતરે સ્ત્રી પુરૂષ શયન કરતાં હોય કે હાસ્ય વિનોદ કામક્રીડાનો અનુભવ લેતાં હોય તે સ્થળે ન રહેવું. ૫ ગૃહસ્થાશ્રમ વખતે જે સ્ત્રી વગેરેના કામભોગ–વિલાસ અનુભવમાં લીધા હોય તેને સંયમ લીધા પછી યાદીમાં ન લાવવા; કેમકે યાદીમાં લાવવાથી ભાર્યો દેવતા ઉઘાડતાં ફરી પ્રજ્વલિત થાય તેવો વખત હાથ લાગે છે, ૬ વધારે આહારનો ઉપયોગ ન કરવો. ફક્ત આહાર વડે આત્મા ટકી રહી ધર્મ ક્રિયામાં નભી શકે તે હેતુ પૂરતોજ નિયમસર આહાર કરવો; કેમકે વધારે જમવાથી આળસ, નિદ્રા વગેરે વધે છે ને તે વધતાં ધર્મ ક્રિયામાં અંતરાય પડે છે; માટે આત્માના ભાડા યોગ્ય આહાર લેવો. ૭. પુષ્ટિ કરનારો સરસ આહાર ન લેવો; કેમકે સરસ પુષ્ટીકારક આહાર કામદેવને વધારે છે જેથી શીળભંગ થાય; માટે સાદો સતોગુણી આહાર લેવો. ૮ ભૂષણ આભૂષણો વડે શરીરને શોભાવંત કરવું નહિ; કેમકે શૃંગાર એજ સદ્શીળનો નાશ કરવા અંગારરૂપ છે, માટે શૃંગારનો ત્યાગ કરવો. ૯. આ નવ વાડરૂપ ગુપ્તિને ધારણ કરનાર, તથા બાર ભેદની તપસ્યા કરવામા શુરવીર છે તે મુનિને હે ભવિજનો! નમન કરો. જ્યારે પૂર્વપુન્ય બીજના અંકુરા પ્રકટ થાય છે, ત્યારેજ એવા તરણતારણ મુનિમહંતની ભેટ લેવાનો સમય સ્વાધીન થાય છે માટે તેવા મુનિનો સંયોગ મળતાં તરત નમન કરો. વળી જે મુનિ સંયમની કસોટીમાં સો ટચના સોના સરખા કસવંત દેખાય છે અર્થાત સોનાની કસ–કદ–સુલાક–વેધ ( છેદન ભેદન તાપ તાડન ) વગેરે પરીક્ષાની અંદર સોનું સાચું નીવડે તો ઉત્તમ કિંમતવાન ઠરે છે, તેમ

મુનિ પણ પરિસહ—ઉપસર્ગ સહન કરી તપ તપી દિનપ્રતિદિન ચડતા રંગવાળા જણાય અને દેશ કાળ વગેરેના નિયમથી સંયમ પાળતા હોય એટલે કે જે સમયમાં જે પ્રકારે સુખે સંયમ પળાતું હોય તે સમયમાં તે દેશકાળને અનુસરનાર મુનિને હે ભવિજનો! નમન કરીએ. (૨૦–૨૫)

શુદ્ધ દેવ ગુરૂ ધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ.
જેહ પામીજે તેહ નમીજેં, સમ્યગદર્શન નામરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૨૬

મલ ઉપશમ ક્ષયઉપશમ ક્ષયથી. જે હોઇ ત્રિવિધ અભંગ,
સમ્યગદર્શન તેહ નમીજેં. જિનધર્મે દઢ રંગરે,
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૨૭

પંચ વાર ઉપશમિય લહીજેં, ખય ઉવસમિય અસંખ;
એક વાર ખાયિકતે સમકિત, દર્શન નમિયેં અસંખરે,
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૧૮

જે વિણુ નાણુ પ્રમાણુ ન હોયે, ચારિત્રતરૂ નવિ ફળિયો;
સુખનિર્વાણુ ન જે વિણુ લહિયેં, સમકિતદર્શન બળિયોરે.
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૨૯

સડછઠ્ઠિ બોલેં છે અલંકરિયું, જ્ઞાન ચારિત્રનુ મૂળ;
સમકિત દર્શન તે નિત પ્રણુમો, શિવપંથનુ અનુકળરે.
ભવિકા સિદ્ધચક પદ વંદો ૩૦

અર્થ :—હવે છઠ્ઠા દર્શન પદનું પાંચ ગાથા વડે સ્તવન કરે છે.) અઢાર દૂષણુ રહિત શુદ્ધ દેવ; પંચમહાવ્રત દશ વિધયિત ધર્મને શુદ્ધમાર્ગદર્શક શુદ્ધ ગુરૂ, અને દયા મૂળ વિનય વિવેક પૂર્ણ કેવળી પ્રરૂપિત શુદ્ધ ધર્મ એ ત્રણે રત્નરૂપ તત્વની પરીક્ષા કરવાથી શ્રદ્ધાના પરિણામસહ સમક્તિ પ્રાપ્ત થાય તે સમક્તિદર્શન કહેવાય છે, તે સમ્યકત્વદર્શનને હે ભવિજનો! નમન કરો! કેમકે સમક્તિની શુદ્ધિવડેજ સર્વવસ્તુની શુદ્ધતા પ્રાપ્ત થાય છે. વળી જે મોહની કર્મરૂપ મળની સાત પ્રકૃતિ પૈકી ચાર અનંતાનુબંધની ને પાંચમી મિથ્યાત્વ-મોહની, છઠ્ઠી મિશ્રમોહની, અને સાતમી સમક્તિમોહની એ સાતેના ઉપશમવડે ઉપશમસમક્તિ થાય, તથા ઉપર કથેલી મોહનીની સાત પ્રકૃતિ છે તે પૈકી જે ઉદય આવી તે ક્ષય પામી અને જે ઉદય ન આવી તે ઉપશમી, પણ પ્રદેશો-દયપણે છે. આ મુજબ સાત પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય થવાથી ક્ષાયિક સમક્તિ

કહેવાય છે. આ પ્રમાણે સમકિત તે કોઇને ઉપશમ, કોઇને ક્ષયોપશમ,ને કોઇને ક્ષાયિક એ ત્રણ પ્રકારે અભંગરૂપથી હોય તે સમ્યક્ત્વદર્શનને હે ભવિજનો ! નમન કરીએ. જે પ્રાણીનો જૈનધર્મની અંદર દૃઢ રંગ લાગેલો હોય તે પ્રાણીજ સમકિતશુદ્ધિ જાળવી શકે છે ( અને એ સમકિતની પ્રાપ્તિ પછી ઘણામાં ઘણી અર્દ્ધપુદ્ગળ પરાવર્ત્તન સંસારભ્રમણા રહે છે. તથાપિ મુક્તિ મળવાની સુલભતા હાથ લાગે છે, વળી જે સંસારની અંદર ભવભ્રમણાની પરંપરા જાળવતાં પાંચ વખતજ ઉપશમ સમકિતની પ્રાપ્તિ થાય છે, ક્ષયોપશમ સમકિત અસંખ્ય વખત આવે ને ટળી જાય છે, અને ક્ષાયિક સમકિત તો ફક્ત આખી ભવપરંપરામાં એકજ વખત પ્રાપ્ત થાય છે. આ એક જીવઆશ્રયી કથન છે. ) એવા સમકિતદર્શનના ધરનારા જીવો હંમેશાં અસંખ્યાતા મળી આવે છે તેને હે ભવિજીવો ! વંદના કરો. વળી જે સમકિત વગર જ્ઞાન પણ પ્રમાણરૂપ થવા પામતું નથી; કેમકે સમકિત વગરનું જે જ્ઞાન તે મિથ્યારૂપ અજ્ઞાનમય થઇ પરિણમે છે. એથી સમકિતવિનાનું જ્ઞાન તે અજ્ઞાનરૂપજ ગણાય છે. માટેજ સમકિતથી જ્ઞાન પણ શોભાવંત થાય છે. તેમજ સમકિત વગર અવધિજ્ઞાન પણ વિભંગ અજ્ઞાનપણેંજ હોય છે, અને સમકિત વગર ચારિત્રરૂપ ફળદાયી વૃક્ષ પણ ફળફળું થઇ શકતું નથી. સમકિત યુકત ચારિત્ર તેજ ભવ કિંવા સાત આઠ ભવમાં મોક્ષની ભેટ કરાવે છે; માટે સમકિત છે તેજ સર્વોત્તમ મોક્ષ સાધન છે. માટેજ કહેવું યોગ્ય છે કે સમકિત વગર મોક્ષનાં અક્ષયસુખની પ્રાપ્તિ થતીજ નથી, એથી સર્વ કરતાં સમ્યક્ત્વદર્શન બળવાન છે કે જે જ્ઞાન, દર્શન, ચારિત્રમય દેવગુરૂ દૃઢતાપણે કરે છે વળી જે સમકિત સડસઠ ભેદથી અલંકૃત છે, તથા જ્ઞાન અને ચારિત્રના મૂળરૂપ છે એટલે કે સમકિત વગર જ્ઞાન ને ચારિત્ર નકામાં છે. ) અને મોક્ષમાર્ગે જવા માટે મદદગાર છે તે સમકિત દર્શનને હે ભવિજનો ! હંમેશાં પ્રણામ કરો. (૨૫–૩૦)

ભક્ષ અભક્ષ ન જે વિણ લહિયેં પેય અપેય વિચાર;  
કૃત્ય અકૃત્યને જે વિણ લહીયેં, જ્ઞાન તે સકલ આધારરે.  
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો. ૩૧

પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાંખ્યું;  
જ્ઞાનને વંદો જ્ઞાન મનિંદો. જ્ઞાનીયેં શિવસુખ ચાખ્યુંરે.  
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૩૨

સકલ ક્રિયાનું મૂળ તે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહીયેં;  
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણ કહો કિમ રહીયેરે.  
ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો. ૩૩

પાંચ જ્ઞાનમાંહે જેહ સદાગમ, સ્વપરપ્રકાશક તેહ;
દીપક પરે ત્રિભુવન ઉપગારી, વળી જિમ રવિ શશી મેહરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૩૪

લોક ઉરધ અધ તિર્યંગ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધ;
લોક અલોક પ્રગટ સવિ જેહથી, છે જ્ઞાને મુજ શુદ્ધિરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૩૫

અર્થ :—( હવે પાંચ ગાથાવડે જ્ઞાનપદ સ્તવના કરે છે. ) જે જ્ઞાનની પ્રાપ્તિ વિના ખાવાલાયક પદાર્થની કે ન ખાવાલાયક પદાર્થની, તેમજ પીવાલાયક ને ન પીવાલાયક પદાર્થની અને કરવા લાયક તથા ન કરવા લાયક કામની માહિતી મળી શકતી નથી, માટેજ કહેવું અવશ્યનું છે કે ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય ને કૃત્યાકૃત્યની પૂરતી માહિતી શુદ્ધજ્ઞાનની પ્રાપ્તિ વડેજ પ્રાપ્ત થાય છે જેથી હે ભવિજનો ! તે કુલ્લ જગતજનોને વસ્તુ જાણવાના આધારભૂત જ્ઞાનજ છે તેને નમન વંદન કરો; કેમકે પહેલું જ્ઞાન અને પછી અહિંસા છે એટલે કે જો પહેલાં જ્ઞાનની પ્રાપ્તિ થઇ હોય તો તે પછી દયામૂળ ધર્મની પિછાન પડે છે કિંતુ જ્ઞાન વિના દયામય અહિંસાધર્મ ઓળખીજ શકાતો નથી; માટેજ પ્રભુપ્રણીત જૈનાગમોમાં ભાખેલું છે કે પહેલાં જ્ઞાન મેળવી પછી દયામય ધર્મનું આરાધાન કરો કે જેથી વિરાધના કરવાના દોષથી દૂર રહેવા ભાગ્યશાળી થવાય, જેથી હે ભવિ હંમેશાં જ્ઞાનને વંદન કર્યા કરો, પણ જ્ઞાનની નિંદા ન કરો; કેમકે જે જ્ઞાની મનુષ્યો જ્ઞાનમાં લીન થયાં તે જ જ્ઞાની મનુષ્યોએ મોક્ષનું સુખ ચાખ્યું છે. વળી સઘળી ક્રિયાઓનું મૂળ શ્રદ્ધા–વિશ્વાસ પ્રતીત છે; કેમકે શ્રદ્ધા કાયમ થયા વિના જે ક્રિયા કરવામાં આવે તે મલીન ક્રિયાજ ગણવામાં આવે છે માટે શ્રદ્ધા એજ ક્રિયા માત્રનું મૂળ છે; અને શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે, કારણ જ્ઞાન થયા વગર શ્રદ્ધાની પ્રાપ્તિ થતી જ નથી માટેજ હે ભવિજનો ! તે ભવદુઃખ દૂર કરનાર શ્રદ્ધામૂળજ્ઞાનની પ્રાપ્તિ વગર ક્ષણમાત્ર પણ કેમ રહી શકીએ ? કેમકે તે વિના કશું પણ શુભ પગલું ભરી શકાતું જ નથી માટે તે જ્ઞાનની હંમેશાં વંદના કરો જેથી બેડો પાર થાય. તેમજ તે જ્ઞાનના પાંચ ભેદ છે એટલે મતિજ્ઞાન, શ્રુત જ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન, એ પાંચ ભેદ છતાં પણ એ પાંચમાં શ્રુતજ્ઞાન છે તે જ મુખ્યતા ભોગવનાર છે, મતલબ કે પોતાના પંથનું અને પારકા પંથનું અથવા ચારે જ્ઞાનસહ પોતાનું ખરૂં સ્વરૂપ પ્રગટ કરનાર છે જેથી દીપકની પેઠે પ્રકાશ કરનાર શ્રૂતજ્ઞાનસહ પાંચ ભેદવંત જ્ઞાનપદ સ્વર્ગ મૃત્યુ ને પાતાળ એ ત્રણે લોકનો ઉપકાર કરનાર સૂર્ય, ચંદ્ર ને મેઘવૃષ્ટિ

સમાન છે. અર્થાત્ સૂર્ય ચંદ્રનો પ્રકાશ અને મેઘવૃષ્ટિ પરોપકાર માટે જ છે. એ ત્રણેના લીધેજ પ્રાણીને સર્વ રસકસ પદાર્થનું પોષણ મળતાં તેઓ પોતાના જીવને સુખપૂર્વક ટકાવી રાખવા શક્તિમાન થાય છે; માટે હે ભવિજનો ! તે જ્ઞાનપદને તમે પગે લાગો; કેમકે તે શ્રુતજ્ઞાન જગતજીવોનો ઉદ્ધાર કરવા સમર્થ છે. વળી જે જ્ઞાનથી ચૌદ રાજલોક છે તે પૈકી સંભૂલતાથી માંડી ઉંચા સાત રાજની અંદર બાર દેવલોક, નવ ગ્રૈવેયેક, પાંચ અનુત્તરવિમાન એ વૈમાનિક દેવો છે તેની ઉપર સિદ્ધશિલા છે કે જેની અંદર સિદ્ધના જીવો બિરાજે છે. તથા નીચેના સાત રાજલોકની અંદર વાણવ્યંતર–વ્યંતર–ભુવનપતિ–સાત નરક પૃથિવી છે, અને તિર્ચ્છાલોકની અંદર પિસ્તાલીશલાખ યોજન મધ્યે મનુષ્યક્ષેત્ર છે તથા બીજા સ્વયંભુરમણ સમુદ્ર સુધી અસંખ્યતા દ્વીપસમુદ્ર સુધી અસંખ્યાતા દ્વીપ સમુદ્ર એ એક રાજમાં છે. એની અંદર જ્યોતિષિ દેવો પણ છે. એ ચૌદ રાજલોકના અને અનંતા અલોકના સકળ ભાવનું જ્ઞાન પ્રાપ્ત–પ્રગટ થાય છે, તે જ્ઞાનવડે હે ભવિજનો ! મારી પણ સિદ્ધિ થઈ છે. તે જ્ઞાનનેજ તમો પણ નમન કરી સિદ્ધિ મેળવો.

( ૩૧–૩૫ )

દેશવિરતિ ને સરવવિરતિ જે, ગૃહિ યતિ ને અભિરામ;
તે ચારિત્ર જગત જયવંતુ. કીજે તાસ પ્રણામરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૩૬

તૃણપરે જે ષટખંડસુખ છંડી, ચક્રવર્તી પણ વરિયો;
તે ચારિત્ર અખય સુખકારણ, તે મેં મનમાંહે ધરિયોરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૩૭

હુઆ રાંકપણે જેહ આદરી, પૂજિત ઇંદ્ર નરિંદે;
અશરણશરણ ચરણ તે વંદું, પૂર્યું જ્ઞાન આનંદેરે.
ભવિકા. સિધ્ધચક્ર પદ વંદો. ૩૮

બાર માસ પર્યાયે જેહને, અનુતરસુખ અતિક્રમિયે;
શુકલ શુકલ અભિજાત્ય તે ઉપર, તે ચારિત્રને નમિયેરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૩૯

ચય તે આઠ કર્મનો સંચય, રિક્ત કરે છે તેહ;
ચારિત્ર નામ નિરૂત્તે ભાંખ્યું, તે વંદું ગુણગેહરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૪૦

અર્થ :–(હવે પાંચ ગાથવડે ચારિત્રપદની સ્તવના કરે છે.) ચારિત્રના બે ભેદ છે. એટલે કે દેશવિરિત ચારિત્ર અને સર્વવિરિત ચારિત્ર એમ બે ભેદવંત ચારિત્ર છે. તે પૈકી ગૃહસ્થાશ્રમીને સંસારવ્યવહાર જાળવવાની જરૂરિઆત હોવાના કારણથી ખપયોગ્ય પાળી શકવા લાયક ચારિત્રને દેશવિરિતિ (વિરતી તો ખરી પણ અમુક ભાગની વિરતી પળાય તેથી દેશવિરતિ) અને મુનિને સંસારવ્યવહારની ઉપાધિબંધ પડવાને લીધે સર્વ પ્રપંચને વિરમ્યા હોવાથી સર્વવિરતિ ચારિત્ર ગણાય છે. જે મનોહર ચારિત્ર પ્રવાહથી દેશવિરતિવંત શ્રાવક શ્રાવિકા ઉત્કૃષ્ટપણે બારમા દેવલોક સુધી અને સર્વવિરતિવંત મુનિ ઉત્કૃષ્ટપણે મોક્ષ સુધીનાં સુખો અનુભવે છે એવું જે સદ્‌ગતિદાયક ને ભવભ્રમણબાધાયક ચારિત્ર જગતમાં જયવંતપણે પ્રવર્તે છે તેને હે ભવિજનો! પ્રણામ કર્યા કરો; કેમકે જે ચારિત્રસંપત્તિ અંગીકાર કરવાને માટે ચક્રવર્તી સરખા અપરિમિત સુખાનુભવીઓ પણ છ ખંડનું રાજ્ય તણખલાની પેઠે ત્યજી દે છે. તે ચારિત્ર અખંડ સુખના કારણરૂપ જાણીને હે ભવિજનો! મેં મનમાં ધારણ કરેલ છે તે ચારિત્રને તમે પણ મનમાં ધારણ કરો; કારણ કે જેઓ રાંક હતા તેઓ પણ સંયમ અંગીકાર કરવાથી ઈંદ્ર નરેંદ્રને પણ પૂજવા લાયક થયા છે, એથી સિદ્ધ થાય છે કે જેને કોઈનું શરણું નથી તે જનના અભય શરણુ રૂપ આનંદ પૂર્ણ ચારિત્રજ છે માટે હે ભવિજનો! તેને વંદના કર્યા કરી અંગીકાર કરવાનો ઉદય આવે તેવી ઉચ્ચ સબળ ભાવના ભાવ્યા કરો કે જેથી અંતરાય કર્મ દૂર થઇ ચારિત્ર પ્રાપ્તિનો ઉદય અનુકુળ થાય. વળી જે ચારિત્રને બાર માસ પર્યાય વડે પાળ્યું હોય અર્થાત્ બાર મહિનાના જેટલા સમય થાય તેટલા સમયસ્થાન ચડતા અધ્યવસાય સહ ઉલ્લંઘન કર્યાથી ચારિત્રવંતને સ્વરૂપ રમણ સંબંધી જે સુખ પ્રાપ્ત થાય છે તે સુખ અનુત્તર વિમાનવાસી દેવોના સુખ કરતાં પણ વિશેષ આનંદદાયક હોય છે, તેમજ તે ઉપરાંત ઉજ્જવળ પરિણામ વડે તરતમાદિ યોગ સહ ગુણયુક્ત થાય છે, તે ચારિત્રને હે ભવિજનો નમન કરો! વળી જે ચારિત્ર આઠ કર્મની ઘણી પ્રકૃતિઓનું એકઠું થવું તે સમયનો જે અંત આણી સંચેલી સિલક ખાલી કરે છે, તે ચારિત્ર કે જેનું નામ નિર્યુક્તિ કરે. ચયને રિકત કરવા રૂપ યુક્તિ વડે ચારત્ર શબ્દની યુક્તિ પ્રકાશ કરેલી છે તે ગુણના રૂપ ચારિત્રને હે ભવિજનો! વંદના કર્યા કરો. (૩૫–૪૦)

**જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુગતિ જિણંદ;**
**જેહ આદરે કર્મ ખપેવા; તે તપ શિવતરૂકંદરે.**
**ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો.** ૪૧

કરમ નિકાચિત પણ ખય જાઈ, ખિમા સહિત જે કરતાં;
તે તપ નમીયેં જેહ દીપાવે, જિનશાસન ઉજમતાંરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૪૨

આમોસહી પમુહા બહુ લદ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, નમિયેં તે તપ ભાવેંરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૪૩

ફળ શિવસુખ મહોટું સુરનરવર, સંપત્તિ જેહનું ફૂલ;
તે તપ સુરતરૂ સરિખું વંદુ, શમ મકરંદ અમૂલરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૪૪

સરવ મંગળમાંહિ પહેલું મંગળ, વરણવીયેં જે ગ્રંથે,
તે તપપદ ત્રિહું કાળ નમીજેં, વર સહાય શિવપંથેરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૪૫

ઈમ નવપદ થુણતો તિહાં લીણો, હુઓ તનમય શ્રીપાળ;
સુજસ વિલાસ છે ચોથેખંડે, એહ ઇગ્યારમી ઢાળરે.
ભવિકા. સિદ્ધચક્ર પદ વંદો. ૪૬

અર્થઃ—(હવે પાંચ ગાથા વડે તપ પદને સ્તવી નવપદની સ્તવનાનો ક્રમ પૂર્ણ કરે છે.) શ્રી તીર્થંકર દેવ, પોતે તે જ ભવમાં મોક્ષની અંદર બિરાજનાર હતા એવું ત્રણ જ્ઞાનવડે કરીને જાણતાં છતાં પણ બાકી રહેલી કર્મ પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે જે તપને મોક્ષવૃક્ષના મુખ્ય મૂળ રૂપ જાણી અંગીકાર કરી આદરે છે તે તપને હે ભવિજનો! વંદના કરો; કેમકે ક્ષમા સહિત તપ કરવાથી કઠિણ કર્મ બંધ પણ ક્ષય થઇ જાય છે અને જે તપના ઉજમણા વડે જિનશાસનને દીપાવે છે તે જિનશાસનોન્નતિકારક તપને હે ભવિજનો! નમન કરો! વળી જે તપના પ્રભાવ વડે આમર્શૌષધિ વગેરે અઠ્ઠાવિશ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે એટલે કે જે સાધુ મહારાજના પગે હાથ અડાડતાંજ રોગ માત્ર દૂર થઈ જાય તે આમર્શૌષધિ લબ્ધિ કહેવાય છે. મુનિરાજના મળમૂત્ર વડેથી રોગીના રોગ નાશ પામે તે વિટ પુરીષલબ્ધિ કહેવાય છે. મુનિરાજનો શ્લેષ્મજ ઔષધી રૂપ હોય તે ખેલૌષધિ લબ્ધિ કહેવાય છે. મુનિના શરીરનો પરસેવો ઔષધિ રૂપ હોય તે જલૌષધિ લબ્ધિ કહેવાય છે. મુનિના કેશ રૂવાડાં નખ વગેરે સઘળાં દવા જેવાં સર્વ રોગ નિવારક સમર્થ ને સુગંધી યુકત હોય તે

સર્વૌષધિ લબ્ધિ કહેવાય છે. એકી વખતે બધી ઈંદ્રિયોને સાંભળવાની કિંવા ઈંદ્રિયદ્વારા સર્વ ઈંદ્રિયોના વ્યાપારને જાણી લેવા અનુભવવાની શકિત હોય કિંવા બાર યોજનની અંદર ચક્રવર્ત્તિનું લશ્કર હોય તેની અંદર જ્યારે એકી વખતે બધી જાતનાં વાજા વાગે ત્યારે તે એકી વખતે વાગતાં વાજાં-ને જુદા જુદા શબ્દ વડે વાગતાં કળી શકે તેવી શકિત પ્રાપ્ત થાય, તે સંભિન્નશ્રોત્ર લબ્ધિ કહેવાય છે. અવધિજ્ઞાનવંતની જાણવાની શકિત તે અવધિજ્ઞાન રૂપ લબ્ધિ કહેવાય છે. મનઃપર્યવ જ્ઞાન વડે સામાન્ય માત્ર પણ આ પ્રાણીએ મનમાં ઘટ ચિંતવેલ છે એવું જાણે પણ તે ઘટ કેવો ને કયાંનો તે ન જાણી શકે; કિંવા અઢીદ્વીપ અંદરના મનુષ્યમાં મન સંબંધી બાદર પર્યાય જાણી શકે છે આ ઋજુમતિલબ્ધિ કહેવાય છે. ચિંતવેલો ઘડો સોનાનો છે અને પાટલીપુરમાં બનેલો છે એવું જાણે કિંવા અઢીદ્વીપના મનુષ્યોના મનના સૂક્ષ્મ વિચાર પર્યાય જાણવાની શકિત તે વિપુલમતિ લબ્ધિ કહેવાય છે. જંઘાચારણ ને વિદ્યાચારણ લબ્ધિની પ્રાપ્તિ તે ચરણ લબ્ધિ કહેવાય છે. જે વડે દાઢ ઝેર યુકત થાય તે આશર્વિષ કહેવાય છે, તેના પણ બે ભેદ છે તે એ કે જાતિ આશિર્વિષ ને કર્મઆશિર્વિષ છે, તેમાં પણ જાતિ આશિર્વિષ સાપ, વીંછી, દેડકાં ને મનુષ્ય એ ચાર ભેદ રૂપ છે અને કર્મ આશિર્વિષ તિર્યંચ તથા મનુષ્યોનેજ હોય છે. તે તપ ક્રિયા અનુષ્ઠાન દ્વારા પ્રાપ્ત થાય છે તેથી સાપની પેઠે બીજાના પ્રાણની હાણ કરી શકવાની શકિત પ્રાપ્ત થવી તે આશિર્વિષલબ્ધિ કહેવાય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત રૂપ તે કેવળલબ્ધિ કહેવાય છે. ગણપદની પ્રાપ્તિ તે ગણધર પ્રાપ્તિ તે ગણધર પદ લબ્ધિ કહેવાય છે. પૂર્વધર કે શ્રુતજ્ઞાનધરપણાની પ્રાપ્તિ તે ગણધરપદલબ્ધિ કહેવાય છે. પૂર્વધર કે શ્રુતજ્ઞાનધર પણાની પ્રાપ્તિ તે ગણધરપદલબ્ધિ કહેવાય છે. તીર્થંકર પદ પ્રાપ્તિ તે તીર્થંકરલબ્ધિ કહે-વાય છે. ચક્રવર્તિ પદ પ્રાપ્તિ કિંવા ચક્રવર્તિની રાજઋદ્ધિની રચના દૃષ્ટિ ગોચર કરાવી દે તે ચક્રવર્તિપણાની લબ્ધિ કહેવાય છે. બળદેવપદની પ્રાપ્તિ કિંવા બળદેવપણાની ઋદ્ધિ સ્ફૂરાયમાન કરી દેખાડે તે બળદેવપણાની લબ્ધિ કહેવાય છે. વાસુદેવપદપ્રાપ્તિ અથવા તેના જેવી ઋદ્ધિ કરી બતાવે તે વાસુદેવપણાની લબ્ધિ કહેવાય છે, વાણીમાં દુધ સાકર કરતાં પણ વધારે મિઠાસ પ્રાપ્ત થાય તે ક્ષીરાશ્રવ–મધ્વાશ્રવ–ઘનાશ્રવ– ઇક્ષુરસાશ્રવ લબ્ધિ કહેવાય છે. હૈયામાં સકલસૂત્રાર્થ અચળરૂપ ઋદ્ધિભરેલી હોય તે કોષ્ટક લબ્ધિ કહેવાય છે. પદ સાંભળતાંજ પૂર્વાપરપદનું જ્ઞાન થાય તે પદાનુસારિણી. તેના ત્રણ ભેદ છે તે એ કે પ્રથમનું પદ સાંભળી છેલ્લા પદનો મતલબ અટકલી નિશ્ચય કરી લે તે અનુશ્રુતપદાનુસારિણી, તથા છેલ્લા પદનો

અર્થ સાંભળી પ્રતિકૂળપદવડે પહેલા પદ લગીની અટકળ બાંધવાની ચતુરાઇનો ઉપયોગ કરે તે પ્રતિકૂળપદાનુસારિણી, અને વચલું પદ સાંભળવાવડે છેલ્લા પદનું જ્ઞાન મેળવી લે તે ઉભયપદાનુસારિણી એમ પદાનુસારિણીના ત્રણ ભેદ છે તે પ્રાપ્ત થવા સંબંધી પદાનુસારિણી લબ્ધિ કહેવાય છે. ખેડૂત ભૂમિને ખેડી કેળવી બીજ વાવી તેને અનેક બીજદાતા બનાવે છે, તે રીતે જ્ઞાનાવરણીય વગેરે ક્ષયોપશમના અતિશયવડે એક અર્થરૂપ બીજના સાંભળવાથી અનેક અર્થરૂપી બીજોનું જાણપણું થાય તે બીજબુદ્ધિલબ્ધિ કહેવાય છે. ક્રોધની વૃદ્ધિથી દુશ્મનને સ્હેજમાં બાળી દેવા અગ્નિજવાળા મૂકવાની શક્તિ તે તેજોલેશ્યા લબ્ધિ કહેવાય છે. (આ લબ્ધિ અનેક યોજના પર રહેલી વસ્તુને બાળી ભસ્મ કરે છે અને છઠ્ઠતપના પારણે એક મુઠી અડદના બાકળા ખાઇ તે ઉપર એક અંજળી ઉન્હું પાણી પી છ માસ ગુજારે ત્યારે પ્રાપ્ત થાય છે) આહારક શરીર કરવાની શક્તિ પ્રાપ્ત થવી તે આહારકલબ્ધિ કહેવાય છે. વૈક્રિય શરીર કરવાની શક્તિ પ્રાપ્ત થવી તે વૈક્રિયલબ્ધિ કહેવાય છે. (એ લબ્ધિના અણુત્વમહત્વાદિ અનેક ભેદ છે. અંતરાય કર્મના ક્ષયોપશમવડે થોડું પણ બીજે મનુષ્યે ભિક્ષા કરી લાવેલું અન્ન લબ્ધિવંત પુરૂષ પોતે જમે છે તે ખૂટી પડે; પણ બીજા હજારો મહાત્મા જો જમવા બેસે તો ખૂટે નહી એવી શક્તિ પ્રાપ્ત થવી તે અક્ષીણમહાનસી લબ્ધિ કહેવાય છે. સંઘ રક્ષણ માટે કામ પડે તો ચક્રવર્તિની સેનાને પણ ચૂરી નાખે તેવી શક્તિ પ્રાપ્ત થવી તે પુલાકલબ્ધિ કહેવાય છે. આ અઠ્ઠાવીશ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેમજ અણિમા, ગરિમા, લઘિમા વગેરે આઠ સિદ્ધિઓ એટલે કે ઝીણા કાણામાંથી દાખલ થઇ કિંવા કમળની દાંડીમાં પેશીને ચક્રવર્ત્તિની ઋદ્ધિ વિસ્તારે તે અણિમારિદ્ધિ કહેવાય છે. મેરૂપર્વત કરતાં પણ મ્હોટું શરીર કરી શકવાની શક્તિ તે મહિમાસિદ્ધિ, વાયુથી પણ અત્યંત ન્હાનું શરીર બનાવવાની શક્તિ તે લઘિમાસિદ્ધિ, વજ્રાદિકથી પણ ભારે શરીર કરવાથી ઇંદ્રાદિકનો પણ પરાજય કરે તે ગરિમાસિદ્ધિ, ભોંયપર બેઠાં બેઠાંજ સૂર્યમંડળ વગેરેના સ્પર્શ કરી શકે તેવી શક્તિની પ્રાપ્તિ તે કામવશાઇત્વસિદ્ધિ; પાણી ઉપર જમીનની પેઠે ચાલવાની શક્તિ તથા ભોંયમાં પાણીમાં ડુબકી માર્યાની પેઠે પેસી જવારૂપ શક્તિ તે પ્રાકામ્યસિદ્ધિ, ત્રણે લોકનું અધિપતિપણું ભોગવવું કિંવા તીર્થંકર વા ઇંદ્રની ઋદ્ધિનું વિસ્તારવું તે ઇશત્વસિદ્ધિ અને સર્વ જીવોને વશ કરવાની શક્તિ તે વશિત્વસિદ્ધિ કહેવાય છે. તેમજ મહાપદ્મ, પાંડુક, નૈસર્પ, પિંગળ, સર્વરક્ષક, સર્વરત્નક, કાળ, મહાકાળ, અને માણવક એ નવનિધિઓ પણ તપના પ્રભાવવડે પ્રાપ્ત થાય છે તે અચિંત્યમહિમાવંત તપપદને હે ભવિજનો! મહાન્ ભાવસહિત

નમન કરો. કેમકે આ તપ કલ્પવૃક્ષની સમાન મનવાંછિત પૂર્ણ કરનાર છે. જેમ કલ્પવૃક્ષને પુષ્પ ફળ મકરંદ વગેરે છે તેમ તપવૃક્ષને તેની જગોએ શું છે તે કહી બતાવે છે કે-દેવતાની અને મનુષ્યગતિરૂપ પ્રાધાન્ય સંપત્તિની પ્રાપ્તિ કરાવવા રૂપ ફૂલ છે, શમતારૂપ અમૂલ્ય ને વેગગતિથી પ્રસરતા સુગંધી રજકણો છે, અને મોક્ષ સુખની પ્રાપ્તિ મહાન્ ફળ છે માટે કલ્પ-વૃક્ષની પેઠેજ નવપદ કલ્પવૃક્ષ સર્વ દુઃખ શમન કરી ઇચ્છિત સિદ્ધિ આપનાર છે જેથી હે ભવિજનો ! તે તપપદને જેમ હું વંદના કરૂં છું તેમજ તમો પણ વંદના કરો કે તેના લીધે મજબૂત કર્મ પ્રકૃતિયો ઢીલી થઇ જાય. તેમજ લૌકિક અને લોકોત્તરમાં પણ જે જે માંગળિકનાં કારણો છે તે તે સર્વ મંગળોની અંદર મુખ્ય મંગળ તપ જ છે એથીજ સર્વ ગ્રંથોમાં તપ મંગળનું વર્ણન કરવામાં આવે છે અને આવશ્યકની અંદર પણ અંતે તપ મંગળજ કથન કરેલ છે. દરેક ગ્રંથોમાં કવિ પંડિતો ગ્રંથની શરૂઆતમાં, ગ્રંથની મધ્યમાં અને ગ્રંથની પૂર્ણાહુતીમાં મંગલાચરણ કરે છે તે પૈકી આદ્ય મંગળાચરણ કરવાનો હેતુ ગ્રંથની પૂર્તિ શોભા નિર્વિઘ્નતા પ્રાપ્તિ માટે હોય છે, મધ્ય મંગળાચરણ કરવાનો હેતુ ગ્રંથની કાયમતા થવાની ઇચ્છા પૂર્ણ થવા માટેનું હોય છે અને અંતિમ મંગળાચરણનું હેતુ પરંપરાથી ગ્રંથ વિસ્તાર નિમિત્તનો હોય છે; પરંતુ બધાં મંગળાચરણોમાંથી તપ સંબંધી મંગળાચરણ કરવું એજ સર્વોત્તમ છે, કેમકે બીજા મંગળાચરણો આ લોકની સિદ્ધિઓ આપવા રૂપ છે, પરંતુ તપ રૂપ મંગળાચરણ તો સકળ ઉપાધિ રહિત અખંડાનંદ મોક્ષ મંદિર મેળવવામાં મદદગાર રૂપ છે, માટે હે ભવિજનો ! એથી તે તપ પદને સવાર, મધ્યાહ્ન ને સંધ્યા એ ત્રણે કાળ વખતે નમન કર્યા કરો; કે જેથી શિળપંથની સહાયતા મળે. આ પ્રમાણે શ્રીપાળ મહારાજા પૃથક પૃથક વિસ્તાર પૂર્વક સ્તવન કરવામાં તન્મયતા સાથ લીન-એકરસ બની ગયો. ( દરેક કર્મની અંદર જ્યારે એકાગ્રચિત્તવંત બની તે કાર્યમય બનાય છે ત્યારેજ તે કાર્યના ખરા રહસ્ય, મહત્વ ને સિદ્ધિનો જ્ઞાતા થઇ તેનું ફળ મેળવવા અવશ્ય ભાગ્યશાળી થવાય છે કવિ યશોવિજયજી કહે છે કે આ ચોથા ખંડની અંદરની સારા યશનો વિલાસ આપવા રૂપ અગ્યારમી ઢાલ પૂર્ણ થઇ, તે એજ બોધ આપે છે કે આ નવપદના ધ્યા-નમાં લીન થવાથી સુયશનો વિલાસ પ્રાપ્ત થાય છે; માટે સર્વ કલ્યાણેચ્છુ જનો શ્રીસિદ્ધચક્રજીના સ્તવનાદિમાં તન્મય બનો ) (૪૧-૪૬ )

---o---

( દોહા છંદ. )

ઇમ નવપદ સુણતો થકો, તે ધ્યાને શ્રીપાલ;
પામ્યો પૂરણ આઉખે, નવમો કલ્પ વિશાલ. ૧
રાણી મયણા પ્રમુખ સવિ, માતા પણ શુભ ધ્યાન;
આઉખે પૂરે તિહાં, સુખ ભોગવે વિમાન. ૨
નરભવ અંતર સ્વર્ગ તે, ચાર વાર લહિ સર્વ;
નવમે ભવ શિવ પામશે, ગૌતમ કહે નિર્ગર્વ. ૩
તે નિસુણી શ્રેણિક કહે, નવપદ ઉલસિતભાવ;
અહો નવપદ મહિમા વડો, એ છે ભવજલનાવ. ૪
વલતું ગોતમ ગુરૂ કહે, એક એક પદ ભત્તિ;
દેવપાલમુખ સુખ લહ્યાં, નવપદ મહિમા તહત્તિ. ૫
કિંબહુના મગધેશ તું, ઇક પદ ભકિત પ્રભાવ;
હોઇશ તીર્થંકર પ્રથમ, નિશ્ચય એ મન ભાવ. ૬

અર્થઃ—આ પ્રમાણે તદાકાર ચિત્તથી નવપદજીનું સ્તવન કરતાં અને ધ્યાન ધ્યાતાં શ્રીપાળમહારાજા પોતાની પ્રશંસનીય આયુમર્યાદા પૂર્ણ કરી નવપદજીના પ્રભાવવડે નવમા દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુસહ ઉત્પન્ન થયા. તેમજ મયણાંસુંદરી વગેરે રાણીઓ અને માતા પણ શુભધ્યાનના પ્રતાપથી તે જ દેવલોકની અંદર પૂર્ણ આયુસહ ઉત્પન્ન થયાં અને ઉત્તમ સ્વર્ગસુખનો અનુભવ લેવા લાગ્યાં. આટલું શ્રીપાળચરિત્ર વર્ણવી અંતમાં શ્રેણીકરાજાની આગળ ગર્વરહિત પટ્ટધર ગૌતમસ્વામીએ કહ્યું કે તે પછી દેવલોકમાંથી નરભવ, નરભવમાંથી દેવભવ એમ ચાર વખત કરી નવમા ભવની અંદર શ્રીપાળમહારાજા, માતા કમળપ્રભા અને નવે રાણીઓ એ અગ્યારે પુણ્યભાજનજીવ મોક્ષમંદિરમાં મ્હાલી અખંડાનંદના ભોક્તા થશે.' એ સાંભળીને શ્રેણિક રાજા નવપદજીના મહિમામાં ઉલ્લાસવંત ભાવવાળા થઈ કહેવા લાગ્યા. " અહા ! આવો નવપદજીનો મહાન મહિમા છે ! ખચિત નવપદજીનું નામ, સ્તવન, ધ્યાન, ભવ રૂપી સમુદ્ર તરવાને જહાજ સમાનજ છે " આવા ઉદ્ગાર સાંભળી તે શ્રેણિકરાજા પ્રત્યે ફરીતે ગૌતમસ્વામીજીએ કહ્યું"—નવપદ પૈકી એક એક પદનીજ ભક્તિ કરવાથી દેવપાળ વગેરે પુણ્યશાળીઓએ સ્વર્ગસુખ, તીર્થંકર ગોત્ર વગેરે પ્રાપ્ત કરેલ છે એથી એ નવપદનો મહિમા સત્ય પ્રતિતી વંત છે. હે મગધદેશ પતિ !

નવપદજીના મહાત્મ્ય સંબંધી વિશેષ શું કહું પણ એ નવપદ પૈકી એક સમકિત દર્શન પદની ફક્ત ભકિત કરવાના પ્રતાપથીજ તમો પણ નિશ્ચય મનના ભાવ વડે તીર્થંકર ગોત્ર બાંધી આવતી ચોવીશીમાં પદ્મનાભજી નામના પહેલા તીર્થંકર થશો, એમાં જરા પણ શંકા નથી માટે સમકિત દર્શન પદની ભાવના વૃદ્ધિ સહ કાયમ રાખી આરાધનમાં લીન થજો.'! (૧-૬)

ગૌતમવચન સુણી ઇસ્યાં, ઉઠે મગધનરિંદ;
વધામણી આવી તદા, આવ્યા વીર જિણંદ. ૭
દેવે સમવસરણ રચ્યું, કુસુમવૃષ્ટિ તિહાં કીધ;
અંબર ગાજે દુંદુભિ, વર અશોક સુપ્રસિધ્ધ. ૮
સિંહાસન માંડયું તિહાં, ચામર છત્ર ઢલંત;
દિવ્ય ધ્વની દિયે દેશના, પ્રભુ ભામંડલવંત. ૯
વધામણી દેઈ વાંદવા, આવ્યો શ્રેણિકરાય;
વાંદી બેઠા પરખદા, ઉચિત થાનકે આય. ૧૦
શ્રેણિક ઉદ્દેશી કહે, નવપદ મહિમા વીર;
નવપદ સેવી બહુ ભવિક, પામ્યા ભવજલ તીર. ૧૧
આરાધનનું મૂળ જસ, આતમ ભાવ અછેહ;
તિણે નવપદ છે આતમા, નવપદ માંહે તેહ. ૧૨
ધ્યેય સમાપત્તિ હુયે, ધ્યાતા ધ્યાન પ્રમાણ;
તિણ નવપદ છે આતમા, જાણે કોઈ સુજાણ. ૧૩
લહી અસંગ કીયાબળે, જસ ધ્યાને જિણે સિધ્ધિ;
તિણે તેહનું પદ અનુભવ્યું, ઘટમાંહિ સકલ સમૃધ્ધિ, ૧૪

અર્થ:-આ પ્રમાણે ટંકશાળી વચનો સાંભળી આનંદ પૂર્ણ ચિત્તથી શ્રેણિક રાજા ગૌતમ ગુરૂશ્રીના પદ વાંદી જેવા ઉઠી ઉભા થઈ પોતાના પાટનગરતરફ વિદાય થવા લાગ્યા તેવામાં તો વનપાળકે આવી વારૂ વધામણી આપી કે "જગજીવોદ્ધારક શ્રી વીરપ્રભુજી ઉદ્યાનમાં આવી સમોસર્યા છે. દેવતાઓએ ત્રિગઢસહ સમોવસરણ રચ્યું છે. પંચ વરણ સુગંધી પુલોનો ઢીંચણ પ્રમાણ વર્ષાદ થયો છે. આકાશમાં દેવ દુદંભી ગાજી

રહેલ છે. પ્રસિદ્ધ શ્રેષ્ઠ અશોક વૃક્ષ શોભી રહ્યું છે. સિંહાસન સ્થાપેલા છે. તે પર પ્રભુજી બિરાજી દિવ્યધ્વની સાથ દેશના દઇ રહ્યા છે. પાછળ ભામંડળ બાર સૂર્યના તેજ સહિત ઝાજી રહેલ છે અને બાર જોડી ચામર છ જોડી છત્ર ચામર ઢળી શોભી રહેલાં છે." આ મુજબ અત્યાનંદકારી વધામણી મળી કે તે જ સમયે શ્રેણીકરાજા શ્રી વીરપ્રભુને વાંદવા ચાલ્યા અને પંચાભિગમ સાચવી વિધિ સહ પ્રભુપદ વંદન કરી બેઠેલી બાર ષર્ષદાની અંદર જ્યાં પોતાને બેસવું યોગ્ય હતું ત્યાં બેસી દેશના સાંભળવા લાગ્યા. કરારી દસ્તાવેજ થયા પછી મતા સાક્ષીની જરૂર હોવાથી નવપદજીના મહાત્મ્યની લગની રૂપ બોધનો ગૌતમસ્વામીદ્વારા શ્રેણિકરાજના મનપટ્ટમા દસ્તાવેજ તો લખાઇ ચુક્યો હતો એથી મતા સાક્ષી રૂપ નિશ્ચયપદ પામવા શ્રી વીરપ્રભુશ્રીએ તે નવપદજીના રંગ તરંગનેજ ઉત્તેજીત કરવા નવપદ વર્ણન સંબંધ શ્રેણિકરાજને ઉદ્દેશીનેજ પ્રકાશવું શરૂ કર્યું કે–હે મગધેશ ! નવપદજીના સેવન પ્રતાપથી ઘણાજ ભવિક મનુષ્યો સંસાર સાગર તરી પેલે પાર પહોંચી મોક્ષસુખના ભોક્તા થયા છે. જો કે નવપદજીના મૂળ આરાધન રૂપ તો અપાર આત્મ ભાવજ છે; તો પણ તેનું ખરૂં તત્વ વિરલાજ મેળવી શકે છે, માટે તે મેળવી નવપદારાધન કરવું; કેમકે નવપદ તેજ આત્મા છે અને નવપદની અંદર પણ એજ આત્મા પ્રગટ ભૂત છે. વસ્તુ ધ્યાવા લાયક છે તે ધ્યેય કહેવાય છે. તે ધ્યેયની સર્વ પ્રકારે સંપૂર્ણતા પામવા વડે ધ્યાતા જીવની ધ્યેય વસ્તુના ધ્યાનનું પ્રમાણપણું થાય છે, કેમકે ધ્યેયની પૂર્તિ વગર ધ્યાનની પૂર્તિ થતી નથી અને ધ્યાતાના ધ્યાનનું પ્રમાણ ધ્યેય સમાપ્તિવડેજ થાય છે એ માટે નવપદ તેજ આત્મા છે, એ ગુણ ગુહ્ય તત્વ કોઈ સુજાણ જનજ જાણે છે. શુકલ ધ્યાનના ચોથા પાયાના ધ્યાન વડે અસંગ ક્રિયા પ્રાપ્ત કરી તે ક્રિયાના બળથી નવપદમાંના જે પદની આરાધનાને લીધે જે જીવોએ સિદ્ધિ પ્રાપ્ત કરી તે પ્રાણીયે તેવુંજ પદ અનુભવ્યું એટલે કે અસંગ ક્રિયા વડે–યોગ નિયમ સહિત અરિહંત પદનું ધ્યાનારાધન કરવાથી તે આરાધકનો આત્મા અરિહંત રૂપ પદનોજ ભોક્તા થાય છે, એથી નિશ્ચય નય વડે સિદ્ધ થાય છે કે આત્મ ઘટની અંદરજ સર્વ પ્રકારની સિદ્ધિ સમૃદ્ધિઓ વિદ્યમાન છે. મતલબ કે જે સિદ્ધિયો મહાન કષ્ટ વેઠી આમ તેમ રખડી શોધન મેળવી સિદ્ધ કરવા ફાંફાં મારવા કરતાં પોતાના ઘટમાંજ રહેલી સિધ્ધિ મેળવવા યત્ન કરવામાં આવે તો બેશક તદ્રુપ થાય છે. પિંડમાં તે જ બ્રહ્માંડમાં છે માટે બ્રહ્માંડ ખોળ્યા કરતાં પિંડજ ખોલવો કે જેથી પોતાની મેળેજ સર્વ સિદ્ધિયોનો અનુભવી થવાય છે. જે જે જ્ઞાન લબ્ધિ કે જે જે

સિદ્ધિ સમૃદ્ધ છે તે તે ભૂગોળ ખગોળ ખોળતાં પ્રાપ્ત થતી નથી, પરંતુ અધ્યાત્મબળ વડે આત્મામાં તેની ખોળ કરવામાં આવે તો તે અવશ્ય પ્રાપ્ત થાય છે, માટેજ અધ્યાત્મબળ મેળવી આત્માનો શોધ કરી સકળ સિદ્ધિ સ્વાધીન કરવી

---

( ઢાળ બારમી–સ્વામી સીમંધર ઉપદિસે–એ દેશી. )

અરિહંત પદ ધ્યાંતોથકો, દવ્વહ ગુણ પજ્જાયરે;
ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપા થાયરે. ૧
વીર જિણેસર ઉપદિસે, સાંભળજો ચિત્ત લાઈરે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈરે. વી. ૨
રૂપાતીત સ્વભાવ જે, કેવળદંસણ નાણિરે;
તે ધ્યાતાં નિજ આતમા, હોયે સિદ્ધગુણ ખાણીરે. વી. ૩
ધ્યાતાં આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાનીરે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોયે પ્રાણીરે. વી. ૪
તપ સજ્ઝાયે રત સદા. દ્વાદશ અંગના ધ્યાતારે;
ઉપાધ્યાય એ આતમા, જગબંધવ જગભ્રાતારે. વી. ૫
અપ્રમત્તે જે નિત રહે, નવિ હરખે નવિ શોચેરે;
સાધુ સુધા તે આતમા, શું મૂડયે શું લોચેરે. વી. ૬
સમ સંવેગાદિક ગુણા, ખયે ઉપશમ જે આવેરે;
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવેરે. વી. ૭
જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપસમ તસ થાયરે;
તો હોયે એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાયરે. વી. ૮
જાણો ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાંહિ રમતોરે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતોરે. વી. ૯
ઈચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગેરે;
તપ તે એહિજ આતમા, વરતેનિજ ગુણ ભોગેરે. વી. ૧૦
આગમ નોઆગમતણો, ભાવ તે જાણો સાચોરે;
આતમભાવે થિર હોજો, પરભાવે મત રાચોરે. વી. ૧૧

અષ્ટ સકળ સમૃધ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખીરે;
તિમ નવપદ ઋધ્ધિ જાણજો, આતમરામ છે સાખીરે. વી. ૧૨
યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણોરે;
એહતણે અવલંબને, આતમધ્યાન પ્રમાણોરે. વી. ૧૩
ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરીરે;
વાણી વાચક જસતણી, કોઇ નયેં ન અધુરીરે. વી. ૧૪

અર્થઃ-( ગૌતમસ્વામીએ જે નવપદજીનો મહિમા નિશ્ચય નય આશ્રયિને વ્યવહાર દેશના રૂપ કથન કર્યો હતો તે ઉપદેશને હવે શ્રી વિરપ્રભુજી વ્યવહારનય આશ્રયિને નિશ્ચયનયરૂપ દેશના દેતાં યોગ કળા પ્રકાશે છે કે ) અનંત ચતુષ્ટમયનું વિચારવારૂપ દ્રવ્ય તથા જ્ઞાન દર્શનાદિ અનંત ગુણના વિચારવા રૂપ ગુણ અને અગુરૂ લઘુ આદિ પર્યાયપલટનનું વિચારવારૂપ પર્યાય એ ત્રણ પ્રકારવડે શ્રી અરિહંતપદને જો ધ્યાવામાં આવે તો શ્રી પરમાત્મા અરિહંત વચ્ચે ને માનવ આત્મા વચ્ચે જે તફાવત છે તે ભેદ ટળી જઈ અભેદપણું પ્રાપ્ત થતાં આત્મા તે જ પોતે અરિહંતરૂપ થાય છે. એટલે કે જે વસ્તુ તરફ નિશ્ચય મનની સબળ ભાવના અચળ ધ્યાનધારણાદિપૂર્વક જોડાઇ રહે તે વસ્તુરૂપજ પોતાનો આત્મા બને છે. સોબત તેવી અસર થાય એ પરંપરાનો નિયમજ છે! જ્યારે જગજંજાળને જલાંજળી દઈ ધ્યાનજાળમાં તદાકાર થવાય છે ત્યારે જે વસ્તુના સંગમાં લીન થવાયું હોય તે વસ્તુ તેની તલ્લીનતાને લીધે ઉપાસકને આપરૂપ ગુણ બક્ષી અભેદ બનાવે છે, એ નિર્વિવાદની વાર્ત્તા છે; પરંતુ જ્યાં લગી જે જીવે યોગ મહીમાના રહસ્યનો પૂર્ણપણે ઉંડા ઉતરી અનુભવ મેળવ્યો નથી ત્યાં લગી તે જીવ યા વાતને વગર આનાકાનીયે કહી પથ કબૂલ કરશે જ નહિ. ગામડીયો શહેનશાહતના સુખની સત્યતા શી રીતે અનુભવમાં લઈ શકે? કવિ કહે છે કે—શ્રી વીર જિનેશ્વરજી આ પ્રમાણે ઉપદેશ આપે છે તે ચિત્ત દઇને સાંભળજો અને નિશ્ચય કરજો કે આત્માના ધ્યાનવડેજ જ્ઞાન દર્શન ચારિત્રમય આત્માની સર્વ ઋદ્ધિ સમૃધ્ધિ આપીનેજ પ્રાપ્ત થાય છે, ( તે પછી બીજા પદસંબંધી સિધ્ધભગવાનનું વર્ણન કરે છે. ) જે સિધ્ધપ્રભુ રૂપરહિત—અરૂપિસ્વભાવવંત છે, તથા કેવળદર્શન અને કેવળજ્ઞાનમય છે, તે સિધ્ધભગવંતશ્રીને ધ્યાતાં સિધ્ધની ખાણ સરખો આત્માજ સિધ્ધસ્વરૂપી થઇ શકે છે. ( હવે આચાર્યપદ સંબંધમાં કહે છે. ) સૂરીમંત્રના જપનારા શુભધ્યાનધારી સારા આચાર્યને ધ્યાતાં પંચમસ્થાનને સાધતો આત્માજ આચાર્ય રૂપ થાય છે,' તે પાંચ સ્થાન એ છે કે વિદ્યાપીઠ, સૌભાગ્યપીઠ,

લક્ષ્મીપીઠ, મંત્રરાજ પ્રયોગપીઠ અને સુમેરૂપીઠ, તે પૈકી વિદ્યાપીઠનો મંત્ર બાર પદનો, વર્દ્ધમાનવિદ્યા વગેરે સૂરિમંત્ર સવાકોટિ જાપસહિત જપવું, સાધવું, કોટિસૂત્રના જ્ઞાતા થવું. તથા સૌભાગ્યપીઠમાં પણ ઉપર પ્રમાણે મંત્રજાપાદિ કરી સમસ્ત માનવને વહાલું થવું અને આદેયવચનવંત થવું તેમજ લક્ષ્મી પીઠમાં પણ તે જ મંત્રારાધન કરી રાજાદિને વશીભૂત કરી મહિમાવંત થવું મંત્રરાજ પ્રયોગપીઠમાં પણ તે જ મંત્રના આરાધનવડે સઘળી ઇતિ એટલે કે-જ્યાં જેટલા ઈંચિ વરસાદની જરૂર હોય ત્યાં તેટલોજ વરસાદ થાય, વરસાદની અછત ન થાય, પાકેલું ધાન તીડ આવીને ન ખાઇ જાય, ઉંદર પેદા થઈ ધાનના છોડવાને કાપી ન ખાય, પંખીઓ ખેતીનો નાશ ન કરે, જ્યાં વિચરતા હોય ત્યાંના રાજા કે બીજી હદના રાજાના લશ્કરની ધમાધમનો ભય ન થાય; એ સાત જાતની ઈતિ-ઉપદ્રવ, તથા કામણદુમણ મારણમોહન વશ્યાદિ પરાયાનાં કરેલાં ન ચાલી શકે અને સુમેરૂપીઠમાં તે જ મંત્રપ્રયોગવડે ઈંદ્રાદિદેવો પણ જેને માનની નજરેથી નિહાળે; ગૌતમસ્વામી વગેરેની પેઠે લબ્ધિવંત થાય અને અજેય-અજિત હોય તે પાંચ પ્રસ્થાનધારક આચાર્ય મહારાજનું ધ્યાન કરવાની લીનતામાં આત્માજ સ્વયંમેવ આચાર્યરૂપ થાય છે. ( હવે ઉપાધ્યાયજી સંબંધમાં કથન કરે છે ) જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદસહિત તપસ્યા કરનારા, સ્વાધ્યાય ધ્યાનમાં હમેશાં લગનીવંત રહેનારા, દ્વાદશાંગીના ધ્યાતા અને જગતજીવમાત્રના સુમિત્ર તથા ભાઇ સરખા ઉપકારી જે ઉપાધ્યાજી છે તેમનું ભાવનાની સુરતાસહિત યોગમાર્ગમાં સ્થિત રહેતાં આત્માજ આત્માના ગુણની શોધ વડે ઉપાધ્યાયરૂપ બને છે. ( પંચમપદ સાધુજીના સંબંધમાં કહે છે ) જે સાધુ હંમેશાં સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકને અવલંબી જીવન ગુજારી રહેલ છે, પ્રમાદ ગુણઠાણાની આચરણા કરતા નથી, સ્તવના કરવાથી હર્ષ અને નિંદા કે ઉપદ્રવ કરવાથી નારાજ થતા નથી તે સાધુમહારાજનું ધ્યાન ધરવું, નહીં કે માત્ર વેષધારી સાધુનું ધ્યાન ધરવું ! કેમકે કંઈ માથું મુંડાવ્યે કે લોચ કરાવ્યે સાધુપદના ગુણોની પ્રાપ્તિ થઇ શકતી નથી ! એ તો કાયાકષ્ટ છે. સત્યગુણ તો જે ઉપર કહ્યા તે છે, તે ગુણ ધરનારા સાધુજીનું ધ્યાન ધરવાથી વિશ્વ દૃષ્ટિવંત થઇ આત્મા પોતેજ સાધુ સ્વરૂપી થાય છે. ( હવે સમકિત દર્શન પદ સંબંધમાં કહે છે. ) જે દર્શનપદ સમ સંવેગ વગેરે શબ્દથી નિર્વેદ અનુકંપા અને આસ્તિકતા એ પાંચ ગુણ ક્ષય ઉપશમના પ્રભાવ વડે પ્રાપ્ત થઇ શકતાં સમ્યક્ત્વદર્શનની પ્રકટતા થાય છે તે સમકિત દર્શન કહેવાય છે નહીં કે નામધારી એટલે નામનાજ સમકિવંત ગણાવાનો ડોળ રાખવાથી સમકિતી થવાય છે !

તેવું સમકિત સ્વરૂપ આત્મા પોતેજ સમકત્વ ધ્યાનની લીનતા વડે પ્રાપ્ત કરી શકે છે. ( હવે જ્ઞાનપદ સંબંધમાં કથન કરે છે ) જે જ્ઞાન વડે જ્ઞાનાવરણીય કર્મની પાંચ પ્રકૃતિ પૈકી કેટલીક પ્રકૃતિયો ક્ષય થાય ને કેટલીક ઉપશમ થાય તો ખુદ આત્માજ જ્ઞાનરૂપ થઇ અબોધતાનો અંત કરી શકે છે. ( ચારિત્ર સંબંધમાં વર્ણન કરતાં કહે છે કે ) જે આત્મા વિભાવથી એટલે કે પોતાને ન છાજતા ભાવોથી વિરામ પામ્યો–પાછો હઠી બંધ પડયો અને પોતાના સ્વભાવમાં રમણ કરતો સારી લેશાઓથી શોભાવંત બની ફરીને મોહરૂપ જંગલમાં ન ભટકનારો થાય તે આત્મા ચારિત્રરૂપ થયોજ જાણવો. ( હવે તપ પદ વિષે કહેતાં પ્રભુશ્રી કથન કરે છે કે ) જે આત્મા સમતા રૂપ બની સમતાના યોગની અંદર આત્મ પરિણતિવંત થાય તો તે આત્મા નિજ પરિણતીના યોગવડે સંવર ગુણના આદરવાથી ઇચ્છાને રોકી પાડે, તથા પોતાના મૂળ ગુણોનો ભોકતા થઈ કંડકને કમી કરી ક્ષમાના કંડકને વધારી દે તો ખુદ તેવો આત્મા આત્મબળ યોગે તપ સ્વરૂપજ થાય છે; માટે સિદ્ધાંત ભણવા તે શ્રુતજ્ઞાન વગર અન્ય ચાર જ્ઞાન જાણવાં તે નોઆગમ, કિંવા જ્ઞાની અનુપયોગી તે આગમ અને જ્ઞાની ઉપયોગી તે નોઆગમ કહેવાય છે–એ આગમ નોઆગમનો ભેદ અને તેના સાચા ભાવ જાણી લઈ ચપળતા મટાડીને હે ભવિજનો ! તમો પરભવમાં રૂચિવંત ન થતાં ફક્ત આત્મભાવની ભૂમિકામાંજ કાયમ થજો કે જેથી આત્મકલ્યાણની વૃદ્ધિ થઇ અંતે અખંડાનંદના ભોકતા થવાય. અર્થાત્ આગમવડે ભાવનિખેપાને અવલંબી અરિહંતશ્રીના ઉપયોગવડે તે ધ્યાનમાં લીન થવાથી ધ્યાનલીન જીવ ઋજુસૂત્ર નયપ્રભાવે અરિહંત કહેવાય છે, માટેજ અરિહંત પદને ધ્યાનાર અરિહંત નિપજાવનારનેજ અરિહંત કહેવાય એમ નવેપદની ભાવના કરવી. કેમકે અષ્ટસિદ્ધિ નવનિધિ વગેરેની સર્વ સમૃદ્ધિ આત્માની અંદરજ ગુપ્તપણે રહેલી છે. તેમજ નવેપદની ઋદ્ધિ પણ આત્મામાંજ છુપાઇ રહેલી છે. તે સકળ સમૃદ્ધિયોને આધ્યાત્મના શોધબળથી શોધી પ્રકટ કરી તેના ભોકતા થવું કે જેથી ખુદ આત્મારામ-સત્ચિત ને આનંદરૂપ સચ્ચિદાનંદજ સાક્ષીભૂત થઇ સર્વ ગુપ્ત સત્તાને માલિક બનાવવા મદદગાર થશે. જો કે આત્માશુદ્ધ થવા સંબંધમાં જિનેશ્વર દેવે સંખ્યા વગરના યોગ–ઉપાય કહ્યા છે, તથાપિ તે બધા યોગો પૈકી આ નવપદ આરાધન યોગ સર્વમાં મુખ્યતા ધરાવે છે માટે આ નવપદના આલંબન સહિત આત્મધ્યાન કરવું તેજ પ્રમાણ છે. ( કવિ કહે છે કે શ્રીપરમાત્માની કહેલી વાણી અગર મેં કહી બતાવેલી વાણી સાતે નય સમ્મત છે; નહીં કે એકે નયથી અપૂર્ણ છે તો તેવી પૂર્ણ નય ગર્ભિત

ગુણીવંત શ્રીપાળજીના રાસની અંદર ચોથા ખંડની બારમી ઢાળ પૂર્ણ થઇ તે એજ બોધ આપે છે કે નવપદનું ધ્યાન કે જે સર્વોત્તમ આત્મશુદ્ધિનું સાધન છે માટે એનુંજ આરાધન કરો.) (૧-૧૪)

(દોહા છંદ.)

વચનામૃત જિન વીરનાં, નિસુણી શ્રેણિકભૂપ;
આનંદિત પહોતો ઘરે, ધ્યાતો શુદ્ધ સ્વરૂપ. ૧
કુમતિતિમિર સવિ ટાળતો, વર્દ્ધમાન જિનભાણ;
ભવિક કમલ પડિબોહતો, વિહરે મહિયલ જાણ. ૨
એ શ્રીપાળ નૃપતિ કથા, નવપદમહિમા વિશાળ;
ભણેગુણે જે સાંભળે, તસ ઘર મંગળમાળ. ૩

**અર્થઃ**—આ પ્રમાણે શ્રી વીર પ્રભુજીનાં અમૃતથી પણ અધિક મિષ્ટ જીવનદાતા સર્વ રોગશાંતક વચનો સાંભળીને સમકિત સાધક શ્રેણિક રાજા શ્રી વીરજીને નમસ્કાર કરી હર્ષ સહ રવાના થઈ પોતાના રાજમહાલયમાં જઇ પહોંચ્યા અને ચિત્તની અંદર શુદ્ધ સ્વરૂપ ચિદ આનંદના સમુહ ધ્યાતો સમય વ્યતિત કરવા લાગ્યો. કેવળ જ્ઞાન રૂપ સૂર્ય પ્રકાશ વડે અજ્ઞાનરૂપ અંધિકારને દૂર કરતા તથા ષટ્દ્રવ્યરૂપ કેવળ સૂર્યના કિરણો વડે ભવિકજનોના હૃદય કમળોને વિકશ્વર કરતા જિનભાણુ શ્રી વીરજિનેશ્વરજી પણ પૃથ્વી તળને પાવન કરવા વિહાર કરી વિચરવા લાગ્યા. કવિ કહે છે કે આ શ્રીપાળ મહારાજાની કથા નવપદજીના વિશાળ મહિમા યુકત મેં આપ શ્રોતાગણુ અગાડી અથશ્રી ઇતિ લગી કહી સંભળાવી છે એ કથાને જે કોઇધર્મપ્રેમીજન સાંભળશે-વાંચશે મનન કરશે તેના ઘરની અંદર નવપદજીના અધિષ્ઠાયક દેવ. મંગળમાળા વિસ્તારશે. (એટલું કહી હવે કરેલા પ્રયાસ સંબંધમાં પુનઃકવિ કહે છે કેઃ–) (૩)

(ઢાળ તેરમી–રાગ ધનાશ્રી–થુણિયો થુણિયોરે પ્રભુ તું સુરપતિ જિન થુણિયો–એ દેશી)

તૂઠો તૂઠોરે મુઝ સાહિબ જગનો તૂઠો;
એ શ્રી પાળનો રાસ કરંતાં, જ્ઞાન અમૃતરસ વૂઠોરે. મુ. ૧
પાયસમાં જિમ વૃદ્ધિનું કારણ, ગોયમનો અંગૂઠો;

જ્ઞાનમાંહિ અનુભવ તિમ જાણો, તે વિણ જ્ઞાન તે જૂઠોરે.
મુઝ સાહિબ જગનો તૂઠો. ૨
ઉદકપયોમૃતકલ્પજ્ઞાન તિહાં, ત્રીજો અનુભવ મીઠો;
તે વિણ સકળ તૃષા કિમ ભાંજે, અનુભવ પ્રેમ ગરીઠોરે.
મુજ સાહિબ જગનો તૂઠો. ૩
પ્રેમતણી પરે શીખો સાધો, જોઈ સેલડી સાંઠો;
જિહા ગાંઠ તિહાં રસ નવ દીસે, જિહાં રસ તિહાં નવિ ગાંઠોરે. મુ. ૪
જિનહી પાયા તિનહી છિપાયા, એ પણ એક છે ચીઠો;
અનુભવ મેરૂ છિપે કિમ મહોટો, તેતો સઘળે દીઠોરે.
મુજ સાહિબ જગનો તૂઠો. ૫
પૂરવ લિખિત લિખે સવિ લેઇ, મિસી કાગળ ને કાંઠો;
ભાવ અપૂરવ કહે તે પંડિત, બહુ બોલે તે બાંઠોરે. મુ. ૬
અવયવ સવિ સુંદર હોય દેહેં, નાકેં દીસે ચાઠો;
ગ્રંથજ્ઞાન અનુભવ વિણ તેહવું, શુક જિસ્યો મુતપાઠોરે.
મુજ સાહિબ જગનો તૂઠો. ૭
સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાનેં, અનુભવ નિશ્ચય જેઠો;
વાદવિવાદ અનિશ્ચિત કરતો, અનુભવ વિણ જાય હેઠોરે.
મુઝ સાહિબ જગનો તૂઠો. ૮
જિમજિમ બહુશ્રૂત બહુજનસંમત, બહુલ શિષ્યનો શેઠો;
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ અનુભવ નેઠોરે.
મુજ સાહિબ જગનો તૂઠો. ૯
માહરે તો ગુરૂચરણપસાયેં, અનુભવ દિલમાંહિ પેઠો;
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહિ, આતમ રતિ હુઇ બેઠોરે.
મુઝ સાહિબ જગનો તૂઠો. ૧૦
ઉગ્યો સમકિત રવિ ઝલહલતો, ભરમતિમિર સવિનાઠો;
તગતગતા દુર્નય જે તારા, તેહનો બળ પણ ઘાઠોરે, મુ. ૧૧
મેરૂધીરતા સવિ હર લીની, રહ્યો તે કેવળ ભાઠો;
હરિ સુરઘટ સુરતરૂકી શોભા, તેતો માટી કાઠો રે. મુ. ૧૨
હરખ્યો અનુભવ જોર હતો રજે, મોહમલ્લ જગ લુંઠો;

પરિ પરિ તેહના મર્મ દેખાવી, ભારે કીધો ભૂંઠો રે. મુ. ૧૩
અનુભવગુણ આવ્યો નિજઅંગે, મિટયોરૂપનિજ માઠો;
સાહિબ સન્મુખ સુનજર જોતાં, કોણ થાયે ઉપરાંઠોરે.
મુઝ સાહિબ જગનો તૂઠો. ૧૪
થોડે પણ દંભે દુખ પામ્યા, પીઠ અને મહાપીઠો;
અનુભવવંત તે દંભ ન રાખે, દંભ ધરે તે ધીઠો રે. મુ. ૧૫
અનુભવવંત અદંભની રચના, ગયો સરસ સુકંઠો,
ભાવ સુધારસ ઘટઘટ પીયો. હુઓ પુરણ ઉતકંઠોરે, મુ. ૧૬

અર્થઃ—મને સકળ જગતના પતિ શ્રી જિનેશ્વરદેવ ખચિત તુષ્ટમાન થયા છે એમ માનું છું કેમકે શુભકાર્યની પૂર્ણાહુતિ થવી એ પ્રભુની પ્રસન્નતાનુંજ કારણ છે, એટલે કે જે શુભ કાર્ય આદર્યું હોય તે નિર્વિઘ્નપણે પૂર્ણ થવું એ પોતાના ઇષ્ટદેવના અધિષ્ઠાયકોની પ્રસન્નતા જ છે, અને એથીજ આ શ્રીપાળજીની રાસ રચનામાં જ્ઞાનરૂપી અમૃતનો વરસાદ વરસ્યો છે, જેથી અજ્ઞાન રૂપ રજનીની તદ્દન અછત થઇ ગઈ છે. જેમ ખીરની અંદર ગૌતમસ્વામીનો અંગૂઠો ખીરની વૃદ્ધિનુંજ કારણ થઇ રહેલ હતો, એટલે કે અષ્ટાપદ પર્વતની યાત્રાએ જતાં ક્ષીરાશ્રવલબ્ધિ બળથી એક ન્હાના પાત્રમાં ખીરભોજનની અંદર પોતે અંગુઠો દાખલ કરી તે જરા ખીરવડે પંદરસો ત્રણ તાપસને જમાડી તૃપ્ત કર્યા, પરંતુ તે ખીરને વધારનાર કારણરૂપ ગૌતમસ્વામીજીનો અંગૂઠોજ લબ્ધિરૂપ હતો, તેમ જ્ઞાનની અંદર જ્ઞાનવૃદ્ધિનું કારણ અનુભવજ્ઞાનજ છે તે અનુભવજ્ઞાન વગર સર્વજ્ઞાન મિથ્યાજ સમજવું (અનુભવ એજ મહોટો મહેતાજી છે !) જ્ઞાન ત્રણ જાતનાં છે એટલે કે પહેલું ઉદકકલ્પ જ્ઞાન છે તેના અનુભવ વડે, જેમ પાણી પીવાથી તરસ છીપે; પણ થોડીવાર પછી તરશ લાગે છે, તેમ વ્યાકરણ, શબ્દ, કાવ્ય, શાસ્ત્ર વગેરે લૌકિક–પ્રાકૃત, ચારિત્રાનુવાદ, કથાનક, ચોપાઇ, રાસ ભાષા આદિ શાસ્ત્રથી થોડો વખત શાંતિ મળે છે, ગ્રંથો ભણે વાંચે ત્યાં લગીજ રસ પડે; પરંતુ તે પછી કશો રસ પ્રાપ્ત થતો નથી. બીજું પયઃકલ્પ જ્ઞાન છે તેના અનુભવ વડે, જેમ દૂધ પીવાથી થોડો વખત ભૂખ ને તરશ બેઉ શાંત થાય, તથાપિ થોડો સમય વીત્યાબાદ ફરી ભૂખ તરશ લાગે, તેમ આગમ–સૂત્ર સિદ્ધાંતના ઉપયોગ રહિતનું જ્ઞાન પણ થોડો વખત શાંતિ આપે છે. ત્રીજું અમૃતકલ્પ જ્ઞાન છે તેના અનુભવવડે જેમ

અમૃત પીવાથી ભૂખ તરશ, રોગ, શોક, ઉપદ્રવ, વ્યાધિ; વગેરે તમામ નાશ પામે એટલુંજ નહી પણ તે ફરીને ઉદય થવાજ ન પામે, તેની બરાબર ત્રીજું અનુભવ જ્ઞાન મીઠું છે. માટેજ અનુભવ જ્ઞાન વગર અનાદિ સમયની તમામ ભવભ્રમણારૂપ તરશ શી રીતે છીપી શકે? એ વાસ્તે અનુભવનો પ્રેમ છે તેમ મહાન છે; તો તેને જેમ સાંસારિક પ્રેમની ઐકયતા કરવા લેવું, દેવું, ખાવું, ખવરાવવું આદિ નિયમો ઉપયોગમાં લેવા પડે છે તેમ અનુભવ તલ્લીન થવા માટે તેના નિયમો શીખો સાધો અને શેલડીના સાંઠાને નિહાળી તે તત્વને મનન કરો; એટલે કે જેમ શેલડીના સાંઠાની અંદર જ્યાં ગાંઠ છે ત્યાં રસ નથી જ્યાં રસ છે ત્યાં ગાંઠ નથી, તેમ જ્યાં અનુભવ હોય ત્યાં શંકાગ્રંથી ન હોય અને શંકાગ્રંથી હોય ત્યાં અનુભવ રસ ન હોય; અગર તો જ્યાં કર્મ રૂપ ગાંઠ હોય ત્યાં અનુભવ રસ ન હોય અને જ્યાં અનુભવ રસ હોય ત્યાં કર્મ રૂપ ગ્રંથી ન હોય માટેજ ગ્રંથનો ત્યાગ કરી અનુભવને આદર દેવો. કેટલાક કહે છે કે જેણે અનુભવ રસ પ્રાપ્ત કર્યો તેણે પ્રસિદ્ધમાં ન મૂકતાં છુપાવી રાખ્યો જેથી પ્રકટ થવા પામ્યો નથી, એ કહેવત પણ ચીઠ્ઠીપત્રી જેવી છે; કેમકે મેરૂપર્વત જેવો મહાન અનુભવરૂ મેરૂ છે છતાં તે છુપાવ્યો શી રીતે છુપી શકે! તે તો સર્વના જોવામાં આવેલ છે એમ જિનવચનથી સિદ્ધ થાય છે, વસ્તુત: દીઠામાં આવે છે, પરંતુ જેણે હાથ કરેલ છે તેણેજ તેનો ખરો આનંદ લૂટેલ છે, એથી જેણે પ્રાપ્ત કર્યો તેણે છુપાવ્યો એમ કહેવામાં આવેલ છે. શાહી, કાગળ ને લેખણ એ ત્રણે ચીજોના સાધનવડે આગળ લખાઇ કલ્પાઇ ગયેલી વાતોને પુન: લખે એ તો બધા લેખકો કરી શકે તેમ છે, પણ જે અગાડી કોઈ વખતે કોઇએ ન લખી કલ્પી હોય અને તે વાતનું રૂપ રૂચી તેમાં અપૂર્વ ભાવ ભરે તે જ સાચો લેખક ને પંડિત ગણાય છે. બહુ લખે કે બહુ ભાષણ કરે તેને પંડિત–લેખક નહીં, પણ લબાડી ગણવો. અપૂર્વ ભાવ ભરવા એ પૂર્ણ જ્ઞાનાનુભવ હોય તોજ બની શકે છે. જો કે શરીરની અંદર જેમ સઘળાં અંગ ઉપાંગ સુંદર હોય છતાં નાક ઉપર ચાઠું હોય તો તે બધી સુંદરતા બગાડી દે છે, તેમ બહુએ ગ્રંથ ભણ્યા જાણ્યા હોય છતાં તેનો અનુભવ ન મેળવ્યો હોય તો તે કંઠશોષ–ઘાંટા તાણવા કે ઘાંટા બેસાડવારૂપ માથાકુટ ગણાય છે. પોપટ અજ્ઞાની છતાં મનુષ્યની સોબતથી કૃષ્ણ ગોપી આદિ સારૂં બોલતાં શીખે, તથાપિ કૃષ્ણગોપીને ઓળખતો નથી જેથી તેનું નામસ્મરણ કંઠશોષ સરખુંજ થઈ પડે છે, તેની પેઠે જેને અનુભવજ્ઞાન ન હોય તો તેને બહુ ગ્રંથો જાણ્યા છતાં પણ મનના સંશય દૂર થાય નહીં તેના લીધે જાણવું શ્રમરૂપજ

થઇ પડે છે, માટેજ અનુભવજ્ઞાન એજ મહાન જ્ઞાન છે, કેમકે અનુભવ વગર પોતાના ધર્મની ચર્ચા અને પરમતની ખંડનારૂપ વિવાદની અંદર પણ વિતંડાવાદ–વ્યર્થ લવારો–પ્રમાણ વગરનું કથન ઉચ્ચારવાથી પરાજય થાય છે–ભોંઠો પડે છે એટલુંજ નહી પણ જે બહુ ભણેલ હોય; ઘણા લોકથી માન મેળવેલું હોય અને ઘણા શ્રેષ્ઠ શિષ્યોનો સ્વામી થઇ બેઠો હોય; તથાપિ અનુભવરસની ભેટ લેનારો ન થયો તો તે જૈનશાસનનો શત્રુજ ગણવાલાયક છે; કારણ અનુભવ વગર જે કરે તે લાભકારી નહીં પણ હાનિકારીજ નીવડે છે, જેથી પોતાનો છતાં પોતાની પાયમાલી કરનાર ગણાય છે. પરંતુ તે અનુભવે શ્રીગુરૂચરણ પ્રતાપવડે આપોઆપ મારા દિલમાં તો નિવાસ કર્યો જેથી સર્વ પ્રકારની ગુપ્તજ્ઞાનની ઋદ્ધિ સિદ્ધિ પ્રકટ ગઈ અને આત્માનંદમાં લીન થવાનો સમય સાનુકૂળ થયો. એના લીધે મારા મનમંદિરમાં સમકિતસૂર્યનો જળહળતો પ્રકાશ ઉદય પામ્યો કે ભ્રમ–શંકારૂપ અંધારાનો અંત આવ્યો; દુષ્ટ નયરૂપ તારાઓનું તેજ પણ નષ્ટ થઈ ગયું; કેમકે અનુભવજ્ઞાનીએ મેરૂની ધીરતા હરી લીધી, મતલબ કે અનુભવજ્ઞાનીનું ચિત્ત મેરૂ કરતાં પણ વિશેષ અચળ હોય છે જેથી મેરૂની ધીરતા તુચ્છ થઇ પડતાં તે મેરૂ કેવળ પથરાનો થઇ પડયો. તેમજ કામકુંભની અને કલ્પવૃક્ષની અચિંત્ય શકિતને પણ હરી લીધી જેથી તે કામકુંભ તદ્દન માટીના કુંભ જેવો અને કલ્પવૃક્ષ કેવળ લાકડાની સમાન થઇ પડયો; કેમકે તેઓમાંની અચિંત્યશક્તિ તો અનુભવજ્ઞાનીએ હરી લીધી એટલે પછી નિઃસત્વ થવાથી નકામાં થઇ પડે એમાં નવાઇ શી ? એ અનુભવજ્ઞાનબળથી મોહરૂપ મહાન પરાક્રમી મલ્લનું પણ જોર ભાંગી પડયું અને તેનાં વારંવાર છિદ્ર ઉઘાડી તેનું ભારે માનભ્રષ્ટ કરી તેને ભોંઠો પાડી દીધો, જેથી ફરી નજીકમાં પણ ન આવી શકે એવો બનાવ્યો, એ સઘળો પ્રતાપ ગુરૂ પ્રસાદથી પ્રાપ્ત થયેલા અનુભવનોજ છે. એ અનુભવ આત્મા સાથે લીન થયેલ હોવાથી કોઇનો હઠાવ્યો હઠી શકતો નથી. જ્યારે અનુભવના ગુણ મારા અંગમાં દાખલા થયા ત્યારે મારૂં અનાદિકાળનું ભવપરંપરા કરવારૂપ નઠારૂં રૂપ હતું તે દૂર ટળી ગયું એથી મારા સાહેબે સુનજર કરી સ્હામું જોયું ત્યાં પછી અન્ય કોણ સામે થઈ શકે કે વિરોધી બની શકે ? કોઇ કહેશે કે આ કથન કવિએ આપ વખાણરૂપ ગર્વભર્યાં કહ્યાં છે, તો તેના સમાધાન માટે કહીશ કે પોતાની કોઇ વાત જગતજનોથી છુપાવી રાખવી એમાં પણ હું દંભીપણું માનું છું. થોડું પણ કપટ કરવાથી પીઠ અને મહાપીઠ મહા દુઃખ પામ્યા. ધર્મમાં પણ કપટ કરવું એ અતિ દુખદાયક છે, જુઓ કે ધર્મની અંદર કપટ કરવાથી તે

એઉ જણ સ્ત્રીવેદ પામ્યા. એ માટે થોડો પણ દંભ કપટ રાખ્યા વગર જે મેં જાણ્યું અનુભવ્યું છે તે પરોપકાર નિમિત્ત જાહેર કરી દઉં છું, અનુભવીએ કપટ ન રાખવું જોઇએ, તથાપિ અનુભવી થયા છતાં જે કપટ રાખે છે તે મહામૂર્ખ ગણાય છે. અનુભવવંતની તો રચના કપટ વગરનીજ હોવી જોઈએ, એથીજ મેં કપટરહિત સુકંઠસહ આ શ્રીપાળચરિત્રની રચના કરી છે, તે અમૃતધારા ચરિત્રામૃતને હે શ્રોતાજનો ! પી પીને પૂર્ણ તૃપ્ત થાઓ ! (૧-૧૯)

---

( કળશ-રાગ ધનાશ્રી )

તપગછનંદન સુરતરૂ પ્રગટીયા, હીરવિજય ગુરૂરાયાજી;
અકબરશાહેં જસ ઉપદેશેં, પડહ અમારિ વજાયાજી. ૧
હેમસૂરી જિનશાસનમુદ્રાયેં, હેમસમાન કહાયાજી;
જાયો હીરો જે પ્રભુ હોતાં, શાસન સોહ ચઢાયાજી. ૨
તાસ પટેં પૂર્વાચલ ઉદયો, દિનકરતુલ્ય પ્રતાપીજી;
ગંગાજલ નિર્મલ જશ કીરતિ, સઘલે જગમાંહિ વ્યાપીજી. ૩
શાહ સભામાંહે વાદ કરીને, જિનમત થિરતા થાપીજી;
બહુ આદર જસ શાહે દીધો, બિરૂદ સવાઈ આપીજી. ૪
શ્રી વિજયસેનસૂરિ તસ પટધર, ઉદયા બહુ ગુણવંતાજી;
જાસ નામ દશદિશિ છે ચાવું, જે મહિમાયે મહંતાજી. ૫
શ્રી વિજયપ્રભ તસ પટધારી, સૂરિ પ્રતાપે છાજેજી;
એહ રાસની રચના કીધી, સુંદર તેહને રાજેજી. ૬
સૂરી હીરગુરૂની બહુ કીરતિ, કીર્તિવિજય ઉવઝાયાજી;
શિષ્યતાસશ્રીવિનયવિજયવર, વાચક સુગુણ સોહાયાજી. ૭
વિદ્યાવિનય વિવેક વિચક્ષણ, લક્ષણલક્ષિત દેહા;
શોભાગી ગીતારથ સારથ, સંગત સખર સનેહાજી. ૮
સંવત સતર અડત્રીસા વરષે, રહી રાંદેર ચોમાસેજી;
સંઘ તણા આગ્રહથી માંડયો, રાસ અધિક ઉલ્લાસેંજી. ૯
સાર્દ્ધ સસ શત ગાથા વિરચી, પહોતા તે સુરલોકેંજી;
તેના ગુણ ગાવે છે ગોરી, મિલિ મિલિ થોકેં થોકેંજી. ૧૦

તાસ વિશ્વાસભાજન તસપૂરણુ, પ્રેમ પવિત્ર કહાયાજી;
શ્રી નયવિજયવિબુદ્ધ પયસેવય, સુજસવિજય ઉવઝાયાજી. ૧૧
ભાગ થાકતો પૂરણ કીધો, તાસ વચન સંકેતેંજી;
તિણે વળી સમકિત દૃષ્ટિ જે નર, તેહ તણે હિતહેતેંજી. ૧૨
જે ભાવેં એ ભણશે ગુણશે, તસ ઘર મંગળમાળાજી;
બંધુર સિંધુર સુંદર મંદિર, મણિમય ઝાકઝમાળાજી. ૧૩
દેહ સબળ સસનેહ પરિચ્છદ, રંગ અભંગ રસાળજી;
અનુક્રમેં તેહ મહોદય પદવી, લહેશે જ્ઞાન વિશાળાજી. ૧૪

ઇતિ શ્રીમન્મહોપાધ્યાયકીર્તિવિજય ગણિશિષ્યોપાધ્યાય શ્રી વિનયવિજયગણિ વિરચિતે શ્રી શ્રીપાળચરિત્રે પ્રાકૃતે પ્રબંધે તન્મધ્યે ઉપાધ્યાય શ્રીયશોવિજયગણિપરિતે અયં ચતુર્થ: ખંડ: સંપૂર્ણ: તત્સમાપ્તો સમાપ્ત: શ્રીપાળરાસ: સર્વ ખંડ ચાર તત્ર પ્રથમખંડે ઢાલ અગીઆર, દ્વીતીયખંડે ઢાળ આઠ, તૃતીયખંડે ઢાળ આઠ, ચતુર્થખંડે ઢાળ ચૌદ, સર્વ ઢાળ એકતાળીશ, તન્મધ્યે ગાથા ૧૨૫૧ ગ્રંથાગ્રંથ શ્લોક ૧૮૨૫

અર્થ:-(હવે કવિ પોતાની ગુર્વાદિપરંપરાનું વર્ણન કરે છે.) તપગચ્છ રૂપ આનંદકારી નંદનવનની અંદર જિજ્ઞાસુ ઉપાસકોની સકળ મનકામના પૂર્ણ કરનારા કલ્પવૃક્ષ જેવા શ્રી હીરવિજયસુરિજી પ્રગટ થઇ આસુરી સંપત્તિવાળા મુગલવંશભૂષણ અકબરશાહને જૈનધર્મની પ્રશંસનીય ફિલોસોફી સમજાવી અહિંસાધર્મ (જીવદયા મૂળધર્મ) ને અમલમાં આણ્યો. જો કે ચાલુકયકુલ કમલદિવાકર રાજ રાજેશ્વર મહારાજા કુમારપાળ પ્રતિબોધક શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ કે જે જૈનશાસનરૂપ મુદ્રા-વીંટીને કમનીય કરવા હેમ-સુવર્ણ સરખા નિવડયા હતા, તે સુવર્ણ વીંટીને અતિ વિશેષ કીમતી બનાવવા જાતિવંત હીરા જેવા હીરસૂરીજી થયા, જેથી શાસનની અત્યંત જાહોજલાલી જાહેરમાં આવી. મતલબ કે હેમાચાર્યજીએ આર્ય રાજાને દયાધર્મનો મર્મ સમજાવી ભારતના પશુ પક્ષી વગેરેને અભયતા અપાવી હતી, પણ હીરસુરીજીએ તો અનાર્ય મુગલેશને દયામય ધર્મનું રહસ્ય સમજાવી આર્યાવર્ત્તના જીવોને અભયતા અપાવી; માટે હેમની વીંટી જેવા હેમાચાર્યજીની કૃતિને વિશેષ કિમતી કરનાર ઉંચી ખાણના હીરા જેવા હીરસૂરિજી નીવડી તેમણે અધિક જઇનોન્નતિ કરી. તે

હીરસૂરિજી મહારાજને અકબર શાહે જગદ્‌ગુરૂની પદવી બક્ષી હતી; પરંતુ હીરાની ખાણમાં હીરાજ નીપજવા સરખા હીરસૂરિના પાટે વિજયસેનસૂરિજી થયા કે જે ઉદયાચલ પર ઉદય પામનારા બાળ સૂર્ય સરખા સુખદર્શનવંત હોઇ અકબરશાહની સભા મધ્ય અન્યદર્શનીઓના ધર્મતત્ત્વોની ફિલસોફી ભૂલ ભરેલી બતાવી જૈનધર્મની ફિલસોફી (તત્ત્વજ્ઞાન) ઉત્તમ છે એમ પ્રમાણ સહ સિદ્ધ કરી બતાવ્યું જેથી બાદશાહે અતિ આદરસત્કાર પૂર્વક ગુરૂરાજ હીરસૂરિજીને આપેલી જગદ્‌ગુરૂની પદવી છતાં તેમને સવાઇની પદવી ઇનાયત કરી, એ સબબના લીધે તેમની ગંગાજળ જેવી નિર્મળ યશકીર્તિ વિશ્વમાં વિસ્તરતાં જૈન શાસનને અધિક મહત્તા પ્રાપ્ત કરાવી. તેમના પાટે અત્યંત ગુણવંત મહીમાવંત મહંત વિજયપ્રભસૂરિજી થયા કે જેમના નામની ખ્યાતિ દિગંત લગી પ્રકાશમાં આવી હતી તે સુરિજીના સમયમાં સુંદર શ્રીપાળજીના રાસની રચના કરી.

હીરસૂરિજીની પટાવળી કહેવાનો હેતુ એજ કે હું પોતે તે હીરસૂરિજીની શિષ્યસંતતી છું એટલે કે તે હીરસૂરિજીના મુખ્ય શિષ્ય ઉપાધ્યાયજી કીર્તિવિજયજી કે જેમની બહુજ સુકીર્તિ વિસ્તરેલી હતી, તે ઉપાધ્યાયજીના આજ્ઞાનુયાયી શિષ્ય ઉપાધ્યાયજી થયા કે જે સદ્‌ગુણી ને સર્વને પસંદ પડતા સ્વભાવવાળા તથા વિદ્યા, વિનય ને વિવેકમાં વિચક્ષણ, ઉત્તમ લક્ષણવંત શરીરવાળા, સૌભાગ્યવંત, ગીતાર્થપણાને સાર્થક કરનારા, સારી સોબતમાં આનંદ માનનારા અને સારા સ્નેહાળ હતા. તે વિનયવિજયજીએ સંવત ૧૭૩૮ની સાલમાં તાપી નદીના તીર પરના રાંદેર શહેરમાં ચોમાસુ રહી સંઘના આગ્રહથી અધિક ઉલ્લાસ સહિત આ શ્રીપાળજીના રાસની શરૂઆત કરી; પરંતુ સાડા સાતસેં ગાથાઓ રચાયા બાદ આયુક્ષીણ થનારી કર્મપ્રકૃતિના સંયોગ વડે પોતાની શરીરસંપત્તિ નાશ પામવાનું કારણ જાણ્યું જેથી મને તે બાકી રહેલો રાસ પૂર્ણ કરવાનું કહી તેમણે સુભાવના સુકત કાળધર્મને આદર આપ્યો. આવાં શુભકાર્યના કર્તા હોવાથી તે વિનયવિનયજી ઉપાધ્યાના અમર આત્માના સૌભાગ્યવંત સ્ત્રીઓના ટોળે ટોળાં ગુણગાન કર્યા કરે છે. મજકુર વિનયવિજયજીના પૂર્ણ વિશ્વાસપાત્ર પવિત્ર પ્રેમી વિનયવિજયજી ઉપાધ્યાયજીના ચરણકમળ સેવનાર યશોવિજયજી ઉપધ્યાય કે જે હું તેણે તે વિનયવિજયજીની ભલામણથી તથા સમકિતવંતોના હીતની ખાતર આ શ્રીપાળજીના રાસનો બાકી રહેલો ભાગ સંપૂર્ણ કર્યો. આ રાસને જે સત્ય ભાવ સહિત ભણશે ગણશે તેના ઘરમાં શ્રી સિદ્ધચક્ર ભગવાનના અધિષ્ઠાયક દેવ માંગળિકની માળા ફરશે, તેમજ મોટા હાથીઓ તેના આંગણામાં ઝુલશે, સુંદર મંદિર–મહેલો તથા મણિ-

રત્ન જડાવનાં ઝાકઝમાલ મુકુટમંડળ વગેરે આભૂષણો, ભાગ્યવાન નીરોગી શરીર, પ્રેમાળ પરીવાર તથા અખંડ આનંદ પ્રાપ્ત કરી અંતે મહોદય વિશાળ જ્ઞાનલક્ષ્મીપૂર્ણ મોક્ષ પદવીના ધણી થશે. (૧–૧૪)

ઇતી શ્રી શ્રીપાળચરીત્રના રાસની અંદર શ્રીપાળજી અને અજીતસેન વચ્ચે મચેલું યુદ્ધ, વૈરાગ્યપ્રાપ્તિથી અજીતસેનજીએ અંગીકાર કરેલી જૈનદીક્ષા, શ્રીપાળજીએ તેમના સદ્ગુણોની કરેલી સ્તુતિ, ન્યાયનીતિયુકત પાળેલ રાજ્ય, અજીતસેન રાજર્ષિનો સદ્ઉપદેશ તથા કર્મવિપાક, ઈષ્ટદેવપરની શ્રીપાળજીની અનન્ય આસ્તા, ઉજમણા મહોત્સવ, ઇષ્ટદેવની ગુણસ્તવના અને અંતમાં શુદ્ધોપાસકોનું સ્વર્ગગમન વગેરે વર્ણન સહીત ગુજરાતી ભાષંતરરૂપે ચોથો ખંડ પૂર્ણ થયો.

શ્રીરસ્તુ !! કયાણમસ્તુ !!!

શ્રી.

# શ્રીપાળ રાજાનો રાસ

સમાપ્ત

# શ્રી સિદ્ધચક્ર આરાધનવિધિ.

## શ્રી સિદ્ધચક્ર (નવપદજી) નું આરાધન શી રીતે થાય ? તેનું સંક્ષિપ્ત વર્ણન.

જેનો અપૂર્વ મહિમા શાસ્ત્રકાર મહારાજે કહ્યો છે એવા **શ્રી સિદ્ધચક્રજી**–નવપદજી, ભવભ્રમણનો અંત કરવામાં અદ્વિતીય સાધનભૂત છે. શ્રીસિદ્ધચક્રપદની આરાધના કરવી વગેરે પ્રસંગોમાં અપ્રમત્ત બનવું એ કલ્યાણેચ્છુ જનો માટે અત્યાવશ્યક માર્ગ છે.

આત્મહિતેચ્છુ જનો **શ્રીસિદ્ધચક્રપદ** આરાધન માટે ખાસ આયંબિલ (આચામ્લ) તપ કરી વિધિપૂર્વક તેનું તપ આદરે છે, જૈનદેવાલયોમાં ભગવંતની વિવિધ પ્રકારે ભક્તિ કરે છે એટલુંજ નહિ પણ શ્રી સિદ્ધચક્રપદની અલૌકિકપણે આરાધના કરવાથી આત્મકલ્યાણ કરવા સાથે લૌકિક સંપદા પ્રાપ્ત કરનાર **સતી મયણાસુંદરી** અને **શ્રીપાલ રાજાના** ચરિત્રનું ભાવપૂર્વક શ્રવણ તેમજ મનન કરે છે. એકંદર એ દિવસો જેમ બને તેમ પવિત્રરીતે પસાર થાય તેમ વિધિપૂર્વક પૂર્ણ કરે છે.

એ શ્રી **નવપદજીનાં** નામ અને તેનાં આરાધનની ટુંકી સમજણ નીચે પ્રમાણે છે :—

### ૧. શ્રીઅરિહંતપદ.

શ્રીજિનાગમના સારભૂત શ્રીપંચ પરમેષ્ઠી મહામંત્રમાં આ પદ મુખ્ય છે. શ્રીજિનપ્રતિમાની શુદ્ધ આશયથી દ્રવ્ય તેમજ ભાવપૂર્વક ભક્તિ કરવી, શ્રી જિનાજ્ઞાનું પાલન કરવું અને શ્રી જિનેંદ્રનાં કલ્યાણકના દિવસોએ વિશેષ પ્રકારે ભકિત કરવી વગેરેથી આ પદનું આરાધન થાય છે.

### ૨. શ્રી સિદ્ધપદ.

સકલ કર્મક્ષય કરી ચૌદમાં ગુણસ્થાનકને અંતે આદિ અનંતમે ભાગે જેઓ લોકાન્તે સ્થિત રહેલા છે, એવા સિદ્ધ પરમાત્માનું તેમના ગુણો

સહિત ધ્યાન કરવું, દ્રવ્ય તેમજ ભાવ પૂર્વક તેમની ભક્તિ કરવી વગેરેથી આ પદનું આરાધન થાય છે.

## ૩. શ્રીઆચાર્યપદ.

આચાર્યના છત્રીસ ગુણોએ યુક્ત, પંચાચારનું સ્વયં પાલન કરનાર અને અન્ય મુનિઓ પાસે પાલન કરાવનાર, જિનોકત દયામય-સત્ય ધર્મનો શુદ્ધ ઉપદેશ કરનાર, નિરંતર અપ્રમત્ત દશામાં વર્તવામા ખપી, ધર્મધ્યાનાદિ શુભ ધ્યાનના ધ્યાતા, ગચ્છના મુનિઓને ચાર પ્રકારની શિક્ષા આપનાર ઇત્યાદિ ગુણોએ યુક્ત એવા આચાર્ય મહારાજની દ્રવ્ય અને ભાવથી ભક્તિ કરવાથી આ પદનું આરાધન થઈ શકે છે.

## ૪. શ્રીઉપાધ્યાયપદ.

નિર્મળ જિનાગમના બોધ સહિત ચારિત્રપાલનમાં સદાય સાવધાન રહી, કેવળ ઉપકાર દષ્ટિથી સાધુ સમુદાયને સૂત્રાર્થનું દાન આપનાર, પથ્થર જેવા જડબુદ્ધિવાળા શિષ્યને પણ સુવિનીત બનાવવાની શક્તિ ધરાનાર તથા નિરંતર સજ્ઝાય ધ્યાનમાં વર્તનાર શ્રીઉપાધ્યાય મહારાજની ભક્તિ વગેરે કરવાથી આ પદનું આરાધન થઇ શકે છે.

## ૫. શ્રીસાધુપદ.

સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષ માર્ગનું સાધન કરે તે સાધુ કહેવાય છે. મુનિ, ઋષિ, તપસ્વી, અણગાર, સર્વવિરતિ એ બધા સાધુ શબ્દના પર્યાયવાચક નામો છે. પંચમહાવ્રતોનું પાલન તથા છઠ્ઠા રાત્રિભોજનનો ત્યાગ, એ મુનિના મહાવ્રતો છે. સાધુના સત્તવીશ ગુણો તથા ચરણસિત્તરિ અને કરણસિત્તરિના ગુણો પ્રાપ્ત કરવાને તેઓ સદા ઉદ્યમવન્ત હોય છે. ફક્ત ચારિત્રારાધન માટે બેંતાલીશ દોષ રહિત આહાર ગ્રહણ કરનાર છે, એવા જિનજ્ઞાપાલક સાધુ મહારાજની ભક્તિ કરવાથી એ પદનું આરાધન થઇ શકે છે.

## ૬. શ્રીદર્શનપદ.

શ્રીસર્વજ્ઞકથિત જીવાજીવાદિ નવ તત્ત્વોનું તથા શુદ્ધદેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ. ૧. અઢાર દૂષણથી રહિત વીતરાગ પરમાત્માને દેવ તરીકે-૨ પંચ મહાવ્રતો ધારણ કરનાર, કંચન કામિનીના ત્યાગી અને શ્રી જિનાજ્ઞાનુસાર સંયમ માર્ગમાં યથાશક્તિ વીર્ય ફોરવનારને ગુરૂ તરીકે તથા. ૩ શ્રી વીતરાગ કથિત દયામય ધર્મને ધર્મ તરીકે-માની, સમકિતના સડસઠ ભેદનું સ્વરૂપ સમજી, મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્ક્ત્વ

અંગીકાર કરવું તથા તેનું શુદ્ધ રીતે પાલન કરવું, ઇત્યાદિથી આ પદનું આરાધન થઇ શકે છે.

સમ્યક્ત્વસહિત વ્રત અને અનુષ્ઠાનો આત્માને હિતકર્તા થાય છે. આ પદ મોક્ષપદ પ્રાપ્તિમાં બીજરૂપ છે, એટલુંજ નહિ–પરંતુ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારનો સંસારભ્રમણ–કાળ મર્યાદિત થઈ જાય છે, એટલે કે વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં તે ચોક્કસ મોક્ષ પ્રાપ્ત કરે છે.

## ૭. શ્રીજ્ઞાનપદ.

સર્વજ્ઞપ્રણીત આગમમાં વર્ણવેલાં તત્ત્વોનો જે શુદ્ધ અવબોધ, તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. એ જ્ઞાનની પ્રાપ્તિ માટે ભવ્યજનોએ જ્ઞાનાચારના નિરતિચારપણે પાલનપૂર્વક જ્ઞાન ભણવું, ભણાવવું, સાંભળવું, જ્ઞાન લખાવવું, જ્ઞાનની પૂજા કરવી. એકંદર જેથી જ્ઞાનાવરણીયકર્મ નાશ પામે, એવી કોઇ પણ યોગ્ય પ્રવૃત્તિ કરવી. જ્ઞાન અને જ્ઞાનીની ભકિત કરવી. ઈત્યાદિથી એ પદનું આરાધન થઇ શકે છે.

## ૮. શ્રીચારિત્રપદ.

ચારિત્ર સમ્યગ્જ્ઞાનનું ફળ છે. સંસારરૂપી ભયંકર સમુદ્રને નિર્વિઘ્ને તરી જવાને ચારિત્ર એ પ્રવહણ–વહાણ સમાન છે, જેના પ્રભાવથી રંક જીવો પણ દ્વાદશાંગીરૂપ શ્રુત ભણીને સમૃદ્ધિવાન બને છે. પાપી જીવોને પણ નિષ્પાપ થવાનું પ્રબળ સાધન છે. છ ખંડની ઋદ્ધિનાં ભોકતા ચક્રવર્તિઓ પણ જેને અંગીકાર કરે છે, તેવા, આઠ કર્મને નિર્મૂળ કરવાને અત્યન્ત સમર્થ ચારિત્રપદની આરાધના તેના શુદ્ધ પાલન–આસેવનથી થઇ શકે છે. ગૃહસ્થ દેશવિરતિ ચારિત્રની આરાધના કરી શકે છે, અને મુનિઓ સર્વ-વિરતિ ચારિત્રની આરાધના કરી શકે છે. બાર માસના ચારિત્રપર્યાયવાળા સાધુ અનુત્તર વિમાન્ વાસી દેવોનાં સુખથી પણ અધિક સુખ વેદી શકે છે.

## ૯. શ્રીતપપદ.

આત્મપ્રદેશની સાથે દુષ્ટ કર્મો અનાદિ કાળથી લાગેલાં છે, તે કર્મ પુદ્ગલોને તપાવી આત્મપ્રદેશોથી છુટા પાડવાનું કાર્ય તપ કરે છે, તેને નિર્જરા તત્ત્વ પણ કહે છે. તે પ્રત્યેકના છ છ પેટાભેદ છે. અનશન, ઉનો-દરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા, એ છ પ્રકારે બાહ્ય તપ થાય છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કયોત્સર્ગ, એ છ પ્રકારનું આભ્યંતર તપ છે. જે તપ કરવાથી દુર્ધ્યાન ન થાય, મન વચન અને કાયયોગની હાનિ ન થાય; તથા ઇંદ્રિયોની

શકિત ક્ષીણ ન થાય, એવી રીતે તપ કરવાનો છે. તેમ જ આ લોકનાં સુખ સંપત્તિ અને કીર્તિની ઇચ્છા વિના, નવ, પ્રકારના નિયાણા વિના અને સમભાવપૂર્વક તપ કરવાથીજ તેની આરાધના થાય છે, અને તે રીતે આત્માને લાભ થાય છે.

**નવમે ભવે સિદ્ધિપદ.**

આ પદોનું મહાત્મ્ય એવા પ્રકારનું છે કે—તેનું યથાર્થ વિધિ પૂર્વક આરાધન કરનાર ઉત્કૃષ્ટ નવમે ભવે અવશ્ય સિદ્ધિપદને પામે છે, વચ્ચે દેવ અને મનુષ્યના ઉત્તમ સામગ્રીઓ યુક્ત ભવો પામે છે, અને જગતમાં ઉત્તમ પ્રકારના યશ અને કીર્તિ પામે છે.

એ નવપદમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોનો સમાવેશ થયેલો છે. અરિહંત અને સિદ્ધ એ દેવતત્ત્વ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, ગુરુ તરીકે છે, અને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપથી ધર્મતત્ત્વનું ગ્રહણ થાય છે. એ ત્રણ તત્ત્વોની પરીક્ષા પૂર્વક જે સદ્દહણા જાગે છે, તે જ જૈનધર્મ રૂપી વિશાળ વૃક્ષનું મૂળ ગણાય છે.

—o—

## શ્રી નવપદજીના આરાધનના દૃષ્ટાંતો.

| | | |
|---|---|---|
| ૧ **अरिहंत** | પદારાધનથી. | દેવપાળ રાજા ( રાજ્યના સ્વામી ) તથા કાર્તિકશ્રેષ્ઠી ( ઇંદ્ર ) થયા. |
| ૨ **सिद्ध** | ,, | પુણ્ડરીકજી, પાંડવો અને રામચંદ્રજી મુકિત પામ્યા. |
| ૩ **आचार्य** | ,, | પ્રદેશીરાજા ( સૂર્યાભદેવ ) થયા. |
| ૪ **उपाध्य** | ,, | વજ્રસ્વામીના શિષ્યો દેવ થયા. |
| ૫ **साधु** | ,, | રોહિણી સતી સિરોમણી થઇ. |
| ૬ **दर्शन** | ,, | સુલસા તીર્થંકર થશે. |
| ૭ **ज्ञान** | ,, | શીલવતી પ્રકર્ષ પુણ્યભાક્ થઇ. |
| ૮ **चारित्र** | ,, | શિવકુમારના ભવે આરાધનાર જંબુકુમાર ચરમ કેવળી થયા. |
| ૯ **तप** | ,, | વીરમતીના પૂર્વભવે અરાધનાર દમયંતી પ્રકર્ષ પુણ્યવતી થઇ. |

---

## શ્રી નવપદજી અને તેના વર્ણો.

**अरिहंत** પદ. ... ... ... ... ... ... ... શ્વેત.
**सिद्ध** પદ. ... ... ... ... ... ... ... લાલ.
**आचार्य** પદ. ... ... ... ... ... ... ... પીત.
**उपाध्याय** પદ. ... ... ... ... ... ... ... નીલ.

| | |
|---|---|
| साधु પદ. ... ... ... ... ... ... ... | શ્યામ. |
| सम्यग्दर्शन પદ. ... ... ... ... ... ... | શ્વેત. |
| सम्यग्ज्ञान પદ. ... ... ... ... ... ... | ,, |
| सम्यक्चारित्र પદ, ... ... ... ... ... ... | ,, |
| सम्यक्तप પદ. ... ... ... ... ... ... ... | ,, |

**પરિચય**—નવપદના વર્ણની કલ્પના ધ્યાતા–સાધકની અપેક્ષાએ કરવામાં આવેલી છે, વાસ્તવિક રીતે તે પદો વર્ણ, ગંધ અને સ્પર્શરહિત છે. પૂર્વાચાર્યોની આ પ્રાચીન કલ્પના આધુનિક અમેરિકન માનસશાસ્ત્રીઓ સાથે સંપૂર્ણ મળતી આવે છે. તેણે મનના વિચારો આકારો અને વર્ણો અમુક પ્રકારનાં હોય છે, તેમ ental eye-rays માનસવિદ્યુતકિરણ યંત્ર-વડે તપાસ્યું છે. હવે ધ્યાનની શરૂઆત કરનાર મનુષ્યને આંખો મીંચી અંતર્મુખ થતાં હૃદયમાં અષ્ટદળ કમળનું ચિંતવન કરતાં પ્રથમ શ્યામવર્ણ ભાસે છે; પછીથી ધીમે ધીમે નીલ, પીત અને શ્વેત ભાસે છે. છેવટે તેજના ગોળા જેવો લાલવર્ણ ધ્યાનગોચર થાય છે. ધ્યાનના દીર્ઘ અભ્યાસ વડે એકદમ લાલવર્ણ મનોગ્રાહ્ય થઇ શકે છે. સાધુથી અરિહંત સુધીનું ધ્યાન અનુક્રમે શ્યામથી શ્વેત વર્ણની કલ્પનાદ્વારા થાય છે. આ રીતે સાધક મનુષ્ય 'સાધુપદ'થી આરંભીને ' સિદ્ધ 'ના ધ્યાન સુધી પહોંચી શકે છે. અરિહંતાદિ પંચપરમેષ્ઠિઓ જ્ઞાનાદિ ગુણોને અનુભવનાર (Practical) વ્યક્તિઓ હોવાથી ધ્યાનને માટે જુદા જુદા વર્ણો પોતપોતાના ક્રમ અનુસાર કલ્પેલા છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર, અને તપ પોતે આત્માના ગુણો જ (Theories) હોવાથી શ્વેતવર્ણો કલ્પેલા છે. આ રીતે વર્ણોની સાથે ધ્યાનની મનોવૃત્તિનો સમન્વય છે. માનસિક વર્ણો અને આકારની હકીકત 'Man visible & invisible' નામના પુસ્તકની અંદર વિસ્તાર પૂર્વક ચિત્રો સાથે દર્શાવેલી છે જે C. W. Leadbeater ની પાશ્ચાત્ય શોધને આધારે કૃતિ છે. તેમ જ Thought–forms નામના પુસ્તકની અંદર પણ માનસિક વિચારોને રંગ હોય છે તે સિદ્ધ કરેલું છે.

## ઓળી કરનાર ભાઇબ્હેનોને આવશ્યક સૂચનાઓ.

( ૧ ) આ દિવસોમાં જેમ બને તેમ કષાયનો ત્યાગ કરવો અને વિકથા કરવી નહિ.

( ૨ ) આ દિવસોમાં આરંભોનો ત્યાગ કરવો અને કરાવવો તથા બની શકે તેટલી 'અમારિ' પળાવવી.

( ૩ ) દેવપૂજનનાં કાર્ય સિવાય સચિત્ત પાણીનો ત્યાગ રાખવો.

( ૪ ) પહેલા અને પાછલા દિવસ સાથે બધા દિવસોમાં મન, વચન અને કાયાથી નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરવું. કુદષ્ટિ પણ કરવી નહિ.

( ૫ ) જતાં આવતાં ઇર્યાસમિતિનો ખાસ ઉપયોગ રાખવો,

( ૬ ) કોઈ પણ ચીજ લેતાં મૂકતાં, કટાસણું સંથારીયું પાથરતાં, યતનાપૂર્વક પૂજવા પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો.

( ૭ ) થુંક, બળખો, લીંટ જેમ તેમ નાંખવા નહિ, પણ રૂમાલ રાખીને તેમાં કાઢવા ખાસ ઉપયોગ રાખવો, તેથી પણ જીવ રક્ષા ઘણી થઇ શકે છે.

( ૮ ) પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન, પ્રભુપૂજન વિગેરે ક્રિયા કરતાં, ગુણણું ગણતાં, આહાર વાપરતાં, માર્ગે જતાં આવતાં, સ્થંડિલ માત્રું કરવા જતાં બોલવું નહિ.

( ૯ ) આયંબિલ કરતી વખતે આહાર સારો યા ખરાબ હોય તેના ઉપર રાગદ્વેષ કરવો નહિ. વાપરતાં 'સુર સુર' 'ચબ ચબ' શબ્દ નહિ કરતાં, એઠવાડ પડે નહિ તેવી રીતે ઉપયોગ પૂર્વક જવું.

( ૧૦ ) ચૌદ નિયમો હંમેશ ધારવા ઉપયોગ રાખવો.

( ૧૧ ) પાણી પીધા પછી પ્યાલો તુરત જ લોહી નાંખવો, તેમ નહિ કરવાથી બે ઘડી પછી સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ થાય છે.

( ૧૨ ) થાળી વાટકા વગેરે તમામ વાસણો નામવિનાનાં તથા વસ્રો ધોયેલાં વાપરવા, સાંધેલાં ફાટેલાં ન વાપરવાં.

( ૧૩ ) ભાણા માંડવાના પાટલાઓ ડગતા ન રહે તેનો ખાસ ઉપયોગ રાખવો.

( ૧૪ ) નવકારાવલી તથા પુસ્તક વિગેરે શુદ્ધ ઉંચે સ્થાનકે મૂકવાનો ઉપયોગ રાખવો. ચરવળે ભરાવી દેવાથી તથા કટાસણા ઉપર જેમ તેમ મૂકી દેવાથી આશાતના થાય છે.

( ૧૫ ) દરેક ક્રિયા ઉભા ઉભા પ્રમાદ રહિતપણે કરવી.

---

## શ્રી નવપદજીની ઓળીની વિધિના દિવસોનો કાર્યક્રમ.

શરૂઆત કરનારે પ્રથમ આસો માસની ઓળીથી શરૂઆત કરવી. તિથિની વધઘટ ન હોય તો આસો સુદ ૭ અગર ચૈત્ર સુદ ૭, અને વધઘટ હોય તો સુદ ૬ અગર સુદ ૮ થી શરૂ કરવી, તે સુદ ૧૫ સુધી નવ આયંબિલ કરવાં, અને સાડાચાર વર્ષ એકી સાથે નવ ઓળી અવશ્ય કરવી.

**એ નવે દિવસે કરવાની સામાન્ય આવશ્યક ક્રિયાઓ:—**

(૧) એક પ્રહર અથવા ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે ઉઠી, મંદ સ્વરે ઉપયોગી રાત્રિ પ્રતિક્રમણ કરવું.

(૨) પદના ગુણની સંખ્યા પ્રમાણે લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

(૩) લગભગ સૂર્યોદયને વખતે પડિલેહણ કરવું.

(૪) આઠ થોયો વડે દેવવંદન કરવું.

(૫) સિદ્ધચક્રજીના યંત્રની વાસક્ષેપ વડે પૂજા કરવી.

(૬) નવ જુદા જુદા દેરાસરે, અગર નવ પ્રતિમાજી સન્મુખ નવ ચૈત્યવંદન કરવાં.

(૭) ગુરૂવંદન કરી વ્યાખ્યાન શ્રવણ કરી પચ્ચક્ખાણ કરવું.

(૮) નાહી, શુદ્ધ થઇ, જિનેશ્વરની સ્નાત્ર તથા અષ્ટપ્રકારી પૂજા કરવી.*

(૯) જે પદના જેટલા ગુણ હોય, તેટલા સ્વસ્તિક કરવા. અને તેના ઉપર ફલ અને નૈવેદ્ય યથાશકિત ચડાવવાં.

(૧૦) બપોરનું આઠ થોઇએ દેવવંદન કરવું.

(૧૧) દરેક પદના ગુણો હોય તેટલી પ્રદક્ષિણા લઈ ખમાસમણાં દેવાં.

(૧૨) સ્વસ્થાનકે આવી પચ્ચકખાણ પારી આયંબીલ કરવું.

(૧૩) આયંબિલ કર્યા પછી ત્યાંજ તિવિહારનું પચ્ચક્ખાણ કરવું. પછી ચૈત્યવંદન કરી પાણી વાપરવું, ઠામચઉવિહારનું પચ્ચક્ખાણ કરનારને ચૈત્યવંદન કરવાની જરૂર નથી,

(૧૪) સાંજે-સૂર્યાસ્ત પહેલાં, પડિલેહણ કરી આઠ થોઇએ દેવ-વંદન કરવું.

(૧૫) દેરાસરે દર્શન કરી આરતિ મંગળ દીવો કરવો.

(૧૬) દૈવસિક પ્રતિક્રમણ કરવું.

(૧૭) જે દિવસે જે પદની આરાધના હોય તેની વીસ નવકાર-વાલી ગણવી.

(૧૮) રાત્રે શ્રીપાલ રાજાનો રાસ સાંભળવો.

---

* પૂજા ભણાવી રહ્યા પછી આરતિ મંગળદીવો ઉતારી પ્રભુનાં ન્હવણ જળથી શાન્તિ કળશ ભણાવવો.

(૧૯) એક પ્રહર રાત્રિ વીત્યા બાદ સંથારા પોરિસી સૂત્રની ગાથાઓ ભણાવી સંથારે સુઇ રહેવું.

(૨૦) દરરોજનો વિધિ હમેશાં સૂતા પહેલાં પૂર્ણ કરી દેવો. ઉપર મુજબ નવેય દિવસ ક્રિયા કરવાની છે.

## દરેક દિવસની ક્રિયાની ખાસ સમજ.

**વિધિઃ—** પહેલો દિવસ

| | |
|---|---|
| **પદ**—શ્રી અરિહંત. | **કાઉસગ્ગ**—બાર લોગસ્સ. |
| **જાપ**—ૐ ह्रीं નમો અરિહંતાણું. | **સ્વસ્તિક**—બાર. |
| **નવકારવાલી**—વીશ. | **ખમાસમણા**—બાર. |
| **વર્ણ**—શ્વેત. એક ધાન્યેનું આયંબિલ, ચોખાનું કરવું. | **પ્રદક્ષિણા**—બાર. |

**ખમાસમણાનો દુહોઃ—**

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયરે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે વીર૦

**અરિહંત પદના બાર ગુણઃ—**

૧ અશોકવૃક્ષપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાયનમઃ
૨ પુષ્પવૃષ્ટિપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિ૦
૩ દિવ્યધ્વનિપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિ૦
૪ ચામરયુગ્મપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિ૦
૫ સ્વર્ણસિંહાસનપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિ૦
૬ ભામણ્ડલપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિ૦
૭ દુન્દુભિપ્રાતિહાર્ય સંયુતાય શ્રીઅરિ૦
૮ છત્રત્રયપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિ૦
૯ જ્ઞાનાતિશય સંયુતાય શ્રી અરિ૦
૧૦ પૂજાતિશય સંયુતાય શ્રી અરિ૦
૧૧ વચનાતિશયસંયુતાય શ્રી અરિ૦
૧૨ અપાયાપગમાતિશયસંયુતાય શ્રી અરિ૦

બીજો દિવસ

| | |
|---|---|
| **પદ**—શ્રીસિદ્ધપદ. | **કાઉસગ્ગ**—આઠ લોગસ્સ. |
| **જાપ**— ह्रीं નમો સિદ્ધાણું | **સ્વસ્તિક**—આઠ. |
| **નવકારવાલી**—વીસ. | **ખમાસમણાં**—આઠ. |
| **વર્ણ**—લાલ. એક ધાન્યનું આયંબિલ તે ઘઉંનું કરવુ | **પ્રદક્ષિણા**—આઠ. |



સાતમેમાળે શ્રીપાળ કુંવર સૂતા છે, ત્યાં પાપી-દ્રોહી ધવળશેઠ પોતાના હાથમાં કટારી લઈ શ્રીપાળરાજાને મારી નાંખવા ચઢ્યો, ત્યાં ચઢતાં પગ ખસી ગયો તેથી સાતમા માળથી ધવળશેઠ નીચે પડ્યો, જેથી પોતાના હાથમાં કટારી હતી તે ધવળના પેટમાં લાગી અને પાપ પણ આવી મળ્યું, તેથી પ્રચંડ પાપે કરીને દુર્ધ્યાનમાં વર્તતો થકો ધવળશેઠ મરણ પામી સાતમી નરકમાં ગયો. [ પૃ૦ ૧૫૮ ]

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

ખમાસમણનો દુહો—

રૂપાતિત સ્વભાવ જે, કેવલ દંસણુ–નાણીરે;
તે ધ્યાતા નિજ આત્મા, હોય સિદ્ધ ગુણ ખાણીરે–વીર૦

સિદ્ધપદના આઠ ગુણઃ—

૧ અનન્તજ્ઞાનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૨ અનન્તદર્શનસંયુતાય શ્રીસિ૦
૩ અવ્યાબાધગુણસંયુતાય શ્રીસિ૦
૪ અનન્તચારિત્રગુણસંયુતાય શ્રીસિ૦
૫ અક્ષયસ્થિતિગુણસંયુતાય શ્રીસિ૦
૬ અરૂપિનિરંજનગુણસંયુતાય શ્રીસિ૦
૭ અગુરૂલઘુગુણસંયુતાય શ્રીસિ૦
૮ અનન્તવીર્યગુણસંયુતાય શ્રીસિ૦

---

## ત્રીજો દિવસ

**પદ**—શ્રીઆચાર્ય.
**જાપ**—ૐ હ્રીં નમો આયરિયાણં
**નવકારવાલી**—વીસ.
**વર્ણ**—પીળો. એક ધાન્ય તે ચણાનું આયંબિલ.
**કાઉસગ્ગ**—લોગસ્સ છત્રીશ.
**સ્વસ્તિક**—છત્રીશ.
**ખમાસમણાં**—છત્રીશ.
**પ્રદક્ષિણા**—છત્રીશ.

ખમાસમણાનો દુહો—

ધ્યાતા આચારજ ભલા, મહા મંત્ર શુભ ધ્યાનીરે,
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણીરે. વીર૦

આચાર્યપદના ૩૬ ગુણ—

૧ પ્રતિરૂપગુણસંયુતાય શ્રીઆચાર્યાય નમઃ
૨ સુર્યવત્તેજસ્વિગુણસંયુતાય શ્રી આચા૦
૩ યુગપ્રધાનાગમસંયુતાય શ્રીઆચા૦
૪ મધુરવાકયગુણસંયુતાય શ્રી આચા૦
૫ ગામ્ભીર્યગુણસંયુતાય શ્રીઆચા૦
૬ ધૈર્યગુણસંયુતાય શ્રીઆચા૦
૭ ઉપદેશગુણસંયુતાય શ્રી આચા૦
૮ અપરિશ્રાવિગુણસંયુતાય શ્રી આચા૦
૯ સૌમ્યપ્રકૃતિગુણસંયુતાય શ્રીઆચા૦
૧૦ શીલગુણસંયુતાય શ્રી આચા૦
૧૧ અવિગ્રહગુણસંયુતાય શ્રીઆચા૦
૧૨ અવિકથકગુણસંયુતાય શ્રીઆચા૦
૧૩ અચપલગુણસંયુતાય શ્રીઆચા૦
૧૪ પ્રસન્નવદનગુણસંયુતાય શ્રી આચા૦
૧૫ ક્ષમાગુણસંયુતાય શ્રીઆચા૦
૧૬ ઋજુગુણસંયુતાય શ્રીઆચા૦
૧૭ મૃદુગુણસંયુતાય શ્રી આચા૦
૧૮ સર્વાંગમુક્તિગુણસંયુતાય શ્રી આચા૦
૧૯ દ્વાદશવિધતપોગુણસંયુતાય શ્રી આચા૦
૨૦ સપ્તદશવિધસંયમગુણસંયુતાય શ્રી આચા૦

૨૧ સત્યવ્રતગુણસંયુતાય શ્રીઆચા૦
૨૨ શૌચગુણસંયુતાય શ્રી આચા૦
૨૩ અકિઞ્ચનગુણસંયુતાય શ્રી આચા૦
૨૪ બ્રહ્મચર્યગુણસંયુતાય શ્રી આચા૦
૨૫ અનિત્યભાવનાભાવકાય શ્રી આચા૦
૨૬ અશરણભાવનાભાવકાય શ્રી આચા૦
૨૭ સંસારસ્વરૂપભાવનાભાવકાય શ્રી આચા૦
૨૮ એકત્વભાવનાભાવકાય શ્રી આચા૦
૨૯ અન્યત્વભાવનાભાવકાય શ્રી આચા૦
૩૦ અશુચિભાવનાભાવકાય શ્રી આચા૦
૩૧ આશ્રવભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૨ સંવરભાવનાભાવકાય શ્રીઆચા૦
૩૩ નિર્જરાભાવનાભાવકાય શ્રી આચા૦
૩૪ લોકસ્વરૂપભાવનાભાવકાય શ્રી આચા૦
૩૫ બોધિદુર્લભભાવનાભાવકાય શ્રી આચા૦
૩૬ ધર્મદુર્લભભાવનાભાવકાય શ્રી આચા૦

---

## ચોથો દિવસ.

**પદ**--શ્રી ઉપાધ્યાય
**જાપ**—ૐ હ્રીં નમો ઉવજ્ઝાયણં
**નવકારવાલી**--પચીસ.
**વર્ણ**—લીલો, એક ધાન્યનું તે મગનું આયંબિલ
**કાઉસ્સગ્ગ**—પચીસ લોગસ્સ
**સ્વસ્તિક**—પચીસ.
**ખમાસમણાં**—પચીસ.
**પ્રદક્ષિણા**—પચીસ.

### ખમાસમણાનો દુહો--

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતારે. વીર૦

### ઉપાધ્યાય પદના ૨૫ ગુણ:--

૧ શ્રી આચારાઙ્ગસુત્રપઠન ગુણયુક્તાય શ્રી ઉપાધ્યાય નમઃ
૨ શ્રી સૂત્રકૃતાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉ૦
૩ શ્રી સ્થાનાઙ્ગસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉ૦
૪ શ્રી સમવાયાઙ્ગસૂત્રપઠનગુણયુક્તાય શ્રી ઉ૦
૫ શ્રી ભગવતીસૂત્ર પઠનગુણયુકતાય શ્રી ઉ૦
૬ શ્રી જ્ઞાતાસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપા૦
૭ શ્રી ઉપાસકદશાસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉ૦
૮ શ્રી અન્તકૃદ્દશાસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉ૦
૯ શ્રી અનુત્તરોપપાતિકસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપા૦
૧૦ શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપા૦
૧૧ શ્રી વિપાકસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપા૦

૧૨ ઉત્પાદપૂર્વપઠન ગુણયુકતાય શ્રી ઉપા૦

૧૩ આગ્રાયણીય પૂર્વ પઠન ગુણયુકતાય શ્રી ઉ૦

૧૪ વીર્યપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉ૦

૧૫ અસ્તિપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉ૦

૧૬ જ્ઞાનપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉ૦

૧૭ સત્યપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉ૦

૧૮ આત્મપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉ૦

૧૯ કર્મપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉ૦

૨૦ પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપા૦

૨૧ વિદ્યાપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી૦

૨૨ કલ્યાણ પ્રવાદ પૂર્વ પઠનગુણયુકતાય શ્રી૦

૨૩ પ્રાણાવાયપૂર્વપઠનગુણયુકતાય શ્રી૦

૨૪ ક્રિયાવિશાલ પૂર્વ પઠન ગુણયુકતાય શ્રી૦

૨૫ લોકબિન્દુસાર પૂર્વપઠનગુણયુકતાય શ્રી૦

---

## પાંચમો દિવસ.

**પદ**-શ્રી સાધુ.

**જાપ**-ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં.

**નવકારવાળી**-૨૦

**વર્ણ**-કાળો આયંબિલ એક ધાનનું તે અડદનું.

**કાઉસ્સગ્ગ લોગસ્સ**,—૨૭.

**સ્વસ્તિક**—૨૭.

**ખમાસમણા**—૨૭.

**પ્રદક્ષિણા**-તથા—૨૭

**ખમાસમણનો દુહો**—

અપ્રમત્ત જે નિત રહે, નહિ હરખે નવિ શોચે રે;<br>
સાધુ સુધા તે આ[illegible], શું મુંડે શું લોચે રે. વીર૦

### સાધુપદના ૨૭ ગુણઃ—

૧ પ્રાણાતિપાતવિરમણવ્રતયુકતાય શ્રી સાધવે નમઃ

૨ મૃષાવાદવિરમણવ્રતયુકતાય શ્રી સાધવે૦

૩ અદત્તાદાનવિરમણવ્રતયુકતાય શ્રી સા૦

૪ મૈથુનવિરમણવ્રતયુકતાય શ્રી સાધવે૦

૫ પરિગ્રહવિરમણવ્રતયુકતાય શ્રી સાધવે૦

૬ રાત્રિભોજન વિરમણ વ્રતયુકતાય શ્રી સા૦

૭ પૃથ્વીકાયરક્ષકાય શ્રી સાધવે૦

૮ અપ્કાય રક્ષકાય શ્રી સાધવે૦

૯ તેજઃકાયરક્ષકાય શ્રી સાધવે૦

૧૦ વાયુકાયરક્ષકાય શ્રી સાધવે૦
૧૧ વનસ્પતિકાયરક્ષકાય શ્રી સાધવે૦
૧૨ ત્રસકાયરક્ષકાય શ્રી સાધવે૦
૧૩ એકેન્દ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે૦
૧૪ દ્વીન્દ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે૦
૧૫ ત્રીન્દ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે૦
૧૬ ચતુરિન્દ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે૦
૧૭ પઞ્ચેન્દ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે૦
૧૮ લોભનિગ્રહકારકાય શ્રી સાધવે૦
૧૯ ક્ષમાગુણયુકતાય શ્રી સાધવે૦
૨૦ શુભભાવના ભાવકાય શ્રી સાધવે૦
૨૧ પ્રતિલેખનાદિક્રિયાશુદ્ધકારકાય શ્રી સા૦
૨૨ સંયમયોગયુકતાય શ્રી સાધવે૦
૨૩ મનોગુપ્તિયુકતાય શ્રી સાધવે૦
૨૪ વચનગુપ્તિયુકતાય શ્રી સાધવે૦
૨૫ કાયગુપ્તિયુકતાય શ્રી સાધવે૦
૨૬ શીતાદિદ્વાવિંશતિપરિસહસહનતત્પરાય શ્રી૦
૨૭ મરણાન્તઉપસર્ગસહનતત્પરાય શ્રી સાધવે નમઃ

---

## છઠ્ઠો દિવસ

**પદ**–શ્રી દર્શન.
**જાપ**–ૐ હ્રીં નમો દંસણસ્સ.
**નવકારવાલી**–વીસ.
**વર્ણ**–સફેદ.
આયંબિલ એક ધાન–તે ચોખાનું.
**કાઉસ્સગ્ગ, લોગસ્સ**–૬૭.
**સ્વસ્તિક**–૬૭.
**ખમાસમણાં**–૬૭.
**પ્રદક્ષિણા**–૬૭

**ખમાસમણનો દુહો—**

શમ–સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહીજ આતમા, શું હોય નામ ધરાવે રે. વીર૦

**દર્શનપદના ૬૭ ગુણ;—**

૧ પરમાર્થસંસ્તવરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૨ પરમાર્થજ્ઞાતૃસેવનરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૩ વ્યાપન્નદર્શનવર્જનરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૪ કુદર્શનવર્જનરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૫ શુશ્રૂષારૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૬ ધર્મરાગરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૭ વૈયાવૃત્યરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૮ અર્હદ્વિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૯ સિદ્ધવિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૧૦ ચૈત્યવિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૧૧ શ્રુતવિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૧૨ ધર્મવિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૧૩ સાધુવર્ગ વિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૧૪ આચાર્યવિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૧૫ ઉપાધ્યાયવિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમઃ
૧૬ પ્રવચનવિનયરૂપ શ્રી સદ્દર્શનાયનમ

૧૭ દર્શનવિનયરૂપ શ્રીસદ્દર્શનાયનમઃ
૧૮ " સંસારે શ્રી જિનઃસારઃ" ઇતિ
ચિન્તરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ
૧૯ "સંસારે શ્રી જિનમતંસારમ્"
ઇતિ ચિન્તનરૂપ શ્રી સદ્દર્શ૦
૨૦ "સંસારેજિનમતસ્થિત શ્રી સાધ્વાદિ
સારમ્" ઇતિ ચિન્તનરૂપ શ્રી સદ્દર્શ-
નાય નમઃ
૨૧ શંકાદૂષણરહિતાયશ્રીસદ્દર્શનાયનમઃ
૨૨ કાંક્ષાદૂષણરહિતાયશ્રીસદ્દર્શનાયનમઃ
૨૩ વિચિકિત્સાદૂષણરહિતાય શ્રી સ૦
૨૪ કુદૃષ્ટિપ્રશંસાદૂષણરહિતાય શ્રી સ૦
૨૫ તત્પરિચયદૂષણરહિતાય શ્રી સ૦
૨૬ પ્રવચનપ્રભાવકરૂપ શ્રી સ૦
૨૭ ધર્મકથાપ્રભાવકરૂપ શ્રી સ૦
૨૮ વાદિપ્રભાવકરૂપ શ્રી સ૦
૨૯ નૈમિત્તિકપ્રભાવકરૂપ શ્રી સ૦
૩૦ તપસ્વીપ્રભાવકરૂપ શ્રી સ૦
૩૧ પ્રજ્ઞપ્ત્યાદિવિદ્યાભૃતપ્રભાવકરૂપ શ્રીસ૦
૩૨ ચૂર્ણાંજનાદિસિદ્ધપ્રભાવકરૂપ શ્રી સ૦
૩૩ કવિપ્રભાવકરૂપ શ્રી સ૦
૩૪ જિનશાસને કૌશલ્યભૂષણરૂપ શ્રીસ૦
૩૫ પ્રભાવનાભૂષણરૂપ શ્રી સ૦
૩૬ તીર્થસેવાભૂષણરૂપ શ્રી સ૦
૩૭ ધૈર્યભૂષણરૂપ શ્રી સ૦
૩૮ જિનશાસને ભક્તિભૂષણરૂપ શ્રી સ૦
૩૯ ઉપશમગુણરૂપ શ્રી સ૦
૪૦ સંવેગગુણરૂપ શ્રી સ૦
૪૧ નિર્વેદગુણરૂપ શ્રી સ૦
૪૨ અનુકમ્પાગુણરૂપ શ્રી સ૦
૪૩ આસ્તિકયગુણરૂપ શ્રી સ૦
૪૪ પરતીર્થિકાદિવંદનવર્જનરૂપ શ્રી સ૦
૪૫ પરતીર્થિકાદિનમસ્કારવર્જનરૂપશ્રીસ૦
૪૬ પરતીર્થિકાદિઆલાપવર્જનરૂપશ્રીસ૦
૪૭ પરતીર્થિકાદિસંલાપવર્જનરૂપ શ્રીસ૦
૪૮ પરતીર્થિકાદિઅશનાદિદાનવર્જનરૂપ
શ્રી સ૦
૪૯ પરતીર્થિકાદિગન્ધપુષ્પાદિપ્રેષણવર્જ-
નરૂપ શ્રી સ૦
૫૦ રાજાભિયોગાકારયુક્ત શ્રી સ૦
૫૧ ગણાભિયોગાકારયુક્ત શ્રી સ૦
૫૨ બલાભિયોગાકારયુક્ત શ્રી સ૦
૫૩ સુરાભિયોગાકારયુક્ત શ્રી સ૦
૫૪ કાન્તારવૃત્યાકારયુકત શ્રી સ૦
૫૫ ગુરુનિગ્રહાકારયુકત શ્રી સ૦
૫૬ "સમ્યકત્વં ચારિત્ર ધર્મસ્ય મૂલમ્"
ઇતિચિન્તનરૂપ શ્રી સ૦
૫૭ "સમ્યકત્વં ધર્મપુરસ્ય દ્વારમ્"
ઇતિચિન્તનરૂપ શ્રી સ૦
૫૮ "સમ્યકત્વં ધર્મસ્ય પ્રતિષ્ઠાનમ્"
ઇતિચિન્તનરૂપશ્રી સ૦
૫૯ "સમ્યકત્વં ધર્મસ્યધારઃ" ઇતિ
ચિન્તનરૂપ શ્રી સ૦
૬૦ "સમ્યકત્વં ધર્મસ્યભાજનમ્"
ઇતિચિન્તનરૂપ શ્રી સ૦
૬૧ "સમ્યકત્વં ધર્મસ્ય નિધિસન્નિભમ્"
ઇતિચિન્તનરૂપ શ્રી સ૦
૬૨ "અસ્તિ જીવઃ" ઇતિશ્રદ્ધાનસ્થાન-
યુકત શ્રી સ૦
૬૩ "સ ચ જીવો નિત્યઃ" ઇતિ
શ્રદ્ધાનસ્થાનયુકત શ્રી સ૦
૬૪ "સ ચ જીવઃ કર્મ્માણિ કરોતિ"
ઇતિશ્રદ્ધાનસ્થાનયુકત શ્રી સ૦
૬૫ "સ ચ જીવઃ સ્વકૃતકર્મ્માણિ વેદ-
યતિ" ઇતિશ્રદ્ધાનસ્થાનયુકતશ્રીસ૦
૬૬ "જીવસ્યાસ્તિ નિર્વાણમ્" ઇતિ-
શ્રદ્ધાનસ્થાનયુકત શ્રી સદ્દર્શના૦
૬૭ "અસ્તિ મોક્ષોપાયઃ" ઇતિશ્રદ્ધાન-
સ્થાનયુક્ત શ્રી સદ્દર્શનાય નમઃ

## સાતમો દિવસ.

**૫૬–શ્રી** જ્ઞાન.
**જાપ**–ૐ હ્રીઁ નમો નાણુસ્સ.
**નવકારવાલી**–વીસ.
**વર્ણ**–સફેદ આયંબિલ એક ધાનનું તે ચોખાનું.

કાઉસગ્ગ, લોગસ્સ–૫૧
સ્વસ્તિક–૫૧.
ખમાસમણાં–૫૧.
પ્રદક્ષિણા–૫૧.

**ખમાસમણાનો દુહો:—**

જ્ઞાનવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે;
તો હુએ એહીજ આતમા, જ્ઞાન અબોધતા જાય રે. વીર૦

**જ્ઞાનપદના ૫૧ ગુણ:—**

૧ સ્પર્શનેન્દ્રિય વ્યઞ્જનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૨ રસનેન્દ્રિયવ્યઞ્જનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૩ ઘ્રાણેન્દ્રિયવ્યઞ્જનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૪ શ્રોત્રેન્દ્રિયવ્યઞ્જનાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૫ સ્પર્શનેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૬ રસનેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાયનમઃ
૭ ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહમતિજ્ઞાનાયનમઃ
૮ ચક્ષુરિન્દ્રિયઅર્થાવગ્રહમતિજ્ઞાનાયનમઃ
૯ શ્રોત્રેન્દ્રિય-અર્થાવગ્રહમતિજ્ઞાનાયનમઃ
૧૦ માનસાર્થાવગ્રહમતિજ્ઞાનાય નમઃ
૧૧ સ્પર્શનેન્દ્રિય–ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૨ રસનેન્દ્રિય-ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૩ ઘ્રાણેન્દ્રિય-ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૪ ચક્ષુરિન્દ્રિય-ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૫ શ્રોત્રેન્દ્રિય-ઈહામતિજ્ઞાનાય નમઃ
૧૬ મન ઇહામતિજ્ઞાનાય નમઃ
૧૭ સ્પર્શેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમ;
૧૮ રસનેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૧૯ ઘ્રાણેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૦ ચક્ષુરિન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૧ શ્રોત્રેન્દ્રિય-અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૨ મન અપાયમતિજ્ઞાનાય નમઃ
૨૩ સ્પર્શનેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાયનમઃ
૨૪ રસનેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૫ ઘ્રાણેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૬ ચક્ષુરિન્દ્રિય-ધારણામતિજ્ઞાનાયનતઃ
૨૭ શ્રોત્રેન્દ્રિય-ધારણામતિજ્ઞાનાય નમઃ
૨૮ મનોધારણામતિજ્ઞાનાય નમઃ
૨૯ અક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
૩૦ અનક્ષરશ્રુતજ્ઞાનાય નમઃ
૩૧ સંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૨ અસંજ્ઞિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૩ સમ્યક્શ્રુતજ્ઞાનાય નમઃ
૩૪ મિથ્યાશ્રુતજ્ઞાનાય નમઃ
૩૫ સાદિશ્રુતજ્ઞાનાય નમઃ

૩૬ અનાદિશ્રુતજ્ઞાનાય નમઃ
૩૭ સપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ
૩૮ અપર્યવસિતશ્રુતજ્ઞાનાય નમઃ
૩૯ ગમિકશ્રુતજ્ઞાનાય નમઃ
૪૦ અગમિકશ્રુતજ્ઞાનાય નમઃ
૪૧ અઙ્ગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમઃ
૪૨ અનઙ્ગપ્રવિષ્ટશ્રુતજ્ઞાનાય નમઃ
૪૩ અનુગામિ–અવધિજ્ઞાનાય નમઃ
૪૪ અનનુગામિ અવધિજ્ઞાનાય નમઃ
૪૫ વર્ધમાન–અવધિજ્ઞાનાય નમઃ
૪૭ હીયમાન અવધિજ્ઞાનાય નમઃ
૪૭ પ્રતિપાતિ–અવધિજ્ઞાનાય નમઃ
૪૮ અપ્રતિપાતિ–અવધિજ્ઞાનાય નમઃ
૪૯ ઋજુમતિમનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૦ વિપુલમતિમનઃપર્યવજ્ઞાનાય નમઃ
૫૧ લોકાલોકપ્રકાશકકેવલજ્ઞાનાય નમઃ

## આઠમો દિવસ.

**પદ**–શ્રી ચારીત્ર.
**જાપ**–ૐ હ્રીઁ નમો ચારિત્તસ્સ.
**નવકારવાળી**–વીશ.
**વર્ણ**–સફેદ. આયંબિલ એક ધાન્ય ચોખાનું
**કાઉસ્સગ્ગ લોગસ્સ**–૭૦
**સ્વસ્તિક**–૭૦.
**ખમાસમણાં**–૭૦
**પ્રદક્ષિણા**–૭૦

## ખમાસમણાનો દૂહો:—

જાણુ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવી ભમતો રે. વીર૦

## ચારિત્રપદના ૭૦ ગુણ—

૧ પ્રાણાતિપાતવિરમણરૂપચારિત્રાય નમઃ
૨ મૃષાવાદવિરમણરૂપચારિત્રાય નમઃ
૩ અદત્તાદાનવિરમણરૂપચારિત્રાય નમઃ
૪ મૈથુનવિરમણરૂપચારિ૦
૫ પરિગ્રહવિરમણરૂપચારિ૦
૬ ક્ષમાધર્મરૂપચારિત્રાય નમઃ
૭ આર્જવધર્મરૂપચારિ૦
૮ મૃદુતાધર્મરૂપચારિ૦
૯ મુક્તિધર્મરૂપચારિ૦
૧૦ તપોધર્મરૂપચારિ૦
૧૧ સંયધર્મરૂપચારિ૦
૧૨ સત્યધર્મરૂપચારિ૦
૧૩ શૌચધર્મરૂપચારિ૦
૧૪ અકિઞ્ચનધર્મરૂપચારિ૦
૧૫ બ્રહ્મચર્યધર્મરૂપચારિ૦
૧૬ પૃથિવીરક્ષાસંયમચારિ૦
૧૭ ઉદકરક્ષાસંયમચારિ૦
૧૮ તેજોરક્ષાસંયમચારિ૦
૧૯ વાયુરક્ષાસંયમચારિ૦
૨૦ વનસ્પતિરક્ષાસંયમચારિ૦
૨૧ દ્વીન્દ્રિયરક્ષાસંયમચારિ૦
૨૨ ત્રીન્દ્રિયરક્ષાસંયમચારિ૦
૨૩ ચતુરિન્દ્રિયરક્ષાસંયમચારિ૦
૨૪ પઞ્ચેન્દ્રિયરક્ષાસંયમચારિ૦

૨૫ અજીવરક્ષાસંયમચારિ૦
૨૬ પ્રેક્ષાસંયમચારિ૦
૨૭ ઉપેક્ષાસંયમચારિ૦
૨૮ અતિરિક્તવસ્ત્રભક્તાદિપરિસ્થાપનત્યાગરૂપસંયમચારિ૦
૨૯ પ્રમાર્જનરૂપસંયમચારિ૦
૩૦ મનઃસંયમચારિ૦
૩૧ વાક્સંયમચારિ૦
૩૨ કાયસંયમચારિ૦
૩૩ આચાર્યવૈયાવૃત્યરૂપસંયમચારિ૦
૩૪ ઉપાધ્યાયવૈયાવૃત્યરૂપસંયમચારિ૦
૩૫ તપસ્વીવૈયાવૃત્યરૂપસંયમચારિ૦
૩૬ લઘુશિષ્યાદિવૈયાવૃત્યરૂપચારિ૦
૩૭ ગ્લાનસાધુવૈયાવૃત્યરૂપચારિ૦
૩૮ સાધુવૈયાવૃત્યરૂપચારિ૦
૩૯ શ્રમણોપાસકવૈયાવૃત્યરૂપચારિ૦
૪૦ સંઘવૈયાવૃત્યરૂપચારિ૦
૪૧ કુલવૈયાવૃત્યરૂપચારિ૦
૪૨ ગણવૈયાવૃત્યરૂપચારિ૦
૪૩ પશુપણ્ડઆદિરહિત વસતિવસનબ્રહ્મગુપ્તિચારિ૦
૪૪ સ્ત્રીહાસ્યાદિવિકથાવર્જનબ્રહ્મગુપ્તિચારિ૦
૪૫ સ્ત્રી–આસનવર્જનબ્રહ્મગુપ્તિચારિ૦
૪૬ સ્ત્રીઅઙ્ગોપાઙ્ગનિરીક્ષણવર્જનબ્રહ્મગુપ્તિચારિ૦
૪૭ કુડ્યન્તરસ્થિતસ્ત્રીહાવભાવશ્રવણવર્જનબ્રહ્મગુપ્તિચારિ૦
૪૮ પૂર્વસ્ત્રીસંભોગચિન્તનવર્જનબ્રહ્મગુપ્તિચારિ૦
૪૯ અતિસ્નિગ્ધરસઆહારવર્જનબ્રહ્મગુપ્તિચારિ.
૫૦ અતિઆહારકરણવર્જનબ્રહ્મગુપ્તિચારિ૦
૫૧ અઙ્ગવિભૂષાવર્જનબ્રહ્મગુપ્તિચારિ૦
૫૨ અનશનતપોરૂપચારિ૦
૫૩ ઔનોદર્યતપોરૂપચારિ૦
૫૪ વૃત્તિસંક્ષેપતપોરૂપચારિ૦
૫૫ રસત્યાગતપોરૂપચારિ૦
૫૬ કાયક્લેશતપોરૂપચારિ૦
૫૭ સંલેષણાતપોરૂપચારિ૦
૫૮ પાયશ્ચિત્તતપોરૂપચારિ૦
૫૯ વિનયતપોરૂપચારિ૦
૬૦ વૈયાવૃત્યતપોરૂપચારિ૦
૬૧ સ્વાધ્યાયતપોરૂપચારિ૦
૬૨ ધ્યાનતપોરૂપચારિ૦
૬૩ કાયોત્સર્ગતપોરૂપચારિ૦
૬૪ અનન્તજ્ઞાનસંયુકતચારિ૦
૬૫ અનન્તદર્શનસંયુકતચારિ૦
૬૬ અનન્તચારિત્રસંયુકતચારિ૦
૬૭ ક્રોધનિગ્રહકરણચારિ૦
૬૮ માનનિગ્રહકરણચારિ૦
૬૯ માયાનિગ્રહકરણચારિ૦
૭૦ લોભનિગ્રહકરણચારિ૦

## નવમો દિવસ

**પદ**—શ્રીતપ
**જાપ**—ૐ હ્રીં નમો તવસ્સ.
**નવકારવાલી**—વીશ.
**વર્ણ**—સફેદ. આયંબિલ એક ધાનનું તે ચોખાનું
**કાઉસગ્ગ લોગસ્સ.**—૫૦
**સ્વસ્તિક**—૫૦
**ખમાસમણાં**—૫૦
**પ્રદક્ષિણા**—૫૦

**ખમાસમણાનો દુહો:—**

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગ રે,
તપ તે એહીજ આતમા, વર્તે નિજ ગુણ ભોગેરે;
વીર જિણેસર ઉપદીશે, સાંભળજો ચિત્ત લાઈરે,
આતમ ધ્યાને આતમા, રિદ્ધિ મળે સવી આઈરે—વીર૦

**તપ પદના ૫૦ ગુણ:—**

૧ યાવયત્કથિક તપસે નમઃ
૨ ઈત્વરકથિક તપસે નમઃ
૩ બાહ્ય—ઔનોદર્ય તપસે નમઃ
૪ અભ્યન્તર—ઔનોદર્ય તપસે નમઃ
૫ દ્રવ્યતઃ—વૃત્તિસંક્ષેપ તપસે નમઃ
૬ ક્ષેત્રતઃ—વૃત્તિસંક્ષેપ તપસે નમઃ
૭ કાલતઃ—વૃત્તિસંક્ષેપ તપસે નમઃ
૮ ભાવતઃ—વૃત્તિસંક્ષેપ તપસેનમઃ
૯ કાયક્લેશ તપસે નમઃ
૧૦ રસત્યાગ તપસે નમઃ
૧૧ ઇન્દ્રિય—કષાય—યોગવિષયકસંલીનતા તપસે નમઃ
૧૨ સ્ત્રી—પશુ—પણ્ડકાદિવર્જિતસ્થાનાવસ્થિત તપસે નમઃ
૧૩ આલોચનપ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૪ પ્રતિક્રમણપ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૫ મિશ્રપ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૬ વિવેકપ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૭ કાયોત્સર્ગપ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૮ તપઃપ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૧૯ છેદપ્રાયાશ્ચિત્ત તપસે નમઃ
૨૦ મૂલપ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૨૧ અનવસ્થિતપ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૨૨ પારાઞ્ચિતપ્રાયશ્ચિત્ત તપસે નમઃ
૨૩ જ્ઞાનવિનયરૂપ તપસે નમઃ
૨૪ દર્શનવિનયરૂપ તપસે નમઃ
૨૫ ચારિત્રવિનયરૂપ તપસે નમઃ
૨૬ મનોવિનયરૂપ તપસે નમઃ
૨૭ વચનવિનયરૂપ તપસે નમઃ
૨૮ કાયવિનયરૂપ તપસે નમઃ
૨૯ ઉપચારવિનયરૂપ તપસે નમઃ
૩૦ આચાર્યવૈયાવૃત્ય તપસે નમઃ
૩૧ ઉપાધ્યાયવૈયાવૃત્ય તપસે નમઃ
૩૨ સાધુવૈયાવૃત્યતપસે નમઃ
૩૩ તપસ્વિવૈયાવૃત્યતપસે નમઃ
૩૪ લઘુશિષ્યાદિવૈયાવૃત્યતપસે નમઃ
૩૫ ગ્લાનસાધુવૈયાવૃત્યતપસે નમઃ
૩૬ શ્રમણોપાસકવૈયાવૃત્યતપસે નમઃ
૩૭ સઙ્ઘવૈયાવૃત્ય તપસે નમઃ
૩૮ કુલવૈયાવૃત્ય તપસે નમઃ
૩૯ ગણવૈયાવૃત્ય તપસે નમઃ
૪૦ વાચના તપસે નમઃ
૪૧ પૃચ્છના તપસે નમઃ
૪૨ પરાવર્ત્તના તપસે નમઃ
૪૩ અનુપ્રેક્ષા તપસે નમઃ
૪૪ ધર્મકથા તપસે નમઃ
૪૫ આર્ત્તધ્યાનનિવૃત્તિ તપસે નમઃ
૪૬ રૌદ્રધ્યાનનિવૃત્તિ તપસે નમઃ
૪૭ ધર્મધ્યાનચિન્તન તપસે નમઃ
૪૮ શુક્લધ્યાનચિન્તન તપસે નમઃ
૪૯ બાહ્યકાયોત્સર્ગ તપસે નમઃ
૫૦ અભ્યન્તરકાયોત્સર્ગ તપસે નમઃ

છેલ્લે દિવસે વિશેષમાં નવપદજી મહારાજની વિસ્તારથી પૂજા ભણાવવી, તથા ફળ-ફૂલ નૈવેદ્ય વગેરે વિશેષ ચઢાવવાં. નવપદ મંડલ રચના કરવી. રાત્રિ જાગરણ કરવું શ્રીપાલરાજાનો રાસ પૂર્ણ કરવો.

## નવપદ મંડળની રચનાનો વિધિ

**શાલિ** [ ચોખા ] પ્રમુખ પાંચ વર્ણના ધાન્ય એકઠા કરી સિદ્ધચક્રના મંડળની રચના કરવી. અરિહંતાદિક નવેય પદોને વિષે શ્રીફળના ગોળાઓ મૂકવા. બીજોરા, ખારેક, દાડમ, નારંગી, સોપારી ઇત્યાદિ ફળ ગોઠવીને મૂકવા. નવગ્રહ અને દશ દિક્પાળની રચના કરવી. મંડળ જેમ બને તેમ સુશોભિત થાય તેવી રીતે સોના રૂપાના વરખથી તથા ધ્વજાઓ વિગેરેથી શણગારી આકર્ષક બનાવવું. રચનાની વિશેષ ગોઠવણ તેના જાણકાર પાસેથી શીખી લેવી.

## પારણાના દિવસનો વિધિ.

પારણાને દિવસે ઓછામાં ઓછું બેયાસણાનું પચ્ચક્ખાણ કરવું. હમેશ મુજબ પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન ઇત્યાદિક કરી નાહી, શુદ્ધ થઈ, સ્નાત્ર તથા સત્તરભેદી પૂજા ભણાવવી. તે દિવસે કાઉસગ્ગ, સ્વસ્તિક, પ્રદક્ષિણા નવ નવ કરવા, તથા ખમાસણમાં નવ નવ દેવા. ॐ ह्रीँ **શ્રી વિમલેશ્વરચક્રેશ્વરીપુજિતાય શ્રી સિધ્ધચક્રાય નમઃ** એ પદની વીસ નવકારવાળી ગણવી.

## કાઉસગ્ગ કરવાનો વિધિ.

**ખમાસમણા** દઇ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ( જે દિવસ જે પદ હોય તે પદ ) આરાધનાર્થં કાઉસગ્ગ કરૂં ? ઇચ્છં" કહી "**વન્દણવત્તિઆએ૦ અન્નત્થ૦**" કહી, ( જેટલા લોગસ્સનો હોય તેટલાનો ) કાઉસગ્ગ કરવો. કાઉસગ્ગ પારી ને પ્રગટ રીતે એક **લોગસ્સ** કહેવો.

## પડિલેહણનો વિધિ.

**ખમાસમણ** દેઈ, **ઇરિયાવહિયં પડીક્કમી, "ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્ પડિલેહણ કરૂં ? ઈચ્છં"** કહી, ક્રિયામાં વપરાતા સર્વ ઉપકરણોની પ્રતિલેખના કરવી, પછી **ઇરિયાવહિય** પડિક્કમી કાજો

લેવો. કાજો જોઈ સામાયિકમાં હોઇએ તો **ઇરિયાવહિયં** પડિક્કમી "**અણુજાણહ જસ્સગ્ગો**" કહી, ત્રણ વખત "**વોસિરે**" કહી, યોગ્ય સ્થાનકે પરઠવવો.

---

## દેવવંદનનો વિધિ.

પ્રથમ-**ઇરિયાવહિયં** પડિક્કમી, ઉત્તરાસંગ નાખી **ચૈત્યવંદન** કરવું **નમુત્થુણં** સુધી કહી, **જયવિયરાય** અડધા કહેવાં.

પછી **ખમાસમણ** દેઇ ચૈત્યવંદનનો આદેશ માગી **ચૈત્યવંદન** બોલવું. **નમુત્થુણં** સુધી કહી, ઉભા થઈ "**અરિહંત ચેઇયાણું૦ વંદણવત્તિ૦ અન્નત્થ૦**" કહી એક **નવકારનો** કાઉસગ્ગ કરવો, પારી, **નમોઽર્હત્સિદ્ધા૦** કહી, પહેલી **થોય** કહેવી. પછી "**લોગસ્સ૦ વંદણ૦ અન્નત્થ૦**" કહી, એક **નવકારનો** કાઉસગ્ગ પારી, બીજી **થોય** કહેવી. તે પ્રમાણે **પુખ્ખરવર૦** અને **સિદ્ધાણં બુદ્ધાણં** કહી અનુક્રમે ત્રીજી ને ચોથી **થોય** બોલવી. છેલ્લી થોય વખતે ફરી "**નમોઽર્હત્**" બોલવું. અને "**વંદણુત્તિ૦**" ને બદલે **વેયાવચ્ચગરાણં૦**" કહેવું.

પછી નમુત્થુણં કહી પ્રથમની વિધિ પ્રમાણે બીજી ચાર થોયો કહી નમુત્થુણં જાવંતિ ચેઇયાઇં, જાવંત કેવિસાહુ૦ કહી, સ્તવન બોલવું. પછી જયવિયરાય અરધા કહેવા.

ફરી ખમાસણ દેઇ ત્રીજું ચૈત્યવંદન નમુત્થુણં સુધી કરવું. પછી જયવિયરાય આખા કહેવા. સવારના દેવવંદન પછી ખમાસમણ દેઇ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય કરું? ઇચ્છં કહી એક નવકાર બોલી મન્હ જિણાણંની સજ્ઝાય કહેવી. મધ્યાહ્ન તથા સાંજના દેવવંદનમાં સજ્ઝાય કહેવાની જરૂર નથી.

---

## પચ્ચક્ખાણ પારવાનો વિધિ.

ઇરિયાવહિયં પડિક્કમી, જગચિંતામણિંતું ચૈત્યવંદન૦ નમુત્થુણં૦ જાવંતિ ચેઇયાઇં૦ જાવંત કેવિસાહૂ૦નમોઽર્હત૦ ઉવસગ્ગહરં યાવત્ જયવિયરાય૦ પૂરા પર્યંત કરવું.

પછી સજ્ઝાયનો આદેશ માગી, નવકાર ગણી, મન્હજિણાણંની સજ્ઝાય કહેવી. પછી ખમાસમણ દઈ, "ઇચ્છા૦ કહી મુહપત્તિ પડિલેહવી.

પછી ખમાસમણ દઇ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્ પચ્ચક્ખાણ પારૂં ?" "યથાશકિત" ખમા૦ ઇચ્છા૦ પચ્ચક્ખાણ પાર્યું." "તહત્તિ" કહી, મુઠીવાળી જમણો હાથ ચરવાળા ઉપર સ્થાપી, એક નવકારગણી.

"ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં પોરિસી, સાઢ પોરિસી, સૂરે ઉગ્ગએ પુરિમુડ્ઢ મુટ્ઠીસહિયં પચ્ચક્ખાણ કર્યું, ચોવિહાર, આયંબિલ, એકાસણું, પચ્ચક્ખાણ કર્યું તિવિહાર પચ્ચક્ખાણં ફાસિયં, પાલિયં, સોહિયં, તીરિયં, કીટ્ટિયં, આરાહિયં, જંચ ન આરાહિયં તસ્સ મિચ્છામિ દુક્કડં.

આ પ્રમાણે પાઠ બોલી એક નવકાર ગણી પચ્ચક્ખાણ પારવું.

## જમ્યા પછી ચૈત્યવંદન કરવાનો વિધિ.

ખમાસમણ દેઈ ઇરિયાવહિયં પડિક્કમી, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી જગચિંતામણિનું ચૈત્યવંદન જયવિરાય પર્યંત કરવું. દેરાસરે કરો તો અરિહંત ચેઇયાણં વંદણ૦ અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસગ્ગ કરી પારી થોય કહેવી.

## મન્હજિણાણંની સજ્ઝાય.

મન્હ જિણાણં આણં મિચ્છં પરિહરહ, ધરહ સમ્મત્તં<br>
છવ્વિહ આવસ્સયંમિ, ઉજ્જુત્તો હોઇ પઇદિવસં ॥ ૧ ॥<br>
પવ્વેસુ પોસહવયં, દાણં, સીલં તવો અ, ભાવો અ.<br>
સજ્ઝાય–નમુક્કારો, પરોવયારો અ, જયણા અ ॥ ૨ ॥<br>
જિણપૂઆ, જિણથુણણં,ગુરુથુઅ, સાહમ્મિઆણ વચ્છલ્લં,<br>
વવહારસ્સ ય સુદ્ધી, રહજત્તા તિત્થજત્તા ય ॥ ૩ ॥<br>
ઉવસમ–વિવેગ–સંવર,–ભાસાસમઈ– છજીવકરુણા ય,<br>
ધમ્મિઅજણસંસગ્ગો, કરણદમો, ચરણપરિણામો ॥ ૪ ॥<br>
સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં, પભાવણા તિત્થે,<br>
સડ્ઢાણ કિચ્ચમેઅં, નિચ્ચં સુગુરુવએસેણં ॥ ૫ ॥

## સંથરા પોરિસી સૂત્ર.

નિસીહિ નિસીહિ નિસીહિ, નમો ખમાસમણાણં ગોયમાઇણં મહામુણીણં. અણુજાણહ જિટ્ઠિ(ટ્ઠે) જ્જા ! અણુજાણહ પરમગુરૂ ! ગુરુગુણરયણેહિં મંડિયસરીરા ! બહુપડિપુન્ના પોરિસિ, રાઈયસંથારએ ઠામિ. ૧

અણુજાણહ સંથારં, બાહુવહાણેણ વામપાસેણં,
કુક્કુડિપાયપસારણ, અતરંત પમજ્જએ ભૂમિં ૨
સંકોઇઅ સંડાસા, ઉવ્વટ્ટંતે અ કાયપડિલેહા,
દવ્વાઇ ઉવઓગં, ઊસાસનીરુંભણાલોએ. ૩
જઈ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સિમાઇ રયણીએ,
આહારમુવહિદેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં ૪

ચત્તારિ મંગલં—અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં, ૫

ચત્તારિ લોગુત્તમા—અરિહંતા લોત્તગુમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો. ૬

ચત્તારિ સરણં પવજ્જામિ,—અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ. ૭

પાણાઈવાયમલિઅં, ચોરિક્કં, મેહુણં, દવિણમુચ્છં,
કોહં, માણં, માયં, લોભં પિજ્જં, તહા, દોસં. ૮
કલહં, અબ્ભક્ખાણં, પેસુન્નં, રઈઅરઈસમાઉત્તં,
પરપરિવાયં, માયા—મોસં, મિચ્છત્તસલ્લં ચ. ૯
વોસિરિસુ ઈમાઈં મુક્ખમગ્ગસંસગ્ગવિગ્ઘભૂઆઈં,
દુગ્ગઇનિબંધણાઇં, અટ્ઠારસ પાવઠાણાઈં. ૧૦
“ એગોહં, નત્થિ મે કોઇ, નાહમન્નસ્સ કસ્સઇ ”
એવં અદીણમણસો, અપ્પાણમણુસાસઇ. ૧૧
“ એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગલક્ખણા. ૧૨
સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખપરંપરા,
તમ્હા સંજોગસંબંધ, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩
અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરૂણો,
જિણપણ્ણત્તં તત્તં, ઇઅ સમ્મત્તં મએ ગહિઅં. ૧૪
ખમિઅ, ખમાવિઅ, મઇ ખમિઅ સવ્વહ જીવનિકાય,
સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્જહ વઇર ન ભાવ. ૧૫
સવ્વે જીવા કમ્મવસ, ચઉદહરાજ ભમંત,
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્જવિ તેહ ખમંત. ૧૬

જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિયં પાવં,
જં જં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ. ૧૭

—o—

## આયંબિલનું પચ્ચખ્ખાણ.

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં પોરિસી સાઢપોરિસી, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં, અવડ્ઢં, મુટ્ઠિસહિયં પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિસંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલં પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં. એગાસણં પચ્ચક્ખાઇ *તિવિહંપિ આહારં–અસણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરૂઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તારાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં. પાણસ્સ લેવેણ વા અલેવેણ વા અચ્છેણ વા બહુલેવેણ વા સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઇ.

—o—

## આયંબિલ કરી મુખશુદ્ધિ કર્યા પછી ઉઠતાં તિવિહારનું પચ્ચક્ખાણ

દિવસચરિમં પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહારં અસણં ખાઇમં સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તારાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

---

## પારણાને દિવસે એકાસણા બીયાસણાનું પચ્ચક્ખાણ.

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં પોરિસી, સાઢપોરિસી, મુટ્ઠિસહિયં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવતયાગારેણં, વિગઇઓ પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં સહસાગારેણલેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુ-

---

* ઠામ ચઉવિહાર કરવો હોય તો—
"એગાસણં ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં" એ પ્રમાણે બોલવું.

ચ્ચમક્ખિયેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તારાગારેણં, સવ્વસમાહિત્તયાગારેણં, *એગાસણં, બિયાસણં, પચ્ચક્ખાઇ, તિવિહંપિ આહારં, અસણં ખાઇમં સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં પારિઠ્ઠાવણિયાગારેણં, પાણસ્સ લેવેણ વા અલેવેણ વા અચ્છેણ વા બહુલેવેણ વા સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઇ.

* જો બિયાસણું જ કરવું હોય તો 'એગાસણ'' બોલવું નહિ, અને એકાસણું કરવું હોય તો 'બિસાયણ'' બોલવું નહિ.

# શ્રી સિદ્ધચક્રજી મહારાજના ચૈત્યવંદન, સ્તવનો અને સ્તુતિઓ

## નવપદ ચૈત્યવંદનો.

( ૧ )

જો ધુરિ સિરિઅરિહંતમૂલદઢપીઠપઇટ્ઠિઓ,
સિદ્ધ-સૂરિ-ઉવજ્ઝાય-સાહુચિહુંસાહગરિટ્ઠિઓ,
દંસણ-નાણ-ચરિત્તતવહિ પડિસાહાસુન્દરો,
તત્તક્ખરસરવગ્ગલદ્ધિગુરુપયદલદુંબરો,
દિસિપાલજક્ખજક્ખિણીપમુહસુરકુસુમેહિં અલંકિઓ,
સો સિદ્ધચક્કગુરુકપ્પતરુ અમ્હ મનવંછિયફલં દિઓ. ૧

( ૨ )

સકલ મંગળ પરમ કમળા, કેલિ મંજુલ મંદિરં;
ભવકોટિ સંચિત પાપનાશન, નમો નવપદ જયકરં. ૧
અરિહંત સિદ્ધ સૂરિશ વાચક, સાધુ દર્શન સુખકરં,
વર જ્ઞાન પદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં. ૨
શ્રીપાળ રાજા શરીર સાજા, સેવતા નવપદ વરં;
જગમાંહિ ગાજા કીર્તિ ભાજા, નમો નવપદ જયકરં. ૩
શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે સવે;
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ૪
આંબિલ નવદિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં;
બે વાર પડિકમણાં પલેવણ, નમો નવપદ જયકરં. ૫

ત્રણ કાળ ભાવે પૂજીએ ભવતારક તીર્થંકરં;
તિમ ગુણણું હોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં ૬
વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ;
તપ વર્ષ સાડાચાર નવ પદ, શુદ્ધ સાધન સાધીએ. ૭
ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વરવરં;
**શ્રી** સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં. ૮

( ૩ )

શ્રી સિદ્ધચક્ર આરાધતાં સુખ સંપત્તિ લહીએ.
સુરતરુને સુરમણિથકી અધિકજ મહિમા કહીએ. ૧
અષ્ટ કર્મહાણિ કરી, શિવમંદિર રહીએ;
વિધિ શું નવ પદ ધ્યાનથી પાતિક સવિ દમીએ. ૨
સિદ્ધચક્ર જે સેવશે, એકમના નર નારઃ
મનવાંછિત ફળ પામશે, તે સવિ ત્રિભુવન મોજાર. ૩
અંગ દેશ ચંપા પુરી, તસ કેરો ભૂપાલ,
**મયણા** ભાવે તપ તપે, તે **કુંવર શ્રીપાળ.** ૪
સિદ્ધચક્રજીના ન્હવણ થકી, જસ નાઠા રોગ;
તત્ક્ષણ ત્યાંથી તે લહે, સિવસુખ સંજોગ. ૫
સાતસે કોઢી હોતા, હુવા નિરોગી જેહ;
સોવન વાને ઝળહળે, જેહની નિરુપમદેહ. ૬
તેણે કારણ તમે ભવિજનો, પ્રહ ઉઠી ભકતે;
આસો માસ ચૈત્ર થકી, આરાધો જુગતે. ૭
સિદ્ધચક્ર ત્રણ કાલના, વંદો વળી દેવ;
પડિક્કમણું કરી ઉભય કાલ, જિનવર મુનિ સેવ. ૮
નવપદ ધ્યાન હૃદે ધરો, પ્રતિપાળો ભવિ ! શીલ;
નવપદે આંબિલ તપ તપો, જેમ હોય લીલમ લીલ. ૯
પહેલે પદ અરિહંતનો, નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વલી સિદ્ધનો, કરીએ ગુણગ્રામ. ૧૦
આચારજ ત્રીજે પદે, જપતાં જયજયકાર;
ચોથે પદ ઉવઝાયના, ગુણ ગાઉં ઉદાર. ૧૧

સરવ સાધુ વંદુ સહી, અઢીદ્વીપમાં જેહ;
પંચમ પદમાં તે સહી, ધરજો ધરી સનેહ. ૧૨
છઠ્ઠે પદ દરસણ નમું, દરશન અજવાલું;
જ્ઞાન પદ નમું સાતમે, તેમ પાપ પખાલું. ૧૩
આઠમે પદ રૂડે જપું, ચારિત્ર સુસંગ;
નવમે પદ બહુ તપ તપો, જિમ ફલ લહો અભંગ. ૧૪
એહી નવપદ ધ્યાનથી, જપતાં નાઠે કોઢ;
પંડિતધીરવિમલ તણો, નય વંદે કરજોડ. ૧૫

( ૪ )

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, આસો ચઇતર માસ;
નવદિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ. ૧
કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તુરી બરાસ;
જુગતે જિનવર પૂજીયા, મયણા ને શ્રીપાળ. ૨
પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ;
મંત્ર જપો ત્રણકાળ ને, ગુણણું તેર હજાર. ૩
કષ્ટ ટળ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન;
શ્રી શ્રીપાળ નરીંદ થયા, વાધ્યો બમણો વાન. ૪
સાતસો કોટી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ;
પુણ્યે મુકિતવધુ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫

## શ્રી અરિહંતપદનું ચૈત્યવંદન.

( ૫ )

જય જય શ્રી અરિહંતભાનું, ભવિ કમલ વિકાશી;
લોકાલોક અરૂપી રૂપી, સમસ્ત વસ્તુ પ્રકાશી. ૧
સમુદ્‌ઘાત શુભ કેવલે, ક્ષય કૃત મલ રાશિ;
શુકલ ચમર શુચિ પાદસે, ભયો વર અવિનાશી. ૨
અતરંગ રિપુગણ હણીએ, હુય અપ્પા અરિહંત;
તસુ પદ પંકજમેં રહી, હીર ધરમ નિત સંત. ૩

## શ્રી સિદ્ધપદનું ચૈત્યવંદન.

( ૬ )

શ્રીશૈલેશી પૂર્વ પ્રાંત, તનુ હીન ત્રિભાગી;

પુવ્વપઓગ પસંગસે, ઉરધ ગતજાગી જાગી. ૧
સમય એકમેં લોકપ્રાંત, ગયે નિગણુ નિરાગી;
ચેતન ભૂપે આત્મરૂપ, સુદિશા લહી સાગી. ૨
કેવલ દંસણુ નાણુથીએ, રૂપાતીત સ્વભાવ;
સિદ્ધભયે જસુહીરધર્મ, વંદે ધરી શુભ ભાવ. ૩

## શ્રી આચાર્યપદનું ચૈત્યવંદન.

( ૭ )

જિનપજ કુલ સુખરસ અનિલ, મતરસ ગુણુ ધારી;
પ્રબલ સબલ ઘન મોહકી, જિણુ તે ચમુ હારી. ૧
રૂજ્વાદિક જિનરાજ ગીત, નયતન વિસ્તારી;
ભવકૂપે પાપે પડત, જગજન નિસ્તારી. ૨
પંચાચારી જીવકે, આચારજ પદ સાર;
તીનકું વંદે હીરધર્મ, અઠ્ઠોત્તરસો વાર. ૩

## શ્રી ઉપાધ્યાય ચૈત્યવંદન.

( ૮ )

ધનધન શ્રી ઉવઝાય રાય, શઠના ઘન ભંજન;
જિનવર દિસન દુવાલસમ, દુરકૃત જનરંજન. ૧
ગુણુવણુ ભંજણુ મણુગયંદ, સુય શશિ કિયગંજણુ;
કુણાલંધ લોય લાયણે, જથ્થય સુયમંજણુ. ૨
મહાપ્રાણુમેં જિન લહ્યોએ, આગમસે પદતુર્ય;
તીન પૈ અહનિશ હીરધર્મ, વંદે પાઠક વર્ય, ૩

## શ્રી સાધુપદનું ચૈત્યવંદન.

( ૯ )

દંસણુ નાણુ ચરિત્ત કરી, વર શિવપદ ગામી;
ધર્મ શુકલ શુચિ ચકસે, આદિમ ખય કામી. ૧
ગુણુ પ્રમત્ત અપ્રમત્તતે, ભયે અંતરજામિ;
માનસ ઇંદિય દમન ભૂત, શમ દમ અભિરામી. ૨
ચારૂતિ ઘન ગુણુ કર્યોએ, પંચમ પદ મુનીરાજ;
તત્પદ પંકજ નમત હૈ, હીરધર્મકે કાજ. ૩

## શ્રી દર્શનપદનું ચૈત્યવંદન.

( ૧૦ )

દ્રૂય પુગ્ગલ પરિઅટ્ટ, અદ્ધ પરિમિત સંસાર;
ગંઠિભેદ તબ કરિ લહે, સબ ગુણનો આધાર. ૧
ક્ષાયક વેદક શશી અસંખ, ઉપસમ પણ વાર;
વિના જેણ ચારિત્ર નાણ, નહિ હુવે શિવદાતાર. ૨
શ્રીસુદેવ ગુરૂ ધર્મનીએ, રૂચિ લચ્છન અભિરામ;
દર્શન કું ગણિ હીરધર્મ, અહનિશ કરત પ્રણામ. ૩

## શ્રી જ્ઞાનપદનું ચૈત્યવંદન.

( ૧૧ )

ક્ષિપ્રાદિક રામવહ્નિ, મિન આદિમ નાણ;
ભાવ મીલાપસે જિનજનિત, સુય વીશ પ્રમાણ. ૧
ભવગુણ પજ્જવ ઓહિ હોય, મણ લોચન નાણ;
લોકાલોક સરૂપ નાણ, ઇક કેવલ ભાણ. ૨
નાણાવરણી નાશથી એ, ચેતન નાણ પ્રકાશ;
સપ્તમ પદમેં હીરધર્મ, નિત ચાહત અવકાશ. ૩

## શ્રી ચારિત્રપદનું ચૈત્યવંદન.

( ૧૨ )

જસ્સ પસાયે સાહુ પાય, જુગ જુગ સમિતેંદ;
નમન કરે શુભ ભાવ લાય, કુણ નરપતિ વૃંદ. ૧
જંપે ધરી અરિહંતરાય, કરી કર્મ નિકંદ;
સુમતિ પંચ તીન ગુપ્તિ સુધ, દે સુખ અમંદ. ૨
ઇષુ કૃતિ માન કષાયથી એ, રહિત લેશ શુચિવંત;
જીવ ચરિત્તકું હીરધર્મ, નમન કરત નિતસંગ. ૩

## શ્રી તપપદનું ચૈત્યવંદન.

( ૧૩ )

શ્રી ઋષભાદિક તીર્થનાથ, તદ્ભવ શિવદ જાણ;
વિહિ અંતેરપિ બાહ્ય મધ્ય, દ્વાદશ પરિમાણ. ૧

વસુકર મિત આમોસહી, આદિક લબ્ધિ નિદાન;
ભેદે સમતા યુત ખિણે, દગ્ધન કર્મ વિમાન. ૨
નવમો શ્રી તપપદ ભલા એ, ઇચ્છારોધ સરૂપ;
વંદનસે નિત હીરધર્મ, દૂર ભવતુ ભવકૂપ. ૩

## શ્રી નવપદજીના સ્તવનો.

( ૧ )

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન,
એ નવપદનું ધ્યાન કરંતા, પામે જીવ વિશ્રામ. ભવિ તુમે. ૧
અરિહંત, સિદ્ધ, આચારજ, પાઠક, સાધુ સકળ ગુણ ખાણ. ભવિ. ૨
દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન. ભવિ. ૩
આસો ચૈત્રની શુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ. ભવિ. ૪
એમ એકયાસી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન. ભવિ. ૫
પડિક્કમણાં દોય ટંકનાં કીજે, પડિલેહણ બે વાર. ભવિ. ૬
દેવવંદન ત્રણ ટંકનાં કીજે, દેવ પૂજો ત્રિકાળ. ભવિ. ૭
બાર, આઠ, છત્રીશ, પચવીશનો સત્તાવીશ સડસઠ સાર. ભવિ. ૮
એકાવન, સીત્તેર પચાસનો કાઉસગ્ગ કરો સાવધાન. ભવિ. ૯
એક એક પદનું ગુણણું ગણીએ દોય હજાર. ભવિ. ૧૦
એણે વિધિ જે એ તપ આરાધે, તે પામે ભવ પાર. ભવિ. ૧૧
કરજોડી સેવક ગુણ ગાવે, **મોહનગુણ** મણિમાળ. ભવિ. ૧૨
તાસ શિષ્ય મુનિ **હેમ** કહે છે, જન્મ મરણ દુઃખ ટાળ. ભવિ. ૧૩

( ૨ )

( જગજીવન જગવાલહો એ દેશી. )

શ્રી સિદ્ધચક્ર આરાધીયે, શિવસુખ ફલ સહકાર લાલરે
જ્ઞાનાદિક ત્રણ રત્નનું, તેજ ચઢાવણહાર લાલરે. શ્રી સિ૦ ૧
ગૌતમ પૂછંતા કહ્યો, વીર જિણંદ વિચાર લાલરે;
નવપદ મંત્ર આરાધતાં, ફલલહે ભવિક અપાર લાલરે. શ્રી સિ૦ ૨
ધર્મ રથના ચાર ચક્ર છે, ઉપશમ ને સુવિવેક લાલરે;
સંવર ત્રીજો જાણીયે, ચોથો સિદ્ધચક્ર તાલરે. શ્રી સિ૦ ૩

ચક્રી ચક્રને રથ બલે સાધે સયલ છ ખંડ લાલરે;
તિમ સિદ્ધચક્ર પ્રભાવથી તેજ પ્રતાપ અખંડ લાલરે. શ્રી સિ૦ ૪
મયણા ને શ્રીપાલજી જપતા બહુફલ લીધ લાલરે;
ગુણ જસવંત જિનેંદ્રનો જ્ઞાન વિનોદ પ્રસિદ્ધ લાલરે. શ્રી સિ૦ ૫

( ૩ )

સિદ્ધચક્રવર સેવા કીજે, નરભવ લાહો લીજેજી;
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવભવ પાતક છીજે, ભવિજન ભજીએજી.
અવર અનાદિની ચાલ નિતનિત તજીએજી. ૧ ( એ આંકણી )
દેવના દેવ દયા કર ઠાકર, ચાકર સુરનર ઈંદાજી;
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા. ભવિજન૦ ૨
અજ અવિનાશી અકલ અજરામર, કેવળ દંસણ નાણીજી;
અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી. ભવિજન૦ ૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મીપીઠ, મંત્રરાજ યોગ પિઠજી;
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇઠ્ઠ. ભવિજન૦ ૪
અંગ ઉપાંગ નંદિ અનુયોગા, છેદને મૂળ ચારજી;
દશ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહના ધાર. ભવિજન૦ ૫
વેદ [1]ત્રણને હાસ્યાદિ ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવ વિધ બાહ્યની, ગ્રંથિ તજે મુનિરાય. ભવિજન૦ ૬
ઉપશમ ક્ષય ઉપશમને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધા પરિણતિ આતમ કેરી, નમીએ વારંવાર. ભવિજન૦ ૭
અઠ્ઠાવીશ ચૌદ ને ષટ દુગ એક, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વરનાણ. ભવિજન૦ ૮
નિવૃત્તિને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર દો વ્યવહારેજી;
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચયશુદ્ધ પ્રકારે. ભવિ૦ ૯
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને ભવસાગરમાં સેતુ. ભવિજન૦ ૧૦
એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવગુરૂને ધર્મ તે એહમાં દો તીન ચાર પ્રકાર. ભવિજન૦ ૧૧

૧ પુરૂષ સ્ત્રી અને નંપુસક.

મારગ દેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહીજ હેતે. ભવિજન૦ ૧૨
વિમલેશ્વર સાનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવી પ્રાણી નિજ આતમ હિત સાધે. ભવિ૦ ૧૩

## શ્રી નવપદજીની સ્તુતિઓ.

(૧)

સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હેડે હર્ષ અપાર, જેમ લહો સુખ શ્રીકાર;
મનશુદ્ધે નવ ઓળી કીજે, અહોનિશ નવપદ ધ્યાન ધરીજે, જિનવર પૂજા કીજે;
પડિક્કમણાં હોય ટંકના કીજે, આઠે થોયે દેવ વાંદીને, ભૂમિ સંથારો કીજે;
મૃષા તણો કીજે પરિહાર, અંગે શીલ ધરીને સાર, દીજે દાન અપાર. ૧
અરિહંત સિદ્ધ આચાર્ય નમીને, વાચક સર્વ સાધુ વંદીજે, દર્શન જ્ઞાનથુણીજે;
ચારિત્રતપનું ધ્યાન ધરીજે, અહોનિશ નવપદગુણણું ગણીજે, નવ આયંબિલ પણ કીજે;
નિશ્ચય રાખીને મન ઈશ, જપો પદ એકએકને ઈશ, નવકારવાળી વીશ;
છેલ્લે આયંબિલે પણ કીજે; સત્તર ભેદી જિન પૂજા રચીજે, માનવ ભવફળ લીજે. ૨
સાતસેં કુષ્ટિના[1] રોગ, નાઠા[2] ન્હવણ લઇ સંયોગ, દૂર હુવા કર્મના ભોગ;
કુષ્ટ અઢારે દૂરે જાય, દુઃખદારિદ્ર સવિ દૂર પળાય, મનવંછિત ફળ થાય;
નિર્ધનીઆને દે બહુધન, અપુત્રીઆને પુત્રરતન, જો સેવે શુદ્ધ મન;
નવકાર સમો નહિ કોઇ મંત્ર, સિદ્ધચક્ર સમો નહિ કોઈ જંત્ર, સેવો ભવિયણ એકંત. ૩
જો સેવ્યો મયણા શ્રીપાળ, ઉમર રોગ ગયો તત્કાળ, પામ્યા મંગળમાળ;
શ્રીપાળ પેરે જે આરાધે, તસઘર દિન દિન દોલત વાધે, અંત શિવસુખ સાથે;
વિમલેશ્વર જક્ષ એવા(સાનિધ્ય)સારે, આપદા કષ્ટ સવી દૂર નિવારે, દોલત લક્ષ્મી વધારે;
મેઘવિજય કવિરાયનો શીષ, હેડે ભાવ ધરી જગદીશ, વિનયવિજય નિશદીશ. ૪

(૨)

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી,
એક દિન આણા વીરની લઇને, રાજગૃહી સંચરીયાજી;
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટમનમાં આણીજી,
પર્ષદા આગલ બાર બીરાજે, હવે સુણો ભવી પ્રાણીજી. ૧
માનવ ભવ તુમે પુણ્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત–સિદ્ધ–સૂરિ–ઉવજ્ઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;

---

૧ કોઢીઓના. ૨ ન્હવણ છાંટવાથી.

દરિસણ-નાણુ-ચારિત્ર-તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર **આસોથી** કરવા આંબિલ, સુખ સંપદા પામીજેજી. ૨

**શ્રેણિકરાય ગૌતમને** પૂછે, સ્વામી ! એ તપ કેણે કીધોજી ?
નવ આંબિલ તપ વિધિશું કરતાં વાંછિત સુખ કેણે લીધોજી ?
મધુરી ધ્વનિ બોલ્યા **શ્રી ગૌતમ**, સાંભળો **શ્રેણિકરાય** વયણાજી.
" રોગ ગયો ને સંપદા પામ્યા, **શ્રીશ્રીપાળને મયણાજી.**" ૩

રૂમઝુમ કરતી પાયે નેઉર, દીસે દેવી રૂપાલીજી,
નામ **ચક્કેસરી ને સિદ્ધાઈ, આદિ જિન-વીર** રખવાલીજી;
વિઘ્નકોડ હરે સઉ સંઘનાં, જે સેવે એના પાયજી,
**ભાણુવિજય** કવિ સેવક નય કહે, સાંનિધ કરજે માયજી. ૪

( ૩ )

અરિહંત નમો, વલી સિદ્ધ નમો; આચારજ, વાચક, સાહુ નમો;
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧

અરિહંત અનંત થયા, થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે;
પડિક્કમણાં, દેવવંદન વિધિશું, આંબિલ, તપ, ગણણું ગણવું વિધિશું. ૨

છહરી પાળી જે તપ કરશે, **શ્રીપાળતણી** પરે ભવ તરશે;
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જિન આગમ ગુણ બોલે. ૩

સાડાચાર વરસે તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો;
સિદ્ધચક્રને મનમંદિર થાપો, **નય વિમલેસર** વર આપો. ૪

## નવે દિવસ કહેવાની સ્તુતિ.

સકલ દ્રવ્યપર્યાય પ્રરૂપક, લોકાલોક સરૂપોજી,
કેવલજ્ઞાનકી જ્યોતિ પ્રકાશક, અનંત ગુણે કરી પૂરોજી;
તીજે ભવ થાનક આરાધી, ગોત્ર તીર્થંકર નૂરોજી,
બાર ગુણાકાર એહવા અરિહંત, આરાધો ગુણ ભૂરોજી. ૧

અષ્ટ કરમકું દમન કરીને, ગમન કિયો શિવવાશીજી,
અવ્યાબાધ આદિ અનાદિ, ચિદાનંધ ચિદૂરાશીજી;
પરમાતમ પદ પુરણ વિલાસી, અઘ ઘન દાખ વિનાશીજી,
અનંત ચતુષ્ટય શિવપદ ધ્યાવો, કેવલજ્ઞાની ભાષીજી. ૨

પંચાચાર પાલે ઉજવાલે, દોષ રહિત ગુણધારીજી,
ગુણ છત્તીસે આગમધારી, દ્વાદશ અંગ વિચારીજી;

પ્રબલ સબલ ઘનમોહ હરણકું; અનિલ સમો ગુણ વાણીજી;
ક્ષમાસહિત જે સંયમ પાલે આચારજ ગુણધ્યાનીજી. ૩
અંગ ઇગ્યારે ચઉદે પુરવ, ગુણ પચવીસના ધારીજી,
સૂત્ર અરથ ધર પાઠક કહીએ, જોગ સમાધિ વિચારીજી,
તપ ગુણ સૂરા આગમ પૂરા, નય નિક્ષેપે તારીજી,
મુનિ ગુણધારી બુધ વિસ્તારી, પાઠક પૂજો અવિકારીજી. ૪
સુમતિ ગુપતિ કર સંજમ પાલે, દોષ બયાલીસ ટાલેજી,
ષટ્કાયા ગોકુલ રખવાલે. નવવિધ બ્રહ્મવ્રત પાલેજી;
પંચમહાવ્રત સુધા પાલે, ધર્મ શુકલ ઉજવાલેજી,
ક્ષપકશ્રેણિ કરી કર્મ ખપાવે, દમપદ ગુણ ઉપજાવેજી. ૫
જિનપન્નત તત્ત સુધા સરધે, સમકિત ગુણ ઉજવાલેજી,
ભેદ છેદ કરી આતમ નિરખી, પશુ ટાલી સુર પાવેજી;
પ્રત્યાખ્યાને સમ તુલ્ય ભાખ્યો, ગણધર અરિહંત શૂરાજી,
એ દરશન પદ નિત નિત વંદો, ભવસાગરકો તીરાજી. ૬
મતિ શ્રુત ઇંદ્રી જનિત કહીએ, લહીએ ગુણ ગંભીરોજી,
આતમધારી ગણધર વિચારી, દ્વાદશ અંગ વિસ્તારોજી;
અવધિ મનપર્યવ કેવલ વલી, પ્રત્યક્ષ રૂપ અવધારોજી,
એ પંચ જ્ઞાનકું વંદો પૂજો, ભવિજનને સુખકારોજી ૭
કર્મ અપચય દૂર ખપાવે, આતમ ધ્યાન લગાવેજી,
બારે ભાવના સૂધી ભાવે, સાગર પાર ઉતારોજી;
ષટ્ખંડ રાજકું દૂર તજીને, ચક્રી સંજમ ધારેજી,
એહવો ચારીત્રપદ નિત વંદો, આતમ ગુણ હિતકારેજી. ૮
ઇચ્છારોધન તપ તે ભાખ્યો, આગમ તેહનો સાખીજી,
દ્રવ્યભાવસેં દ્વાદશ દાખી, જોગસમાધિ રાખીજી;
ચેતન નિજગુણ પરણિત પેખી, તેહીજ તપ ગુણ દાખીજી,
લબ્ધિ સંકલનો કારણ દેખી, ઈશ્વર સેમુખ ભાષીજી. ૯

ઉપર પ્રમાણે વિધિ પૂર્ણ કરીને આશાતનાનો મિચ્છામિ દુક્કડં દેવો. આ પૂજા વિગેરે વિધિ મધ્યાન્હ અગાઉ કરીને પછી આંબિલ કરવું ગુણણું કાઉસ્સગ્ગ, ખમાસમણાદિમાંથી સવારે બાકી રહ્યું હોય તે બપોરે કરવું.

ઉપર જણાવ્યા પ્રમાણે દરરોજ નવપદની પૂજામાંથી એકેક પૂજા ભણાવવી અને નવમે દિવસે નવપદજીની પૂજા ભણાવવી. પારણાને દિવસે તે અથવા સત્તરભેદી પૂજા ભણાવવી. ફળ નૈવેદ્ય વિશેષે ધરવું. પરમાત્માની આંગી પૂજા સવિશેષે કરવી અને એક બાજોઠ ઉપર નવપદનું મંડળ, પાંચે વર્ણના ચોખા રંગીને પૂરવું.

---

પંડિત શ્રી દેવચંદ્રજી કૃત.

# સ્નાત્ર પૂજા પ્રારંભ.

શ્રી સ્નાત્ર પૂજાનો વિધિ.

પ્રથમ ત્રણ ગઢને બદલે ત્રણ બાજોઠ મૂકી ઉપલા બાજોઠને મધ્યભાગે કેસર (કુંકુમ)નો સાથીઓ કરવો, અને તેના આગળ કેસર (કુંકુમ) ના ચાર સાથીઆ કરીને ઉપર અક્ષત નાંખવા તથા ફળ મૂકવાં, વચલા સાથીઆ ઉપર રૂપાનાણું મૂકવું, અને ચારે સાથીઆ ઉપર કલશ સ્થાપવા. તેમાં પંચામૃત કરી જલ ભરવું તથા વચલા સાથીઆ ઉપર થાળ મૂકી કેસરનો સાથીઓ કરી અક્ષત નાંખી ફળ મૂકી ત્રણ નવકાર ગણી પ્રભુજીને પધરાવવા, પછી બે સ્નાત્રીયાઓને ઉભા રાખીને ત્રણ નવકાર ગણાવવા. પછી પ્રભુના જમણા પગના અંગે કળશમાંથી જલ રેડવું અને અંગ લુહણાં ત્રણ કરવાં, પછી કેસરથી પૂજા કરી હાથ ધૂપીને સ્નાત્રીયાના જમણા હાથમાં કેસરનો ચાંલ્લો કરવો. પછી કુસુમાંજલિ ( ફૂલ) હોય તે હાથમાં આપવી પછી નીચે પ્રમાણે કહેવું. દીપક એક પ્રભુની જમણી બાજુએ કરવો.

ઢાળ પહેલી. ગાથા.

અઉત્તિસે અતિશય જુઓ, વચનાતિશય જુત્ત;
સો પરમેશ્વર દેખી, ભવિ, સિંહાસન સંપત્ત.

ઢાળ.

સિંહાસન બેઠા જગભાણ, દેખી ભવિકજન ગુણ મણિખાણ;
જે દીઠે તુજ નિર્મળ નાણ, લહિયે પરમ મહોદય ઠાણ,
કુસુમાંજલિ મેલો આદિ જીણંદા તોરા ચરણકમળ સેવે ચોસઠ ઇંદા
ચોવાશ વૈરાગી ચોવીશ સોભાગી ચોવીશ જીણંદા. કુ૦ ૧

(એમ કહી પ્રભુના ચરણે કુસુમાંજલિ ચડાવવી)

ગાથા.

જો નિય ગુણ પજ્જવ રમ્યો, તસુ અનુભવ એગંત;
સુહ પુગ્ગલ આરોપતાં, જો તસુ રંગ નિરત્ત.

ઢાળ.

જો નિજ આતમ ગુણ આણંદી, પુગ્ગલ સંગે જેહ અફંદી;
જે પરમેશ્વર નિજ પદ લીન, પૂજો પ્રણમો ભવ્ય અદીન;
કુસુમાંજલિ મેલો શાંતિ જીણંદા. તો૦ કુ૦

(એમ કહી પ્રભુના જાનુએ કુસુમાંજલિ ચડાવવી.)

ગાથા.

નિમ્મલ નાણ પયાસ કર, નિમ્મલ ગુણ સંપન્ન;
નિમ્મલ ધમ્મો વએસકર, સો પરમપ્પા ધન્ન.

ઢાળ.

લોકાલોક પ્રકાશક નાણી, ભવિજન તારણ જેહની વાણી;
પરમાનંદ તણી નિશાણી, તસુ ભગતે મુજ મતિય ઠહરાણી,
કુસુમાંજલિ મેલો નેમ જીણંદા. તો૦ કુ૦

(એમ કહી પ્રભુના બે હાથે કુસુમાંજલિ ચડાવવી.)

ગાથા.

જે સિજ્ઝા સિજ્ઝંતિ, જે સિજ્ઝસંતિ અણંત;
જસુ આલંબન ઠવિયમણ, સો સેવો અરિહંત.

ઢાળ.

શિવસુખ કારણ જેહ ત્રિકાળે, સમપરિણામે જગત નિહાળે;
ઉત્તમ સાધન માર્ગ દેખાડે, ઈંદ્રાદિક જસુ ચરણ પખાળે.
કુસુમાંજલિ મેલો પાસ જીણંદા. તો૦ કુ૦

(એમ કહી પ્રભુના ખભાએ કુસુમાંજલિ ચડાવવી.)

ગાથા.

સમદિઠ્ઠી દેસ જય, સાહુ સાહુણી સાર;
આચારિજ ઉવજ્ઝાય મુણિ, જો નિમ્મલ આધાર;

ઢાળ.

ચઉવિહ સંઘે જે મન ધાર્યું, મોક્ષ તણું કારણ નિરધાર્યું;
વિવિહ કુસુમ વર જાતિ ગહેવી, તસુ ચરણે પ્રણમંત ઠવેવી.
કુસુમાંજલિ મેલો વીર જીણંદા. તો૦ કુ૦

(એમ કહી પ્રભુના મસ્તકે કુસુમાંજલિ ચડાવવી.)

વસ્તુ છંદ.

સયલ જિનવર સયલ જિનવર, નમિય મનરંગ;
કલ્લાણુક વિહિ સંધવિય, કરિસ ધમ્મ સુપવિત્ત,
સુંદર સયઇગસત્તરિ તિથ્થંકર, એક સમય વિહરંતિમહીયલ,
ચવણુ સમય ઇગવીસ જીણુ, જમ્મ સમય ઇગવીસ,
ભત્તીય ભાવે પૂજ્યા, કરો સંઘ સુજગીસ.

ઢાળ બીજી.

એક દિન અચિરા હુલરાવતી—એ દેશી

ભવ ત્રીજે સમકિત ગુણુ રમ્યા, જિનભકિત પ્રમુખ ગુણુ પરિણુમ્યા;
તજી ઇંદ્રિય સુખ આશંસના, કરી સ્થાનક વીસની સેવના. ૧
અતિ રાગ, પ્રશસ્ત પ્રભાવતા, મન ભાવના એહવી ભાવતા;
સવિ જીવ કરૂં શાસન રસી, ઇસીભાવ દયા મન ઉલ્લસી. ૨
લહી પરિણામ એહવું ભલું, નિપજાવી જિન પદ નિર્મલું;
આયુ બંધવિચે એક ભવ કરી, શ્રદ્ધા સંવેગ તે થિર ધરી. ૩
ત્યાંથી ચવિય લહે નર ભવ ઉદાર, ભરતે તેમ ઐરવતેજ સાર;
મહાવિદેહે વિજયે વર પ્રધાન, મધ્ય ખંડે અવતરે જિન નિધાન. ૪

સુપનાની ઢાળ ત્રીજી.

વસ્તુ છંદ.

પુણ્યે સુપનહ દેખે, મનમાંહે હર્ષ વિશેષે;
ગજવર ઉજ્જવળ સુંદર, નિર્મળ વૃષભ મનોહર. ૧
નિર્ભય કેશરી સિંહ, લીક્ષ્મી અતિહીં અબીહ;
અનુપમ ફુલની માળ, નિર્મળ શશી સુકુમાર. ૨
તેજે તરણી અતિ દીપે, ઇંદ્ર ધ્વજા જગ ઝીપે,
પૂરણુ કળશ પંડૂર, પદ્મ સરોવર પૂર. ૩
અગ્યારમે રયણાયર, દેખે માતાજી ગુણુ સાયર;
બારમે ભુવન વિમાન, તેરમે અનુપમ રત્ન નિધાન. ૪
અગ્નિ શિખા નિર્ધૂમ, દેખે માતાજી અનુપમ;
હરખી રાયને ભાસે, રાજા અરથ પ્રકાશે. ૫
જગપતિ જિનવર સુખકર, હોશે પુત્ર મનોહર;
ઇંદ્રાદિક જસુ નમશે, સકળ મનોરથ ફળશે. ૬

વસ્તુ છંદ

પુણ્ય ઉદય પુણ્ય ઉદય ઉપના જિનનાહ, માતા તવ રયથી સામે,
દેખી સુપન હરખંતી જાગીય, સુપન કહી નિજ કંતને;
સુપન અરથ સાંભળો સોભાગીય, ત્રિભુવન તિલક મહા ગુણી,
હોશે પુત્ર નિધાન, ઈંદ્રાદિ જસુ પાય નમાં, કરશે સિદ્ધિ વિધાન.

## ઢાળ ચોથી.

ચંદ્રાવળાની દેશીમાં.

સોહમપતિ આસન કંપીયોએ, દેઇ અવધિ મન આણંદીયોએ;
નિજ આતમ નિર્મળ કરણકાજ, ભવજળ તારણ પ્રગટયો જહાજ. ૧
ભવ અડવી પારગ સથ્થવાહ, કેવળ નાણાઇય ગુણ અગાહ;
શિવ સાધન ગુણ અંકુરો જેહ, કારણ ઉલટયો આસાઢિ મેહ. ૨
હરખે વિકસી તવ રોમરાય, વલયાદિકમાં નિજ તનુ ન માય;
સિંહાસનથી ઉઠયો સુરિંદ, પ્રણમંતો જિન આનંદ કંદ. ૩
સગઅડ પય સાહમો આવી તથ્થ, કરી અંજલિય પ્રણમીય મથ્થ;
મુખે ભાખે એ ક્ષણ આજ સાર, તિય લોય પહુ દીઠો ઉદાર. ૪
રે રે નિસુણો સુરલોય દેવ, વિષયાનળ તાપિત તુમ સવેવ;
તસુ શાંતિકરણ જળધર સમાન, મિથ્યા વિષ ચુરણ ગરૂઢવાન. ૫
તે દેવ સકળ તારણ સમથ્થ, પ્રગટયો તસુ પ્રણમી હવો સનાથ;
એમ જપી શક્રસ્તવ કરેવિ, તવ દેવ દેવી હરખે સુણેવિ. ૬
ગાવે તવ રંભા ગીત ગાન, સુરલોક હવો મંગળ નિધાન;
નર ક્ષેત્રે આરિજ વંશ ઠામ, જિનરાજ વધે સુર હર્ષ ધામ. ૭
પિતા માતા ઘરે ઉત્સવ અશેષ, જિનશાસન મંગળ અતિવિશેષ:
સુરપતિ દેવાદિક હર્ષ સંગ, સંયમઅથી જનને ઉમંગ. ૮
શુભ વેળા લગ્ને તીર્થનાથ, જનમ્યા ઈંદ્રાદિક હર્ષ સાથ;
સુખ પામ્યા ત્રિભુવન સર્વ જીવ, વધાઇ વધાઇ થઈ અતીવ. ૯

## ઢાળ પાંચમી.

( શ્રી શાંતિ જીનનો કળશ કહીશું, પ્રેમસાગર પૂર ), એ દેશી.

શ્રી તીર્થપતિનું કળશ મજ્જન, ગાઇએ સુખકાર;
નરખિત્ત મંડણ દુહ વિહંડણ, ભવિક મન આધાર;

તિહા રાવ રાણા હર્ષ ઉચ્છવ, થયો જગજયકાર;
દિશિ મરી અવાધ વિશેષ જાણી, લો હર્ષ અપાર. ૧
નિય અમર અમરી સંગ કુમરી, ગાવતી ગુણ છંદ;
જિન જનની પાસે આવી પહોતી, ગહગહતી આણંદ;
હે માય ! તેં જિનરાજ જાયો, શુચિ વધાયો રમ્મ;
અમ જમ્મ નિમ્મલ કરણ કારણ, કરીશ સૂઇ કમ્મ. ૨
તિહાં ભૂમિ શોધન દીપ દર્પણ, વાય વીંઝણ ધાર;
તિહાં કરીય કદલી ગેહ જિનવર, જનની મજ્જનકાર;
વર રાખડી જીન પાણિ[1] બાંધી, દીયે એમ આશિષ,
જુગ કોડા કોડી ચિરંજીવો, ધર્મદાયક ઇશ. ૩

ઢાળ છઠ્ઠી.

જગ નાયકજી ત્રિભુવન જન હિતકાર એ;
પરમાતમજી ચિદાનંદ ધન સાર એ. એ દેશી.
જીન રયણીજી, દસ દિશિ ઉજ્જવળતા ધરે;
શુભ લગ્નેજી, જોતિષ ચક્ર તે સંચરે;
જિન જન્મ્યાજી, જેણે અવસર માતા ધરે;
તેણ અવસરજી, ઇંદ્રાસન પણ થરહરે.

ત્રોટક.

થરહરે આસન ઇંદ્ર ચિત્તે, કોણ અવસર એ બન્યો,
જિન જન્મ ઉત્સવ કાળ જાણ, અતિહી આનંદ ઉપન્યો:
નિજ સિદ્ધિ સંપત્તિ હેતુ જિનવર, જાણી ભગતે ઉમ્મહ્યો,
વિકસિત વદન પ્રમોદ વધતે, દેવનાયક ગહ ગહ્યો. ૧

ઢાળ,

તવ સુરપતિજી, ઘંટાનાદ કરાવ એ,
સુર લોકેજી, ઘોષણા એહ દેવરાવએ;
નર ક્ષેત્રેજી, જિનવર જન્મ હુઓ અછે,
તસુ ભગતેજી સુરપતિ મંદિર ગિરિગચ્છે.

ત્રોટક.

ગચ્છેતિ મંદિર શિખર ઉપર, ભવન જીવન જિન તણો;
જિન જન્મ ઉત્સવ કરણકારણ, આવજો સવિ સુર ગણો;

[1] હાથ.

તુમ શુદ્ધ સમકિત થાશે નિર્મળ, દેવાધિદેવ નિહાળતાં;
આપણાં પાતક સર્વ જાશે, નાથ ચરણુ પખાળતાં. ૧

ઢાળ.

એમ સાંભળીજી, સુરવર કોડી બહુ મલી;
જિન વંદનજી, મંદિર ગિરિ સામા ચલી;
સોહમપતિજી જિન જનનીઘર આવિયા;
જિનમાતાજી, વંદી સ્વામી વધાવિયા.

ત્રોટક.

વધાવિયા જિન હર્ષ બહુલે, ધન્ય હું કૃતપુણ્ય એ,
ત્રૈલોકય નાયક દેવ દીઠો, મુજ સમો કોણુ અન્ય એ;
હે જગતજનની પુત્ર તુમરો, મેરૂ મજ્જનોત્સવ કરી;
ઉત્સંગ તુમરે વળીય થાપીશ, આત્મા પુણ્યે ભરી.

ઢાળ.

સુર નાયકજી, જિન નિજ કર કમળે ઠવ્યા;
પંચ રૂપેજી, અતિશે મહિમાયે સ્તવ્યા;
નાટક વિધિજી, તવ બત્રીશ આગળ વહે;
સુર કોડીજી, જિન દર્શનને ઉમ્મહે.

ત્રોટક.

સુર કોડા કોડી નાચતી વળી, નાથ શુચિ ગુણુ ગાવતી;
અપ્સરા કોડી હાથ જોડી, હાવ ભાવ દેખાવતી;
જયો જયો તું જિનરાજ જગ ગુરૂ, એમ દે આશિષ એ;
અમ્મ. ત્રાણુ શરણુ આધાર જીવન, એક તું જગદીશ એ.

ઢાળ.

સુર ગિરિવરજી, પાંડુક વનમે ચિહું દિશે;
ગિરિ શિલા પરજી, સિંહાસન શાસય વસે;
તિહાં આણીજી, શક્રે જિન ખોલે ગ્રહ્યા;
ચોસઠેજી, તિહાં સુરપતિ આવી રહ્યા.

ત્રોટક.

આવિયા સુરપતિ સર્વ ભગતે, કળશ શ્રેણી બનાવએ;
સિદ્ધાર્થ પમુહા તીર્થ ઔષધિ, સર્વ વસ્તુ અણાવએ;

અચ્ચુઅપતિ તિહાં હુકમ કીનો, દેવ કોડા કોડીને;
જિન મજ્જનારથ નીર લાવો, સર્વ સુર કર જોડીને.

ઢાળ સાતમી.

શાંતિને કારણે ઈંદ્ર કળશા ભરે. એ દેશી.

આત્મ સાધન રસી, દેવ કોડી હસી, ઉલ્લસીને ધસી ખીર સાગર દિશી;
પઉમદહ આદિ દહ, ગંગ પમુહા નઈ,
તીર્થ જલ અમલ લેવા, ભણી તે ગઈ. ૧
જાતિ અડકળશ કરી સહસ અઠ્ઠોતરા. છત્ર ચામર સિંહાસન શુભતરા;
ઉપગરણ પુપ્ફ ચંગેરી પમુહા સવે,
આગમે ભાસિયા તેમ આણી ઠવે. ૨
તીર્થજળ ભરીય કર કળશ કરી દેવતા,
ગાવતા ભાવતા ધર્મ ઉન્નતિ રતા;
તિરિયનર અમરને હર્ષ ઉપજાવતા,
ધન્ય અમ્હ શક્તિ શુચિ ભક્તિ એમ ભાવતા. ૩
સમકિત બીજ નિજ આત્મ આરોપતા,
કળશ પાણી મિષે ભક્તિ જલ સીંચતા;
મેરૂ સિંહરે વરી સર્વ આવ્યા વહી,
શક્ર ઉત્સંગ જિન દેખિ મન ગહગહી. ૪

વસ્તુ છંદ.

હંહો દેવા હંહો દેવા અણાઈ કાળો, અદિઠ્ઠ પુવ્વો.
તિલોય તારણો તિલોય બંધુ, મિચ્છત્ત મોહ વિધ્વંસણો,
અણાઈતિણ્હા વિણાસણો, દેવાહિ દેવો દિઠ બોહિય કામેહિ. ૫

ઢાળ.

એમ પભણંત વણ ભવણ જોઇસરા, દેવ વેમાણિયા ભત્તિધમ્માયરા;
કેવિકપ્પઠિયા કેવિ મિત્તાણુગા, કેવિ વર રમણિ વયણેણ અઇઉછુગા. ૬

વસ્તુ છંદ.

તથ અચ્ચુઅ તથ અચ્ચુઅ ઇંદ આદેસ,
કર જોડી સવિદેવગણ લેય કળશ આદેશ પામિય,
અદ્દભૂત રૂપ સરૂપ જુએ, કવણ ઇહ ઉત્સંગે સામિય.
ઇંદ કહે જગતારણો, પારગ અમ પરમેશ;
નાયક દાયક ધમ્મ નિહિ, કરિયે તસુ અભિસેસ. ૭

ઢાળ આઠમી.

(તીર્થ કમળદળ ઉદક ભરીને પુષ્કર સાગર આવે) એ દેશી.

પૂરણ કળશ શુચિ ઉદકની ધારા, જિનવર અંગે નામે;
આતમ નિર્મળ ભાવ કરંતા, વધતે શુભ પરિણામે;
અચ્યુતાદિક સુરપતિમજ્જન, લોકપાળ લોકાંત;
સામાનિક ઇંદ્રાણી પમુહા, એમ અભિષેક કરંત.

ગાહા

તવ ઇશાણ સુરિંદો, સકં પભણેઇ, કરઇ સુપસાઓ;
તુમ અંકે મહન્નાહો, પણ મિત્તંમ્ અમ્હ અપ્પેહ. ૨
તાસિકિંદો પભણેઇ, સાહમીવછ્છલંમિ બહુ લાહો;
આણા એવં તેણં, ગિણ્હિહહવ્વો ઉક્કય થાભો. ૩

(એમ કહી સર્વ સ્નાત્રિયા કળશ ઢાળે, નીચે પ્રમાણે પાઠ કહે.)

ઢાળ

સોહમ સુરપતિ વૃષભ રૂપ કરી, ન્હવણ કરે પ્રભુ અંગ;
કરિય વિલેપણ પુષ્ફ માળઠવી, વર આભરણ અભંગ;
તવ સુરવર બહુ જય જય રવકરિ, નાચે ધરી આણંદ;
મોક્ષ માર્ગ સારથપતિ પામ્યો, ભાંજશું હવે ભવફંદ. ૪
કોડિ બત્રીસે સોવન ઉવારી, વાજંતે વરનાદે;
સુરપતિ સંઘ અમર શ્રી પ્રભુને, જનનીને સુપ્રસાદે;
આણી થાપી એમ પયંપે, અમે નિસ્તરિયા આજ;
પુત્ર તુમારો ધણીરે હમારો, તારણ તરણ જહાજ. ૫
માત જતન કરિ રાખજો એહને, તુમ સુત અમ આધાર;
સુરપતિ ભગતિ સહિત નંદી સર, કરે જિન ભાકત ઉદાર;
નિય નિય કપ્પ ગયા સવિ નિર્જર, કહેતા પ્રભુ ગુણ સાર;
દીક્ષા કેવળ જ્ઞાન કલ્યાણક ઇચ્છાચિત્ત મઝાર. ૬
ખરતર ગચ્છ જિન આણા રંગી, રાજ સાગર ઉવઝાય;
જ્ઞાન ધર્મ દીપચંદ સુપાઠક, સુગુરૂ તણે સુપસાય;
દેવચંદ્ર જિન ભકતે ગાયો, જન્મ મહોત્સવ છંદ;
બોધ બીજ અંકુરો ઉલસ્યો સંઘ સકળ આનંદ. ૭

કળશ (રાગ વેળાવલ.)

એમ પૂજા ભગતે કરો, આતમ હિત કાજ;
તજિય વિભાવ નિજ ભાવમે, રમતા શિવરાજ. એમ. ૧
કાળ અનંતે જે હુઆ, હોશે જિહ જિણંદ;
સંપય સીમંધર પ્રભુ કેવળ નાણ જિણંદ. એમ. ૨

જન્મ મહોચ્છવ એણી પરે, શ્રાવક રૂચિવંત;
વિરચે જિન પ્રતિમા તણો, અનુમોદન ખંત. એમ. ૩
દેવચંદ્ર જિન પૂજના, કરતા ભવપાર;
જિન પડિમા જિન સારખી, કહી સૂત્ર મોઝાર. એમ. ૪

ઇતિ પંડિત શ્રી દેવચંદ્રજી કૃત સ્નાત્ર પૂજા સમાપ્ત.

અહીં કળશાભિષેક કરીયે. પછી દૂધ, દહિં, ઘૃત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરીને પછી પૂજા કરીયે ને ફૂલ ચઢાવીએ. પછી લૂણ ઉતારી આરતી ઉતારવી. પછી પ્રતિમાજીને આડો પડદો રાખી સ્નાત્રીઆઓએ પોતાના નવ અંગે (કંકુ-કેશરના) ચાંદલા કરવા પછી પડદો કાઢી નાંખી મંગળ દીવો ઉતારવો.

अथ लूण उतारणं.

લૂણ ઉતારો જિનવરઅંગે, નિર્મળ જળ ધારા મન રંગે. લૂણ૦ ૧
જિમ જિમ તડ તડ લૂણજ ફુટે, તિમ તિમ અશુભ કર્મ બંધ ત્રૂટે. લૂ૦ ૨
નયણ સલૂણાં શ્રી જિનજીનાં, અનુપમ રૂપ દયા રસ ભીનાં. લૂણ૦ ૩
રૂપસલૂણું જિનજીનું દીસે, લાજ્યું લૂણ તે જળમાં પેસે. લૂણ૦ ૪
ત્રણ પ્રદક્ષિણા દેઇ જલધારા, જલણ ખેપવીયે લૂણ ઉદારા. લૂણ૦ ૫
જે જિન ઉપર દુમણો પ્રાણી, તે એમ થાજો લૂણ જ્યું પાણી. લૂણ૦ ૬
અગર કૃષ્ણાગરૂ કુંદરૂ સુગંધે, ધુપ કરીજે વિવિધ પ્રબંધે. લૂણ૦ ૭

અથ આરતિ.

વિવિધ રત્નમણિ જડિત રચાવો, થાલ વિશાળ અનોપમ લાવો;
આરતિ ઉતારો પ્રભુજીની આગે, ભાવના ભાવી શિવસુખ માગે. આ૦ ૧
સાત ચૌદને એકવીશ ભેવા, ત્રણ ત્રણવાર પ્રદક્ષિણા દેવા. આ૦ ૨
જિમ જિમ જલધારા દેઇ જંપે, તિમતિમ દોહગ થરહર કંપે. આ૦ ૩
બહુ ભવ સંચિત પાપ પણાસે, દ્રવ્ય પૂજાથી ભાવ ઉલ્લાસે. આ૦ ૪
ચૌદ ભુવનમાં જિનજીને તોલે, કોઇ નહીં આરતિ ઇમ બોલે. આ૦ ૫

અથ મંગળ દીવો.

દીવારે દીવો મંગળિક દીવો, ભુવન પ્રકાશક જિન ચિરંજીવો. દી૦ ૧
ચંદ્ર સૂરજ પ્રભુ તુમ મુખ કેરા, લૂંછણ કરતા દે નિત્ય ફેરા. દી૦ ૨
જિન તુજ આગળ સુરની અમરી, મંગળ દીપ કરી દીયે ભમરી. દી૦ ૩
જિમ જિમ ધુપ ઘટી પ્રગટાવે, તિમ તિમ ભવનાં દુરિત દઝાવે. દી૦ ૪
નીર અક્ષત કુસુમાંજલિ ચંદન, ધૂપ દીપ, ફલ, નૈવેદ્ય, વંદન. દી૦ ૫
એણીપરે અષ્ટ પ્રકારી કીજે, પૂજા સ્નાત્ર મહોત્સવ પભણિજે. દી૦ ૬

ॐ श्री सिद्धचक्राय नमः

# શ્રી નવપદજી પૂજા.

## શ્રીનવપદ પૂજા વિધિ

આ પૂજામાં જે જે ચીજો અવશ્ય જોઇએ તેમાંની કેટલીક ચીજોનાં નામ લખીએ છીએ.

દુધ, દધિ, ઘૃત, શર્કરા, શુદ્ધ જલ, એ પંચામૃત તથા કેશર, સુગંધી, ચંદન, કપૂર, કસ્તુરી, અમર, રોલી, મૌલી, છુટાં ફૂલ, ફૂલોનીમાળા, ફૂલોના ચંદ્રુવા, ધૂપ, તંદુલ, પ્રમુખ, નવ પ્રકારની, પકવ વસ્તુ, મીશ્રી, પતાસાં ઓલા પ્રમુખ, તથા અંગલૂહણાને વાસ્તે સફેદ વસ્ત્ર, અને પહેરાવવાને વાસ્તે ઉત્તમ રેશમી વસ્ત્ર, વાસક્ષેપ, ગુલાબજળ, અત્તર ઇત્યાદિક બીજા પણ નવ નવ નાળીના કળશ, નવ રકેબી, પરાત ( ત્રાસ ) તસલા, આરતી, મંગળદીપક, ભગવાનની આંગી, સમવસરણ, ઇત્યાદિક સર્વ વસ્તુ પ્રથમથી ઠીક કરીને રાખવી. એ થકી પૂજામાં વિઘ્ન ન હોય. એ સંક્ષેપ વિધિ કહ્યો. વિશેષ વિધિ ગુરૂ થકી જાણવો.

### કળશ વિધિ.

ચૈત્ર તથા આશ્વિન માસમાં એ પૂજાઓ ભણાવે તે વારે નવસ્નાત્રિયા કરીયે, મ્હોટા કળશ પ્રમુખમાં પંચામૃત ભરિયે, સ્થાપનામાં શ્રીફળ તથા રોકડ નાણું ધરિયે, કેશરથી તિલક કરે, કંકણદોરો હાથે બાંધે, ડાબા હાથમાં સ્વસ્તિક કરીને વિધિ સંયુક્ત સ્નાત્ર ભણાવે.

૧ પ્રથમ **श्री अरिहंतपद** શ્વેતવર્ણે છે માટે તાંદુલ, ( ચોખા ) ધૂપ, દીપ, નૈવેદ્ય પ્રમુખ અષ્ટ દ્રવ્ય, વાસક્ષેપ, નાગરવેલ પ્રમુખનાં પાન, રકેબીમાં ધરીને તે રકેબી હાથમાં રાખે. નવકળશને મૌલીસૂત્ર બાંધી કુંકુમના સ્વસ્તિક કરી, પંચામૃતથી ભરીને તે કળશો હાથમાં લેઇ, પ્રથમ શ્રી અરિહંતપદની પૂજા ભણે તે સંપૂર્ણ ભણી રહ્યા પછી મહોટા પરાતમાં ( થાલમાં ) પ્રતિમાજીને પધરાવે. પછી " ॐ **ह्रीँ नमो अरिहंताणं** " એ પ્રમાણે કહેતો થકો શ્રી અરિહંતપદની પૂજા કરે. અષ્ટદ્રવ્ય અનુક્રમે ચઢાવે. ( **ઇતિ પ્રથમપદ પૂજા વિધિ.** )

૨ બીજું **सिद्धपद** રક્ત વર્ણે છે. માટે ઘઉં રકેબીમાં ધરી શ્રીફળ તથા અષ્ટ દ્રવ્ય

લઈને નવ કળશ પંચામૃતથી ભરીને બીજી પૂજા ભણે તે સંપૂર્ણ થવાથી " **ॐ ह्रीँ नमो सिद्धस्स** " એમ કહી કળશ ઢોળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે.

### ઇતિ દ્વિતીયપદ પૂજા વિધિ.

---

૩ ત્રીજું **आचार्यपद** પીળે વર્ણે છે, માટે ચણાની દાળ, અષ્ટદ્રવ્ય, શ્રીફળ પ્રમુખ લઇ નવ કળશ પંચામૃતથી ભરીને ત્રીજી પૂજાનો પાઠ ભણે, તે થવાથી " **ॐ ह्रीँ नमो आयरियाणं** " એમ કહી કળશ ઢોળે, અષ્ટ દ્રવ્ય ચઢાવે.

### ઇતિ તૃતીયપદ પૂજા વિધિ.

---

૪ ચોથું **उपाध्यायपद** નીલવર્ણે છે, માટે મગ પ્રમુખ તથા અષ્ટ દ્રવ્ય લઇને પૂર્વોક્ત વિધિયે પૂજા ભણી સંપૂર્ણ થવાથી " **ॐ ह्रीँ नमो उवज्झायाणं** " એમ કહી કળશ ઢોળે, અષ્ટદ્રવ્ય ચઢાવે.

### ઇતિ ચતુર્થપદ પૂજા વિધિ.

---

૫ પાંચમું **श्री साधुपद** શ્યામવર્ણે છે, માટે અડદ પ્રમુખ લેઇ બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરી પૂજા ભણે તે સંપૂર્ણ થવાથી " **ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं** " કહે.

### ઇતિ પંચમપદ પૂજા વિધિ.

૬ છઠ્ઠું **दर्शनपद** શ્વેત વર્ણે છે, માટે ચાવલ પ્રમુખ લેઇ " **ॐ ह्रीँ नमो दंसणस्स** " કહેવું બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો.

### ઇતિ ષષ્ઠપદ પૂજા વિધિ.

---

૭ સાતમું **ज्ञानपद** શ્વેત વર્ણે છે, માટે ચાવલ પ્રમુખ લેઇ " ॐ **ह्रीँ नमो नाणस्स** " કહેવું બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો

### ઇતિ સપ્તમપદ પૂજા વિધિ.

---

૮ આઠમું **चारित्रपद** પણ શ્વેતવર્ણે છે, માટે ચોખા પ્રમુખ લેઇ ॐ **ह्रीँ नमो चारित्तस्स** " કહેવું બીજો સર્વ પૂર્વોક્ત વિધિ કરવો

### ઇતિ અષ્ટમપદ પૂજા વિધિ.

---

૯ નવમું **तपपद** શ્વેતવર્ણે છે, માટે ચોખા પ્રમુખ લેઇ પૂર્વોક્ત વિધિ કરીને " **ॐ ह्रीँ नमो तव्वस्स** " કહી કળશ ઢોળે અષ્ટ દ્રવ્ય ચઢાવે. પછી અષ્ટ પ્રકારી પૂજા કરે, આરતી કરે.

### ઇતિ શ્રી નવમપદ પૂજા વિધિ.

---

## ઇતિ નવપદ પૂજા વિધિ સમાપ્ત.

ॐ श्री सिद्धचक्राय नमः

# श्री नवपदजी पूजा

( श्री यशोविजयजीमहाराज कृत )

## प्रथम श्री अरिहंत पद पूजा प्रारंभ

काव्यम्, उपजातिवृत्तम्

उप्पन्नसन्नाणमहोमयाणं, सप्पाडिहेरासणसंठियाणं ॥
सद्देसणाणंदियसज्जणाणं, नमो नमो होउ सया जिणाणम् ॥ १ ॥

॥ भुजंगप्रयातवृत्तम् ॥

નમોઽનંતસંત પ્રમોદ પ્રદાન! પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;
થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા, સદા સિદ્ધચક્રાય શ્રીપાલરાજા. ॥ ૧ ॥
કર્યાં કર્મ દુર્મર્મ ચકચુર જેણે, ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે;
કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાલે, સદા વાસિયો આતમા તેણે કાલે. ॥ ૨ ॥
જિકે તીર્થંકર કર્મ ઉદયે કરીને, દીયે દેશના ભવ્યને હિત ધરીને;
સદા આઠ મહા પાડિહારેં સમેતા, સુરેશેં નરેશેં સ્તવ્યા બ્રહ્મપુત્તા. ॥ ૩ ॥
કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગાં, ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગાં;
જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે, નમો તેહ તીર્થંકરા મોક્ષ કામે. ॥ ૪ ॥

॥ ढाल ॥ उलाळानी देशी ॥

તીર્થંપતિ અરિહા નમું, ધર્મ ધુરંધર ધીરોજી;
દેશના અમૃત વરસતા, નિજવીરજ વડ વીરોજી. ॥ ૧ ॥
વર અક્ષય નિર્મલ જ્ઞાન ભાસન, સર્વ ભાવ પ્રકાશતા;
નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મ ભાવેં, ચરણ થિરતાં વાસતા;
જિન નામકર્મ પ્રભાવ અતિશય, પ્રાતિહારજ શોભતા;
જગજંતુ કરુણાવંત ભગવંત, ભવિક જનને ક્ષોભતા. ॥ ૨ ॥

॥ पूजा ॥ ढाळ, श्रीपाळना रासनी—देशी ॥

ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિન નામ,
ચોસઠ ઇંદ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામરે;
ભવિકા! સિદ્ધચક્ર પદ વંદો, જિમ ચરકાલે નંદોરે. ભ૦ સિ૦ ॥૧॥ એ આંકણી॥

જેહને હોયે કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;
સકલ અધિક ગુણ અતિશય ધારી, તે જિન નમી અઘટાલુંરે. ભ૦ સિ૦ ॥૨॥
જે તિહું નાણ સમગ્ગ ઉપ્પન્ના, ભોગકરમ ક્ષીણ જાણી;
લેઈ દીક્ષા શિક્ષા દીયે જનને, તે નમીયેં જિનનાણીરે. ભ૦ સિ૦ ॥૩॥
મહાગોપ મહામાહણ કહીયેં, નિર્યામક સત્થવાહ;
ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીયેં ઉત્સાહરે. ભ૦ સિ૦ ॥૪॥
આઠ પ્રાતિહારજ જસ છાજે, પાંત્રીશ ગુણ યુત વાણી;
જે પ્રતિબોધ કરે જગ જનને, તે જીન નમીયેં પ્રાણીરે. ભ૦ સિ૦ ॥૫॥

॥ ઢાળ ॥

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયરે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાયરે. ॥૧॥
વીર જિનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઇરે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈરે. વીર૦ ॥૨॥

॥ इंद्रवज्रावृत्तम् ॥

(આ કાવ્ય પ્રત્યેક પૂજા દીઠ કહેવું)

સ્નાત્ર કરતાં જગદ્ગુરૂ શરીરે, સકલ દેવે વિમળ કળશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ॥૨॥
હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ પાવે;
જિહાં લગે સુરગિરિ જંબૂદ્વીવો, અમતણા નાથ દેવાધિદેવો. ॥૩॥

जियंतरंगारिगणे सुनाणे, सप्पाडिहेराइसयप्पहाणे ॥
संदेहसंदोहरयं हरंते, झाएह निच्चंपि जिणेरहंते ॥१॥

॥ अथ काव्यम्—द्रुतविलंबितवृत्तम ॥

विमलकेवलभासनभास्करं, जगति जंतुमहोदयकारणं ॥
जिनवरं बहुमानजलौघतः, शुचिमनाः स्नपयामि विशुद्धये ॥

(આ કાવ્ય પ્રત્યેક પૂજા દીઠ કહેવું.)

# अथ द्वितीय श्रीसिद्धपदपूजा प्रारंभ

॥ इंद्रवज्रावृत्तम् ॥

सिद्धाणमाणंदरमालयाणम् । नमो नमोऽणंत चउक्कयाणं ॥

॥ भुजंगप्रयातवृत्तम् ॥

કરી આઠકર્મ ક્ષયે પાર પામ્યા, જરા જન્મ મરણાદિ ભય જેણે વામ્યા;
નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા, થયા પાર પામી સદા સિદ્ધબુદ્ધા. ॥૧॥

ત્રિભાગે ન દેહાવગાહાત્મદેશા, રહ્યા જ્ઞાનમય જાત વર્ણાદિ લેશ્યા;
સદાનંદ સૌખ્યશ્રિતા જ્યોતિરૂપા, અનાબાધ અપુનર્ભવાદિ સ્વરૂપા. ॥૨॥

॥ ढाळ ॥ उल्लाळानी देशी ॥

સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુધ્ધ સ્વરૂપોજી;
અવ્યાબાધ પ્રભુતામયી આતમ સંપત્તિ ભૂપોજી. ॥ ૧ ॥
જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિપણે કરી;
સ્વદ્રવ્યક્ષેત્ર સ્વકાલ ભાવે, ગુણ અનંતા આદરી;
સુસ્વભાવ ગુણપર્યાય પરિણતિ ,સિધ્ધસાધન પરભણી;
મુનિરાજ માનસહંસ સમવડ, નમો સિધ્ધ મહાગુણી. ॥ ૨ ॥

॥ पूजा ॥ ढाळ ॥ श्रीपाळना रासनी देशी ॥

સમયપએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;
અવગાહન લહી જે શિવ પોહોતા, સિદ્ધ નમો તે અશેષરે. ભવિકા સિ૦ ॥૧॥
પૂર્વ પ્રયોગને ગતિ પરિણામે, બંધન છેદ અસંગ;
સમય એક ઉર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગરે. ભવિકા સિ૦ ॥૨॥
નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંતરે. ભવિકા સિ૦ ॥૩॥
જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ;
ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દિયો ઉલ્લાસરે. ભવિકા સિ૦ ॥૪॥
જ્યોતિ શું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ;
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિરે. ભવિકા સિ૦ ॥૫॥

॥ ढाळ ॥

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણખાણી રે. ॥ વીર૦ ॥ ૫ ॥

॥ अंत काव्यम् ॥

**दुट्ठट्ठकम्मावरणप्पमुक्के, अनंतनाणाइसीरीचउक्के ॥**
**समग्गलोगग्गपयप्पसिद्धे, झाएह निचंपि समग्गसिद्धे ॥ १ ॥**

---

# ॥ अथ तृतीय श्री आचार्यपद पूजा प्रारंभ ॥

॥ आद्य काव्यं ॥ इंद्रवज्रावृत्तम् ॥

**सूरिण दुरीकयकुग्गहाणं, नमो नमो सूरसमप्पहाणं ॥**

॥ भुजंगप्रयातवृत्तम् ॥

નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા, જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્ય ભાજા;
ષટ્‌વર્ગ વર્ગિત ગુણે શોભમાના, પંચાચારને પાલવે સાવધાના. ॥ ૧ ॥

ભવિ પ્રાણીને દેશના દેશકાળે, સદા અપ્રમત્તા થયા સૂત્ર આલે;
જિકે શાસનાધાર દિગ્દંતિ કલ્પા, જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા. ॥ ૨ ॥

॥ ढाल उलाळानी देशी ॥

આચારજ મુનિપતિ ગણિ, ગુણ છત્રીશી ધામોજી;
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી. ॥ ૧ ॥
નિઃકામ નિર્મળ શુદ્ધચિદ્‌ઘન, સાધ્યનિજ નિરધારથી;
નિજજ્ઞાન દર્શન ચરણ વીરજ, સાધના વ્યાપારથી;
ભવિજીવ બોધક તત્ત્વશોધક, સયલ ગુણ સંપત્તિધરા;
સંવર સમાધિ ગત ઉપાધિ, દુવિધ તપગુણ આગરા. ॥ ૨ ॥

॥ पूजा ॥ ढाळ ॥ श्रीपाळना रासनी—देशी ॥

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો;
તે આચારજ નમિએ તેહશું, પ્રેમ કરીને જાચો રે. ભવિકા સિ० ॥ ૧ ॥
વર છત્રીશ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે;
જગબોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે. ભવિકા સિ० ॥ ૨ ॥
નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહી વિકથા ન કષાય;
જેહને તે આચરજ નમિયે, અકલુષ અમલ અમાય રે. ભવિકા સિ० ॥ ૩ ॥
જેદિયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વળી જનને;
પટધારી ગચ્છથંભ આચારજ, તે માન્યા મુનિ મનનેરે. ભવિકા સિ० ॥ ૪ ॥
અત્થમિયે જિન સૂરજ કેવળ, વંદીજે જગદીવો;
ભુવન પદારથ પ્રકટન પટુતે, આચારજ ચિરંજીવો રે. ભવિકા સિ० ॥ ૫ ॥

॥ ढाळ ॥

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. વીર०

॥ अंत्य काव्यम् ॥

नतं सुहं नहि पिया न माया, जे दिंति जीवाणिह सूरिपाया ॥
तम्हाहु ते चेव सया भजेह, जं मुख्ख सुख्खाइ लहु लहेह ॥ १ ॥

---

## ॥ अथ चतुर्थ श्री उपाध्याय पदपूजा प्रारंभ ॥


---

॥ आद्य काव्यं ॥ इंद्रवज्रावृत्तम् ॥

॥ सुत्तत्थवित्थारणतप्पराणं ॥ नमो नमो वायगकुंजराणं ॥

॥ भुजंगप्रयातवृत्तम् ॥

નહીં સૂરિ પણ સૂરિગણુને સહાયા, નમું વાચકા ત્યકત મદ મોહ માયા;
વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થ દાને, જિકે સાવધાના નિરૂદ્ધાભિમાને, ॥ ૧ ॥



શ્રીપાળરાજા શ્રી સિદ્ધચક્રજી મહારાજાના પ્રતાપે સર્વ વૈભવ સહિત પોતે જીત મેળવી પોતાની ચંપા નગરીમાં પ્રવેશ કરે છે.

[ પૃ૦ ૨૫૫ ]

જ્યોતિ મુદ્રણાલય, અમદાવાદ.

ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા, પ્રવાદિ દ્વિપોચ્છેદને તુલ્યસિંઘા;
ગુણી ગચ્છ સંધારણે સ્થંભભૂતા, ઉપાધ્યાય તે વંદિયે ચિત્ પ્રભુતા. ॥ ૨ ॥

॥ ढाळ ॥ उलाळानी देशी ॥

ખંતિજુઆ મુત્તિ જુઆ, અજ્જવ મદ્દવ જુત્તાજી;
સચ્ચં સોયં અકિંચણા, તવ સંજમ ગુણ રત્તાજી. ॥ ૧ ॥
જે રમ્યા બ્રહ્મ સુગુત્તિગુત્તા, સમિતિ સમિતા શ્રુતધરા,
સ્યાદ્વાદવાદે તત્ત્વવાદક, આત્મપર વિભજન કરા;
ભવભીરૂ સાધન ધીર શાસન, વહન ધોરી મુનિવરા,
સિદ્ધાંત વાયણ દાન સમરથ, નમો પાઠક પદધરા. ॥ ૨ ॥

॥ पूजा ॥ ढाळ ॥ श्रीपाळना रासनी देशी ॥

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારગ તાસ;
સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસરે. ભવિકા સિ૦ ॥ ૧ ॥
અર્થ સૂત્રને દાન વિભાગે, આચારજ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શિવસંપદ્, નમિયે તે સુપસાયરે. ભવિકા સિ૦ ॥ ૨ ॥
મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પાહણને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલ જન પૂજિત, સૂત્ર અર્થ સવિ જાણેરે. ભવિકા સિ૦ ॥ ૩ ॥
રાજકુમાર સરિખા ગણચિંતક, આચારજ પદ યોગ;
જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવભય શોગરે. ભવિકા સિ૦ ॥ ૪ ॥
બાવના ચંદન રસ સમ વયણે, અહિત તાપ સવિ ટાળે;
તે ઉવજ્ઝાય નમીજે જે વળી, જિનશાસન અજુવાળેરે. ભવિકા સિ૦ ॥ ૫ ॥

॥ ढाळ ॥

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતારે;
ઉપાધ્યાય તે આતમા, જગ બંધવ જગ ભ્રાતારે. વીર૦ ॥ ૧ ॥

॥ अंत्य काव्यम् ॥

**सुत्तत्थ संवेगमयं स्सुएणं, संमीरखीरामय विस्सुएणं ॥**
**पीणंति जे ते उवज्झायराए, झाएह निच्चंपिकयप्पसाए ॥**

# अथ पंचम श्री मुनिपद पूजा प्रारंभ.

॥ आद्य काव्यं ॥ इंद्रवज्रावृत्तम् ॥

**साहूण संसाहिअ संजमाणं, नमो नमो सुद्धदयादमाणं ॥**

॥ भुजंगप्रयात् वृत्तम् ॥

કરે સેવના સૂરિવાયગ ગણિની, કરૂ વર્ણના તેહની શી મુણીની;
સમેતા સદા પંચસમિતિ ત્રિગુપ્તા, ત્રિગુપ્તે નહીં કામ ભોગેષુ લિપ્તા. ॥ ૧ ॥
વળી બાહ્ય અભ્યંતર ગ્રંથિ ટાળી, હોયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી;
શુભાષ્ટાંગ યોગે રમે ચિત્ત વાળી, નમું સાધુને તેહ નિજપાપ ટાળી. ॥ ૨ ॥

॥ ઢાળ ॥ उलाळानी देशी ॥

શકલ વિષય વિષ વારીને, નિઃકામી નિઃસંગીજી;
ભવ દવ તાપ શમાવતા, આતમ સાધન રંગીજી. ॥ ૧ ॥
જે રમ્યા શુદ્ધ સ્વરૂપ રમણે, દેહ નિમર્મ નિર્મદા;
કાઉસ્સગ્ગ મુદ્રા ધીર આસન, ધ્યાન અભ્યાસી સદા;
તપ તેજ દીપે કર્મ ઝીપે, નૈવ છીપે પરભણી;
મુનિરાજ કરૂણાસિંધુ ત્રિભુવન, બંધુ પ્રણમુંહિતભણી. ॥ ૨ ॥

॥ पूजा ॥ ઢાળ ॥ श्रीपाळना रासनी देशी ॥

જેમ તરૂફુલે ભમરો બેસે, પીડા તસ ન ઉપાવે;
લેઇ રસ આતમ સંતોષે, તેમ મુનિ ગોચરી જાવેરે. ભવિકા સિ૦ ॥ ૧ ॥
પંચ ઇંદ્રિયને જે નિત્ય ઝીપે, ષટ્કાયક પ્રતિપાલ;
સંયમ સત્તર પ્રકારે આરાધે, વંદુ તેહ દયાળરે. ભવિકા સિ૦ ॥ ૨ ॥
અઢાર સહસ્સ શિલાંગના ધોરી, અચળ આચાર ચારિત્ર;
મુનિ મહંત જયણાયુત વંદી, કીજે જન્મ પવિત્રરે. ભવિકા સિ૦ ॥ ૩ ॥
નવવિધ બ્રહ્મ ગુપ્તિ જે પાળે, બારસ વિહ તપ શૂરા;
એહવા મુનિ નમિયે જો પ્રગટે, પૂરવ પુણ્ય અંકુરારે. ભવિકા સિ૦ ॥ ૪ ॥
સોનાતણી પરે પરીક્ષા દીસે, દિનદિન ચઢતે વાને;
સંજમ ખપ કરતા મુનિ નમીયે, દેશકાળ અનુમાનેરે. ભવિકા સિ ॥ ૫ ॥

॥ ઢાળ ॥

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચેરે;
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચેરે. વીર૦ ॥ ૧ ॥

॥ अंत्य काव्यम् ॥

**खंतेय दंतेय सुगुत्ति गुत्ते, मुत्तेय संते गुण जोग जुत्ते ॥**
**गयप्पमाए हय मोह माये, झाएह निच्चं मुणिरायपाए ॥ १ ॥**

# अथ षष्ठ सम्यग् दर्शनपदपूजा प्रारंभ.

आद्य काव्य ॥ इंद्रवज्रावृत्त ॥

**जिणुत्ततत्ते रुइलक्खणस्स । नमो नमो निम्मल दंसणस्स ॥**

॥ भुजंगप्रयातवृत्तम् ॥

વિપર્યાસ હઠવાસનારૂપ મિથ્યા, ટળે જે અનાદિ અચ્છે જેમ પથ્યા;
જિનોકતે હોયે સહજથી શ્રદ્ધધાનં, કહિયે દર્શનં તેહ પરમં નિધાનં. ॥૧॥
વિના જેહથી જ્ઞાન અજ્ઞાન રૂપં, ચરિત્રં વિચિત્રં ભવારણ્યકૂપં;
પ્રકૃતિ સાતને ઉપશમે ક્ષય તે હોવે, તિહાં આપરૂપે સદા આપ જોવે. ॥૨॥

॥ ढाळ ॥ उलाळानी देशी ॥

સમ્યગ્દર્શન ગુણ નમો, તત્ત્વ પ્રતીત સ્વરૂપોજી;
જસુ નિરધાર સ્વભાવ છે, ચેતન ગુણ જે અરૂપોજી. ॥૧॥
જે અનુપ શ્રદ્ધા ધર્મ પ્રગટે, સયલ પર ઈહા ટલે;
નિજ શુદ્ધ સત્તા પ્રગટ અનુભવ, કરણ રૂચિતા ઉચ્છળે;
બહુમાન પરિણતિ વસ્તુતત્ત્વે, અહવ તસુ કારણ પણે;
નિજ સાધ્ય દૃષ્ટે સર્વ કરણી, તત્ત્વતા સંપત્તિગણે. ॥૨॥

॥ पूजा ॥ ढाळ ॥ श्रीपाळना रासनी देशी ॥

શુદ્ધ દેવ ગુરૂ ધર્મ પરીક્ષા, સદ્દહણા પરિણામ;
જેહ પામીજે તેહ નમીજે, સમ્યગ્દર્શન નામરે. ભવિકા સિ૦ ॥૧॥
મલ ઉપશમ ક્ષય ઉપશમ ક્ષયથી; જે હોય ત્રિવિધ અભંગ;
સમ્યગ્ દર્શન તેહ નમીજે, જિન ધર્મે દૃઢ રંગરે. ભવિકા સિ૦ ॥૨॥
પંચવાર ઉપશમિય લહીજે, ક્ષય ઉપશમિય અસંખ;
એકવાર ક્ષાયિક તે સમકિત, દર્શન નમિયે અસંખરે. ભવિકા સિ૦ ॥૩॥
જે વિણુ નાણુ પ્રમાણુ ન હોવે, ચારિત્ર તરૂ નવિ ફળીઓ;
સુખ નિર્વાણુ ન જે વિણુ લહીએ, સમકિતદર્શન બળીયોરે ભવિકા સિ૦ ॥૪॥
સડસઠ બોલે જે અલંકરીઓ, જ્ઞાન ચારિત્રનું મૂળ;
સમકિત દર્શન તે નિત્ય પ્રણમું, શિવપંથનું અનુકૂળરે. ભવિકા સિ૦ ॥૫॥

॥ ઢાળ ॥

સમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવેરે;
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવેરે. વીર૦ ॥૧॥

॥ अंत्यकाव्यम् ॥

जंद दव्वछक्काइ सु सद्दहाणं, तं दंसणं सव्वगुणप्पहाणं ॥
कुग्गाहं वाही उवयंति जण, जहा विसुद्धेण रसायणेणं ॥९॥

卐

## अथ सप्तम सम्यग्ज्ञान पद पूजा प्रारंभ.

॥ आद्यकाव्यं इंद्रवज्रावृत्तम् ॥

॥ अन्नाण संमोह तमो हरस्स, नमो नमो नाण दिवायरस्स ॥

॥ भुजंगप्रयातवृत्तम् ॥

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે, યથાવર્ણ નાસે વિચિત્રાવબોધે;
તેણે જાણિયે વસ્તુ ષડ્દ્રવ્યભાવા, ન હોવે વિતત્થા (વાદ) નિજેચ્છાસ્વભાવા. ॥૧॥
હોય પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે, ગુરૂપાસ્તિથી યોગ્યતા તેહ વેદે;
વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે, લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદીપે. ॥૨॥

॥ ઢાળ ઉલાળાની દેશી ॥

ભવ્ય નમો ગુણ જ્ઞાનને, સ્વપર પ્રકાશક ભાવેજી;
પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવેજી. ॥૧॥
જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવ વિલચ્છના;
મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધસાધન લચ્છના;
સ્યાદ્વાદ સંગી તત્વરંગી, પ્રથમ ભેદાભેદતા;
સવિકલ્પને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા. ॥ ૨ ॥

॥ પૂજા ઢાળ શ્રીપાળના રાસની દેશી ॥

ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણ લહીએ, પેય અપેય વિચાર;
કૃત અકૃત્ય ન જે વિણ લહીએ, જ્ઞાન તે સકલ આધારરે ભવિકા. સિ૦ ॥ ૧ ॥
પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે. ભવિકા સિ૦ ॥૨॥
સકલ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહીયે;
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણ કહો કેમ રહિયેરે. ભવિકા સિ૦ ॥૩॥
પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપર પ્રકાશક જેહ;
દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશિ મેહરે. ભવિકા સિ૦ ॥૪॥

લોક ઉર્ધ્વ અધો તિર્યગ જ્યોતિષ, વૈમાનિકને સિદ્ધ,
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાને મુજ શુદ્ધિરે. ભવિકા સિ૦ ॥૫॥

॥ ઢાળ ॥

જ્ઞાનવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાયરે,
તો હુએ એહિજ આતમા, જ્ઞાન અબોધતા જાયરે. વી૦ ॥ ૧ ॥

॥ अंत्यकाव्यम् ॥

**नाणं पहाणं नय चक्कसिद्धं, तत्ताबेहिक्कमयं पसिद्धं ॥**
**धरेह चित्तावसए फुरंतं, मणिकदीवुव्वतमो हरंतं ॥ १ ॥**

---

# अथ अष्टम श्री चारित्रपद पूजा प्रारंभ

---

॥ आद्यकाव्यम् इन्द्रवज्रावृत्तम् ॥

**आराहि अखंडीअ सक्किअस्स, नमो नमो संजम वीरिअस्स ॥**

॥ भुजंगप्रयातवृत्तम् ॥

વળી જ્ઞાનફળ ચરણ ધરીએ સુરંગે, નિરાશંસતા દ્વાર રોધ પ્રસંગે;
ભવાંભોધિ સંતારણે યાન તુલ્યં, ધરૂં તેહ ચારિત્ર અપ્રાપ્ત મુલ્યં. ॥ ૧ ॥
હોયે જાસ મહિમા થકી રંક રાજા, વળી દ્વાદશાંગી ભણી હોય તાજા;
વળી પાપ રૂપોપિ નિઃપાપ થાય, થઈ સિધ્ધ તે કર્મને પાર જાય. ॥ ૨ ॥

॥ ढाळ उलाळानी देशी ॥

ચારિત્ર ગુણ વળી વળી નમો, તત્વરમણ જસુ મૂલોજી;
પર રમણીયપણું ટળે, સકલ સિધ્ધ અનુકુલોજી. ॥ ૧ ॥
પ્રતિકૂળ આશ્રવ ત્યાગ સંયમ, તત્વથિરતા દમમયી;
શુચિ પરમ ખાંતિ મુત્તિ દશપદ, પંચ સંવર ઉપચઈ;
સામાયિકાદિક ભેદ ધર્મે, યથાખ્યાતે પૂર્ણતા,
અકષાય અકલુષ અમલ ઉજ્જવલ, કામ કશ્મલ ચુર્ણતા. ॥ ૨ ॥

॥ पुजा ढाळ ॥ श्रीपाळना रासनी देशी ॥

દેશવિરતિ ને સર્વ વિરતિ જે, ગૃહી યતિને અભિરામ;
તે ચારિત્ર જગત્ જયવંતુ, કીજે તાસ પ્રણામરે. ભવિકા સિ૦ ॥ ૧ ॥
તૃણપરે જે ષટખંડ સુખ છંડી, ચક્રવર્તી પણ વરિયો;
તે ચારિત્ર અક્ષય સુખ કારણ, તે મેં મન માંહે ધરીયોરે. ભવિકા સિ૦ ॥૨॥
હુઆ રાંક પણ જે આદરી, પૂજિત ઈંદ નરિંદે;
અશરણ શરણ ચરણ તે વંદુ; પૂર્યું જ્ઞાન આનંદેરે. ભવિકા સિ૦ ॥ ૩ ॥

બાર માસ પર્યાય જેહને, અનુત્તર સુખ અતિક્રમિયે;
શુકલ શુકલ અભિજાત્ય તે ઉપરે, તે ચારિત્રને નમિયેરે. ભવિકા સિ૦ ॥૪ ॥
ચય તે આઠ કરમનો સંચય, રિક્ત કરે જે તેહ;
ચારિત્ર નામ નિરૂત્તે ભાખ્યું, તે વંદૂ ગુણ ગેહરે. ભવિકા સિ૦ ॥ ૫ ॥

॥ ઢાળ ॥

જાણ ચારિત્ર તે આત્મા, નિજ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુધ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતોરે. ॥ ૧ ॥

॥ अंत्यकाव्यम् इन्द्रवज्रावृत्तम् ॥

सु संवरं मोह निरोधसारं, पंचप्पयारं विगमाइयारं ॥
मूलोत्तराणेग गुणं पवित्तं, पालेह निच्च पिहु सच्चरित्तं ॥ १ ॥

# अथ नवम श्री तपपद पूजा प्रारंभ

॥ आद्यकाव्यम् ॥ इंद्रवज्रावृत्त ॥

कम्मदुमोम्मूलण कुंजरस्स, नमो नमो तिव्वतवो भरस्स ॥

॥ मालिनीवृत्तम् ॥

इय नवपयसिद्धं, लद्धि विज्झा समिद्धं ।
पयडिय सरवग्गं, ह्रीँ तिरेहा समग्गं ॥
दिसवइ सुरसारं, खोणि पीढावयारं ।
तिजय विजयचक्कं सिद्धचक्कं नमामि ॥ १ ॥

॥ भुजंगप्रयातवृत्तम् ॥

ત્રિકાલિકપણે કર્મ કષાય ટાળે, નિકાચિત પણે બાંધીઆં તેહ બાળે;
કહ્યું તેહ તપ બાહ્ય અંતર દુભેદે, ક્ષમાયુક્ત નિર્હેતુ દુર્ધ્યાન છેદે. ॥ ૧ ॥
હોયે જાસ મહિમા થકી લબ્ધિ સિદ્ધિ, અવાંચ્છકપણે કર્મ આવરણ શુદ્ધિ;
તપો તેહ તપ જે મહાનંદ હેતે, હોયે સિદ્ધિ સીમંતિની જિમ સંકેતે. ॥ ૨ ॥
ઇસ્યા નવપદ ધ્યાનને જેહ ધ્યાવે, સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે;
વળી જ્ઞાન વિમલાદિ ગુણ રત્નધામા, નમું તે સદા સિદ્ધચક્ર પ્રધાના. ॥ ૩ ॥

॥ मालिनीवृत्तम् ॥

इम नवपद ध्यावे, परम आनंद पावे ।
नवमे भव शिव जावे, देव नरभव पावे ॥

ज्ञानविमल गुण गावे, सिद्धचक्र प्रभावे।
सवि दुरित समावे विश्व जयकार पावे ॥ १ ॥

॥ ढाळ उलाळानी देशी ॥

ઇચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદેજી;
આતમસત્તા એકતા, પર પરિણતિ ઉચ્છેદેજી. ॥ ૧ ॥
ઉચ્છેદ કર્મ અનાદિ સંતતિ, જેહ સિદ્ધપણું વરે;
યોગ સંગે આહાર ટાળી, ભાવ અક્રિયતા કરે;
અંતર મુહૂરત તત્વ સાધે, સર્વ સંવરતા કરી;
નિજ આતમસત્તા પ્રગટ ભાવે, કરો તપ ગુણ આદરી. ॥ ૨ ॥

॥ ढाळ ॥

એમ નવપદ ગુણ મંડલ, ચઉનિક્ષેપ પ્રમાણેજી;
સાત નયે જે આદરે, સમ્યગ્ જ્ઞાનને જાણેજી. ॥ ૧ ॥
નિર્ધાર સેતી ગુણી ગુણનો, કરે જે બહુમાન એ;
તસુકરણ ઈહાતત્વ રમણે, થાય નિર્મળ ધ્યાન એ;
એમ શુદ્ધ સત્તા ભળ્યો ચેતન, સકળ સિદ્ધિ અનુસરે;
અક્ષય અનંત મહંત ચિદ્ઘન, પરમ આનંદતા વરે. ॥ ૨ ॥

॥ अथ कलश ॥

ઇય સયલ સુખકર ગુણ પુરંદર, સિદ્ધચક્ર પદાવળી;
સવિલદ્ધિ વિદ્યા સિદ્ધિમંદિર, ભવિક પૂજો મનરૂલી;
ઉવજ્ઝાયવર શ્રી રાજસાગર, જ્ઞાનધર્મ સુરાજતા;
ગુરૂ દીપચંદ સુચરણ સેવક દેવચંદ સુશોભતા. ॥ ૧ ॥

॥ पूजा ॥ ढाळ ॥ श्रीपाळना रासनी देशी ॥

જાણંતા ત્રિહું જ્ઞાને સંયુત, તે ભવ મુક્તિ જિણંદ;
જેહ આદરે કર્મ ખપેવા, તે તપ શિવતરૂ કંદરે. ભવિકા સિ૦ ॥ ૧ ॥
કર્મ નિકાચિત પણ ક્ષય જાયે, ક્ષમા સહિત જે કરતાં;
તે તપ નમિયે જેહ દીપાવે, જિનશાસન ઉજમંતાંરે. ભવિકા સિ૦ ॥ ૨ ॥
આમોસહિ પમુહા બહુ લબ્ધિ, હોવે જાસ પ્રભાવે;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, નમિયે તે તપ ભાવેરે. ભવિકા સિ૦ ॥૩॥
ફળ શિવસુખ મહોટું સુર નરવર, સંપત્તિ જેહનું ફુલ;
તે તપ સુરતરૂ સરિખો વંદું, સમ મકરંદ અમૂલરે. ભવિકા સિ૦ ॥ ૪ ॥
સર્વ મંગળમાં પહેલું મંગળ, વરણવીએ જે ગ્રંથે;
તે તપપદ ત્રિહું કાળ નમીજે, વર સહાય શિવ પંથેરે. ભવિકા સિ૦ ॥૫॥
એમ નવપદ થુણતો તિહાંલીનો, હુઓ તન્મય શ્રીપાલ;
સુજસ વિલાસે ચોથે ખંડે, એહ અગ્યારમી ઢાળરે. ભવિકા સિ૦ ॥ ૬ ॥

॥ ઢાળ ॥

ઈચ્છારોધે સંવરી, પરિણતી સમતા યોગેરે;
તપ તે એહિજ આતમા, વર્તે નિજ ગુણ ભોગેરે. વીર૦ ॥ ૧ ॥
આગમ નોઆગમ તણો, ભાવ તે જાણો સાચોરે;
આતમ ભાવે થિર હોજો, પરભાવે મત રાચોજી. વીર૦ ॥ ૨ ॥
અષ્ટક સકલ સમૃદ્ધિની, ઘટમાંહે ઋદ્ધિ દાખીરે;
તેમ નવપદ ઋદ્ધિ જાણજો, આતમરામ છે સાખીરે. વીર૦ ॥ ૩ ॥
યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણોરે;
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણોરે. વીર૦ ॥ ૪ ॥
ઢાળ બારમી એહવી, ચોથે ખંડે પૂરીરે;
વાણી વાચક જસ તણી, કોઇ નયે ન અધુરીરે. વીર૦ ॥ ૫ ॥

॥ अंत्यकाव्यम् ॥

वज्झं तहाभिंतर भेय मेयं, कयाय दुज्झेय कुकुम्मभेयं ॥
दुक्खक्खयथ्थं कयपावनासं, तवं तवेहागमियं निरासं ॥ १ ॥

॥ अथ सर्वांग काव्यम् ॥

विमळ केवळ भासन भास्करं, जगति जंतु महोदय कारणं ॥
जिनवरं बहुमान जलौघतः, शुचिमनाः स्नपयामि विशुद्धये ॥ १ ॥

॥ काव्यम् ॥

स्नात्र करतां जगद्गुरु शरीरे, सकल देवे विमल कलश नीरे ॥
आपणां कर्म मळ दुर कीधां, तेणे ते विबुध ग्रंथे प्रसिद्धा ॥ २ ॥
हर्ष धरी अप्सरावृंद आवे, स्नात्र करी एम आशिष पावे ॥
जिहां लगी सुरगिरि जंबुदीवो, अमतणा नाथ देवाधिदेवो ॥ ३ ॥

ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय, जन्मजरामृत्युनिवारणाय,
श्रीमते नवपदाय, जलादिकं यजामहे स्वाहा.

( આ મંત્ર દરેક પૂજાએ કહેવો. )

શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત—
॥ શ્રી નવ પદપૂજા સમાપ્ત ॥

પંડિત શ્રી વીરવિજયજી કૃત

# સ્નાત્ર પૂજા

## પ્રથમ કળશ લઇ ઉભા રહેવું.

॥ કાવ્યં દ્રુતવિલંબિત વૃત્તમ્ ॥

સરસ શાન્તિ સુધારસ સાગરં, શુચિતરં ગુણરત્ન મહાગરં;
ભવિકપંકજ બોધ દિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં. ॥ ૧ ॥

( અહિં પખાળ કરવો. )

દોહા.

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક;
મજ્જનપીઠે થાપીને, કરીએ જળ અભિષેક. ॥ ૨ ॥

( કુસુમાંજલિની થાળી લઇને ઉભા રહેવું. )

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥

જિણજમ્મસમયે મેરૂ, સિંહરે રયણ કયણ કલસેહિં;
દેવાસુરહિન્હવિઉ, તે ધન્ના જેહિં દિઠ્ઠોસિ. ॥ ૩ ॥

( પ્રભુના જમણા અંગુઠે ઢાળ બોલીને કુસુમાંજલિ મૂકવી. )

॥ નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

નિર્મલજળ કલશે ન્હવડાવે, વસ્ત્ર અમૂલખ અંગ ધરાવે
॥ કુસુમાંજલિ મેલો આદિજિણંદા ॥
સિદ્ધ સ્વરૂપી અંગ પંખાલી, આતમ નિર્મળ હુઈ સુકુમાળી. ॥ કુ૦ ॥ ૪ ॥

॥ ગાથા ॥ આર્યા ગીતિ ॥ ઢાલ ॥

મચકુંદચંપમાલઇ, કમલાઈપુફ્ફપંચ વણ્ણાઈં,
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલી દિતી. ॥ ૫ ॥

॥ નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

રયણ સિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુ
ચરણે દિજે કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા. ॥ ૬ ॥

॥ દોહા ॥

જિણંતિહુંકાલયસિદ્ધની, પડિમા ગુણ ભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ॥ ૭ ॥
॥ નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

કૃષ્ણાગરૂ વર ધૂપ ધરીજે, સુગંધકાર કુસુમાંજલિ દીજે,
કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા. ॥ ૮ ॥

॥ ગાથા આર્યા ગીતિ ॥

જસુપરિમલબલદહદિસિં, મહુકરઝંકાર સદસંગીયા;
જિણ ચલણોવરિમુક્કા, સુરનર કુસુમાંજલિસિદ્ધા. ॥ ૯ ॥
॥ નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાસર્વસાધુભ્યઃ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

પાસ જિણેસર જગ જયકારી, જલ થલ ફુલ ઉદક કર ધારી,
કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા. ॥ ૧૦ ॥

॥ દોહા ॥

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ. ॥ નમો૦ ॥૧૧॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી,
કુસુમાંજલિ મેલો વીર જિણંદા. ॥ ૧૨ ॥

॥ વસ્તુ છંદ ॥

ન્હવણકાળે ન્હવણકાળે, દેવદાણવ સમુચ્ચિય,કુસુમાંજલિ તહિ સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય, જિણપયકમલે નિવેડઇં, વિગ્ધહર જસ નામ મંતો, અનંત ચઉવીસ જિન, વાસવ મલિય અસેસ. સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ કુસુમાંજલિ મેલો ચઉવીસજિણંદા. ॥ ૧૩ ॥

॥ નમોઽર્હત્‌૦ ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાળ ॥

અનંત ચઉવીસી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવીસી સંભારૂં,
કુસુમાંજલિ મેલો ચઉવીસજિણંદા. ॥ ૧૪ ॥

॥ દોહા ॥

મહાવિદેહે સંપ્રતિ, વિરહમાન જિન વીશ;
ભકિત ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ॥ ૧૫ ॥

॥ નમોઽર્હત્‌૦ ॥

॥ કુસુમાંજલિ ઢાળ ॥

અપછરમંડલિ ગીત ઉચ્ચારા, શ્રી શુભવીરવિજય જયકારા,
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા. ॥ ૧૬ ॥

॥ ઇતિ શ્રી કુસુમાંજલયઃ ॥ ઢાળ ॥

પછી સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દેઈ જગચિંતામણિનું ચૈત્યવંદન કરી "નમુથ્થુણં" કહી જયવીયરાય પર્યંત કહે. પછી હાથ ધૂપી મુખકોશ બાંધી કળશ લેઇ ઉભા રહીને નીચે મુજબ કળશ કહે.

॥ અથ કળશ ॥ દોહા ॥

સયલ જિણેસર પાય નમિ, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ. ॥ ૧ ॥

॥ ઢાળ ॥

સમકિતગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા;
વીશસ્થાનક વિધિયે તપ કરી, એસી ભાવદયા દીલમાં ધરી. ॥ ૧ ॥
જો હોવે મુજ શકિત ઇસી, સવિ જીવ કરૂં શાસન રસી;
શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતા. ॥ ૨ ॥
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવી પન્નરક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુલે. ॥ ૩ ॥
પટરાણી કુખે ગુણનિલો, જેમ માનસરોવર હંસલો;
સુખશય્યાયે રજની શેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે. ॥ ૪ ॥

॥ ઢાળ સ્વપ્નની ॥

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠ્ઠો, ત્રીજે કેશરી સિંહ, ચોથે લક્ષ્મી અબિહ ॥ ૧ ॥ પાંચમે ફુલની માળા, છઠે ચંદ્ર વિશાળા, રવિ રાતો ધ્વજ મહોટો, પૂરણ કળશ નહીં છોટો. ॥ ૨ ॥ દશમે પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર ભુવનવિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી. ॥ ૩ ॥ સ્વપ્ન લઇ જઈ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે, પુત્ર તિર્થંકર ત્રિભુવન નમશે, સકળ મનોરથ ફળશે. ॥ ૫ ॥

॥ વસ્તુ છંદ ॥

અવધિ નાણે અવધિ નાણે, ઉપના જનરાજ; જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર. મિથ્યાત્વ તારા નિર્બળા, ધર્મઉદય પરભાતસુંદર, માતા પણ આનંદિયા, જાગતી ધર્મ વિધાન, જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન. ॥ ૧ ॥

॥ દોહા ॥

શુભલગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત;
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત. ॥ ૧ ॥

॥ ઢાળ ॥ કડખાની દેશી ॥

સાંભળો કળશ જિન, મહોત્સવનો ઇહાં,છપ્પન કુમરી દિશિ, વિદિશિ આવે તિહાં;
માય સુત નમીય, આણંદ અધિકો ધરે, અષ્ટ સંવર્ત્ત, વાયુથી કચરો હરે.॥૧॥
વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે, અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે;
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી, ચાર રક્ષા કરી, ચાર દિપક ગ્રહી.॥૨॥
ઘર કરી કેળના, માય સુત લાવતી, કરણ શુચીકર્મ જળ, કળશે ન્હરાવતી;
કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી, રાખડી બાંધી જઇ, શયન પધરાવતી. ॥૩॥
નમીય કહે માય તુજ, બાળ લીલાવતી, મેરૂ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ;
સ્વામીગુણ ગાવતી, નિજ ઘર જાવતી, તેણે સમે ઈંદ્ર, સિંહાસન કંપતી.॥૪॥

॥ ઢાળ એકવીશાની દેશી ॥

જિન જન્મ્યાજી, જિન વેળા જનની ઘરે, તિણ વેળાજી, ઇંદ્રસિંહાસન થરહરે;
દાહણોત્તરજી, જેતા જિનજનમે યદા, દિશિનાયકજી, સોહમ ઈશાનબેહુતદા. ॥૧॥

॥ ત્રોટક છંદ ॥

તદા ચિંતે ઈંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો;
જિનજન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો. ॥૧॥
સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે;
સવિ દેવી દેવા જન્મ મહોત્સવે, આવજો સુરિગિરવરે. ॥૨॥

( અહીં ઘંટ વગાડવો )

એમ સાંભળીજી સુરવર કોડિ આવી મળે, જન્મ મહોત્સવજી, કરવા મેરૂ ઉપર ચલે;
સોહમપતિજી, બહુ પરિવારે આવીયા, માય જિનનેજી,વાંદી પ્રભુને વધાવીયા. ॥૩॥

( પ્રભુને ચોખાથી વધાવવા. )

॥ ત્રોટક ॥

વધાવી બોલે હે રત્નકુખ, ધારિણી તુજ સુત તણો;
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો;
એમ કહિ જિન પ્રતિબિંબ સ્થાપી, પંચ રૂપે પ્રભુ ગ્રહી;
દેવ દેવી નાચે હર્ષ સાચે, સુરગિરિ આવ્યા વહી. ॥૪॥
॥ ઢાળ ॥ મેરૂ ઉપરજી, પાંડુક વનમેં ચિહુ દિશે;
શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી, શક્રે જિનખોળે ધર્યા;
હરિ ત્રેશઠજી, બીજા તિહાં આવી મળ્યા. ॥૫॥

॥ ત્રોટક ॥

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના;
માગધાદિ જળ તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના;

અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે;
ખીર જલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે. ॥૬॥

॥ ઢાળ–વિવાહલાની દેશી ॥

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા;
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે. ॥૧॥

તીરથ જળ ઔષધી લેતા, વળી ખીરસમુદ્રે જાતાં;
જળકળશા બહુલ ભરાવે, ફુલ ચંગેરી થાળા લાવે. ॥૨॥

સિંહાસન ચામર ધારી, ધુપધાણાં રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યાં જેહ, ઉપકરણ મિલાવે તેહ. ॥૩॥
તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે. ॥૪॥

॥ ઢાળ ॥ રાગ ધન્યાશ્રી ॥

આતમભકિત મળ્યા કેઇ દેવા, કેતા મિત્તનું જાઇ;
નારી પ્રેર્યા વળી નીજ કુલવટ, ધર્મી ધર્મ સખાઈ;
જોઇસ, વ્યંતર, ભુવનપતિના, વૈમાનિક સૂર આવે;
અચ્યુતપતિ, હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. ॥આ૦ ॥૧॥

અડિ જાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો;
ચઉસઠ્ઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાનો;
સાઠ લાખ ઉપર એક કોડિ, કળશાનો અધિકાર;
બાસઠ ઇંદ્ર તણા તિહાં બાસઠ, લોકપાલના ચાર. ॥આ૦ ॥૨॥

ચંદ્રની પંકિત છાસઠ છાસઠ, રવિસેણી નરલોકો;
ગુરૂસ્થાનક સુર કેરો એમજ, સામાનિકનો એકો;
સોહમપતિ ઇશાનપતિની ઇંદ્રાણીના સોલ;
અસુરની દશ ઇંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ. ॥આ૦ ॥૩॥

જ્યોતિષ વ્યંતર ઈંદ્રની ચઉચઉ, પર્ષદા ત્રણનો એકો;
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો;
પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો;
ઇશાનઈંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો ॥આ૦ ॥૪॥

તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે;
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુઅંગે;
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે;
મંગળ દિવો આરતી કરતાં, સુરવર જયજય બોલે. ॥ આ૦ ॥ ૫ ॥

ભેરી ભૂંગલ તાલ બજાવત, વળિયા જિન કરધારી;
જનનીઘર માતાને સોંપી, એણીપરે વચન ઉચ્ચારી;
પુત્ર તુમારો સ્વામી હમારો, અમ સેવક આધાર;
પંચધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર. ॥ આ૦ ॥ ૬ ॥

બત્રીશ કોડિ કનક મણિ માણિક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે;
પૂરણ હર્ષકરેવાકારણ, દ્વીપ નંદીસર જાવે;
કરીય અઠ્ઠાઇ ઉત્સવ દેવા નિજ નિજ કલ્પ સધાવે;
દિક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે. ॥ આ૦ ॥ ૭ ॥

તપગચ્છ ઈસર સિંહ સૂરિસર, કેરા શિષ્ય વડેરા;
સત્યવિજય પન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા;
ખિમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા;
પંડિત વીરવિજય શિષ્યે જિન, જન્મ મહોત્સવ ગાયા. ॥ આ૦ ॥ ૮ ॥

ઉત્કૃષ્ટા એકસોને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ;
અતીત અનાગત કાળે અનંતાં તીર્થંકર જગદીશ;
સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ;
મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ. ॥ આ૦ ॥ ૯ ॥

અહીં કળશાભિષેક કરીયે. પછી દુધ, દહીં, ઘૃત, જળ અને શર્કરા એ પંચામૃતનો પખાલ કરીને પછી પૂજા કરીને ફુલ ચઢાવીએ. પછી લૂણ ઉતારી આરતી ઉતારવી પછી પ્રતિમાજીને આડો પડદો રાખી સ્નાત્રીઆએ પોતાના નવ અંગે કંકુના ચાંલ્લા કરવા, પછી પડદો કાઢી નાંખી મંગળદીવો ઉતારવો.

અથ શ્રી પદ્મવિજયજી કૃત—

# શ્રી નવપદજીની પૂજા પ્રારંભ.

## પ્રથમ અરિહંત પદ પૂજા.

॥ દોહા ॥

શ્રુતદાયક શ્રુત દેવતા, વંદૂ જિન ચોવીશ;
ગુણ સિદ્ધચક્રના ગાયતાં, જગમાં હોય જગીશ. ૧
અરિહંત સિદ્ધ સૂરનમું, પાઠક મુનિ ગુણધામ;
દંસણનાણ ચરણ વલી, તપ ગુણ માંહે ઉદ્દામ. ૨
ઇમ નવ પદ ભકિત કરી, આરાધો નિત્ય મેવ;
જેહથી ભવ દુઃખ ઉપશમે, પામે શિવ સ્વયમેવ. ૩
તે નવપદ કાંઈ વરણવું, ધરતો ભાવ ઉલ્લાસ;
ગુણિગણ ગણ ગાતાં થકાં, લહીયે જ્ઞાન પ્રકાશ. ૪
પ્રતિષ્ઠા કલ્પે કહી, નવપદ પૂજા સાર;
તેણે નવપદ પૂજા ભણું, કરતો ભકિત ઉદાર. ૫

॥ ઢાળ ॥ રાગ ભૈરવ.

પ્રથમ પદ જિનપતિ, ગાઇયે ગુણતતી, પાઇયે વિપુલ ફલ સહજ આપ;
નામ ગોત્રજ સુણ્યા, કર્મ મહા નિર્જર્યાં, જાય ભવ સંતતી બંધ પાપ. ૧
એક વર રૂપમાં વરણ પંચે હોયે, એક તુજ વર્ણ તે જગ ન માયો;
એક તિમ શ્લોકમાં વરણ બત્રીશ હોયે, એક તુજ વર્ણ કિણહી ન ગવાયો. ૨
વાચ ગુણ અતિશયા, પાડિહેરા સયા, બાહ્ય પણ એ ગુણા કુણે ન ગવાયા;
કેવલ નાણ તહ કેવળ દંસણ, પમુહ અભયંતરા જિન પપાયા, તેહ
મુહ પદ્મથી કેમ કહાયા. ૩

॥ દોહા ॥

જિન ગુણ અનંત અનંત છે, વાચ ક્રમ મિત દીહ;
બુદ્ધિ રહિત શકિત વિકળ, કેમ કહું એકણ જીહ. ૧

॥ ઢાળ. ॥ રાગ દેશાખ

ભાવ ધરી ભવિ પૂજીયે, તિગ અડપણ ભેય;
તિમ સત્તર ભેદે કરી, પૂજો ગત ખેય. ભા૦ ૧

ઇગ વીશ અડસય ભેદથી, જિન ભાવ સંભારી;
પૂજો પરિગલ ભાવશું, પ્રભુ આણાકારી. ભા. ૨
પૂજા કરતાં પૂજ્યની, પૂજ્ય પોતે થાવે;
તુઝ પદ પદ્મ સેવક તિણે, અક્ષય પદ પાવે. ભા૦ ૩

ઇતિ પ્રથમ પદ પૂજા

## દ્વિતીય સિદ્ધપદ પૂજા.

॥ દોહા. ॥

સિદ્ધ સ્વરૂપી જે થયા, કર્મ મેલ સવિ ધોય;
જેહ થશે ને થાય છે, સિદ્ધ નમો સહુ કોય. ૧

ઢાળ. પારીરે જાતિનું ફુલ સરગથી, એ દેશી.

નમો સિદ્ધાણં હવે પદ બીજે, જે નિજ સંપદ વરીયા;
જ્ઞાન દર્શન અનંત ખજાનો, અવ્યાબાધ સુખ દરિયા કે;
સિદ્ધ બુદ્ધ કે સ્વામી નિજ રામીકે, હાંરે વાલા પ્રણમો નિજ ગુણ કામીરે;
ગુણ કામી ગુણ કામી ગુણવંતા, જે વચનાતીત હુઆરે. ૧ એ આંકણી
ક્ષાયિક સમકિત ને અક્ષય સ્થિતિ, જેહ અરૂપી નામ;
અવગાહન અગુરૂલઘુ જેહની, વીર્ય અનંતનું ધામ કે. સિ૦ ૨
ઇમ અડકર્મ અભાવે અડ ગુણ, વલી ઇગિતિસ કહેવાય;
વળી વિશેષે અનંત અનંતગુણ, નાણ નયણ નિરખાય, નિત્ય નિત્ય
વંદના થાયકે. સિ૦ ૩

॥ દોહા. ॥

જિહાં નિજ એક અવગાહના, તિહાં નમું સિદ્ધ અનંત;
ફરસિત દેશ પ્રદેશને, અસંખ્ય ગુણા ભગવંત. ૧

॥ ઢાળ. ॥ રાગ ફાગ.

સિદ્ધ ભજો ભગવંત, પ્રાણી પૂર્ણાનંદી; સિદ્ધ૦
લોકા લોક લહે એક સમયે, સિદ્ધ વધુ વરકંત; પ્રાણી૦
અજ અવિનાશી અક્ષય અજરામર, સ્વ દ્રવ્યાદિક વંત. પ્રા૦ ૧
વર્ણ ન ગંધ ન રસ નહી ફરસ ન, દીર્ઘ હ્રસ્વ ન હુંત. પ્રા૦
નહીં સુક્ષ્મ બાદર ગત વેદી, ત્રસ થાવર ન કહંત. પ્રા૦ ૨
અક્રોહી અમાની, અમાયી, અલોભી, ગુણ અનંત ભદંત; પ્રા૦
પદ્મવિજય નિત્ય સિદ્ધ સ્વામિને, લલિ લલિ લલિ પ્રણમંત. પ્રા૦ ૩

ઇતિ દ્વિતીય પદ પૂજા.

## તૃતીય આચાર્ય પદ પૂજા.

॥ દોહા ॥

પડિમા વહે વલિ તપ કરે, ભાવના ભાવે બાર;
નમીયે તે આચાર્યને, પાલે પંચાચાર. ૧

॥ ઢાળ ॥ સંભવ જિનવર વીનતિ, એ દેશી.

આચારજ ત્રીજે પદે, નમીયે જે ગચ્છ ધોરીરે;
ઈંદ્રી તુરંગમ વશ કરે, જે લહી જ્ઞાનની દોરીરે. આ૦ ૧
શુદ્ધ પ્રરૂપણ ગુણ થકી, જે જિનવર સમ ભાખ્યારે;
છત્રીશ છત્રીશ ગુણે, શોભિત સમયમાં દાખ્યારે. આ૦ ૨
ઉત્કૃષ્ટા ત્રીજે ભવે, પામે અવિચળ ઠાણરે;
ભાવાચારય વંદના, કરિયે થઇ સાવધાનરે. આ૦ ૩

॥ દોહા ॥

નવ વિધ બ્રહ્મ ગુપ્તિ ધરે, વર્જે પાપ નિયાણ;
વિહાર કરે નવ કલ્પ નવ, સૂરિ તત્વના જાણ. ૧

॥ ઢાળ ॥ રાગ બિહાગડો; મુજ ઘર આવજો રે નાથ એ દેશી.

સત્તાવીશ ગુણ સાધુના. શોભિત જાસ શરીર,
નવ કોટી શુદ્ધ આહાર લે, ઇમ ગુણ છત્રીશે ધાર.
ભવીજન ભાવશું નમો આજ, ૧
જિમ પામો અક્ષય રાજ. ભવિ૦ એ આંકણી.
જે પ્રગટ કરવા અતિ નિપુણ, વર લબ્ધિ અઠ્ઠાવીશ;
અડવિહ પ્રભાવક પણું ધરે, એ ભૂરિ ગુણ છત્રીશ. ભવિ૦ ૨
તજે ચૌદ અંતર ગંઠીને, પરિસહ જીતે બાવીશ;
કહે પદ્મ આચારય નમો, બહુ સૂરિ ગુણ છત્રીશ. ભવિ૦ ૩

ઇતિ તૃતીય પદ પૂજા.

---

## ચતુર્થ ઉપાધ્યાય પદ પૂજા.

॥ દોહા. ॥

ચોથે પદ પાઠક નમું, સકળ સંઘ આધાર;
ભણે ભણાવે સાધુને, સમતા રસ ભંડાર. ૧

ઢાળ. રાગ વસંત. તુંતો જિન ભજ વિલંબ ન કરહો હોરીકે ખેલઇયા. એ દેશી.

તુંતો પાઠક પદ મન ધરહો, રંગીલે જીઉરા,
રાય રાંક જસુ નિકટે આવે, પણ જસ નહિ નિજ પરહો. રંગી૦ ૧
સારણાદિક ગચ્છ માંહે કરતાં, પણ રમતા નિજ ઘરહો. રંગી૦ ૨

દ્વાદશાંગ સજ્ઝાય કરણકું, જે નિશદિન તત્પર હો. રંગી૦ ૩
એ ઉવજ્ઝાય નિર્યામક પામી, તું તો ભવસાયર સુખે તરહો. રંગી૦ ૪
જે પરવાદિ મતંગજ કરો, ન ધરે હરિ પરે ડરહો. રંગી૦ ૫
ઉત્તમ ગુરૂ પદ પદ્મ સેવનથેં, પકડે શીવ વધૂ કરહો. રંગી૦ ૬

॥ દોહા. ॥

આચારજ મુખ આગલે, જે યુવરાજ સમાન;
નિદ્રા વિકથા નવી કરે, સર્વ સમય સાવધાન. ૧

ઢાળ. જીન વચને વૈરાગીયો હો ધન્ના એ દેશી.

નમો ઉવજ્ઝાયાણું જપો હો મિત્તા, જેહના ગુણ પચ્ચવીશ
રે એકાગર ચિત્તા; એ પદ ધ્યાવો એ;
એપદ ધ્યાવો ધ્યાનમાંરે મિત્તા, મૂકી રાગને રીશરે. એકા૦ ૧
અંગ ઇગ્યાર પૂર્વ ધરા હો મિત્તા, પરિસહ સહે બાવીશ;
ત્રણ્ય ગુપ્તિ ગુપ્તા રહે હો મિત્તા, ભાવે ભાવન પચ્ચવીશરે. એકા૦ ૨
અંગ ઉપાંગ સોહામણા હો મિત્તા, ધરતાં જેહ ગુણીશ;
ગણતાં સુખ પદ પદ્મથી હો મિત્તા, નંદી અણુયોગ જગીશરે. એકા૦ ૩

## ઇતિ ચતુર્થ પદ પૂજા.

---

## પંચમ સાધુ પદ પૂજા.

॥ દોહા. ॥

હવે પંચમ પદે મુનીવરા, જે નિર્મમ નિઃસંગ;
દિન દિન કંચનની પરે, દીશે ચઢતે રંગ. ૧

॥ ઢાળ. ॥ રાગ વસંત. મો મન ભવન વિલાસ સાંઇયાં, મો મન. એ દેશી.

મુનિવર પરમ દયાળ ભવિયાં, મુનિ૦ તુમે પ્રણમોને ભાવ વિશાલ, ભ૦ મુ૦ એ આં૦
કુંખી સંબલ મુનિવર ભાખ્યાં, આહાર દોષ ટાલે બિયાલ; ભ૦ મુ૦
બાહ્ય અભ્યંતર પરિગ્રહ છાંડી, જિણે છાંડી સવિ જંજાલ. ભ૦ મુ૦ ૧
જિણે એ ઋષિનું શરણ કર્યું તિણે, પાણી પહેલી બાંધી પાલ; ભ૦ મુ૦
જ્ઞાન ધ્યાન કિરિયા સાધંતા, કાઢે પૂર્વના કાલ. ભ૦ મુ૦ ૨
સંયમ સત્તર પ્રકારે આરાધે, છ જીવના પ્રતિપાલ; ભ૦ મુ૦
ઇમ મુનિ ગુણ ગાવે તે પહેરે, સિદ્ધ વધૂ વરમાલ. ભ૦ મુ૦ ૩

॥ દોહા. ॥

પાંચે ઇંદ્રિય વશ કરે, પાલે પંચાચાર;
પંચ સમિતિ સમતા રહે, વંદૂ તે અણગાર. ૧

॥ ઢાળ. ॥ ગિરિ રાજકું સદા મેરી વંદનારે. એ દેશી.

મુનિરાજકું સદા મોરી વંદનારે, મુનિ૦

ભોગા વમ્યા તે મનશું ન ઇચ્છે, નાગ જ્યું હોય અગંધનારે; મુનિ૦
પરિસહ ઉપસર્ગે સ્થિર રહેવે, મેરૂ પરે નિકંપનારે. મુનિ૦ ૧
ઇચ્છા મિચ્છા આવસિયા નિસિહિયા, તહકારને વલિછંદનારે; મુનિ૦
પૃચ્છા પ્રતિપૃચ્છા ઉપસંપદા, સમાચારી નિમંતનારે. મુનિ૦ ૨
એ દશવિધ સમાચારી પાલે, કહે પદ્મ લેઉં તસ ભામણારે; મુનિ૦
એ રૂષિરાજ વંદનથી હોવે, ભવભવ પાપ નિકંદનારે. મુનિ૦ ૩

ઇતિ પંચમ પદ પૂજા.

---

## ષષ્ઠ દર્શન પદ પૂજા.

॥ દોહા. ॥

સમકિત વિણુ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય;
સમકિત વિણુ સંસારમાં, અરહો પરહો અથડાય. ૧

॥ ઢાળ. ॥ રાગ સારંગ.

પ્રભુ નિર્મલ દર્શન કીજીયે, એ આંકણી.
આતમ જ્ઞાનકો અનુભવ દર્શન, સરસ સુધારસ પીજીયે. પ્ર૦ ૧
જસ અનુભવ અનંત પરિયટ્ટા, ભવ સંસાર સહુ છીજીયે, પ્ર૦
ભિન્ન મુહૂર્ત દર્શન ફરસનથેં, અર્ધ પરિયટ્ટે સીઝીયે. પ્ર૦ ૨
જેહથી હોવે દેવ ગુરૂ કુનિ, ધર્મ રંગ અટ્ઠ મિંજીયે, પ્ર૦
ઇસ્યો ઉત્તમ દર્શન પામી, પદ્મ કહે શિવ લીજીયે. પ્ર૦ ૩

॥ દોહા ॥

સમકિત અડ પવયણ ધણી, પણ જ્ઞાની કહેવાય;
અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્તમાં, સકલ કર્મ મલ જાય. ૧

॥ ઢાળ. ॥ ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા, એ દેશી.

સમ્યક્ દર્શન પદ તુમે પ્રણમો, જે નિજ ધૂર ગુણ હોયરે;
ચારિત્ર વિણુ લહે શાશ્વત પદવી, સમકિત વીણુ નહિ કોયરે. સ૦ ૧
સદ્દહણા ચઉ લક્ષણ દૂષણ, ભૂષણ પંચ વિચારોરે;
જયણા ભાવણ ઠાણ આગારા, ષટ ષટ તાસ પ્રકારોરે. સમ્ય૦ ૨
શુદ્ધિ લિંગ ત્રણ આઠ પ્રભાવક, દશ વિધ વિનય ઉદારોરે;
ઇમ સડસઠ્ઠ ભેદે અલંકરિયો, સમકિત શુદ્ધ આચારોરે. સમ્ય૦ ૩
કેવળી નિરખીત સૂક્ષ્મ અરૂપી, તે જેહને ચિત્ત વસીયોરે;
જિન ઉત્તમ પદ પદ્મની સેવા, કરવામાં ઘણું રસિયારે. સમ્ય૦ ૪

ઇતિ ષષ્ઠ પદ પૂજા.

---

## સપ્તમ જ્ઞાન પદ પૂજા.

॥ દોહા ॥

નાણ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક તેહ;
તેહ નાણ દીપક સમું, પ્રણમો ધર્મ સનેહ. ૧

॥ ઢાળ ॥ નારાયણાની દેશી, જિમ મધુકર મન માલતીરે, એ દેશી.

નાણ પદારાધન કરોરે, જેમ લહો નિર્મળ નાણરે, ભવિક જન;
શ્રદ્ધા પણ થિરતો રહેરે, જો નવ તત્ત્વ વિનાણરે. ભવિ૦ ના૦ ૧
અજ્ઞાની કરશે કિશ્યું રે, શું લહેશે પુણ્ય પાપરે; ભવિ૦
પુણ્ય પાપ નાણી લહેરે, કરે નિજ નિર્મળ આપરે. ભ૦ ના૦ ૨
પ્રથમ જ્ઞાન પછી દયારે, દશ વૈકાલીક વાણરે; ભવિ૦
ભેદ એકાવન તેહનારે, સમજો ચતુર સુજાણરે. ભવિ૦ ના૦ ૩

॥ દોહા ॥

બહુ કોડયો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ;
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ. ૧

॥ ઢાળ ॥ હો મતવાળે સાજનાં, એ દેશી.

નાણ નમો પદ સાતમે, જેહથી જાણે દ્રવ્ય ભાવ, મેરે લાલ;
જાણે જ્ઞાન ક્રિયા વળી, તિમ ચેતનને જડભાવ. મેરે૦ નાણ૦ ૧
નરગ સરગ જાણે વળી, જાણે વલિ મોક્ષ સંસાર; મેરે૦
હેય જ્ઞેય ઉપાદેય લહે, નિશ્ચય ને વ્યવહાર. મેરે૦ નાણ૦ ૨
નામ ઠવણ દ્રવ્યભાવ જે, વલિ સગનયને સપ્તભંગ; મેરે૦
જિન મુખ પદ્મ દ્રહ થકી, લહો જ્ઞાન પ્રવાહ સુગંગ. મે૦ ના૦ ૩

ઇતિ સપ્તમ પદ પૂજા.

---

## અષ્ટમ ચારિત્ર પદ પૂજા.

॥ દોહા ॥

ચારિત્ર ધર્મ નમો હવે, જે કરે કર્મ નિરોધ;
ચારિત્ર ધર્મ જસ મન વર્યો, સફળો તસ અવબોધ. ૧

ઢાળ. ટુંક અને ટોડા વચેરે, મેંદી ફેરો છોડ, મેંદી રંગ લાગ્યો, એ દેશી.

ચારિત્ર પદ નમો આઠમેરે, જેહથી ભવ ભય જાય, સંયમ રંગ લાગ્યો૦
સત્તર ભેદ છે જેહનારે, સીતેર ભેદ પણ થાય. સંયમ૦ ૧
સુમિતિ ગુપ્તિ મહાવ્રત વલીરે, દશ ખંત્યાદિક ધર્મ; સંયમ૦
નાણ કારય વિરતિય છેરે, અનુપમ સમતા શર્મ. સંયમ૦ ૨
બાર કષાય ક્ષય ઉપશમેરે, સર્વ વિરતિ ગુણ ઠાણ; સંયમ૦
સંયમ ઠાણ અસંખ્ય છેરે, પ્રણમો ભવિક સુજાણ. સંયમ૦ ૩

॥ દોહા ॥

હરિ કેશી મુનિ રાજીયો, ઉપન્યો કુળ ચંડાળ;
પણ નિત્ય સુર સેવા કરે, ચારિત્ર ગુણ અસરાળ. ૧

॥ ઢાળ. ॥ સાહિબ કબ મિલે, સસનેહી પ્યારા હો, સા૦ એ દેશી.

સંયમ કબ હી મિલે, સસનેહી પ્યારો હો સંય૦ એ આંકણી૦
યું સમકિત ગુણ ઠાણ ગઁહારા, આતમસેં કરત બિચારા હો. સંય૦ ૧
દોશ બહેંતાળીશ શુદ્ધ આહારા, નવકલ્પી ઉગ્ર વિહારા હો. સંય૦ ૨
સહસ તેવીશ દોષ રહિત નિહારા, આવશ્યક દોય વારા હો. સંય૦ ૩
પરિસહ સહનાદિક પરકારા, એમ વહે વ્યવહારા હો. સંય૦ ૪
નિશ્ચય નિજગુણ ઠરણ ઉદારા, લહત ઉત્તમ ભવપારા હો. સંય૦ ૫
મોહાદિક પરભાવસે ન્યારા, દુગ નય સંયુત સારા હો. સંય૦ ૬
પદ્મ કહે ઈમ સુણી ઉજમાળા, લહે શિવ વધૂ વરહારા હો. સંય૦ ૭

ઇતિ અષ્ટમ પદ પૂજા.

## નવમતપઃ પદ પૂજા.

દોહા.

દ્રઢ પ્રહારી હત્યા કરી, કીધા કર્મ અઘોર;
તોપણ તપનાં પ્રભાવથી, કાઢયા કર્મ કઠોર. ૧

ઢાળ. પુરૂષોત્તમ સમતા છે તાહરા ઘટમાં, એ દેશી.

તપ કરિયે સમતા રાખી ઘટમાં; તપ૦
તપ કરવાલ કરાલ લે કરમાં, લડીએ કર્મ અરિભટમાં. તપ૦ ૧
ખાવંત પીવત મોક્ષ જે માને, તે સિરદાર બહુજટમાં. તપ૦ ૨
એક અચિરજ પ્રતિશ્રોતે તરતાં, આવે ભવસાયર તટમાં. તપ૦ ૩
કાલ અનાદિકો કર્મ સંગતિથેં, જીઉ પડીયો જ્યું ખટપટમાં. તપ૦ ૪
તાસ વિયોગ કરણ એ કરણું, જેણે નવિ ભમીયે ભવ તટમાં. તપ૦ ૫
હોયે પુરાણ તે કર્મ નિર્જરે, એ સમ નહિ સાધન ઘટમાં. તપ૦ ૬
ધ્યાન તપે સવિ કર્મ જલાઇ, શિવ વધૂ વરિયે ઝટપટમાં. તપ૦ ૭

દોહા

વિઘ્ન ટળે તપ ગુણ થકી, તપથી જાય વિકાર;
પ્રશંસ્યો તપ ગુણ થકી, વીરે ધન્નો અણગાર. ૧

ઢાળ. સખ્યા સાંઇહો ડંકા જોર બજાયા હો, એ દેશી.

તપસ્યા કરતાં હો ડંકા જોર બજાયા હો, એ આંકણી.
ઉજમણાં તપ કેરાં કરતાં, શાસન સોહ ચઢાયા હો;
વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા. તપ૦ ૧

અડસિદ્ધિ અણિમા લઘિમાદિક, તિમ લદ્ધિ અડ વીસાહો;
વિષ્ણુ કુમારાદિક પરે જગમાં, પામત જયત જગીશા. તપ૦ ૨
ગૌતમ અષ્ટાપદ ગિરિ ચડિયા, તાપસ આહાર કરાયાહો;
જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમા સહિત મુનિરાયા. તપ૦ ૩
સાડા બાર વર્ષ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો;
ઘોર તપે કેવળ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા. તપ૦ ૪

**ઇતિ નવમ પદ પૂજા.**

---

**કલશ.** રાગ ધનાશ્રી.

આજ માહારે ત્રિભુવન સાહેબ તુઠો, અનુભવ અમૃત વૂઠો;
ગુણિ અનુયાયી ચેતના કરતાં, કિશું અકરે મોહ રૂઠો.
ભવિ પ્રાણી હો. આ૦ ૧
એ નવ પદનું ધ્યાન ધરંતા, નવ નિધિ રૂદ્ધિ ઘરે આવે;
નવય નિયાણાનો ત્યાગ કરીને, નવક્ષાયિક પદ પાવે. ભ૦ આ૦ ૨
વિજયસિંહસૂરિ શિષ્ય અનુપમ, ગીતારથ ગુણ રાગી;
સત્યવિજય તસ શિષ્ય વિબુધવર, કપુરવિજય વડભાગી. ભ૦ આ૦ ૩
તાસ શિષ્ય શ્રી ખિમાવિજયવર, જિનવિજય પન્યાસ;
શ્રી ગુરૂ ઉત્તમવિજય સુશિષ્યો, શાસ્ત્રાભ્યાસ વિલાસ. ભ૦ આ૦ ૪
ગજ વન્હિ મદ ચંદ્ર ( ૧૮૩૮ ) સંવત્સર, માહાવદિ બીજ ગુરૂવારો;
રહી ચોમાસુ લીંબડી નગરે, ઉદ્યમ એહ ઉદારો. ભ૦ આ૦ ૫
તપ ગચ્છ વિજયધર્મસૂરિરાજે, શાંતિ જિણંદ પસાયો;
શ્રી ગુરૂ ઉત્તમ ક્રમ કજ અલિ સમ, પદ્મવિજય ગુણ ગાયો. ભ૦ આ૦ ૬

**ઇતિ પડિંત શ્રી પદ્મવિજયજીકૃત શ્રી નવપદજી પૂજા સમાપ્ત.**

श्रीमद् આત્મારામજી મહારાજ

# સત્તરભેદી પૂજા

॥ દોહા ॥

સકલ જિણંદ મુનીંદકી, પૂજા સત્તર પ્રકાર;
શ્રાવક શુદ્ધ ભાવેં કરે, પામે ભવકો પાર. ॥ ૧ ॥
જ્ઞાતા અંગે દ્રૌપદી, પૂજે શ્રી જિનરાજ;
રાયપસેણી ઉપાંગમેં, હિત સુખ શિવફલ તાજ. ॥ ૨ ॥
ન્હવણ વિલેપન વસ્ત્રયુગ, વાસ ફૂલ વરમાળ;
વર્ણ ચુન્ન ધ્વજ શોભતી, રત્નાભરણ રસાલ. ॥ ૩ ॥
સુમનગૃહ અત શોભતું, પુષ્પપગર મંગલીક;
ધૂપ ગીત નૃત્ય નાદસું, કરત મિટે સબ ભીક. ॥ ૪ ॥

## પ્રથમા સ્નપનપૂજા.

॥ દોહા ॥

શુચિ તનુ વદન વસન ધરી, ભરે સુગંધ વિશાળ;
કનક કલશ ગંધોદકેં, આની ભાવ વિશાળ. ॥ ૧ ॥
નમત પ્રથમ જિનરાજકો, મુખ બાંધી મુખકોષ;
ભક્તિ યુક્તિસે પૂજતાં, રહે ન રંચક દોષ. ॥ ૨ ॥

॥ ખમાચ ॥ તાલ પંજાબી ઠેકા ॥

માન મદ મનસે પરિહરતા, કરી ન્હવણ જગદીશ ॥ મા૦ અં૦ ॥
સમકિતની કરની દુઃખ હરની, જિન પખાલ મનમેં ધરતા;
અંગ ઉપાંગ જિનેશ્વર ભાખી, પાપ પડલ જરતા. ॥ મા૦ ॥ ૧ ॥
કંચન કલશ ભરી અતિ સુંદર, પ્રભુ સ્નાન ભવિજન કરતા;
નરક વૈતરણી કુમતિ નાસે, મહાનંદા વરતા. ॥ મા૦ ॥ ૨ ॥
કામ ક્રોધકી તપત મિટાવે, મુક્તિપંથ સુખ પગ ધરતા;
ધર્મ કલ્પતરૂ કંદ સીંચતાં, અમૃત ઘન ઝરતા. ॥ મા૦ ॥ ૩ ॥
જન્મ મરણકા પંખ પખારી, પુણ્ય દશા ઉદયે કરતા;

મંજરી સંપદ તરૂ વર્દ્ધનકી, અક્ષય નિધિ ભરતા. ॥ મા૦ ॥ ૪ ॥
મનકી તમ મિટિ સબ મેરી, પદકજ ધ્યાન હિયે ધરતા;
આતમ અનુભવ રસમેં ભીનો, ભવ સમુદ્ર તરતા. ॥ મા૦ ॥ ૫ ॥

---

## દ્વિતીયા વિલેપનપૂજા.

॥ દોહા ॥

ગાત્ર લુહી મન રંગસું, મહકે અતિહિ સુવાસ;
ગંધકષાયી વસનસું, સકલ ફલે મન આસ. ॥ ૧ ॥
ચંદન મૃગમદ કુંકુમેં, ભેલી માંહિ બરાસ;
રતન જડિત કચોલીયેં, કરી કુમતિકો નાસ. ॥ ૨ ॥
૧ ૨ ૩ ૪ ૫
પગ જાનું કર ખંધમેં, મસ્તક જિનવર અંગ;
૬ ૭ ૮
ભાલ કંઠ ઉર ઉદરમેં, કરે તિલક અતિ ચંગ. ॥ ૩ ॥
પૂજક જન નિજ અંગમેં, રચે તિલક શુભચાર;
૧ ૨ ૩ ૪
ભાલ કંઠ ઉર ઉદરમેં, તપ્ત મિટાવનહાર. ॥ ૪ ॥

॥ ઠુમરી—પંજાબી ઠેકા—માધુવનમેં મેરે સાવરીયા—દેશી ॥

કરી વિલેપન જિનવર અંગે, જન્મ સફલ ભવિજન માને. ॥ ક૦ ॥ ૧ ॥
મૃગમદ ચંદન કુંકુમ ઘોલી, નવ અંગ તિલક કરી થાને. ॥ ક૦ ॥ ૨ ॥
ચક્રી નવ નિધિ સંપદ પ્રગટે, કરમ ભરમ સબ ક્ષય જાને. ॥ ક૦ ॥ ૩ ॥
મન તનુ શીતલ સબ અઘ ટારી, જિનભક્તિ મન તનુ ઠાને. ॥ ક૦ ॥ ૪ ॥
ચૌસઠ સુરપતિ સુર ગિરિ રંગે, કરી વિલેપન ધન માને. ॥ ક૦ ॥ ૫ ॥
જાગી ભાગ્ય દશા અબ મેરી, જિનવર વચન હિયે ઠાને. ॥ ક૦ ॥ ૬ ॥
પરમ શિશિરતા પ્રભુ તન કરતાં, ચિત્ સુખ અધિકે પ્રગટાને. ॥ ક૦ ॥ ૭ ॥
આતમાનંદી જિનવર પૂજી, શુદ્ધ સ્વરૂપ નિજ ઘટ આને. ॥ ક૦ ॥ ૮ ॥

---

## તૃતીયા વસ્ત્રયુગલપૂજા.

॥ દોહા ॥

વસનયુગલ અતિ ઉજ્જવલેં, નિર્મલ અતિહી અભંગ;
નેત્રયુગલ સૂરિ કહે, યહી મતાંતર સંગ. ॥ ૧ ॥

કોમલ ચંદન ચરચિયે, કનક ખચિત વર ચંગ;
હૈ પલ્લવ શુચિ પ્રભુ શિરેં, પહિરાવે મન રંગ. ॥ ૨ ॥
દ્રૌપદી શક્ર સુરિયાભનેં, પૂજે જિમ જિનચંદ;
શ્રાવક તિમ પૂજન કરે, પ્રગટે પરમાનંદ. ॥ ૩ ॥
પાપ ભૂહણુ અંગ લૂહણાં, દીજેં પૂજન કાજ;
સકલ કરમ મલ ક્ષય કરી, પામે અવિચલ રાજ. ॥ ૪ ॥

॥ સોરઠ–પંજાબી ઠેકો–કુબ્જાને જાદુડારા દેશી ॥

જિનદર્શન મોહનગારા, જિને પાપ કલંક પખારા. ॥ જિ૦ ॥ અં૦ ॥
પૂજા વસ્ત્ર યુગલ શુચિ સંગે, ભાવના મનમેં વિચારા;
નિશ્ચય વ્યવહારી તુમ ધર્મે, વરનું આનંદકારા. ॥ જિ૦ ॥ ૧ ॥
જ્ઞાન ક્રિયા શુદ્ધ અનુભવ રંગે, કરૂં વિવેચન સારા;
સ્વ પર સત્તા ધરૂં હરૂં સબ, કર્મ કલંક પહારા. ॥ જિ૦ ॥ ૨ ॥
કેવલ યુગલ વસન અર્ચિંતસે, માંગત હું નિરધારા;
કલ્પતરુ તું વંછિત પૂરે, ચૂરે કરમ કઠારા. ॥ જિ૦ ॥ ૩ ॥
ભવોદધિ તારણુ પોત મીલા તું, ચિદઘન મંગળકારા;
શ્રી જિનચંદ જિનેશ્વર મેરે, ચરણુ શરણુ તુમ ધારા. ॥ જિ૦ ॥ ૪ ॥
અજર અમર અજ અલખ નિરંજન, ભંજન કરમ પહારા;
આતમાનંદી પાપ નિકંદી, જીવન પ્રાણુ આધારા. ॥ જિ૦ ॥ ૫ ॥

---

## ચતુર્થી ગંધપૂજા.

॥ દોહા ॥

ચોથી પૂજા વાસકી, વાસિત ચેતન રૂપ;
કુમતિ કુગંધી મિટી ગઇ, પ્રગટે આતમરૂપ. ॥ ૧ ॥
સુમતિ અતિ હર્ષિત ભઇ, લાગી અનુભવ વાસ;
વાસ સુગંધે પૂજતાં, મોહ સુભટકો નાસ. ॥ ૨ ॥
કુંકુમ ચંદન મૃગમદા, કુસુમ ચૂર્ણ ઘનસાર;
જિનવર અંગે પૂજતાં, લહિયેં લાભ અપાર. ॥ ૩ ॥

॥ રાગ જંગલો–અબ મોહે ડાંગરીયા દેશી ॥

અબ મોહે પાર ઉતાર જિનંદજી, અબ ! મોહે પાર ઉતાર;
ચિદાનંદ ઘન અંતરજામી, અબ મોહે પાર ઉતાર ॥ અંચલિ ॥
વાસખેપસેં પૂજન કરતાં, જનમ મરણુ દુઃખ ટાર; ॥ જિ૦ ॥
નિજગુણુ ગંધ સુગંધી મહકે, દહે કુમતિ મદ માર. ॥ જિ૦ ॥ ૧ ॥

જિન પૂજત હી અતિ મન રંગે, ભંગે ભરમ અપાર; ॥ જિ૦ ॥
પુગદલ સંગી દુર્ગંધ નાઠો, વરતે જય જયકાર. ॥ જિ૦ ॥ ૨ ॥
કુંકુમ ચંદન મૃગમદ મેલી, કુસુમ ગંધ ઘનસાર; ॥ જિ૦ ॥
જિનવર પૂજન રંગે રાચે, કુમતિ સંગ સબ છાર. ॥ જિ૦ ॥ ૩ ॥
વિજય દેવતા જિનવર પૂજે, જીવાભિગમ મઝાર; ॥ જિ૦ ॥
શ્રાવક તિમ જિન વાસેં પૂજે, ગૃહસ્થ ધર્મકો સાર. ॥ જિ૦ ॥ ૪ ॥
સમકિતકી કરણી શુભ વરણી, જિન ગણધર હિતકાર; ॥ જિ૦ ॥
આતમ અનુભવ રંગ રંગીલા, વાસ ચજનકા સાર. ॥ જિ૦ ॥ ૫ ॥

## પંચમી પુષ્પારોહણપૂજા

॥ દોહા ॥

મન વિકસે જિન દેખતાં, વિકસિત ફૂલ અપાર;
જિન પૂજા એ પંચમી, પંચમી ગતિ દાતાર. ॥ ૧ ॥
પંચ વરણકે ફૂલસેં, પૂજે ત્રિભુવન નાથ;
પંચ વિઘન ભવિ ક્ષય કરી, સાધે શિવપુર સાથ. ॥ ૨ ॥

॥ કહેરવા–ઠુમરી–પાસ જિનંદા પ્રભુ મેરે મન વસીયા–દેશી ॥

અર્હન્ જિનંદા પ્રભુ મેરે મન વસીયા ॥ અં૦ ॥
મોગર લાલ ગુલાબ માલતી, ચંપક કેતકી નિરખ હરસીયા. ॥ અ૦ ॥ ૧ ॥
કુંદ પ્રિયંગુ વેલિ મચકુંદા, બોલસિરી જાઈ અધિક દરસીયા. ॥ અ૦ ॥ ૨ ॥
જલ થલ કુસુમ સુગંધી મહકે, જિનવર પૂજન જિમ હરિ રસીયા. ॥અ૦॥૩॥
પંચ બાણ પીડે નહીં મુઝકો, જબ પ્રભુ ચરણે ફૂલ ફરસીયા, ॥અ૦॥૪॥
જડતા દૂર ગઈ સબ મેરી, પાંચ આવરણ ઉખાર ધરસીયા. ॥ અ૦ ॥ ૫ ॥
અવર દેવકો આક ધત્તુરા, દુમરે પંચ રંગ ફૂલ વરસીયા. ॥ અ૦ ॥ ૬ ॥
જિન ચરણે સહુ તપત મિટત હૈ, આતમ અનુભવ મેઘ વરસીયા ॥અ૦॥૭॥

## ષષ્ઠી પુષ્પમાલાપૂજા

છઠ્ઠી પૂજા જિનતણી, ગુંથી કુસુમકી માલ;
જિન કંઠે થાપી કરી, ટાલિયેં દુઃખ જંજાલ. ॥ ૧ ॥
પંચ વરણ કુસુમેં કરી, ગૂંથી જિન ગુણ માલ;
વરમાલા એ મુક્તિકી, વરે ભક્ત સુવિશાલ. ॥ ૨ ॥

॥ રાગ જંગલો ॥ તાલ દીપચંદી ॥

કુસુમમાલસેં જો જિન પૂજે, કર્મ કલંક નસે ભવિ તેરે. ॥ કુ૦ અં૦ ॥
નાગ પુન્નાગ પ્રિયંગુ કેતકી, ચંપક દમનક કુસુમ ઘનેરે;
મલ્લિકા નવમલ્લિકા શુદ્ધ જાતિ, તિલક વસંતિક સબ રંગ હૈ રે. ॥ કુ૦ ॥૧॥

કલ્પ અશોક બકુલ મગદંતી, પાડલ મરૂક માલતી લેરે;
ગૂંથી પંચ વરણકી માલા, પાપ પંક સબ દૂર કરે રે. ॥ કુ૦ ॥ ૨ ॥
ભાવ વિચારી નિજગુણ માલા, પ્રભુસેં માંગે અરજ કરે રે;
સર્વ મંગલકી માલા રોપે, વિઘન સકલ સબ સાથ જરે રે. ॥ કુ૦ ॥ ૩ ॥
આતમાનંદી જગગુરૂ પૂજી, કુમતિ ફંદ સબ દૂર ભગે રે;
પૂરણ પુણ્યે જિનવર પૂજે, આનંદરૂપ અનૂપ જગે રે. ॥ કુ૦ ॥ ૪ ॥

---

## સપ્તમી અંગરચનાપૂજા.

॥ દોહા ॥

પાંચ વરણકે ફૂલકી, પૂજા સાતમી માન;
પ્રભુ અંગેં અંગી રચી, લહીયેં કેવળજ્ઞાન. ॥ ૧ ॥
મુક્તિવધૂકી પત્રિકા, વરણી શ્રી જિનદેવ;
સુધી તત્વ સમજે સહી, મૂઢ ન જાણે ભેવ. ॥ ૨ ॥

॥ તુજ દીનકે નાથ દયાલ લાલ ॥ એ દેશી ॥

તુમ ચિદ્દઘન ચંદ આનંદ લાલ, તોરે દર્શન કી બલિહારી. ॥ તુ૦ ॥ ૧ ॥
પંચવરણ ફૂલોસેં અંગીયાં, વિકસેં જ્યૂં કેસર કયારી. ॥ તુ૦ ॥ ૨ ॥
કંદ ગુલાબ મરૂક અરવિંદો, ચંપક જાતિ મંદારી. ॥ તુ૦ ॥ ૩ ॥
સોવન જાતી દમનક સોહે, મન તનુ તજિત વિકારી. ॥ તુ૦ ॥ ૪ ॥
અલખ નિરંજન જ્યોતિ પ્રકાસે, પુદગલ સંગ નિવારી. ॥ તુ૦ ॥ ૫ ॥
સમ્યગ્ દર્શન જ્ઞાનસ્વરૂપી, પૂર્ણાનંદ વિહારી. ॥ તુ૦ ॥ ૬ ॥
આતમ સત્તા જબહી પ્રગટે, તબ હી લહે ભવ પારી. ॥ તુ૦ ॥ ૭ ॥

---

## અષ્ટમી ચૂર્ણપૂજા.

॥ દોહા ॥

જિનપતિ પૂજા આઠમી, અગર ભલા ઘનસાર;
સેલારસ મૃગમદ કરી, ચુરણ કરી અપાર. ॥ ૧ ॥
ચુન્નારોહણ પૂજના, સુમતિ મન આનંદ;
કુમતિ જન ખીજે અતિ, ભાગ્યહીન મતિમંદ. ॥ ૨ ॥

॥ જોગીયા—નાથ મૈતું છડકે ગઢ ગિરનાર ગયો રી દેશી ॥

કરમ કલંક દહ્યો રી, નાથ જિન જજકે ॥ કરમ૦ ॥ અં૦ ॥
અગર સેલારસ મૃગમદ ચૂરી, અતિ ઘનસાર મહ્યો રી. ॥ ના૦ ॥ ૧ ॥
તીર્થંકર પદ શાંતિ જિનેશ્વર, જિન પૂજીને ગ્રહ્યો રી. ॥ ના૦ ॥ ૨ ॥

અષ્ટ કરમ દલ ઉદભટ ચૂરી, તત્વ રમણુકો લહ્યો રી. ॥ ના૦ ॥ ૩ ॥
આઠો હી પ્રવચન પાલન શૂરા, દૃષ્ટિ આઠ રહ્યો રી. ॥ ના૦ ॥ ૪ ॥
શ્રદ્ધા ભાસન રમણુતા પ્રગટે, શ્રી જિનરાજ કહ્યો રી. ॥ ના૦ ॥ ૫ ॥
આતમ સહજાનંદ હમારા, આઠમી પૂજા ચહ્યો રી. ॥ ના૦ ॥ ૬ ॥

---

## નવમી ધ્વજ પૂજા.

॥ દોહા ॥

પંચવરણુ ધ્વજ શોભતી, ઘુંઘરિકો ધમકાર;
હેમ દંડ મન મોહની, લઘૂ પતાકા સાર. ॥ ૧ ॥
રણુઝણુ કરતી નાચતી, શોભિત જિનઘર શ્રૃંગ;
લહકે પવન ઝકોરસે, બાજત નાદ અભંગ. ॥ ૨ ॥
ઈંદ્રાણી મસ્તક લઈ, કરે પ્રદક્ષિણા સાર;
સધવા તિમ વિધિ સાચવે, પાપ નિવારણુહાર. ॥ ૩ ॥

॥ ઠુમરી પંજાબી ઠેકા આઇ ઇંદ્ર નાર દેશી ॥

આઇ સુંદર નાર, કર કર સિંગાર, ઠાડી ચૈત્ય દ્વાર, મન મોદધાર,
પ્રભુ ગુણુ વિથાર, અઘ સબ ક્ષયકીનો. ॥ આ૦ ॥ ૧ ॥
જોજન ઉતંગ, અતિ સહસ ચંગ, ગઇ ગગન લંઘ, ભવિ હરખ સંગ,
સબ જગ ઉતંગ, પદ છિનકમેં લીનો. ॥ આ૦ ॥ ૨ ॥
જિન ધ્વજ ઉતંગ, તિમ પદ અભંગ, જિન ભકિતરંગ, ભવિ મુકિત મંગ,
ચિદઘન આનંદ, સમતારસ ભીનો. ॥ આ૦ ॥ ૩ ॥
અબ તાર નાથ, મુજ કર સનાથ, તજ્યો કુગુરૂ સાથ, મુજ પકડ હાથ,
દીનાકે નાથ, જિનવચ રસ પીનો. ॥ આ૦ ॥ ૪ ॥
આતમ આનંદ, તુમ ચરણુ વૃંદ, સબ કટત ફંદ, ભયો શિશિર ચંદ,
જિન પઠિત છંદ, ધ્વજપૂજન કીનો. ॥ આ૦ ॥ ૫ ॥

## દશમી આભરણુ પૂજા.

॥ દોહા ॥

શોભિત જિનવર મસ્તકેં, રયણુ મુકુટ ઝકલંત;
ભાલ તિલક અંગદ ભુજા, કુંડલ અતિ ચમકંત. ॥ ૧ ॥
સુરપતિ જિન અંગેં રચેં, રત્નાભરણુ વિશાલ;
તિમ શ્રાવક પૂજા કરે, કટે કરમ જંજાલ. ॥ ૨ ॥

॥ જંગલો, તાલ દાદરો ॥ અંગ્રેજી બાજેકી ચાલ ॥

આનંદ કંદ પૂજતાં જિનંદ ચંદ હું. ॥ આં૦ ॥
મોતી જ્યોતિ લાલ હીર હંસ અંક જ્યું;

કુંડલૂ સુધાર કરણ મુકુટ ધાર તું. ॥ આ૦ ॥ ૧ ॥
સૂર ચંદ કુંડલે શોભિત કાન હૂં;
અંગદ કંઠ કંઠલો મુનીંદ તાર તું. ॥ આ૦ ॥ ૨ ॥
ભાલ તિલક ચંગ રંગ ખંગ ચંગ જ્યું;
ચમક દમક નંદની કંદર્પ જીત તું. ॥ આ૦ ॥ ૩ ॥
વ્યવહાર ભાષ્ય ભાખીયો જિનંદ બિંબ સુ઼ં;
કરે સિંગાર ફાર કર્મ જાર જાર તું. ॥ આ૦ ॥ ૪ ॥
વૃદ્ધિ ભાવ આતમા ઉમંગ કાર તું;
નિમિત્ત શુદ્ધ ભાવકા પિયાર કાર તું. ॥ આ૦ ॥ ૫ ॥

---

## એકાદશી પુષ્પગૃહપૂજા.

॥ દોહા ॥

પુષ્પઘરો મન રંજનો, ફૂલે અદ્ભુત ફૂલ;
મહકે પરિમલ વાસના, રહકે મંગલમૂલ. ॥ ૧ ॥
શોભિતજિનવર બીચમેં, જિત તારામેં ચંદ;
ભવિ ચકોર મન મોદસે, નિરખી લહે આનંદ. ॥ ૨ ॥

॥ ખમાચ, પંજાબીઠેકા, શાંતિ વદનકજ દેખ નયન દેશી ॥

ચંદવદન જિન દેખ નયન, મન અમીરસ ભીનોરે. ॥ અંચલિ ॥
રાય બેલ નવ માલિકા કુંદ, મોગર તિલક જાતિ મચકુંદ;
કેતકી દમનક સરસ રંગ, ચંપક રસ ભીનો રે. ॥ ચં૦ ॥ ૧ ॥
ઇત્યાદિક શુભ ફૂલ રસાલ, ઘર વિરચે મન રંજન લાલ;
જાલી ઝરોખા ચિતરી શાલ, સુર મંડપ કીનોરે. ॥ ચં૦ ॥ ૨ ॥
ગુચ્છ ઝુમખાં લંબાં સાર, ચંદુઆ તોરણ મનોહાર;
ઇંદ્રભુવનકો રંગધાર, ભવ પાતક છીનોરે. ॥ ચં૦ ॥ ૩ ॥
કુસુમાયુધકે મારન કાજ, ફૂલઘરે થાપે જિનરાજ;
જિમ લહિયે શિવપુરકો રાજ, સબ પાતક ખીનોરે. ॥ ચં૦ ॥ ૪ ॥
આતમ અનુભવ રસમેં રંગ, કારણ કારજ સમઝ તું ચંગ;
દૂર કરો તુમ કુગુરૂ સંગ, નરભવ ફલ લીનોરે. ॥ ચં૦ ॥ ૫ ॥

---

## દ્વાદશી પુષ્પવર્ષણપૂજા.

॥ દોહા ॥

બાદલ કરી વર્ષા કરે, પંચવરણ સુર ફૂલ;
હરે તાપ સબ જગતકો, જાનુદઘન અમૂલ. ॥ ૧ ॥

॥ અડિલ છંદ ॥

ફૂલ પગર અતિ ચંગ, રંગ બાદર કરી;
પરિમલ અતિ મહકંત, મિલે નર મધુકરી;
જાનુદઘન અતિ સરસ, વિકચ અધો બીટ હૈ;
વરસે બાધા રહિત, રચે જિમ છીટ હૈ. ॥ ૧ ॥

॥ વસંત-દીપચંદી-સાચા સાહિબ મેરા ચિંતામણી સ્વામી-દેશી ॥

મંગલ જિન નામૈં આનંદ ભવિકો ઘનેરા. ॥ અં૦ ॥
ફૂલ પગર બદરી ઝરી રે, હેઠ બીટ જિનકેરા. ॥ મં૦ ॥ ૧ ॥
પીડા રહિત ઢિગ મધુકર ગુંજે, ગાવત જિન ગુણ તેરા. ॥ મં૦ ॥ ૨ ॥
તાપ હરે તિહું લોકકા રે, જિન ચરણેં જસ ડેરા. ॥ મં૦ ॥ ૩ ॥
અશુભ કરમ દલ દૂર ગયે રે, શ્રી જિન નામ રટેરા. ॥ મં૦ ॥ ૪ ॥
આતમ નિર્મળ ભાવ કરીને, પૂજે મિટત અંધેરા. ॥ મં૦ ॥ ૫ ॥

## ત્રયોદશી અષ્ટમંગલપૂજા.

॥ દોહા ॥

સ્વસ્તિક દર્પણ કુંભ હૈ, ભદ્રાસન વર્ધમાન;
શ્રીવછ નંદાવર્ત્ત હૈ, મીનયુગલ સુવિધાન. ॥ ૧ ॥
અતુલ વિમલ ખંડિત નહીં, પંચ વરણ કે સાલ;
ચંદ્ર કિરણ સમ ઉજ્જલેં, યુવતી રચે વિશાલ. ॥ ૨ ॥
અતિ સલક્ષણ તંદુલેં, લેખી મંગલ આઠ;
જિનવર અંગે પૂજતાં, આનંદ મંગળ ઠાઠ. ॥ ૩ ॥

( શ્રી રાગ-જિન ગુણ ગાનં શ્રુતિ અમૃતં દેશી )

મંગલપૂજા સુરતરુકંદ ॥ અંચલિ; ॥
સિદ્ધિ આઠ આનંદ પ્રપંચે, આઠ કરમકા કાટે ફંદ ॥ મં. ॥ ૧ ॥
આઠોં મદ ભયૈ છિનકમેં દૂરે, પૂરે અડ ગુણ ગયે સબ ધંદ. ॥ મં. ॥ ૨ ॥
જો જન આઠ મંગલસું પૂજે, તસ ઘર કમળા કેલિ કરંદ. ॥ મં. ॥ ૩ ॥
આઠ પ્રવચન સુધારસ પ્રગટે, સુરિ સંપદા અતિહી લહંદ. ॥ મં. ॥ ૪ ॥
આતમ અડગુણ ચિદઘન રાશિ, સહજ વિલાસી આતમ ચંદ. ॥ મં. ॥ ૫ ॥

## ચતુર્દશી ધૂપપૂજા.

॥ દોહા ॥

મૃગમદ અગર સેલારસ, ગંધવટ્ટી ઘનસાર;
કૃષ્ણાગર શુદ્ધ કુંદરું, ચંદન અંબર ભાર. ॥ ૧ ॥
સુરભિ દ્રવ્ય મિલાયકે, કરેં દશાંગજ ધૂપ;

ધૂપદાનમેં લે કરી, પૂજે ત્રિભુવનભૂપ. ॥ ૨ ॥

( રાગ પીલુ ॥ તાલ દીપચંદી )

મેરે જિનંદકી ધૂપસેં પૂજા, કુમતિ કુગંધી દૂર હરી રે. ॥ મેરે. ॥ અં૦ ॥
રોગ હરે કરે નિજગુણુ ગંધી, દહે જંજીર કુગુરુકી બંધી,
નિર્મલ ભાવ ધરે જગ ધંદી, મુજે ઉતારો પાર, મેરે કિરતાર;
કે અઘ સબ દૂર કરીરે. ॥ મેરે. ॥ ૧ ॥
ઉર્ધ્વ ગતિ સૂચક ભવિ કેરી, પરમ બ્રહ્મ તુમ નામ જપેરી,
મિથ્યા વાસ દુખરાસ ઝરે રી, કરો નિરંજન નાથ, મુક્તિના સાથ;
કે મમતા મૂર જરીરે. ॥ મે. ॥ ૨ ॥
ધૂપસેં પૂજા જિનવર કેરી, મુક્તિવધૂ ભઇ છિનકમેં ચેરી,
અબ તો કયોં પ્રભુ કીની દેરી, તુમહી નિરંજન, રુપ ત્રિલોકી ભુપ;
કે વિપદા દૂર કરી રે. ॥ મે. ॥ ૩ ॥
આતમ મંગળ આનંદ કારી, તુમરી ચરણુ સરણુ અબ ધારી,
પૂજે જેમ હરિ તેમ આગારી, મંગલ કમલા કંદ, શરદકા ચંદ;
કે તામસ દૂર હરીરે. ॥ મે. ॥ ૪ ॥

## પંચદશી ગીત પૂજા.

॥ દોહા ॥

ગ્રામ ભલે આલાપિને, ગાવે જિનગુણુ ગીત;
ભાવે સુધી ભાવના, જાચે પરમ પુનીત. ॥ ૧ ॥
ફૂલ અનંત પંચાશકે, ભાખે શ્રી જગદીશ;
ગીત નૃત્ય શુધ નાદશે, જો પૂજે જિન ઇશ. ॥ ૨ ॥
તીન ગ્રામ સ્વર સાતસે, મુરછના ઇકિવીસ;
જિન ગુણુ ગાવેં ભકિતસું, તાર તીસ ઉગણીશ. ॥ ૩ ॥

( રાગશ્રી રાગ-ઠેકા પંજાબી )

જિન ગુણુ ગાવત સુરસુંદરી ॥ અંચલિ ॥
ચંપક વરણી સુર મનહરણી, ચંદ્રમુખી શૃંગાર ધરી. જિ૦ ॥ ૧ ॥
તાલ મૃદંગ બંસરી મંડલ, વેણુ ઉપાંગ ધુનિ મધુરી. જિ૦ ॥ ૨ ॥
દેવ કુમાર કુમારી આલાપે, જિન ગુણુ ગાવે ભકિત ભરી. જિ૦ ॥ ૩ ॥
નકુલ મુંકદ વીણુ અતિ ચંગી, તાલ છંદ અયતિ સિમરી. જિ૦ ॥ ૪ ॥
અલખ નિરંજન જ્યોતિ પ્રકાશી, ચિદાનંદ સતરુપ ધરી. જિ૦ ॥ ૫ ॥
અજર અમર પ્રભુ ઇશ શિવંકર, સર્વ ભયંકર દૂર હરી. જિ૦ ॥ ૬ ॥
આતમ રુપ આનંદ ઘન સંગી, રંગી નિજ ગુણુ ગીત કરી. જિ૦ ॥ ૭ ॥

## ષોડશી નાટકપૂજા.

॥ દોહા ॥

નાટક પૂજા સોલમી, સજી સોલે શૃંગાર;
નાચે પ્રભુકે આગલેં, ભવ નાટક સબ ટાર. ॥ ૧ ॥
દેવ કુમર કુમરી મિલી, નાચે ઇક શત આઠ;
રચે સંગીત સુહાવના, બત્તિસ વિધકા નાટ. ॥ ૨ ॥
રાવણ ને મંદોદરી, પ્રભાવતી સુરિયાભ;
દ્રૌપદી જ્ઞાતા અંગમેં, લિયો જન્મકો લાભ. ॥ ૩ ॥
ટારો ભવ નાટક સવી, હે જિન દીન દયાલ !
મિલ કર સુર નાટક કરે, સુઘર બજાવે તાલ. ॥ ૪ ॥

( રાગ કલ્યાણ—તાલ દાદરો )

નાચત સુર વૃંદ છંદ, મંગલ ગુન ગારી. ॥ અં૦ ॥
કુમર કુમરી કર સંકેત, આઠ શત મિલ ભમરી દેત;
મંદ્ર તાર રણ રણાટ, ઘુંઘુરુ પગધારી. ॥ ના૦ ॥ ૧ ॥
બાજત જિહાં મૃદંગ તાલ, ધપ મપ ધુધુમ કિટ ધમાલ;
રંગ ચંગ દ્રંગ દ્રંગ, ત્રીં ત્રીં ત્રિક તારી. ॥ ના૦ ॥ ૨ ॥
તતા થેઈ થેઇ તાન લેત, મુરજ રાગ રંગ દેત;
તાન માન ગાન જાન, કિટ નટ ધુનિ ધારી. ॥ ના૦ ॥ ૩ ॥
તું જિનંદ શિશિર ચંદ, મુનિજન સબ તાર વૃંદ; ॥
મંગલ આનંદ કંદ, જય જય શિવચારી. ॥ ના૦ ॥ ૪ ॥
રાવણ અષ્ટાપદ ગિરીંદ, નાચ્યો સબ સાજ સંગ; ॥
બાંધ્યો જિન પદ ઉતંગ, આતમ હિતકારી. ॥ ના૦ ॥ ૫ ॥

---

## સપ્તદશી વાદ્યપૂજા.

॥ દોહા ॥

તત વિતત ઘન ઝૂસરે, વાદ્ય ભેદ એ ચાર; ॥
વિવિધ ધ્વનિ કર શોભતી, પૂજા સતરમી સાર. ॥ ૧ ॥
સમવસરણમેં વાજિયા, નાદ તણા ઝંકાર; ॥
ઢોલ દમામા દુંદુભી, ભેરી પણવ ઉદાર. ॥ ૨ ॥
વેણુ વીણા કિંકિણી, ષડ્ ભમરી મરદંગ; ॥
ઝલ્લરી ભંભા નાદસું, શરણાઇ મુરજંગ. ॥ ૩ ॥
પંચ શબ્દ વાજે કરી, પૂજે શ્રી અરિહંત; ॥
મનવાંછિતફલ પામિયેં, લહિયેં લાભ અનંત. ॥ ૪ ॥

( જંગલો—મન મોહ્યા જંગલકી હરણીને—એ દેશી )

ભવિ નંદો જિનંદ જસ વરણીને ॥ અં૦ ॥

વીણુ કહે જગ તું ચિરનંદી, ધન ધન જગ તુમ કરણીને. ॥ ભ૦ ॥ ૧ ॥

તું જગ નંદી આનંદ કંદી, તબલી કહે ગુણ વરણીને. ॥ ભ૦ ॥ ૨ ॥

નિર્મલ જ્ઞાન વચન મુખ સાચે, તૂણ કહે દુઃખ હરણીને. ॥ ભ૦ ॥ ૩ ॥

કુમતિ પંથ સબ છિનમેં નાસે, જિનશાસન ઉદે ધરણીને. ॥ ભ૦ ॥ ૪ ॥

મંગલ દીપક આરતિ કરતાં, આતમ ચિત્ત શુભ ભરણીને. ॥ ભ૦ ॥ ૫ ॥

---

## અથ કલશ.

॥ રેખતા ॥

જિનંદ જસ આજ મેં ગાયો, ગયો અઘ દૂર મો મનકો;
શત અઠ કાવ્ય હું કરકે, શુણે સબ દેવ દેવનકો. ॥ જિ૦ ॥ ૧ ॥

તપ ગચ્છ ગગન રવિ રુપા, હુઆ વિજયસિંહ ગુરુ ભૂપા; ॥
સત્ય કર્પૂર વિજય રાજા, ક્ષમા જિન ઉત્તમા તાજા. ॥ જિ૦ ॥ ૨ ॥

પદ્મ ગુરુ રુપ ગુણ ભાજા, કીર્તિ કસ્તૂર જગ છાજા; ॥
મણિ બુદ્ધિ જગતમેં ગાજા, મુકિત ગણિ સંપ્રતિ રાજા. ॥ જિ૦ ॥ ૩ ॥

વિજય આનંદ લઘુ નંદા, નિધિ શિખી અંક હે ચંદા. (૧૯૩૯) ॥
અંબાલે નગરમેં ગાયો, નિજાતમ રુપ હું પાયો. ॥ જિ૦ ॥ ૪ ॥

ઇતિ સત્તરભેદી પૂજા.

## શ્રી નવપદજીની ઓળીના ઉજમણાની વિધિ:—

સાડાચાર વર્ષે એકયાશી આયંબિલે નવ ઓળી પૂર્ણ થાય, તે વખતે ઉજમણું કરે. તે હાલના પ્રવર્તન મુજબ શ્રી જિનેશ્વરના મંદિરને વિષે અથવા પોતાના વિસ્તારવાળા ઘરને વિષે શુદ્ધ નિરવદ્ય તે સ્થાનોને સુશોભિત કરી ત્યાં શ્રી સિદ્ધચક્રજીના મંડપની રચના કરવી. તે આ પ્રમાણે- પ્રથમ અરિહંતપદને શ્વેત ધાન્યમય સ્થાપે અને પૂર્વ દિશાએ સિદ્ધપદને રક્ત ધાન્યમય સ્થાપે, તથા દક્ષિણ દિશાએ આચાર્યપદને પીતવર્ણ ધાન્યમય સ્થાપે, તથા પશ્ચિમ દિશાએ ઉપાધ્યાયપદને નીલવર્ણ ધાન્યમય સ્થાપે, અને ઉત્તર દિશાએ સાધુપદને શ્યામવર્ણ ધાન્યમય સ્થાપે. પછી ચારે વિદિશાઓને વિષે દર્શન, જ્ઞાન, ચારિત્ર, અને તપ, એ ચાર પદને શ્વેત ધાન્યમય સ્થાપે. તેમાં ઉત્તર પૂર્વ વચ્ચે ઈશાન ખુણે દર્શન પદ સ્થાપવું, પૂર્વ દક્ષિણ વચ્ચે અગ્નિ ખુણે જ્ઞાનપદ સ્થાપવું, દક્ષિણ પશ્ચિમ વચ્ચે નૈરૃત્ય ખુણે ચારિત્રપદ સ્થાપવું અને પશ્ચિમ ઉત્તર વચ્ચે વાયવ્ય ખુણે તપ:પદ સ્થાપવું. એ રીતે નવ પાંખડીનું કમળ કરી નવપદની સ્થાપના કરવી. પછી ત્રણ વેદિકા યુક્ત પિઠિકાની રચના સાથે કરવી; તેમાંથી પહેલી વેદિકા રક્તવર્ણ ધાન્યમય, બીજી પીતવર્ણ ધાન્યમય અને ત્રીજી શ્વેતવર્ણ ધાન્યમય. પ્રથમ વેદિકાને પાંચવર્ણ ધાન્યનાં કાંગરાં, બીજી વેદિકાને રક્તવર્ણ ધાન્યનાં કાંગરા અને ત્રીજી વેદિકાને પીતવર્ણ ધાન્યનાં કાંગરાં કરવા. વળી તે ઉપર નવ ગઢ કરવા, વળી જે રીતે ધાન્યનાં રંગ તથા પદના રંગ કહ્યા તે રીતે કરી વિવિધ રંગના ફળ—ધ્વજાઓ નૈવેદ્ય વગેરે તે આગળ ધરી, પદે પદે શ્રીફળ વગેરે ધરવાં, અને શ્રી નવપદજીની પૂજા ભણાવવી, તથા યથાશકિત નીચે પ્રમાણેની નવ, નવ, વસ્તુઓ જ્ઞાનનાં ઉપકરણો વગેરે મૂકવાં.

| | | |
|---|---|---|
| દેરાસર | ધર્મશાળા | કળશ |
| ધોતિયા | જીર્ણોદ્ધાર | મુકુટ |
| કટોરી | અંગલુણા | જિનબિંબ |
| ઝરમર | ચંદનના કટકા | મુખકોશ |
| સિદ્ધચક્રના ગટ્ટા | તિલક | કેસરનાં પડિકા |
| રકાબી | સિદ્ધચક્રની પીઠિકા | સિંહાસન |
| વાળાકુંચી | વાળાકુંચી | બાજોઠ |
| ઘંટડી | કામળી | ધ્વજા |
| નવકારવાળી | પછેડી | ઘંટ |
| સ્થાપના | છત્ર | દંડાસણ |
| આચમની | ચામર | ડાંડા |

| | | |
|---|---|---|
| ત્રાંબાકુંડી | મોર પિચ્છી | ત્રાંબડી |
| અષ્ટમાંગલિક | વાટકી | સ્થાપનાનાં ઉપકરણ |
| આરતી | કચોળા | વાટકા |
| ધૂપધાણું | થાળી | અગરબત્તી |
| મંગલ દીપક | પુંજણી | બરાસ, અગર |
| ચંદરવા પૂંઠીયા | કેસર ઘસવાના ઓરશીયા | પ્યાલા, પ્રભાવના |
| તોરણ | દીવી | નવગ્રહની સ્થાપના |
| હીરા ચોત્રીશ | માણિક એકત્રીશ | પીરોજી પીળેવર્ણે છત્રીસ |
| લીલમ પચ્ચીશ | સોનેરી વરખ ૧૦૦ | ચુનીયો કાલે વર્ણે |
| મોતી નંગ ૨૩૮ | રૂપાના વરગ ૧૦૦ | સત્તાવીશ અથવા પાંચ |
| લાખીણો હાર એક | શ્રીફળના ગોટા પંચવર્ણી | |

**જ્ઞાનના ઉપકરણ.**

| | | |
|---|---|---|
| શ્રીપાળરાસની બુકો | લેખણ | ઓળીયાં |
| બીજાં પુસ્તકો | ચપ્પુ | પાટી |
| ગણણાની ટીપ | કાતર | પુસ્તક રાખવાના ડાબલા |
| રૂમાલ | ડાબલા | દોરા |
| પાઠાં | ડાબલી | ચાબખી |
| ઠવણી | ખડિયા | વાસક્ષેપના વાટકા |
| કવલી | હિંગલોનાં વાસણ | વતરણાં |
| સાપડા, સાપટી | પાટલી | કાંબી |

**ચારિત્રના ઉપકરણ**

| | | |
|---|---|---|
| પાત્રાં | પડલા | ઝોળી |
| ચોલપટ્ટા | સંથારીયા | કાંબલી ઓઘાની, |
| કપડાં | ડાંડા | ઓઘા |
| મુહપત્તિ | કલ્પસૂત્ર | તપરણી |
| ચરવલા | ચરવલાની દાંડી | |

એ રીતે શુદ્ધ ભાવે દરેક ઉત્તમ વસ્તુઓ મુકે.

ઇતિ ઉજમણાનો વિધિ સંપૂર્ણ

**સમાપ્ત.**

# અગાઉથી ગ્રાહક થનારાં શ્રીમાનોના નામ

## મુંબાઇ

૧૦૦ દલાલકોર શેઠ રતીલાલ વાડીલાલ પુનમચંદ દયાવારીધી સેરબ્રોકર મુંબાઇ
૧૦૦ શેઠ. માણેકલાલ ચુનીલાલ મુંબાઇ
૧૦૦ શેઠ. રતીલાલ ઝુમખરામ રાધનપુરવાલા હાલ મુંબાઇ.
૧૫ શેઠ દીપચંદ કસલચંદ મુંબાઇ
૧૫ શેઠ. ગીરધરલાલ ત્રીકમલાલ મુંબાઇ.
૩૧ શેઠ. નાથાલાલ ખુમચંદ વલસાડવાલા હા. શેઠ ફકીરચંદ કેસરીચંદ
૫૦ શેઠ કેસરીચંદ ભાણાભાઇ બીલીમોરાવાલા
૧૫ ઝવેરી ગુલાબચંદ નગીનદાસ હાલ મુંબાઇ.
૫૦ શેઠ રતીલાલ નથુભાઇ શાહ હાલ મુંબાઇ
૧૫ શેઠ હીરાલાલ બકોરદાસ મુંબાઇ.
૧૦ શેઠ શીવલાલ નરપતલાલ રૂ. એશોસીએશનના સેક્રેટરી

## પુના સીટી

૨ શેઠ મગલભાઇ હાથીભાઇ
૧ મણીલાલ લલ્લુભાઇ શાહ.
૧ શેઠ કેસવલાલ મણીલાલ
૧ શેઠ મણીલાલ મુલચંદ
૧ શા. જેસંગલાલ કચરાભાઇ
૧ શા. મોહનલાલ કચરાભાઇ
૧ શા. નગીનદાસ મયાભાઇ
૧ શેઠ મલુકચંદ દોલતચંદ
૧ વી. એમ. પુરવાની કુંપની.
૧ બી. મનસુખલાલની કુંપની
૧ શેઠ હીરાલાલ મગનલાલ
૧ શેઠ સનાલાલ હટમચંદ

## અમદાવાદ

૫૧ શેઠ ચુનીલાલ ખુશાલદાસ ઝવેરી હ. શેઠ ત્રીકમલાલ ચુનીલાલ
૧૧ શેઠ વીરચંદ દેવચંદ
૧૦ શેઠ પુંજાભાઇ ભુલાભાઇ
૧ શા. શાંતીલાલ વીરચંદ ભગત.

## પાલનપુર

૫ મુની પન્યાસ રંગવીમલજી મહારાજ
૫ દેસાઇ નાનાલાલ જેઠાભાઇ
૫ શેઠ ચમનલાલ મંગળજીભાઇ ઇશ્વરભાઇ મેતા.
૧ ચોકસી મણીલાલ ભગવાનદાસ.

## ઉંઝા

૧ શા. વીરચંદ શામલદાસ
૧ શા. ભાઇચંદ પાનાચંદ
૧ શા. લહેરચંદ ડુંગરશી
૧ શા.વાડીલાલ પીતાંબરદાસ
૧ શા. વાડીલાલ હાલાભાઇ
૧ શા. સુરચંદ જીવરામ
૧ શા. ગોરધનભાઇ કાલીદાસ
૧ વૈદ્ય નગીનદાસ છગનલાલ
૧ શા. પુનમચંદ ડાયાભાઇ
૧ શા. ડાયાભાઇ નાગરદાસ
૧ શા. છોટાલાલ ડોસાચંદ
૧ શા. નાગરદાસ ભાઇચંદ
૧ શા. હુકમચંદ બલાખીદાસ
૧ શા. માણેકચંદ કેવલદાસ
૧૦ શેઠ સોગમલ હાથીજી ગામ આજોધરવાળા હા. શેઠ વાલચંદ હીન્દુજી (મારવાડ)
૨ ઝવેરી હીરાચંદ કસ્તુરચંદ દેલવાડા. ( માઉન્ટ આબુ )

ઉપર પ્રમાણે જે જે ગૃહસ્થોએ આગળથી શ્રીપાળ મહારાજાનું ચરિત્ર લેવા માટે પોતાના નામ આપવા માટે જે ઉદારતા ભરેલી લાગણી બતાવી છે, તેના માટે તેઓશ્રીનો હું આભાર માનુ છું. સાહિત્યના કાર્યમાં ઉત્સાહ આપ્યા કરશે, એવી આશા રાખું છું. આગળથી પ્રોત્સાહન આપનાર ગૃહસ્થો હંમેશાં સુખી રહો દીર્ઘાયુષ ભોગવો એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

લી. આપનો
કવિ ભોગીલાલ રતનચંદના જયજીનેંદ્ર

## વેરાવલ (કાઠીયાવાડ)

૭ શેઠ નાગરદાસ હીરાચંદ
૧ શેઠ લીલાધર પાનાચંદ
હા. બાઇ ગુલાબ બેન
૧ વેરા કાન્તિલાલ ચત્રભૂજ
૧ શેઠ ખુશાલ વીરજી હા. ગુલાબ બેન
૨ શેઠ વીરજી રામજી
૫ શેઠ પ્રેમજી ભીમજી
૧ શેઠ વનરાવન કલ્યાણજી
૨ શેઠ ફુલચંદ હીરાચંદ
૪ શેઠ કલ્યાણજી ખુશાલદાસ
૨ સેઠ પાનાચંદ હીરાચંદ
૭ શેઠ જેઠાભાઇ હરચંદ
૧ લીલાધર લક્ષ્મીચંદ સાદરીવાળા
૧ શેઠ જગજીવન ગણેશ
૧ વસા કલ્યાણજી લાલજી
૧ શેઠ નેમચંદ જવેરચંદ
૨ શેઠ ખીમચંદ હરખચંદ
૧ શેઠ લાલભાઇ વીરચંદ
૧ શેઠ મદનજી નેમચંદ

---

૪૧

## દીવ

૨ શેઠ હરખચંદ હીરાચંદ વૈદ્યરાજ
૨ શેઠ નાગરદાસ વજેચંદ દોસી
૨ શેઠ નવીનચંદ્ર વલ્લભદાસ
૧ શેઠ પરમાનંદ કમકદાસ
૧ શેઠ પ્રભુદાસ જેચંદ
૧ શેઠ છગનલાલ વલભજી
૧ બાઇ ગુલાબ હા. મોરારજી હરખચંદ

---

૧૦

## ઘોઘલા (કાઠીયાવાડ)

૧ શેઠ ગુલાબચંદ તુલસીદાસ
૧ શેઠ પ્રાણજીવનદાસ નરોતમદાસ
૧ શેઠ અભયચંદ હરીદાસ
૧ શેઠ હરીલાલ પ્રેમચંદ.

---

૪

## પ્રભાસપાટણ (કાઠીયાવાડ)

૧૫ શેઠ કલ્યાણજી ઉતમચંદ
૨૧ શેઠ મકનજી હરખચંદ
૨ શેઠ ત્રીભોવનદાસ લાધાભાઇ
૪ શેઠ પાનાચંદ પરસોતમદાસ
હા. હંસરાજભાઇ
૫ એક ગૃહસ્થ તરફથી હા. શેઠ કેસવજી
સોભાગ્યચંદ
૫ શેઠ પ્રેમજીભાઈ જેઠાભાઇ
૨ શેઠ દેવચંદ મદનજી
૨ શેઠ હરખચંદ રાયચંદ
૧ શેઠ રાયચંદ ગોવીંદજી
૧ શેઠ રાયચંદ જેસંગભાઇ
૧ શેઠ લાધાભાઇ હરખચંદ
૧ શેઠ મોરારજી સકલચંદ
૧ શેઠ વસનજી રણછોડભાઇ
૨ શેઠ શેસકરણ સૌભાગ્યચંદ
૧ શેઠ લાધાભાઈ માણેકચંદ
૨ શેઠ વરધમાન લક્ષ્મીચંદ
૧ શેઠ હંસરાજ લક્ષ્મીચંદ
૨ શેઠ ગુલાબચંદ રતનજી
૪ શેઠ સુંદરજી હરખચંદ
૧ શેઠ પ્રેમજી રાયચંદ હા. બાઇ ગુલાબ

---

૭૪

## વાંચકોને અલભ્ય લાભ

### પ્રકાશકની કૃતિઓ

| | |
|---|---|
| ૧ પાટણકર કાવ્ય મંજરી ભા. ૧, ૨, ૩ એક ભાગની કિં. | ૧–૪–૦ |
| ૨ શાન્ત અધ્યાત્મિક ભજનમાલા | ૦–૮–૦ |
| ૩ વીમલશાહનું (સંગીત સાથે) આખ્યાન | ૦–૪–૦ |
| ૪ પૂ. મુનિ શ્રી પ્રેમવિજય માહારાજશ્રીનું જીવનચરિત્ર | ૦-૧૦-૦ |

ઉપરના પુસ્તકો નીચેના સરનામે મળશે.

**પાટણકર ફાર્મસી**

કવિ ભોગીલાલ રતનચંદ રતનપોળ, અમદાવાદ.

## ખાસ સૂચના

ધાર્મિક પ્રસંગે તેમજ શુભ અવસરે સંગીત સાથે પ્રવચન કરી રાજા મહારાજાઓ તેમજ ઘણા જ સંભવિત ગૃહસ્થો તથા શહેરો તરફથી સેંકડો સુવર્ણ તથા રૌપ્ય ચંદ્રકો મેળવનાર

ધરમપુર સ્ટેટ રાજકવિ

**ભોગીલાલ રતનચંદ વોરા**